

શ્રી ભગવતીજી સૂત્રનાં વ્યાખ્યાનો

વ્યાખ્યાતા: પૂ. આ. શ્રી. વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

પૂ. જૈનરત્ન, વ્યાખ્યાનવાચસ્પતિ,
કવિકુલકિરીટ
આચાર્યદેવ શ્રીમદ્

વિજયલબ્ધિસૂરીશ્વરજી

મહારાજાએ બનાવેલાં
સ્તવનો
સજ્ઝાયો
સ્તુતિઓ
ચૈત્યવન્દનો
વિગેરેનો એક જ ગ્રંથમાં સંગ્રહ

નૂતન સ્તવનાવલી

★

આ પુસ્તક જેવડી જ સાઇઝ,
૬૦૦ ઉપરાન્ત પાનાં,
મજબૂત પૂંઠું ને સુંદર જેકેટ

★

મૂલ્ય : ચાર રૂપિયા

લખો :—

(૧) શાહ ચંદુલાલ જમનાદાસ,
સં. શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા,
છાણી (જી. વડોદરા

(૨) સોમચંદ ડી. શાહ, પાલીતાણા.

ॐ ह्रीँ श्रीँ अर्हं नमः ।

શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રન્થમાલા–ગ્રન્થાંક ૩૫

શ્રી ભગવતીજી સૂત્રનાં વ્યાખ્યાનો

બીજો ભાગ–શાસ્ત્રપ્રસ્તાવના



: વ્યાખ્યાનકાર :

પૂ. પાંચાલદેશોદ્ધારક, ન્યાયાम्भોનિધિ, સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયાનંદસૂરીશ્વરજી** (આત્મારામજી) મહારાજના અદ્વિતીય પટ્ટાલંકાર પૂ. સદ્ધર્મસંરક્ષક, પ્રૌઢપ્રતાપી, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયકમલસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર–પૂ. જૈનરત્ન, વ્યાખ્યાન–વાચસ્પતિ,

કવિકુલકિરીટ આચાર્યદેવ શ્રીમદ્

વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ



: અવતરણકાર :

વ્યાખ્યાનકાર પૂ. આચાર્યદેવશ્રીના વિદ્વાન્ વિનેય

પૂ. મુનિરાજ શ્રી વિક્રમવિજયજી મહારાજ



: સંયોજક ને સંપાદક :

શાહ ચીમનલાલ નાથાલાલ (શ્રીકાન્ત)

: પ્રકાશક :
શાહ ચંદુલાલ જમનાદાસ
સં. શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રન્થમાલા,
છાણી (જી. વડોદરા)

આ ગ્રન્થ મળવાનાં સ્થલો

૧. પ્રકાશક પાસેથી

૨. **શ્રી જૈન પ્રવચન કાર્યાલય**
ડે. શેઠ મનસુખભાઈની પોળ સામે,
કાલુપુર રોડ, **અમદાવાદ**

૩. **શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ, **અમદાવાદ**

૪. **સોમચંદ ડી. શાહ**
કલ્યાણ પ્રકાશન મંદિર, **પાલીતાણા**

૫. **શ્રાવક ભીમશી માણેક**
૨૨૦, કીકા સ્ટ્રીટ, શ્રી ગોડીજીની
ચાલ સામે, પહેલે મજલે, **મુંબાઈ-૨**

શ્રી વીર સં. ૨૪૭૯
વિક્રમ સં. ૨૦૦૯
ઈ. સને ૧૯૫૩
પ્રથમાવૃત્તિ, પ્રત ૨૦૦૦
મૂલ્ય – ત્રણ રૂપીઆ

: મુદ્રક :
શાહ મણિલાલ છગનલાલ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ – **અમદાવાદ**




આ ગ્રન્થના પ્રકાશનમાં
આર્થિક સહાયક :

ખંભાતનિવાસી સ્વર્ગસ્થ શેઠ શ્રી
અમરચંદ પ્રેમચંદના સુપુત્ર સ્વ.
શેઠ શ્રી ઉજમશીભાઇ ઠાકરશીભાઈના
સુપુત્રો



ખંભાતનિવાસી સ્વ૦ શેઠ શ્રી
ઉજમશીભાઈ ઠાકરશીભાઇનાં ધર્મપત્ની



ગં. સ્વ. સુશ્રાવિકા ભૂરીબેન

પ્રકાશન અંગે આભાર-દર્શન

આભાર-દર્શનની વિચારણામાં, વ્યાખ્યાનકાર પુણ્ય પુરૂષ સૌથી પહેલા યાદ આવે તે સ્વાભાવિક છે. તેમાં ય, એ મહાપુરૂષના જ શુભ નામથી આ ગ્રન્થમાલા અંકિત થઈને અભિવૃદ્ધિને પામ્યા કરે છે.

આ પછી, એ જ આચાર્યભગવાનના વિદ્વાન્ વિનેય-રત્ન પૂ. મુનિરાજ શ્રી **વિક્રમવિજયજી** મહારાજ યાદ આવે છે, કે જેમણે પૂ. આચાર્યદેવશ્રીનાં **શ્રી ભગવતીજી** સૂત્રને અવલંબીને અપાએલાં વ્યાખ્યાનોનું અવતરણ કરવાનું કષ્ટસાધ્ય કાર્ય નિયમિતપણે કર્યું છે; તેમ જ, જેઓશ્રી, પોતાના અન્ય ગુરૂબન્ધુઓની જેમ, આ ગ્રન્થ-માળાના અભ્યુદય પ્રત્યે સદા લક્ષ્ય આપતા આવ્યા છે.

આ પછી, એ અવતરણોનો અભ્યાસ કરીને, આ ગ્રન્થમાં અપાએલાં વ્યાખ્યાનોનું સાર રૂપે સંયોજન તથા સંપાદન કરનાર શ્રીયુત ચીમનલાલ નાથાલાલ શાહ (**શ્રીકાન્ત**) યાદ આવે છે, કે જેમણે પૂ. આચાર્યદેવ-શ્રીની પ્રત્યેના ગુરૂભક્તિના ભાવને જ પ્રધાન બનાવીને, પહેલા ભાગની જેમ આ બીજા ભાગના પણ સંયોજન અને સંપાદનનું કાર્ય કર્યું છે.

★ ★

આ પછી, **શેઠ શ્રી શાન્તિલાલભાઇ** યાદ આવે છે, કે જેમણે મુંબાઈમાં પૂ. આચાર્યદેવશ્રીનાં આ વ્યાખ્યાનોનું શ્રવણ કરતી વેળાએ જ, વ્યાખ્યાનો ચિરંજીવ સાહિત્યના સ્વરૂપને પામે—એવી ઇચ્છાને વ્યક્ત કરવા સાથે, પ્રકાશનમાં દ્રવ્યસહાય આપવાની ભાવના પણ દર્શાવી હતી અને આ પ્રકાશન એ ભાવનાના અમલને આભારી છે. **શેઠ શ્રી શાન્તિલાલભાઇ** ખંભાતના **શેઠ શ્રી અમરચંદ પ્રેમચંદના** કુટુંબના છે, કે જે કુટુંબ શાસનરાગ, ધર્મારાધન અને ઔદાર્ય માટે સુપ્રસિદ્ધ છે.

આ સ્થલે, શ્રી જૈન પ્રવચન કાર્યાલયને પણ યાદ કર્યા વિના ચાલે નહિ. આ ગ્રન્થના મુદ્રણ આદિનું તમામ કાર્ય શ્રી **જૈન પ્રવચન કાર્યાલય** હસ્તક કરાવાયું છે. ઓછામાં ઓછા ખર્ચે પણ પુસ્તકને સુશોભિત બનાવવાની પૂરેપૂરી કાળજી રાખવા બદલ તેમ જ અમોએ આ ગ્રન્થ શ્રી **જૈન પ્રવચન** સાપ્તાહિકના સને ૧૯૫૪ના ગ્રાહકોને ભેટ આપવાનો નિર્ણય કરતાં તેમણે તે નિર્ણયને સહર્ષ વધાવી લીધો એ બદલ, અમે શ્રી જૈન પ્રવચન કાર્યાલયના મહાનુભાવ કાર્યકરોને અત્રે યાદ કર્યા છે.

ઉપર્યુક્ત સર્વનો સાદર આભાર માનવા સાથે, આ ગ્રન્થમાળા પ્રત્યે સૌની મમતાને ઇચ્છીએ છીએ.

—પ્રકાશક.

સમ્પાદકીય નિવેદન –

વર્ત્તમાન શાસનના નાયક ભગવાન **શ્રી મહાવીર** પરમાત્માના પાંચમા ગણધરભગવાન **શ્રી સુધર્માસ્વામીજી**એ રચેલા અને નવાંગી ટીકાકાર તરીકે સુવિખ્યાત થયેલા આચાર્યભગવાન **શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી** મહારાજાએ સટીક બનાવેલા–આ પંચમાંગસૂત્ર શ્રી ભગવતીજી સૂત્રને અવલંબીને, પૂ. જૈનરત્ન, વ્યાખ્યાન–વાચસ્પતિ, કવિકુલ-કિરીટ, આચાર્યદેવ **શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજાએ વિ. સં. ૧૯૮૧માં **સુરત**માં, ૧૯૮૨માં **બુહારી**માં, ૧૯૮૮માં **ખંભાત**માં, ૧૯૯૦માં **પાલી-તાણા**માં, ૧૯૯૧માં, **સીરોહી**માં, ૧૯૯૩માં **અંબાલા**માં, ૧૯૯૪માં **ઇડર**માં, ૧૯૯૬માં **ફલોધી**માં, ૧૯૯૭માં **બીકા-નેર**માં, ૧૯૯૯માં **વડાલી**માં, ૨૦૦૦માં **ખંભાત**માં, ૨૦૦૧ તથા ૨૦૦૨માં **મુંબાઇ**માં, ૨૦૦૩માં **વાપી**માં અને ૨૦૦૫માં **કરાડ**માં વ્યાખ્યાનો આપ્યાં હતાં. તે પૈકી વિ. સં. ૨૦૦૧, ૨૦૦૨ અને ૨૦૦૩નાં વ્યાખ્યાનોનું અવતરણ, પૂ. આચાર્યદેવશ્રીના વિદ્વાન્ વિનય–પૂ. મુનિરાજ **શ્રી વિક્રમવિજયજી** મહારાજે કરી રાખેલું. એનું સંયો-જન અને સંપાદન કરવાનું સદ્ભાગ્ય આ સેવકને સાંપડે એવી સદ્ગુરૂની સત્કૃપા થઈ. એના જ ફલસ્વરૂપે, વિ. સં. ૨૦૦૯ માં આ બીજો ભાગ તૈયાર થવા પામ્યો છે.

સંયોજનપૂર્વક સંપાદન કરવામાં, ભાષા અને ભાવ બન્નેની જાળવણી કરવાની ભાવના હતી, પરન્તુ મારાથી તેમ બની શકયું નહિ; એટલે આ ગ્રન્થના પહેલા ભાગની જેમ આ બીજા ભાગનાં વ્યાખ્યાનોને પણ, પૂ. ગુરૂદેવશ્રીના ભાવને ગ્રહણ કરીને તેને મેં મારી ભાષાપદ્ધતિએ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. આમ કરવામાં, જે કાંઈ પણ ક્ષતિ રહી જવા પામી હોય, તે મારી ઉણપોને આભારી છે અને આમાં જે કાંઈ પણ સારૂં છે, તે પૂ. ગુરૂદેવશ્રીને તેમ જ પૂ. મુનિરાજ શ્રી વિક્રમવિજયજી મહારાજને આભારી છે.

આ કાર્યમાં પૂ. ઉપાધ્યાયજી **શ્રી જયન્તવિજયજી** ગણિવર, પૂ. મુનિરાજ **શ્રી ભાસ્કરવિજયજી** મહારાજ અને પૂ. મુનિરાજ **શ્રી નેમવિજયજી** મહારાજ આદિએ પણ મને સહાયક બનવાની જે મમતા દર્શાવી છે, તેની પવિત્ર યાદને અહીં શબ્દદેહ આપવામાં હું ગૌરવ અનુભવું છું.

સંયોજન કરીને સંપાદન કરતાં, ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાથી વિરૂદ્ધ જો કોઈ પણ વચન આમાં અનુપયોગાદિથી આવી જવા પામ્યું હોય અગર તો મુદ્રણમાં દૃષ્ટિદોષાદિથી કે ટાઈપો તૂટી જવા વિગેરેથી જે કોઈ ભૂલો રહી કે થઈ જવા પામી હોય, તો તે બદલ મિચ્છા મિ દુક્કડં જાહેર કરવા સાથે, વિવેકી વિદ્વાનોને તે સુધારી લેવાની અને મને સૂચવીને ઉપકૃત કરવાની વિનંતિ કરૂં છું.

—સં.

થોડું ક શુદ્ધિ-સૂચન

આ પુસ્તકના છપાએલા ફરમાએા ઉપલક દૃષ્ટિએ જોતાં, કોઈ કોઈ સ્થલે અશુદ્ધિએા રહી જવા પામી છે કે થઈ જવા પામી છે એમ જણાયું. નજરે ચઢેલી અશુદ્ધિએામાંથી જે ખાસ મહત્ત્વની લાગી, તેની શુદ્ધિનું સૂચન અત્રે કરાય છે.

પૃ.	પં.	અશુદ્ધ	શુદ્ધ
૩	૩	**सिज्ञितस्य**	**संज्ञितस्य**
૩	૫	**...तस्य, नाना...**	**तस्य, सुवर्णमंडितो-देशकस्य, नाना...**
૩	૭	**...स्तिक पर्याया...**	**स्तिक-पर्याया**
૩	૧૫	**दवक**	**दवरक**
૩	૧૭	**कुलोत्पनै**	**कुलोत्पन्नै**
૬૧	૨૧	એવા નામથી એવા નામથી	એવા નામથી
૬૮	૧૧	ઠેકાળે	ઠેકાણે
૯૦	૧૦	ત્રીજ્ને	ત્રીજા
૯૫	૭	કાવ્યોનેા	કાવ્યેાનેા
૯૭	૧૦	**सिज्ञितस्य**	**संज्ञितस्य**
૯૭	૧૬	**प्रचार**	**पचार**
૯૭	૨૬	**समर्थयो**	**समर्थयो**
૯૮	૩	**कुलोत्पनै**	**कुलोत्पन्नै**
૯૯	૧૧	**कुंअर**	**कुअर**
૯૯	૧૬	**थी**	**श्री**
૧૦૦	૧	સેવાવું	સેવવું
૧૦૫	૧૭	સંયય	સંયમ
૧૩૮	૨૦	સૌભાતૃ	સુભાતૃ
૧૯૫	૩	દૃશ્ણુ	દારૂણ
૨૦૫	૮	**स्वरुपस्य**	**स्वरूपस्य**
૨૦૭	૨૪	જયકુંવરના	જયકુંજરના
૨૧૧	૫	**स्वरुपस्य**	**स्वरूपस्य**
૨૧૨	૧૬-૧૭-૧૮	,,	,,
૨૧૩	૪-૫	,,	,,

પૃ.	પં.	અશુદ્ધ	શુદ્ધ
૨૬૧	૧૦	શકનાર	શકનારા
,,	૧૦	શાહુકારા	શાહુકાર
૨૬૯	૧૦	...વસ્તુ ચાટુ...	વસ્તુ, ધીરં વિલોકયતિ, ચાટુ...
૨૭૫	૧૭	જ્ઞાનજ્ઞાન	જ્ઞાનદાન
૨૭૭	૧૪	અથવ.	અથવા
૩૧૦	૨૩	રોદ્ર	રૌદ્ર
૩૪૩	૯	શું	શી
૩૪૪	૧૬	લાવજો.	આવજો.
૩૪૮	૮	શિખરે	શિખરે
૩૮૫	૬	દવ્વટ્ઠિઓ	દવ્વટ્ઠિયાए
૩૮૫	૭	પજ્જવટ્ઠીઓ	પજ્જવટ્ઠિયાए
૩૯૭	૧૭	શકતા.	શકતા નથી.
૪૦૫	૯	વ્યવહાર-	વ્યવહારા-
૪૦૯	૧	અન્યમાં	અન્ય
૪૩૪	૨૩	અજ્ઞાભંગાદિ	આજ્ઞાભંગાદિ
૪૪૩	૫	ઉપકરી	ઉપકારી
૪૫૧	૩	કામતુરેય	કામાતુરેય
૪૫૨	૧૩	ભાર	ભારાં
૪૬૩	૧૧	તો એ	તો
૪૭૩	૨૨	ખબર	એને ખબર
,,	૨૩	પણ	પણ એણે
,,	૨૪	જવાને	કરવાને
૪૮૨	૫	લોકાંતિક	અનુત્તરવાસી
૪૮૮	૮	ધમ્મો	ધમ્મો
૫૦૦	૧૭	અણહીલના	અવહેલના
૫૧૯	૧૨	સહિત હોય;	સહિત પણ હોય;
૫૨૪	૫	સ્યાદ્વાદ	સ્યાદ્વાદ
૫૪૨	૩	મિથ્યત્વની	મિથ્યાત્વની

શ્રી ભગવતીજી સૂત્રનાં વ્યાખ્યાનો

બીજા ભાગની અનુક્રમણિકા



૧–મંગલાચરણ અને અભિધેય :

મંગલ એ શાસ્ત્રથી કથંચિદ્ ભિન્ન પણ છે અને કથંચિદ્ અભિન્ન પણ છે : ૫
મંગલ શાસ્ત્રથી ભિન્ન કેમ ? ૭
મંગલ શાસ્ત્રથી અભિન્ન છે ? ૮
એકેય વચન મિથ્યા નથી : ૯
ભાવમંગલની આચરણાનો રસ : ૧૦
નવની જ રચના કેમ કરી ? ૧૧
મંગલ સાથે અભિધેયનું કથન : ૧૨
હિતશિક્ષા ૧૩
ઉપકારી વ્યક્તિઓ ને વસ્તુઓ : ૧૪
કૃતજ્ઞતા અને નમ્રતા : ૧૬
આજના સાંસારિક વ્યવહારોમાં આવી જવા પામેલી કલુષિતતા ૧૭
વ્યવહારો કલુષિત બનવાથી ક્લેશમય બની ગયા છે : ... ૨૦
દેવસ્થાનોમાં અને ધર્મસ્થાનોમાં આવેલી ઉણપોનું તથા ભક્તિની ખામીનું મૂળ પણ શું છે ? ૨૨
દેવ–ગુરૂ–ધર્મની વાતમાં આવેલી તોછડાઈ : ... ૨૫
સહેલાઈથી ધર્મને પામી શકે :... ... ... ૨૬
સહેલાઈથી ધર્મને આરાધી શકે : ૨૭
સુદેવના સ્વરૂપમાં નિશ્ચિત બનવાની પહેલી જરૂર : ... ૨૮
એવા તો થોડા, પણ તમે શામાં ? ૨૯
તત્ત્વત્રયીના સ્વરૂપને જાણવાની જરૂર : ૩૦
સુનિશ્ચિત બનવું એટલે ? ૩૧

રાગ-દ્વેષથી તો ઘણું યાદ રાખ્યો છો : ૩૨
જે રીતિએ હેતુ સરે તેમ હોય તે રીતિએ કહે : ... ૩૩
સામાન્ય-વિશેષનો સંબંધ : ૩૪
વિશેષ દ્વારા સામાન્યની સમજણ દૃઢ બને : ... ૩૫
કરવા ધારેલા કાર્યનો વધુમાં વધુ સમ્બન્ધ ચોવીસમા ભગવાન સાથે હોવાથી તેઓના નામનું ઉચ્ચારણ : ... ૩૬
શ્રી મહાવીર નામ વધુ વ્યવહારપ્રચલિત છે : ... ૪૨
શ્રી વર્ધમાન નામની સ્થાપના ૪૩
શ્રી મહાવીર નામની સ્થાપના : ૪૭
દૃષ્ટિબિન્દુનો ફરક શાથી ? ૪૭
ભગવાનના ધીરપણાની અને વીરપણાની ઇન્દ્રે કરેલી પ્રશંસા : ૪૮
એક દ્વેથી એ પ્રશંસા સહાઈ નહિ : ૪૯
ઇર્ષ્યાળુઓ ક્લિષ્ટ પરિણામોમાં રમતા હોય છે : ... ૪૯
ઇર્ષ્યાળુ અનેક દોષોને પાત્ર બને છે : ૫૦
દેવ ક્ષોભ પમાડવાને માટે જાતે આવ્યો : ૫૧
દેવ હાર્યો : ૫૨
યોગ્યતા પહેલી જોઈએ : ૫૪
ટીકાકાર મહર્ષિના હૈયાનો વર્ધમાનભાવ : ૫૪
શકુન કરતાં શબ્દ આગળા : ૫૫
ચાર અતિશયો : ૫૭
સર્વોત્તમ કોટિના ચારિત્ર વિના સર્વોત્તમ કોટિનું જ્ઞાન પ્રગટે જ નહિ : ૬૦
ચારિત્રપ્રેમ સાથે જ્ઞાનપ્રેમનો સંબંધ : ૬૧
શ્રી માષતુષ મુનિવર : ૬૧
મોટી ઉમ્મરે દીક્ષિત : ૬૨
આ સાંભળીને હૈયે ચીરાડો પડ્યો ? ૬૨
જ્ઞાન જાણવાને માટે જ નથી પણ આચરવાને માટે છે : ... ૬૩

યોગોદ્વહન : ૬૪
જ્ઞાનાવરણીય કર્મનો જોરદાર ઉદય : ૬૫
મુનિ અને તપ : ૬૫
કેવાં પદો ગોખવાને આપ્યાં ? ૬૬
માષતુષ નામ પડ્યું : ૬૭
આદર્શ : ૬૮
અનન્તજ્ઞાની બન્યા : ૬૮
ગૃહસ્થવેષમાં છતાં ગૃહસ્થભાવમાં નહિ : ૬૯
પ્રયત્ન જારી રાખો તો ધ્યેય યારી આપે : ૭૦
જ્ઞાન–જ્ઞાની–જ્ઞાનનાં સાધનોની આશાતના : ૭૧
કર્મનું પરવશપણું કેમ છે ? ૭૨
ચાર અતિશયો સાથે પ્રગટે છે : ૭૩
નમસ્કાર એ ચમત્કાર છે : ૭૪
શ્રી બાહુબલિજીએ નમવામાં નાનમ માની ત્યાં સુધી કેવલજ્ઞાન થયું નહિ : ૭૫
પૂજ્યોને નમવામાં જ મોટપ : ૭૭
શ્રી સુધર્માસ્વામીજીને નમસ્કાર ૭૭
આમાં આશાતના નથી : ૮૦
શ્રી સુધર્માસ્વામીજીની લક્ષ્મી : ૮૧
ગણધરભગવાનનો ય ઉપકાર : ૮૧
પૂર્વકાલીન સર્વ મહાપુરૂષોને નમસ્કાર : ૮૨
આત્મામાં આ દૃષ્ટિ પેદા થવી જોઈએ : ૮૪
વાણીનો ઉપકાર : ૮૫
સર્વજ્ઞવાણી સર્વ નયોથી સંપૂર્ણ : ૮૬
આરાધે તે તરે ને વિરાધે તે ડૂબે : ૮૬
સર્વ કલ્યાણનું મૂળ સર્વજ્ઞવાણી : ૮૭
બીજા શ્લોકનો ત્રીજા શ્લોક સાથેનો સંબંધ : ... ૮૮

ત્રીજા શ્લોક સાથેના સંબંધથી શું સૂચિત કરાયું છે? ... ૯૦
આધાર લઈને બોલવાની શાસ્ત્રની પદ્ધતિ : ... ૯૧
નિરાધારપણે બોલવાને નાલાયક : ૯૨
યોગ્ય આધાર લેવામાં ગૌરવની હાનિ નથી : ... ૯૩
ચોરી કરીને લેખક ને કવિ તરીકે પંકાવા મથનારા ય છે : ... ૯૪

શાસ્ત્રપ્રસ્તાવના–વિભાગ

૨–સમુન્નત જયકુંજર જેવું શ્રી ભગવતીજી :

પ્રસ્તાવના કોને કહેવાય? ૯૬
શાસ્ત્રપ્રસ્તાવના : ૯૭
શ્રી ભગવતીજીને જયકુંજરની ઉપમા : ૯૮
જયકુંજરથી પણ જય અપાવવાની જબરી શક્તિ આ સૂત્રમાં છે : ૯૯
જેની પાસે જયકુંજર તે જીતે : ૧૦૦
સેચનક નામનો જયકુંજર : ૧૦૧
કઠિયારા મુનિની અવજ્ઞા : ૧૦૨
કેવી અવળી ગંગા વહી રહી છે? ૧૦૩
મોક્ષને માટે જ સાધુપણાનો ઉપદેશ : ૧૦૪
એવાને અમે દીક્ષા આપીએ નહિ : ૧૦૫
નિન્દા કરવાની કુટેવ : ૧૦૬
કઠિયારા મુનિથી અવજ્ઞા સહાઈ નહિ : ૧૦૬
એક દિવસ વિહારને રોકવાની વિનંતિ : ૧૦૮
જેવો પ્રસંગ હોય તેવો ઉપાય અજમાવાય : ... ૧૦૯
લોકની સાન ઠેકાણે આવી : ૧૧૦
શ્રી અભયકુમારની મનોવૃત્તિ : ૧૧૧
શ્રાવકને સર્વ ભાવનાઓમાં પ્રધાન ભાવના સાધુજીવનને પામવાની
હોવી જોઇએ : ૧૧૩

આ પ્રસંગ લેવાનો હેતુ : ૧૧૪
'રાજ્ય લેવું કે નહિ ?'—એનો ભગવાનને પૂછીને નિર્ણય
કરવાનો વિચાર : ૧૧૪
દીક્ષા લેવાને માટેની આજ્ઞાની માગણી : ૧૧૫
મોહના જોર સામે ધર્મરાગનું જોર ફાવ્યું : ૧૧૭
પુત્રની ને માતાની દીક્ષા : ૧૧૮
પરીક્ષા કરીને ગાદી સોંપાતી : ૧૧૮
જેના સારા માટે તે જ દુશ્મન બન્યો : ૧૧૯
પિતાને કેદખાને નાખીને રાજ્ય પડાવી લીધું : ... ૧૨૦
સંસારમાં શું સંભવિત નથી ? ૧૨૧
કૂણિકનો વૈરભાવ પૂર્વભવથી જ હતો : ૧૨૨
વૈરભાવ સામે સાવધ રહેવાની જરૂર : ૧૨૩
ચેલ્લણાદેવીની પતિભક્તિ ૧૨૪
કૂણિકનો પુત્રમોહ : ૧૨૪
પુત્રપ્રેમની અતિરેકતામાં ગૌરવનો અનુભવ : ... ૧૨૫
કેટલાના પુત્ર બન્યા ને કેટલાને પુત્ર બનાવ્યા ? ... ૧૨૬
કૂણિક એવો જીવ હતો કે એને ભગવાનેય ફળે નહિ : ... ૧૨૭
ચેલ્લણાદેવીને મળેલી તક : ૧૩૦
ચેલ્લણાદેવીએ શ્રી શ્રેણિકના પુત્રપ્રેમની રજૂ કરેલી હકીકત : ૧૩૦
પ્રતિભક્તિ વિના આવું બોલાય નહિ : ૧૩૨
કૂણિકનું હૃદયપરિવર્તન અને શ્રી શ્રેણિકનો પ્રાણત્યાગ : ... ૧૩૩
કલ્પનાઓ કેવી ઠગારી પણ નિવડે છે ? ૧૩૪
શોકથી બચવા સ્થાન છોડ્યું : ૧૩૫
શ્રી હલ્લ-વિહલ્લની પાસેથી હાથી વિગેરે લઈ લેવાનો રાણી પદ્માવતીનો કૂણિકને આગ્રહ : ૧૩૫
કામરાગનો નાચ : ૧૩૭
કૂણિકની માગણી : ૧૩૮

મમત્વ મન્દ બને ને મરે એવું કરો : ૧૩૯
શ્રી ભરતજીના ૯૮ ભાઈઓના પ્રસંગની યાદ : ... ૧૪૦
શ્રી હલ્લ–વિહલ્લ વૈશાલી પહોંચી ગયા : ૧૪૧
કૂણિકની વિચિત્ર મનોદશા : ૧૪૧
શ્રી જિનવચનનો રસ તારે ને સ્વવચનનો રસ ડૂબાવે : ... ૧૪૨
કામ ખરાબ કરે અને લોકનું સન્માન સારૂં મેળવે–એવું પણ
પાપાનુબંધી પુણ્યના ઉદયે બને : ૧૪૩
કૂણિકના દૂતને શ્રી ચેટક રાજાએ આપેલો જવાબ : ... ૧૪૫
શ્રી ચેટક રાજાની પરાક્રમશીલતા અને ગુણસમ્પન્નતા : ... ૧૪૬
કૂણિકનું યુદ્ધને માટે પ્રયાણ : ૧૪૭
કૂણિકના દશેય ભાઈઓ મરાયા : ૧૪૮
દૈવી સહાય મેળવવાનો પ્રયત્ન : ૧૪૯
શ્રી ચેટકને ભાગવું પડ્યું : ૧૫૦
જયકુંજર દ્વારા જીત મેળવવાનો શ્રી હલ્લ–વિહલ્લનો પ્રયાસ : ૧૫૦
કૂણિકે હાથીને મારવાનો કરેલો ઉપાય : ૧૫૧
સેચનક હાથી જાણી ગયો ને થંભી ગયો : ૧૫૨
હાથીનો તિરસ્કાર : ૧૫૨
પશુ છતાં પણ કૃતજ્ઞ : ૧૫૩
સેચનક મૃત્યુને ભેટ્યો : ૧૫૪
શ્રી હલ્લ–વિહલ્લનો પશ્ચાત્તાપ : ૧૫૫
જયકુંજર અને શ્રી ભગવતીજી જય અપાવે, પણ બન્નેના યોગે
મળતા જયોમાં મોટો ફરક છે : ૧૫૫
સમુન્નત વિશેષણથી કયા વિશેષનું સૂચન છે? ... ૧૫૬
સમુન્નતનો ઉત્તમ અર્થ સ્થાને નથી : ૧૫૭
સમુન્નત વિશેષણથી ભરયુવાવસ્થાનું સૂચન : ... ૧૫૮
અંબાડી વિગેરેથી મંડિત પણ : ૧૬૦
શોભે, શોભા આપે ને જય અપાવે : ૧૬૦

૩–પદપદ્ધતિનું લાલિત્ય :

લલિત પદપદ્ધતિથી પ્રબુદ્ધ જનના મનનું રંજન કરનાર : ૧૬૧
ચાલ સૌથી પહેલી સારી જોઈએ : ૧૬૧
લાલિત્ય પદમાં નહિ પણ પદપદ્ધતિમાં : ૧૬૨
પદપદ્ધતિ લલિત હોવા છતાં પણ તે પ્રબુદ્ધ જનોના મનનું રંજન કરી શકે છે : ૧૬૩
હિતકારી પણ સમજાય તેવું કહેવાય : ૧૬૫
ભેંસ આગળ ભાગવત : ૧૬૫
પ્રબુદ્ધ જન એટલે વિદ્વાન અને અધિકારસંપન્ન એવા મુનિજન : ૧૬૬
જોડકણાંની પદ્ધતિમાં લાલિત્ય : ૧૬૮
લલિત પદપદ્ધતિના વિષયમાં શ્રી કપિલ કેવલજ્ઞાનીનું ઉદાહરણ : ૧૬૮
યશા બ્રાહ્મણીનું રૂદન : ૧૬૯
કર્મોના ઉદયને સમભાવે વેદો : ૧૭૦
કર્મના બન્ધનને તોડવાનો પુરૂષાર્થ કરવો જોઈએ : ... ૧૭૧
માતાનો ખૂલાસો : ૧૭૨
સંપત્તિનું કારણ ગુણ કે પુણ્ય ? ૧૭૩
એ જ્ઞાનપ્રેમ નથી : ૧૭૪
કપિલે ઈન્દ્રદત્ત પાસે જઈને અભ્યાસ શરૂ કર્યો : ... ૧૭૫
કપિલનો દાસી સાથે સંબંધ : ૧૭૭
સ્ત્રીજનના સંસર્ગથી દૂર રહેવું : ૧૭૮
દાસીની ગરીબી : ૧૭૯
દાસીના દુઃખે દુઃખી કપિલ : ૧૭૯
આને દયા ન કહેવાય : ૧૮૦
કપિલ પકડાયો : ૧૮૧
લોકો પ્રાયઃ મૂઢની જેમ પ્રવર્તી રહ્યા છે, માટે સદ્ધર્મના સદુપદેશો જોઈએ તેવા ફળતા નથી : ... ૧૮૨
આવે આપત્તિ ને મળે સંપત્તિ–એમેય બને : ... ૧૮૩

કપિલ ઉપર રાજાનો દ્વેષભાવ : ૧૮૪
કપિલની વિચારણામાં કોનું પ્રતિબિમ્બ ? ૧૮૫
મળવાની સંભાવના લાગી નહોતી માટે ઇચ્છા નહોતી : ૧૮૫
બે માસા સોનાને બદલે સો સોનૈયાની ઇચ્છા : ... ૧૮૬
હજાર સોનૈયાની ઇચ્છા : ૧૮૬
લાખ સોનૈયાની ઇચ્છા : ૧૮૭
કરોડ–સો કરોડ–હજાર કરોડ સોનૈયાની ઇચ્છા : ... ૧૮૭
લોભને વશ પડેલાઓની થતી દુર્દશા : ૧૮૮
કપિલની વિચારણામાં આવેલો પલટો : ૧૮૯
દીક્ષા અને કેવલજ્ઞાન : ૧૯૦
આ વૃત્તાન્તને વાંચતાં કે સાંભળતાં શું થાય ? ... ૧૯૨
દારૂણ અટવીમાં પાંચસો ચોરોને પ્રતિબોધવાને ગયા : ... ૧૯૩
સંસાર રૂપ દારૂણ અટવીમાં સાવધગીરીથી રહો છો ? ... ૧૯૪
ચોરોએ નચાવ્યા મુનિવર નાચ્યા : ૧૯૫
પાંચ સો ચોરોને દીક્ષા દીધી : ૧૯૬
મનનું રંજન કયારે કહેવાય ? ૧૯૭
સૂત્રોની રચના શ્રુતજ્ઞાનિઓ જ કરે પણ કેવલજ્ઞાનિઓ કદી પણ સૂત્રોની રચના કરે નહિ : ૧૯૮
સાચા પ્રબુદ્ધો સંસારને તજનારા : ૨૦૦
પદપદ્ધતિ આકર્ષક પણ નિવડે અને અવરોધક પણ નિવડે : ૨૦૧
વ્યંજનના પ્રિયત્વ માટે લલિત પદપદ્ધતિ આવશ્યક છે : ... ૨૦૨
આ વિશેષણ સૂત્ર પ્રત્યે આકર્ષણ કરનાર છે : ... ૨૦૪

૪–અવ્યય સ્વરૂપ :

ઉપસર્ગના નિપાતના સમયે જ અવ્યય સ્વરૂપવાળું : ... ૨૦૫
કયું સ્વરૂપ અવ્યય છે ? ૨૦૫
અહીં સ્વરૂપને અવ્યય કેમ કહ્યું ? ૨૦૬
જય અપાવનારે જ ખરો ને અજેય પણ ખરો : ... ૨૦૭

સેચનકની અજેયતા : ૨૦૮
જયકુંજરની જેમ શ્રી ભગવતીજી સૂત્રનું ય અવ્યય સ્વરૂપ : ૨૧૦
માત્ર '**अव्ययस्वरुपस्य**' એમ કેમ નહિ કહ્યું ? ... ૨૧૧
ગમે તેવા ઉપસર્ગો આવી પડે તો ય અવ્યય : ... ૨૧૨
અજેય રહે અને આધાર લેનારને આ લોકમાં પણ અને પરલોકમાં પણ જય અપાવે : ૨૧૩
બીજા વિશેષણનો બીજી દૃષ્ટિએ વિચાર અને ઉપસર્ગો, નિપાતો તથા અવ્યયો સંબંધી કાંઇક ખૂલાસો : ... ૨૧૫
બીજી રીતિએ વિચારવાનું કારણ : ૨૧૭
આવો અર્થ જયકુંજર પક્ષે પણ ઘટી શકે : ... ૨૧૭

૫-શબ્દમાં રહેલી ઘનોદારતા :

ત્રીજા વિશેષણમાં શબ્દ સંબંધી વર્ણન : ૨૧૯
સંગીતના સ્વરોમાં કયા સ્વરની કોનામાં વિશેષતા ? ... ૨૨૦
શ્રી કલ્પસૂત્રમાં હાથીના શબ્દનું વર્ણન : ૨૨૧
પ્રત્યેક શબ્દમાં ગાંભીર્ય અને મનોહાર્ય : ૨૨૧
તુચ્છ અને કર્ણકટુ વાણી નહિ બોલવી : ૨૨૨
ગંભીર ને કર્ણપ્રિય વાણી હિતકારી જ જોઈએ : ... ૨૨૩
શિષ્ટ જનોનો અભિપ્રાય જ કિંમતી ગણાય : ... ૨૨૪

૬-લિંગ અને વિભક્તિ :

લિંગ અને વિભક્તિથી યુક્ત : ૨૨૫
પદની વ્યાખ્યા : ૨૨૭
બીજા પ્રકારે અર્થ : ૨૨૮

૭-પ્રસિદ્ધિ :

સદા અથવા શ્રેષ્ઠ છે પ્રસિદ્ધિ જેની : ૨૨૯
સદાખ્યાતનો બીજા પ્રકારે અર્થ : ૨૩૦
ઔદયિક ભાવોમાં સર્વોત્કૃષ્ટ ભાવ શ્રી તીર્થંકરનામકર્મના ઉદયનો ભાવ : ૨૩૧

ઔદયિક ભાવની સામગ્રીની સફળતા પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવથી ને ક્ષાયિક ભાવથી : ૨૩૨
સર્વ ક્ષણે શ્રી જિનપૂજા : ૨૩૩
ઔદયિક ભાવને ગૌણ બનાવીને પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવને વળગતા જવું જોઇએ : ૨૩૪

૮–સલ્લક્ષણ :

જયકુંજરની જેમ આ સૂત્ર પણ સારાં લક્ષણોવાળું છે : ૨૩૬
સારાં લક્ષણોવાળાંઓનું પગલું સારા માટે : ... ૨૩૮
વાણીઓ શ્રી શ્રેણિકને વળગી પડ્યો તો વિવેકી શ્રી ભગવતીજી સૂત્રને વળગી પડે નહિ એ બને કેમ ? ... ૨૩૯

૯–દેવતાધિષ્ઠિત :

દેવતાધિષ્ઠિતપણાનું વર્ણન : ૨૪૦

૧૦–સુવર્ણમંડિત ઉદ્દેશક :

જયકુંજર પક્ષે વિચારણા : ૨૪૩
શોભનિક પણ ચીજને વિષયરાગથી ન જોવી : ... ૨૪૪
શ્રી ભગવતીજી સૂત્ર પક્ષે વિચારણા : ૨૪૬
બીજા અર્થમાં જયકુંજર પક્ષે વિચારણા : ૨૪૭
બીજા અર્થમાં શ્રી ભગવતીજી સૂત્ર પક્ષે વિચારણા : ... ૨૪૮
પ્રશંસામાં પણ તારવાની તાકાત : ૨૪૯
મોહરાજાને દિલમાંથી કાઢીને દાટમાં ઘાલવાનું સામર્થ્ય આ જ્ઞાનથી આવે છે : ૨૫૧
મોહરાજાનો માર ખાનારા આત્માઓ અને મોહરાજાના મારથી બચી જનારા આત્માઓ : ૨૫૩
સૂત્રજ્ઞાનથી મુનિને લાભ કેવો ? ૨૫૪

૧૧–હાથીનું ને સૂત્રનું આચરણ :

જયકુંજરની જેમ શ્રી ભગવતીજી સૂત્રનું નાનાવિધ, અદ્‌ભુત ને
પ્રવર આચરણ છે : ૨૫૬
જયકુંજર પક્ષે આ વિશેષણથી મુંઝવણ : ૨૫૭
શ્રી ભગવતીજી સૂત્ર પક્ષેય આ વિશેષણથી મુંઝવણ : ... ૨૫૮
'જય'ને આશ્રિત જયકુંજરનાં અનેકવિધ આચરણો–અદ્‌ભુત
પણ ખરાં અને પ્રવર પણ ખરાં : ૨૫૮
અદ્‌ભુતતા : ૨૬૦
પ્રવરતા : ૨૬૧
જયકુંજર અંગે દુન્યવી દૃષ્ટિએ જ વિચારણા થાય : ... ૨૬૨
આધ્યાત્મિક દૃષ્ટિએ જયની વિચારણા : ૨૬૩
ચાલ રૂપ આચરણમાં પણ–
અદ્‌ભુતપણું અને પ્રવરપણું રહેલું છે : ૨૬૫
હાથી ચાલ્યો જાય ને કુતરાં ભસ્યાં કરે : ૨૬૭
માન–પાન સંબંધી અને બીજાં પણ અનેક આચરણો
અદ્‌ભુત તથા પ્રવર હોય છે : ૨૬૮
આચરણ જડનું પણ હોઈ શકે : ૨૭૧
શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાનદાન રૂપ આચરણ : ... ૨૭૩
કેવા પ્રકારનું જ્ઞાન આપવાથી જ્ઞાનદાન અધમ કોટિનું ગણાય ? ૨૭૫
જ્ઞાની જો જીવહિંસાનો પ્રેમી હોય તો એ સાચો જ્ઞાની નથી
પણ મિથ્યાજ્ઞાની છે : ૨૭૮
શ્રી જિનશાસન સર્વોપકારી છે : ૨૭૯
બધાં જ્ઞાનદાન પ્રશંસનીય નહિ : ૨૮૧
શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાનદાન રૂપ આચરણ નાનાવિધેય
છે, અદ્‌ભુતેય છે ને પ્રવરેય છે : ૨૮૨
શ્રી ભગવતીજી સૂત્રમાંની ચરિત–કથાઓ : ૨૮૩
'કુપાત્રે પડેલી વિદ્યા નાશક નિવડે છે'–એવી કહેવતને
ચરિતાર્થ કરનારી વિકારી દૃષ્ટિ : ૨૮૫

મુનિવેષની મહત્તા : ૨૮૯
શ્રી પ્રસન્નચન્દ્રે કાચા વૈરાગ્યે દીક્ષા નહોતી લીધી : ... ૨૯૦
શ્રી પ્રસન્નચન્દ્રનાં માતા–પિતા : ૨૯૧
પિતાના સંસ્કારો : ૨૯૪
માતાના સંસ્કારો : ૨૯૪
શ્રી પ્રસન્નચન્દ્રે શાથી દીક્ષા લીધી ? ૨૯૬
દીક્ષા બાદ ઉગ્ર તપનો આદર : ૨૯૭
'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્'નું રહસ્ય : ... ૨૯૮
દેવોના શરીરને નહિ વખાણતાં માનવોના શરીરને વખાણવાનું કારણ : ૨૯૯
માત્ર ઉપાદાન કારણને માનનારાઓને હિતશિક્ષા : ... ૩૦૦
એક ધોડેસ્વાર ઉપર સારી અસર : ૩૦૨
બીજા ધોડેસ્વાર ઉપર ઊલટી અસર : ૩૦૩
અન્ય કારણની પણ અસર : ૩૦૪
કોની નિન્દા–પ્રશંસાની કિંમત અંકાય ? ૩૦૪
પ્રશંસાની કે નિન્દાની અસર નહિ : ૩૦૫
મનમાં યુદ્ધનો આરંભ : ૩૦૬
તરંગોની શ્રેણિ : ૩૦૭
પુનઃ વિવેકમાં : ૩૦૮
મમતા દેવી નહિ પણ ડાકણ : ૩૦૯
કેવલજ્ઞાન : ૩૧૦
मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः । ... ૩૧૦
કુપાત્ર સારાને બરાબ અને સુપાત્ર બરાબને સારૂં બનાવે : ... ૩૧૨

૧૨–સૂત્રદેહ :

સૂત્ર રૂપ દેહનું પ્રમાણ : ૩૧૩

૧૩–ચાર અનુયોગો :

ચાર અનુયોગો રૂપ ચાર ચરણો : ૩૧૫

આ સૂત્ર પ્રદિપાદનાત્મક શૈલિવાળું નથી પણ પ્રશ્નોત્તરાત્મક શૈલિવાળું છે તેથી ચારેય અનુયોગોથી યુક્ત છે : ... ૩૧૬
અનુયોગો ચાર જ કેમ ? ૩૧૭
અનુયોગ કોને કહેવાય ? ૩૧૮
ચરણો તરીકે અનુયોગની ઘટના બધેસ્સતી છે : ... ૩૧૯
પોતપોતાના વિષયે બલવાન : ૩૨૦
ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગને સર્વપ્રધાન કહેવામાં રહેલી દૃષ્ટિ : ૩૨૦
બલવત્તાની દૃષ્ટિએ ચરણ-કરણાનુયોગની બીજા અનુયોગોથી શ્રેષ્ઠતા : ૩૨૨
બાકીના ત્રણ અનુયોગો ચરણ-કરણાનુયોગના હેતુ રૂપ છે : ... ૩૨૩
ચરણમાં વ્યવસ્થિત થયેલો જ બાકીના ત્રણ અનુયોગોના ગ્રહણ માટે સમર્થ બને છે : ૩૨૫
ચઢીયાતાપણું દ્રવ્યાનુયોગનું પણ ચરણ-કરણાનુયોગ વિના બાકીના ત્રણમાં પ્રવૃત્તિ નહિ : ૩૨૯
ચરણ-કરણનો આધાર : ૩૩૦
કથાપ્રસંગો ય કેમ ભૂલાય છે ? ૩૩૧
નુપૂર-પંડિતાના પ્રસંગ સાથે સંબંધ : ૩૩૨
ચિત્તની ચંચળતાથી શીલભ્રષ્ટતા : ૩૩૩
પરપુરૂષ સાથે : ૩૩૪
સાસરાએ જોઈ જવું : ૩૩૪
દુર્ગિલાએ અજમાવેલો દાવ : ૩૩૫
દુર્ગિલાના દાવની સફળતા : ૩૩૬
દુર્ગિલાનું સન્માન : ૩૩૭
ખ્યાતિનો પ્રયત્ન નહિ કરતાં, સારૂં કરવાનો અને સારા બનવાનો પ્રયત્ન કરો : ૩૩૭
ડોસાએ ઉંધ ગુમાવી : ૩૩૮
રાજાની એક કુલટા રાણીનું ચરિત : ૩૩૯
મુમુક્ષુભાવને ઉત્તેજિત બનાવો : ૩૪૦

મહાવતે રાણીને મારવા માંડી : ૩૪૧
સહનશીલતા કે વિષયલાલસા ? ૩૪૨
ક્રોધ શમ્યો ને કામે પુનઃ કાબૂ મેળવ્યો : ૩૪૩
ડોસો નિરાંતે ઉંઘી ગયો : ૩૪૩
ડોસાએ રાજાને બનેલી હકીકત કહી : ૩૪૪
રાજાની પરીક્ષા અને ખાત્રી : ૩૪૫
સારો રાજા કેવો હોય ? ૩૪૬
હાથીને પર્વતના શિખરે ચઢાવીને પડતું મૂકાવવાની રાજાની આજ્ઞા : ૩૪૮
એક પગે ઉભા રહેવાની આવડતના યોગે મળેલું અભયદાન : ૩૫૦
કથા-પ્રસંગનો ઉપનય : ૩૫૧
સારૂં લક્ષ્ય હોય તો ચરણ-કરણાનુયોગ પરમ ઉપકારક ... ૩૫૨
મુનિ બનવાની ભાવના છે ?... .. ... ૩૫૩
કર્મોદય અન્તરાય કરનારો હોઈ શકે છતાં ય મુનિપણાની ભાવનાને વેગ આપ્યા કરવો : ૩૫૪

૧૪-જ્ઞાન-ચરણ :

જ્ઞાન-ચરણ રૂપ નયનયુગલ : ૩૫૬
દેખાડનાર અને દોરનાર : ૩૫૭
જ્ઞાન અને ચરણનું દાન કરે છે : ૩૫૮
જેને જ્ઞાન-ચરણ રૂપ નયનયુગલની પ્રાપ્તિ થાય છે, તે આન્તરિક અને બાહ્ય દુઃખોથી બચીને આન્તરિક અને બાહ્ય સુખોને પામે છે : ૩૫૯
જ્ઞાન-ચરણને કાર્ય-કારણનો સંબંધ : ૩૬૧
ભણતર, ગણતર અને ઘડતર-એ ત્રણેયની જરૂર : ... ૩૬૩
તમામ જાણવામાં ધૂળ પડી : ૩૬૪
જાણકાર લૂંટાય તો તેને વધારે દુઃખ થાય : ... ૩૬૬
જ્ઞાન અને ચરણ પરસ્પરની નિશ્રાએ જ મુક્તિસાધક બને : ... ૩૬૮

જ્ઞાન અપ્રતિપાતી ગુણ : ૩૬૯
વૈયાવચ્ચ ગુણ : ૩૭૦
જ્ઞાનની મહત્તા : ૩૭૧
ક્રિયા જ ન હોય તો જ્ઞાનને સફલ કોણ બનાવે ? ... ૩૭૧
જ્ઞાન–ચરણ ઉભયમાં રહેવું : ૩૭૩
જ્ઞાની સત્ક્રિયાનો પક્ષપાતી હોય : ૩૭૪
જ્ઞેયની પ્રધાનતા લાગે : ૩૭૫
જે જ્ઞાની ક્રિયાશીલ બને તે તરે : ૩૭૬
જ્ઞાન અને ક્રિયાની અપેક્ષા : ૩૭૮
સદાચરણ ધર્મ તરફ આકર્ષે : ૩૭૯
સમજ સાચી જોઈએ અને ક્રિયા સારી જોઈએ : ... ૩૮૦
સાચું કલ્યાણ ભાવનેત્રથી જ થાય : ૩૮૧
ભાવનેત્ર–યજ્ઞ : ૩૮૩

૧૫–દ્રવ્ય–પર્યાય :

બે દન્તમુશલો : ૩૮૪
સ્યાદ્વાદની મહત્તા : ૩૮૫
કોઈ નય વસ્તુતઃ ખોટો નથી : ૩૮૬
શ્રી જૈન દર્શનનાં બધાં ય વાકયો સાચાં અને અન્ય દર્શનોનાં બધાં ય વાકયો ખોટાં કેમ ? ૩૮૭
દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક કોને કહેવાય ? ૩૮૮
ગુણ સહભાવી અને પર્યાય ક્રમભાવી : ૩૯૦
અજ્ઞાનને રસ ઉપજે કયાંથી ? ૩૯૧
તમને રસ નથી તેનું કારણ શું ? ૩૯૨
શ્રાવકની ફરજ : ૩૯૩
નયવાકયો મિથ્યાવાકયો જ છે–એમ ન કહેવાય : ... ૩૯૪
બે નયોમાં દ્વાદશાંગીનો સાર : ૩૯૬
આ નયોને દન્તમુશલોની ઉપમા શા માટે ? ૩૯૭

૧૬-નિશ્ચય-વ્યવહાર :

બે ગણ્ડસ્થલો : ૩૯૮
નિશ્ચય નય ને વ્યવહાર નય : ૩૯૮
બે નયથી શું સિદ્ધ થાય છે ? ૩૯૯
બન્ને ય નયોનું શરણ સ્વીકારવું જોઇએ : ૪૦૦
દોરીના બેય છેડા હાથમાં રાખીને એક તરફ ઢીલ મૂકીને બીજી તરફ ખેંચાય : ૪૦૧
વ્યવહારથી વંચિત રહેનારો વંચના પામે : ૪૦૨
શુદ્ધ વ્યવહાર આન્તરિક શુદ્ધિ માટે જોઇએ : ... ૪૦૩
વ્યવહાર શિવખીજ પણ બને ને ભવખીજ પણ બને : ... ૪૦૫
ઉપેક્ષા રાખનારો ડૂબે ને અપેક્ષા રાખનારો તરે : ... ૪૦૬

૧૭-યોગ અને ક્ષેમ :

યોગ અને ક્ષેમ રૂપ બે કાન : ૪૦૮
છાપેલી પ્રતિની ભૂલ : ૪૦૮
નાથ તે કે જે યોગ-ક્ષેમને કરે : ૪૦૯
નાથની ગણનામાં સૌથી પહેલા ભગવાન : ૪૦૯
મોક્ષનું દાન ઉપદેશથી જ થાય અને તેમાં સામા જીવની પણ લાયકાત વિગેરે જોઇએ : ૪૧૧
રત્નત્રયીને પામે અને પાળે-એવા ઉપકારની સર્વોત્તમતા : ... ૪૧૩
કાનની ઘટના યોગ્ય જ છે : ૪૧૪
સદ્ગુરુઓ પણ ભવ્ય જીવોને સનાથ બનાવે છે : ... ૪૧૪
નાથ તરીકેની તમારી ફરજ બજાવો છો ? ૪૧૬

૧૮-પ્રસ્તાવનાથી અનુમાન :

પ્રસ્તાવના રૂપ પ્રચણ્ડ શૂંઢ : ૪૧૭

૧૯-નિગમનની મહત્તા :

અતુચ્છ પુચ્છ રૂપ નિગમન : ૪૧૯

નિગમનથી લાભ : ૪૧૯
મધુબિન્દુનું દૃષ્ટાન્ત : ૪૨૦
મધુબિન્દુ દૃષ્ટાન્તનો ઉપનય : ૪૨૪
દૃષ્ટાન્તનું નિગમન : ૪૨૪
આ નિગમન હૈયે વસે તો : ૪૨૫
સદ્‌ગુરૂના આલમ્બનને ગ્રહણ કરાતું નથી : ૪૨૬
ભવ ખટક્યા વિના ભ્રમણ અટકે નહિ : ૪૨૭
સંસારમાં રહેવું ને મરણથી બચવું એ શક્ય નથી : ... ૪૨૮
મારવાથી બચ્યો તો મરવાથી બચાય : ૪૨૯

૨૦–આઠ જ્ઞાનાચાર :

કાલાદિ આઠ પ્રકારનો ચારૂ પરિકર : ૪૩૧
કામ લેવું હોય તો બંધન સ્વીકારવું જોઈએ : ... ૪૩૧
કાલિક સૂત્રો અને ઉત્કાલિક સૂત્રો : ૪૩૨
ચાર કાલવેલાએ સ્વાધ્યાયનો આદર : ૪૩૪
ભણવા છતાં નિષિદ્ધ કાલે ભણે તો વિરાધના : ... ૪૩૫
વ્યન્તર દેવો છલે છે : ૪૩૬
જ્ઞાન સાધુની સેવામાં મારી સેવા રહેલી છે–એ ફરમાનને ભણવાના રસમાં ભૂલાય નહિ : ૪૩૬
અમુક આજ્ઞાની લતે ચઢી બીજી આજ્ઞાઓને લોપાય નહિ : ૪૩૮
શાસનદેવતાએ ઉપયોગ દીધો : ૪૩૯
શાસનનો રાગ હોય તો ચતુર્વિધ શ્રીસંઘ ઉપર પણ રાગ હોય અને ભક્તિભાવ હોય : ૪૪૦
વિનયના દશ પ્રકારો : ૪૪૧
વિનય એ ધર્મનું મૂળ છે : ૪૪૩
વિનય ઉપર ઉદાહરણ : ૪૪૪
શ્રી અભયકુમારે કહેલી કથા : ૪૪૯
ચોરને શોધી કાઢ્યો ને પકડ્યો : ૪૫૬

વિનય વિના વિદ્યા નહિ : ૪૫૭
વિનય પોતાના જ ભલાને માટે : ૪૫૯
જ્ઞાનનો વિનય : ૪૬૦
જ્ઞાનોપકરણોનો વિનય : ૪૬૧
બહુમાન નામનો ત્રીજો જ્ઞાનાચાર : ૪૬૨
બહુમાનનાં પાંચ લક્ષણો : ૪૬૩
બહુમાનમાં બહુ મોટો વાંધો પડી ગયો છે : ... ૪૬૭
વિનય–બહુમાનની ચતુર્ભંગી ૪૬૮
બહુમાનથી એકાન્તે કલ્યાણ : ૪૬૯
શાના વિનય–બહુમાનની વાત? ૪૭૦
અપાતા ઉદાહરણનો હેતુ : ૪૭૧
વિદ્યાગુરુના બહુમાન અંગે ઉદાહરણ : ૪૭૧
અણસમજથી અવિનય જેવો વિનય કરનાર પણ બહુમાનથી ફાવે છે : ૪૭૯
હૈયામાં બહુમાનને ધરનારા કદાચે વિનયાચાર ન આચરે? ૪૮૧
શ્રી ઉપધાન તપ : ૪૮૨
અનિહ્નવણ નામનો જ્ઞાનાચાર : ૪૮૪
મહા પાપનું કારણ : ૪૮૫
જ્ઞાન ફળ્યું કે ફુટ્યું? ૪૮૬
વ્યંજન નામનો જ્ઞાનાચાર : ૪૮૭
એક અક્ષરની પણ ધાલમેલ થાય નહિ : ૪૮૮
એમાં મિથ્યાભિમાન અને મૂર્ખતા છે : ૪૮૯
રાણીએ જરા સરખો પણ કેવો ફેરફાર કર્યો? ... ૪૯૦
કાગળને વાંચ્યા વિના રવાના કરવો નહિ : ... ૪૯૨
કુણાલે પિતૃભક્તિવશ કરેલું સાહસ : ૪૯૩
વ્યાકરણને ભણવાની જરૂર : ૪૯૫
અક્ષર ફર્યે અર્થ ફરે : ૪૯૭
સાતમો જ્ઞાનાચાર : ૪૯૭

આઠમો જ્ઞાનાચાર : ૪૯૮
આ આઠેય આચારો શોભાવે પણ છે અને શ્રેયોભાગી પણ બનાવે છે : ૪૯૯

૨૧–ઉત્સર્ગ ને અપવાદનો સંબંધ :

શ્રી ભગવતીજી સૂત્ર રૂપ જયકુંજરથી શમ અને સિદ્ધિ સુલભ બને છે : ૫૦૧
ઉત્સર્ગ અને અપવાદ રૂપ ઘણટાયુગલનો ઘોષ ... ૫૦૩
ઉત્સર્ગનું ને અપવાદનું સ્થાન નક્કી કરવામાં કુશલતા જોઇએ : ૫૦૪
વ્યાખ્યાતા ઉત્સર્ગ–અપવાદનો જ્ઞાતા જોઇએ : ... ૫૦૫
ઉત્સર્ગમાર્ગ ને અપવાદમાર્ગ કોને કોને કહેવાય ? ... ૫૦૫
અપવાદમાર્ગ ઉત્સર્ગમાર્ગને જ આભારી છે : ... ૫૦૬
ઉત્સર્ગમાર્ગની જેમ અપવાદમાર્ગને અનુસરવામાં પણ આરાધના કેમ, તેને જણાવતું ઉદાહરણ : ... ૫૦૭
અપવાદમાર્ગની ક્રિયા પ્રત્યે અણગમો હોય : ... ૫૧૯
અપવાદો બચવાને માટે છે : ૫૧૯
ઉત્સર્ગને જ વળગવાથી અશક્ત નષ્ટ–ભ્રષ્ટ થાય : ... ૫૨૦
સમર્થ પણ અસમર્થને અપવાદ સેવડાવે : ૫૨૧

૨૨–યશઃપ્રસાર :

યશ રૂપ પટહ : ૫૨૩

૨૩–અંકુશ તરીકે સ્યાદ્વાદ :

સ્યાદ્વાદ રૂપ અંકુશ : ૫૨૪
સ્યાદ્વાદનો પ્રતાપ : ૫૨૪
સ્યાદ્વાદની સમજ : ૫૨૫
સ્યાદ્વાદની અમોઘ શક્તિ : ૫૨૭
અંકુશની ઉપમા યોગ્ય જ છે : ૫૨૮
નિત્યાનિત્યત્વ : ૫૨૯

૨૪–હેતુઓ રૂપી શસ્ત્રો :

હેતુઓ રૂપ શસ્ત્રોથી સહિત : ૫૩૦

હેતુઓને શસ્ત્રોની ઉપમા વ્યાજબી છે : ૫૩૧
હેતુઓ આપીને ક્રમશઃ ચઢીયાતો ઉપકાર સાધી શકાય : ... ૫૩૩
હેતુગમ્યમાં હેતુ ન અપાય તો પાપ પલ્લે પડે : ... ૫૩૪

૨૫–શત્રુસૈન્યના નાશ માટે નિયુક્ત :

શત્રુસૈન્યના નાશને માટે નિયુક્તિ : ૫૩૬
ભગવાનને નિયુક્ત કરનાર કેમ કહ્યા ? ૫૩૬
શ્રીમાન્ મહાવીર મહારાજાએ આ નિયુક્તિ જગતના જીવો
મિથ્યાત્વાદિ રૂપ શત્રુઓનો નાશ સાધી શકે એ માટે કરી છે : ૫૩૭
મિથ્યાત્વનું શત્રુપણું : ૫૪૦
ગમે તેટલું ભણેલો માણસ પણ મિથ્યાત્વના ઉદયવાળો હોય તો
તે અજ્ઞાન જ છે : ૫૪૨
સમ્યગ્દર્શન ગુણ કેમ પ્રગટે ? ૫૪૩
સમ્યક્ શ્રુતના ઉપાર્જનની આવશ્યકતા : ૫૪૪
અવિરમણ રૂપ શત્રુ : ૫૪૫
શ્રી ભગવતીસૂત્રનું સામર્થ્ય કોને ઉપયોગી ? ૫૪૬

૨૬–શ્રી ગણધરદેવની મતિથી રચાએલું :

શ્રી ગણધરદેવની રચના : ૫૪૭

૨૭–ટીકારચના અંગે સ્પષ્ટીકરણ :

ટીકાની રચનાનો હેતુ : ૫૪૮
મુનિ રૂપી યોદ્ધાઓ : ૫૪૯
ટીકારચના અંગે અગત્યનો ખૂલાસો ૫૫૦
સ્વતન્ત્રપણે આચરવાનો હક્ક છને છે, પણ સ્વતન્ત્રપણે
માર્ગપ્રરૂપણ તો ભગવાન સિવાય કોઈ કરી શકે જ નહિ : ૫૫૧
શાસનદેવીની પ્રેરણાવાળા પ્રસંગને અંગે : ૫૫૩
'**गुरुजनवचनात्**'–એવા પ્રયોગનું રહસ્ય : ... ૫૫૪
ટીકારચના રૂપ શિલ્પકલા : ૫૫૫

ॐ ह्रीं श्रीँ अर्हं नमः ।

શ્રી ભગવતીજી સૂત્રનાં વ્યાખ્યાનો

બીજો ભાગ—શાસ્ત્રપ્રસ્તાવના



સૂત્રકાર : ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજી મહારાજ

ટીકાકાર : પૂ. આ૦ શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજ



: વ્યાખ્યાનકાર :

પૂ. જૈનરત્ન, વ્યાખ્યાનવાચસ્પતિ, કવિકુલકિરીટ, આચાર્યભગવાન

શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

મંગલાચરણ ને અભિધેય-કથન

सर्वज्ञमीश्वरमनन्तमसङ्गमग्र्यं,
सार्वीयमस्मरमनीशमनीहमिद्धम् ।
सिद्धं शिवं शिवकरं करणव्यपेतं,
श्रीमज्जिनं जितरिपुं प्रयतः प्रणौमि ॥ १ ॥

[શ્રી જિનસ્તુતિ રૂપ આ એક શ્લોકને અંગેનું વિવેચન આ પુસ્તકના પહેલા ભાગમાં પ્રસિદ્ધ થઈ ચૂકેલું છે.]

●

['શાસ્ત્રપ્રસ્તાવના' નામે બીજા ભાગ રૂપ આ પુસ્તકમાં, શરૂઆતમાં, નીચે આપવામાં આવતા બે શ્લોકોને અંગેનું વિવેચન છે અને તે પછીથી, ટીકાકાર મહર્ષિએ રચેલી જય-કુંજરની ઘટનાવાળી શાસ્ત્રપ્રસ્તાવનાને અંગેનું વિવેચન છે.]

नत्वा श्रीवर्धमानाय, श्रीमते च सुधर्मणे ।
सर्वानुयोगवृद्धेभ्यो, वाण्यै सर्वविदस्तथा ॥ २ ॥
एतट्टीकाचूर्णी जीवाभिगमादिवृत्तिलेशांश्च ।
संयोज्य पञ्चमाङ्गं, विवृणोमि विशेषतः किञ्चित् ॥ ३ ॥
॥ युग्मम् ॥

शास्त्रप्रस्तावना :

" व्याख्यातं समवायाख्यं चतुर्थमङ्गम् । अथावसरायातस्य-' विआहपण्णत्ति' तिसिज्झितस्य-पंचमांगस्य-समुन्नतजयकुञ्जरस्येव ललितपदपद्धतिप्रबुद्धजनमनोरंजकस्य, उपसर्गनिपाताऽव्ययस्वरूपस्य, घनोदारशब्दस्य, लिङ्गविभक्तियुक्तस्य, सदाख्यातस्य, सल्लक्षणस्य, देवताऽधिष्ठितस्य, नानाविधाद्भुतप्रवरचरितस्य, षट्त्रिंशत्प्रश्नसहस्रप्रमाणसूत्रदेहस्य, चतुरनुयोगचरणस्य, ज्ञान-चरणनयनयुगलस्य, द्रव्यास्तिक पर्यायास्तिकनयद्वितयदन्तमुशलस्य, निश्चय-व्यवहारनयसमुन्नतकुम्भद्वयस्य, योग-क्षेमकर्णयुगलस्य. प्रस्तावनावचनरचनाप्रकाण्डशुण्डाऽदण्डस्य, निगमनवचनाऽतुच्छपुच्छस्य, कालाद्यष्टप्रकारप्रत्रचनोपचारचारुपरिकरस्य, उत्सर्गाऽपवादवादसमुच्छलदतुच्छघण्टायुगलघोषस्य, यशःपटहपटुप्रतिरवाऽऽपूर्णादिक्चक्रवालस्य, स्याद्वादविशदांकुशवशीकृतस्य, विविधहेतुहेतिसमूहसमन्वितस्य, मिथ्यात्वाऽज्ञानाऽविरमणलक्षणरिपुबलदलनाय श्रीमन्महावीरमहाराजेन नियुक्तस्य, बलनियुक्तककल्पगणनायकमतिप्रकल्पितस्य, मुनियोधैरनाबाधमधिगमाय पूर्वमुनिशिल्पिकल्पितयोर्बहुप्रवरगुणत्वेऽपि ह्रस्वतया महतामेव वाञ्छितवस्तुसाधनसमर्थयोर्वृत्तिचूर्णिनाडिकयोः तदन्येषां च जीवाभिगमादिविविधविवरणदवकलेशानां संघट्टेन बृहत्तरा अत एवाऽमहतामप्युपकारिणी, हस्तिनायकादेशादिव गुरुजनवचनात् पूर्वमुनिशिल्पिकुलोत्पन्नैरस्माभिर्नाडिकेवेयं वृत्तिरारभ्यते ।" इति शास्त्रप्रस्तावना ।



સંયોજન અંગે સૂચન

આ પછીના, એટલે પાંચમા પાનાથી શરૂ થતા વિવેચનને જે ક્રમાંકો આપવામાં આવ્યા છે, તે કેવળ વાંચકોની જ સગવડને લક્ષ્યમાં રાખીને આપવામાં આવ્યા છે, પણ વ્યાખ્યાનોના ક્રમાંકો તરીકે એ ક્રમાંકો આપવામાં આવ્યા નથી. વ્યાખ્યાનોનું સંયોજન અને સંપાદન કરતાં, વ્યાખ્યાનોના ક્રમાંકોને કાયમ નહિ રાખતાં, ભિન્ન ભિન્ન વિષયોનું પ્રાયઃ ક્રમશઃ વાંચન વાંચકોને મળ્યા કરે, એવી પદ્ધતિ સ્વીકારવામાં આવી છે.

૧–મંગલાચરણ અને અભિધેય :

नत्वा श्रीवर्धमानाय, श्रीमते च सुधर्मणे ।
सर्वानुयोगवृद्धेभ्यो, वाण्यै सर्वविदस्तथा ॥ २ ॥
पतट्टीकाचूर्णी जीवाभिगमादिवृत्तिलेशांश्च ।
संयोज्य पञ्चमाङ्गं, विवृणोमि विशेषतः किञ्चित् ॥ ३ ॥

॥ युग्मम् ॥

મંગલ એ શાસ્ત્રથી કથંચિદ્ ભિન્ન પણ છે અને કથંચિદ્ અભિન્ન પણ છે :

નવાંગી ટીકાકાર આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા, 'વિઆહ–પન્નત્તિ' નામનું પાંચમું અંગસૂત્ર, કે જે અંગસૂત્ર 'શ્રી ભગવતીજી સૂત્ર' એવા પૂજ્યવાચક નામથી જૈન સમાજમાં સુપ્રસિદ્ધ છે, તે અંગસૂત્રની વિવૃત્તિની રચના કરવાને માટે ઉત્સાહિત બન્યા છે; ઉત્સાહિત બન્યા છે–એટલું જ નહિ, પણ તેમાં પ્રવૃત્ત થયા છે–એમ કહીએ તો પણ ચાલે : કારણ કે–તેઓશ્રીએ મંગલની આચરણા કરતાં, સઘળા ય ભગવાન શ્રી જિનેશ્વરદેવોની સ્તુતિ કર્યા પછીથી, તેઓશ્રીએ શું કહ્યું છે–તે આપણે જોઈ રહ્યા છીએ; અને મંગલ જેમ શાસ્ત્રથી કથંચિદ્ ભિન્ન ગણાય છે, તેમ મંગલને શાસ્ત્રથી કથંચિદ્ અભિન્ન પણ માનવામાં આવેલ છે. આથી, આ મંગલની પ્રવૃત્તિને આપણે જો આ વિવૃત્તિની

રચના રૂપ પ્રવૃત્તિના અંશ તરીકે ગણીએ અને માનીએ, તો તે પણ સાચું છે; અને એ દૃષ્ટિએ આપણે મંગલાચરણના આ તબક્કે પણ એમ કહી શકીએ કે–' આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા પંચમાંગ સૂત્ર શ્રી ભગવતીજી સૂત્રની વિવૃત્તિની રચના કરવા રૂપ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયા છે.'

આ વાતને જરાક વિશદ બનાવીએ. આ વાત આપણે એ અપેક્ષાએ કરી રહ્યા છીએ કે–હમણાં અહીં જે બે ગાથાઓ બોલવામાં આવી, તે બે ગાથાઓની રચના જે સમયે આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ કરી, તે સમયે જો આપણે તેઓશ્રીની આ પ્રવૃત્તિને વિષે બોલવાનું હોય, તો આપણે તેઓશ્રીની આ પ્રવૃત્તિના સંબંધમાં શું બોલી શકીએ ? ' આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા પંચમાંગ સૂત્ર શ્રી ભગવતીજી સૂત્રની વિવૃત્તિની રચના કરવાને માટે ઉત્સાહિત બન્યા છે '–એમ બોલી શકીએ ? કે ' આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા પંચમાંગ સૂત્ર શ્રી ભગવતીજી સૂત્રની વિવૃત્તિની રચના કરવામાં પ્રવૃત્ત થયા છે '–એમ બોલી શકીએ ? કે પછી, એ બન્ને ય કથનો કરી શકાય એવાં છે ? કોઇ કહેશે કે–" ઉત્સાહિત બન્યા છે ' એમ તો જરૂર કહેવાય, પણ ' પ્રવૃત્ત થયા છે '–એમ કેમ કહેવાય ?" આવો પ્રશ્ન કરનાર, પોતાના પ્રશ્નકથનના સમર્થનમાં, એમ પણ કહી શકે કે– "પ્રવૃત્ત થયા છે ' એમ તો ત્યારે જ કહી શકાય, કે જ્યારે સૂત્રની વ્યાખ્યાને લખવાની શરૂઆત કરી હોય; આ તો હજુ મંગલાચરણ માત્ર છે."

આવી વાતોનો પણ, શાસ્ત્રોમાં વિચાર કરવામાં આવ્યો

છે અને જ્ઞાની મહાપુરૂષોએ આવી બાબતોના પણ ઘણા સુન્દર અને બુદ્ધિગ્રાહ્ય ખૂલાસાઓ આપેલા છે. મંગલ કહેવાય કોને ?, મંગલ આવશ્યક ખરૂં કે નહિ ?, જે કોઇ મંગલનું આચરણ કરે તેનો તેણે જે હેતુથી મંગલનું આચરણ કર્યું હોય તે હેતુ સિદ્ધ થાય જ–એમ ખરૂં કે નહિ ? જો મંગલાચરણ કરવા છતાં પણ મંગલાચરણ કરનારાએ જે હેતુથી મંગલાચરણ કર્યું હોય, તે હેતુ સિદ્ધ ન થાય તો તેમાં કારણ શું ? અને દ્રવ્ય મંગલ શું ?, ભાવમંગલ શું ?, તથા ઉત્કૃષ્ટ મંગલ કયારે બને ?–આવી તો અનેક વાતોનું નિરૂપણ, મહાપુરૂષોએ, મંગલનું નિરૂપણ કરતાં કર્યું છે. એમાં, આ પણ એક વાત છે કે–મંગલને ગ્રન્થથી અગર શાસ્ત્રથી ભિન્ન ગણાય કે અભિન્ન ગણાય ? મંગલને શાસ્ત્રથી ભિન્ન શાથી ગણાય અને મંગલને શાસ્ત્રથી અભિન્ન શાથી ગણાય ?–એ બન્ને ય બાબુઓની બાબતોની યથાયોગ્ય વિચારણા કરીને, મહાપુરૂષોએ ઠરાવ્યું છે કે–' મંગલ, એ શાસ્ત્રથી કથંચિદ્ ભિન્ન પણ છે અને મંગલ, એ શાસ્ત્રથી કથંચિદ્ અભિન્ન પણ છે.'

મંગલ શાસ્ત્રથી ભિન્ન કેમ ?

જો કેવળ શાસ્ત્રમાંની જ વાતને લક્ષ્યમાં રાખીને કહેવાય, તો તો મંગલને શાસ્ત્રથી ભિન્ન જ કહેવું પડે : કારણ કે–મંગલ શા માટે છે ? જે શાસ્ત્રની રચના કરવાની અભિલાષા છે, તે શાસ્ત્રની રચનાને નિર્વિઘ્નપણે સમાપ્ત કરી શકાય, એ માટે મંગલનું આચરણ છે ! વળી શિષ્ટ પુરૂષોએ આચરેલો જે શુભાચાર, તેના અનુગામી બનાય, એટલે કે–શિષ્ટ પુરૂષોને અનુસરવા રૂપ શુભાચારને આચરવાને માટે મંગલ છે ! એમ

શિષ્ટ પુરૂષોને અનુસરવાનો જેમ પોતાને લાભ મળે, તેમ શિષ્યજનોમાં પણ શિષ્ટજનોને અનુસરવાની બુદ્ધિ પેદા થાય, એ માટે મંગલ છે! આમ મંગલના અનેક હેતુઓ છે. એટલે શાસ્ત્રની રચના કરવી છે માટે મંગલ છે, એમ તો નક્કી થયું ને? માટે શાસ્ત્ર જૂદું અને મંગલ જૂદું—એમ કહી શકાય. આ અપેક્ષાએ જ્યારે બોલવું હોય, ત્યારે અહીં આપણે એમ કહેવું પડે કે—' આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજ પંચમ અંગસૂત્ર શ્રી ભગવતીજી સૂત્રની વિવૃત્તિની રચના કરવાને માટે ઉત્સાહિત બન્યા છે.'

મંગલ શાસ્ત્રથી અભિન્ન છે?

પરન્તુ, અહીં બીજી અપેક્ષા પણ વિચારણીય છે. મંગલને આચરનારના આશયનો વિચાર કરો. શાસ્ત્રની રચના કરવાને માટે મંગલનું આચરણ કરનારના હૈયે, એ વખતે કયો ભાવ હોય છે? એને એમ જ લાગે છે કે—' હું અમુક શાસ્ત્રની રચના કરવાને માટે બેઠો છું.' અગર તો ' મેં અમુક શાસ્ત્રની રચના શરૂ કરી.' વળી, કોઇ પણ શાસ્ત્રને વાંચવાનું તમે શરૂ કરો. એ વખતે તમને કોઇ પૂછે કે—' શું વાંચો છો?' તો એ વખતે તમે કહેશો કે—' હું અમુક શાસ્ત્ર વાંચું છું.' પછી ભલે ને તમે એ વખતે એ શાસ્ત્રના મંગલને જ વાંચતા હો! જેમ અહીંનો જ દાખલો લ્યો. અહીં અત્યારે આપણે શ્રી ભગવતીજી સૂત્રની વિવૃત્તિના મંગલને જ વાંચી રહ્યા છીએ. આમ છતાં પણ, તમને જો કોઈ પૂછે કે—' વ્યાખ્યાનમાં હાલ શું વંચાય છે?' તો તમે પ્રાયઃ એમ જ કહો કે—' વ્યાખ્યાનમાં હાલ શ્રી ભગવતીજી સૂત્ર વંચાય છે.' પણ તમે એમ

નહિ કહો કે–'વ્યાખ્યાનમાં શ્રી ભગવતીજી સૂત્ર વાંચવાનું હોવાથી, હાલ મંગલની વાત ચાલે છે.' કોઇ પૂછશે કે–'શ્રી ભગવતીજી સૂત્રને વાંચવાની શરૂઆત અહીં કયારે થઈ?' તો તમે તે જ દિવસ બતાવશો, કે જે દિવસે શ્રી ભગવતીજી સૂત્રના મંગલને વાંચવાની શરૂઆત થઈ હોય. શ્રી ભગવતીજી સૂત્રને અંગે અને સાંભળનારને અંગે જે કાંઈ વિધિ કરાય છે; દીપક ને ધૂપ મૂકાય છે, સાથીયા કરાય છે અને ફળ તથા નાણું મૂકાય છે; એ બધું પણ કરવાનું કયારથી શરૂ થાય છે ? જ્યારથી શ્રી ભગવતીજી સૂત્રની વિવૃત્તિના મંગલને વાંચવાનો શુભ આરંભ કરાય છે, ત્યારથી જ ને ? એટલે મંગલને તમે શાસ્ત્રથી અભિન્ન પણ માન્યું જ ને ? આવી રીતિએ તમે વિચાર કરો, તો તમને લાગશે કે–મંગલ, એ પણ શાસ્ત્રના એક વિભાગ રૂપ જ બની જાય છે. આ મંગલ કેવલ મંગલને માટે જ નથી, પરન્તુ અમુક શાસ્ત્રની રચના કરવામાં અગર અમુક શાસ્ત્રની વાચનામાં હું પ્રવૃત્ત થાઉં છું–એવા આશયની આમાં પ્રધાનતા રહેલી છે. આ અપેક્ષાને લક્ષ્યમાં રાખીને જ્યારે આપણે બોલતા હોઇએ, ત્યારે આપણે એમ પણ બોલી શકીએ કે–'આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજ, પાંચમા અંગસૂત્ર શ્રી ભગવતીજી સૂત્રની વિવૃત્તિની રચના કરવામાં પ્રવૃત્ત થયા છે.'

એકેય વચન મિથ્યા નથી :

આથી તમે સમજી શકયા હશો કે–ભિન્ન ભિન્ન અપેક્ષાએ 'ઉત્સાહિત બન્યા છે'–એવું કહેવું એ જેમ બરાબર છે, તેમ 'પ્રવૃત્ત થયા છે'–એવું કહેવું એ પણ બરાબર જ છે.

આટલી વાતમાં પણ અપેક્ષાવાદ આવ્યો ને? આવે જ, કારણ કે—વગર અપેક્ષાનું વચન, એ સત્ય વચન હોઇ શકતું જ નથી. આપણે, એ વાત પહેલાં જ વિચારી આવ્યા છીએ કે—આ શાસન ભગવાન શ્રી જિનેશ્વરદેવોનું છે અને ભગવાન શ્રી જિનેશ્વરદેવો સ્યાદ્વાદી જ હોય છે. એ તારકોનું અને એ તારકોને અનુસરનારાઓનું કોઈ પણ વચન લ્યો. એ વચન **સ્યાત્** પદથી લાંછિત હો વા **સ્યાત્** પદથી લાંછિત ન હો; પરન્તુ એ વચનમાં **સ્યાત્** પદ રહેલું જ છે, નિર્વિવાદપણે રહેલું છે, એમ જ સમજવું જોઇએ. આ કારણે જ, ભગવાન શ્રી જિનેશ્વરદેવોનું અગર તો એ તારકોને ઉપયોગપૂર્વક અનુસરીને બોલનારાઓનું વચન 'મિથ્યા' કે 'મિથ્યાત્વવાળું' હોઈ શકતું નથી. શ્રી જૈન શાસનનાં શાસ્ત્રોના કોઈ પણ એક વચનને ય 'મિથ્યા' કે 'મિથ્યાત્વવાળું' કહેવાનું ઘોર પાપ તો તેઓ જ કરી શકે છે, કે જેઓ મિથ્યાત્વના સપાટામાં સપડાઈ જવા પામ્યા હોય અને એથી જેઓની મતિ મિથ્યાત્વ નામના આત્માના મહાશત્રુથી મોહિત થઈ જવા પામી હોય. સ્યાદ્વાદીના વાક્યમાં સાક્ષાત્ **સ્યાત્** પદ ન હોય તો પણ, એ વાક્યને ઉચ્ચારતી વેળાએ એમના હૈયે **સ્યાત્** પદ હતું જ હતું—એમ માનીને અને સમજીને જ, એ વાક્યનો અર્થ કરવો જોઇએ.

ભાવમંગલની આચરણાનો રસ :

આપણે જોઈ રહ્યા છીએ કે—આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા શ્રી ભગવતીજી સૂત્રની વિવૃત્તિની એટલે કે ટીકાની રચના કરવાને માટે ઉદ્યુક્ત બન્યા છે અને

એ માટે ભાવમંગલની આચરણા કરી રહ્યા છે. આ પાંચમા અંગસૂત્રની ટીકાની રચના કરવા પૂર્વે, આ મહર્ષિએ, શ્રી ઠાણાંગ સૂત્ર નામના ત્રીજા અંગસૂત્રની તેમ જ શ્રી સમવાયાંગ સૂત્ર નામના ચોથા અંગસૂત્રની–એમ બે સૂત્રોની બે ટીકાઓની રચના કરેલી છે. એ બન્ને ય ટીકાઓની આદિમાં પણ, આ મહર્ષિએ ભાવમંગલની આચરણા કરેલી જ છે. એ બન્ને ય ટીકાઓની આદિમાં ભાવમંગલની આચરણા કરેલી હોવા છતાં પણ, આ મહર્ષિ અહીં ત્રીજી ટીકાની આદિમાં પણ મંગલની આચરણા કરે છે. શાથી ? બાર અંગસૂત્રો પૈકીના ત્રીજા અંગસૂત્રથી તે અગીઆરમા અંગસૂત્ર સુધીનાં સૂત્રોની–એમ કુલ નવ અંગસૂત્રોની નવ ટીકાઓની રચના કરવાને માટે તેઓશ્રી પ્રવૃત્ત થયા છે, તો એકલા ત્રીજા જ અંગસૂત્રની ટીકાની આદિમાં ભાવમંગલની આચરણા કરીને, પછી કોઈ અંગસૂત્રની ટીકાની આદિમાં ભાવમંગલની આચરણા કરી ન હોત તો ન ચાલત ? જેને ચલાવ્યે જ રાખવું હોય, તે તો ગમે તેમ ચલાવ્યે રાખે, પણ આ તો મહર્ષિ છે. સમજે છે કે–અંગસૂત્ર તો બદલાયું ને ? વળી, એ મહાપુરૂષને ભાવમંગલની આચરણાનો કેટલો બધો રસ હતો, તે પણ આ ઉપરથી આપણે કલ્પી શકીએ છીએ.

નવની જ રચના કેમ કરી ?

આ મહાપુરૂષે નવ અંગસૂત્રોની જ ટીકાઓની રચના શા માટે કરી, તે તો આપણે વિચારી આવ્યા છીએ. આ મહાપુરૂષે જે વખતે આ નવ અંગસૂત્રોની ટીકાઓની રચના કરી, તે વખતે શ્રી આચારાંગ સૂત્ર નામના પ્રથમ અંગસૂત્ર-

ની અને શ્રી સૂયગડાંગ સૂત્ર નામના બીજા અંગસૂત્રની ટીકાઓ, કે જેની રચના આચાર્યભગવાન શ્રીમત્ શીલાંકસૂરીશ્વરજી મહારાજાએ કરેલી હતી, તે વિદ્યમાન હતી; પરન્તુ બાકીનાં અંગસૂત્રોની તેઓશ્રીએ રચેલી ટીકાઓ અપ્રાપ્ય બની જવા પામી હતી. આ કારણે જ, શાસનદેવીની પ્રેરણાને સાદર ઝીલી લઈને, આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ, ત્રીજા અંગસૂત્રથી માંડીને અગીઆરમા અંગસૂત્ર સુધીની ટીકાઓની રચના કરવાના શુભ કાર્યનો આરંભ કર્યો હતો. તે સમયે બારમું અંગસૂત્ર તો પોતે જ વિચ્છેદને પામી ગયેલું હતું, એટલે 'આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ બારમા અંગસૂત્રની ટીકાની રચના કેમ કરી નહિ ?'—એ પ્રશ્નને તો અવકાશ જ પ્રાપ્ત થતો નથી.

મંગલ સાથે અભિધેયનું કથન :

પોતે રચવા ધારેલી નવ અંગસૂત્ર–ટીકાઓ પૈકીની ત્રીજી સૂત્રટીકા, કે જે આ શ્રી ભગવતીજી સૂત્ર નામના પાંચમા અંગસૂત્રની ટીકા છે, તેની રચના કરવાને માટે ઉદ્યુક્ત થયેલા આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ ભાવમંગલની આચરણા કરતાં, શરૂઆતમાં શ્રી જિનસ્તુતિ કરી છે. એક શ્લોક દ્વારા, સામાન્ય પ્રકારે શ્રી જિનસ્તુતિ કરવા દ્વારા, એ મહર્ષિએ સઘળા ય ભગવાન શ્રી જિનેશ્વરદેવોની સ્તુતિ કરતાં, પરમ તારક ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પંદર વિશેષણોથી સ્તુતિ કરી. અત્યાર સુધીમાં આપણે એ પંદર વિશેષણોને અંગે કેટલીક વિચારણા કરી આવ્યા છીએ. આ રીતિએ, સઘળા ય ભગવાન શ્રી જિનેશ્વરદેવોની સ્તુતિ કર્યા

બાદ પણ, એ મહર્ષિ બે શ્લોકો દ્વારા ફરમાવે છે કે–"શ્રી વર્ધમાનસ્વામીજીને, શ્રીમત્ સુધર્માસ્વામીજીને, સર્વ અનુયોગ-વૃદ્ધોને અને શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીને નમસ્કાર કરીને, આ શ્રી ભગવતીજી સૂત્રની જે ટીકા તથા ચૂર્ણી છે તેને અને શ્રી જીવાભિગમાદિ અંગસૂત્રોની જે વૃત્તિઓ છે–તેના અંશોને, સંયોજીને હું આ પાંચમા અંગસૂત્રની કાંઈક વિશેષ પ્રકારે વિવૃત્તિને કરું છું." આ કથનમાં સ્પષ્ટ રૂપમાં મંગલ પણ છે અને અભિધેય પણ છે. મંગલ તો પહેલા શ્લોક રૂપ શ્રી જિનસ્તુતિ દ્વારા થઈ જ ગયું હતું ને? છતાં પણ, અહીં એક એ વિશેષતા છે કે–ત્રીજા શ્લોક દ્વારા અભિધેયને કહેવાને માટે, બીજા શ્લોકમાં પણ મંગલ કર્યું અને તે બન્નેને કેવો સંબંધ છે–એ પણ સૂચિત કરી દીધું.

હિતશિક્ષા :

'આમને નમસ્કાર કરીને આમ કરું છું'–એમ કહેવા પાછળ તો, મોટી હિતશિક્ષા રહેલી છે. એ શીખવે છે કે–તમારે જે વાત કહેવાની હોય, તે વાતને કહેવાનું સૂચન પણ તમારે આ રીતિએ નમસ્કાર કરીને તે પછી જ કરવું જોઈએ. નમસ્કારમાં પણ કેટલાકને યાદ કર્યા? ઉપકારી એવા કોઈને અગર ઉપકારી એવી કોઈ પણ વસ્તુને ય એ મહાપુરૂષે પોતાના નમસ્કારમાંથી બાતલ રાખેલ નથી, એમ કોઈને પણ, જો તે વિવેકી અને સમજુ હોય તો, કહેવું પડે. સારું કામ કરતાં પહેલાં, નમસ્કાર કરવાને માટે સઘળા ય ઉપકારિઓને યાદ કરે છે અને સઘળી ઉપકારક વસ્તુઓને પણ યાદ કરે છે. આ વાત તમારા ખ્યાલમાં તો આવે છે ને?

ઉપકારી વ્યક્તિઓ ને વસ્તુઓ :

પહેલાં સઘળા ય ભગવાન શ્રી જિનેશ્વરદેવોને નમસ્કાર, પછી ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને જૂદો નમસ્કાર, પછી ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીને નમસ્કાર અને તે પછીથી સઘળા ય અનુયોગવૃદ્ધ મહાપુરૂષોને પણ નમસ્કાર ! હવે કોઈ ઉપકારી વ્યક્તિ બાકી રહી જાય છે ખરી ? નહિ જ. કોઈ ઉપકારી વ્યક્તિ તો બાકી રહી જતી નથી, પણ ઉપકારી વસ્તુઓ તો બાકી રહી જાય છે. જો કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવોને કરેલ નમસ્કારમાં પણ સમાવેશ કરવા ધારીએ તો સઘળી ય ઉપકારી વ્યક્તિઓનો અને સઘળી ય ઉપકારી વસ્તુઓનો સમાવેશ કરી શકાય તેમ છે : કારણ કે–કોઈ પણ સારી વ્યક્તિનું અને કોઈ પણ સારી વસ્તુનું મૂળ તો ભગવાન શ્રી જિનેશ્વરદેવો જ છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવોના પ્રતાપે જ, એટલે કે–એ પરમ તારકોએ ફરમાવેલી આજ્ઞાઓને સારી રીતિએ–યથાયોગ્યપણે અનુસરવાના પ્રતાપે જ, કોઈ પણ વ્યક્તિ પરમ રીતિએ ઉપકારી બની શકે છે. એ પરમ તારકોની આજ્ઞાને યથાયોગ્ય રીતિએ અનુસર્યા વિના, કોઈ પણ વ્યક્તિ પરમ રીતિએ ઉપકારી બની શકે –એ શક્ય જ નથી. એ જ રીતિએ, સારી પણ વસ્તુને સારી વસ્તુ તરીકે સ્વતન્ત્રપણે ઓળખાવનાર જો કોઈ પણ હોય, તો તે જેમ ભગવાન શ્રી જિનેશ્વરદેવો જ છે, તેમ સારી પણ વસ્તુઓને જીવો પોતાને માટે સારી વસ્તુઓ તરીકે પરિણમાવી શકે–એ માટેનો વાસ્તવિક માર્ગ સ્વતન્ત્રપણે બતાવનાર કોઈ હોય, તો તે ભગવાન શ્રી જિનેશ્વરદેવો જ છે. આમ

હોવાથી, 'ભગવાન શ્રી જિનેશ્વરદેવને નમસ્કાર કરવામાં ઉપકારી એવી સઘળી ય વ્યક્તિઓને તેમ જ ઉપકારી એવી સઘળી ય વસ્તુઓને પણ નમસ્કાર થઈ જાય છે'–એમ જો કહીએ, તો તે પણ વ્યાજબી જ ગણાય; પરન્તુ સઘળા ય જીવો આવો તાત્પર્યાર્થ શોધી શકે નહિ. આથી, આ મહાપુરૂષે તો એવો માર્ગ લીધો કે–કયા કયા ઉપકારિઓને નમસ્કાર કરવો એ યોગ્ય છે, તેને સામાન્ય સમજવાળા જીવો પણ સમજી શકે. એ માટે જ, આ મહાપુરૂષે માત્ર ભગવાન શ્રી જિનેશ્વરદેવોને નમસ્કાર કરીને નહિ અટકતાં અને ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને પણ નમસ્કાર કરીને નહિ અટકતાં, ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીને પણ નમસ્કાર કર્યો અને તે પછીથી સઘળા ય અનુયોગવૃદ્ધોને પણ નમસ્કાર કર્યો. આમ, સઘળી ય ઉપકારી વ્યક્તિઓને નમસ્કાર કર્યા બાદ, ઉપકારી એવી સઘળી ય વસ્તુઓને નમસ્કાર કરવાને માટે, આ મહાપુરૂષે શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીને નમસ્કાર કર્યો. શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીમાં, કોઈ પણ સારી વસ્તુનું પ્રતિપાદન ન હોય, એ બને ? નહિ જ. શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણી બતાવે બધી વસ્તુઓને, પણ ગ્રાહ્ય તરીકેનું પ્રતિપાદન તો સારી–ઉપકારક વસ્તુઓનું જ કરે ને ? હિંસાદિકને પણ બતાવે અને અહિંસાદિકને પણ બતાવે, પરન્તુ સાથે સાથે જ એ વાત હોય કે–હિંસાદિક તજવા યોગ્ય છે અને અહિંસાદિક આચરવા યોગ્ય છે. આમ, શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીમાં સઘળી ય ઉપકારક વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે અને એથી એમ કહી શકાય કે–શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીને નમસ્કાર કર્યો, એટલે જગતભરમાં જે કાંઈ પણ સારી

વસ્તુઓ છે, હતી કે હશે, તે સર્વને નમસ્કાર કર્યો. એક પણ ઉપકારી વસ્તુ એમાંથી બાતલ નહિ.

કૃતજ્ઞતા અને નમ્રતા :

ટીકાકાર આચાર્યભગવાનમાં આ કેવો ઉમદા પ્રકારનો કૃતજ્ઞતા ગુણ છે ? નમસ્કાર કરવાને માટે નમ્ર બનવું પડે છે અને સાચો નમ્રતા ગુણ, કૃતજ્ઞતા ગુણ વિના આવી શકતો નથી. ટીકાકાર આચાર્યભગવાનમાં જો સુન્દર પ્રકારનો વિવેક ન હોત અને એ સાથે કૃતજ્ઞતા ગુણ જો તેઓશ્રીમાં ન હોત, તો પ્રસંગ તો એવો હતો કે—એ અહંકારના મદથી પીડાતા હોત. જ્ઞાન તો હતું જ અને તેમાં મળી શાસન-દેવીની સહાયક પ્રેરણા; એના યોગે આવું અંગસૂત્રોની ટીકા રચવા જેવું મહા કઠિન કાર્ય પણ કરવાને માટે તેઓશ્રી સમર્થ બની શકયા. આટલી શક્તિ અને સામગ્રીનો યોગ મળે, પછી 'હું'કારને આવતાં વાર કેટલી ? આવા વખતે મનમાં ખુમારી આવે કે મન નમ્રતાભાવને ભજનારૂં બને ? દુન્યવી તુચ્છ સામગ્રી પણ જો બીજાઓના કરતાં જરા સારા પ્રમાણમાં તમને મળી ગઈ હોય, તો તેના યોગે તમને કેવા પ્રકારનો અનુભવ થાય છે ? બજારમાં ચાર જણા તમારી સલાહ લેવાને માટે આવતા હોય અને બજારમાં તમારી સામાન્ય પ્રકારે પણ જો એવી નામના થાય કે—' આ શેઠની સલાહ એવી વ્યાજબી હોય છે કે—એ મુજબ જો વર્તીએ તો જરૂર ફાવીએ ' તો એ વખતે તમારા હૈયામાં 'હું'પણાનો કેવોક ભાવ જાગે છે ? એના યોગે, બીજાઓની સાથે તોછડાઈથી બોલવાની અને તોછડાઈથી વર્તવાની કેવી ટેવ

પડી જાય છે ? તમે લોકો જો તમારી સ્થિતિનો પણ બરાબર વિચાર કરો, તો ય તમને આ અને આવા મહાપુરૂષોમાં જે મહત્તાનો સુયોગ હતો, તેનો સુન્દર ખ્યાલ આવે. તમને તમારા ઉપકારિઓ યાદ આવે છે ખરા ? તમારી સમજ મુજબ તમે જે જે કાર્યમાં ઉપકાર માનતા હો, તેવા પ્રકારનો ઉપકાર જેના જેના દ્વારા તમારા ઉપર થવા પામ્યો હોય, તે બધા ઉપકારોને કદી પણ સદ્ભાવપૂર્વક યાદ કરવાનું તમને મન થાય છે ખરૂં ? કોઈ પણ સારા કામનો આરંભ કરતાં પહેલાં, પોતાના ઉપકારિઓને યાદ કરવા અને ઉપકારિઓને યાદ કરીને તેમને નમસ્કાર કરવો–આવી રીતિએ તમે વર્તતા તો નથી, પણ આવી રીતિએ વર્તવાનો પ્રયત્ન કરવાનો વિચાર પણ તમને કદી આવેલો છે ખરો ? જો આ વિચાર તમને વારંવાર આવતો હોત, જો આવા પ્રકારનો વિચાર આવે એવા પ્રકારે તમારૂં હૈયું કેળવાએલું હોત, તો ' ટીકાકાર આચાર્યભગવાને ભગવાન શ્રી જિનેશ્વરદેવોને, શ્રી વર્ધમાનસ્વામીજીને, ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીને, સઘળા ય અનુયોગવૃદ્ધોને અને શ્રી સર્વજ્ઞભગવાનની વાણીને નમસ્કાર કર્યો '–એ વાતને સાંભળતાંની સાથે જ, તમને એમ થઈ ગયું હોત કે–' આ મહાપુરૂષમાં કેવો કૃતજ્ઞતાનો અને નમ્રતાનો ઉમદા ગુણ છે ? '

આજના સાંસારિક વ્યવહારોમાં આવી જવા પામેલી કલુષિતતા :

કૃતજ્ઞતા ગુણ અને નમ્રતા ગુણ, એ બન્ને ય ગુણો માણસ માત્રને માટે આવશ્યક છે. આ ગુણો એવા છે કે–

સાધુઓમાં પણ જોઇએ, શ્રાવકોમાં પણ જોઇએ અને ધર્મને પામવાને લાયક સજ્જનોમાં પણ જોઇએ. જેણે જેણે પ્રગતિને સાધવી હોય, તે દરેકે આ બન્ને ય ગુણોને પોતાના બનાવી લેવા જોઇએ. વૈયક્તિક, કૌટુમ્બિક, સામાજિક અથવા તો કોઈ પણ સાંસારિક વ્યવહારમાં સુન્દરતાને લાવવાને માટે આ ગુણો જરૂરી છે. આજે તમારા સાંસારિક વ્યવહારમાં જે ક્લેશમયતા અને કલુષિતતા આવી જવા પામી છે, તેમાં અનેક કારણો છે; પરન્તુ કૃતજ્ઞતા અને નમ્રતા–આ બે ગુણો જો સારી રીતિએ સજીવ રહેવા પામ્યા હોત, તો તમારો સાંસારિક વ્યવહાર આજના જેટલો ક્લેશમય અને કલુષિત બની જવા પામ્યો હોત નહિ, એ નિર્વિવાદ વાત છે. આજે તમારો સાંસારિક વ્યવહાર કેટલો બધો હલકી કોટિનો બની જવા પામ્યો છે? આજે માતા–પિતા પ્રત્યે સંતાનો કેવી રીતિએ વર્તે છે? વડિલો પ્રત્યે નાનાઓ કેવી રીતે વર્તે છે? પતિ પ્રત્યે પત્ની કેવી રીતે વર્તે છે? સાસુ પ્રત્યે વહુ કેવી રીતિએ વર્તે છે? માતા–પિતાનો ઉપકાર, એ વાત આ આર્ય દેશમાં અને તે પણ જૈન સમાજમાં અમારે કહેવી પડે? 'તમારા ઉપર તમારાં માતા–પિતાનો ઉપકાર છે'–એ વાતને તમે સમજો છો કે એ વાત પણ અમારે તમને સમજાવવી પડે તેમ છે? તમારાં માતા–પિતાએ તમને કેવી રીતે ઉછેર્યા છે–એ તમે ભૂલી ગયા હો, તો તમે તમારાં સંતાનોને કેવી રીતિએ ઉછેરો છો, એ તરફ નજર કરો અને વિચાર કરો કે–'અમે જેમ અમારાં સંતાનોને માટે સહન કરીએ છીએ, તેમ અમારાં માતા–પિતાએ પણ અમારા માટે આમ સહન કર્યું હશે.' આજે માતા–પિતા પ્રત્યે હૈયે બહુમાનના ભાવને

ધરનારાં અને વ્યવહારમાં વિનયને આચરનારાં સંતાનોને જોવાં હોય, તો તમને જોવાથી સંતોષ થાય તેવું છે ખરૂં? નથી, તો એમાં તમને કૃતજ્ઞતા અને નમ્રતા ગુણની ખામી લાગે છે? એવી જ રીતિએ, કુટુમ્બના વડિલો અને તમારા મોટા ભાઈ તથા મોટા ભાઈની વહુ આદિ સાથેનો તમારો વ્યવહાર પણ વિનયયુક્ત નથી રહ્યો. વૈયક્તિક અને કૌટુમ્બિક વ્યવહારમાં નમ્રતાનું સ્થાન ઉદ્ધતાઈએ લીધું, એટલે સામાજિક વ્યવહારોમાં પણ નમ્રતા રહી નહિ અને ઉદ્ધતાઈ આવી જવા પામી. માતા–પિતાદિનું વાત વાતમાં અપમાન કરનારાઓ, તેમની સાથે તોછડાઈભર્યો વર્તાવ કરવામાં પોતાની મોટાઈ માનનારાઓ તથા હૈયામાં પણ એમને મૂર્ખ અને કમઅક્કલ આદિ તરીકે કલ્પીને તેમના પ્રત્યે દુર્ભાવને ધારણ કરનારાઓ, સામાજિક દૃષ્ટિએ વડિલ ગણાય એવા માણસોનું માન જાળવે, એ બનવાજોગ છે? નાત ભેગી થઈ હોય અગર સભા મળી હોય, તો જરા તક મળતાં ઘરડાઓની પાઘડીને ઉડાડનારાઓ, આજના જુવાનીયાઓની દુનિયામાં, હુંશીયાર અને બહાદૂર મનાય છે. થોડાંક વર્ષો પહેલાં, સગા નહિ એવા પણ વડિલો, બીડી પીતાં જોઈ જાય નહિ–એની કાળજી રહેતી હતી અને આજે ખૂદ માતા–પિતા પણ જોઈ જાય તો ય વાંધો નહિ–એવું થઈ ગયું છે. ઉમ્મરે વૃદ્ધને માન આપવું, પોતે ખસીને પણ આસન આપવું, તેમની સાથે નમ્રતાથી વાત કરવી અને તેમની સમક્ષ અન્ય કોઈની પણ સાથે ઉદ્ધતાઈથી વર્તવું નહિ–આવો વ્યવહાર, બે ત્રણ દશકાઓ પહેલાં તો સારી રીતિએ પ્રવર્તતો હતો. આજે એવા વૃદ્ધોની પ્રાયઃ અવગણના જ કરાય છે. માતા–પિતાદિને

અને વડિલોને નમસ્કાર કરવાનો વ્યવહાર તો ગયો, પણ તેઓની સાથે વાતચીત કરવાની રીતિ પણ બદલાઈ ગઈ છે અને તેમાં ઉદ્ધતાઈ આવી જવા પામી છે. વિદ્યાદાતા શિક્ષકો સાથેનો વ્યવહાર પણ એટલો જ અથવા તો એથી પણ વધારે બદલાઈ ગયો છે અને બગડી ગયો છે. વિદ્યાદાતા શિક્ષકો વિનયથી પ્રસન્ન થઈને વિદ્યાનું દાન કરે; એની જગ્યાએ આજે વિદ્યાદાતા શિક્ષકોને વિદ્યાર્થીઓથી પણ ડરતા જેવા રહેવું પડે છે. જો તમારામાં કૃતજ્ઞતા અને નમ્રતા–આ બે ગુણો હોત, તો તમારા સાંસારિક વ્યવહારો આવા કલુષિત બની જવા પામત નહિ.

વ્યવહારો કલુષિત બનવાથી ક્લેશમય બની ગયા છે :

સાંસારિક વ્યવહારો કલુષિત બની જવાથી, સાંસારિક વ્યવહારોમાં ક્લેશમયતા પણ ખૂબ જ વધી જવા પામી છે. જો ઉપકારિઓના ઉપકાર પ્રત્યે લક્ષ્ય હોય અને સ્વાભાવિક રીતિએ નમ્રતાનો ગુણ હોય, તો ક્લેશ ઉપજાવે એવા પ્રસંગો પણ, ક્લેશને ઉપજાવવામાં સફળ નિવડે નહિ. કેમ ? ઉપકારીની અગર વડિલની ભૂલ પણ લાગે, હૈયામાં એમની ભૂલ પ્રત્યે કદાચ અણગમો પણ ઉપજે, તે છતાં પણ ઉપકારનો ખ્યાલ અને નમ્રતાનો ગુણ હોય, એટલે ખમી ખાવાનું મન થાય. મનમાં જરા ગુસ્સો આવી ગયો હોય, તો ય તે શમી જવા પામે અને પાછળથી એમ પણ થાય કે–'મને આટલી વાતમાં ગુસ્સો આવી ગયો તે ઠીક થયું નહિ.' આમ ક્લેશ ઉપજાવે એવો પ્રસંગ પણ ક્લેશને ઉપજાવી શકે નહિ. એની જગ્યાએ આજે કૃતજ્ઞતાનો અને નમ્રતાનો ગુણ

નહિ હોવાથી, અને છે એવું કે–જે પ્રસંગ સામાન્ય રીતિએ ક્લેશને ઉપજાવે તેવો ન હોય, તેવો પણ પ્રસંગ કેટલીક વાર કેટલાંક કુટુમ્બોમાં મોટા પણ ક્લેશનું કારણ બની જાય છે. મોહ, વિષયસુખનો લોભ, એ વિગેરે દોષો તો જીવમાં બેઠેલા છે, પણ જીવમાં જો કૃતજ્ઞતા અને નમ્રતા હોય છે, તો એ દોષો ધાર્યું જોર કરી શકતા નથી; એ દોષો થોડે ઘણે અંશે પણ દબાતા રહે છે; અને જ્યારે કૃતજ્ઞતા અને નમ્રતા જેવા ગુણો નથી હોતા, ત્યારે તો એ દોષોને જોર કરવાની ઘણી અનુકૂળતા પ્રાપ્ત થઈ જાય છે. એથી, વ્યવહારમાં કલુષિતતા અને ક્લેશમયતા આવી જાય છે. મોહ અને વિષયસુખનો લોભ તો કહે કે–'તારા સુખની આડે જે આવે, તે ગમે તેવો ઉપકારી હોય કે મોટો હોય, તો પણ તારે એની પરવા કરવી નહિ.' એ વખતે જો કૃતજ્ઞતા ગુણ અને નમ્રતા ગુણ હોય, તો વિચાર આવે કે–'મારા ઉપકારી અથવા મારાથી મોટા મારા સુખની આડે આવે નહિ; એ મારા ભલાને માટે જ આમ વર્તતા હશે, છતાં મને તે મારા સુખની આડે આવે છે–એવું મારી બુદ્ધિની ખામીને લીધે લાગ્યું હશે; અથવા તો–એ મારા સુખની આડે આવતા હોય, તો ય શું થઈ ગયું ? મારે સહન કરી લેવું, એ જ મારી ફરજ છે.' હવે જો એ વખતે કૃતજ્ઞતા ગુણ અને નમ્રતા ગુણ ન હોય, તો શું થાય ? ઉપકારિઓને માટે તથા વડિલોને માટે ગમે તેવા, ઘણી નીચી કોટિના પણ ખરાબ વિચારો આવે, તેમની સામે થવાનું મન થાય, તેમનું અપમાન કરવાને માટે સજ્જ બનાય અને કદાચ તેમનું ભૂંડું કરવાને માટે પણ પ્રવૃત્ત થવાય. આજે માતા–પિતા અને સંતાનો વચ્ચે, પતિ અને પત્ની

વચ્ચે પણ, સાસુ અને વહુ વચ્ચે, ભાઈ-ભાઈ વચ્ચે, શેઠ-નોકર વચ્ચે, રાજા-પ્રજા વચ્ચે અને મોટા-નાના વચ્ચે કેટલી બધી તંગદીલી વધતી જાય છે? પરસ્પરથી પરસ્પરને હુંફનો અનુભવ થવાને બદલે, પરસ્પરને પરસ્પર તરફના ભયનો અનુભવ થાય છે. આવા વખતમાં પણ શાણા માણસો જાળવી જાળવીને વર્તે છે, હૈયાનો ભાવ કળાઈ ન જાય તેની કાળજી રાખે છે, પરન્તુ અન્તઃકરણમાં એક-બીજા પ્રત્યે જે ભાવો હોવા જોઈએ, તેમાં તો મોટી ખામી જ આવી જવા પામી છે; અને આ તો તમારા પોતાના પણ અનુભવની જ વાત છે ને?

દેવસ્થાનોમાં અને ધર્મસ્થાનોમાં આવેલી ઉણપોનું તથા ભક્તિની ખામીનું મૂળ પણ શું છે?

કૃતજ્ઞતા ગુણની અને નમ્રતા ગુણની ખામીને લીધે, ધાર્મિક વ્યવહારોમાં પણ ઘણો બીગાડો થઈ જવા પામ્યો છે અને દિવસે દિવસે એ બીગાડો પણ વધતો જ જાય છે. શ્રાવક તરીકેના તમારા જે જે ધાર્મિક વ્યવહારો ગણાય છે તેમાં અને સાધુ તરીકેના અમારા જે જે ધાર્મિક વ્યવહારો ગણાય છે તેમાં-એ બધાયમાં આજે કૃતજ્ઞતા ગુણ સંબંધી અને નમ્રતા ગુણ સંબંધી ખામીને લીધે, ઘણાં અનિચ્છનીય અશુભ તત્ત્વો આવી જવા પામ્યાં છે અને શુભ તત્ત્વો ધીમે ધીમે ઘટતાં જાય છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો અને ગુર્વાદિકનો આપણા ઉપર કેવો કેવો અને કેટલો કેટલો ઉપકાર છે, એ વિષે તમારાઓમાં અને અમારાઓમાં, વારંવાર વિચાર કરનારાઓ કેટલા? દેવ-ગુરૂના ઉપકારને

યાદ કરીને, એ ઉપકારીઓની વિશેષ વિશેષ પ્રકારે ભક્તિ કરવાના મનોરથો કરનારા કેટલા ? તમે બધા જો તમારી શક્તિ–સામગ્રી મુજબ દેવની અને ગુરૂની ભક્તિ કરવાની વૃત્તિવાળા હો, તો દેવસ્થાનો અને અન્ય ધર્મસ્થાનો જે રીતિએ આજે ઉણપો ભોગવી રહ્યાં છે, તે રીતિએ તે સ્થાનોને ઉણપોને ભોગવવી પડે ખરી ? દેવસ્થાનોમાં અને અન્ય ધર્મસ્થાનોમાં તમારા દ્રવ્યનો વ્યય કરવાનો તમને ઉલ્લાસ કેટલો ? "ભગવાન શ્રી જિનેશ્વરદેવોની હું ત્રિકાલપૂજા કરૂં; એ તારકોની પૂજા કરવાને માટે મારી શક્તિ મુજબનાં પણ ઉત્તમોત્તમ દ્રવ્યોને હું એકઠાં કરીને પૂજામાં વાપરૂં; આ શરીર તથા કુટુમ્બાદિકને માટે તો હું ઘણું ય અર્થ કરૂં છું, પણ દેવ–ગુરૂની ભક્તિમાં હું મારા દ્રવ્યનો જેટલો વ્યય કરૂં, તેટલો જ લેખે છે; જે ધર્મસ્થાનોમાં હું ધર્મક્રિયાઓને કરી શકું છું તથા ધર્મશ્રવણાદિ કરૂં છું, તે ધર્મસ્થાનો માટે મારે દરરોજ–દરરોજ નહિ તો દર મહિને–દર મહિને નહિ તો દર વર્ષે પણ મારે મારી શક્તિ મુજબ અમુક રકમ તો આપવી જ જોઇએ." –આવા આવા વિચારો તમને આવે છે ખરા ? જે જે બાબતોમાં તમે અણસમજુ છો તે તે બાબતોની વાત ન કરીએ, તો પણ જે બાબતો તમારી સમજમાં છે તેવી બાબતોમાં પણ તમે દેવસ્થાનોમાં અને અન્ય ધર્મસ્થાનોમાં તમારી મુડીને ખર્ચવાનો વિચાર કરતા નથી, એમાં તમારી કૃતજ્ઞતાની પણ ખામી છે–એમ તમને લાગે છે ખરૂં ?

પ્રશ્ન૦ કૃપણતા નડે છે.

કૃપણતા પણ નડે, પરન્તુ કૃતજ્ઞતા ગુણ હોય તો તે કૃપણતાને ધક્કો મારી કરે. કૃતજ્ઞ માણસ કૃપણતાથી જો

સ્થાને વ્યય ન કરી શકતો હોય, તો એને પોતાની કૃપણુતા ઉપર રોષ ઉપજે. બાકી, તમે લોકો ખરેખર કૃપણ છો ? મોટે ભાગે તો તમે લોકો ઉડાઉ છો, એમ આજની તમારી રીતભાત ઉપરથી જણાય છે. તમે આજે ખાવા–પીવા, પહેરવા–ઓઢવા, ફરવા–હરવા અને દોરદમામ દેખાડવા પાછળ કેટકેટલા ઉડાઉ ખર્ચાઓ કરો છો, તે તો જૂઓ ! વળી તમે દેવસ્થાનાદિમાં નથી જ ખર્ચતા–એવું પણ કહી શકાય નહિ; પણ તમે મોટે ભાગે કેવા પ્રકારે ખર્ચો છો, એનો જરા વિચાર કરો. દેવસ્થાનો અગર તો અન્ય ધર્મસ્થાનોમાં તમે જ્યારે કોઈ કોઈ વાર ચડસમાં આવી જાવ છો અથવા તો શરમમાં લેવાઇ જાવ છો અથવા તો નામનાના લોભમાં તણાઈ જાવ છો, એવા એવા વખતે તો તમે મોટી રકમો પણ ખર્ચી નાખો છો; પણ રોજ દેવ–ગુરૂના ઉપકારોને યાદ કરીને, તેઓની ભક્તિમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરવાનો ઉમંગ તમે અનુભવો છો ? રોજ વિચાર આવે છે ખરો કે–' આજે આ શરીરની સેવામાં અને કુટુંબના પોષણાદિમાં મેં કેટલો ખર્ચો કર્યો અને દેવ–ગુરૂની ભક્તિમાં મેં કેટલોક ખર્ચો કર્યો ?' જો એ વિચાર આવે, તો તમને જ થાય કે–' હું કેટલો બધો મૂર્ખ છું ? આ શરીર નાશવન્ત છે, હું આ શરીરને ગમે તેટલું સાચવું, તો ય માઠું માનેલું આ શરીર માઠું રહેવાનું નથી અને આ કુટુંબિઓ પણ કર્મના સંબંધે મળી આવેલાં છે અને કર્મનો સંબંધ પૂરો થતાં વિખુટાં પડી જવાનાં છે; આમ છતાં ય, આ શરીર અને આ કુટુમ્બિઓને માટે આટલો બધો ખર્ચ અને જે દેવ–ગુરૂ મને મોક્ષમાર્ગની મારી આરાધનામાં પ્રેરક અને

સહાયક છે, તેમની ભક્તિ માટે કાં તો કશો ખર્ચ નહિ અથવા તો નહિ જેવો ખર્ચ?' પણ કૃતજ્ઞતા ગુણ હોય અને એથી દેવ–ગુરૂના ઉપકારનો તમને તમારી સમજ મુજબ પણ વિચાર આવ્યા કરતો હોય, તો તમને આવો વિચાર આવે ને?

દેવ-ગુરૂ-ધર્મની વાતમાં આવેલી તોછડાઈ:

કૃતજ્ઞતા ગુણની ખામીને લીધે જેમ ભક્તિનાં કાર્યોમાં મોટી ખામી આવી જવા પામી છે, તેમ નમ્રતા ગુણની ખામીને લીધે દેવ–ગુરૂની આશાતના થાય એવી પ્રવૃત્તિઓ પણ વધતી જાય છે. તમારે જ્યારે કોઈ પણ મોટા માણસને મળવાને માટે જવાનું હોય છે, ત્યારે તમને સ્વાભાવિક રીતિએ જ વિચાર આવે છે કે–'ત્યાં મારે કેવા વેષ આદિને ધારણ કરીને જવું જોઈએ તથા ત્યાં મારે કેવી રીતિએ પ્રવેશ કરવો જોઈએ, કેવી રીતિએ નમન કરવું જોઈએ, કેવી રીતિએ બોલવું જોઇએ અને કેવી રીતિએ જેમને હું મળવા જાઉં છું તેમના વચનને ઝીલવું જોઇએ.' તેમાં ય જો રાજા–મહારાજા, વાઇસરોય કે ગવર્નર વિગેરેને તમારે મળવાને માટે જવાનું થાય, તો તમને કેટકેટલા વિચારો આવે? આવી કોઈ વિચારણાનો અનુભવ, દેવ–ગુરૂની પાસે જવાની વાત વેળાએ, તમને થયો છે ખરો? આજે દેવસ્થાનો અને અન્ય ધર્મસ્થાનોમાં આવનારા લોકોમાં, મોટે ભાગે ઠસ્સો, ખુમારી અને બેદરકારી આદિ જોવાને મળે છે. ભગવાનની સમક્ષ વાત કરતાં પણ, ઠસ્સો અને સ્થાનના ગૌરવ પ્રત્યેની બેકાળજી દેખાઈ આવે છે. અમુક આચારો રૂઢ થઈ ગયેલા છે, એટલે ખમાસમણાં દેવાં એ વિગેરે તો થાય છે, પણ

એમાં જે નમ્રતાનો ભાવ ભળવો જોઇએ, તેમાં મોટી ખામી પડતી જાય છે. ગુરૂઓની સાથે વાતચીત કરતાં અને ગુરૂઓના શ્રીમુખે ધર્મોપદેશનું શ્રવણ કરતી વેળાએ પણ, નમ્રતા ગુણનો કેટલો બધો અભાવ છે–તે ઘણી વાર જણાઈ આવે છે. સામે ગુરૂ મહારાજ મળ્યા હોય ને જે નમ્રતાનો ભાવ હૈયામાં પેદા થવા જોઇએ, તે ભાગ્યે જ પેદા થાય છે. ગોચરી વહોરવાને માટે સાધુ–સાધ્વી તમારે ઘેર આવે, તે વખતે તમારામાં નમ્રતાનો ભાવ કેટલોક હોય છે, એ તમે જ જરા તપાસી જોજો. તમે અંદર અંદર વાત કરતા હો અને ગુરૂ-મહારાજની વાત નીકળે, ત્યારે તમે ગુરૂમહારાજ માટે જે રીતિએ બોલો, તે ઉપરથી પણ તમારા નમ્રતા ગુણની કલ્પના થઈ શકે. આજે તો સારા જેવા ગણાતા માણસો પણ ગુરૂ-મહારાજની ઘસાતી વાત ગમે ત્યાં બોલી નાખે છે અને ગુરૂમહારાજની નિન્દાને સાંભળતાં વેંત જ જે આંચકો આવવો જોઇએ, તે આંચકો નથી આવતો, પણ ઘણી વાર તો રસપૂર્વક એમાં ભાગ લેવાઈ જાય છે. ધર્મના સિદ્ધાન્તોની વાતમાં પણ આવી તોછડાઈ આવવા માંડી છે. વાતમાં કાંઈ સમજતા ન હોય અને પોતાનું ડહાપણ ડોળ્યા વિના રહે નહિ. એમાં સિદ્ધાન્ત વિરૂદ્ધ બોલાઈ જાય, તેનો ય વિચાર નહિ. આવું પણ ઘણું બને છે અને તેમાં નમ્રતા ગુણની ખામી ઘણો ભાગ ભજવે છે.

સહેલાઈથી ધર્મને પામી શકે :

કૃતજ્ઞતા ગુણ અને નમ્રતા ગુણ–એ બે ગુણો તો એવા છે કે–જે આત્મામાં એ ગુણો હોય, તે આત્મા ધર્મને પામેલો ન હોય તો પણ, જો તેને ધર્મની પ્રાપ્તિની સામગ્રી મળી

જાય છે, તો તે ઘણી સહેલાઈથી ધર્મને પામી શકે છે. કૃતઘ્ન અને ઉદ્ધત માણસો, આ જગતમાં પણ આબાદીને સાધી શકતા નથી પણ બરબાદીને સાધે છે, તો પછી એવાઓને ગમે તેટલી ઉત્તમમાં ઉત્તમ પ્રકારની ધર્મસામગ્રી મળી હોય, તો પણ એવાઓ ધર્મને પામે જ શી રીતિએ ? જે આત્મા કૃતજ્ઞતા ગુણવાળો હોય છે, તે આત્મામાં 'સામામાં શું સારૂં છે'–એ જોવાનો ગુણ આવી જાય છે. એને બીજાનો પોતાના ઉપરનો નાનો પણ ઉપકાર મોટો લાગ્યા કરે છે; એટલું જ નહિ, પણ કોઇએ એનું ભલું ઇચ્છયું છે–એટલી વાતની પણ જો એને ખબર પડે, તો ય એ વાત એના અંતરમાં વસી જાય છે અને એને પણ એ પોતાના ઉપરનો ઉપકાર માને છે. આ કૃતજ્ઞતા ગુણની સાથે, જો નમ્રતા ગુણ હોય, તો એને સદ્‌ગુરૂનો યોગ બહુ સારી રીતિએ ફળે : કારણ કે–એ સદ્‌ગુરૂનું બહુમાન કર્યા વિના રહે નહિ અને સદ્‌ગુરૂએ કહેલી કોઈ પણ વાત જો પોતાને ન સમજાય, તો ય તે સામો થાય નહિ પણ અવસરોચિત રીતિએ પૂછીને પોતાની શંકાનું સમાધાન કરવાને મથે.

સહેલાઇથી ધર્મને આરાધી શકે :

કૃતજ્ઞ અને નમ્ર માણસ, ધર્મને જેમ સહેલાઇથી પામી શકે છે, તેમ ધર્મની આરાધના પણ સહેલાઇથી કરી શકે છે. ધર્મી જનોને ધર્મની આરાધના કરવામાં તેમની કૃતજ્ઞતા અને નમ્રતા બહુ સહાયક બને છે. માણસ ધર્મને પામે, એટલે તો એનામાં વિવેક આવે. ઉપકાર કોને કહેવાય અને વિનય કોનો કેવો થાય–એને એ સમજે. એટલે પછી તો, એ કૃતજ્ઞતાના નામે કે નમ્ર બનીને ધર્મને હાનિ પહોંચે

એવું કરે જ નહિ. ઉપરાન્ત, ભગવાન શ્રી જિનેશ્વરદેવો અને એ તારકોને અનુસરનારા મહાપુરૂષો આદિ પ્રત્યે તો, એનો ભક્તિભાવ ખૂબ જ વધી જાય : કારણ કે–જ્યારે જીવને ભગવાન શ્રી જિનેશ્વરદેવોના અને એ તારકોના માર્ગને અનુસરનારા મહાપુરૂષોના ઉપકારનો સાચો ખ્યાલ આવે છે, ત્યારે તો એને એમ થઈ જાય છે કે–' મારા અનન્તાનન્ત કાલમાં, મારા ઉપર અન્ય કોઇએ, કદી પણ આવા પ્રકારનો ઉપકાર કર્યો જ નથી.' આથી, એ જીવ કોઈ પણ સારૂં કામ કરતાં પહેલાં, પોતાના પરમ ઉપકારીઓને અને પરમ ઉપકારક વસ્તુઓને યાદ કર્યા વિના તથા તેમને નમન કર્યા વિના રહી શકતો જ નથી. એ મુજબ જ, ટીકાકાર આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ અહીં પહેલા શ્લોકમાં સઘળા ય ભગવાન શ્રી જિનેશ્વરદેવોની સામુદાયિક રીતિએ પંદર પંદર વિશેષણોથી સ્તવના કર્યા પછીથી પણ, બીજા શ્લોકમાં ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને, ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીને, સઘળા ય અનુયોગવૃદ્ધોને અને સાથે સાથે શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીને પણ યાદ કરીને નમસ્કાર કર્યો છે અને તે પછીથી જ પોતાના અભિધેયનું સ્પષ્ટીકરણ કર્યું છે.

સુદ્દેવના સ્વરૂપમાં નિશ્ચિત બનવાની પહેલી જરૂર :

આ પંચમાંગ સૂત્ર શ્રી ભગવતીજી સૂત્રની ટીકાની રચના કરવાને માટે ઉદ્યત બનેલા, પરમ ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા, સૂત્રની ટીકાનો શુભારંભ કરવાને માટે, સૂત્રની ટીકાને સંપૂર્ણ કરતાં સુધીમાં

વિઘ્નો આવે નહિ અને વિઘ્નો આવે તો ય તે વિઘ્ન કરી શકે નહિ તેમ જ શિષ્ટાચારનું પાલન થાય–એ વિગેરે આશયોને અવલમ્બીને મંગલની આચરણાને કરતા એ મહાપુરૂષે, સઘળા ય ભગવાન શ્રી જિનેશ્વરદેવોની, પંદર વિશેષણો દ્વારા, પહેલા શ્લોકમાં સ્તુતિ કરી. એ પંદર વિશેષણો વિષે તો આપણે કાંઇક વિસ્તારથી વિચારણા કરી આવ્યા છીએ. તમને બધું તો યાદ નહિ હોય, પણ એ પંદર વિશેષણો કયાં કયાં છે અને દરેક વિશેષણની શી શી વિશિષ્ટતા છે, એટલું તો યાદ હશે ને? તત્ત્વત્રયીમાં પહેલું તત્ત્વ દેવતત્ત્વ; અને એ તત્ત્વના સ્વરૂપનો જેટલો સાચો ખ્યાલ આવે, તેટલો સુગુરૂના સ્વરૂપનો અને સુધર્મના સ્વરૂપનો પણ સહેલાઇથી ખ્યાલ આવે. સુદેવના સ્વરૂપના વિષયમાં સુનિશ્ચિત નહિ બનનારાઓ, કદી પણ સુગુરૂના સ્વરૂપના વિષયમાં અને સુધર્મના સ્વરૂપના વિષયમાં સુનિશ્ચિત બની શકતા નથી. પહેલા શ્લોકમાંનાં પંદર વિશેષણો એવાં હતાં કે–એ વિશેષણોનો અને એ વિશેષણોના પરમાર્થનો જો ખ્યાલ આવે, તો બુદ્ધિશાલી આત્મા, સુદેવના સ્વરૂપના વિષયમાં સુનિશ્ચિત બની જાય અને એના પરિણામે એ આત્મા સુગુરૂના સ્વરૂપના વિષયમાં તેમ જ સુધર્મના સ્વરૂપના વિષયમાં પણ સુનિશ્ચિત બની જાય.

એવા તો થોડા, પણ તમે શામાં?

આથી, આવી મહત્ત્વની વાતને તમે વિસરી જવા દીધી નહિ હોય અને યથાશક્તિ યાદ કર્યા કરી હશે, એવી કલ્પના કરવાનું મને મન તો થાય ને? આ પણ, પ્રેરણા કરવાની

એક પદ્ધતિ છે. તમને આ રીતિએ કહ્યું હોય, તો તમને વાતને યાદ રાખવાનું મન થાય અને પહેલાં કહેવાએલી વાતો કદાચ વિસરાઈ જવા પામી હોય, તો તે વાતોને જાણી લઈને તેની વિચારણાદિ કરવાનું મન થાય. બાકી તો, મને લાગે છે કે–જેમને એ પંદરે પંદર વિશેષણો ક્રમ વાર યાદ હોય અને એ વિશેષણોના પરમાર્થનો ખ્યાલ હોય, એવા શ્રોતાઓની સંખ્યા તો બહુ જ નાની હશે. એક પણ શ્રોતા એવો નહિ હોય–એમ તો નહિ કહેવાય, પણ જે વાત ઘણાઓને ઘણી જ સારી રીતિએ યાદ રહેવી જોઈએ એ જરૂરી છે, તે વાત કોઈ કોઈને અને તે પણ પ્રાયઃ સ્થૂલ રૂપે યાદ હશે–એમ કહેવું એ વધારે ઠીક લાગે છે. તમારો નંબર એવા પ્રકારના અલ્પસંખ્યકોમાં પણ આવી શકે એવો છે કે પછી બાકીના અધિકસંખ્યકોમાં તમારો નંબર ગણાઈ જાય એવો છે–એનો નિર્ણય કરવાનું કાર્ય તમને પોતાને જ સોંપું છું. તમે સમજી ગયા ને ?

તત્ત્વત્રયીના સ્વરૂપને જાણવાની જરૂર :

આત્માના કલ્યાણને માટે દેવતત્ત્વના, ગુરૂતત્ત્વના અને ધર્મતત્ત્વના સ્વરૂપના વિષયમાં સુનિશ્ચિત બની જવાની તો એટલી બધી જરૂર છે કે–એ વિના, આત્મા પ્રગતિના પંથે ચઢયો–એવું તાત્ત્વિક દૃષ્ટિએ કહી શકાતું નથી. આમ છતાં પણ, જગતના જીવો જે કોઈ પણ વિષયમાં વધુમાં વધુ બેદરકાર હોય, તો તે દેવ–ગુરૂ–ધર્મ રૂપ તત્ત્વત્રયીના સ્વરૂપના વિષયમાં જ વધુમાં વધુ બેદરકાર છે. એટલે જગતમાં દુઃખી જીવોની સંખ્યા ઘણી જ મોટી હોય અને સુખી જીવોની સંખ્યા

અતિ અલ્પ હોય–એ કોઈ નવાઈ પમાડે એવી વસ્તુ જ નથી. પ્રગતિની વાતો કરનારાઓ ઘણા હોય, પણ એમાં પ્રગતિના પંથે ચઢેલાઓ વિરલા હોય અને પ્રગતિના નામે પણ પીછેહઠ કરી રહેલાઓ ઘણા હોય, એ ય સ્વાભાવિક છે. તમારે જો સાચી પ્રગતિ સાધવી હોય, આત્માને પ્રગતિના પંથે ચઢાવવો હોય અને એમ કરતે કરતે પ્રગતિની એ અન્તિમ અવસ્થાએ પહોંચવું હોય, કે જ્યાંથી અંશ માત્રેય અવગતિની કદી પણ સંભાવના સરખી ય ન હોય, પીછેહઠનું કોઈ કારણ જ ન હોય, તો તમારે આ જીવનમાં સૌથી પહેલો અને સૌથી વિશેષ પ્રયત્ન દેવતત્ત્વના, ગુરૂતત્ત્વના અને ધર્મતત્ત્વના સ્વરૂપને જાણવાના વિષયમાં કરવો જોઇએ અને એમ કરીને દેવતત્ત્વના, ગુરૂતત્ત્વના અને ધર્મતત્ત્વના સ્વરૂપના વિષયમાં સુનિશ્ચિત બની જવું જોઇએ.

સુનિશ્ચિત બનવું એટલે ?

દેવ–ગુરૂ–ધર્મ રૂપ તત્ત્વત્રયીના સ્વરૂપના વિષયમાં સુનિશ્ચિત બનવું, એટલે શું ? પૃથક્કરણ કરવા જોગી સમજ મેળવવી અને એ સમજનો સદુપયોગ કરવો. સુદેવ કોને કહેવાય તથા કુદેવ કોને કહેવાય, સુગુરૂ કોને કહેવાય તથા કુગુરૂ કોને કહેવાય અને સુધર્મ કોને કહેવાય તથા કુધર્મ કોને કહેવાય–એવું પૃથક્કરણ કરી શકાય, એવી દેવ–ગુરૂ–ધર્મ રૂપ તત્ત્વત્રયીના સ્વરૂપના વિષયમાં સમજ મેળવવી જોઇએ; તેમ જ એ સમજનો સદુપયોગ કર્યો ત્યારે જ કહેવાય, કે જ્યારે કુદેવનો ત્યાગ કરવાપૂર્વક સુદેવનો સ્વીકાર કરવામાં આવે, કુગુરૂનો ત્યાગ કરવાપૂર્વક સુગુરૂનો સ્વીકાર કરવામાં આવે અને કુધર્મનો ત્યાગ કરવા

પૂર્વક સુધર્મનો સ્વીકાર કરવામાં આવે. જે આત્માઓ આટલું કરી શકે, તેઓને દેવ–ગુરૂ–ધર્મના સ્વરૂપના વિષયમાં સુનિશ્ચિત બનેલા કહી શકાય. આવા દેવ–ગુરૂ–ધર્મના સંબંધમાં સુનિશ્ચિત બનેલા આત્માઓ, સુદેવ–સુગુરૂ–સુધર્મની ઉપાસના, સેવા અને આચરણા જેટલા વધુ પ્રમાણમાં પોતાનાથી શકય હોય, તેટલા વધુ પ્રમાણમાં ઉપાસના, સેવા અને આચરણા કરવાને માટે ઉત્સાહિત બન્યા કરે છે : કારણ કે–તેઓને એમ લાગે છે કે–' આ સંસારમાં ઉપાસના, સેવા અને આચરણા તો એક માત્ર સુદેવ–સુગુરૂ–સુધર્મની જ કરવા લાયક છે, કેમ કે–સંસારના જીવ માત્રને માટે પરમ કલ્યાણનું પરમ કારણ તો આ જ એક છે. '

રાગ–દ્વેષથી તો ઘણું યાદ રાખો છો :

આવો ભાવ, તમારા હૈયામાં પેદા થવા પામ્યો છે કે નહિ ? આવો ભાવ તમારા હૈયામાં પેદા થવા પામ્યો હોય, તો તે સુવિશુદ્ધ બને, દૃઢ બને અને ઉત્તેજના પેદા કરનારો બને–એ માટે તેમ જ જો આવો ભાવ તમારા હૈયામાં હજુ સુધી પણ પેદા થવા પામ્યો ન હોય, તો આવો ભાવ તમારા હૈયામાં પેદા થવા પામે–એ માટે આ વાત છે. તમે કાંઈ બરાબર યાદ રાખતા નથી–એમ કહીને તમને તરછોડવાને માટે આ વાત નથી, પણ તમને આને યાદ રાખવાની કેટલી બધી જરૂર છે–એનો કાંઈક પણ ખ્યાલ આવે, એ માટે આ વાત છે. સંસારમાં તમે ઓછું યાદ રાખો છો ? રાગને વશ બનીને ય તમે ઘણું યાદ રાખો છો અને દ્વેષને વશ બનીને પણ તમે ઘણું યાદ રાખો છો. એ યાદ તમને મુંઝવનારી

અને મારનારી છે, ભવાન્તરોમાં ભમાવનારી છે, જ્યારે અહીં જે યાદની ભલામણ કરાય છે, તે યાદ તો તમને તારનારી છે. તે માટે વિવેકી બનવું આવશ્યક છે. તમને જો પહેલા જ શ્લોકમાંનાં પંદર વિશેષણો યાદ હોય અને એ પંદરે ય વિશેષણોનો પરમાર્થ જો તમારા ખ્યાલમાં હોય, તો તમે એ વિષે વારંવાર વિચાર કરી શકો અને એથી ભગવાન શ્રી જિનેશ્વરદેવો પ્રત્યેની તથા શુદ્ધ મોક્ષમાર્ગ પ્રત્યેની તમારી શ્રદ્ધા ખૂબ જ નિર્મલ અને દૃઢ બની જવા પામે.

જે રીતિએ હેતુ સરે તેમ હોય તે રીતિએ કહે :

ટીકાકાર મહર્ષિએ, પહેલા શ્લોકમાં સઘળા ય ભગવાન શ્રી જિનેશ્વરદેવોની સ્તવના કર્યા પછીથી, અમુક અમુકને નમસ્કાર કરીને–એમ બીજા શ્લોક દ્વારા જણાવીને, ત્રીજા શ્લોક દ્વારા પોતાના અભિધેયને સ્પષ્ટ કર્યું છે. બીજા શ્લોકમાં જેમને જેમને નમસ્કાર કરવામાં આવ્યો છે, તેમાં સૌથી પહેલા ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજી છે. સઘળા ય શ્રી જિનેશ્વરદેવોની સર્વસામાન્યપણે જે સ્તુતિ કરવામાં આવી, તેમાં ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીની સ્તુતિ પણ થઈ જ ગઈ; છતાં પણ ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજી એવું નામોચ્ચારણ કરવા પૂર્વક 'નમસ્કાર કરીને' એમ કહેવાયું છે, માટે એ વાત વિચારવા જેવી છે ને ? ગ્રન્થને ચેન કેન વિસ્તૃત બનાવવો, એવી મહાપુરૂષોની ભાવના હોતી જ નથી. જરૂરી લાગે એટલું કહેવું, એ જ એ મહાપુરૂષોની ભાવના હતી. હેતુ ટૂંકમાં કહેવાથી સરે તેમ હોય, તો ટૂંકમાં કહેવું અને વિસ્તારથી કહેવામાં હેતુ સરે તેમ હોય, તો વિસ્તારથી કહેવું–એ જ મહાપુરૂષોનું લક્ષ્ય હોય

છે. એટલે સર્વસામાન્ય જિનસ્તુતિ કર્યા પછીથી પણ, ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીના નામોચ્ચારણ પૂર્વક જે નમસ્કાર કરાયેા છે, તે સૂચવે છે કે–એમ કરવા પાછળ પણ એ મહાપુરૂષનેા કેાઈ ગંભીર આશય રહેલેા છે; માટે એ મહાપુરૂષનેા આશય શેા હશે, એ વાતનેા પણ તમને કાંઈક ખ્યાલ આવે–એવી રીતિએ વિચાર કરવેા એ જરૂરી છે.

સામાન્ય-વિશેષનેા સંબંધ :

તમે જાણતા તેા હશેા કે–સામાન્ય કરતાં વિશેષ એ વધુ વ્યવહારપ્રવૃત્ત હેાવાથી લેાકગ્રાહ્ય બને છે. જેમ કે–કેાઈને પણ એમ કહેવામાં આવે કે–'વનસ્પતિ લાવ.' તેા એ વિચારમાં પડી જશે કે–' મારે કયી વનસ્પતિ લાવવી ?' અવસરનેા અને આશયનેા જાણુ આદમી તેા કદાચ સમજી જાય કે–' આ અવસરે મને એમણે વનસ્પતિ લાવવાનું જે કહ્યું છે, તે અમુક વનસ્પતિને લક્ષ્યમાં રાખીને જ કહ્યું છે ' અને એથી એ બુદ્ધિશાલી આદમી, ' વનસ્પતિ લાવ '–એમ કહેનારને એ જ વનસ્પતિ લાવી આપે, કે જે વનસ્પતિને લાવવાનું એને સૂચન કરાયું હેાય; પરન્તુ સઘળા ય કાંઈ એવા બુદ્ધિશાલી, એટલે કે–એવા અવસરના અને આશયના જાણુ હેાય, એ સંભવિત છે ? નહિ જ. એવા બુદ્ધિશાલી તેા થેાડાક જ હેાય, એટલે સામાન્યપણે તેા એમ જ કહેવું પડે કે–' લીંબડાનાં પાંદડાં લાવ ' અગર તેા ' આંબાનાં પાંદડાં લાવ.' આમ કહ્યું હેાય, તેા સામાન્ય માણસ પણ જરૂરી વનસ્પતિને લઈ આવી શકે. તાત્પર્ય એ છે કે–વ્યવહાર વિશેષ નામથી ચાલે છે. વ્યવહાર વિશેષ નામથી ચાલતેા હેાવા છતાં પણ, સામાન્ય

વગર વિશેષ હોય જ નહિ. સામાન્ય વગર જેમ વિશેષ હોય નહિ, તેમ વિશેષ વગર સામાન્ય પણ હોય નહિ. સામાન્ય હોય તો વિશેષ હોય અને વિશેષ હોય તો સામાન્ય હોય. સામાન્ય વનસ્પતિ જ જો હયાતિમાં ન હોય, તો લીંબડો, આંબો આદિ વનસ્પતિમાં ગણાતાં વૃક્ષ વિશેષો હોય નહિ અને લીંબડો, આંબો આદિ કોઈ પણ વૃક્ષાદિ વિશેષ જ જો ન હોય, તો વનસ્પતિ પણ હોય નહિ. જો માણસ જાત જ હયાતિમાં ન હોય, તો બ્રાહ્મણ વિશેષ, ક્ષત્રિય વિશેષ આદિ કયાંથી હોય ? અને બ્રાહ્મણ વિશેષ, ક્ષત્રિય વિશેષ આદિ હયાતિમાં હોય, તો સામાન્ય માણસજાત પણ હયાતિમાં છે –એમ માનવું જ પડે. સમજવાનું એ છે કે–સામાન્ય પણ આદરણીય છે અને વિશેષ પણ આદરણીય છે. એમ શ્રી જિનને સામાન્યથી ય સ્તવાય અને વિશેષથી ય સ્તવાય.

વિશેષ દ્વારા સામાન્યની સમજણ દૃઢ બને :

બીજી વાત એ છે કે–વિશેષો દ્વારા સામાન્યની સમજણ સારી રીતિએ આપી શકાય છે અથવા તો સામાન્યની સમજણને સુસ્થિર બનાવવાને માટે વિશેષનું વર્ણન કરવું ઘણું લાભદાયી નિવડે છે. ટીકાકાર મહર્ષિએ, પહેલા શ્લોક દ્વારા સર્વસામાન્ય શ્રી જિનસ્તુતિ કરતાં, પંદર વિશેષણો વાપર્યાં અને એ પંદર વિશેષણોને વાપરીને સઘળા ય શ્રી જિનેશ્વરદેવો કેવી કેવી વિશિષ્ટતાવાળા હોય છે–એનો ખ્યાલ આપ્યો; પણ એ પંદરેય વિશેષણોને સર્વ પ્રકારે યોગ્ય એવી વ્યક્તિનું નામ દીધું હોય, તો એથી ભગવાન શ્રી જિનેશ્વરદેવોના સ્વરૂપ વિષેની સમજ સુદૃઢ બને ને ? એ માટે પણ, ટીકાકાર મહ-

ર્ષિએ ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીનું નામ દઈને જે નમસ્કાર કર્યો છે તે વ્યાજબી ઠરે છે. કોઈ પૂછે કે–'આ પહેલા શ્લોકમાં જે પંદર વિશેષણો કહ્યાં, તે પંદર વિશેષણોવાળા આત્માઓ કેવા હોય ?' તો એમ કહી શકાય કે–'ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીના ચરિત્રને જોઈ લો. ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીના ચરિત્રને જોતાં, તમને લાગશે કે–એ પંદર વિશેષણોથી કથનીય સઘળું ય એ તારકમાં યથાસ્થિતપણે હતું.'

કરવા ધારેલા કાર્યનો વધુમાં વધુ સમ્બન્ધ ચોવીસમા ભગવાન સાથે હોવાથી તેઓના નામનું ઉચ્ચારણ :

અત્ર, એ વાત પણ ધ્યાન બહાર જવી જોઈએ નહિ કે–'અત્યાર સુધીમાં, એક માત્ર ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજી જ એવા થઈ ગયા છે, કે જે ટીકાકાર મહર્ષિએ પહેલા શ્લોકમાં વાપરેલાં પંદરેય વિશેષણોને સુયોગ્ય હતા અને અન્ય કોઈ પણ આત્મા એવો થયો જ નથી–એવું છે જ નહિ.' ટીકાકાર મહર્ષિએ પહેલા શ્લોકમાં વાપરેલાં પંદરે પંદર વિશેષણો જેઓશ્રીને માટે યથાસ્થિતપણે, તદ્દન વ્યાજબીપણે જ વાપરી શકાય–એવા આત્માઓ તો, અત્યાર સુધીમાં અનન્તા થઈ ગયા છે. એવા આત્માઓ ભવિષ્યમાં પણ અનન્તા થવાના છે. એવા આત્માઓ વર્ત્તમાનમાં શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન પણ છે. આમ છતાં પણ, બીજા કોઈ પણ ભગવાનના નામનું ઉચ્ચારણ નહિ કરતાં, ટીકાકાર મહર્ષિએ અત્ર માત્ર ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીના જ નામનું ઉચ્ચારણ કર્યું, તો તેનું કારણ શું ? આપણને એ વાત કબૂલ છે કે–એવા આત્માઓ અનન્તા થઈ ગયા છે, પણ એ અન-

ન્તાનાં નામ–ઠામ આદિનો ખ્યાલ ટીકાકાર મહર્ષિને પણ ન હોય. અનન્તાનાં નામ–ઠામ આદિનું જ્ઞાન કોનામાં સંભવી શકે ? અનન્તજ્ઞાનીમાં જ ! જે અનન્તજ્ઞાની બનેલ ન હોય, તેને કદી પણ અનન્તાનાં વ્યક્તિશઃ નામ–ઠામ આદિનું જ્ઞાન હોય જ નહિ. આપણે જાણીએ છીએ કે–ટીકાકાર મહર્ષિ અનન્તજ્ઞાની બનેલા તો નહોતા જ. ટીકાકાર મહર્ષિ અનન્તજ્ઞાની બનેલા નહોતા, માટે પહેલા શ્લોકમાં વપરાએલાં પંદરે પંદર વિશેષણો જેઓને વ્યાજબીપણે લાગુ પડે–એવા આત્માઓ અનન્તા થઈ ગયેલા હોવા છતાં પણ, તે દરેકે દરેકનાં નામાદિની ખબર, ટીકાકાર મહર્ષિને પણ ન હોય એ સ્વાભાવિક છે; પરન્તુ અમુક અમુક શ્રી જિનેશ્વરદેવોનાં પવિત્ર નામોની તો તેમને ખબર હોય. અન્ય ક્ષેત્રોમાં થઈ ગયેલા અગર તો હાલ વિહરમાન એવા ભગવાન શ્રી જિનેશ્વરદેવોનાં નામોની વાતને બાજૂએ રાખીએ, તો પણ આ શ્રી ભરતક્ષેત્રને વિષે ગત ઉત્સર્પિણી કાલમાં થઈ ચૂકેલા શ્રી જિનેશ્વરદેવોનાં નામાદિની તેમ જ આગામી ઉત્સર્પિણી કાલમાં થનારા શ્રી જિનેશ્વરદેવોનાં નામાદિની તો આજે પણ કેટલાકોને ખબર છે. ગત ઉત્સર્પિણી કાલમાં થઈ ચૂકેલા ચોવીસ ભગવન્તોનાં નામોને સાંભળવાં છે ? સાંભળો:—

પહેલા શ્રી **કેવલનાણી** નામના ભગવાન;
બીજા શ્રી **નિર્વાણી** નામના ભગવાન;
ત્રીજા શ્રી **સાગર** નામના ભગવાન;
ચોથા શ્રી **મહાજશ** નામના ભગવાન;
પાંચમા શ્રી **વિમલ** નામના ભગવાન;
છઠ્ઠા શ્રી **સર્વાનુભૂતિ** નામના ભગવાન;

સાતમા શ્રી **શ્રીધર** નામના ભગવાન;
આઠમા શ્રી **શ્રીદત્ત** નામના ભગવાન;
નવમા શ્રી **દામોદર** નામના ભગવાન;
દશમા શ્રી **સુતેજ** નામના ભગવાન;
અગિઆરમા શ્રી **સ્વામી** નામના ભગવાન;
બારમા શ્રી **મુનિસુવ્રત** નામના ભગવાન;
તેરમા શ્રી **સુમતિ** નામના ભગવાન;
ચૌદમા શ્રી **શિવગતિ** નામના ભગવાન;
પંદરમા શ્રી **અસ્તાંગ** નામના ભગવાન;
સોલમા શ્રી **નામ** નામના ભગવાન;
સત્તરમા શ્રી **અનિલ** નામના ભગવાન;
અઢારમા શ્રી **યશોધર** નામના ભગવાન;
એગણીસમા શ્રી **કૃતાર્થ** નામના ભગવાન;
વીસમા શ્રી **જિનેશ્વર** નામના ભગવાન;
એકવીસમા શ્રી **શુદ્ધમતિ** નામના ભગવાન;
બાવીસમા શ્રી **શિવંકર** નામના ભગવાન;
તેવીસમા શ્રી **સ્યન્દન** નામના ભગવાન; અને–
ચોવીસમા શ્રી **સંપ્રતિ** નામના ભગવાન.

ભેગાભેગી, આ શ્રી ભરતક્ષેત્રને વિષે આગામી ઉત્સર્પિણી કાલમાં જે ચોવીસ ભગવન્તો થવાના છે, તે તારકોનાં પવિત્ર નામોને પણ સાંભળી લો.

પહેલા શ્રી **મહાપદ્મ** નામના ભગવાન;
બીજા શ્રી **સૂરદેવ** નામના ભગવાન;
ત્રીજા શ્રી **સુપાર્શ્વ** નામના ભગવાન;
ચોથા શ્રી **સ્વયંપ્રભ** નામના ભગવાન;

પાંચમા શ્રી **સર્વાનુભૂતિ** નામના ભગવાન;
છઠ્ઠા શ્રી **દેવશ્રુત** નામના ભગવાન;
સાતમા શ્રી **ઉદય** નામના ભગવાન;
આઠમા શ્રી **પેઢાલપુત્ર** નામના ભગવાન;
નવમા શ્રી **પોટ્ટિલ** નામના ભગવાન;
દશમા શ્રી **સત્ત્વકીર્તિ** નામના ભગવાન;
અગીઆરમા શ્રી **મુનિસુવ્રત** નામના ભગવાન;
બારમા શ્રી **અમમ** નામના ભગવાન;
તેરમા શ્રી **નિષ્કષાય** નામના ભગવાન;
ચૌદમા શ્રી **નિષ્પુલાક** નામના ભગવાન;
પંદરમા શ્રી **નિર્મમ** નામના ભગવાન;
સોલમા શ્રી **ચિત્રગુપ્ત** નામના ભગવાન;
સત્તરમા શ્રી **સમાધિ** નામના ભગવાન;
અઢારમા શ્રી **સંવર** નામના ભગવાન;
ઓગણીસમા શ્રી **અનિવૃત્તિ** નામના ભગવાન;
વીસમા શ્રી **વિજય** નામના ભગવાન;
એકવીસમા શ્રી **વિમલ** નામના ભગવાન;
બાવીસમા શ્રી **દેવોપપાત** નામના ભગવાન;
તેવીસમા શ્રી **અનન્ત** નામના ભગવાન; અને—
ચોવીસમા શ્રી **વિજય** નામના ભગવાન.

ટીકાકાર મહર્ષિએ, આમાંના કોઈ પણ ભગવાનના નામનું ઉચ્ચારણ કરેલ નથી. માની લઈએ કે—આ શ્રી ભરતક્ષેત્રને વિષે જ ગત ઉત્સર્પિણી કાલમાં થઈ ગયેલા અને આગામી ઉત્સર્પિણી કાલમાં થનારા ભગવન્તોનું નામોચ્ચારણ કરીને, એ તારકોને નમસ્કાર કરવા જેટલે દૂર ટીકાકાર મહર્ષિ

ન જાય, પરન્તુ વર્ત્તમાન અવસર્પિણી કાલમાં થઈ ગયેલા પણ ચોવીસ ભગવન્તોમાંથી, ટીકાકાર મહર્ષિએ શ્રી વર્ધમાનસ્વામીજીના જ નામનું ઉચ્ચારણ કર્યું, તો તેનું કારણ શું ? વર્ત્તમાન અવસર્પિણી કાલમાં જે ચોવીસ તીર્થંકર ભગવાનો થઈ ગયા છે, તે તારકોનાં પવિત્ર નામોને તો તમે બધા જ જાણતા હશો ને ? ભૂત ચોવીસીનાં નામોનો અને ભાવિ ચોવીસીનાં નામોનો ખ્યાલ તો આજે ઘણાઓને નથી; પરન્તુ જૈન કુળમાં જન્મવા છતાં પણ, વર્ત્તમાન અવસર્પિણી કાલમાં થઈ ગયેલા ચોવીસેય ભગવાનોનાં નામોનો જેમને બરાબર ખ્યાલ ન હોય, એવા પણ માણસો છે. થોડા વખત પહેલાં તો, પાઠશાળાઓમાં ભગવાનનાં અને ભગવાનનાં માતા–પિતા આદિનાં નામો, ભગવાનનાં લાંછનો વિગેરે ગોખાવતા હતા, પણ હવે એમાં ય કેટલેક અંશે ફેરફાર થઈ જવા પામ્યો છે. ખરેખર, ભગવાન પ્રત્યેના બહુમાનભાવની ખામી, બીજી ઘણી ખામીઓને પેદા કરી દે છે. ખેર, આપણે તો એ વાત ચાલી રહી છે કે–આ અવસર્પિણી કાલમાં પણ–

પહેલા શ્રી **ઋષભદેવ** ભગવાન,
બીજા શ્રી **અજિતનાથ** ભગવાન,
ત્રીજા શ્રી **સંભવનાથ** ભગવાન,
ચોથા શ્રી **અભિનન્દનસ્વામી** ભગવાન,
પાંચમા શ્રી **સુમતિનાથ** ભગવાન,
છઠ્ઠા શ્રી **પદ્મપ્રભસ્વામી** ભગવાન,
સાતમા શ્રી **સુપાર્શ્વનાથ** ભગવાન,
આઠમા શ્રી **ચન્દ્રપ્રભસ્વામી** ભગવાન,
નવમા શ્રી **સુવિધિનાથ** ભગવાન,

દશમા શ્રી **શીતલનાથ** ભગવાન,
અગીઆરમા શ્રી **શ્રેયાંસનાથ** ભગવાન,
બારમા શ્રી **વાસુપૂજ્યસ્વામી** ભગવાન,
તેરમા શ્રી **વિમલનાથ** ભગવાન,
ચૌદમા શ્રી **અનન્તનાથ** ભગવાન,
પંદરમા શ્રી **ધર્મનાથ** ભગવાન,
સોલમા શ્રી **શાન્તિનાથ** ભગવાન,
સત્તરમા શ્રી **કુંથુનાથ** ભગવાન,
અઢારમા શ્રી **અરનાથ** ભગવાન,
ઓગણીસમા શ્રી **મલ્લિનાથ** ભગવાન,
વીસમા શ્રી **મુનિસુવ્રતસ્વામી** ભગવાન,
એકવીસમા શ્રી **નમિનાથ** ભગવાન,
બાવીસમા શ્રી **નેમિનાથ** ભગવાન અને
તેવીસમા શ્રી **પાર્શ્વનાથ** ભગવાન,

–એમ તેવીસ તીર્થપતિ ભગવન્તોના થઈ ગયા બાદ, ચોવીસમા તીર્થપતિ તરીકે ભગવાન શ્રી **વર્ધમાનસ્વામીજી** થયા છે; આમ છતાં પણ, પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાન આદિ કોઈના પણ નામનું ઉચ્ચારણ નહિ કરતાં, ચોવીસમા તીર્થપતિ ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીના નામનું જ ઉચ્ચારણ ટીકાકાર મહર્ષિએ કર્યું છે, તો તેનું વિશિષ્ટ કારણ કયું છે ?

પ્રશ્ન૦ શ્રી વર્ધમાનસ્વામી ભગવાન ચોવીસમા તીર્થપતિ છે, પરન્તુ નિકટના ઉપકારી ભગવાન તો એ જ છે, એટલે એમના નામનું ઉચ્ચારણ ટીકાકાર મહાત્માએ કર્યું છે, એવું તો માની શકાય ને ?

તમે જે વાત કહી તે બરાબર છે, પણ એ વાતેય કેટલુંક

સ્પષ્ટીકરણ માગે છે. શ્રી તીર્થંકર ભગવાનોમાં, ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજી નિકટના ઉપકારી તીર્થંકર ભગવાન છે, પરંતુ મંગલની આચરણા કરતાં, ઘણા મહર્ષિઓએ, પહેલા તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવસ્વામીજી આદિની પણ પ્રથમ સ્તુતિ કરેલી છે. એટલે અહીં મુખ્ય વાત તો એ છે કે–ટીકાકાર મહર્ષિ જે કાર્યને ઉદ્દેશીને મંગલની આચરણા કરી રહ્યા છે, તે કાર્યનો જો કોઈ પણ તીર્થંકર ભગવાનની સાથે વધુમાં વધુ સમ્બન્ધ હોય, તો તે ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીની સાથે છે.

પ્રશ્ન૦ એ કેવી રીતિએ ?

તમે જાણો છો કે–આ શ્રી ભગવતીજી સૂત્ર, એ પાંચમું અંગસૂત્ર છે. આ અંગસૂત્રયુક્ત દ્વાદશાંગીની રચના પાંચમા ગણધરભગવાને કરેલી છે, પણ આ દ્વાદશાંગી અર્થથી કોણે કહેલી છે ? કહેવું જ પડશે કે–આ દ્વાદશાંગી પણ અન્ય ગણધરભગવાનોની દ્વાદશાંગીઓની જેમ જ અર્થથી તો ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીએ જ કહેલી છે; એટલે આમાંના પાંચમા અંગસૂત્રની ટીકાની રચના કરવાનું જે કાર્ય, તે કાર્યને જો કોઈ પણ તીર્થંકર ભગવાનની સાથે વધુમાં વધુ સમ્બન્ધ હોય, તો તે ભગવાન શ્રી વર્ધમાનસ્વામિજીની સાથે જ છે; અને એ કારણે પણ, ટીકાકાર મહર્ષિ, ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને તેમના નામોચ્ચારણપૂર્વક નમસ્કાર કરે છે, તે સ્થાને જ ગણાય.

શ્રી મહાવીર નામ વધુ વ્યવહારપ્રચલિત છે :

તમે જાણતા તો હશો જ કે–આ અવસર્પિણી કાલમાં આ શ્રી ભરતક્ષેત્રને વિષે થયેલા ચોવીસમા તીર્થપતિ ભગવાનને અનેક નામોથી ઓળખાવાય છે અને સ્તવાય

છે. જેમ પહેલા તીર્થપતિ શ્રી ઋષભદેવસ્વામી ભગવાનને, શ્રી આદિનાથ આદિ તરીકે પણ ઓળખાય છે અને વધુ પ્રચલિત પણ એ જ નામ છે, તેમ ચોવીસમા તીર્થપતિ શ્રી વર્ધમાનસ્વામીજીને શ્રી મહાવીર આદિ તરીકે પણ ઓળખાય છે અને વધુ પ્રચલિત પણ એ જ નામ છે. જો કે– શાસ્ત્રોમાં અનેક ઠેકાણે ચોવીસમા તીર્થપતિ ભગવાનને શ્રી વર્ધમાનસ્વામીજી એવા નામથી સ્તવાયા છે; જેમ કે– લોગસ્સમાં પણ **वद्धमाणस्स** પદ આવે છે અને '**नमोऽस्तु वर्धमानाय**' આદિ પણ આવે છે; તો પણ સૂત્રાદિકમાં અનેક સ્થલોએ શ્રી મહાવીર એવા નામનો જ વ્યવહાર કરાએલો છે. શ્રી કલ્પસૂત્ર જોવામાં પણ '**समणे भगवं महावीरे**' ઇત્યાદિ પ્રયોગો જોવાને મળે છે. આમ, વર્ત્તમાન કાલની ચોવીસીના ચોવીસમા તીર્થપતિનું શ્રી 'મહાવીર' એવું નામ અતિશય પ્રસિદ્ધ અને વ્યવહારપ્રચલિત હોવા છતાં પણ, ટીકાકાર મહર્ષિએ, એ તારકના નામનું ઉચ્ચારણ કરવામાં, શ્રી વર્ધમાન એવા નામને પસંદ કર્યું છે, તેમાં પણ કોઈ ઉમદા આશય રહેલો હોય, એ સુસંભવિત છે.

શ્રી વર્ધમાન નામની સ્થાપના :

આ અવસર્પિણીના ચોવીસમા તીર્થપતિ ભગવાનનું, શ્રી વર્ધમાન એવું નામ, તેઓશ્રીના પિતા શ્રી સિદ્ધાર્થ રાજાએ સ્થાપિત કર્યું હતું; જ્યારે તેઓશ્રીનું શ્રી મહાવીર એવું નામ, ઇન્દ્રે સ્થાપિત કર્યું હતું. આ બન્ને ય નામોની સ્થાપનાની પાછળ ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુઓ હતાં.

ભગવાનનું, શ્રી વર્ધમાન એવું નામ પાડવાનો વિકલ્પ

તો, એ તારકનો આત્મા જ્યારે શ્રીમતી ત્રિશલા માતાના ઉદરમાં ગર્ભપણે રહેલો હતો, ત્યારે જ ઉત્પન્ન થવા પામ્યો હતો.

ભગવાનનો આત્મા, પહેલાં તો, આષાઢ સુદી છઠના દિને ઋષભદત્ત નામના બ્રાહ્મણની દેવાનંદા નામની ભાર્યાના ઉદરમાં અવતર્યો હતો; અને ત્યાં જ, ગર્ભમાં આવ્યાને બ્યાશી દિવસો સુધીનો ભગવાનનો આયુઃકાળ પસાર થયો હતો. બ્યાશીમા દિવસે, એટલે મારવાડી ગણત્રીના મહિનાઓના હિસાબે આસો વદી તેરસના દિવસે અને ગૂજરાતી ગણત્રીના મહિનાઓની અપેક્ષાએ ભાદરવા વદી તેરસના દિવસે, અર્ધ-રાત્રિના સમયે, સૌધર્મેન્દ્રની આજ્ઞાથી, હરિણુગમેષી નામના દેવે, શ્રી ત્રિશલા માતાના ઉદરમાં રહેલા ગર્ભને દેવાનંદાની કુક્ષિમાં અને દેવાનંદાની કુક્ષિમાં રહેલા ગર્ભને શ્રી ત્રિશલા માતાની કુક્ષિમાં સંક્રમાવ્યો હતો.

જે દિવસે, ભગવાનનો આત્મા દેવાનંદાની કુક્ષિમાં અવ-તર્યો હતો, તે દિવસે પણ હસ્તોત્તર ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર હતું અને જે દિવસે ભગવાનના આત્માનું શ્રી ત્રિશલા માતાના ઉદરમાં સંક્રમણ કરાયું, તે દિવસે પણ હસ્તોત્તર નક્ષત્ર હતું. આમ જે દિવસથી ભગવાન શ્રી ત્રિશલા માતાના ઉદરમાં આવ્યા, તે દિવસથી ઇન્દ્રની આજ્ઞાને અનુસરીને તિર્યગ્જૃંભક દેવતાઓ, વારંવાર, વિવિધ મહાનિધાનોને શ્રી સિદ્ધાર્થ રાજાના ભવનમાં ભરવા લાગ્યા. આથી, તે આખું જ્ઞાતકુળ પણ ધન, ધાન્ય, રાજ્ય, રાષ્ટ્ર, બળ, વાહન, કોષ્ઠાગાર, પ્રીતિ–સત્કાર વિગેરેથી અત્યન્ત વૃદ્ધિ પામવા લાગ્યું. આ ઉપરાન્ત, એવા રાજાઓ, કે જેઓ પૂર્વે શ્રી સિદ્ધાર્થ રાજાને પણ નમ્યા નહોતા, જેઓ પોતાના બાહુ-

બળને અંગે ભારે ગર્વને ધારણ કરતા હતા, જેઓ વિષમ સ્થાનોમાં ભરાઈ રહ્યા હતા અને જેઓ દૂર વસતા હતા, એવા પણ રાજાઓ આવીને શ્રી સિદ્ધાર્થ રાજાને નમ્યા અને તેમણે શ્રી સિદ્ધાર્થ રાજાની તાબેદારીનો સ્વીકાર કર્યો.

શ્રી સિદ્ધાર્થ રાજાને અને શ્રીમતી ત્રિશલા માતાને લાગ્યું કે–આ સઘળો ય પ્રભાવ, ગર્ભસ્થ આત્માના પુણ્યપ્રકર્ષનો છે. આથી, તેઓને એક વાર એવો વિકલ્પ ઉત્પન્ન થવા પામ્યો કે–'જ્યારથી આ ગર્ભ ઉત્પન્ન થયો છે, ત્યારથી આપણે ધન, ધાન્ય અને કનકાદિક વૈભવથી વૃદ્ધિ પામ્યા છીએ, માટે જ્યારે આ પુત્રનો જન્મ થશે, ત્યારે આપણે આ પુત્રનું વર્ધમાન એવું ગુણનિષ્પન્ન નામ પાડીશું.'

જે વધ્યા જ કરે, તેને વર્ધમાન કહેવાય. અત્યારે દેખીતી રીતિએ તો વર્ધમાન ભગવાનનાં માતા–પિતા હતાં, કારણ કે–વિવિધ વૈભવોથી તેઓ જ વૃદ્ધિને પામી રહ્યાં હતાં; પરન્તુ તેઓ પોતાની એ વૃદ્ધિને પોતાની વૃદ્ધિ નહિ સમજતાં હતાં, પરન્તુ એમ સમજતાં હતાં કે–આ સઘળી ય વૃદ્ધિ ગર્ભસ્થ આત્માના પુણ્યોદયને જ આભારી છે અને એથી આ સઘળી ય વૃદ્ધિ વસ્તુતઃ એ ગર્ભસ્થ આત્માની પોતાની છે. તેમની આવી માન્યતા હતી, માટે જ તેમણે એ ગર્ભસ્થ પુત્ર જ્યારે જન્મે ત્યારે તેનું વર્ધમાન એવું ગુણનિષ્પન્ન નામ સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો.

જેવું નામ હોય તેવા ગુણો હોય અથવા તો જેવા ગુણો હોય તેવું નામ હોય, એવા નામને ગુણનિષ્પન્ન નામ કહેવાય છે.

ભગવાનનો આત્મા દેવલોકમાંથી ચ્યવીને આષાઢ સુદી

છઠના દિવસે દેવાનંદાના ઉદરમાં અવતર્યો હતો. એ દિવસથી માંડીને, બરાબર નવ માસ અને સાડા સાત દિવસો ગયે છતે, એટલે ચૈત્ર મહિનાની સુદી તેરસના દિવસે પણ મધ્ય-રાત્રિના સમયે, એ આત્મા શ્રીમતી ત્રિશલા માતાના ઉદર-માંથી બહાર આવ્યો; એટલે કે–જન્મને પામ્યો. એ પછી, બારમા દિવસે, એટલે મારવાડી ગણત્રી અનુસાર વૈશાખ વદી અને ગૂજરાતી ગણત્રી અનુસાર ચૈત્ર વદી દશમના દિને ભગ-વાનનો નામકરણ મહોત્સવ કરવામાં આવ્યો.

એ દિવસે, પોતાના કૌટુમ્બિક જનોને તથા ક્ષત્રિયકુંડ નગરના પ્રધાન સ્નેહી જનોને પણ શ્રી સિદ્ધાર્થ રાજાએ આમંત્ર્યા હતા. તેમને શ્રી સિદ્ધાર્થ રાજાએ પરમ આદરપૂર્વક ભોજન કરાવ્યું હતું અને ભોજન કરાવ્યા બાદ તેમનો સત્કાર કરીને તેમને બેસાડયા હતા.

એ વખતે શ્રી સિદ્ધાર્થ રાજાએ એ લોકોની સમક્ષ જાહેર કર્યું હતું કે–' હે પ્રધાન જનો ! જે દિવસથી આ કુમાર દેવીના ગર્ભમાં અવતર્યો, તે દિવસથી હું હાથી, ઘોડા, ભંડાર, કોષ્ઠાગાર તથા રાજ્ય અને સુખી સ્વજન–પરિજન વડે અત્યન્ત વૃદ્ધિ પામતો આવ્યો છું; આથી, પૂર્વે પણ મને એવો સંકલ્પ ઉત્પન્ન થયો હતો કે–આ કુમાર જ્યારે જન્મે ત્યારે આનું વર્ધમાન એવું નામ પાડીશું ! એટલે અત્યારે પણ તમારી સમક્ષ આ કુમારનું વર્ધમાન એ જ નામ હો !'

એ વખતે હાજર રહેલા શ્રી સિદ્ધાર્થ રાજાના કૌટુમ્બિક જનો અને પ્રધાન સ્નેહી જનોએ પણ, શ્રી સિદ્ધાર્થ રાજાના ' કુમારનું વર્ધમાન એવું નામ રાખવાના ' પ્રસ્તાવને, ખૂબ આનન્દથી વધાવી લીધો હતો.

શ્રી મહાવીર નામની સ્થાપના :

આ પ્રકારે ભગવાનનાં માતા–પિતાએ ભગવાનનું વર્ધમાન એવું નામ સ્થાપિત કર્યું, જ્યારે ઇન્દ્રે ભગવાનનું 'મહાવીર' એવું નામ સ્થાપિત કર્યું. ઇન્દ્રે પણ ભગવાનનું મહાવીર એવું નામ જે સ્થાપિત કર્યું, તે ભગવાનના ગુણોને અનુલક્ષીને જ સ્થાપિત કર્યું. ઇન્દ્ર તો અવધિજ્ઞાની હોય છે. ઇન્દ્રે જોયું કે–આ ભગવાન ઉપર ભારેમાં ભારે ઉપસર્ગો આવવાના છે, પરન્તુ ગમે તેવા ભયજનક ભારે ઉપસર્ગોથી પણ આ ભગવાન કંપાયમાન થવાના નથી અને ક્ષમાવંત જ રહેવાના છે, માટે આ ભગવાનનું 'મહાવીર' એવું નામ રાખવું, એ જ યોગ્ય છે. એમ સમજીને, ઇન્દ્રે ભગવાનનું શ્રી મહાવીર એવું નામ સ્થાપિત કર્યું.

દૃષ્ટિભિન્નતા ફરક શાથી ?

ભગવાનનાં માતા–પિતાની દૃષ્ટિમાં અને અવધિજ્ઞાની એવા ઇન્દ્રની દૃષ્ટિમાં, કેટલો બધો ફરક છે–એનો તમને ખ્યાલ આવે છે ? ઇન્દ્ર વિવેકી છે, માટે ઇન્દ્રની આભ્યન્તર દૃષ્ટિ છે અને ભગવાનનાં માતા–પિતા અવિવેકી છે માટે તેમની બાહ્ય દૃષ્ટિ છે, એવું નથી. ઇન્દ્ર વિવેકી છે, તો ભગવાનનાં માતા–પિતા કાંઈ અવિવેકી નથી. બન્ને ય વિવેકગુણથી સંપન્ન હોવા છતાં પણ, એકની દૃષ્ટિ ગુણ તરફ છે અને બીજાની દૃષ્ટિ પુણ્યપ્રકર્ષ તરફ છે, તેનું કારણ શું ? મુખ્ય કારણ તો એ જ છે કે–ઇન્દ્રને ભગવાનના ગુણોના સંબંધમાં જેવું જ્ઞાન છે, તેવું જ્ઞાન ભગવાનનાં માતા–પિતાને નથી. ઇન્દ્ર અવધિજ્ઞાની છે, એટલે ભગવાન પોતાના જીવન દરમ્યાન ભારેમાં

ભારે ઉપસર્ગોના સમયે પણ કેવા અચલ અને ક્ષમાવન્ત રહેવાના છે, એ જોઈ-જાણી શકે છે; જ્યારે ભગવાનનાં માતા-પિતાને તેવું જ્ઞાન નથી. વળી ભગવાનનાં માતા-પિતાના હૈયામાં મુખ્યત્વે સ્નેહરાગનું જોર છે, જ્યારે ઈન્દ્રની સેવા તો ગુણ-રાગને અંગે છે. આથી, ભગવાનનાં માતા-પિતા ભગવાનનું 'વર્ધનાન' એવું નામ સ્થાપિત કરે, એ પણ સ્વાભાવિક છે અને ઈન્દ્ર ભગવાનનું 'મહાવીર' એવું નામ સ્થાપિત કરે, એ પણ સ્વાભાવિક છે.

ભગવાનના ધીરપણાની અને વીરપણાની ઇન્દ્રે કરેલી પ્રશંસા :

પ્રશ્ન૦ બાલક્રીડાના પ્રસંગને લઈને ભગવાનનું વીર નામ પડ્યાનું સંભળાય છે ને ?

એવો ઉલ્લેખ પણ આવે છે. ભગવાન જે સમયે આઠ વર્ષની પૂરી ઉમ્મરના નહોતા થયા, તે સમયે સમાન વયના મંત્રિપુત્ર, સામંતપુત્ર, શ્રેષ્ઠિપુત્ર, સેનાપતિપુત્ર આદિ બાળકો, કે જેઓ રમવામાં વિચક્ષણ હતા, તેમની સાથે બાલભાવને સુલભ એવી ક્રીડા કરતા હતા. તેમાં, એક પ્રકારની વૃક્ષક્રીડા પણ તેઓ કરતા હતા. વૃક્ષક્રીડાની રમત રમવાને માટે, એવી શરત નક્કી કરી હતી કે-' જે બાળક વૃક્ષ પર પહેલો ચઢી જાય અને પહેલો ઉતરી જાય, તે બાળક બીજા બાળકોની પીઠ ઉપર સ્વારી કરીને તેમને ચલાવે.' આવી શરતવાળી રમત રમાતી હતી, તે દરમ્યાનમાં બન્યું એવું કે-સૌધર્મેન્દ્રે દેવતા-ઓની સમક્ષ ભગવાનના ધીરપણાની અને વીરપણાની પ્રશંસા કરી. ભગવાનના ધીરપણાની અને વીરપણાની પ્રશંસા કરતાં, ઈન્દ્રે ત્યાં સુધી કહી દીધું કે-' દેવ, દાનવ કે ઈન્દ્ર પોતે પણ,

બાલવયસ્ક એવા ય ભગવાનને ડરાવી શકે તેમ નથી.'

એક દેવથી એ પ્રશંસા સહાઈ નહિ :

આ વાત તદ્દન સાચી હતી. જેવી હકીકત હતી, તેવી જ હકીકત ઇન્દ્રે કહી હતી. પણ ભગવાનની એવી પ્રશંસા ઇન્દ્રે કરી, એ એક સામાન્ય દેવથી સહન થઈ શકી નહિ.

ભગવાનની એવી પ્રશંસા કરનાર ઇન્દ્રનું કથન અવિચારી છે, સ્વચ્છન્દી છે અને ઉદ્ધતાઈની એક ચેષ્ટા સમાન છે–એમ એ દેવને લાગે છે, પણ એ વખતે તો એ દેવ 'ઇન્દ્ર પોતાના સ્વામી છે'–એમ સમજીને ચૂપ રહે છે. એ દેવ પોતાના સ્વામીની સામે નથી બોલતો, તે વિનયને કારણે નથી બોલતો એમ નહિ; પણ એને ખબર છે કે–' ઇન્દ્ર જો કોપ્યા, તો આપણું તો આવી જ બનશે.' જો એ દેવમાં વિનય હોત, તો તો એને વિચારેય આવત કે–' ઇન્દ્ર જેવા બલવાન પણ જ્યારે બાલવયસ્ક એવા ય ભગવાનની ધીરતાની અને વીરતાની પ્રશંસા કરે છે, ત્યારે એમાં કાંઈક તત્ત્વ જરૂર હશે! ''

ઇર્ષ્યાળુઓ ક્લિષ્ટ પરિણામોમાં રમતા હોય છે :

પણ અહીં સ્વભાવદોષે જ અગત્યનો ભાગ ભજવ્યો છે. એ દેવ પોતે અત્યન્ત ક્લિષ્ટ પરિણામવાળો અને અતુલ મિથ્યાત્વને લીધે વિવેકહીન હતો. જેઓના પરિણામો અત્યન્ત ક્લિષ્ટ હોય છે, તેઓ કોઈની પણ સારી વાતને સહી શકતા નથી. કોઈની પણ પ્રશંસાને સાંભળતાં, હૈયામાં આનન્દ પ્રગટવો અને ઇર્ષ્યાનો ભાવ પેદા નહિ થવો, એ પણ એક ગુણ છે. વિવેકને લઈને, પ્રશંસા વ્યાજબી છે કે નહિ અગર એ સ્થાને છે કે નહિ–એવા પ્રકારનો વિચાર આવવો, એ જૂદી વસ્તુ છે અને

કોઈની પણ પ્રશંસાને સાંભળતાં હૈયામાં ઇર્ષ્યાનો ભાવ પેદા થવો, એ જૂદી વસ્તુ છે. ઇર્ષ્યા, એ અત્યન્ત ક્લિષ્ટ પરિણામની સૂચક વસ્તુ છે. માણસે એટલી લાયકાત તો જરૂર કેળવવી જોઇએ કે–કોઈ ગમે તેવાની પણ પ્રશંસાને સાંભળતાં, હૈયામાં કદી પણ ઇર્ષ્યાભાવ પ્રગટે નહિ. કોઇનું પણ સારૂં, તમારા હૈયામાં ઇર્ષ્યાભાવને તો પેદા કરે જ નહિ–એવી તમારી સ્થિતિ છે ? કોઇનું પણ સારૂં થતું હોય, ભલું થતું હોય, તો એમાં તમે નારાજ તો નહિ જ ને ? ચતુર્વિધ શ્રીસંઘમાં ગણાતી કેટલીક વ્યક્તિઓમાં પણ આજે ઇર્ષ્યાનો દોષ વધી જવા પામ્યો છે, એમ તમને લાગે છે ? સમાજમાં, બીજાઓને સારા બનાવવાની પેરવી વધારે ચાલી રહી છે કે જેનું સારૂં થતું હોય તેનું ભૂંડું કરવાની પેરવી વધારે ચાલી રહી છે ? ઇર્ષ્યાને આધીન થયેલો અસત્ય પણ બોલે, આળો પણ ચઢાવે, છતી વસ્તુઓને અછતી કરવાને અને અછતી વસ્તુઓને છતી કરવાને પણ મથે અને જ્યાં તક મળે ત્યાં કાનભંભેરણી પણ કરે. આવું કરનારાઓ, કેટકેટલા ક્લિષ્ટ પરિણામોમાં રમતા હોય ? આવા ઇર્ષ્યાભાવને આધીન બની ચૂકેલાઓ, બીજાઓનું તો બગાડી શકે કે નહિ–એ અનિશ્ચિત છે, પરન્તુ પોતાનું તો અવશ્ય બગાડે છે. બીજાઓનું બગાડી શકવામાં તો, બીજાઓનો તેમનું બગડે–તેવો પાપોદય સહાયક બનવો જોઇએ, જ્યારે ઇર્ષ્યાળુનું બગડવામાં તો એનો પાપોદય સહાયક બની જ ચૂકેલો છે. એ ઇર્ષ્યાળુ બન્યો, એ જ એનો પાપોદય છે.

ઇર્ષ્યાળુ અનેક દોષોને પાત્ર બને છે :

ઇર્ષ્યાળુ બનેલા દેવને જેમ તેના સ્વામી ઇન્દ્રને માટે

એવું લાગ્યું કે–સ્વામીનું આ કથન અવિચારી છે, સ્વચ્છન્દી છે અને ઉદ્ધતાઈની ચેષ્ટા સમાન છે, તેમ અહીં પણ ઈર્ષ્યાળુ બનેલાઓને પોતાના વડિલો અને ગુરૂઓ આદિના સંબંધમાં અયોગ્ય વિચારો આવવા, એ કોઈ અસંભવિત વસ્તુ છે? ઈર્ષ્યાળુ, ગુણમાં પણ દોષ જૂએ. જેના પ્રત્યે ઈર્ષ્યાનો ભાવ હોય, તેના જ ગુણોને એ દોષ રૂપે જૂએ–એમ નહિ, પરન્તુ જેના પ્રત્યે ઈર્ષ્યાનો ભાવ હોય, તેની પ્રશંસા કરનારના પણ ગુણોને એ દોષ રૂપે જૂએ. ઈર્ષ્યાળુ દોષદૃષ્ટિવાળો બનીને, અવિનીત આચરણને આચરનારો અને ક્રૂર સ્વભાવવાળો પણ બને. એ એવો વિચાર પણ નહિ કરે કે–'મારી ઈર્ષ્યાના પાપે હું બીજાઓના કેટકેટલા ભૂંડામાં નિમિત્ત બની રહ્યો છું!' પણ પોતાના ભૂંડાનું જેને ભાન નથી, તેને બીજાનો વિચાર આવે જ શી રીતિએ? જે ઈર્ષ્યાળુ બને છે, તેનામાં પરનિન્દાનો અને સ્વપ્રશંસાનો દોષ પણ આવ્યા વિના રહેતો નથી. સજ્જન બનવાને ઇચ્છતા અને સજ્જન બન્યા રહેવાને ઇચ્છતા માણસે, પરનિન્દા અને સ્વપ્રશંસા–એ બન્ને ય દોષોથી સદાને માટે દૂર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. સારા માણસના મોંઢે જેમ પરનિન્દા શોભે નહિ, તેમ સ્વપ્રશંસા પણ શોભે નહિ. પૂર્વકાળનાં કથાનકોમાં કેટલેક સ્થળે એવા પ્રસંગો પણ આવે છે કે–ઉત્તમ આત્માઓ પોતાના મુખે પોતે કયા કુળના છે અને કયા સ્થાનનાછે, એ વિગેરેનો પરિચય આપવાનું પણ પસંદ કરતા નહિ.

દેવ ક્ષોભ પમાડવાને માટે જાતે આવ્યો :

પેલો દેવ વિચાર કરે છે કે–'અચિન્ત્ય માહાત્મ્યવાળા

ઈન્દ્રો પણ, એક માનવી બાળકને ય ક્ષોભ પમાડી શકે નહિ, એ શું સંભવિત છે?' અર્થાત્–એને એ અસંભવિત લાગતું હતું. એટલે એ દેવે નિર્ણય કર્યો કે–'હું પોતે જ ત્યાં જાઉં અને તે બાળકના ધૈર્યની પરીક્ષા કરું!'

આ પ્રમાણેનો નિશ્ચય કરીને, તે દેવ ત્યાં આવ્યો, કે જ્યાં શ્રી વર્ધમાનકુમાર સમવયસ્કોની સાથે વૃક્ષક્રીડા કરતા હતા. ત્યાં આવીને તે દેવે, દેખાવ માત્રથી પણ અતિ ભયને ઉપજાવે એવા સર્પના રૂપને ધારણ કર્યું અને જે વૃક્ષ ઉપર ચઢવા–ઉતરવાની રમત રમાવાની હતી, તે વૃક્ષની નીચેના ભાગમાં તે રહ્યો. વિકરાળ અને ભયંકર એવા સર્પને જોતાંની સાથે જ, બીજા બાળકો તો ત્યાંથી નાસવા જ લાગ્યા, પરન્તુ શ્રી વર્ધમાનકુમાર તો જરા ય ક્ષોભ પામ્યા નહિ. તેમણે તો, પોતાના હાથથી પેલા સર્પને એક દોરડીની જેમ પકડીને, દૂર ફેંકી દીધો.

દેવ હાર્યો:

એ બનાવને જોઇને, પેલા બાળકો પાછા આવ્યા અને રમત શરૂ કરવા માંડી. પેલો દેવ જ્યારે સર્પ બનવા દ્વારા પણ શ્રી વર્ધમાનકુમારને ક્ષોભ પમાડી શક્યો નહિ, ત્યારે તેણે એક નાના રાજકુમારનું રૂપ ધારણ કર્યું અને તે પણ પેલા બાળકોની જેમ શ્રી વર્ધમાનકુમારની સાથે રમવાને માટે આવ્યો.

રમતના ક્રમ અનુસાર સઘળા બાળકોએ વૃક્ષ ઉપર ચઢવા માંડયું. તેમાં, શ્રી વર્ધમાનકુમાર જ, સૌથી પહેલા વૃક્ષની ટોચે પહોંચી ગયા અને વૃક્ષની ટોચે પહોંચીને વૃક્ષની ઉપરથી નીચે

ઉતર્યા પણ સૌથી પહેલા.

આથી, એક પછી એક–એમ બધા બાળકોએ, જીતેલા એવા શ્રી વર્ધમાનકુમારને, પોતાની પીઠ ઉપર આરૂઢ કર્યા અને પછી એક ઘોડાની જેમ બે હાથોના અને બે પગોના મળીને ચાર પગોના દેખાવથી પોતે ચાલ્યા. અનુક્રમે, પેલો બનાવટી રાજકુમાર, કે જે દેવ છે, તેનો વારો આવ્યો. તેણે પણ, પહેલાં તો, શ્રી વર્ધમાનકુમારને પોતાની પીઠ ઉપર આરૂઢ કર્યા; પણ શ્રી વર્ધમાનકુમારને પોતાની પીઠ ઉપર આરૂઢ કરીને, તે દેવે, તેમને ક્ષોભ પમાડવાનો પ્રયત્ન આરંભ્યો.

તત્કાલ, એ દુષ્ટ બુદ્ધિવાળો દેવ, વિકરાળ રૂપ કરીને મોટા મોટા પર્વતોને પણ નીચા કરે તેમ વધવા લાગ્યો; તેના પાતાલ જેવા મુખમાં રહેલી જીભ, તક્ષક જાતિના નાગ જેવી દેખાવા લાગી; ઉંચા પર્વત જેવા તેના માથા ઉપર રહેલા કેશો, દાવાનળની જ્વાલાઓ જેવા દેખાવા લાગ્યા; તેની ભયંકર દાઢો, કરવત જેવી જણાવા લાગી; તેની આંખો, અંગારાથી ભરેલી સગડીઓના જેવી દેખાવા લાગી; તેનાં નસકોરાં, ગિરિગુફાઓની જેમ ઘોર દેખાવા લાગ્યાં; અને તેની બે ભ્રમરો, જાણે બે મોટી સર્પિણીઓ જ હોય એવી દેખાવા લાગી.

આ પ્રમાણે પેલો દેવ પોતાના વિકરાળ રૂપને વધારી રહ્યો હતો, એથી શ્રી વર્ધમાનકુમાર જરા ય ક્ષોભ પામ્યા નહિ. એ તો ત્રણ નિર્મલ જ્ઞાનોએ સહિત હતા. તરત જ એમણે ઉપયોગ મૂક્યો કે–'આ કોણ છે?' અને શ્રી વર્ધમાનકુમારે જાણ્યું કે–'આ દેવ તો મારી પરીક્ષા કરવાને માટે આવેલો છે!' એટલે શ્રી વર્ધમાનકુમારે, તે દેવની પીઠ ઉપર એક એવી મુક્કી મારી, કે જેથી તે દેવ વામન બની ગયો.

કેટલું જબ્બર પરાક્રમ ? આ પ્રમાણે શ્રી વર્ધમાનકુમારની વીરતાનો અને ધીરતાનો અનુભવ થવાથી, તે દેવ ભગવાનને નમી પડ્યો અને પ્રભુને ખમાવીને તે પોતાના સ્થાનકે ચાલ્યો ગયો. આ પ્રસંગને અનુલક્ષીને પણ ઇન્દ્રે શ્રી વર્ધમાનકુમારનું વીર એવું નામ સ્થાપિત કર્યાનું કહેવાય છે.

યોગ્યતા પહેલી જોઇએ :

અયોગ્ય આત્માઓની પાસે, ઉત્તમ પણ આત્માઓની પ્રશંસા કરવામાં ય, કેટલું બધું જોખમ રહેલું છે ? એકને પ્રશંસા કરવાનું મન થાય અને એકને પાડવાનું મન થાય, એવું નાટક તો, આ સંસારમાં ઠામ ઠામ ચાલી રહ્યું છે. આ પ્રસંગ ઉપરથી બોધ લેવા જેવો છે. કયો ? યોગ્ય બનવાનો ! લાયકાત કેળવવાનો ! કારણ કે–દરેકે દરેક સારી વસ્તુ લાયકાતની અપેક્ષા રાખે છે. અરે, હોજરીમાં અયોગ્યતા હોય છે તો દૂધ પણ પચી શકતું નથી, તો પછી આ તો ગુણોની વાત છે. ગુણોની વાતમાં યોગ્યતા તો પહેલી જોઇએ.

ટીકાકાર મહર્ષિના હૈયાનો વર્ધમાનભાવ :

ટીકાકાર મહર્ષિ આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ પંદર વિશેષણો દ્વારા સર્વસામાન્ય શ્રી જિનસ્તુતિ કર્યા બાદ, બીજા શ્લોકની શરૂઆતમાં, આ અવસર્પિણી કાલમાં આ શ્રી ભરતક્ષેત્રને વિષે થઈ ગયેલા ચોવીસ તીર્થંકર ભગવાનો પૈકીના ચોવીસમા તીર્થંકર ભગવાનને, તેમના નામનું ઉચ્ચારણ કરવા પૂર્વક નમસ્કાર કર્યો છે. એને અંગે આપણે અત્યાર સુધીમાં કેટલીક વાતો કરી આવ્યા. તેમાં વાત એ હતી કે–શ્રી મહાવીર એ નામ વિશેષ લોકપ્રચલિત

અને ઇન્દ્રસ્થાપિત હોવા છતાં પણ, ટીકાકાર મહર્ષિએ શ્રી વર્ધમાન એવા નામનું ઉચ્ચારણ કેમ કર્યું ? એ માટે આપણે જોઈ આવ્યા કે–શ્રી વર્ધમાન એવું નામ કયા સંયોગોમાં સ્થાપિત કરવામાં આવ્યું હતું. અહીં પણ એમ લાગે છે કે–ટીકાકાર મહર્ષિના હૈયામાં વર્ધમાનભાવ રહેલો છે અને એથી જ એ મહાપુરૂષે ' **नत्वा श्रीमहावीराय** ' એમ નહિ લખતાં, ' **नत्वा श्रीवर्धमानाय** ' એમ લખ્યું હોય. ટીકાકાર મહર્ષિને હજુ તો આગળ વધવું છે ને ? નવ અંગસૂત્રોની ટીકાની રચના કરવી છે, તેમાં હજુ તો તેમણે ત્રીજા અંગસૂત્ર અને ચોથા અંગસૂત્ર–એ બે અંગસૂત્રોની ટીકાઓની રચના કરી છે. આ પંચમાંગ સૂત્રની ટીકાની રચના, એ તો તેમની ત્રીજી ટીકારચના છે. આ ત્રીજી ટીકારચનાને પૂર્ણ કરીને, છ ટીકા-રચનાઓને કરવાની તેમની ભાવના છે. એમાં ય, આ પાંચમા અંગસૂત્રની ટીકાની રચના કરવી, એ કોઈ સાધારણ કાર્ય નથી, પણ અસાધારણ કાર્ય છે, એમ કહીએ તો પણ ચાલે. એટલે તેમના હૈયામાં વર્ધમાનભાવ રહેલો જ છે અને એ વર્ધમાનભાવને અંગે, અહીં મંગલાચરણમાં વર્ત્તમાન શાસ-નના નાયકને, શ્રી વર્ધમાન નામથી નમસ્કાર કરે તે યોગ્ય જ છે.

શકુન કરતાં શબ્દ આગળા :

અહીં કોઇ કહેશે કે–'વર્ત્તમાન શાસનના નાયક ભગવા-નને શ્રી મહાવીર એવા નામથી સ્મરીને અને એ નામના ઉચ્ચારણપૂર્વક નમસ્કાર કરીને, ટીકાકાર મહર્ષિએ પોતાના કાર્યને આગળ ધપાવ્યું હોત, તો શું એથી તેમનો હેતુ બર આવત નહિ ?' એવું કહેનારને કહેવાય કે–શ્રી મહાવીર એવા

નામના ઉચ્ચારણપૂર્વક નમસ્કાર કરવાથી પણ હેતુ સરે, જરૂર સરે; પણ સામાન્ય નિયમ એવો છે કે–હૈયામાં જેવા પ્રકારનો ભાવ હોય અથવા તો જેવું બનવાનું હોય, તેવા જ શબ્દો પ્રાયઃ મુખમાંથી નીકળે છે.

જ્યારે સતી દ્રૌપદીને છોડાવી લાવવાને માટે શ્રી કૃષ્ણની સાથે પાંડવો પદ્મોત્તર નામના રાજાના દેશમાં ગયા, ત્યારે પદ્મોત્તર રાજા તેમની સાથે યુદ્ધ કરવાને માટે આવી પહોંચતાં, શ્રી કૃષ્ણે પાંડવોને કહ્યું કે–'આની સાથે તમે યુદ્ધ કરો; અથવા તો, હું યુદ્ધ કરું અને તમે જૂઓ.'

એ વખતે પાંડવોએ શ્રી કૃષ્ણને કહ્યું કે–'આવા કાયરની સાથે આપના જેવાને તે લડવાનું હોય ? આપની આજ્ઞાથી અમે જ તેની સાથે લડીશું, પછી જોઇએ તો તે જીતે અને જોઇએ તો અમે જીતીએ.'

પાંડવોના આવા શબ્દો માત્રથી, શ્રી કૃષ્ણ, એ યુદ્ધનું પરિણામ કેવું આવશે, તે સમજી ગયા; પણ પછી પોતે યુદ્ધ કરીને બાજીને સુધારી લેશે–એમ ધારીને કાંઈ બોલ્યા નહિ.

હવે પદ્મોત્તર રાજાની સાથે યુદ્ધમાં ઉતરેલા પાંડવો, પોતાનું ધાર્યું નહિ નિપજી શકવાથી, શ્રી કૃષ્ણને શરણે આવ્યા. એ વખતે, શ્રી કૃષ્ણે હસતાં હસતાં કહ્યું કે–" તમે યુદ્ધમાં જતી વખતે જે 'એ જીતશે કે અમે જીતીશું'–એમ બોલેલા, તે ઉપરથી જ હું તો સમજી ગયો હતો કે–તમે હારીને પાછા આવવાના છો."

દુનિયામાં પણ કહેવાય છે કે–" શકુન કરતાં શબ્દ આગળા." સારામાં સારા ગણાય તેવા શુકન થયા હોય, પણ નીકળતાં કે પેસતાં કાને જો બરાબ શબ્દ પડે, તો સારા

શુકનનું ફળ રહી જાય અને ખરાબ શબ્દનું ફળ આવી મળે. તમે કોઈક કામે જતા હો અને એ વખતે અચાનક જો તમારા કાને એવા ભાવાર્થના શબ્દો પડે કે–'તારું કામ સિદ્ધ થશે' અથવા તો 'તું ફાવીશ' તો એવા પ્રકારના શબ્દો એવા ભાવિના સૂચક ગણાય કે–તમે જે કામે જઈ રહ્યા છો, તે કામમાં તમે જરૂર સફળ નિવડવાના ! કોઈ પણ કાર્યાર્થે જવાની વાત થાય અને તમે કહો કે–'એ કાર્ય મારાથી નહિ થાય તો ?' તો એ વસ્તુ તમારી ભાવિ નિષ્ફલતાની સૂચક ગણાય. આમ શબ્દોનું પણ ઘણું મહત્ત્વ છે.

આ દૃષ્ટિએ વિચારીએ, તો આપણને એવી કલ્પના કરવાનું મન થઈ જાય કે–ટીકાકાર મહર્ષિના હૈયામાં જે વર્ધમાનભાવ રહેલો, તે સફલ થવાનો હોવાથી, તેવા જ નામથી તેમને ભગવાનને નમસ્કાર કરવાનું મન થયું.

ચાર અતિશયો :

હવે '**नत्वा श्रीवर्धमानाय**' એમાં વર્ધમાન પૂર્વે જે શ્રી શબ્દ વાપરવામાં આવેલ છે, તે શું સૂચવે છે ? એ શ્રી શબ્દ એવું સૂચન કરે છે કે–ભગવાન શ્રીયુક્ત છે. એટલે કે–ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજી, કે જેઓ શ્રીએ કરીને યુક્ત છે, તેમને નમસ્કાર કરીને–એ પ્રમાણે ટીકાકાર મહર્ષિનું કહેવું છે. ભગવાનની શ્રી એટલે લક્ષ્મી કયી ? પ્રધાન લક્ષ્મી તો કેવલજ્ઞાન જ ને ? આ રીતિએ, ટીકાકાર મહર્ષિએ અહીં ભગવાનના **જ્ઞાનાતિશય**ને સ્પષ્ટ રૂપે જણાવ્યો; અને જ્ઞાનાતિશયને જણાવવા દ્વારા, ટીકાકાર મહર્ષિએ ભગવાનના જે ચાર મુખ્ય અતિશયો ગણાય છે, તેને પણ જણાવ્યા–એમ કહી શકાય.

જ્ઞાનાતિશય ત્યારે જ પ્રગટે છે, કે જ્યારે **અપાયા-પગમાતિશય** પ્રગટ્યો હોય. અપાયાપગમાતિશય પ્રગટ્યા વિના, જ્ઞાનાતિશય પ્રગટતો જ નથી. એનું કારણ એ છે કે– કેવલજ્ઞાની તો વીતરાગ જ બની શકે છે. જે વીતરાગ બનેલ નથી, તે કેવલજ્ઞાની બની શકે, એ શક્ય જ નથી. જેણે જેણે પોતાના કેવલજ્ઞાન રૂપ આત્માના ગુણને પ્રગટ કરવો હોય, તેણે તેણે પહેલાં પોતાના રાગનો સર્વથા ક્ષય કરી જ નાખવો જોઇએ અને પોતાના રાગનો સર્વથા ક્ષય કરવા દ્વારા વીતરાગ બનવું જ જોઇએ. ભગવાન તો રાગ–દ્વેષની જડને જ ઉખેડનારા છે. રાગ–દ્વેષની જડ જેનામાં હોય, તે કષ્ટ પામે છે. પ્રભુ રાગ–દ્વેષની જડને જ ઉખેડનારા હોવાથી, તેઓ બાહ્ય કષ્ટોને પણ દૂર કરનારા છે. એ અતિશયને અપાયા-પગમાતિશય કહેવામાં આવે છે. ભગવંત જ્યાં જ્યાં વિચરે, ત્યાં ત્યાં ઈતિ આદિ ઉપદ્રવો થતા નથી. આ વિશિષ્ટતા, શ્રી તીર્થંકર–નામકર્મના ઉદયને આભારી છે. એટલે જ, જે કોઈ વીતરાગ બને, તે બધા અપાયાપગમાતિશયથી સમ્પન્ન બને–એવો નિયમ નથી; પરન્તુ ભગવાન શ્રી અરિહન્તદેવોના આત્માઓ જ જ્યારે વીતરાગ બને છે, ત્યારે અપાયાપગ-માતિશયથી અન્વિત બને છે. વીતરાગ બન્યા પહેલાં, એ અતિશય કેમ નહિ? મૂઢ પોતે જ અપાયની જડ રાગ–દ્વેષથી અન્વિત છે, ત્યાં અન્યોના અપાયોનો અપગમ થવા રૂપ અતિશય, સંભવિત બને જ શી રીતિએ? વીતરાગ બન્યા પછીથી જ, પણ વીતરાગ બન્યા પછીથી તરતમાં જ આત્મા કેવલજ્ઞાની બને છે, એટલે અપાયાપગમાતિશયના અને જ્ઞાના-તિશયના પ્રગટીકરણ વચ્ચે સમયનો લાંબો તફાવત રહેતો નથી.

એ જ રીતિએ, કેવલજ્ઞાન પ્રગટ થતાંની સાથે જ **પૂજાતિશય** અને **વચનાતિશય** પ્રગટે છે, કેમ કે–કોઇ પણ ભગવાનને કેવલજ્ઞાન થતાંની સાથે જ, દેવતાઓ આવીને સમવસરણની રચના કરે છે તેમ જ ત્યારથી આઠ પ્રાતિહાર્યો ભગવાનના જીવનભરના સાથીદારો બની જાય છે. કેવલજ્ઞાની ભગવાન જ્યાં સુધી સદેહે વિચરે છે, ત્યાં સુધી એ તારકની સેવામાં ઓછામાં ઓછા એક કરોડ દેવતાઓ તો, સદાને માટે, સાથે રહે છે. આ બધો પૂજાતિશય છે. આમ તો, ભગવાન જ્યારથી ચ્યવે અગર ઉદ્વર્તન પામે અને માતાના ગર્ભમાં આવે, ત્યારથી જ દેવેન્દ્રાદિથી પૂજવા માંડે છે; પરન્તુ ભગવાન પૂજાયા જ કરે–એવા પ્રકારનો જે પૂજાતિશય, તે તો કેવલજ્ઞાન થતાંની સાથે તરતમાં જ પ્રગટે છે.

જેમ પૂજાતિશય કેવલજ્ઞાન થતાં તરતમાં જ પ્રગટે છે, તેમ ભગવાનનો **વચનાતિશય** પણ કેવલજ્ઞાન થતાં તરતમાં જ પ્રગટે છે. એ તારક બોલે એક ભાષામાં ને સાંભળનાર સૌને ભગવાન પોતપોતાની ભાષામાં બોલતા હોય એવું લાગે. દેવો ને માનવો જ સમજી શકે–એમ નહિ, પણ પશુ–પંખીઓ પણ સમજી શકે. ભગવાન કોઈ વાત કહે અને એ વાત નહિ સમજવાથી મનમાં જ્યાં સંશય પેદા થાય, ત્યાં તો એને એનો સંશય ભેદાઈ જાય એવું સાંભળવાને મળે. એને થાય કે–ભગવાન મારા મનમાં હમણાં જ ઉત્પન્ન થવા પામેલા સંશયને સમજી ગયા અને તેનો ખૂલાસો આપી દીધો. ભગવાનની દેશના ચાલે, તે જાણે મધુર સંગીત ચાલી રહ્યું એવું લાગે. ગમે તેવો મિથ્યાદૃષ્ટિ જીવ પણ, ભગવાનના વચનનો વિરોધ કરી શકે નહિ. આ બધો ભગવાનના વચના-

તિશયનો પ્રભાવ છે. આપણો મુદ્દો તો એ છે કે–એક માત્ર જ્ઞાનાતિશયને કહેવા માત્રથી પણ, ભગવાનના ચારેય અતિશયો કહેવાઈ જાય છે.

સર્વોત્તમ કોટિના ચારિત્ર વિના સર્વોત્તમ કોટિનું જ્ઞાન પ્રગટે જ નહિ :

ભગવાન અનન્તજ્ઞાની છે, માટે તેમને કરવામાં આવેલો નમસ્કાર, આપણા જ્ઞાનાવરણને કમ કરે છે, દૂર કરે છે. જ્ઞાનીને નમતાં, જ્ઞાનીનો વિનય કરતાં, જ્ઞાનીની ઉપાસના કરતાં, જ્ઞાનીને અનુસરતાં જ્ઞાન આવે; તેમ તેમની આશાતના કરતાં, તેમના કહેલાથી વિપરીતપણે વર્તતાં, તેમની નિન્દા કરતાં, તેમનું યથાશક્તિ યોગ્ય બહુમાન નહિ કરતાં, આપણા જ્ઞાનની હાનિ થાય છે–આપણું જે જ્ઞાનાવરણ કર્મ છે, તે જોરદાર બને છે. એ જ રીતિએ, ચારિત્રવાનને નમતાં ચારિત્ર મળે છે. ચારિત્રને અને જ્ઞાનને જેવો તેવો સંબંધ નથી. માત્ર જ્ઞાનથી પણ મુક્તિ મળે નહિ અને માત્ર ચારિત્રની ક્રિયાઓથી પણ મુક્તિ મળે નહિ. મુક્તિ માટે તો, જ્ઞાન પણ જોઈએ અને ચારિત્ર પણ જોઈએ. આમ તો, ચારિત્ર એ જ્ઞાનનું ફળ છે; જ્ઞાન જો જ્ઞાન રૂપ હોય, એટલે કે–જ્ઞાન જો સમ્યગ્જ્ઞાન હોય, તો એનું ખરેખરું ફલ ચારિત્ર જ છે; પરન્તુ એ વાતને કદી પણ નહિ ભૂલવી જોઈએ કે–સર્વોત્તમ કોટિનું ચારિત્ર આવ્યા વિના, કદી પણ, સર્વોત્તમ કોટિના જ્ઞાની બની શકાતું નથી. કેવલજ્ઞાની કોણ બની શકે ? જે યથાખ્યાત નામના સર્વોત્તમ કોટિના ચારિત્રનો સ્વામી બને તે ! સામાયિકાદિ પાંચ પ્રકારનાં ચારિત્રો છે. તેમાં પાંચમું યથાખ્યાત

નામનું ચારિત્ર છે. યથાખ્યાત ચારિત્ર એટલે ભગવાને જેવું એકાન્તે નિર્મલ ચારિત્ર કહ્યું છે, તેવું નિર્મલ ચારિત્ર; કોઈ પણ પ્રકારના અતિચારની સંભાવનાથી પણ રહિત એવું તદ્દન સુવિશુદ્ધ ચારિત્ર. એ ચારિત્રને પામેલો આત્મા જ વીતરાગ બન્યો થકો કેવલજ્ઞાનને ઉપાર્જે છે.

ચારિત્રપ્રેમ સાથે જ્ઞાનપ્રેમનો સંબંધ :

એટલે, જ્ઞાનની અધિકતાના અને જ્ઞાનની નિર્મલતાના અર્થિએ, કદી પણ ચારિત્રની ઉપેક્ષા નહિ જ કરવી જોઇએ. બીજ જેમ સુંદર અને સડા વગરનું હોય છે, તેમ તેનું ફળ પણ તેવું જ હોય છે. જેને ચારિત્રનો પ્રેમ નથી, તેનો જ્ઞાનનો પ્રેમ, એ સાચો જ્ઞાનપ્રેમ જ નથી. જ્ઞાનનો પ્રેમી, ચારિત્રનો પ્રેમી ન હોય, એ બને જ નહિ. સાચો જ્ઞાની તે છે, જ્ઞાનનો સાચો અર્થી પણ તે છે, કે જે પોતાના રાગ–દ્વેષને ક્ષીણ કરી નાખવાને ઇચ્છે છે; અને રાગ–દ્વેષને ક્ષીણ કરી નાખવાનું અમોઘ સાધન ચારિત્ર છે. આથી, જેઓ આજે જ્ઞાનના નામે ચારિત્રાચારોની અવગણના કરવામાં હિત જૂએ છે અગર તો પોતાના જ્ઞાનના રસના નામે પોતાની ચારિત્રશીલતાની આમીનો બચાવ કરે છે, તેઓ વસ્તુતઃ જ્ઞાનના ઉપાસક છે કે નહિ, તે તેમણે પોતે જ વિચારવાની જરૂર છે.

શ્રી માષતુષ મુનિવર :

તમને ' માષતુષ ' એવા નામથી એવા નામથી ઓળખાતા મુનિવરના પ્રસંગની ખબર છે ? એમને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય એવો તો જોરદાર થઈ ગયેલો, કે જેથી એ મહામુનિ, લાખ પ્રયત્ને પણ ' **मा रुष** ' અને ' **मा तुष** '

એટલાને પણ, પોતે બરાબર ગોખી શકે એ માટે ય યાદ રાખી શકવાને સમર્થ નિવડતા નહોતા. જ્ઞાનાવરણીય કર્મના એવા જોરદાર ઉદયવાળા પણ એ મહામુનિએ, પોતાના પુરૂષાર્થના બળે, માત્ર જ્ઞાનાવરણીય કર્મને જ જડમૂળમાંથી ભેદી નાખ્યું—એમ નહિ, પરન્તુ પોતાનાં ચારેય ઘાતિકર્મોને મૂળમાંથી ભેદી નાખ્યાં અને કેવલજ્ઞાનને ઉપાર્જ્યું.

મોટી ઉમ્મરે દીક્ષિત :

જ્ઞાનાવરણીય કર્મનો તેવા પ્રકારનો જોરદાર ઉદય, એ મહામુનિને જન્મથી જ હતો, એવું નહિ હતું. તેઓ મૂળ એક ભડવાડના પુત્ર હતા. મોટી ઉમ્મરે તેમને સદ્‌ગુરૂનો સુયોગ મળી ગયો. જીવ લાયક અને ભવિતવ્યતા સુન્દર, એટલે એમને એ સદ્‌ગુરૂનો સુયોગ સુન્દર પ્રકારે ફળ્યો. સદ્‌ગુરૂના સુયોગને પામીને, એમનો આત્મા વૈરાગ્યવાસિત બન્યો અને એમનામાં વિવેકગુણ પ્રગટ્યો. વિવેકગુણ પ્રગટતાં, એમના ચારિત્રમોહ કર્મનો પણ એવો ક્ષયોપશમ થવા પામ્યો કે—એ મોટી ઉમ્મરે પણ દીક્ષિત બન્યા.

આ સાંભળીને હૈયે ચીરાડો પડ્યો ?

વિચાર કરો કે—કેવા લાયક જીવ છે ? વય ઘણી વધી જવા પામી છે અને બાલપણથી ધર્મના સંસ્કારો નથી, છતાં પણ સદ્‌ગુરૂનો સુયોગ એમને કેટલો બધો ફળે છે ? તમને સદ્‌ગુરૂનો સુયોગ કયારથી મળ્યો છે ? મોટા ભાગે તો, તમને નાનપણથી જ સદ્‌ગુરૂઓનો સુયોગ મળતો ગયો છે. ‘ નાનપણથી સદ્‌ગુરૂઓના સુયોગને પામવા છતાં પણ, આપણે કેમ હજી આવા ને આવા રહ્યા છીએ ? ’—આવો વિચાર, તમને

કદી પણ આવે છે ખરો ? તમારા પુણ્યે તમને જે ધર્મ-સામગ્રી મેળવી આપી છે, તે ધર્મસામગ્રીની કિંમત તમે તમારા હૈયામાં આંકી છે ? સંસારસુખની સામગ્રીની કિંમત તમારા મનમાં કેટલી વસેલી છે–એ કાંઈ અજાણ્યું નથી, પણ ધર્મ-સામગ્રીની–મોક્ષસુખની સાધક અને એવી સામગ્રીની કિંમત તમારા મનમાં કેટલી વસેલી છે–એ તો બહુ નિરાશા ઉપજાવે એવી બાબત છે ને ? સદ્‌ગુરૂનો સુયોગ ફળે કયારે ? એ સુયોગની કિંમત સમજાય ત્યારે ને ? સદ્‌ગુરૂના સુયોગની કિંમત કયારે સમજાય ? તમે આત્માના સ્વરૂપાદિનો વિચાર કરો ત્યારે ને ? તમને આ વાતને સાંભળતાં, હૈયે એવો ય ચીરાડો પડ્યો ખરો કે–' એક ભરવાડને ત્યાં જન્મેલો મોટી ઉમ્મરનો માણસ પણ જે માત્ર એક વારના સદ્‌ગુરૂના સુયો-ગમાં આટલું બધું પામી ગયો, તો મને લગભગ રોજનો અને તે ય પ્રાયઃ બાલપણથી સદ્‌ગુરૂનો સુયોગ થયેલો હોવા છતાં પણ, મારામાં એવી તે શી ખામી છે, કે જેને લઈને મને એ ભરવાડપુત્ર જેટલો પણ આ સદ્‌ગુરૂનો સુયોગ ફળતો નથી ?'

જ્ઞાન જાણવાને માટે જ નથી પણ આચરવાને માટે છે :

આવાં દૃષ્ટાંતો તો આત્માને જગવનારાં નિવડે, પણ તમે વિચાર કરો તો ને ? કથા કાંઈ કથારસથી સાંભળવાની નથી, પણ એમાંનો સાર પોતાના આચરણમાં ઉતારવાને માટે કથાને સાંભળવાની છે. તમને ખબર તો છે ને કે–જ્ઞાન, એ માત્ર જાણવાને માટે જ નથી, પણ આચરવાને માટે છે ? ખરો જ્ઞાની કયો ? જે ખરાને ખરું અને ખોટાને ખોટું સમજે, તે જ ખરો જ્ઞાની–એમ નહિ; ખરો જ્ઞાની તો તે, કે

જે જેટલું જાણે તે યથાર્થ સ્વરૂપે જાણે અને એ જાણપણાનો ઉપયોગ કરીને ખોટાને છોડવાને માટે અને ખરાને સ્વીકારવાને માટે ઉદ્યમશીલ બને. 'આ તજવા જેવું છે અને આ આચરવા જેવું છે'–એવી ખાલી વાતો કરે, પણ 'જે તજવા જેવું છે તેને હું કેમ તજી શકું અને જે આચરવા જેવું છે તેને હું કેમ આચરી શકું'–એવો વિચાર કરીને, એ વિચારને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરે નહિ, એવો માણસ ગમે તેટલું ભણેલો હોય, ગમે તેવો જાણકાર હોય, તો પણ વસ્તુતઃ જ્ઞાની નથી. સમ્યગ્જ્ઞાન, સમ્યગાચારમાં વર્તતા બનવાની ભાવનાને પેદા કર્યા વિના રહે જ નહિ. એટલે જ્ઞાન માત્ર જાણવાને માટે નથી, પણ આચરવાને માટે છે. આ દૃષ્ટિએ જો તમે સાંભળતા હો, તો પેલા ભરવાડને સદ્ગુરૂનો સુયોગ ફળ્યો–એ વાતને સાંભળતાંની સાથે જ, તમને તમારો વિચાર આવે. તમને એમ થાય કે–' એમને સદ્ગુરૂનો સુયોગ જેવો મળ્યો તેવો ફળ્યો અને મને હજુ પણ સદ્ગુરૂનો સુયોગ જેવો ફળવો જોઇએ, તેવો કેમ ફળ્યો નથી ? ' અને આમ લાગે, એટલે અત્યાર સુધીમાં સદ્ગુરૂનો સુયોગ જેટલે અંશે ન ફળ્યો હોય, એટલે અંશે સદ્ગુરૂનો સુયોગ નહિ ફળવા બદલ, તમારા હૈયામાં દુઃખ પેદા થાય તેમ જ એ દુઃખ તમારા હૈયામાં ' સદ્ગુરૂનો સુયોગ હવે કેમ ફળે ?'–એ માટેનો પ્રયત્ન કરવાના વિચારને જન્માવે.

યોગોદ્વહન :

જે પુણ્યવાનનો પ્રસંગ ચાલી રહ્યો છે, તે દીક્ષિત બન્યા અને સદ્ગુરૂની આજ્ઞા મુજબ સંયમનું પાલન કરવા લાગ્યા.

સદ્‌ગુરૂએ પણ, એ મહામુનિમાં યોગ્યતા જોઈને, યોગોદ્વહન કરાવવાપૂર્વક એ મહામુનિને શ્રી આવશ્યકસૂત્રની અનુજ્ઞા આપી. શ્રી આવશ્યકસૂત્ર આદિની અનુજ્ઞા આપ્યા બાદ, એ સદ્‌ગુરૂએ, એ મહામુનિને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના યોગ કરાવવા માંડ્યા. સદ્‌ગુરૂઓ, સુયોગ્ય શિષ્યોને, ચારિત્રસંપદા અને જ્ઞાનસંપદામાં વધાર્યા કરે, એ તદ્દન સ્વાભાવિક જ છે.

જ્ઞાનાવરણીય કર્મનો જોરદાર ઉદય :

હવે બન્યું એવું કે–જે વખતે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના યોગ ચાલુ હતા અને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની વાચના ચાલુ હતી, તે સમય દરમીઆનમાં, એ મહામુનિને, ભવિતવ્યતાને વશ, પૂર્વસંચિત એવા જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થયો. જ્ઞાનાવરણીય કર્મના એ જોરદાર ઉદયના પ્રતાપે, એ મહામુનિ, કાંઈ પણ યાદ રાખવાને માટે અશક્ત બની ગયા. એમને એક શબ્દ પણ પૂરો યાદ રહે નહિ, એવી કારમી સ્થિતિ પેદા થઈ જવા પામી. એમના ગુરૂમહારાજને પણ એમ થઈ ગયું કે–હવે કરવું શું ? આ મહામુનિએ તો, જ્યાં સુધી યાદ રહે નહિ ત્યાં સુધી આગળ વાચના લેવી જ નહિ–એવો નિર્ણય કર્યો અને યોગનો તપ જારી રાખ્યો.

મુનિ અને તપ :

એમના હૈયામાં એવો ભાવ હતો જ નહિ કે–કયારે તપથી છૂટાય ! યોગોદ્વહનના તપને, એ મહામુનિ, બન્ધન રૂપ માનતા નહોતા. એ મહામુનિ તો માનતા હતા કે–ભગવાને સૂત્રદાન યોગોદ્વહનપૂર્વક દેવાનું ફરમાવ્યું છે, માટે યોગોદ્વહન પણ જ્ઞાનાવરણીય કર્મની નિર્જરાનું કારણ છે. વળી,

તપ એ કાંઈ યોગોદ્વહનના કાળમાં જ કરવાની વસ્તુ છે, એવું પણ નથી. એક માત્ર મોક્ષની સાધનાને માટે જ સંસારને તજી દઈને સંયમને સ્વીકારનારા મુનિઓ, તપના ઘણા અર્થી હોય છે : કારણ કે–નિર્જરાના પરમ કારણ તરીકે ભગવાને તપને જ જણાવેલ છે. મુનિજીવનમાં તપનું સ્થાન નિત્યનું છે, પણ નૈમિત્તિક નથી. એ જ કારણસર, મુનિઓ આહારને વાપરવા છતાં પણ ઉપવાસી ગણાય છે. આહારને લીધા વિના તપ કરવાની સ્થિતિ રહે તેમ નથી–એવું લાગે, ત્યારે મુનિઓ નિર્દોષ આહારને ગ્રહણ કરે. એમ આહાર લેતા મુનિઓ, જ્યાં તપ કરવા જોગી સ્થિતિ લાગે, ત્યાં તપ કર્યા વિના રહે નહિ. વળી, બાર પ્રકારના તપોની અપેક્ષાએ વિચાર કરીએ, તો મુનિઓનું જીવન તપથી રહિત હોય, એવું બને જ નહિ. મુનિ હોવા છતાં પણ જે તપથી કંટાળે, તપથી ભાગે, તેનાથી મુક્તિ પણ ભાગે. કદાચ એનું મુનિજીવન રમણીય બન્યું રહેવાને બદલે, રૌદ્રસ્વરૂપને ધરનારૂં બની જાય. એટલે મુનિઓનું લક્ષ્ય સદા તપ તરફ પણ હોય જ.

કેવાં પદો ગોખવાને આપ્યાં?

એ મહામુનિના જ્ઞાનાવરણીય કર્મના જોરદાર પ્રતાપવાળા ઉદયના પ્રતાપને જોઈએ, એ મહામુનિને આરાધનામાં યોજી રાખવાને માટે તથા તેમનું જ્ઞાનાવરણીય કર્મ ક્રમે કરીને ક્ષીણતાને પામે એ હેતુથી, એ મહામુનિના ગુરૂ મહારાજાએ, તેમને એટલું જ માત્ર ગોખ્યા કરવા રૂપ પ્રયત્ન કરવાનું જણાવ્યું કે–"**मा रुष, मा तुष।**" પોતાના ગુરૂ મહારાજની આજ્ઞા મુજબ, એ મહામુનિ, "**मा रुष, मा तुष**" એટલાં જ

માત્ર પદોને ગોખવાના પ્રયત્નમાં લાગી ગયા. '**મા રુષ**' એટલે કોઈના ય પ્રત્યે રોષ કરવો નહિ અને '**મા તુષ**' એટલે કોઈના ય પ્રત્યે રાગ કરવો નહિ. ન તો રોષ કરવો ને ન તો રાગ કરવો! ઉપકારી ગુરૂ મહારાજાએ, એ મહામુનિને ગોખવાને માટે પણ કેવાં સુન્દર પદો શોધી આપ્યાં? આટલાં જ પદોના ભાવને જે હૈયે ઉતારી દે, તેનો બેડો પાર થઈ જાય ને?

માષતુષ નામ પડ્યું :

અને, ખરેખર, એ મહામુનિએ એ પદોના ભાવને તો આબાદ હૈયે ઉતારી દીધો. ગુરૂ મહારાજાએ આપેલાં એ પદોને, એ મહામુનિ નિરંતર મોટા અવાજે ગોખવા લાગ્યા; પણ જ્ઞાનાવરણીય કર્મના ઉદયનું જોર એટલું બધું હતું કે– એ પદો પણ એ મહામુનિને અખંડપણે યાદ રહેતાં નહોતાં. '**મા રુષ, મા તુષ**' એટલું ગોખવા માંડતાં વિસ્મૃતિ થઈ જતી અને '**માષતુષ**' થઈ જતું. આથી, તેઓ નાનાં છોકરાંઓના પણ હાસ્યપાત્ર થઈ પડ્યા. છોકરાંઓએ એ મહામુનિને '**માષતુષ**' મુનિના નામથી ઓળખવા અને ઓળખાવવા માંડ્યા. ઘણા લોકો તેમની મશ્કરી અને નિન્દા કરવા લાગ્યા. આમ છતાં પણ, એ મહામુનિ તો, પોતાના તેવા પ્રકારના કર્મોદયને જ યાદ કરતા અને સંવેગ-રસમાં ઝીલતા. એટલું જ નહિ, પણ જ્યારે જ્યારે તેમને કોઈ મશ્કરીમાં પણ '**માષતુષ** નહિ, પણ **મા રુષ, મા તુષ**'– એમ યાદ આપતું, ત્યારે ત્યારે તેમને એમ લાગતું કે– આણે મારા ઉપર ઉપકાર કર્યો.

આદર્શ :

આ કસોટી, એ જેવી-તેવી કસોટી નથી. આવું બે-ચાર દહાડા, બે-ચાર મહિના કે બે-ચાર વર્ષો સુધી ચાલ્યું નથી, પરન્તુ આવું બાર બાર વર્ષો સુધી ચાલ્યું છે. બાર બાર વર્ષો સુધી એકધારો ગોખવાનો પ્રયત્ન ચાલુ રાખવો અને લોકો ગમે તેટલી હાંસી અગર નિન્દા કરે, તો પણ મગજ ઉપરનો કાબૂ ગુમાવવો નહિ તેમ જ સમતારસમાં લીન બન્યા રહેવું, એ ગજબની અસાધારણ બાબત છે. મુનિઓને માટે અને ગૃહસ્થોને માટે પણ, આ એક સદાને માટે હૃદયમાં સ્થાપી રાખવા લાયક ઉદાહરણ છે. છદ્મસ્થ દશામાં આવો એકધારો ઉપશમભાવ કોઈકિ જ ઠેકાળે મળે. એની સાથે જ્ઞાન માટેનો એ મહામુનિનો જે પ્રયત્ન, તે પણ એવો છે કે-એનો જોટો ભાગ્યે જ મળે. આવડે તો ભણે-એવા તો હજુ મળે, પરન્તુ ગમે તેટલી વાર ગોખવા છતાં ય આવડે નહિ અને તેમ છતાં પણ જ્ઞાનોપાર્જનના પ્રયત્નને છોડે નહિ-એવાઓ તો વિરલ જ સમજવા. થોડીક મહેનત કરી અને આવડ્યું નહિ એટલે કંટાળે અને ભણવાનું મૂકી દે-એવો વર્ગ જ મોટો હોય. એ રીતિએ પણ જ્ઞાનોપાર્જનના પ્રયત્નથી દૂર ભાગી જનારાઓને માટે, આ એક સુન્દર, ગજબની પ્રેરણા આપે એવો આદર્શ છે.

અનન્તજ્ઞાની બન્યા :

એ મહામુનિએ, આ રીતિએ બાર બાર વર્ષો સુધી પ્રયત્ન કર્યો. એ પ્રયત્નના પ્રતાપે, એ મહામુનિ ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયા. ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈને, એ મહા-

મુનિએ અન્તર્મુહૂર્ત્ત માત્ર જેટલા સમયમાં જ, ચારે ઘાતિ-કર્મોને ક્ષીણ કરી નાખ્યાં અને એમ એ મહામુનિ પહેલાં શ્રી વીતરાગ બન્યા અને તરત જ અનન્તજ્ઞાની પણ બન્યા. "**मा रुष, मा तुष**" એટલાં પદોનું જ્ઞાન તો શું, પરન્તુ એ મહામુનિને જગતમાં જેટલા જીવ–અજીવાદિ પદાર્થો છે તેનું અને તેના સર્વ પર્યાયોનું પણ સર્વકાલીન જ્ઞાન થયું. આવા મહામુનિઓને તો, આપણે ક્રોડ ક્રોડ વાર નમીએ. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર–ઉભયની પ્રેરણા, આ મહા-મુનિના જીવનમાંથી મળી રહે છે.

ગૃહસ્થવેષમાં છતાં ગૃહસ્થભાવમાં નહિ :

આપણે તો, એ વાત વિચારી રહ્યા હતા કે–જ્ઞાનને અને ચારિત્રને એવો સંબંધ છે કે–જ્ઞાનના નામે પણ ચારિ-ત્રની અવગણના કરી શકાય નહિ. ચારિત્રની પ્રાપ્તિમાં જેમ જ્ઞાન સહાયક બને છે, તેમ જ્ઞાનની પ્રાપ્તિમાં ચારિત્ર પણ સહાયક બને છે; અને સર્વોત્તમ કોટિનું જ્ઞાન તો, સર્વોત્તમ કોટિના ચારિત્ર વિના પ્રાપ્ત થતું જ નથી. અત્ર કોઈ એવો પ્રશ્ન કરે એ સંભવિત છે કે–'જો સર્વોત્તમ કોટિના ચારિત્ર વિના સર્વોત્તમ કોટિનું જ્ઞાન પ્રગટતું જ નથી, તો પછી જેઓ ગૃહસ્થપણે કેવલજ્ઞાની બન્યા, તે શી રીતિએ કેવલજ્ઞાની બન્યા ?' આવો પ્રશ્ન પૂછનારે સમજવું જોઈએ કે–આ માત્ર બાહ્ય ચારિત્રની જ વાત નથી. માત્ર બાહ્ય ચારિત્ર તો, વધુમાં વધુ, નવમા ગ્રૈવેયક સુધીની સ્થિતિને જ પમાડી શકે છે; પરન્તુ જ્યારે બાહ્ય ચારિત્રની સાથે અન્તઃભાવનો સુયોગ સધાય છે, ત્યારે જ એ ચારિત્ર મોક્ષદાયક નિવડે છે. વળી,

જે જે પુણ્યાત્માઓ ગૃહસ્થવેષમાં રહ્યા થકા કેવલજ્ઞાનને પામ્યા છે, તે તે પુણ્યાત્માઓ તે વખતે બાહ્ય દૃષ્ટિએ ભલે ગૃહસ્થવેષમાં હતા, પરન્તુ આભ્યન્તર દૃષ્ટિએ તો તેઓ ગૃહસ્થભાવમાં વર્તતા નહોતા. એ પુણ્યવાનોએ પણ ક્ષપકશ્રેણિ માંડેલી જ. એ પુણ્યવાનો પણ સર્વોત્તમ કોટિના ચારિત્રના પરિણામોના સ્વામી બનેલા જ અને તે પછીથી જ તેઓ કેવલજ્ઞાનને પ્રગટાવવાને માટે સમર્થ બન્યા હતા. એવા પુણ્યાત્માઓ, ક્ષપકશ્રેણિ માંડતાં પહેલાં પણ, ચારિત્રની ભાવનાવાળા તો ખરા જ. એ તો એમને એમનું ચારિત્રમોહ કર્મ નડતર રૂપ હતું, માટે તેઓ સંસારમાં રહેલા હતા. સંસારમાં રહેવા છતાં પણ, એમનું હૈયું સંસારમાં રહેવાને માટે રાજી નહોતું જ.

પ્રયત્ન જારી રાખો તો ધ્યેય યારી આપે :

અહીં, ખરી વાત તો એ વિચારવા લાયક છે કે–'કર્મનો ઉદય ગમે તેટલો જોરદાર હોય, તેમ છતાં પણ જે આત્મા ધીરજથી પોતાના પુરૂષાર્થને ચાલુ રાખે છે, તે આત્મા કેવી સફળતાને પ્રાપ્ત કરી શકે છે !' જ્ઞાનાવરણીય કર્મના ઉદયનું જોર કેવું ? **'मा रुष, मा तुष'** એટલું પણ યાદ રહી શકે નહિ એવું ! અને બારે વર્ષે પરિણામ કેવું આવ્યું ? અનન્તજ્ઞાનનું સંપાદન ! કર્મના જોરદાર ઉદયની સામે પણ આગળ ધપ્યે જવાનો પ્રયત્ન જારી રાખનારાઓ જરૂર ફાવી જાય છે. કર્મના ઉદયને જાણીને નિઃસત્ત્વ બનવું નહિ. કર્મના ઉદયને જાણીને વિચાર કરવો કે–'આ જેમ જોર કરે, તેમ મારે આને તોડવાનો પ્રયત્ન કરવો. એમ કરતાં પડી ય જવાય, પાછા ય પડાય, પણ એનો એ પ્રયત્ન જારી રાખવો.'

એ મહામુનિ ભૂલી જતા, છતાં ગભરાતા નહિ. '**માષતુષ**' તો '**માષતુષ**' પણ એનું રટણ તો એ કર્યા જ કરતા હતા ને ? અને જ્યાં કોઈ યાદ આપે, ત્યાં શુદ્ધ પદોને ગોખવાનો પ્રયત્ન પણ કરતા હતા ને ? એટલે ભૂલ થઈ જાય, મહેનત કરવા છતાં ય તત્કાલ સફલતા ન મળે–એ બધું સંભવિત છે, પરન્તુ પ્રયત્ન જો બરાબર જારી રાખ્યો હોય, તો ધ્યેય ચારી આપ્યા વિના રહે જ નહિ.

જ્ઞાન–જ્ઞાની–જ્ઞાનનાં સાધનોની આશાતના :

એ મહામુનિ તો, જ્ઞાનોપાર્જનનો એટલો બધો પ્રયત્ન કરતા હતા, પણ એમની જેમણે હાંસી અને નિન્દા કરી હશે, તેમણે કેવું કર્મ ઉપાર્જ્યું હશે ? જ્ઞાનને માટેનો અવિરત પ્રયત્ન કર્યા કરનારા મહામુનિની હાંસી અને નિન્દા કરવાથી, કેવું ઘોર જ્ઞાનાવરણીય કર્મ બંધાય ? તેમાં ય, આ તો પાછા ચારિત્રશીલ મહાપુરૂષ હતા ! આજે પણ આવી ગંભીર ભૂલ ઘણાઓ કરે છે. કોઈ બોલવામાં જરાક ભૂલ કરે, એટલે મશ્કરી કરે. કર્મના ઉદયવાળાઓની મશ્કરી કરવી, એ પોતે, એના કરતાં પણ વધારે ભારે કર્મના બોજથી ભારે અનવા જેવું છે. એ મહામુનિએ જ્યારે તેવા પ્રકારનું જ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જ્યું હશે, ત્યારે કાંઈક ગંભીર પ્રકારની જ્ઞાનની અગર જ્ઞાનીની અગર જ્ઞાનનાં સાધનોની આશાતના તો કરી હશે ને ? એ વગર કાંઈ આવું ભયંકર કોટિનું જ્ઞાનાવરણીય કર્મ બંધાય ખરૂં ? ત્યારે વિચાર એ કરવો જોઇએ કે–'આપણે જાણતાં અજાણતાં પણ કોઈ જ્ઞાનીની કે જ્ઞાનના સાધનની અથવા તો જ્ઞાનની આશાતના થાય, એવું તો

કાંઈ કરતા નથી ને ?' કોઈ તોતડા બોબડાને દેખીને પણ તેની હાંસી કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, એ સમજો છો ? એ મહામુનિને એમના જ્ઞાનાવરણીય કર્મનો ઉદય કેવા અવસરે નડ્યો, એની ખબર છે ને ? એ તો, એમની ભવિતવ્યતા સારી કે–એ એટલા બધા પ્રયત્નશીલ બની શકયા; બાકી, એ વખતે જો એમને કંટાળો આવ્યો હોત અને જ્ઞાન પ્રત્યે જ જો દુર્ભાવ જાગ્યો હોત, તો તેઓ કદાચ એથી પણ ઘોર પ્રકારના જ્ઞાનાવરણીય કર્મને ઉપાર્જનારા બનત ને ?

કર્મનું પરવશપણું કેવું છે ?

જેમ આપણે શ્રી નન્દિષેણના પ્રસંગમાં જોયું હતું કે–એ મહાપુરૂષે પોતાના ભોગફલ કર્મને નિષ્ફલ બનાવવાને માટે, તેઓએ વેશ્યાના વચનને સ્વીકાર્યું તે પહેલાં, ભગીરથ પુરૂષાર્થ કર્યો હતો ! અને વેશ્યાને ત્યાં રહ્યે રહ્યે પણ, બાર વર્ષોમાં એમણે પોતાના ચારિત્રમોહ કર્મને નિર્બલ બનાવી દેવાને માટે, રોજ દશ દશને પ્રતિબોધીને ત્યાગી બનાવવાનો ક્રમ જાળવી રાખ્યો હતો ને ? એટલે, જેમને પોતાનું કર્મ જોરદાર છે–એમ લાગતું હોય, તેમણે પણ, એ કર્મને નબળું પાડી દેવાના પ્રયત્નો કર્યા જ કરવા જોઈએ. પરન્તુ આજે પોતાનું કર્મ જોરદાર છે–એવી વાતો કરનારાઓમાં કેટલાઓ કેટલા સાચા છે, એનો વિચાર કરવો પડે તેમ છે. પુરૂષાર્થ કાંઈ કરવો નહિ અને મારૂં કર્મ જોરદાર છે–એમ માત્ર મોંઢેથી બોલવું, એનો અર્થ જ કાંઈ નથી. જો કર્મ જોરદાર હોય, તો કર્મ પ્રત્યેનો રોષ વધે કે ઘટે ? જેને ચારિત્રને સેવવાની

ભાવના હોય, તે જો કર્મના પરવશપણાથી ચારિત્રને સેવી શકતો ન હોય, તો એને કર્મનું પરવશપણું વધારે ખટકવું જોઇએ ને? તમને કર્મનું પરવશપણું ખટકે છે ખરું? વારંવાર તમને એમ થાય છે કે–'ક્યારે મારું કર્મ નબળું પડે અને ક્યારે હું ભગવાને કહેલા માર્ગનો મન–વચન–કાયાથી આરાધક બનું?' ક્યારે હું સંસારને તજીને સંયમને સેવનારો બનું, એમ થાય છે? એવું કાંઈ થતું ન હોય અને કર્મના જોરની વાત કરવી, એ તો બહાનું માત્ર છે.

ચાર અતિશયો સાથે પ્રગટે છે:

ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીના નામની પૂર્વે ટીકાકાર મહર્ષિએ વાપરેલા શ્રી શબ્દ ઉપરથી આ બધી વાતો થઈ. ભગવાનના નામની સાથે 'શ્રી'ની યોજના, એ એમ સૂચવે છે કે–ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજી જ્ઞાનાતિશયથી સમ્પન્ન હતા. ભગવાન જ્ઞાનાતિશયથી સંપન્ન હતા–એમ કહેવાથી, ભગવાન અપાયાપગમાતિશયથી, પૂજાતિશયથી અને વચનાતિશયથી પણ સમ્પન્ન હતા, એમ સમજાઈ જાય એવું છે: કારણ કે–જ્ઞાનાતિશયનું પ્રગટીકરણ, ભગવાન વીતરાગ બને તે પછીથી જ થાય છે અને ભગવાન વીતરાગ બનતાંની સાથે જ, અપાયાપગમાતિશય પ્રગટ થાય છે. અપાયાપગમાતિશયના અને જ્ઞાનાતિશયના પ્રગટીકરણ વચ્ચે જેમ સમયનું કાંઈ આસ છેટું હોતું નથી, તેમ જ્ઞાનાતિશયના પ્રગટીકરણ પછી તરતમાં જ પૂજાતિશય અને વચનાતિશય–એ બે અતિશયો પ્રગટ થઈ જ જાય છે; એટલે ભગવાનના ચારેય અતિશયો સાથે પ્રગટે છે, એમ પણ સ્થૂલ રીતિએ કહેવું હોય તો કહી

શકાય. આથી, એમ પણ કહી શકાય કે–ઘાતિકર્મોના ક્ષયથી કેવલજ્ઞાન થતાં આ ચાર અતિશયો પ્રગટે છે. અહીં તો વાત એટલી જ છે કે–ટીકાકાર મહર્ષિએ અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, પૂજાતિશય અને વચનાતિશય–એ ચારે ય અતિશયોથી સમ્પન્ન એવા ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને નમસ્કાર કર્યો છે.

નમસ્કાર એ ચમત્કાર છે :

નવાંગી ટીકાકાર આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા, આ પંચમાંગસૂત્ર શ્રી ભગવતીજી સૂત્રની ટીકાને રચવાને માટે મંગલની આચરણા કરી રહ્યા છે. તેમાં, સર્વસામાન્ય શ્રી જિનસ્તુતિ કર્યા બાદ અને ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને નમસ્કાર કર્યા બાદ, ટીકાકાર મહર્ષિ, શ્રીમાન્ સુધર્માસ્વામીજીને નમસ્કાર કરે છે. જેમ જેમ નમસ્કરણીયોને વધારે ને વધારે નમસ્કાર થાય, તેમ તેમ નમસ્કાર કરનારનો આત્મા પણ વધારે નિર્મલ થાય. નમસ્કરણીય પૂજ્યોને નમસ્કાર કરનારાઓ, સંસારને તરનારા છે; જ્યારે નમસ્કરણીય પૂજ્યોને નમસ્કાર કરતાં અચકાનારાઓ સંસારમાં લટકનારા તથા ભટકનારા છે, વારંવાર મરનારા છે. નમસ્કરણીય પૂજ્યોને કરાતો નમસ્કાર, એ તો એક ચમત્કાર છે, જાદુ છે, અજબ ઈલ્મ છે, અપૂર્વ વિજ્ઞાન છે, કમાલ કરનારો મંત્ર છે, કે જે હજારો અપમંગલોને હરીને પણ મંગલ કરે છે; પણ એ નમસ્કાર હૈયાના સદ્ભાવપૂર્વકનો હોવો જોઇએ અને એમાં આશયની મલિનતા નહિ હોવી જોઈએ. આશયની મલિનતા નમસ્કારના ફલને મલિન બનાવી દેનારી નિવડે છે.

શ્રી બાહુબલિજીએ નમવામાં નાનમ માની ત્યાં સુધી કેવલજ્ઞાન થયું નહિ :

નમસ્કરણીય પૂજ્યોને નમસ્કાર કરવામાં જ્યાં સુધી નાનમ માની, ત્યાં સુધી શ્રી બાહુબલિજી જેવા ઘોર તપને તપનારા મહાપુરૂષ પણ, કેવલજ્ઞાનને પામી શકયા નહિ. એ પ્રકારે નાનમ માનવાનો એક જ ભાવ, એમને એમની મોટપ મળવામાં અંતરાય કરી રહ્યો હતો. માટે તો એમનાં સંસારીપણાનાં બેન બ્રાહ્મી સાધ્વીજીને–

‘ વીરા! ગજ થકી હેઠા ઉતરો ! ’

—એ પ્રકારે ઉપદેશ આપવો પડયો.

શ્રી બાહુબલિજીને શામાં નાનમ લાગી હતી ? પોતાના નાના ભાઈઓ, કે જે પોતાની પૂર્વે દીક્ષિત બન્યા હતા અને કેવલજ્ઞાન પામ્યા હતા, તેમને વન્દન કરવામાં ! એમાં નાનમ લાગવા જેવું શું હતું ? ભલે એ નાના ભાઇઓ હતા, પણ સન્માન તો કેવલી બનેલા માટે જ કરવાનું હતું ! ત્યાં કાંઈ નાના ભાઈ ગણીને વન્દન કરવાનું નહોતું, પણ કેવલજ્ઞાનને અનુલક્ષીને વન્દન કરવાનું હતું ! નાનો પણ પહેલાં દીક્ષિત થયો ને કેવલજ્ઞાન પામ્યો, એટલે ગુણાધિક વન્દનીય ગણાય.

આ વાતને શ્રી બાહુબલિજી સમજતા જ નહોતા ? શ્રી બાહુબલિજી પણ મહા વિવેકી હતા. શ્રી બાહુબલિજી જો મહા વિવેકી ન હોત, તો એમણે જે સંયોગોમાં પોતાની મુષ્ઠિથી પોતાના મસ્તકના વાળોને ઉખેડી નાખીને સંસારનો ત્યાગ કરી દીધો, એ સંયોગોમાં એમને એવો લોચ કરવાનો અને સંસારને તજીને ભાગવતી દીક્ષાને ગ્રહણ કરવાનો વિચાર

જ આવત નહિ. એમણે તો જેવો વિચાર આવ્યો, તેવો જ તેનો નિર્ણય કરીને, તેનો અમલ પણ કરી દીધો.

એમાં ય, એક વાત તો હતી જ કે–' સંસારને તજી દઉં તે હા, પરન્તુ ભરતની તાબેદારીને તો સ્વીકારૂં જ નહિ.' જો કે–લોચ કર્યો ત્યારે સ્થિતિ જૂદી હતી. મહારાજા શ્રી ભરતને મારવાને માટે જ તેમણે મુષ્ઠિ ઉપાડી હતી, પણ મુષ્ઠિ ઉપાડી અને વિચાર આવ્યો કે–'આનું પરિણામ શું ? મહા અનર્થ ! મોટા ભાઈનું મૃત્યુ ! મારા જ હાથે ?' બસ, એ જ વખતે વૈરાગ્ય જોરદાર બન્યો ને શ્રી ભરત મહારાજાને મારવાને માટે ઉપાડેલી મુષ્ઠિથી જ, પોતે પોતાના મસ્તક ઉપરના કેશોનો લોચ કર્યો. પણ એવો, શ્રી ભરત મહારાજાને મારવાને માટે મુષ્ઠિ ઉપાડવાનો પ્રસંગ, શાથી ઉભો થયો ? શ્રી ભરત મહારાજાની તાબેદારીનો સ્વીકાર કરવો નહોતો માટે !

એ નિમિત્તે, શ્રી બાહુબલિજી વૈરાગ્યના સ્વામી બનીને સંયમી તો બન્યા, પણ માનકષાય ત્યાં ય પોતાનું જોર બજાવે છે. શ્રી બાહુબલિજીને વિચાર આવે છે કે–'અત્યારે જો હું પિતાજીની પાસે જઈશ, તો મારે મારા પૂર્વદીક્ષિત કેવલજ્ઞાની એવા નાના ભાઈઓને વન્દન કરવું પડશે; આથી પહેલાં હું કઠોર સંયમને સાધીને કેવલજ્ઞાની બનું અને તે પછીથી જ પિતાજી એટલે ભગવાન શ્રી ઋષભદેવસ્વામીજીની સેવામાં જાઉં, કે જેથી મારે મારા એ નાના ભાઈઓને વન્દન કરવું પડે નહિ.'

શ્રી બાહુબલિજી જાણતા હતા કે–'કેવલજ્ઞાની કેવલજ્ઞાનીને વાંદે એવો વ્યવહાર નથી.' કેવલજ્ઞાની મુનિઓ ખૂદ ભગવાનને પણ વન્દન કરે નહિ. કેવલજ્ઞાનીઓમાં એમ જોવાનું

નહિ કે–આ પહેલાં કેવલજ્ઞાની થયેલા છે, માટે પછીથી જે કેવલજ્ઞાની થયા હોય તે એમને વન્દન કરે. આથી, શ્રી બાહુબલિજીએ નિર્ણય કર્યો કે–' પહેલાં હું કેવલજ્ઞાનને ઉપાર્જું અને તે પછીથી ભગવાનની પાસે જાઉં ! ' એટલે કેવલી બનેલા પૂર્વદીક્ષિત નાના ભાઇઓને વન્દન કરવામાં એમને નાનમ લાગી ને ?

પણ એમ જે નાનમ લાગી, તે નડી કેટલી ? કેવલજ્ઞાનને પ્રગટવા જ દે નહિ, એવી નડી ! જ્યારે બ્રાહ્મીના શબ્દોથી એ પ્રતિબોધને પામ્યા અને જ્યાં પોતાના નાના ભાઇઓને પણ વન્દન કરવાના વિચારથી પગ ઉપાડ્યો, ત્યાં જ તેમને કેવલજ્ઞાન થયું. એટલે કેવલજ્ઞાન અટકેલું કેટલા પૂરતું ? નાનમ લાગ્યાના ભાવે જ કેવલજ્ઞાનને અટકાવેલું ને ?

પૂજ્યોને નમવામાં જ મોટપ :

નમસ્કરણીય પૂજ્યોને નમસ્કાર કરવામાં નાનમ માનવાની હોય જ નહિ. એ જે નાનમ હોય, તો પણ એમાં મોટપને આપવાની મહાન્ શક્તિ રહેલી છે; જ્યારે એ કહેવાતી નાનમથી જેઓ નાસતા–ભાગતા ફરે છે, તેઓ તો વધારે ને વધારે નાના બનતા જાય છે અને ખરેખરી મોટપ જ તેમનાથી ભાગતી ફરે છે. એટલે વિવેકી આત્માઓએ તો, સદાને માટે, નમસ્કરણીય પૂજ્યોને શુદ્ધ આશયથી શુદ્ધ ભાવે નમવામાં જ, મોટપ માનવી જોઇએ.

શ્રી સુધર્માસ્વામીજીને નમસ્કાર :

ટીકાકાર આચાર્યભગવાને જેમ ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને નમસ્કાર કર્યો છે, તેમ તે પછીથી તરત જ પાંચમા

ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીને પણ નમસ્કાર કર્યો છે. પહેલા ગણધરભગવાન તો શ્રી ગૌતમસ્વામીજી મહારાજા થયા છે; છતાં પણ અહીં શ્રી સુધર્માસ્વામીજીનું નામ દઈને જે નમસ્કાર કરવામાં આવ્યો છે, તેમાં વિશિષ્ટ હેતુ રહેલો છે. જે અંગસૂત્રની ટીકાની રચના કરવાને માટે ટીકાકાર મહર્ષિ ઉદ્યત બન્યા છે, તે અંગસૂત્રના ગ્રથયિતા ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજી છે.

ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીએ તો અર્થથી દ્વાદશાંગી કહી, પરન્તુ એ અર્થને સૂત્રાકારે ગુંથ્યો કોણે ? ગણધરભગવાનોએ. આપણે શરૂઆતમાં એ વાત વિચારી આવ્યા છીએ કે–ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીના શાસનમાં કુલ અગીઆર દ્વાદશાંગીઓ રચાઈ હતી : કારણ કે–ભગવાને અગીઆર ગણધરોની સ્થાપના કરી હતી અને એ દરેક ગણધરભગવાનોએ પોતપોતાની દ્વાદશાંગીની રચના કરી હતી. એ અગીઆર દ્વાદશાંગીઓમાં, એક માત્ર પાંચમા ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ રચેલી દ્વાદશાંગી જ, શ્રી વીર પ્રભુના શાસનમાં પરંપરાએ પ્રવર્તમાન રહી.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ ગણધરોની સ્થાપના કરતાં, સૌથી પહેલાં શ્રી ગૌતમસ્વામીજીના મસ્તક ઉપર વાસક્ષેપ કર્યો હતો; પરન્તુ તે પછીથી તરત જ પાંચમા ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીને આગળ રાખીને ગણની અનુજ્ઞા આપી હતી, કારણ કે–અગીઆરેય ગણધરોમાં ચિરંજીવ ગણધર એ જ હતા.

બીજા બધા ય ગણધરોએ અન્તમાં પોતપોતાનો ગણ શ્રી સુધર્માસ્વામીજીને જ સુપ્રત કર્યો હતો. આથી, ભગવાન શ્રી

મહાવીર પરમાત્માના શાસનમાં જે કોઈ શ્રમણો થાય, તે બધા ય શ્રી સુધર્માસ્વામીજીના સંતાન રૂપ ગણાય છે.

શ્રી સુધર્માસ્વામીજીનો જન્મ, કુલ્લાગ નામના સન્નિવેશમાં બ્રાહ્મણકુળમાં થયો હતો. તેમના પિતાનું નામ ધમ્મિલ હતું અને તેમની માતાનું નામ ભદ્દિલા હતું. તેઓ ચૌદ વિદ્યાના પારગામી બન્યા હતા અને જેમ શ્રી ઈન્દ્રભૂતિજી પોતાને સર્વજ્ઞ માનતા હતા, તેમ આ સુધર્માસ્વામીજી પણ પોતાને સર્વજ્ઞ માનતા હતા. શ્રી ઈન્દ્રભૂતિજી આદિના દીક્ષાપ્રસંગની હકીકતને તો તમે જાણતા જ હશો. શ્રી સુધર્માસ્વામીજી પોતાની પચાસ વર્ષની ઉમ્મરે ભગવાન શ્રી મહાવીર પરમાત્માની પાસે દીક્ષિત થયા હતા. તેમના દીક્ષિત થયા બાદ, ભગવાન શ્રી મહાવીર પરમાત્મા, ત્રીસ વર્ષો જેટલા સમય સુધી વિહરમાન રહ્યા, પણ તેટલા સમયમાં તેમને કેવલજ્ઞાન થયું નહિ. ભગવાન નિર્વાણને પામ્યા બાદ બાર વર્ષોનો સમય જતાં, શ્રી સુધર્માસ્વામીજીને કેવલજ્ઞાન થયું. એટલે પોતાની ઉંમરનાં બાણું વર્ષો વ્યતીત થયે છતે, પાંચમા ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજી કેવલજ્ઞાનને પામ્યા. કેવલજ્ઞાનને પામ્યા બાદ, એ પુણ્યપુરૂષ આઠ વર્ષ પર્યન્ત જીવ્યા અને સો વર્ષના આયુષ્યકર્મને ભોગવીને તેઓ મોક્ષે ગયા.

અગીઆર ગણધરોમાં, સૌથી છેલ્લે શ્રી સુધર્માસ્વામીજી મોક્ષે ગયા અને એમની જ પાટપરંપરા આજે ચાલુ છે. આથી, પહેલાં, દ્વાદશાંગીને અર્થથી પ્રરૂપનારા ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને નમસ્કાર કર્યા બાદ, ટીકાકાર મહર્ષિએ, આ શ્રી ભગવતીજી સૂત્ર રૂપ પાંચમા અંગસૂત્રને ગુંથનારા પાંચમા ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીને નમસ્કાર કર્યો છે.

આમાં આશાતના નથી :

આ રીતિએ નમસ્કાર કરવામાં, શ્રી ગૌતમસ્વામીજી આદિની આશાતના થાય છે–એવું કાંઈ છે જ નહિ. જેમ ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને નમસ્કાર કર્યો–એથી ભગવાન શ્રી ઋષભદેવસ્વામીજી આદિ ભગવાનોની આશાતના થઈ–એમ કહેવાય નહિ, તેમ શ્રી સુધર્માસ્વામીજીને નમસ્કાર કર્યો–એથી શ્રી ગૌતમસ્વામીજી આદિની આશાતના થઈ–એમ કહેવાય નહિ; કારણ કે–ભગવાન શ્રી ઋષભદેવસ્વામીજી આદિને નમસ્કાર નહિ કરવો અગર તો ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામીજી આદિને નમસ્કાર નહિ કરવો–એવું પણ, ટીકાકાર મહર્ષિના હૈયામાં હતું નહિ અને ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને નમસ્કાર કરવા દ્વારા તેમના કરતાં ભગવાન શ્રી ઋષભદેવસ્વામીજી આદિને અગર તો ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીને નમસ્કાર કરવા દ્વારા ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામીજી આદિને હીન બતાવવા, એવું પણ ટીકાકાર મહર્ષિના હૈયામાં હતું નહિ. જે ગુણોથી સર્વે સમાનપણે સમ્પન્ન હોય, તે જ ગુણોને આગળ ધરીને, 'અમુક વિશેષ જ હતા' અથવા 'અમુક જ વિશેષ હતા'–એમ કહેવાય, તો તો ત્યાં કહેવું પડે કે–આશાતના છે. એમાં ભલે એકની પ્રશંસા રહી, પણ એમાં એકની પ્રશંસાના નામે અન્યની આશાતના છે, એમ કહેવું પડે; પણ આમાં તો એવું કાંઇ છે જ નહિ. આ તો જે કાર્ય પ્રસ્તુત છે, તે કાર્યનો જેમની જેમની સાથે વધુમાં વધુ સમ્બન્ધ છે, એ સમ્બન્ધને લક્ષ્યમાં લઈને, તેમને તેમને યથાસ્થાને નમસ્કાર કરાયો છે.

શ્રી સુધર્માસ્વામીજીની લક્ષ્મી :

ટીકાકાર મહર્ષિએ અહીં પણ નમસ્કાર કરતાં '**श्रीमते च सुधर्मणे**' એમ કહીને, પાંચમા ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીને પણ 'શ્રીવાળા' તરીકે વર્ણવ્યા છે. એમની શ્રી કયી ? આવા મહાપુરૂષોની શ્રી, તે બાહ્ય લક્ષ્મી નહિ જાણવી, પણ આભ્યન્તર લક્ષ્મી જાણવી. પ્રભુના શાસનમાં આત્મ-લક્ષ્મીની જ ખરી કિંમત છે. એની જ મહત્તા છે. કોરી બાહ્ય લક્ષ્મીની કાંઈ કિંમત જ નથી. બાહ્ય લક્ષ્મીની સાચી સફળતા પણ, આત્મિક લક્ષ્મીના યોગે જ સાધી શકાય છે. આ મહાપુરૂષે બાહ્ય લક્ષ્મીને તો તજી દીધી હતી. બાહ્ય લક્ષ્મીમાં જોડાવાથી કોઈ મહાપુરૂષ થયા નથી. શ્રી સુધર્મા-સ્વામીજી જ્યારે દીક્ષિત બન્યા અને શ્રી ગણધરપદને પામ્યા, ત્યારે એ કેવલજ્ઞાની નહિ હતા. કેવલજ્ઞાની નહિ હોવા છતાં પણ, એમણે એ વખતે ચૌદ પૂર્વની પણ રચના કરી હતી, એટલે એ શ્રુતકેવલી તો ખરા જ. બધા જ ગણધરભગવાનો શ્રુતકેવલી તો હોય જ. એ પણ, એ મહાપુરૂષોની મોટી લક્ષ્મી ગણાય. આથી જ, તેમના નામનું ઉચ્ચારણ કરતાં, તેમના નામની પૂર્વે શ્રીમત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

ગણધરભગવાનનો ય ઉપકાર :

અત્ર કોઈ કહેશે કે–' ભગવન્તે કહ્યું ત્યારે ગણધરોએ ગુંથ્યું ને ? ભગવન્તે કહ્યું જ ન હોત, તો ગણધરો ગુંથત શી રીતિએ ? માટે ઉપકાર તો ભગવાનનો !' તો એ વાત બરાબર નથી. કહેનારનો ઉપકાર તો છે જ, પરન્તુ ગુંથના-રનો ય ઉપકાર છે. ગણધરોએ દ્વાદશાંગીને ગુંથી, તો તેની

શિષ્યોને વાચના આપી શકાઇ. શ્રી સુધર્માસ્વામીજી રોજ પાંચ સો પાંચ સો શિષ્યોને વાચના આપતા હતા. જે કાળે પ્રભુ વિદ્યમાન હતા, તે કાળે પણ સાધુઓને દ્વાદશાંગી મળી તો ગણધરભગવાનોથી જ! વળી ભગવાને તો માત્ર ત્રિપદી જ કહી હતી ને? ભગવાનના શ્રીમુખેથી ત્રિપદી માત્રનું શ્રવણ કરવાના સુયોગે, દ્વાદશાંગીની રચના કરવા જેવું સામર્થ્ય તો, ગણધરભગવાનોનું જ ગણાય ને? એ જ ત્રિપદીને અન્ય કોઈ ખૂદ ભગવાનના શ્રીમુખેથી સાંભળે, તો પણ એના શ્રવણ યોગે, ગણધરભગવાનોના આત્માઓને જેવો બોધ થાય છે તેવો બોધ, કોઈને થાય નહિ અને બીજો કોઈ એટલું સાંભળી લઈને દ્વાદશાંગીની રચના પણ કરી જ શકે નહિ. એવા પ્રકારની શક્તિ તો, ગણધરભગવાનોના આત્માઓને માટે જ અનામત રહી છે અને રહેશે.

પૂર્વકાલીન સર્વ મહાપુરૂષોને નમસ્કાર:

ટીકાકાર મહર્ષિ, ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને અને ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીને નમસ્કાર કરીને મંગલાચરણમાં અટકી ગયા છે, એવું પણ નથી. ટીકાકાર મહર્ષિએ તો, '**सर्वानुयोगवृद्धेभ्यः**'–એમ જણાવીને, પોતાની પહેલાં થયેલા સર્વ મહાપુરૂષોને પણ નમસ્કાર કર્યો છે. કારણ? અંગસૂત્રો આદિ પોતા સુધી પહોંચ્યાં, એમાં એ સર્વ મહાપુરૂષોનો હિસ્સો પણ છે અને તે પણ જેવો–તેવો ઉપકાર નથી. ભગવાને દ્વાદશાંગીને અર્થથી કહી અને ગણધરદેવોએ દ્વાદશાંગીને સૂત્ર રૂપે ગુંથી, પણ એને યથાશક્ય જાળવીને, સાચવી–સંભાળીને, મહાપુરૂષોએ જેટલા પ્રમાણમાં બની શકે તેટલા

પ્રમાણમાં એને અસ્તિત્વમાં રાખી ન હોત, તો આપણને એમાંનું કાંઈ પણ મળી શકત શી રીતિએ ? એટલે, એ મહાપુરૂષોનો પણ ઉપકાર તો ખરો જ. આ રીતિએ નમસ્કાર કરવામાં, ગુણવન્તોનું ગૌરવ તો છે જ, પરન્તુ એ મહાપુરૂષોએ કરેલો ઉપકાર લક્ષ્ય બહાર નથી, એમ પણ એ દ્વારાએ જણાવી શકાય છે અને એમ કરીને કૃતજ્ઞતા ગુણનું મહત્ત્વ પણ સમજાવી શકાય છે. અહીં સુધી દ્વાદશાંગીનું જે શ્રુત આવ્યું, તે આવ્યું કોના દ્વારા ? કહેવું જ પડશે કે–આચાર્યોની પરંપરા દ્વારા. ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજી તો, ભગવાન શ્રી મહાવીર પરમાત્મા નિર્વાણને પામ્યા પછીથી, વીસે વર્ષે જ મોક્ષે ગયા; એટલે તેમની પછીની વચલી બધી આચાર્યપરંપરા આ વાણીને ધારણ કરનારી બની. એ આચાર્યોએ, આચાર્યોની પરંપરાએ શિષ્યોને યોગોદ્વહન કરાવી કરાવીને સૂત્રો ભણાવ્યાં અને એના પરમાર્થને જણાવ્યો. એ રીતિએ, સૂત્રો સચવાતાં સચવાતાં આવ્યાં. ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ, અન્તિમ કેવલી શ્રી જમ્બૂસ્વામીજીને ગણ સુપ્રત કર્યો અને તે પછીથી તો, આ ટીકાકાર મહર્ષિ આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા થયા ત્યાં સુધીમાં તો, સંખ્યાબંધ આચાર્યો, શ્રુતધરો થઈ ગયા. ટીકાકાર મહર્ષિ સમજે છે કે–એ બધા મહાપુરૂષોના પ્રતાપે જ, આટલું પણ શ્રુત અમને પ્રાપ્ત થવા પામ્યું છે. આથી, ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને અને પાંચમા ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીને નમસ્કાર કર્યા પછીથી, ટીકાકાર મહર્ષિએ '**सर्वानुयोगवृद्धेभ्यः**'–એમ કહીને, ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીના શાસનમાં, શ્રી સુધર્માસ્વા-

મીજીની પાટપરંપરાએ થઈ ગએલા, સર્વેય મહાપુરૂષોને નમસ્કાર કર્યો છે.

આત્મામાં આ દૃષ્ટિ પેદા થવી જોઈએ:

આ રીતિએ એવા પુણ્યપુરૂષોને નમસ્કાર કરવાનું મન ક્યારે થાય ? એ પુણ્યપુરૂષોએ જે ઉપકાર કર્યો છે, તે ઉપકાર પરમ ઉપકાર તરીકે આપણા હૈયામાં વસે ત્યારે ને ? ભગવાન શ્રી જિનેશ્વરદેવનો, ગણધરભગવાનનો અને તે પછીની આચાર્યપરંપરાનો ઉપકાર તો અનુપમ છે, જેની જોડી ન મળી શકે એવો છે, જે ઉપકાર વિના આપણો કદી પણ ઉદ્ધાર ન થાય એવો છે અને જે ઉપકારને આપણે ઝીલી શકીએ તો આપણો પરમોદ્ધાર પણ થયા વિના રહે નહિ એવો એ ઉપકાર છે; પરન્તુ એ દૃષ્ટિ, આપણા આત્મામાં પેદા થવી જોઇએ ને ? આપણા આત્મામાં એ દૃષ્ટિ પેદા થયા વિના, આપણે, ભગવાન શ્રી જિનેશ્વરદેવો આદિને સાચો, હૈયાના વિશુદ્ધ અને ઉલ્લાસ પામતા ભાવપૂર્વકનો નમસ્કાર કરી શકીએ જ નહિ. આપણને જ્યારે એમ થઈ જાય કે– 'આ ભગવન્ત આદિએ મોક્ષમાર્ગને સ્થાપીને અને એને વહેતો રાખીને, અનાદિકાળથી સંસારમાં ભટકતા એવા આપણને, સંસારથી એટલે કે સઘળાં ય દુઃખોથી છૂટવાની જે આપણી ભાવના, તે ભાવના ફળે એવો માર્ગ દર્શાવવાનો આપણા ઉપર ઉપકાર કર્યો છે.' ત્યારે આપણે ભગવાન શ્રી જિનેશ્વરદેવો વિગેરેને જે નમસ્કાર કરીએ, એ નમસ્કાર એવો હોય કે–માત્ર માથું જ નમતું ન હોય, પણ એ તારકોના ચરણે જાણે હૈયું ઢળી પડતું હોય.

વાણીનો ઉપકાર :

આ ટીકાકાર મહર્ષિને એ દૃષ્ટિ પ્રાપ્ત થએલી હતી. આવા પ્રકારની દૃષ્ટિ, એ મહાપુરૂષના આત્મામાં, ઘણી નિર્મળ હતી. આથી જ, તેઓએ સર્વસાધારણ શ્રી જિનસ્તુતિ કરીને, વર્ત્તમાન શાસનના સ્થાપક ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીને, વર્ત્તમાન દ્વાદશાંગીના પ્રણેતા શ્રી સુધર્માસ્વામીજીને અને અનુયોગ દ્વારા શ્રુતનું સંરક્ષણાદિ કરનારા મહાપુરૂષોને નમસ્કાર કર્યા બાદ, '**वाण्ये सर्वविदस्तथा**'–એ પ્રમાણે કહીને, શ્રી સર્વજ્ઞ ભગવંતની વાણીને નમસ્કાર કર્યો છે. ટીકાકાર મહર્ષિએ પૂર્વે જે બધાને નમસ્કાર કર્યા, તે બધામાં મુખ્ય કારણ રૂપે તો વાણી જ છે ને ? કેમ કે–એ બધાએ જે ઉપકાર કર્યો છે, તે વાણી દ્વારાએ કર્યો છે. જો પ્રાણીને આ વાણી જ ન મળે, તો તે દેવ–ગુરૂ–ધર્મ તથા પરંપરાને શી રીતિએ પિછાની શકે ? સારી રીતિએ ગુણની ખાણી રૂપ વાણીને હૃદયમાં ઉતારી હોય, તો બધા યાદ આવે. આપણે ભગવાનને પણ નમસ્કાર મુખ્યત્વે વાણીના કારણે કરીએ છીએ. પ્રભુએ વાણીનો વિકાસ કરીને શાસનની સ્થાપના કરીને ઉપકાર કર્યો છે. પ્રભુની સાથેનો આપણો સંબંધ, પ્રભુએ વાણી દ્વારા શાસન સ્થાપ્યું તે છે. ભગવાનની વાણીના મર્મને પામીને જે ભગવાનને પૂજતો હોય, તે સંસારથી ધ્રુજતો હોય. આવો આત્મા, સાચી રીતિએ અને સારી રીતિએ ભગવાનની પૂજા કરનારો બને છે. સમ્યગ્દૃષ્ટિ પુણ્યાત્માની ભાવના, શ્રી જિનને પૂજતાં જિન થવાની હોય, વીતરાગ બનવાની હોય. ભગવાનની પૂજા વિધિપૂર્વક અને કેવળ આત્માના ઉદ્ધારને માટે

થાય, તો તે ક્રિયા તદ્‌હેતુ–ક્રિયા તથા અમૃત–ક્રિયા બને છે. દ્રવ્યપૂજાને ભાવપૂજાની પ્રાપક બનાવવાની છે. શ્રી જિનાજ્ઞાનું પાલન, એ મોટી ભાવપૂજા છે. શ્રી જિનાજ્ઞાના પાલન રૂપ ભાવપૂજાને કરનારા પુણ્યાત્માઓ, અવશ્ય વીતરાગ અને સર્વજ્ઞ બને છે.

સર્વજ્ઞવાણી સર્વ નયોથી સંપૂર્ણ :

શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીનો પ્રભાવ જ એ છે કે–તે હૃદયસ્થ બને તો તરી શકાય છે. મહા હિંસકોને–'માર, માર' કરતા આવ્યા હોય તેમને, ઠારવામાં–ક્રૂરતાને ચૂર ચૂર કરવામાં, શૂરતા આપનારી વાણી છે. મીઠી વાણી ભલભલાને મુગ્ધ બનાવે છે. કટુ વાણી શાન્તને પણ ક્રુદ્ધ બનાવે છે. શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણી સર્વ નયે પૂરી છે. વાચકશેખર શ્રીમદ્ યશોવિજયજી ગણિવર મહારાજની વાણીની પ્રશંસા કરતાં, શ્રી દેવચંદ્રજી કહે છે કે–

'વાણી વાચકજશ તણી રે, કોઈ નયે ન અધુરી રે!'

આ પદ્ય વાક્યમાં બીજી વાત પણ કહી દીધી. વાચકોમાં યશવાળા ભગવાન છે અને ભગવાનની વાણી કોઈ પણ નયે અધુરી નથી, પરન્તુ સર્વ નયોથી સંપૂર્ણ છે.

આરાધે તે તરે ને વિરાધે તે ડૂબે :

એ વાણી, જ્યાં સુધી જેના કાનમાં નથી પડી, ત્યાં સુધી તે ભવરાનમાં છે; ત્યાં સુધી જીવ ચોરાશીના સ્થાનમાં છે. આ વાણી એવી છે કે–જીવમાં જો લાયકાત હોય, તો જીવને ભાનમાં લાવે. જીવ ભાનમાં આવે, તો તેને માટે વાણી સફળ; બાકી તો, ભલે ને કાઉસ્સગ્ગ કરતો હોય, પ્રતિક્રમણ

કરતો હોય, સ્તુતિ વિગેરે કરતો હોય, પણ એ બધું ય કાનમાં ! આ વાણી જો યોગ્ય પાત્રે પડે, તો જીવ ભાનમાં આવ્યા વિના રહે નહિ. જીવોનું તમામ કલ્યાણ કરનારી વાણી છે. હિંસકોને, ભયંકર પાપિઓને વાણી ઠારે છે. કોઇને સુધારવો હોય, તો પણ વાણી કામ કરે છે. વિષય, કષાય, સમતાભાવ, ખેંચતાણ પણ વાણીથી જ છે ને? જગતમાં ક્લેશ પણ વાણી કરાવે છે. ક્લેશકર, દુઃખદાયક વાણી સર્વજ્ઞની નથી. ક્લેશને હરનારી વાણી શ્રી વીતરાગની છે. શ્રી વીતરાગની વાણીને અનુકૂળ રહેનારો તરે અને શ્રી વીતરાગની વાણીને પ્રતિકૂળ રહેનારો મરે. દ્વાદશાંગીના યોગને પામીને, આરાધીને, અનન્તા તર્યા તથા વિરાધીને અનન્તા મર્યા. દ્વાદશાંગી સ્વતન્ત્રપણે નથી તો કોઇને તારતી કે નથી તો કોઇને ડૂબાવતી, પરન્તુ એની આરાધના કરનારા પોતાની આરાધનાના બળે તરે છે અને એની વિરાધના કરનારા પોતાની વિરાધનાના કારણે ડૂબે છે. પ્રભુની વાણી તો એવી પ્રભાવક છે કે–સિંહ જેવા હિંસક પ્રાણિએ પણ એક વાર સાંભળી, તો એને તરત ખ્યાલ આવ્યો અને એણે હિંસાને તજી દીધી. પ્રભુની વાણીનો પ્રભાવ જ એવો છે, પણ નાલાયકો તો સઘળા ય સારાના પ્રભાવને હોઇયાં કરી જનારા હોય છે.

સર્વ કલ્યાણનું મૂળ સર્વજ્ઞવાણી :

દુનિયાને ફ્રાની કરનારી વાણીને વદનારા તો ઘણા છે, પણ દુનિયાને શાણી બનાવનારી વાણીને વદનારા વિરલ છે. એવા પણ વિરલોને પેદા કરનારી શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણી છે. આ સંસારમાં જે કાંઈ પણ સારૂં છે, તે શ્રી સર્વજ્ઞ ભગવાનની

વાણીમાં છે. આ સંસારમાં જે કાંઈ પણ સારૂં છે, તે શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીના પ્રતાપે જ છે. સારાની સારા તરીકેની પિછાન પણ, શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીના પ્રતાપે જ થાય છે. જીવે, પોતાના અને પરના કલ્યાણને માટે, શું તજવા જેવું છે અને શું સેવવા જેવું છે, જે તજવા યોગ્ય છે તે શાથી તજવા યોગ્ય છે અને જે સેવવા યોગ્ય છે તે શાથી સેવવા યોગ્ય છે, એને જણાવનાર શ્રી સર્વજ્ઞ ભગવાનની જ વાણી છે. બીજા જે કોઈ મહાપુરૂષોએ એ વાત કહી, તે શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીના આધારે કહી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર–એ ત્રણેયનું મૂળ શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણી છે. એટલે કલ્યાણ માત્રનું મૂળ શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણી છે. આથી જ, ટીકાકાર મહર્ષિ ઉપકારિઓને યાદ કરી કરીને નમસ્કાર કરતાં, શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીને નમસ્કાર કરવાને પણ ચૂકયા નથી. શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીને પણ નમસ્કાર કર્યા પછીથી જ, તેઓએ, પોતે કયા કાર્યનો કયી રીતિએ આરંભ કરે છે, તે જણાવ્યું છે.

બીજા શ્લોકનો ત્રીજા શ્લોક સાથેનો સંબંધ :

ટીકાકાર મહર્ષિએ, ત્રીજા શ્લોકમાં પોતાના અભિધેયનું સ્પષ્ટીકરણ કર્યું છે. બીજા શ્લોકમાં ભગવાન શ્રી વર્ધમાન-સ્વામીજી આદિને નમસ્કાર કરતાં, '**नमामि** એટલે કે હું નમસ્કાર કરૂં છું.' અથવા તો '**नमः** એટલે કે નમસ્કાર હો !'–એ પ્રમાણે નહિ કહેતાં, '**नत्वा** એટલે કે નમસ્કાર કરીને'–એ પ્રમાણે કહ્યું છે. **नमामि** અગર તો **नमः**–એ પ્રમાણેનું પદ હોત, તો તો બીજા શ્લોકની વાત બીજા શ્લોકમાં

જ પૂર્ણ થઇ જાત; પરન્તુ **नत्वा** એવા પદનો પ્રયોગ કરીને, ટીકાકાર મહર્ષિએ, બીજા શ્લોકમાં કહેલી વસ્તુની સાથે, ત્રીજા શ્લોકમાં કહેવાતી વસ્તુને સંબંધ છે–એમ જણાવ્યું છે. બીજો શ્લોક, એ એક અપૂર્ણ વાકય છે; જ્યારે બીજો શ્લોક અને ત્રીજો શ્લોક–એ બન્ને ય મળીને, એક પૂર્ણ વાકય બને છે. કોઈ માણસ જો 'હું ગામ જઇને' અથવા તો 'હું અમુક કામ કરીને' એટલું બોલે, તો એને સાંભળનાર ઝટ સમજી જાય છે કે–આને આગળ બોલવાનું બાકી છે. એમ અહીં પણ, ટીકાકાર મહર્ષિએ બીજા શ્લોક દ્વારા, એમ ફરમાવ્યું છે કે– 'શ્રી વર્ધમાનસ્વામીજીને, શ્રીમાન્ સુધર્માસ્વામીજીને, સર્વ અનુયોગવૃદ્ધોને અને સર્વજ્ઞની વાણીને નમસ્કાર કરીને' એટલે એમ સમજાઈ જાય છે કે–ટીકાકાર મહર્ષિને આગળ કાંઈક કહેવાનું અવશ્ય બાકી છે અને જે કહેવાનું છે, તે પહેલા કહેલાની સાથે સંબંધ ધરાવે છે. ત્રીજા શ્લોકમાં ટીકાકાર મહર્ષિએ ફરમાવ્યું છે કે–' આ પાંચમા અંગસૂત્રની જે ટીકા તથા ચૂર્ણી છે તેને અને શ્રી જીવાભિગમ વિગેરે સૂત્રો છે, તેની જે જે વૃત્તિઓ છે–તેના અંશોને સમ્યક્ પ્રકારે યોજીને, આ પાંચમા અંગસૂત્રનું હું કાંઇક વિશેષપણે વિવરણ કરું છું.' એટલે કે– પાંચમા અંગસૂત્રનું કાંઇક વિશેષપણે વિવરણ કરવું, એ ટીકાકાર મહર્ષિએ પોતે કરવા ધારેલું કાર્ય છે. એ કાર્યને કરવાની પોતાની વિચારણાનો ખ્યાલ આપતાં, તેઓશ્રીએ કહ્યું છે કે– 'હું એ કાર્યને, આ સૂત્રની જે ટીકા અને ચૂર્ણી છે તેને તેમ જ શ્રી જીવાભિગમ સૂત્ર આદિ સૂત્રોની વૃત્તિઓના અંશોને સમ્યક્ પ્રકારે યોજીને, કરવાનો છું.' ત્રીજા શ્લોકમાં કહેલી આ વાત તો, બીજા શ્લોક સાથે સંબંધ રાખ્યા વિના પણ,

કહેવાય એવી છે ને? કોઈ જો બીજા શ્લોકને બોલ્યા વિના જ આ ત્રીજા શ્લોકને બોલે, તો આ ત્રીજા શ્લોકમાં કહેવાએલી વસ્તુને બીજા શ્લોકમાં કહેવાએલી વસ્તુની સાથે સંબંધ છે—એવી કલ્પના આવી શકે નહિ; પરન્તુ કોઈ જો બીજા શ્લોકને બોલે, તો ઝટ કલ્પના આવે કે—આ શ્લોકમાં કહેવાએલી વાતને આગળ જે વાત કહેવાવાની છે, તેની સાથે સંબંધ છે, કારણ કે—બીજા શ્લોકમાં **નત્વા** એવા પદનો પ્રયોગ કરાએલો છે.

ત્રીજા શ્લોક સાથેના સંબંધથી શું સૂચિત કરાયું છે?

આમ, બીજા શ્લોકનો, ત્રીજા શ્લોકની સાથે સંબંધ રાખવાનું કારણ શું? ખરેખર, આ સંબંધને રાખીને, ટીકાકાર મહર્ષિએ ઘણું ઘણું મૂક સૂચન કરી દીધું છે. જે કાર્યને કરવાને માટે હું પ્રવર્તમાન થાઉં છું, તે કાર્યને ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીની સાથે પણ સંબંધ છે, ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીની સાથે પણ સંબંધ છે, અનુયોગવૃદ્ધ એવા સર્વની સાથે પણ સંબંધ છે અને શ્રી સર્વજ્ઞ ભગવાનની વાણીની સાથે પણ સંબંધ છે—એમ, ટીકાકાર મહર્ષિએ બીજા શ્લોકનો ત્રીજા શ્લોકની સાથે સંબંધ રાખીને, સૂચિત કરી દીધું છે. એ સંબંધ કેવા પ્રકારનો છે, એ વિષે તો આપણે અગાઉ વાત થઈ ગઇ છે, એટલે તેના પુનરુચ્ચારણની અહીં આવશ્યકતા છે નહિ. આ ઉપરાન્ત, બીજા શ્લોકનો ત્રીજા શ્લોકની સાથે સંબંધ રાખીને, ટીકાકાર મહર્ષિએ ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજી આદિ પ્રત્યેના પોતાના સમર્પિતભાવને, સેવકભાવને અથવા તો એ સર્વ પ્રતિની પોતાની વફાદારીના

ભાવને પણ સૂચિત કર્યો છે. 'ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજી આદિને નમસ્કાર કરીને હું આ કાર્યને કરું છું'–એમ કહેવાનું તાત્પર્ય એ છે કે–'હું એવું જ કહીશ, કે જે આ બધાને નમસ્કાર કરનારને કહેવું શોભે અથવા તો આમાંના કોઈને પણ કિંચિદ્ માત્રેય દૂષણ લાગે એવું હું કહીશ નહિ!'

આધાર લઈને બોલવાની શાસનની પદ્ધતિ :

ત્રીજા શ્લોકમાં પણ, ટીકાકાર મહર્ષિએ, એ વાત સ્પષ્ટ કરી દીધી છે કે–આ ટીકા હું સ્વતન્ત્રપણે રચવાનો નથી. સ્વતન્ત્રપણે એટલે નિરાધારપણે હું આ ટીકાને રચવાનો નથી. ટીકાકાર મહર્ષિ કહે છે કે–'હું આધાર લેવાનો છું' અને પોતે કોનો કોનો આધાર લેવાના છે, તેનો નિર્દેશ પણ તેમણે કર્યો છે. શ્રી જૈન શાસનની આ પદ્ધતિ છે. આધાર લીધા વિના કોઇ બોલે જ નહિ. ભગવાન શ્રી જિનેશ્વરદેવો તો, કેવલજ્ઞાન થયા પછીથી જ ધર્મતીર્થની સ્થાપના કરે છે, એટલે એ તારકોને તો બીજા કોઈના ય આધારની અપેક્ષા રહેતી નથી; પરન્તુ, એ સિવાયના જે કોઈ હોય, તેમણે જો ઉત્સૂત્રકથનાદિથી બચીને સત્યવાદી જ બન્યા રહેવું હોય, તો યોગ્યનો આધાર લેવો જ જોઈએ. દ્વાદશાંગીની રચના કરવા જોગા સામર્થ્યને ધરનારા ગણધરભગવન્તોએ પણ, પહેલાં ભગવાનનાં વચનોનો આધાર લીધો અને એથી જે કાંઈ કહ્યું, તે ભગવાનના નામે જ કહ્યું. સર્વજ્ઞ–વચનનો કેટલો બધો મહિમા છે? એના આધારને ગ્રહણ કરીને જે કોઈ ચાલે, તે સ્વયં તરે અને બીજાઓના પણ તરવાના આધાર રૂપ બને. શ્રી સુધર્માસ્વામીજીની પાટે થયેલા શ્રી જમ્બૂસ્વામીજીએ પણ આધાર

લીધેલો. એ પછીના મહાપુરૂષોએ પણ આધાર લીધેલો.

નિરાધારપણે બોલવાને નાલાયક :

શ્રી જૈન શાસનની આ જ પદ્ધતિ છે. શ્રી જૈન શાસનમાં નિરાધારપણે બોલવાનો તો છદ્મસ્થ એવા કોઈને ય વસ્તુતઃ અધિકાર નથી, કારણ કે–છદ્મસ્થો નિરાધારપણે બોલવાને માટે નાલાયક છે. જ્યાં સુધી પૂર્ણ જ્ઞાનનો અભાવ, ત્યાં સુધી નિરાધારપણે બોલવાને માટેની નાલાયકાત. પોતાની આવા પ્રકારની નાલાયકાતને સમજવી અને સ્વીકારવી, એ પણ બધાઓથી બનતું નથી. પોતાની નાલાયકાતને સમજવી અને સ્વીકારવી, એ પણ તથાપ્રકારની લાયકાતવાળા આત્માઓથી જ બને છે. ઉચ્છૃંખલ આત્માઓ તો, 'હું'કારનો જ ભોંકાર કરતા હોય છે. પીઠ પાછળનું કે પડદા પાછળનું જાણવાની પણ જેઓમાં શક્તિ નથી, એવાઓ ય કેટલીક વાર પોતે મહા જ્ઞાની હોવાનો દાવો કરતા જોવાય છે. જ્યારે પીઠ પાછળનું કે પડદા પાછળનું જાણી શકે–એવા પણ જ્ઞાનિઓ કહે છે કે–'જ્યાં સુધી અમે સર્વ પદાર્થોના સર્વકાલીન સર્વ પર્યાયોને જાણી શકીએ નહિ, ત્યાં સુધી અમારે શ્રી સર્વજ્ઞ ભગવાનના વચનનો આધાર લેવો જ જોઇએ.' માણસ માત્રે વિચાર કરવો જોઇએ કે–જ્યાં સુધી મારાથી ભૂલ થવાનો સંભવ છે, ત્યાં સુધી મારે શ્રી સર્વજ્ઞ ભગવાનના વચનનો આધાર લેવો જ જોઇએ. આ પ્રકારની મનોવૃત્તિ, શ્રી જૈન શાસનમાં થઈ ગયેલા મહાપુરૂષોમાં હતી, માટે જ એ મહાપુરૂષોનાં વચનોને પણ શ્રી સર્વજ્ઞ ભગવાનનાં વચનોની માફક માન્ય કરવામાં આવ્યાં છે અને માન્ય કરવામાં આવે છે.

યોગ્ય આધાર લેવામાં ગૌરવની હાનિ નથી :

શ્રી સર્વજ્ઞ ભગવાનનાં વચનોનો આધાર લેવો–એમાં જેઓ પોતાના ગૌરવની હાનિ સમજે છે, તેઓ વસ્તુતઃ ગૌરવ શામાં અને ગૌરવની હાનિ શામાં, એ વાતને જ સમજતા નથી. અલ્પજ્ઞ અથવા તો અસર્વજ્ઞ માણસ, શ્રી સર્વજ્ઞ ભગવાનનાં વચનોનો આધાર લઈને બોલે, એમાં વાસ્તવિક રીતિએ તો, એનું પોતાનું પણ ગૌરવ જ છે. શ્રી સર્વજ્ઞ ભગવાનનાં વચનોનો આધાર લઈને જે બોલે છે, તે જે કાંઈ બોલવા માગે છે, તે સાચું અને એકાન્તે સ્વ–પર–હિતકારી બોલવા માગે છે, એમ સાબીત થઈ જાય છે. મિથ્યા વચન કે કોઇનું પણ કોઈ પણ પ્રકારે અહિત કરનારૂં વચન એને બોલવું નથી, એ વાત એના એવા વર્તનથી જ સિદ્ધ થઈ જાય છે. એ સાચો સત્યાગ્રહી છે, એમ જણાઈ આવે છે. સાચો સત્યાગ્રહી તે જ છે, કે જે શ્રી સર્વજ્ઞ ભગવાનનાં વચનોનો આધાર લઈને જ બોલવાનું પસંદ કરે છે. એવા માણસ ઉપર કોઈ પણ માણસ નિઃશંકપણે વિશ્વાસ મૂકી શકે છે. જે માણસ સૌને આ પ્રકારે વિશ્વસનીય લાગે, તેનું ગૌરવ વધ્યું કહેવાય કે તેના ગૌરવની હાનિ થઈ કહેવાય ? કોઈ કહેશે કે–બીજાનું કહ્યું કહેવામાં કિંમત શી ? પણ બીજાનું કહ્યું કહેવામાં કિંમત તો ત્યારે નહિ, કે જ્યારે જેનું કહ્યું કહેવામાં આવે છે, તે અસર્વજ્ઞ અને મિથ્યાભાષી હોય ! જે શ્રી સર્વજ્ઞ ભગવાનનું કહેલું છે અને જે શ્રી સર્વજ્ઞ ભગવાનનાં વચનોને અનુસરીને કહેવાએલું છે, એને કહેવામાં તો કિંમત જ છે. એનાથી સાબીત થાય છે કે–આમને પોતાના જ્ઞાનની ઓછપનું ભાન છે. જ્ઞાનની ઓછપ હોવા છતાં પણ, કેટલાકો

જેવો જ્ઞાનીપણાનો મિથ્યાડંબર કરે છે, તેવો મિથ્યાડંબર આ કરતા નથી તેમ જ પોતામાં જ્ઞાનની ઓછપ હોવાથી અજાણતાં પણ મિથ્યા વચન, ઉત્સૂત્રવચન બોલવા દ્વારા પોતાનું કે પરનું હિત હણાઈ જવા પામે નહિ–તેની પણ આમણે તકેદારી રાખી છે. આવા ઉત્તમ ગુણસમ્પન્ન જીવને માટે, એમ કેમ કહેવાય કે–એ બીજાનું કહ્યું કહે છે, માટે એમના કથનની કિંમત શી ? એવા ઉત્તમ ગુણસમ્પન્ન જીવને માટે, એવું તો તેઓ જ બોલે, કે જેઓ બહુ નાલાયક હોય.

ચોરી કરીને લેખક ને કવિ તરીકે પંકાવા મથનારા ય છે :

અહીં, ટીકાકાર મહર્ષિ, શ્રી ભગવતીજી સૂત્રનું વિવરણ કાંઇક વિશેષપણે કરવાને ઇચ્છે છે, પણ એ વિવરણમાં ટીકાકાર મહર્ષિ એ જ કહેવાને ઇચ્છે છે, કે જે શ્રી સર્વજ્ઞ ભગવાને અને શ્રી સર્વજ્ઞ ભગવાનનાં વચનોને અનુસરીને મહાપુરૂષોએ કહેલું છે. આથી જ, તેઓએ એ વાત સ્પષ્ટપણે જણાવી છે કે–હું આ શ્રી ભગવતીજી સૂત્રની જે ટીકા અને જે ચૂર્ણી હાલ વિદ્યમાન છે, તેનું તેમ જ શ્રી જીવાભિગમ વિગેરે સૂત્રોની જે જે ટીકાઓ છે–તેના અંશોનું આ ટીકામાં સમ્યક્ પ્રકારે યોજન કરીશ. ટીકાકાર મહર્ષિ કેટલા બધા પ્રમાણિક છે–એ વાત પણ, તેમના આ કથન ઉપરથી ફલિત થાય છે. જેના આધારે પોતે ચાલવાના છે, ટીકાની રચનાનું કાર્ય કરવાના છે, તેને પ્રમાણિકપણે પહેલેથી જ જાહેર કરી દે છે. આજના કહેવાતા સાહિત્યકારોમાંના કેટલાકોમાં આ પ્રમાણિકતા પણ જોવાને મળતી નથી. આજના રચનારાઓમાં કેટલાક એવા છે કે–તેઓ અન્યના ગ્રન્થોમાંથી ફકરાઓના ફકરાઓ અને કડીઓની

કડીઓ ઉઠાવી લે અને એ બધાની રચના પોતાના નામે ચઢાવી દે! એમ ચોરી કરીને, લેખક તરીકેની અને કવિ તરીકેની નામનાને મેળવવાના લાલચુઓ, આજના જગતમાં સહેલાઈથી જડી આવે છે. એમ લેખક તરીકે પંકાવું કે કવિ તરીકે પંકાવું, એના કરતાં તો મૂંગા મરવું એ સારૂં છે, એવું પ્રમાણિક માણસોનું મન્તવ્ય હોય છે. પ્રમાણિક માણસો, બીજાનાં લેખનોનો કે કાવ્યોનો આધાર લે નહિ—એવું છે જ નહિ; પરન્તુ પ્રમાણિક માણસો, પોતે જેટલો જેટલો બીજાના લેખનનો કે કાવ્યનો આધાર લીધો હોય, તેને યથાયોગ્ય રીતિએ જાહેર કર્યા વિના પણ રહે નહિ.

શાસ્ત્રપ્રસ્તાવના-વિભાગ

૨-સમુન્નત જયકુંજર જેવું શ્રી ભગવતીજી :

પ્રસ્તાવના કોને કહેવાય ?

આ પ્રમાણે મંગલને આચર્યા પછીથી અને પોતાના અભિધેયનું સ્પષ્ટીકરણ કર્યા પછીથી, નવાંગી ટીકાકાર તરીકે સુવિખ્યાત થયેલા, પરમ ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા, પોતે રચવા ધારેલા આ શ્રી ભગવતીજી સૂત્રની ટીકા રૂપ શાસ્ત્રની પ્રસ્તાવનાં કરે છે. ટીકાકાર મહર્ષિએ શાસ્ત્રપ્રસ્તાવના પણ ઘણી જ સુન્દર અને ઘણી જ અર્થગંભીર કરી છે. પ્રસ્તાવના તે કહેવાય, કે જે પ્રસ્તાવના જે ગ્રન્થને ઉદ્દેશીને કરવામાં આવી હોય, તે ગ્રન્થ કેવો મહત્ત્વનો છે અને તે ગ્રન્થમાં કેવી કેવી વસ્તુઓનું વર્ણન કરવામાં આવ્યું છે, તેનો પ્રસ્તાવનાના વાંચકને ખ્યાલ આવી જાય. પ્રસ્તાવના વાંચનારના દિલ ઉપર એવી અસર થવા પામે કે-'મારે આ ગ્રન્થ સાંગોપાંગ વાંચવો અને વિચારવો જોઇએ.' જે પ્રસ્તાવના, ગ્રન્થના મહત્ત્વને સમજાવતી ન હોય અને ગ્રન્થમાં વર્ણવાએલા વિષયોનો ખ્યાલ આપતી ન હોય, એ પ્રસ્તાવના વાસ્તવિક રીતિએ પ્રસ્તાવના જ નથી. પ્રસ્તાવના વાંચનારને, પ્રસ્તાવના વાંચે ને એમ થાય કે-ઓહો,

આટલો બધો સુન્દર અને મહત્ત્વનો આ ગ્રન્થ છે? આ ગ્રન્થમાં કહેવાની પદ્ધતિ પણ આટલી બધી સુન્દર છે? અને આ ગ્રન્થમાં આટલા બધા વિષયોનું વર્ણન છે? આનું નામ પ્રસ્તાવના કહેવાય. ટીકાકાર મહર્ષિ તો મહા વિદ્વાન છે, એટલે એ મહાપુરૂષે અહીં જે પ્રસ્તાવના લખી છે, તે આવી જ છે.

શાસ્ત્રપ્રસ્તાવના :

મંગલનું આચરણ ને અભિધેયનું કથન કર્યા પછીથી, આ શાસ્ત્રની પ્રસ્તાવના કરતાં, ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–

" व्याख्यातं समवायाख्यं चतुर्थमङ्गम् । अथावसरायातस्य – ' विआहपण्णत्ति ' त्तिसिद्धिप्रतस्य-पंचमांगस्य समुन्नतजयकुञ्जरस्येव ललितपदपद्धतिप्रबुद्धजनमनोरंजकस्य, उपसर्गनिपाताऽव्ययस्वरूपस्य, घनोदारशब्दस्य, लिङ्गविभक्तियुक्तस्य, सदाख्यातस्य, सल्लक्षणस्य. देवताऽधिष्ठितस्य सुवर्णमंडितोद्देशकस्य, नानाविधाद् भुतप्रवरचरितस्य, षट्त्रिंशत्प्रश्नसहस्रप्रमाणसूत्रदेहस्य, चतुरनुयोगचरणस्य. ज्ञान-चरणनयनयुगलस्य, द्रव्यास्तिक-पर्यायास्तिकनयद्वितयदन्तमुशलस्य,निश्चय-व्यवहारनयसमुन्नतकुम्भद्वयस्य,योग-क्षेमकर्णयुगलस्य, प्रस्तावनावचनरचनाप्रकाण्डशुण्डाऽदण्डस्य, निगमनवचनाऽतुच्छपुच्छस्य, कालाद्यष्टप्रकारप्रवचनोप्रचारचारुपरिकरस्य, उत्सर्गाऽपवादवादसमुच्छलदतुच्छघण्टायुगलघोषस्य, यशःपटहपटुप्रतिरवाऽऽपूर्णदिक्चक्रवालस्य, स्याद्वादविशदांकुशवशीकृतस्य, विविधहेतुहेतिसमूहसमन्वितस्य, मिथ्यात्वाऽज्ञानाऽविरमणलक्षणरिपुबलदलनाय श्रीमन्महावीरमहाराजेन नियुक्तस्य, बलनियुक्तककल्पगणनायकमतिप्रकल्पितस्य, मुनियोधैरनाबाधमधिगमाय पूर्वमुनिशिल्पिकल्पितयोर्बहुप्रवरगुणत्वेऽपि ह्रस्वतया महतामेव वाञ्छितवस्तुसाधनसमर्थयोर्वृत्ति–चूर्णिनाडिकयोः तदन्येषां च जीवा-

भिगमादिविविधिविवरणदव-कलेशानां संघट्टेन बृहत्तरा अत एवाऽमहतामप्युपकारिणी, हस्तिनायकादेशादिव गुरुजनवचनात् पूर्वमुनिशिल्पिकुलोत्पनैरस्माभिर्नाडिकेवेयं वृत्तिरारभ्यते।" इति शास्त्रप्रस्तावना।

શ્રી ભગવતીજીને જયકુંજરની ઉપમા :

શાસ્ત્રપ્રસ્તાવનામાં, ટીકાકાર પરમર્ષિ, સૌથી પહેલી વાત તો એ ફરમાવે છે કે–'સમવાય નામનું જે ચોથું અંગસૂત્ર છે, તેની ટીકાની રચનાને મેં સંપૂર્ણ કરી.' પછી ફરમાવે છે કે–'હવે અવસરપ્રાપ્ત પાંચમું અંગસૂત્ર છે.' અવસરાયાત અથવા અવસરપ્રાપ્ત એટલે જેને માટે અવસર આવી લાગ્યો છે તે. ચોથા પછી અવસર પાંચમાનો જ ગણાય ને ? એટલે પાંચમું અંગસૂત્ર, એ હવે અવસરપ્રાપ્ત છે. અવસરપ્રાપ્ત એવા આ પાંચમા અંગસૂત્રનું નામ છે–'**विआहपण्णत्ति**' અહીં માત્ર '**विआहपण्णत्ति**' એવા નામનો નિર્દેશ કરીને જ, ટીકાકાર મહર્ષિએ, 'આની ટીકા શરૂ કરાય છે'–એમ કહી દીધું નથી. 'આની ટીકા શરૂ કરાય છે'–એમ જણાવતાં પૂર્વે તો, ટીકાકાર મહર્ષિએ આ શ્રી પંચમાંગ સૂત્રને સમુન્નત જયકુંજરની ઉપમા આપી છે. આ ઉપમા એકદેશીય નથી, પણ પ્રાયઃ સર્વદેશીય છે. અલંકાર શાસ્ત્રોમાં પણ નિપુણ એવા આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ, આ સૂત્રને જયકુંજરની પ્રાયઃ પૂર્ણ ગણાય તેવી ઉપમા આપી છે. જયકુંજરની ઘટના કરીને, એમણે, આ સૂત્રની પિછાન કરાવેલ છે. આ ઉપમા એ 'ચંદ્રવન્ મુખ'ના જેવી એકદેશીય નથી, પરન્તુ અનેકવિધ સમાનતાવાળી ઉપમા આપી છે. કોઇ કહેશે કે–'આ દવા

તો કડવી ઝેર જેવી છે.' તો એમાં ઝેરની ઉપમા આવી, પરન્તુ એ ઉપમાની સાથે સંબંધ કેટલો ? કડવાશ પૂરતો ! દવા પણ કડવી અને ઝેર પણ કડવું, માટે જ એ ઉપમા ! બાકી ગુણ-દોષમાં તો મોટો ફરક ! દવા માંદાને સાજો કરે અને ઝેર સાજાને પણ માંદો કરીને મારે ! અહીં હાથીની ઉપમા આવા પ્રકારની નથી, પણ આ સૂત્ર એક હાથી સમાન છે, સમુન્નત એવા જયકુંજર સમાન છે, એ પ્રમાણે કહેવાએલ છે. એટલે સહેજે પ્રશ્ન થાય કે–સમુન્નત જયકુંજરનાં અમુક અમુક અંગો છે, અમુક અમુક ઉપાંગો છે, તો એ બધું શું આ સૂત્રમાં છે ? ટીકાકાર મહર્ષિ કહે છે કે–હા, એ બધું ય છે. એટલા માટે તો **'समुन्नतजयकुंजरस्येव'**–એમ જણાવીને, જયકુંજરમાં જે જે મહત્ત્વનું હોય છે, તે બધું આ પાંચમા અંગસૂત્રમાં કેવી કેવી રીતિએ ઘટે છે, એ દર્શાવ્યું છે. એ દર્શાવ્યા બાદ, ટીકાકાર મહર્ષિએ, કેવા પ્રકારે નાડિકા રૂપ ટીકા શરૂ કરાય છે, તે પણ કહ્યું છે.

જયકુંજરથી પણ જય અપાવવાની જબરી શક્તિ આ સૂત્રમાં છે :

અહીં આપણે પહેલો વિચાર તો એ કરવાનો છે કે–આ પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રને સમુન્નત જયકુંજરની સાથે ઘટાવવાનું કારણ શું છે ? આ સૂત્રની રચના જય પમાડનારી છે, શીઘ્ર જય પમાડનારી છે માટે ! જેણે જય મેળવવો હોય, તેણે આ સૂત્રને આત્મસાત્ બનાવી લેવું જોઇએ. આ સંસારમાં જય કોને નથી જોઇતો ? સંસારમાં સૌ જયના અર્થી છે, પણ જયનું સાધન હાથ લાગવું અને જયના સાધ-

નને સેવાવું, એ તો તેમનાથી જ બની શકે છે, કે જેઓનું તેવું નસિબ હોય. સાચો જય તો, આત્મા પોતાના આન્તર શત્રુઓને હંફાવે, રીબાવે અને મારે, એમાં જ રહેલો છે. આન્તર શત્રુઓ ઉપરનો જય, એ જ ખરો જય છે. જેના આન્તર શત્રુઓ મરે, તે અવ્યાબાધ સુખનો ભોક્તા બને. એવા જયને પામવાને માટે, આ શ્રી ભગવતીજી સૂત્રનું શ્રવણ, એ પણ અમોઘ કારણ છે. આ શ્રી ભગવતીજી સૂત્રનું શ્રવણ જો વિધિપૂર્વક, ભાવપૂર્વક, બહુમાનપૂર્વક કરવામાં આવે, તો આ સૂત્રનું શ્રવણ કરનારો આત્મા, ત્રણ ભવોમાં જ આન્તર શત્રુઓનો પૂરો વિજેતા બનીને, અપૂર્વ અને અનુપમ જયને પામનારો બને છે. આન્તર શત્રુઓના જયમાં જેમ આ શ્રી ભગવતીજી સૂત્ર અમોઘ સાધન છે, તેમ બાહ્ય શત્રુઓના જયમાં જયકુંજર એ અમોઘ સાધન છે. યુદ્ધમાં વાહન તો જોઇએ ને ? બાહ્ય યુદ્ધને માટે રાજાઓ વાહન તરીકે હાથીને જ પસંદ કરતા. યુદ્ધ કરવાને જતા રાજાઓ હાથી ઉપર બેસીને યુદ્ધમાં જતા અને હાથી તેમને યુદ્ધ કરવામાં ઘણી મદદ રૂપ નિવડતો. એમાં ય, જયકુંજરની વાત જ શી કરવી ? તેમ આન્તરિક યુદ્ધને માટે જેઓ શ્રી ભગવતીજી સૂત્રમાં અપાએલા વિષયને વાહન રૂપ બનાવે, તેઓને આન્તરિક યુદ્ધમાં શ્રી ભગવતીજી સૂત્રમાં અપાએલો વિષય, અદ્‌ભુત મદદ કરે છે.

જેની પાસે જયકુંજર તે જીતે :

જયકુંજરમાં જય અપાવવાની કેવી અદ્‌ભુત શક્તિ હોય છે, એનો આજે તો તમને અનુભવ થાય તેમ નથી. આજે

એવાં હસ્તિરત્નો દુર્લભ જ બની ગયાં છે અને યુદ્ધની પદ્ધતિ પણ ફરી ગઈ છે. આગળનું યુદ્ધ, યુદ્ધ કરનારના પોતાના સત્ત્વનું દ્યોતક બનતું હતું. આગળના યુદ્ધમાં યુદ્ધ કરનારાઓને હાનિ આદિ થાય–એ જૂની વાત છે, પણ સામાન્ય પ્રજાનો આજે થાય છે તેવો મરો તેમાં થતો નહિ. આજે તો, યુદ્ધનો વ્યૂહ ગોઠવનાર એવી સલામત જગ્યાએ બેશ–આરામમાં બેઠો હોય છે કે–એને પ્રાયઃ ઉની આંચ પણ આવે નહિ; અને યુદ્ધમાં ઉતરેલાઓ કયાં ય હોય અને મરો હજારો નિર્દોષોનો થતો હોય, એવું ય બને છે. બોમ્બ ફેંકાય ત્યારે કાંઇ માત્ર યુદ્ધમાં ઉતરેલાઓ જ મરે ? પહેલાંના યુદ્ધમાં તો, નીતિનિયમો પણ ઘણા જળવાતા હતા. એ પ્રકારનું યુદ્ધ હોય કે વર્ત્તમાન પ્રકારનું યુદ્ધ હોય, બન્ને ય પાપનાં જ કારણો છે. વિષયની અને કષાયની આધીનતાનાં એ પણ નાટકો છે. સાચું યુદ્ધ તો, આન્તર રિપુઓની સાથે ખેલવા જેવું છે. પણ જ્યારે અહીં આ સૂત્રને જયકુંજરની ઉપમા જ આપવામાં આવી છે, તો જયકુંજર કેવો જય અપાવનારો હોય છે, તેનો પણ તમને ખ્યાલ આપવો જોઇએ ને ? એ માટે આ વાત છે. જયકુંજર ઉપર બેસીને યુદ્ધમાં જનારાઓ, જ્યાં સુધી જયકુંજર જીવતો હોય ત્યાં સુધી, કદી પણ હારીને આવતા નહિ અને જયકુંજરને ગમે તેનાથી મારી શકાતો પણ નહિ.

સેચનક નામનો જયકુંજર :

હલ્લ–વિહલ્લની પાસે જયકુંજર હતો અને જ્યાં સુધી જયકુંજર તેમની પાસે રહ્યો, ત્યાં સુધી મહા પ્રતાપી કૂણિક જેવો રાજા પણ, તેમને હરાવી શકયો નહિ કે કબજે કરી

શકયો નહિ. તમને આ વાતની ખબર છે ? ભગવાન શ્રી મહાવીર પરમાત્મા જે સમયે સદેહે વિચરીને આ પૃથ્વીતલને પાવન કરી રહ્યા હતા, તે સમયની આ વાત છે. એ હાથીનું નામ સેચનક હતું. એ હાથીનું નામ સેચનક કેમ પડયું હતું, એ હાથીના જીવને શ્રી નંદિષેણના જીવની સાથે પૂર્વભવનો કેવો સંબંધ હતો અને એ હાથી શ્રી શ્રેણિક મહારાજાની પાસે કેવા સંયોગોમાં આવ્યો હતો–એ વિગેરે વાત તો, આપણે અગાઉ ભગવાનના 'અસ્મર' એવા વિશેષણની વિચારણા વખતે વિચારી આવ્યા છીએ. શ્રી નંદિષેણ સાથેના પૂર્વભવના સ્નેહ-સંબંધને લઈને વિચારણા કરતાં, એ સેચનક હાથીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને એથી એ શ્રી નંદિષેણને વશ થયો; બાકી તો મહારાજા શ્રી શ્રેણિકે એને કાબૂમાં લેવાને માટે ઘણા ઘણા પ્રયત્નો કર્યા હતા, પણ એ કાબૂમાં આવ્યો નહોતો. એ જ હાથી, હલ્લ–વિહલ્લની પાસે કેવી રીતિએ આવ્યો અને એ હાથીની સહાયથી હલ્લ–વિહલ્લે રાજા કૂણિકના સૈન્યને કેવી રીતિએ ત્રાસ પમાડયો, એ વિગેરે વૃત્તાન્ત પણ આપણને અહીં અવસર પ્રાપ્ત થયો છે, તો આપણે જોઈ લઈએ. સેચનક હાથીનો પહેલાંનો પ્રસંગ જોયો છે, તો હવે એનો પછીનો પ્રસંગ પણ જોઈ લો !

કહિયારા મુનિની અવજ્ઞા :

મહારાજા શ્રી શ્રેણિકને ઘણા પુત્રો હતા, પરન્તુ તેમાં શ્રી અભયકુમાર તો પરમ બુદ્ધિનિધાન હતા. બુદ્ધિનિધાન એવા શ્રી અભયકુમારે, પોતાના પિતાની અને રાજ્યની જેમ અનેકવિધ સેવાઓ કરી હતી, તેમ તેમણે શાસનની પણ

અનેકવિધ સેવાઓ કરી હતી. આ શ્રી ભગવતીજી સૂત્રના પ્રણેતા ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ દીક્ષિત કરેલા કઠિયારા મુનિના અપમાનનું નિવારણ કરીને, તેમના પ્રત્યે પણ લોકનાં હૈયામાં સન્માનનો સુન્દર ભાવ શ્રી અભયકુમારે જ પેદા કર્યો હતો. બનાવ એવો બનેલો કે–ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીની પાસે, રાજગૃહી નામની મહારાજા શ્રી શ્રેણિકની રાજધાનીની નગરીમાં, એક કઠિયારાએ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. દીક્ષાને ગ્રહણ કરેલ એ મુનિ, ગૌચરી વિગેરેના કારણે જ્યારે જ્યારે નગરીમાં ફરતા હતા, ત્યારે ત્યારે એ નગરીના જે લોકો તેમની પૂર્વાવસ્થાને જાણતા હતા, તે લોકો તે મુનિનો સ્થાને સ્થાને તિરસ્કાર કરવા લાગ્યા. રસ્તે ચાલતા તેમની એ લોકો મશ્કરી અને નિન્દા કરવા લાગ્યા.

કેવી અવળી ગંગા વહી રહી છે?

એ કાળમાં અને એવા સ્થાનમાં પણ એવા ય લોકો હતા. ગરીબ માણસને ત્યાગનો અધિકાર જ નહિ ? આજે કેટલાકો કહે છે કે–ખાવા–પીવાનું અને પહેરવા–ઓઢવાનું સારૂં મળે અને સુખે મળે, એ માટે સાધુ થાય છે ! અલ્યા, ખાવા–પીવાનું અને પહેરવા–ઓઢવાનું સારૂં મળે અને સુખે મળે, એ માટે ભયંકર કુકર્મોને કરનારા, હિંસાદિને આચરનારા, ગમે તેનો વિશ્વાસઘાત કરનારા, ઉઠાઉગીરી કરનારા, અનીતિ–પ્રપંચાદિ કરનારા અને વિષયવિલાસનાં અથવા તો વ્યભિચારનાં ધામો ચલાવનારાઓ, આ દુનિયામાં કેટલાક છે ? સામાન્ય રીતિના સુખી ગણાય એવા પણ માણસો, આજે, ભવિષ્યમાં સુખે સારૂં ખવાય–પીવાય અને પહેરાય–

ઓઢાય, એ માટે કેટકેટલી બદમાશીઓનો આશ્રય લે છે? એ બધા સારા માણસો, જેમની નિન્દા કે મશ્કરી ન કરી શકાય એવા માણસો, જેમનો તિરસ્કાર કરી શકાય નહિ એવા માણસો અને ખાવા-પીવાનું તથા પહેરવા-ઓઢવાનું સારૂં મળે-એ માટે જો કોઈ સાધુ થાય તો તે બરાબ માણસ, જેની નિન્દા ને મશ્કરી કરવી પડે એવો માણસ, જેનો તિરસ્કાર કરી શકાય એવો માણસ, એવું એ લોકો માનતા હશે? ખાવા-પીવાનું અને પહેરવા-ઓઢવાનું સારૂં મળે અને સુખે મળે-એ માટે જ કોઈ સાધુ થયો એમ માનો, પણ એણે જગતની દૃષ્ટિએ કરી કરીને પણ બરાબ શું કરી નાખ્યું? ચોરી વિગેરેના માર્ગે નહિ જતાં, એ સાધુ થયો-એ જ એનો મહાન્ અપરાધ? ભાગ્યશાલિઓ! જરા વિચાર તો કરો કે-આ સંસારના સુખમાં લુબ્ધ બનેલાઓમાં અને ત્યાગમાર્ગ પ્રત્યે રોષ ધરનારાઓમાં, કેવી અવળી ગંગા વહી રહી છે?

મોક્ષને માટે જ સાધુપણાનો ઉપદેશ :

બાકી, ખાવા-પીવાનું અને પહેરવા-ઓઢવાનું સુખે મળે અને સારૂં મળે, એ માટે સાધુ થવાનું છે જ નહિ. સાધુ તો મોક્ષની જ સાધનાને માટે થવાનું છે. સંસારના સુખને સાધવાને માટે સાધુપણું ઉપદેશાયું ય નથી અને ઉપદેશાતું પણ નથી. સાધુ થવાને ઇચ્છનારે, માત્ર સંસારના સુખનાં સાધનોને જ છોડવાનાં છે-એમ નથી, પરન્તુ સંસારના સુખની આશાને-સંસારના સુખની અભિલાષાને પણ છોડવાની છે. આ લોકના પૌદ્ગલિક સુખની ઇચ્છાથી કરાતી કોઈ પણ ધર્મક્રિયાને વિષાનુષ્ઠાન અને પરલોકના પૌદ્ગલિક સુખની ઇચ્છાથી

કરાતી કોઈ પણ ધર્મક્રિયાને ગરાનુષ્ઠાન કહીને, એમ વિષ રૂપ અને અગર ગરલ રૂપ અને–એવા પ્રકારે ધર્માનુષ્ઠાનને આચરવાનો તો, આ શાસનમાં નિષેધ કરાએલો છે. શ્રાવકોને પુણ્યની જે અભિલાષા થાય, તે પણ પરંપરાએ મોક્ષની ઈચ્છાવાળી જોઈએ. સાધુએ તો, પુણ્યની પણ ઈચ્છા કરવાની નહિ. એનું લક્ષ્ય તો એક માત્ર નિર્જરા તરફ હોય. એટલે સાધુ થનારમાં ભવવિરાગનો ભાવ તેજ જોઈએ.

એવાને અમે દીક્ષા આપીએ નહિ:

અમારી પાસે કોઈ માણસ આવે અને એ જો એમ કહે કે–'ખાવા–પીવાનું તથા પહેરવા–ઓઢવાનું મને સારૂં મળે અને સુખે મળે, એ માટે મને દીક્ષા આપો!' તો અમે એને દીક્ષા આપીએ નહિ. અમે એને સમજાવવાનો પ્રયત્ન કરીએ કે–'આટલા માટે સાધુ થવાનું હોય નહિ. સંયમનું કષ્ટ તું આટલા સુખ ખાતર વેઠવાને તૈયાર થયો છો, એને બદલે મોક્ષના સુખને માટેજ સંયમને સેવવાને તૈયાર થા ને? મોક્ષના સુખને ધ્યેય રૂપ બનાવીશ, તો તને કોઈ પણ સંયમ કષ્ટ રૂપ નહિ લાગે અને ખાવા–પીવાનું તથા પહેરવા–ઓઢવાનું સુખે અને સારૂં મળે–એ માટે જો તું સાધુ થઈશ, તો તું કયારે ભાગી જઈશ અથવા તો સાધુના વેષમાં રહીને પણ તું કયારે ભામટો બની જઈશ, તે કહી શકાય નહિ. વળી, સાધુને સદા ખાવા–પીવાનું અને પહેરવા–ઓઢવાનું સારૂં જ મળે ને સુખે જ મળે, એ તારો ભ્રમ છે. સાધુએ હૈયાથી સાધુપણામાં જ રહેવું હોય, તો એણે ઘણા ઘણા વિપરીત સંયોગોમાંથી પણ પસાર થવું પડે.' આવું સમજા-

વવાથી પણ એ જો સમજે અને મોક્ષની ઇચ્છાથી સાધુપણાની ઇચ્છાવાળો બને તો ઠીક; બાકી તો, એવાને અમે સાધુપણું આપીએ નહિ. એવાને ય કોઈ અતિશયજ્ઞાની ભવિષ્યના તેના હિતને જોઈને દીક્ષા આપે તો તે જૂદી વાત છે, પરન્તુ વિધિમાર્ગ તો એ જ છે કે–એવાને દીક્ષા અપાય નહિ.

નિન્દા કરવાની કુટેવ :

હકીકત આ પ્રકારની હોવા છતાં પણ, તમને વાતનો મુદ્દો સમજાઈ જાય–એ પૂરતી આ વાત કરી કે–કદાચ ખાવા–પીવાનું અને પહેરવા–ઓઢવાનું સારૂં મળે અને સુખે મળે–એવા જ આશયથી કોઈએ દીક્ષા લઈ લીધી, તો પણ એણે જગતની દૃષ્ટિએ કયો મોટો ગૂન્હો કરી નાખ્યો ? એવા આશયથી પણ દીક્ષા લેવાને માટે તૈયાર થાય એવા કેટલા છે, એ તો કહો ! એવા જ આશયથી દીક્ષા લેનારા નીકળે, તો એથી પવિત્ર અને ત્યાગી એવી સાધુસંસ્થાના ગૌરવને હાનિ પહોંચે–એ વિગેરે વાત જૂદી છે, પણ સાધુસંસ્થાના ગૌરવની ચિન્તા જેટલી તમને છે, તેટલી પણ સાધુઓને નથી, એમ માની બેઠા છો ? આજે તો, મોટે ભાગે તદ્દન ખોટા આરોપો ઉભા કરીને, સાધુઓની અને દીક્ષાના માર્ગની નિન્દા કરવાની, કેટલાકોને કુટેવ પડી ગઈ છે. એવાઓ જો અસદ્ આગ્રહથી બદ્ધ ન હોય, તો નિરર્થક પાપમાં ડૂબતા બચી શકે–એ પૂરતી જ આ વાત પ્રસંગોપાત જણાવી દીધી.

કઠિયારા મુનિથી અવજ્ઞા સહાઈ નહિ :

પેલા કઠિયારા મુનિનો, તેમની પૂર્વાવસ્થાને જાણનારા લોકોએ, સ્થાને સ્થાને તિરસ્કાર કરવા માંડ્યો અને તેમની

મશ્કરી તથા નિન્દા કરવા માંડી, એની એ કઠિયારા મુનિના હૈયા ઉપર ભારે અસર થઈ. પોતાની આવી અવજ્ઞા તેમનાથી સહન થઈ શકી નહિ.

બધા ય શ્રી માષતુષ મુનિવરના જેવા સહનશીલ બનીને સમતારસમાં ઝીલ્યા કરે, એવા કયાંથી હોય ? એવી અવજ્ઞાને સહન કરી લેનારા મુનિવરના ગુણ ગવાય, તેમને દૃષ્ટાન્તભૂત બનાવાય, પણ મુનિને એવી અવજ્ઞાને સહન કરી લેવાની ફરજ પાડી શકાય નહિ.

ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજી જેવાએ પણ એવી અવજ્ઞાને સહન કરી લેવાની ફરજ પાડી નથી. પોતાની અવજ્ઞાને નહિ સહી શકાવાથી, એ કઠિયારા મુનિએ, ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીને, રાજગૃહીથી અન્યત્ર વિહાર કરી જવાની જ્યારે વિનંતિ કરી, ત્યારે તેમણે એ મુનિને એમ નથી કહ્યું કે–'સાધુ થઈને આટલું પણ સહન ન થાય, તે કાંઈ ચાલે ? તમે સાધુ છો, માટે સહન કરો !'

ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ તો, ત્યાંથી વિહાર કરી જવાનો વિચાર કરીને, પોતાનો એ વિચાર શ્રી અભયકુમારને જણાવ્યો છે.

આમ તો સાધુઓ વિહાર કરે, એમાં નવાઈ જેવું કાંઈ છે જ નહિ; પરન્તુ જ્યારે અચાનક વિહારનો વિચાર થાય, ત્યારે એની પાછળ કોઈ કારણ વિશેષ તો હોય ને ? શ્રી અભયકુમાર તો મહા બુદ્ધિશાલી હતા. શ્રી સુધર્માસ્વામીજીએ જેવો વિહારનો વિચાર જણાવ્યો, કે તરત જ એ સમજી ગયા કે–કોઈ ખાસ કારણ છે.

આથી, શ્રી અભયકુમારે શ્રી સુધર્માસ્વામીજીને વિહા-

રનું કારણ પૂછયું અને તેઓશ્રીએ પણ વિહાર કરવાના વિચારનું જે કારણ હતું, તે જ કારણ શ્રી અભયકુમારને કહી સંભળાવ્યું.

એક દિવસ વિહારને રોકવાની વિનંતિ :

આવું કારણ જાણ્યા પછી, શ્રી અભયકુમાર જેવા ધર્માસક્ત આત્માને ચેન પડે? પોતાના નગરમાં જ મુનિજનની આવી અવજ્ઞા થાય, તે કોઈ પણ ધર્મી જનથી ખમાય ખરી? ધર્મશીલ આત્માને મુનિજનની અવજ્ઞાનું નિવારણ કરવાનું મન થયા વિના રહે જ નહિ. મુનિજનની અવજ્ઞામાં, શાસનની અવજ્ઞા પણ રહેલી છે. લોકો જો આ રીતિએ મુનિજનોની અવજ્ઞા કરે, તો આ ક્ષેત્રમાં મુનિજનોનો વિહાર દુર્લભ બની જાય ને? અનેક આત્માઓ શાસનને પામતાં અને આરાધતાં અટકી જાય ને? લોકનિન્દાની પરવા કર્યા વિના, ધર્મની આરાધના કરવામાં ચોજાવું અને ધર્મની આરાધના કરવામાં મક્કમ રહેવું, એ કાંઈ બધા આત્માઓને માટે શકય છે? એટલે બીજાઓને માટે, ધર્મની આરાધનાને તો, જેમ બને તેમ નિર્વિઘ્ન બનાવવાનો, ધર્મી જનોએ પ્રયત્ન કરવો જોઇએ.

શ્રી અભયકુમારના હૈયે આ વાત હતી જ, પણ એ એવા હતા કે–કહેવા કરતાં કરી દેવું સારૂં. આથી, તેમણે તે વખતે શ્રી સુધર્માસ્વામીજીને કાંઈ જ નહિ કહેતાં, તેમની પાસે તો માત્ર એક જ દિવસની માગણી કરી. શ્રી અભયકુમારે કહ્યું કે– 'આપ હવે માત્ર એક દિવસ રોકાઇ જવાની કૃપા કરો અને પછીથી આપને વિહાર કરવો હોય તો કરજો.'

શ્રી સુધર્માસ્વામીજીએ પણ શ્રી અભયકુમારની એ વિનંતિનો સ્વીકાર કર્યો અને શ્રી અભયકુમારે કહ્યા મુજબ તેઓ

રાજગૃહી નગરીમાં કઠિયારા મુનિની સાથે જ રોકાઈ ગયા.

જેવો પ્રસંગ હોય તેવો ઉપાય અજમાવાય :

શ્રી અભયકુમાર રાજદંડના બળે જ મુનિનિન્દાનું નિવારણ કરવાને ઇચ્છતા નહોતા. લોકના હૃદયમાં મુનિપણા પ્રત્યે સદ્‌ભાવને પેદા કરીને, મુનિજનની નિન્દાનું નિવારણ કરવાને તેઓ ઇચ્છતા હતા. એમાં, શાસનની સેવાનો હેતુ પણ સરે અને લોકને ઉન્માર્ગથી વાળીને સન્માર્ગમાં સ્થાપિત કરવાનો હેતુ પણ સરે. એમને બે ય કર્ત્તવ્ય અદા કરવાં હતાં. મુનિજનની નિન્દાના નિવારણનું અને લોકને કલ્યાણમાર્ગે વાળવાનું. આથી, શ્રી અભયકુમારે એવા જ પરિણામને લાવે–એવો ઉપાય અજમાવ્યો. શ્રી અભયકુમારે જે ઉપાય અજમાવ્યો, તે ઉપાયથી જો મુનિજનની નિન્દાનું નિવારણ થવા પામ્યું ન હોત, તો એ રાજદંડનો ઉપયોગ નહિ જ કરત એમ નહિ. એમ તો શ્રી વસ્તુપાલે વીરધવલ રાજાના મામાની આંગળી કપાવી મંગાવી હતી ને ? રાજા વીરધવલના મામાએ જે આંગળી ચીંધીને મુનિવરનું અપમાન કર્યું હતું, તે જ આંગળીને શ્રી વસ્તુપાલે કપાવી મંગાવી હતી અને એ દ્વારા એવી ધાક બેસાડી દીધી હતી કે–એ નગરમાં, એ રાજ્યમાં કોઈ પણ માણસ, નાના કે મોટા કોઈ પણ મુનિનું અપમાન કરી શકે નહિ. એ માટે તો, શ્રી વસ્તુપાલ ખૂદ રાજાની સાથે પણ યુદ્ધમાં ઉતરવાને તૈયાર થઈ ગયા હતા. એટલે જેવો પ્રસંગ હોય તેવો ઉપાય અજમાવાય, પણ ધર્મી જનો જ્યાં સુધી પોતાનાથી શકય હોય, ત્યાં સુધી મુનિજનોની નિન્દાનું નિવારણ કર્યા વિના રહે જ નહિ. છતી શક્તિએ જે દેવ–

ગુરૂ-ધર્મની નિન્દાને ઉપેક્ષાભાવે સહે, તેને ધર્મી કહેવાય નહિ.

લોકનો સાન ઠેકાણે આવી :

શ્રી અભયકુમારે બીજે દિવસે રાજ્યના ભંડારમાંથી ત્રણ કરોડ જેટલાં રત્નોને કઢાવીને, એ રત્નોનો જાહેર માર્ગ ઉપર ઢગલો કરાવ્યો. પછી પડહ વગડાવીને શ્રી અભયકુમારે આખી ય નગરીમાં એવી ઉદ્‌ઘોષણા કરાવી કે-' અભયકુમાર ત્રણ કરોડ રત્નો આપી દેવાને ઇચ્છે છે, તો જેમને એ રત્નો જોઈતાં હોય તે આવો !'

આવી ઉદ્‌ઘોષણાને સાંભળીને, ઘણી મોટી સંખ્યામાં લોકો ત્યાં એકત્રિત થઈ ગયા. એ એકત્રિત થયેલા સર્વ લોકોને ઉદ્દેશીને, શ્રી અભયકુમારે કહ્યું કે-' જે કોઈ પુરૂષ સચિત્ત જળ, અગ્નિ અને સ્ત્રી-એ ત્રણનો સર્વથા ત્યાગ કરે, તેને આ રત્નનો ઢગલો હું અર્પણ કરૂં છું.'

એટલે લોકોએ કહ્યું કે-' આવું લોકોત્તર કાર્ય કરવાને કોણ સમર્થ છે ? '

તે વખતે શ્રી અભયકુમારે કહ્યું કે-' તમારામાંનો કોઈ જો સચિત્ત જળ, અગ્નિ અને સ્ત્રી-એ ત્રણનો સર્વથા ત્યાગ કરવાને માટે સમર્થ ન હોય, તો પછી આ રત્નરાશિ તે કઠિયારા મુનિનો હો, કે જેમણે સચિત્ત જળ, અગ્નિ અને સ્ત્રી-એ ત્રણેયનો સર્વથા ત્યાગ જીવન પર્યન્તને માટે કર્યો છે !'

એ વખતે, જે લોકો કઠિયારા મુનિની મશ્કરી અને નિન્દા કરતા હતા, તે લોકો બોલી ઉઠ્યા કે-' અરે, એ શું આવા ત્યાગી અને દાનપાત્ર સાધુ બન્યા છે ? અમે નાહક તેમનો ઉપહાસ કર્યો !'

આમ, શ્રી અભયકુમારના સુપ્રયત્નથી લોકોની સાન ઠેકાણે આવી. આ રીતિએ લોકોના હૃદયમાં એ કઠિયારા મુનિ પ્રત્યે પણ સદ્ભાવને પેદા કર્યા બાદ, શ્રી અભયકુમારે સમગ્ર લોકોને એવી આજ્ઞા પણ કરી કે–'હવે પછીથી કોઇએ પણ એ મુનિનો તિરસ્કાર કે ઉપહાસ કરવો નહિ !'

આ ઉપરથી તમને લાગે છે ને કે–લોકો જો સમજ્યા ન હોત, તો શ્રી અભયકુમાર કડક ઉપાય અજમાવીને પણ મુનિનિન્દાનું નિવારણ તો કરત જ ?

પ્રશ્ન૦ લોકો સમજી ગયા, પછી એવી આજ્ઞા કરવાનું કાંઈ પ્રયોજન ખરૂં ?

શ્રી અભયકુમાર લોકસ્વભાવના પણ જાણકાર હતા. અત્યારે સમજી ગયા ને કાલે પાછા નિન્દા કરે તો ? વળી જે લોકો ત્યાં હાજર ન હોય, તે લોકો પણ એ મુનિજનનો તિરસ્કાર કે ઉપહાસ કરે નહિ, એ માટે ય એવી આજ્ઞા કરવી–એ આવશ્યક ગણાય.

શ્રી અભયકુમારની મનોવૃત્તિ :

આ વાતને કહેવાનો આશય તો એ છે કે–શ્રી અભયકુમાર કેવા ધર્મપ્રેમી હતા, તેનો તમને ખ્યાલ આવે. શ્રી અભયકુમાર પોતે ધર્માસક્ત રહ્યા છતા જ, તેમના પિતા શ્રી શ્રેણિક મહારાજાનું રાજ્ય ચલાવતા હતા. તેમના હૈયે સંસારના સુખની, રાજ્યની સ્પૃહા નહિ હતી, પણ મોક્ષની સ્પૃહા હતી અને એ માટે ધર્મની સ્પૃહા હતી.

આથી જ, એક વાર જ્યારે શ્રી શ્રેણિક મહારાજાએ શ્રી અભયકુમારને કહ્યું કે–'વત્સ ! હવે તો તું જ આ

રાજ્યનો સ્વીકાર કર, કે જેથી હું ભગવાન શ્રી મહાવીર પરમાત્માની સેવાના સુખનો રોજ આશ્રય કરી શકું !' ત્યારે શ્રી અભયકુમારે કહ્યું કે–' આપ જે આજ્ઞા કરો છો તે ઘટિત છે, પરન્તુ તેને માટે થોડીક રાહ જૂઓ !'

શ્રી અભયકુમારે આવું એટલા માટે નથી કહ્યું કે–તક જોઈને રાજગાદીએ બેસવું ! શ્રી અભયકુમાર પિતાની આજ્ઞાના ભંગથી પણ ડરનારા હતા અને સંસારથી પણ ડરનારા હતા. પિતાની આજ્ઞાનો ભંગ કરવો પડે નહિ અને પોતાના સંસારને છેદવાની પોતાની ભાવના સફળ નિવડે, એવી શ્રી અભયકુમારની ઇચ્છા હતી. આટલા માટે જ, તેમણે પોતાના પિતાને થોડીક રાહ જોવાની વિનંતિ કરી હતી. પોતાના સંસારને છેદવાની પોતાની જે ભાવના, તેને જો રાજ્યનો સ્વીકાર કરવાથી બાધ પહોંચે તેમ હોય, એટલે કે–આ જીવનમાં તેમને સાધુપણાને સ્વીકારીને મોક્ષમાર્ગની એકાન્તે આરાધના કરવાની જે ભાવના હતી, તે ભાવના જો રાજા બનવાના કારણે સફળ નિવડે તેમ ન હોય, તો તેમને રાજા થવું જ નહોતું ! પિતાની આજ્ઞા ખાતરેય રાજા થઈને તેમને પોતાની સાધુજીવનને જીવવાની ભાવનાને જતી કરવી નહોતી ! જો પિતાની આજ્ઞા પણ પળાય અને સાધુજીવનને જીવવાની પોતાની ભાવના પણ ફળે, એ બન્ને શક્ય હોય તો પિતાની આજ્ઞાના પાલન ખાતર તેમને રાજા બનવામાં વાંધો નહિ હતો, પણ પિતાની આજ્ઞાને પાળતાં જો પોતાની સાધુજીવનને જીવવાની ભાવના નિષ્ફળ નિવડે તેમ હોય, તો એ માટે શ્રી અભયકુમાર હરગીજ તૈયાર નહિ હતા. શ્રી અભયકુમારે શ્રી શ્રેણિકને જે રાહ જોવાનું કહ્યું, તે એ કારણથી જ કહ્યું.

શ્રાવકને સર્વ ભાવનાઓમાં પ્રધાન ભાવના સાધુજીવનને પામવાની હોવી જોઇએ :

શ્રી અભયકુમારની આ મનોવૃત્તિ સમજાય છે ? સુશ્રાવકોની મનોવૃત્તિ કેવા પ્રકારની હોય, તેનું શ્રી અભયકુમારના આ પ્રસંગમાં સુન્દર દર્શન છે. શ્રાવકની સૌથી પ્રબળ જો કોઈ પણ ભાવના હોય, તો તે સાધુજીવનને જીવવાની હોય ! શ્રાવક માતા–પિતાની આજ્ઞાને અવગણનારો ન હોય; શ્રાવક જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી માતા–પિતાની આજ્ઞાનો અમલ કરવાની જ વૃત્તિવાળો હોય; પોતાના પૌદ્ગલિક સુખનો અનાદર કરીને પણ શ્રાવક માતા–પિતાની આજ્ઞાનો આદર કરે. આવો પણ શ્રાવક, જ્યારે માતા–પિતાની અમુક આજ્ઞાનો અમલ કરવાના કારણે, પોતાની સાધુજીવનને જીવવાની ભાવનાને બાધ પહોંચે તેમ છે–એમ સમજી જાય, ત્યારે એ કરે શું ? માતા–પિતાની આજ્ઞાના પાલનને ગૌણ બનાવે કે સાધુજીવનને જીવવાની પોતાની ભાવનાને ગૌણ બનાવે ? એવા સમયે તો, જે શ્રાવક, માતા–પિતાની આજ્ઞાના પાલનને ગૌણ પદ આપીને પણ સાધુજીવનને જીવવાની પોતાની ભાવનાને પ્રધાન પદ આપે, તે જ શાણો શ્રાવક કહેવાય. પણ આજે તો, સાધુજીવનને જીવવાની ભાવનાનાં જ ફાં–ફાં છે ને ? આજે જેટલા શ્રાવકો ગણાય છે, આગેવાન શ્રાવકો ગણાય છે અથવા તો ધર્મી તરીકેની જેઓની ખ્યાતિ છે, તેઓમાં પણ સાધુજીવનને પામવાની ભાવના અન્ય સર્વ ભાવનાઓ કરતાં પ્રબળ હોય, એ એમ ને એમ માની લેવાય એવું છે ખરું ? અન્ય સર્વ ભાવનાઓથી પ્રબળ ભાવના સાધુજીવનને પામવાની હોય, એવા

સુશ્રાવકો પણ નથી જ–એમ નહિ; એવા ભાગ્યશાલિઓ ય છે; પરન્તુ શ્રાવકસમાજના મોટા ભાગમાં જો અન્ય સર્વ ભાવનાઓથી પ્રબળ ભાવના સાધુજીવનને પામવાની હોત, તો આજે પણ ભગવાનનું શાસન કોઈ અજબ પ્રકારના પ્રભાવનો પ્રસાર કરનારૂં બનેલું હોત. ઘણો ભાગ જો એવો હોત, તો ચતુર્વિધ શ્રીસંઘની જાહોજલાલી કોઈ જૂદી જ જોવાને મળત.

આ પ્રસંગ લેવાનો હેતુ :

શ્રી અભયકુમારના આ પ્રસંગને આપણે એટલા માટે પહેલાં લીધો છે કે–શ્રી અભયકુમારે દીક્ષા લીધા બાદ જે પરિસ્થિતિ ઉપસ્થિત થવા પામી, તે પરિસ્થિતિમાંથી શ્રી હલ્લ –વિહલ્લને સેચનક હાથી મળવાનો પ્રસંગ બન્યો છે. સેચનક હાથીને મહારાજા શ્રી શ્રેણિકે પોતાનો પટ્ટહસ્તિ જ બનાવ્યો હતો, પણ સંયોગો એવા ઉભા થયા કે–એમણે તે હાથી હલ્લ–વિહલ્લને આપી દીધો. એ વાત ઉપર આવવાને માટે જ આ વાત છે.

'રાજ્ય લેવું કે નહિ ?'–એનો ભગવાનને પૂછીને નિર્ણય કરવાનો વિચાર :

હવે શ્રી અભયકુમારે કર્યું શું ? તે સમયે ભગવાન શ્રી મહાવીર પરમાત્મા વિચરતા હતા, એટલે શ્રી અભયકુમારે ભગવાનને પૂછીને જ, 'પિતાની આજ્ઞા ખાતર પણ રાજ્ય લેવું કે નહિ ?'–એનો નિર્ણય કરવાનો વિચાર રાખ્યો.

આથી એમ સમજતા નહિ કે–ભગવાન કહે તો રાજ્ય લેવું, એવો શ્રી અભયકુમારને વિચાર હતો !

ભગવાન તે વળી રાજ્યને ગ્રહણ કરવાનું કહેતા હશે ?

ભગવાન રાજ્યને લેવાનું કહે કે રાજ્યને પણ છોડવાનું કહે? મહારાજા શ્રી ભરત જેવા પણ સમજે કે–'**राज्यं भवतरोर्बीजम्**' એટલે કે–'રાજ્ય સંસાર રૂપી વૃક્ષનું બીજ છે' અને ભગવાન એવા રાજ્યને લેવાનું કહે, એ બને? ભગવાનની વાત તો દૂર રહી, પણ સાધુ ય રાજ્યને ગ્રહણ કરવાનું કહે નહિ. સંસારની કોઈ પણ ક્રિયામાં સાધુની અનુમતિ હોય જ નહિ. સંસારની ક્રિયામાં જો કોઈ પણ સાધુ ભૂલથી પણ અનુમતિ આપી દે, તો તે સાધુ પાપથી લેપાય.

તો પછી, શ્રી અભયકુમાર જેવા સમજુ અને શ્રદ્ધાળુએ, ભગવાનને પૂછીને જ 'પિતાની આજ્ઞા ખાતર પણ રાજ્ય લેવું કે નહિ?'–એનો નિર્ણય કરવાનો વિચાર રાખ્યો, તેનું કારણ શું?

એ કારણને જાણવાને માટે, શ્રી અભયકુમારે ભગવાનને શું પૂછ્યું છે, એ જ ખાસ જાણવા જેવું છે. પ્રશ્ન ડહાપણભર્યો કહેવાય, ભગવાન ઉત્તર દીધા વિના રહે અને શ્રી અભયકુમારનો પોતાનો હેતુ પણ સરે, એવી રીતિએ શ્રી અભયકુમારે ભગવાનને પૂછ્યું છે.

શ્રી અભયકુમારે ભગવાનને એ જ માત્ર પૂછ્યું છે કે–'હે ભગવન્! આપના શાસનમાં અન્તિમ રાજર્ષિ કોણ થશે?'

એના જવાબમાં ભગવાને ફરમાવ્યું કે–'રાજા ઉદાયન.'

શ્રી અભયકુમારે એ પણ જાણી લીધું કે–અત્યારે રાજા ઉદાયન દીક્ષિત થઈ ચૂકેલા છે. પોતાને નિર્ણય કરવાને માટે, શ્રી અભયકુમારને પણ આટલું જ જાણવું હતું.

દીક્ષા લેવાને માટેની આજ્ઞાની માગણી :

ભગવાન શ્રી મહાવીર પરમાત્માની પાસેથી આવીને,

પોતાના પિતા શ્રી શ્રેણિક મહારાજાને શ્રી અભયકુમારે કહ્યું કે–'હે પિતાજી ! આપ ફરમાવો છો તેમ જો હું રાજા થઈશ, તો પછી મારાથી મુનિ થવાશે નહિ : કારણ કે–શ્રી ઉદ્દાયન રાજા એ અન્તિમ રાજર્ષિ છે–એમ ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ કહ્યું છે. આપ વિચાર કરો કે–હું જો શ્રી મહાવીર પરમાત્મા જેવા સ્વામીને પામીને અને આપના જેવાના પુત્રપણાને પામીને પણ, મારા ભવ રૂપ દુઃખનો છેદ કરી શકું નહિ, તો પછી મારા જેવો અધમ બીજો કયો પુરૂષ ગણાય ?'

વળી શ્રી અભયકુમારે કહ્યું કે–'પિતાજી ! હું નામથી તો અભય છું, પરન્તુ ભવ રૂપ ભયથી તો હું સભય જ છું; માટે આપ જો આજ્ઞા આપો, તો હું ત્રણેય ભુવનના જીવોને અભયનું દાન કરનારા એવા ભગવાન શ્રી વીર પ્રભુનો આશ્રય કરૂં ! રાજ્ય તો અભિમાન રૂપ સુખના હેતુભૂત છે. મારે એવું રાજ્ય જોઇતું નથી, કારણ કે–સંતોષ એ જ શ્રેષ્ઠ સુખ છે, એમ મહર્ષિઓનું કહેવું છે.'

શ્રી અભયકુમારના અન્તઃકરણમાં સાધુજીવનને જીવવાની ભાવના કેટલી બધી પ્રબળ હતી, એનો ખ્યાલ આવ્યો ને ? એટલે એમણે પોતાની ઇચ્છા કેવી સુન્દર રીતિએ વ્યક્ત કરી ? પિતાની આજ્ઞાનો અનાદર કરવા જેવું પણ થાય નહિ અને પોતાની ભાવના પણ બર આવે, એવા પ્રકારે વાત મૂકી છે ને ? એ રાજ્યને અભિમાન રૂપ સુખના હેતુભૂત માનતા હતા, એટલે કે–વિષય અને કષાય રૂપ સુખના હેતુભૂત માનતા હતા તેમ જ એવા સુખનો ત્યાગ કરવામાં જ સાચું સુખ છે, એમ માનતા હતા. રાજ્યના સુખ સંબંધી તેમની આ માન્યતા, તમને ગમી તો બરી ને ?

મોહના જોર સામે ધર્મરાગનું જોર ફાવ્યું :

મહારાજા શ્રી શ્રેણિકે જ્યારે જોયું કે–શ્રી અભયકુમાર રાજ્યને સ્વીકારવાને માટે કોઈ પણ રીતિએ રાજી થાય તેમ નથી, ત્યારે તેમણે પણ પોતાની ઇચ્છાને ગૌણ બનાવી દઈને, શ્રી અભયકુમારની સાધુજીવનને જીવવાની ઇચ્છાને પ્રધાન બનાવી દીધી. મહારાજા શ્રી શ્રેણિકે, શ્રી અભયકુમારને દીક્ષા ગ્રહણ કરવાની રજા આનન્દપૂર્વક આપી. મહારાજા શ્રી શ્રેણિકને શ્રી અભયકુમાર પ્રત્યે જેવો તેવો રાગ નહિ હતો. શ્રી અભયકુમારે મહારાજા શ્રી શ્રેણિકનાં અંગત તેમજ રાજ્ય સંબંધી કેટલાંક કાર્યો તો એવાં કરી આપ્યાં હતાં કે–બીજો કોઇ જ એમનાં એ કાર્યોને કરી આપી શકે નહિ; અને જો એ કાર્યો થાય નહિ, તો એથી મહારાજા શ્રી શ્રેણિકના મનોદુઃખાદિનો પાર પણ રહે નહિ, એવાં એ કાર્યો હતાં. શ્રી અભયકુમાર જેમ અજબ પિતૃભક્ત હતા, તેમ બુદ્ધિશાલિઓમાં પણ અગ્રેડ હતા. આવા પુત્રને દીક્ષા લેવાની આજ્ઞા આનન્દ પૂર્વક આપવી, એ શું રમત વાત છે ? મોહના જોર સામે ધર્મરાગનું જોર જ્યારે ફાવે, ત્યારે જ આ બને ને ? મહારાજા શ્રી શ્રેણિકે પોતાનું પિતા તરીકેનું કર્ત્તવ્ય પાળવામાં કચાશ નથી રાખી. શ્રી અભયકુમારના ઉભય લોકના હિતની ચિન્તા તેમણે કરી છે. જો તે સંસારમાં રહે, તો તેમને રાજ્ય આપવાની ઇચ્છા હતી અને જો તેમને સંસારમાં ન જ રહેવું હોય તો, તેમને દીક્ષા પણ હર્ષથી જ અપાવવી હતી. પિતા બનેલાઓએ, આ વાત ધ્યાનમાં લેવા જેવી છે ને ? તમારામાંના ઘણા પિતા તો છે જ, પણ પિતા તરીકેના પોતાના કર્ત્તવ્યનો

વિચાર કરનારા કેટલા છે ? તમારાં સંતાનો જો ભવભયથી ભયભીત બનીને સંસારને તજવાને તૈયાર થાય, તો તમે બધા એમાં રાજી તો ખરા ને ?

પુત્રની ને માતાની દીક્ષા :

મહારાજા શ્રી શ્રેણિકની આજ્ઞા મળતાં, શ્રી અભયકુમારે, ભગવાનની પાસે ભાગવતી દીક્ષાને ગ્રહણ કરી. શ્રી અભયકુમારની પાછળ, શ્રી અભયકુમારની માતા શ્રીમતી નન્દાએ પણ ભાગવતી દીક્ષાને ગ્રહણ કરી. શ્રી અભયકુમારે અને શ્રીમતી નન્દાએ, ભાગવતી દીક્ષાને ગ્રહણ કરતી વેળાએ, શ્રી હલ્લને અને શ્રી વિહલ્લને બે દિવ્ય કુંડલો અને બે દિવ્ય વસ્ત્રો આપ્યાં, કે જે તેમને અગાઉ મહારાજા શ્રી શ્રેણિકે આપેલાં હતાં. આગળના પ્રસંગમાં, આ દિવ્ય કુંડલજોડીનો અને દિવ્ય વસ્ત્રયુગ્મનો સંબંધ આવવાનો છે. ઇર્ષ્યાના રૌદ્ર પરિણામનું ત્યાં દર્શન થવાનું છે.

પરીક્ષા કરીને ગાદી સોંપાતી :

શ્રી અભયકુમારે દીક્ષા લીધી, એટલે મહારાજા શ્રી શ્રેણિકને વિચાર થઈ પડ્યો કે–હવે આ રાજ્ય કોને સોંપવું ? શ્રી અભયકુમાર જ્યાં સુધી હતા, ત્યાં સુધી તો આ વિચારને અવકાશ જ હતો નહિ, કારણ કે–રાજા થવાને એ સર્વ રીતિએ યોગ્ય હતા; પણ હવે પોતાના પુત્રોમાંથી કયા પુત્રને રાજ્ય આપવું, એની ચિન્તા શ્રી શ્રેણિક મહારાજાને થઈ. અગાઉના રાજાઓ, પોતાના પુત્રોમાં પણ જે યોગ્ય જણાય, તેને જ રાજગાદી સુપ્રત કરતા હતા. મહારાજા શ્રી શ્રેણિકના પિતાએ પણ અનેકવિધ પરીક્ષાઓ કરીને, શ્રી શ્રેણિકને રાજ્ય આપવું

–એવો નિર્ણય કર્યો હતો. રાજ્ય કોને આપવું ?–એની ચિન્તા રાજાઓ એટલા માટે કરતા હતા કે–એમના હૈયે પોતાના કુળનું હિત પણ વસેલું હતું અને પ્રજાનું હિત પણ વસેલું હતું. બન્નેનું હિત જેનાથી સૌથી સારૂં સધાશે–એમ લાગે, તેને રાજાઓ રાજગાદ્દી સોંપતા. પ્રાયઃ એમાં તેઓ મોહને ફાવવા દેતા નહિ. આવો ક્રમ, પ્રભુના શાસનમાં પણ છે. આચાર્યો પોતાના પદે યોગ્ય આત્માઓને જોઈને સ્થાપે. આચાર્ય શ્રીમત્ પ્રભવસ્વામીજીએ શ્રી શય્યંભવસૂરિજીને જોઈને જ મેળવ્યા હતા અને શ્રી આર્યરક્ષિતસૂરિજી દ્વારા શ્રી ફલ્ગુરક્ષિતજીને જે આચાર્યપદ અપાયું હતું, તે પણ તેમની યોગ્યતાને જોઈને જ અપાયું હતું. એવા તો આ શાસનમાં ઘણા પ્રસંગો બનવા પામેલા છે અને બને છે.

જેના સારા માટે તે જ દુશ્મન બન્યો :

મહારાજા શ્રી શ્રેણિકે નિર્ણય કર્યો કે–'હવે આ રાજ્ય કૂણિકને સોંપવું.' કૂણિકને રાજગાદ્દીએ સ્થાપિત કરી દીધા પછીથી, પોતે સ્વતન્ત્રપણે કોઈને ય કાંઈ આપી શકે નહિ, એ માટે શ્રી શ્રેણિકે, કૂણિકને રાજગાદ્દી આપતાં પહેલાં જ શ્રી હલ્લ–વિહલ્લને અઢાર ચક્રનો હાર તેમજ સેચનક હાથી –એ બન્ને ય વસ્તુઓ આપી દીધી. મહારાજા શ્રી શ્રેણિકે આમાં કૂરંદેશી વાપરી હતી, પરન્તુ પરિણામ વિપરીત આવ્યું. કૂણિકના જાણવામાં આવ્યું કે–હાર અને હાથી હલ્લ–વિહલ્લને અપાઈ ગયા; પણ તેના જાણવામાં એ આવ્યું નહિ કે–પોતાને રાજ્ય આપવાને અંગેની પિતા તરફની આ પૂર્વતૈયારી છે. કૂણિકના હૈયામાં એવો એક દૃઢ ભ્રમ પેદા થઈ ગયેલો હતો

કે–'પિતાજી સારી સારી ચીજો મારા ભાઈઓ હલ્લને અને વિહલ્લને આપે છે, જ્યારે મને તો સામાન્ય ચીજો જ આપે છે.' આવો દૃઢ ભ્રમ હૈયામાં જામેલો જ હતો અને એમાં જાણવામાં આવ્યું કે–' હાથી અને હાર હલ્લ–વિહલ્લને અપાઈ ગયા ' એટલે એના અન્તરમાં ક્રોધનો મહાગ્નિ ભભૂકી ઉઠ્યો. તેનો લોભ પણ જોર કરવા માંડ્યો. એથી, પિતાજી કોઈને પણ રાજ્ય આપી દે, તે પહેલાં તેણે પિતાજીની પાસેથી બલાત્કારે રાજ્યને પડાવી લેવાનો નિર્ણય કર્યો.

પિતાને કેદખાને નાખીને રાજ્ય પડાવી લીધું :

કૂણિકે પોતાના નિર્ણયનો અમલ કરવાને માટે, પોતાના કાળ વિગેરે નામના દશ ભાઈઓને ભેગા કર્યા. તેમને કૂણિકે સમજાવ્યા કે–' આપણા પિતાજી વૃદ્ધ થયા છે, તો પણ હજુ રાજ્યથી તૃપ્તિને પામતા નથી. રાજ્યનું રક્ષણ કરવાને માટે પુત્ર જ્યારે શક્તિમાન થાય છે, ત્યારે રાજાઓ પોતાના પુત્રને રાજ્યગાદી સોંપી દે છે અને પોતે વ્રતનો સ્વીકાર કરે છે. ધન્ય છે આપણા મોટા ભાઈ અભયકુમારને, કે જેમણે પોતે યુવાન હોવા છતાં પણ, રાજ્યલક્ષ્મીને તજી દીધી ! પરન્તુ આપણા પિતા તો એવા વિષયાન્ધ છે કે–આટલી મોટી ઉંમરના થવા છતાં પણ, રાજ્યનો ભોગવટો કરતાં કાંઈ વિચાર જ કરતા નથી. આથી, મારો વિચાર એવો છે કે–આપણે બધા મળીને પિતાને બન્ધનમાં નાખી દઈએ અને આપણો અત્યારે રાજ્યને ભોગવવાનો સમય છે, માટે આપણે રાજ્યને ગ્રહણ કરીએ. આપણે આવું કરીએ, તો તેમાં આપણને અપવાદ લાગવા જેવું કાંઈ છે જ નહિ, કારણ કે–પિતા વિવેકવિકળ

થયેલા છે. આ પ્રમાણે પહેલાં તો આપણે રાજ્યને ગ્રહણ કરી લઈએ અને તે પછીથી આપણે આ રાજ્યને અગીયાર ભાગે વહેંચી લઈને ભોગવીશું. આપણે રાજ્યને ગ્રહણ કરી લીધા બાદ, આપણા પિતા બંદિખાને પડ્યા પડ્યા ભલે ને સેંકડો વર્ષ જીવે. આપણને તેમાં કશી જ હરકત જેવું નથી.'

કૂણિકે આ વાત કહી અને તેના ભાઈઓ તેમાં સંમત થઈ ગયા. એ બધાએ મળીને, એકાએક મહારાજા શ્રી શ્રેણિક ઉપર હુમલો કર્યો, તેમને બાંધી લીધા અને બંદિખાને નાખી દીધા. એટલું જ નહિ, પણ કૂણિક તો મહારાજા શ્રી શ્રેણિકનો એવો વૈરી બની ગયો હતો કે–તેમને કાંઈ ખાનપાન તો આપતો જ નહિ અને રોજ સવાર–સાંજ સો સો ચાબુકો મારતો.

સંસારમાં શું સંભવિત નથી ?

ક્રોધ અને લોભનું જોર, માણસને કેટલો બધો વિવેકભ્રષ્ટ કરી મૂકે છે ? એના હૈયાને એ કેટલું બધું ક્રૂર બનાવી દે છે ? પોતે પુત્ર છે અને આ પિતા છે–એ વાતને પણ એ ભૂલી જાય છે. સંસારમાં શું સંભવિત નથી ? માણસનો અશુભોદય જ્યારે જોરદાર બને છે, ત્યારે સગી પત્ની, સગો પુત્ર, સગો ભાઈ કે સગો પિતા પણ ભયંકરમાં ભયંકર કોટિના દુશ્મનની ગરજ સારનાર બને, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ. આ સંસારમાં આ અને આથી પણ વધારે ભયંકર ઘટનાઓ સંભવિત છે, પરન્તુ પુણ્યોદયના યોગે મળેલી અનુકૂળતાઓમાં મુંઝાઈ ગયેલાઓ, મધુબિન્દુ જેવાં સંસારનાં સુખોના સ્વરૂપને પિછાની શકતા નથી અને એથી જ તેઓ એ સુખોની પાછળ ઘેલા થઈને ફરે છે.

કૂણિકનો વૈરભાવ પૂર્વભવથી જ હતો :

પ્રશ્ન૦ કૂણિકને પોતાના પિતા પ્રત્યે આટલો બધો વૈરભાવ થઈ જવાનું કારણ શું ?

એક તો પૂર્વભવનું વૈર હતું અને આ ભવમાં પણ ગેરસમજો થવા પામી હતી. કૂણિક જ્યારે ગર્ભમાં હતો, ત્યારે તેની માતા ચેલ્લણાદેવીને, પોતાના પતિના માંસને ખાવાનો દોહદ ઉત્પન્ન થયો હતો. એ ઉપરથી, એ સમજી ગઈ હતી કે–ગર્ભસ્થ જીવ, તેના પિતાનો વૈરી પાકવાનો છે. કૂણિકના જીવને શ્રી શ્રેણિકના જીવ પ્રત્યે વૈરભાવ હતો, પરન્તુ શ્રી શ્રેણિકના જીવને કૂણિકના જીવ પ્રત્યે વૈરભાવ નહિ હતો. જો તેઓને પરસ્પર વૈરભાવ હોત, તો શ્રી અભયકુમારની બુદ્ધિનો ઉપયોગ કરીને પણ શ્રી શ્રેણિકે ચેલ્લણાદેવીના દોહદને પૂર્ણ કર્યો, તે કદાચ પૂર્ણ કર્યો ન હોત અને દોહદ પૂર્ણ કર્યો હોત, તો પણ શ્રી શ્રેણિકે જે રીતિએ કૂણિકના જીવનનું રક્ષણ કર્યું, તે રીતિએ કદાચ તેનું રક્ષણ કર્યું ન હોત. પોતાના વૈરભાવના કારણે, કૂણિકને જે કાંઈ પણ પ્રતિકૂળ લાગતું, તે પ્રતિકૂળ તેના પિતા શ્રી શ્રેણિક જ કરાવે છે એમ લાગતું હતું. જેમ કે–ચેલ્લણાદેવીના મનને ખાત્રી જ હતી કે–મારો આ પુત્ર એના પિતાનો વૈરી જ પાકયો છે, એટલે રોજ તે શ્રી હલ્લ–વિહલ્લને જ્યારે ખાંડના લાડુ મોકલતી હતી, ત્યારે કૂણિકને તે ગોળના લાડુ મોકલતી હતી. શ્રી શ્રેણિકને આની કાંઈ જ ખબર નહોતી, પરન્તુ પૂર્વભવના વૈરભાવના સંસ્કારોને લીધે, કૂણિક તો એમ જ માનતો હતો કે–આવો ભેદભાવ મારા પિતા જ કરાવે છે. વૈરભાવના કારણે, ભલા માટેની ચીજ પણ ભૂંડા માટેની લાગે, એ સ્વાભાવિક છે.

વૈરભાવ સામે સાવધ રહેવાની જરૂર :

આ ઉપરથી, એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે–કોઈની ય સાથે વૈરભાવ થઈ જવા પામે અથવા તો કોઇને ય આપણા પ્રત્યે વૈરભાવ થઈ જવા પામે, એવા સંયોગોથી સદાને માટે બચતા રહેવાનો પ્રયત્ન કરવો. વિષયસુખમાં પડેલાઓને અને કષાયથી ધમધમતા આત્માઓને, એવા પ્રસંગો ઘણા આવવાનો સંભવ છે; બાકી તો, કોઇ કોઈ વાર ભવિતવ્યતા ય એવી હોય છે કે–આપણો આશય તદ્દન સારો હોય, તે છતાં પણ બની જાય એવું કે–સામાને એમ લાગે કે આ મને હેરાન જ કરવાને મથે છે અને એથી એના અન્તરમાં આપણા પ્રત્યે વૈરભાવ પ્રગટે. આમ છતાં પણ, આપણને જો ખબર પડી જાય કે–આપણી કોઈ પણ પ્રકારની ભૂલ કરવાની બુદ્ધિ નહિ હોવા છતાં પણ, ગેરસમજ માત્રથી કે ભવિતવ્યતાવશ પણ આપણા પ્રત્યે અમુકને વૈરભાવ જાગ્યો છે, તો આપણે તેને ખમાવ્યા વિના રહેવું જ નહિ. એના હૈયામાંથી આપણા પ્રત્યેના વૈરભાવને કાઢી નાખવાનો શક્ય એટલો પ્રયત્ન અવશ્ય કરવો. એટલે, આપણે તો કોઈ પણ જીવ પ્રત્યે વૈરભાવ પ્રગટે નહિ અને કદાચ વૈરભાવ આવી જાય તો પણ તે ટકી શકે નહિ, એની પૂરેપૂરી કાળજી રાખવી જોઇએ. આપણો વૈરભાવ આપણને તો ખૂબ જ હાનિ કરે. જેના પ્રત્યે વૈરભાવ હોય, તેને હાનિ તો તેનો પાપોદય સહાયક બને ત્યારે પહોંચાડી શકાય, પરન્તુ આપણો વૈરભાવ આપણને તો મહા પાપથી ભારે અવશ્ય બનાવી દે; કારણ કે–એ વૈરભાવના યોગે આપણું અન્તઃકરણ, આપણને જેના

પ્રત્યે વૈરભાવ હોય તેનું ભૂંડું કેમ કરવું–એવા પ્રકારની ભાવનાઓમાં જ રમતું હોય છે.

ચેલ્લણાદેવીની પતિભક્તિ :

મહારાજા શ્રી શ્રેણિકનો અશુભોદય પણ એવો છે કે–કૂણિકને કોઈ કાંઈ કહી શકતું નથી. એ તો ચેલ્લણાદેવી પરમ પતિભક્તા હતી અને કૂણિક માતા પ્રત્યે એટલો દાક્ષિણ્યવાળો હતો કે–શ્રી શ્રેણિકની પાસે બીજા કોઇને પણ નહિ જવા દેનાર કૂણિક ચેલ્લણાદેવીને શ્રી શ્રેણિકની પાસે જવા દેતો હતો, એટલે ચેલ્લણાદેવી માયાથી કાંઈક ખાન–પાન આપી આવીને, શ્રી શ્રેણિકના જીવનને ટકાવતી હતી; બાકી, ખાવા–પીવાનું કાંઈ મળે નહિ અને રોજ સવાર–સાંજ સો સો ચાબુકોના માર પડે, એવા સંયોગોમાં ગમે તેવો માણસ પણ કેટલાક વખતને માટે જીવી શકે ?

કૂણિકનો પુત્રમોહ :

આ પ્રમાણે દિવસો વહી જતા હતા, તેમાં એક વાર એવો પ્રસંગ બની જવા પામ્યો, કે જેને લઇને કૂણિકનો ભ્રમ તો ભાંગી ગયો, પણ શ્રી શ્રેણિક પ્રત્યેનો તેનો વૈરભાવ પણ નષ્ટ થઈ જવા પામ્યો. એ પ્રસંગ એવા પ્રકારનો હતો કે–

કૂણિકને પોતાની પદ્માવતી નામની રાણીથી એક પુત્ર થયો. કૂણિક, એ પુત્ર જ્યારથી જન્મ્યો ત્યારથી જ એને ખૂબ ખૂબ ચાહવા લાગ્યો. પુત્રપ્રસવ થયાની વધામણી આવી, એટલે વધામણી લાવનાર દાસ–દાસીઓને તેણે પુષ્કળ દાન દીધું અને પોતે અન્તઃપુરમાં જઇને પુત્રને હાથમાં લીધો અને એ દ્વારા પરમ આનન્દને તેણે અનુભવ્યો. એ પુત્ર જરા

મોટો થયો, એટલે એને પોતાની કમ્મરે બેસાડીને રાજા કૂણિક ફરવા લાગ્યો. એ બાળ પુત્રની સાથે કૂણિક કાલું કાલું બોલીને બાળક જેવી ચેષ્ટાઓ કરવા લાગ્યો. એ પુત્રને તે ખાતાં–પીતાં અને સુતાં–બેસતાં પણ નીચે મૂકતો નહિ.

પુત્રમોહનું આ નાટક કેટલું બધું વિચિત્ર છે ? પુત્ર પિતાને માટે કેવો ભયંકર અને દુઃખદાયક પણ બની શકે છે, એનું ઉદાહરણ કાંઈ કૂણિકને શોધવાને જવું પડે તેમ હતું ? ખૂદ પોતે જ એના ઉદાહરણ રૂપ હતો ને ? આમ છતાં પણ, એ પોતાના પુત્ર ઉપર કેમ આટલો બધો મોહિત થતો હશે ? એને કદાચ એમ હશે કે–મારા પિતાએ મને મોહથી મુગ્ધ બનાવ્યો નહિ, માટે મેં આવું કર્યું; એટલે મારો પુત્ર મારા પ્રત્યે એવું આચરનારો બને નહિ, એ માટે હું મારા પુત્રને મોહથી મુગ્ધ બનાવી દઉં ! પણ ખરી વાત એ છે કે–મોહને પરવશ બનેલાઓ, નથી તો પોતાના વર્તન ઉપરથી શિખામણ લઈ શકતા કે નથી તો પારકા વર્તન ઉપરથી શિખામણ લઇ શકતા. એ બીચારા તો સંયોગોનુસાર રાજી ને રોષી થયા કરે છે.

પુત્રપ્રેમની અતિરેકતામાં ગૌરવનો અનુભવ :

પુત્રમોહમાં ગરકાવ બની ગયેલો રાજા કૂણિક, ધીરે ધીરે એમ માનતો થઈ ગયો કે–'મારો પુત્રપ્રેમ અજોડ છે. પિતા તો ઘણા છે, પરન્તુ પુત્ર ઉપર મારા જેવો પ્રેમ રાખનારો પિતા મળવો મુશ્કેલ છે.' એના હૈયામાં રહેલી આ માન્યતાએ, એક વાર શબ્દદેહને પણ ધારણ કરી લીધો. એક વાર પોતાના પુત્રને ખોળામાં લઇને ભોજન કરવાને માટે બેઠેલા રાજા

કૂણિકે અડધું ભોજન કર્યું હશે, ત્યાં તો છોકરો મૂતર્યો અને એના મૂત્રની ધારા કૂણિકના ભોજનથાળમાં પડી. તેમ છતાં પણ, પુત્રના પેશાબની ધારા અધવચ્ચે અટકી પડે નહિ એ માટે, કૂણિકે પોતાની સાથળને પણ હાલવા દીધી નહિ. પુત્ર પેશાબ કરી રહ્યો, એટલે કૂણિકે જેટલું અન્ન પેશાબવાળું થયું હતું, તેને પોતાના હાથે બાજૂમાં કરી દીધું અને એ જ થાળમાંથી તે પુનઃ ખાવા લાગ્યો. એમ ભોજન કરતાં, એ પોતાના પુત્રપ્રેમની મનમાં ને મનમાં અનુમોદના કરવા લાગ્યો. એને થયું કે–હું મારા પુત્ર ઉપર કેટલો બધો અસીમ પ્રેમ ધરાવું છું ? એ આવા વિચારો કરતો હતો, ત્યાં એની નજર પોતાની પાસે જ બેઠેલી, પોતાની માતા ચેલ્લણાદેવી ઉપર પડી. એટલે, પુત્રપ્રેમના હર્ષાવેશમાં તણાઈ રહેલા તેણે, પોતાની માતાને પૂછ્યું કે–'માતા ! ભૂતકાળમાં કોઇને ય પોતાનો પુત્ર આટલો બધો પ્રિય હશે ખરો ? અથવા તો વર્ત્તમાનમાં પણ કોઈ એવો હશે ખરો, કે જેને પોતાનો પુત્ર મારા જેટલો પ્રિય હોય ?'

કેટલાના પુત્ર બન્યા ને કેટલાને પુત્ર બનાવ્યા ?

વિચાર કરો કે–કેવો વિચિત્ર આ પ્રશ્ન છે ? આમાં મોહની ઉન્મત્તતા સિવાય કાંઈ પણ દેખાય છે ખરૂં ? કૂણિક તો એમ જ માની બેઠેલો કે–'એના જેવો પુત્રપ્રેમ ભૂતકાળમાં કોઇને હતો પણ નહિ અને વર્ત્તમાનમાં કોઇને હશે પણ નહિ !' ભલે કે–તેની આ માન્યતા તદ્દન ખોટી છે, પણ ધારો કે–એની એ માન્યતા તદ્દન સાચી હોય, તો પણ એમાં રાચવા જેવું શું છે ? જેનો પુત્રમોહ જેટલો જોરદાર, તે તેટલો

સારો, એમ ? આ સંસારમાં જીવ કેટલાના પુત્રપણાને પામ્યો હશે અને કેટલાને પુત્રપણે જન્માવ્યા હશે ? જે પુત્રને જીવાડવો સ્વાધીન નહિ, સાજો રાખવો સ્વાધીન નહિ, સારો રાખવો સ્વાધીન નહિ અને જેનો વિયોગ નિશ્ચિત જ; તેમ જ જે પુત્ર મોટો થઈને સુખી બનાવનારો નિવડશે કે દુઃખી બનાવનારો નિવડશે–એનો પણ નિર્ણય નહિ, એવા પુત્ર ઉપર મોહ કરવો અને એ મોહમાં પાછો ગૌરવનો અનુભવ કરવો, તે મિથ્યાત્વના પણ ગાઢપણાને સૂચવે છે. કૂણિક નરકગામી જીવ છે, એટલે એના હૈયામાં આવા આવા ભાવો પ્રગટે, એમાં નવાઈ પામવા જેવું કાંઈ જ નથી.

કૂણિક એવો જીવ હતો કે એને ભગવાનેય ફળે નહિ :

આવા ગાઢ મિથ્યાદૃષ્ટિઓને તો ખૂદ ભગવાનનો યોગ મળે, તો પણ તે ફળે નહિ. જેનું મિથ્યાત્વ મંદતાને પામ્યું હોય અથવા તો જેનું મિથ્યાત્વ મંદતાને પામે અને જેની ભવિતવ્યતા સારી હોય, તેને જ ભગવાન જેવાનો યોગ પણ ફળી શકે છે. ઘોર મિથ્યાદૃષ્ટિઓ તો, ભગવાનના યોગ દ્વારા પણ, મહા પાપને ઉપાર્જનારા બને છે. રાજા કૂણિકને પાછલા કાળમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો યોગ મળ્યો હતો. તેની વસાવેલી ચંપા નામની નગરીએ ખૂદ ભગવાન પધાર્યા હતા અને ભગવાનના સમવસરણમાં રાજા કૂણિક ગયો પણ હતો. એ વખતે ભગવાનની સાથે એને જે પ્રશ્નોત્તરો થયા હતા, તે જોઈએ તો લાગે કે–'તે જીવ ઘણી જ નાલાયક અવસ્થામાં છે.'

ભગવાનને તેણે પૂછ્યું કે–'જેઓ જીવનભરને માટે

ભોગોનો પરિત્યાગ કરતા નથી, એવા ચક્રવર્તિઓ મરીને કયી ગતિમાં જાય છે ?'

ભગવાને કહ્યું કે–'એવા ચક્રવર્તિઓ મરીને સાતમી નરકે જાય છે.'

એટલે કૂણિકે ફરીથી ભગવાનને પૂછ્યું કે–'તો મારી ગતિ કયી થશે ?'

એના ઉત્તરમાં ભગવાને ફરમાવ્યું કે–'અહીંથી મરીને તું છઠ્ઠી નારકીએ જઈશ.'

આવા ઉત્તરને સાંભળીને, જરા પણ ક્ષોભને પામ્યા વિના જ, કૂણિક ભગવાનને પૂછે છે કે–'હું સાતમી નરકે કેમ નહિ જાઉં ?'

એટલે ભગવાન એને કહે છે કે–'તું ચક્રવર્તી નથી માટે ! જે ચક્રવર્તી હોય, તેની પાસે તો ચક્રવર્તીને યોગ્ય સામગ્રી હોય. જેમ જ્યાં ધર્મી હોય, ત્યાં ધર્મ અવશ્ય હોય તેમ !'

અહીં તમારે એ વાત ધ્યાનમાં રાખવાની છે કે–ભોગાદિનો મૃત્યુ પર્યન્ત પરિત્યાગ નહિ કરનારા ચક્રવર્તીઓ સાતમી નરકે જાય છે અને એ સિવાયના બીજા કોઈ જીવો સાતમી નરકે જતા જ નથી, એવું કાંઈ છે જ નહિ. બીજા જીવો પણ સાતમી નરકે જનારા હોઈ શકે છે. મનુષ્યગતિમાંથી અને તિર્યંચગતિમાંથી પણ ઘણા જીવો, સાતમી નરકને યોગ્ય આયુષ્યકર્મને ઉપાર્જીને, સાતમી નરકે પણ જાય છે. એટલે અહીં ભગવાને જે એમ સૂચવ્યું કે–'તું ચક્રવર્તી નથી, માટે તું સાતમી નરકે નહિ જાય'–તે, એ માટે જ સૂચવ્યું છે કે–કૂણિકને પોતાને એવો ગર્વ હતો કે–હું ચક્રવર્તી જ છું. એણે જ્યારે પૂછ્યું, ત્યારે પોતે ચક્રવર્તી છે એવી જે એની તદ્દન ખોટી

માન્યતા હતી, તેને મનમાં રાખીને જ પૂછયું હતું અને એથી તેની એ માન્યતાને ઉદ્દેશીને જ ભગવાને એ પ્રમાણેનો જવાબ દીધો છે.

ભગવાને જ્યારે એમ કહ્યું કે–' તું ચક્રવર્તી નથી ' એટલે પાછું કૂણિકે ભગવાનને પૂછયું કે–' હું કેમ ચક્રવર્તી નથી ? મારી પાસે પણ ચક્રવર્તીના જેવી ચતુરંગી સેના છે.'

એ વખતે ભગવાને ખૂલાસો આપ્યો કે–' ચક્રવર્તીની પાસે તો ચક્રાદિ ચૌદ રત્નો હોય છે. તારી પાસે તે નથી. ચૌદ રત્નોમાંથી એક પણ રત્ન જેની પાસે ઓછું હોય, તેને ચક્રવર્તી કહી શકાય નહિ.'

ભગવાન પાસેથી આ પ્રમાણે સાંભળીને પણ એણે કર્યું શું ? ચક્રવર્તી બનવાનો ઉધમાત મચાવ્યો અને એમાં જ એણે જીવ ખોયો. ચક્રવર્તીને ચૌદ રત્નોમાં સાત રત્નો એકેન્દ્રિય હોય છે અને સાત રત્નો પંચેન્દ્રિય હોય છે. કૂણિકે લોઢા વિગેરેનાં સાત એકેન્દ્રિય રત્નો બનાવી લીધાં, પોતાની સ્ત્રી પદ્માવતીને સ્ત્રીરત્ન તરીકે કલ્પી લીધી અને અમુક હાથીને હસ્તિરત્ન, અમુક ઘોડાને અશ્વરત્ન–એ પ્રમાણે કલ્પીને, પોતાની પાસે ચક્રવર્તીને છાજતાં ચૌદેય રત્નો છે, એમ માની લીધું. આ પ્રમાણે રત્નોની કલ્પના કરીને તે બેસી રહ્યો નહિ, પણ ચક્રવર્તીની જેમ તે છ ખંડને સાધવાને માટે પણ નીકળ્યો એમાં એ વૈતાઢ્યગિરિની તમિસ્રા ગુફાની પાસે ગયો અને તે ગુફાના પ્રહત દ્વારની જ્વાલાથી ભસ્મ થતાં તેનું મૃત્યું થયું. ત્યાં મૃત્યુને પામીને તે છઠ્ઠી નરકે ગયો.

આવા જીવને ભગવાનનો યોગ ફળે શી રીતિએ ?

ભગવાન મળ્યા ત્યારે એને પોતાના આત્મા વિષે કાંઈ

પૂછવાનું સૂઝયું નહિ અને આવું પૂછવાનું સૂઝયું ! પોતાને ચક્રવર્તી કહેવડાવવાને માટે એ સાતમી નરકે જવાને માટે પણ તૈયાર થઈ ગયો. કૂણિકનો જીવ આવો ગાઢ મિથ્યાદૃષ્ટિ હતો, એટલે પુત્રરાગમાં એ આંધળો બને અને પુત્ર પ્રત્યેની રાગાન્ધતામાં એ ગૌરવનો આનંદ અનુભવે, એ સ્થાને જ છે—એ વાત તમારી સમજમાં આવી ગઇ ને ? આ વાત એટલા જ માટે કહી કે—કૂણિકના પુત્રપ્રેમની વાતને સાંભળીને, કોઈ પોતાના પુત્રપ્રેમને વિકસિત કરવાને માટે, કૂણિક જેવાને આદર્શ બનાવી લેવાની ભૂલ કરે નહિ.

ચેલ્લણાદેવીને મળેલી તક :

આપણે પાછા મૂળ વાત ઉપર આવો. કૂણિકે પોતાની માતા ચેલ્લણાદેવીને પ્રશ્ન કર્યો કે—' મારા જેવો પુત્રપ્રેમી પહેલાં કોઈ થયો હશે ખરો ? અથવા તો અત્યારે કોઈ મારા જેવો પુત્રપ્રેમી હશે ખરો ? ' કૂણિકે આવું પૂછયું, એટલે ચેલ્લણાદેવીને ઘણા વખતથી હૈયામાં સંઘરી રાખેલી વાતને બોલવાની અને રોષને વ્યક્ત કરવાની તેમ જ પોતાના પુત્રના મગજને ઠેકાણે લાવવાનો યથાવસર પ્રયત્ન કરવાની તક મળી ગઈ. એ તકનો ચેલ્લણાદેવીએ પૂરેપૂરો લાભ ઉઠાવ્યો પણ ખરો, કારણ કે—એ પરમ પતિભક્તા હતી અને પ્રસંગને પિછાની લેવામાં પ્રવીણ પણ હતી.

ચેલ્લણાદેવીએ શ્રી શ્રેણિકના પુત્રપ્રેમની રજૂ કરેલી હકીકત :

ચેલ્લણાદેવીએ કૂણિકને જવાબ આપતાં કહ્યું કે—' અરે પાપી ! તું જાણતો જ નથી કે—તારા પિતાને તું આ બાળકની જેમ અત્યન્ત વહાલો હતો. તને ખબર નથી કે—તું જ્યારે

મારા પેટમાં આવ્યો, ત્યારે મને બહુ જ બરાબ દોહદ ઉત્પન્ન થયો હતો અને એથી હું ત્યારથી જ જાણી ગઈ હતી કે–તું તારા પિતાનો વૈરી છે, કારણ કે–જેવો ગર્ભ હોય, તેવા જ પ્રકારનો દોહદ સગર્ભા સ્ત્રીઓને ઉત્પન્ન થાય છે. ગર્ભમાં રહેલા પણ તને, તારા પિતાનો વૈરી જાણીને, તારા પિતાના કલ્યાણની કાંક્ષિણી એવી મેં ગર્ભપાતના પ્રયત્નો પણ કર્યા હતા; પરન્તુ તારૂં નશિબ એવું જબરૂં હતું કે–ગર્ભપાતને માટે જે જે ઔષધો લીધાં, તે તે સર્વ ઔષધો તને હાનિકારક નિવડવાને બદલે, તારા માટે પુષ્ટિકારક પૂરવાર થયાં. વળી, તારા પિતાએ તો ' કયારે હું પુત્રના મુખને જોઈશ '–એવી આશાએ, તેમના અકલ્યાણના જ સૂચક એવા પણ મારા દોહદને પૂર્ણ કર્યો હતો. તારા પિતાના મનમાં તો તારે માટે કશો જ બરાબ ભાવ નહિ હતો, પરન્તુ મારા મનમાં તો એ વાત બરાબર અંકિત થઈ ગઈ હતી કે–તું તારા પિતાનો વૈરી જ છે, એટલે જેવો તું જન્મ્યો કે તરત જ મેં તને ઉકરડે તજી દીધો હતો, પરન્તુ ત્યાંથી પણ તારા પિતા જ તને પોતાના જીવની જેમ જાળવીને લઈ આવ્યા. એ પછી પણ, તારા પિતાએ તારા પ્રત્યે ગજબનું વાત્સલ્ય કર્યું હતું. તને મેં જે ઠેકાણે તજી દીધો હતો, ત્યાં કુકડીના પિંછાથી તારી એક આંગળી વીંધાઈ જવા પામી હતી અને પછી તે પાકી હતી. અંદર કૃમિઓથી બદબદીને દુર્ગન્ધ મારતી બનેલી એ આંગળી, તને ભારે પીડા ઉપજાવતી હતી. તારી એવી દુર્ગન્ધ મારતી આંગળીને પણ, તારા પિતા પોતાના મોંઢામાં રાખી મૂકતા હતા અને જેટલો વખત તેઓ તારી આંગળીને મોંઢામાં રાખતા હતા, તેટલો વખત જ તને સુખનો અનુભવ થતો હતો. તારા

પિતાએ એ રીતિએ તને વેદનાથી બચાવીને તારી આંગળીના ઘાને રૂઝવ્યો હતો. જે પિતાએ તને આવી રીતિએ મહા-મુશ્કેલીએ લાલન–પાલન કરી શકાય એવા લાલન–પાલનથી ઉછેર્યો, તે પિતાના મોટા ઉપકારના બદલામાં તેં તારા પિતાને કારાગૃહમાં પૂર્યા છે !'

કૂણિક તો પોતાના પિતાના પોતા ઉપરના ઉપકારની વાતને સાંભળીને, વ્યગ્ર બની ગયો. તે પોતાના દુષ્કૃત્યથી કંપી ઉઠ્યો, પણ પોતાના મનમાં રહી ગયેલી એક ગેરસમજને દૂર કરવાને માટે, તેણે ચેલ્લણાદેવીને પૂછ્યું કે–' તો પછી પિતાજી હલ્લ–વિહલ્લને બાંડના લાડવા મોકલતા અને મને ગોળના લાડવા મોકલતા, તેનું કારણ શું ?'

ચેલ્લણાદેવી, એ વાતનો પણ ખૂલાસો કરતાં કહે છે કે–' ગોળના લાડવા તો હું જ તને મોકલતી હતી, કારણ કે–તું તારા પિતાનો દ્વેષી છે–એમ મેં માનેલું હોવાથી તું મને અણગમતો જ હતો.'

પતિભક્તિ વિના આવું બોલાય નહિ :

ચેલ્લણાદેવીએ સર્વ હકીકત કેવી સુન્દર, સ્પષ્ટ અને સીધી ગળે ઉતરે જાય એવી રીતિએ રજૂ કરી ? ચેલ્લણા-દેવીના કથનમાં જેમ પ્રવીણતા છે, તેમ પતિભક્તિ પણ ભારો-ભાર ભરેલી છે. જે કાંઈ દોષ રૂપ તને લાગ્યું છે તે મારૂં કરેલું છે અને તારા પિતાએ તો તારૂં સઘળું ય સારૂં જ કરેલું છે, એમ ચેલ્લણાદેવીએ કહ્યું ને ? તારૂં બરાબ કરવાને માટે હું બધું કરી ચૂકી છું અને તારા પિતાએ તો તારૂં એકાન્તે ભલું જ કર્યું છે, એવી વાત કરી ને ? હૈયાની પતિભક્તિ વિના,

આવી વાત, સાચી હોવા છતાં પણ, આ રીતિએ અને આ સંયોગોમાં બોલાય ખરી ? એને એમ ન થાય કે–કદાચ આ, મારા પતિની જેમ મને પણ બંદિખાને નાખી દેશે તો ? પણ એની ચેલ્લણાદેવીને ફીકર જ નહિ હતી. આપણે તો, એ વિચારવું છે કે–પતિ બંદિખાને છે, તેનું ચેલ્લણાદેવીને કેટલું બધું દુઃખ છે ? આ ઉપરથી, એ પણ સમજી શકાય છે કે–જો એનું ચાલે એવું હોત, તો એ એક ક્ષણને માટે પણ શ્રી શ્રેણિકને કારાગારમાં રહેવા દેત નહિ; પરન્તુ તે સમયે કૂણિકનો પ્રભાવ એટલો બધો વિસ્તરેલો હશે, કે જેથી કોઈ પણ માણસ શ્રી શ્રેણિકની મુક્તિને માટે કાંઈ જ કરી શકે નહિ.

કૂણિકનું હૃદયપરિવર્તન અને શ્રી શ્રેણિકનો પ્રાણત્યાગ :

ચેલ્લણાદેવીનાં વચનોની કૂણિકના હૈયા ઉપર અસાધારણ અસર થઈ. એના પિતા પ્રત્યેનો એનો દ્વેષ ગળી ગયો. પિતાના ઉપકારને જાણીને, એને પોતાની જાત ઉપર ધિક્કારનો ભાવ આવ્યો. પોતાની જાતને નિન્દતા તેણે, તત્કાલ, પિતા પાસેથી પડાવી લીધેલું રાજ્ય પિતાને સુપ્રત કરી દેવાનો નિર્ણય કર્યો. માતાને પણ એણે એ વાત જણાવી. પછી પૂરું બાધા વિના જ, તે બાતે બાતે ઉભો થઈ ગયો અને પિતાનાં ચરણોમાં નાખેલી બેડીને ભાંગી નાખવાને માટે, લોહદંડને લઇને તે એકદમ કારાગૃહ તરફ દોડ્યો. પરન્તુ તેના આવા હૃદયપરિવર્તનની શ્રી શ્રેણિકને ખબર નથી. કૂણિકને એમ લોહદંડને લઇને આવતો જાણીને, શ્રી શ્રેણિકને એવા એવા વિચારો આવ્યા, કે જેથી તેમણે કૂણિક ત્યાં આવી પહોંચે તે પહેલાં તો, પહેલેથી પોતાની પાસે રાખી મૂકેલા તાલપુટ

નામના વિષને પોતાની જીભ ઉપર મૂકયું અને એથી તત્કાળ એમના પ્રાણ ચાલ્યા ગયા.

કલ્પનાઓ કેવી ઠગારી પણ નિવડે છે?

જૂઓ કે–કેવો વિચિત્ર સંયોગ છે? કલ્પનાઓ કેટલીક વાર કેટલી બધી ઠગારી નિવડે છે, તેનો આ પણ એક નમુનો છે ને? આપણી પાસે દેખીતો પૂરાવો હોય અને એના જ આધારે આપણે કલ્પના કરી હોય, તે છતાં પણ તે તદ્દન મિથ્યા કલ્પના હોય, એવું ય બને ને? કૂણિકને ગોળના લાડુનો દેખીતો પૂરાવો મળ્યો હતો, છતાં તેની કલ્પના ખોટી હતી ને? કૂણિક લોહદંડ લઈને દોડ્યો આવે છે–એવો દેખીતો પૂરાવો હતો, છતાં શ્રી શ્રેણિકની કલ્પના ખોટી હતી ને? એટલે દેખીતા પૂરાવાઓના આધારે પણ કલ્પનાઓમાં દોડી જવા જેવું નહિ ને? એવી કલ્પનાઓના બળે કોઈના ઉપર દોષારોપણ કરવામાં, કેટલીક વાર, મહા ભયંકર પણ પરિણામ આવી જાય છે. પૂરાવાઓ ગેરસમજ ઉપજાવે તેવા પણ હોઈ શકે છે અને એના દ્વારા કરેલી કલ્પનાઓ આપણને ઠગનારી નિવડે, એ સ્વાભાવિક જ છે. એટલે, શકનો લાભ પણ આરોપીને અપાય, એ સ્થાને છે. આપણે ત્યાં પણ જ્યાં પરસ્પર વિરોધભાવ લાગે એવી વાત આવે અને જ્યાં સુધી યથાયોગ્ય નિર્ણય કરી શકવા જોગી શક્તિ ન હોય, ત્યાં સુધી **'तत्त्वं तु केवलिगम्यम्'**–એ પ્રમાણે કહીને, બન્ને ય વાતોને ઊભી રખાય છે ને? એવા વખતે, આત્માને સહેજે થાય કે–'જો હું પૂર્ણજ્ઞાની હોઉં, તો કેવું સારૂં? હું અધુરો જ્ઞાની છું, માટે જ આનો યથાયોગ્ય નિર્ણય કરી

શકતો નથી ને?' જો આવો વિચાર આવે, તો પોતાના કેવલજ્ઞાન રૂપ ગુણને પ્રગટાવવાની ભાવના પણ સતેજ બને.

શોકથી બચવા સ્થાન છોડયું :

કૂણિકે ત્યાં આવીને જોયું, તો તેણે પિતાને મૃત્યુ પામેલા જોયા. એથી, એના દુઃખની અવધિ રહી નહિ. તેના હૈયામાં એટલો બધો કલેશ થયો કે–એના નિવારણને માટે મંત્રિઓએ પિંડદાનનો બનાવટી ઉપાય શોધી કાઢયો. એથી એને કાંઈક શાંતિ મળી, તો પણ જ્યારે જ્યારે તે પિતાની શય્યા, પિતાનું આસન, એ વિગેરેને જોતો, ત્યારે ત્યારે એના હૈયામાં શોક ઉત્પન્ન થયા વિના રહેતો નહિ. એ કારણે, તેને માટે રાજગૃહી નગરીમાં રહેવું, એ પણ અસહ્ય થઈ પડયું. આથી, તેણે ચંપા નામની એક નવી નગરી વસાવી અને તે નગરીમાં જ કૂણિક સપરિવાર રહેવા લાગ્યો.

શ્રી હલ્લ–વિહલ્લની પાસેથી હાથી વિગેરે લઈ લેવાનો રાણી પદ્માવતીનો કૂણિકને આગ્રહ :

હવે શ્રી હલ્લ–વિહલ્લનો પ્રસંગ આવે છે. આ પ્રસંગ સ્ત્રીસ્વભાવસુલભ ઈર્ષ્યામાંથી અને વિષયાધીનસુલભ સ્ત્રીમુગ્ધપણામાંથી જન્મેલો છે. તમને ખ્યાલમાં તો હશે જ કે–શ્રી અભયકુમારે અને શ્રીમતી નન્દાએ દીક્ષા લેતી વખતે, શ્રી હલ્લ–વિહલ્લને દિવ્ય કુંડલજોડીનું તથા દિવ્ય વસ્ત્રયુગ્મનું અર્પણ કર્યું હતું; અને ત્યાર બાદ કૂણિકને રાજ્ય આપવાની ઈચ્છાથી શ્રી શ્રેણિકે શ્રી હલ્લ–વિહલ્લને સેચનક હાથી તથા અઢાર ચક્રનો હાર અર્પણ કર્યા હતા.

હવે, એક વખતે શ્રી હલ્લ અને શ્રી વિહલ્લ–એ બન્ને ય

ભાઈઓ સેચનક હાથી ઉપર બેસીને ફરવાને નીકળેલા. તે વખતે તેમણે દિવ્ય કુંડલોને, દિવ્ય વસ્ત્રોને તથા દિવ્ય હારને પણ ધારણ કરેલ. એથી, એ બન્ને ય જાણે પૃથ્વી ઉપર દેવો જ કુમાર રૂપ ધરીને ઉતરી આવ્યા હોય, એવા શોભતા હતા.

એ રીતિએ સેચનક હાથી ઉપર આરૂઢ થઈને ફરતા તે બન્ને દેવરોને કૂણિકની રાણી પદ્માવતીએ જોયા. દેવરોને સુખે ફરતા જોઈને આનન્દ પામવાને બદલે, રાણી પદ્માવતીને જૂદો જ વિચાર આવ્યો. એના હૈયામાં ઈર્ષ્યાભાવ પ્રગટ્યો.

એને એમ થઈ ગયું કે–'આવા હાથીને, આવાં કુંડલોને, આવાં વસ્ત્રોને અને આવા હારને યોગ્ય તો મારા પતિ છે. મારા પતિ રાજ્યના સ્વામી ભલે રહ્યા, પણ આ હાથી વિગેરે વિનાનું મારા પતિનું રાજ્ય, એ તો નેત્રો વિનાના મોંઢા જેવું છે.'

આવો વિચાર આવ્યો તો આવ્યો, પણ પાછો એને રાણી પદ્માવતીએ દાબી દીધો નહિ અને રાણી પદ્માવતીના એ વિચારે જોર પકડ્યું.

રાણી પદ્માવતીએ, શ્રી હલ્લ–વિહલ્લની પાસેથી એ હાથી, હાર, કુંડલ અને વસ્ત્ર લઈ લેવાનું, પોતાના પતિને કહ્યું. માત્ર કહ્યું એમ જ નહિ, પણ એ માટે આગ્રહ પણ કર્યો.

એ વખતે, રાજા કૂણિકે તેણીને કહ્યું પણ ખરૂં કે–'હલ્લ –વિહલ્લને પિતાએ જે આપ્યું છે, તે મારે પાછું લઈ લેવું એ યોગ્ય નથી; વળી, પિતા સ્વર્ગમાં ગયા પછીથી તો, આ બન્ને ય ભાઈઓ મારે માટે વિશેષ પ્રસાદ કરવાને યોગ્ય છે.'

કૂણિકના અન્તઃકરણમાં, અત્યારે તો પિતા પ્રત્યે સદ્‌ભાવ પ્રગટેલો હતો ને? જો પહેલાંની વાત હોત, તો તો કદાચ કૂણિક કાંઈક જૂદો જ વિચાર કરત, પણ અત્યારે તેના હૈયામાં

પોતાના મૃત પિતા પ્રત્યે ઘણો આદરભાવ છે. એટલે તે પિતાના નામે પણ પદ્માવતીની વાતનો નિષેધ કરે છે.

એ પ્રમાણે નિષેધ કરવા છતાં પણ, રાણી પદ્માવતી માનતી જ નથી. એ તો, પોતાનો આગ્રહ ચાલુ ને ચાલુ જ રાખે છે. કૂણિકને જેમ શ્રી હલ્લ–વિહલ્લની પાસેથી એ હાથી વિગેરે લઈ લેવું એ ગમતું નથી, તેમ રાણી પદ્માવતી નારાજ રહ્યા કરે–એ પણ એને ગમતું નથી. આ બે ય અણગમતાં છે, પણ એમાંનું એક અણગમતું એવું જોરદાર બની જાય છે કે–બીજું અણગમતું પણ કરવાને માટે રાજા કૂણિક તૈયાર થઈ જાય છે. આખર, રાજા કૂણિક, રાણી પદ્માવતીના આગ્રહને આધીન બની જાય છે અને શ્રી હલ્લ–વિહલ્લની પાસેથી સેચનક હાથી વિગેરેને માગી લેવાનું કબૂલ કરે છે.

કામરાગનો નાચ :

આમાં, તમને કાંઈ આશ્ચર્ય પામવા જેવું લાગે છે ખરૂં ? જ્યાં કામરાગ જોર કરે છે, ત્યાં દૃઢ પણ સ્નેહરાગ નબળો પડી જાય છે અને અન્તે કદાચ નાશ પણ પામી જાય છે. એવી હકીકતને જણાવતાં ઉદાહરણો શાસ્ત્રોમાં તો ઘણાં આવે છે, પરન્તુ તમને ય આનો થોડો–ઘણો અનુભવ તો હશે ને ? ગમતી બાયડી ખાતર મહા ઉપકારી એવાં પણ માતા–પિતાની અવગણના કરનારાઓને, તમે જોયા–જાણ્યા છે ? સ્ત્રી પ્રત્યેના રાગથી સ્નેહી બન્ધુજનો આદિનો પણ તિરસ્કાર કરનારાઓ છે, એવું તમે સાંભળ્યું છે ? અરે, અન્ય કોઈ સ્ત્રી ઉપર રાગ થઈ જવાથી, જેને પોતે પરણીને લાવ્યો હોય, જેની જોડે સંસારનું સુખ ભોગવ્યું હોય, જેને

જીવનભર પોતાની પાસે અને પોતાના હૈયામાં રાખવાનું વચન વારંવાર આપ્યું હોય તેમ જ જેના ઉપરના રાગને વશ બનીને માતા-પિતાદિનો અને સ્નેહી-સંબંધીઓનો ત્યાગ કર્યો હોય, એવી પણ પોતાની સ્ત્રીને દગો દેનારા આ સંસારમાં હોય છે, એવું તમારા ખ્યાલમાં આવ્યું છે ખરૂં ? તમે બધા તો એમાંનું કાંઈ કરનારા કે એમાંનું કાંઈ કર્યું હોય તેવા નથી ને ? જરા વિચાર તો કરી જોજો ! કામરાગ જ્યારે નચાવતો હોય છે અને એને આધીન બનીને માણસ જ્યારે નાચતો હોય છે, ત્યારે તે વિવેકવિકલ તો બનેલો જ હોય છે, પરન્તુ સામાન્ય પ્રકારના સદ્વ્યવહારથી પણ તે વિકલ બની જાય છે. એવો માણસ, કદાચ ભણેલો-ગણેલો અને બુદ્ધિશાલી હોય, તો પણ એવા વખતે એને માટે ય, મૂર્ખ અને દુર્જનને શોભતા એણે વિચારો કરવા અથવા તો એણે એવું બોલવું અથવા તો એણે એવું આચરવું, એ વિગેરે પણ તદ્દન સુશકય બની જાય છે.

કૂણિકની માગણી :

કૂણિક જ્યારે રાણી પદ્માવતીના આગ્રહને નિવારી શકયો નહિ, ત્યારે તેણે શ્રી હલ્લ-વિહલ્લની પાસેથી હાથી વિગેરેને માગવાનું કબૂલ કરી લીધું; અને તે અનુસાર, તેણે પોતાના સૌભાતૃપણાના ભાવને દબાવી દઈને પણ, શ્રી હલ્લ-વિહલ્લની પાસે એ સેચનક હાથીની, દિવ્ય કુંડલોની, દિવ્ય વસ્ત્રોની અને દિવ્ય હારની માગણી કરી. કૂણિકે આવી માગણી કરવા છતાં પણ, શ્રી હલ્લ-વિહલ્લ બીજું કાંઈ જ બોલ્યા નહિ. તેમણે તો માત્ર એટલું જ કહ્યું કે-' જેવી આપની

આજ્ઞા.' આ પ્રમાણે કૂણિકને કહીને, તે બન્ને પોતાના નિવાસે ગયા અને પોતાના નિવાસે જઈને તેઓ 'હવે શું કરવું?' –તેનો વિચાર કરવા લાગ્યા. શ્રી હલ્લ–વિહલ્લને પહેલાં એવો વિચાર આવ્યો તો ખરો કે–'કૂણિકનો આ અભિપ્રાય સારો નથી' પણ તરત જ તેમણે વિચાર કર્યો કે–'આપણે આવો વિચાર કરવાનું પ્રયોજન જ શું છે?'

મમત્વ મન્દ અને ને મરે એવું કરો:

શ્રી હલ્લ–વિહલ્લ ઉત્તમ આત્માઓ છે, માટે જ તેમને આવો વિચાર આવે છે. 'કૂણિકનો અભિપ્રાય સારો નથી'– એવો વિચાર કરવાનું પણ તેમને ગમતું નથી. એ ઉપરથી તમને સમજાય છે ને કે–કૂણિકે હાથી વિગેરેને આપી દેવાનું કહ્યું, તે છતાં પણ તેમને કૂણિક પ્રત્યે ક્રોધનો ભાવ નહિ આવ્યો હોય? જેમ જેની મમતા જોરદાર હોય છે, તેમ તેના ઉપરની ત્રાપ વધારે ક્રોધ ઉપજાવે છે. શ્રી હલ્લ–વિહલ્લના હૈયે સેચનક હાથી આદિની મમતા સર્વથા નહોતી –એમ તો નહિ જ, પરન્તુ એ મમતા એવી નહોતી કે–એ બધાની માગણી મોટા ભાઈ કરે, એથી મોટા ભાઈ પ્રત્યે એમને ગુસ્સો આવે. આ વાત પણ તમારે માટે ઘણી ઉપયોગી છે. તમને ધનાદિક પ્રત્યે મમત્વ તો છે, પણ એ મમત્વ તમને તમારા વડિલો, બન્ધુજનો અથવા તો પુત્રાદિ પરિવાર પ્રત્યે અને આગળ વધીને કહીએ તો અન્ય કોઈ પ્રત્યે પણ દુર્ભાવને પેદા કરનારૂં બને નહિ, એની તો તમારે ખાસ કાળજી રાખવી જોઇએ. એવી કાળજી રહ્યા કરે અને અવસરે પણ એમાં ખામી આવવા પામે નહિ, એ માટે 'ધનાદિકનું મમત્વ

મારક છે, હેય છે'–એવી વિચારણા રોજ કરવી જોઇએ અને એવા એવા વિચારોથી મમત્વ મન્દ બને અને છેવટે મરે પણ ખરૂં–એવું તમારે કરવું જોઇએ.

શ્રી ભરતજીના ૯૮ ભાઇઓના પ્રસંગની યાદ:

તમે કદાચ જાણતા હશો કે–અહીં જેવો પ્રસંગ ઉપસ્થિત થવા પામ્યો છે, તેવા પ્રકારનો પ્રસંગ મહારાજા શ્રી ભરતના સમયે પણ ઉપસ્થિત થવા પામ્યો હતો. શ્રી ઋષભદેવ ભગવાન પોતાના સોએ પુત્રોને રાજ્ય વહેંચી આપીને પ્રવ્રજિત થયા હતા. તે પછી, શ્રી ભરત ચક્રવર્તી બનનારા હતા માટે ચક્રરત્ન પ્રગટ થયું અને તેમણે છએ ખંડને સાધ્યા. છએ ખંડને સાધીને આવવા છતાં પણ, ચક્રરત્ન આયુધશાળામાં પેસતું નથી, કારણ કે–શ્રી ભરત મહારાજાના નવ્વાણું ભાઇઓએ શ્રી ભરત મહારાજાની આજ્ઞાને સ્વીકારી નહોતી. આથી, શ્રી ભરતે જ્યારે પોતાના ભાઇઓને પોતાની આજ્ઞાનો સ્વીકાર કરવાનું કહેવડાવ્યું, ત્યારે તે કોઇને ગમ્યું નહિ. એ નહિ ગમવા છતાં પણ, એક શ્રી બાહુબલિજી સિવાયના અઠ્ઠાણુંએ ભાઇઓએ ભગવાનની પાસે જ જઇને 'શું કરવું?' –એનો નિર્ણય કરવાનો વિચાર રાખ્યો. એ અઠ્ઠાણું ભાઇઓ પોતપોતાના રાજ્યને તજીને ભગવાનની પાસે ગયા. એમને હૈયે એ વાત જરૂર હતી કે–'રાજ્ય પિતાજીએ આપ્યું છે, પછી ભરતજીની આજ્ઞા માનવાની હોય શાની?' પણ એમણે કેવો રસ્તો લીધો, તેની આ વાત છે. આ પ્રસંગમાં, શ્રી હલ્લ-વિહલ્લે પણ લગભગ એવો જ રસ્તો લીધો છે. તેઓ કૂણીકની સાથે લડી લેવાને તૈયાર થયા નથી.

શ્રી હલ્લ-વિહલ્લ વૈશાલી પહોંચી ગયા :

શ્રી હલ્લ-વિહલ્લે વિચાર કર્યો કે–આપણે આ હાથી વિગેરે આમ આપી દઇએ એ યોગ્ય નથી અને અહીં રહીએ તો પરિણામ સારૂં આવે નહિ. કૂણિક સાથે લડવું, એ પણ યોગ્ય નથી અને પિતાએ, માતાએ તથા વડિલ ભાઇએ આપણને ચાહીને આપેલ જે વસ્તુઓ, તે કૂણિકને તેના માગવાથી આપી દેવી, એ ય યોગ્ય નથી. આથી, તેમણે ચંપાનગરીને છોડીને અન્યત્ર ચાલ્યા જવાનો વિચાર કર્યો. પોતાના હક્કની વસ્તુઓ ખાતર પણ ભાઈ સાથે લડવું પડે, એ તેમને ગમતું નહોતું અને જો તેઓ ત્યાં રહે, તો ભાઈની સાથે લડવાનો પ્રસંગ આવ્યા વિના રહે જ નહિ એવું હતું. આથી, તેમણે નિર્ણય કર્યો કે–' આપણે કયાંક અન્યત્ર ચાલ્યા જઇએ.' આવો નિર્ણય કરીને, તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા અને વૈશાલી નગરી તરફ ગયા. તે સમયે વૈશાલી નગરીમાં શ્રી ચેટક નામે મહા પરાક્રમી રાજા હતા અને તે આ શ્રી હલ્લ-વિહલ્લના માતામહ થતા હતા. શ્રી હલ્લ-વિહલ્લ વૈશાલી નગરીએ પહોંચતાં, શ્રી ચેટક રાજાએ તેમનો સત્કાર કર્યો અને તેમને પોતાને ત્યાં જ પોતાના યુવરાજોની જેમ રાખ્યા.

કૂણિકની વિચિત્ર મનોદશા :

શ્રી હલ્લ-વિહલ્લ ચંપાનગરીને રાતો રાત તજી ગયા હતા, એટલે સવારે જ કૂણિકને એવા સમાચાર મળ્યા કે–' હલ્લ-વિહલ્લ તો ધૂર્તની જેમ છેતરીને વૈશાલી નગરીએ ચાલ્યા ગયા છે.' એવા સમાચાર મળ્યા, એટલે કૂણિકને સૌથી પહેલાં તો એવો જ વિચાર આવ્યો કે–' સાચે જ,

સ્ત્રીની સલાહ મુજબ ચાલવાથી, હું ઉભયભ્રષ્ટ થયો : કારણ કે–હાથી વગેરે રત્નો પણ મને મળ્યાં નહિ અને મેં મારા ભાઇઓને પણ ગુમાવ્યા.'

પરન્તુ, કૂણિક એ જબરો કષાયશીલ હતો, એટલે એણે એવો વિચાર કરીને, ન તો મનને મનાવી લીધું કે ન તો એણે પોતાની થઈ ગયેલી ભૂલને સુધારી લેવાનો વિચાર કર્યો.

એણે તો એવો વિચાર કર્યો કે–'ભલે જે થવું હતું તે થઈ ગયું, પણ હવે તો મારે આવી પડેલા આ કષ્ટને નિવારવું જ જોઇએ; એટલે કે–હવે તો મારે કોઇ પણ ભોગે મારા તે બન્ને ય ભાઇઓને પાછા લાવવા જ જોઇએ. જો હું મારા તે બન્ને ભાઈઓને પાછા લાવું નહિ અને મારા આ પરાભવને સહન કરી લઉં, તો મારામાં અને વાણીયામાં ફેર શો ?'

કૂણિકની આ કેવી વિચિત્ર મનોદશા છે ? પોતે હસ્તિ આદિની માગણી કરવામાં ભૂલ કરી–એ વાતને એ પ્રધાનતા આપતો નથી અને પોતાના ભાઈઓ એ જ કારણે તેને અંધારામાં રાખીને ચાલ્યા ગયા–એ વાતને એ પોતાના મોટા પરાભવ તરીકેનું મહત્ત્વ આપીને, આ વાતને જો પોતે જતી કરે તો તેમાં પોતાનું ગૌરવ જ હણાઈ જાય–એ રીતિએ વિચારણા કરે છે. કૂણિકને પોતાની ભૂલ સમજાઈ છે; પોતાની ભૂલનો તેને ખ્યાલ આવ્યો ન હોય એવું નથી; આમ છતાં પણ, તે હવે તો પોતાના ગૌરવની રક્ષાને ખાતર શું કરવું જોઈએ–એનો વિચાર કરે છે.

શ્રી જિનવચનનો રસ તારે ને સ્વવચનનો રસ ડૂબાવે :

આપણે ત્યાં પાંચ પ્રકારનાં જે મિથ્યાત્વો વર્ણવાએલાં

છે, તેમાં મિથ્યાત્વનો અભિનિવેશ નામનો પણ એક પ્રકાર વર્ણવાએલો છે. પહેલાં શ્રી જિનવચનનો જ રસ હોય, પરન્તુ સંયોગવશાત્ જો એવું બને કે–શ્રી જિનવચનના રસમાં મન્દતા આવે અને પોતાના વચનનો રસ પ્રધાન બની જાય, તો સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્દર્શન ગુણને વમીને, અભિનિવેશ નામના મિથ્યાત્વનો સ્વામી બની જાય. જેણે અભિનિવેશ નામના મિથ્યાત્વથી બચવું હોય, તેણે સ્વવચનના રસ ઉપર ખૂબ ખૂબ કાબૂ મેળવવો જોઈએ અને શ્રી જિનવચનના રસને હૈયામાં સારી રીતિએ પ્રવાહિત રાખ્યા કરવો જોઈએ. શ્રી જિનવચનનો રસ, ઓછું ભણેલા પણ આત્માઓને આબાદ તારી દે છે, જ્યારે સ્વવચનનો રસ, ઘણું ભણેલા અને વિશિષ્ટ કોટિની ગણાય તેવી તર્કશક્તિને ધરનારા આત્માઓને પણ, બહુ જ ભયંકર રીતિએ સંસારસાગરમાં રૂલાવી નાખે છે. સ્વ-વચનનો રસ, એ તો એક એવી વસ્તુ છે કે–ઘણા ઉત્કટ કોટિના ગણાય તેવા ચારિત્રાચારોને નિરતિચારપણે સેવવાના પ્રયત્ન-વાળા અને શાસ્ત્રોના મહા જ્ઞાતા એવા પણ મહાત્માઓને, જો તેઓ બીનસાવધ બની જાય અને શ્રી જિનવચનનો તેમનો રસ જો મન્દપણાને પામી જાય, તો તેમને તેમનો સ્વવચનનો રસ મિથ્યાદૃષ્ટિ અને ઉત્સૂત્રપ્રરૂપક બનાવીને, કદાચ અનન્ત કાલને માટે પણ સંસારમાં રૂલાવનારો બની જાય.

કામ બરાબર કરે અને લોકનું સન્માન સારૂં મેળવે–એવું પણ પાપાનુબંધી પુણ્યના ઉદયે બને :

આ રીતિએ સ્વવચનનો રસ જો મહાત્માઓને પણ મુંઝવી શકે છે, તો પછી બીચારા કૂણિકનું તો શું ગજું ? એ તો,

ક્રોધાદિ કષાયોની જેમ માનકષાયને પણ પરવશ બની ગયેલો છે. એના કષાયો જોરદાર છે અને એ કષાયોને આઘાત પહોંચાડે–એવી સામગ્રી પ્રાપ્ત થવાને બદલે, એને એના કષાયોને પુષ્ટ કર્યા કરે–એવી સામગ્રી મળેલી છે. એ માની બેઠેલો છે કે–બધું મારૂં ધાર્યું થવું જ જોઈએ અને મોટે ભાગે એનું ધાર્યું થાય છે પણ ખરૂં. આવા સંયોગોમાં એના કષાયો પ્રતિદિન પુષ્ટ બનતા જાય, એમાં નવાઈ પામવા જેવું કાંઈ છે જ નહિ. આજે સ્પષ્ટપણે સમજાઈ જાય એવી પણ બાબતોમાં ઉત્સૂત્રપ્રરૂપણાઓ કરનારાઓ અને સસૂત્રપ્રરૂપણા કરનારા મહાત્માઓને ભાંડનારાઓની કયી હાલત છે ? એવાઓને દેખીતી રીતિએ થોડી–ઘણી ફાવટ આવી જાય છે, એટલે એવાઓ વધારે ને વધારે ઉન્મત્ત બનતા જાય છે. આ સંસારમાં, ખરાબમાં ખરાબ કામો કરવા છતાં પણ, તેવાં કામો કરવામાં ફાવટ આવ્યા કરે, એ બનવાજોગ છે. પૂર્વનું પુણ્ય જોરદાર હોય અને તે ઉદયમાં વર્તતું હોય, તો કામ ખરાબ કરે ને લોકનું સન્માન સારૂં મેળવે, પોતે દુર્જન છતાં અજ્ઞાન લોકમાં સજ્જન ગણાય અને સજ્જનોને સંતાપવામાં સફલ નિવડે, એ બધું શક્ય છે; પરન્તુ એવાઓનું એ પ્રકારનું પુણ્ય પાપાનુબંધી જ હોય છે અને એથી એવાઓનું ભાવિ ઘણું ભયંકર હોય છે. એવા પુણ્યને જે વખાણે, તે પણ પાપનો ભાગીદાર બને. પુણ્યની ઈચ્છા કરનારાએ પણ કદી પાપાનુબંધી પુણ્યની ઈચ્છા નહિ કરવી જોઈએ. પાપાનુબંધી પુણ્ય કરતાં તો પુણ્યાનુબંધી પાપ સારૂં,–એમ માણસે પોતે પોતાને માટે વિચારી લેવું જોઈએ અને તે પણ ધર્મસામગ્રી મળે–એવા પ્રકારની અપેક્ષાપૂર્વક !

કૂણિકના દૂતને શ્રી ચેટક રાજાએ આપેલો જવાબ :

કૂણિકે નિર્ણય કરી લીધો કે–' હવે તો કોઈ પણ ભોગે હાથી વિગેરે રત્નો સહિત પોતાના ભાઇઓને તેણે પાછા પકડી લાવવા જોઇએ અને તેમ નહિ, તો છેવટ હલ્લ–વિહલ્લ જે ચાર રત્નોને લઈ ગયા છે, તે રત્નોને તો અવશ્ય પાછાં મેળવવાં જોઇએ.'

આવો નિર્ણય કરીને, રાજા કૂણિકે પોતાના દૂતને સમજાવીને તૈયાર કર્યો અને વૈશાલી નગરીએ ચેટક રાજાની પાસે મોકલ્યો. એ દૂત વૈશાલી નગરીએ પહોંચીને, શ્રી ચેટક રાજાની સભામાં ગયો. સભામાં જઇને તે દૂત શ્રી ચેટક રાજાને પ્રણામ કરીને યોગ્ય આસને બેઠો અને તે પછી તેણે સભ્યતાથી શ્રી ચેટક રાજાને કહ્યું કે–' હલ્લ અને વિહલ્લ નામના રાજકુમારો હાથી વિગેરે રત્નોને લઇને અહીં ભાગી આવ્યા છે, તો આપ તે બન્ને કુમારોને એ રત્નો સહિત રાજા કૂણિકને સોંપી દો ! જો આપ એ બન્ને કુમારોને રત્નો સહિત રાજા કૂણિકને નહિ સોંપી દો, તો આપને રાજ્યભ્રષ્ટ કરી દેવામાં આવશે; પરન્તુ એક બીલીને માટે આખા દેવકુલનો ભ્રંશ થવા દેવો, એ આપને માટે યોગ્ય નથી.'

કૂણિકના દૂતે કહેલી વાતને સાંભળીને, શ્રી ચેટક રાજાએ તેને જવાબ આપતાં કહ્યું કે–' શરણે આવેલાને આપી દેવો નહિ, એવો તો સામાન્ય નિયમ છે; જ્યારે આ બન્ને તો, મારી પુત્રીના દીકરાઓ છે, એથી આ બન્ને મને પુત્રના જેવા પ્રિય છે; તેમ જ આ પાછા મારા ઉપરના વિશ્વાસે અહીં આવેલા છે; એટલે આમને હું સોંપી દઉં, એ તો મારાથી

બને જ નહિ.'

શ્રી ચેટક રાજાએ આવો મધુર જવાબ આપ્યો, એટલે કૂણિકના દૂતે ફરીથી કહ્યું કે–' આ બન્ને આપને શરણે આવેલા છે–એ કારણે જો આપ આ બન્નેને આપી શકતા ન હો, તો તેમની પાસેથી તમે હસ્તિ વિગેરે રત્નોને લઈ લો અને તે રત્નો મારા સ્વામી રાજા કૂણિકને અર્પણ કરી દો !'

આના જવાબમાં, શ્રી ચેટક રાજાએ કહ્યું કે–' કોઈના દ્રવ્યને આપવાને માટે કોઈ સમર્થ બની શકે નહિ, આવો ન્યાય તો રાજા અને રંક બન્નેને માટે સરખો છે. આ કારણે, ન તો આમના ઉપર બલાત્કાર કરીને હું આમની પાસેથી કાંઈ લઈ લઈશ અગર ન તો આમને સમજાવીને પણ હું આમની પાસેથી કાંઈ લઈ લઈશ. આમની પાસેથી મારે લેવાની વાત તો દૂર રહી, પણ આ બન્ને તો મારા ભાણેજો હોઈને, મારે વિશેષે કરીને દાન દેવાને યોગ્ય છે : કારણ કે–ભાણેજો ધર્મપાત્ર ગણાય છે.'

શ્રી ચેટક રાજાની પરાક્રમશીલતા અને ગુણસમ્પન્નતા :

શ્રી ચેટક રાજાએ આ પ્રમાણેના જવાબો આપવાથી, વિશેષ કાંઈ પણ બોલ્યા વિના, કૂણિકનો દૂત ત્યાંથી પાછો ચાલ્યો ગયો. કૂણિકનો દૂત વધારે બોલે પણ શું ? શ્રી ચેટક રાજાએ પૂરા ઉપશાન્તભાવને ધારણ કરીને જવાબો દીધા છે. જવાબો પણ એવા દીધા છે, કે જે જવાબો પૂરેપૂરા યુક્તિસંગત ગણાય. એમણે સીધે સીધું એમ નથી કહી દીધું કે–હલ્લ તથા વિહલ્લને નહિ સોંપાય; પણ ન્યાયની રીતિને સમજાવીને, એવી રીતિએ કહ્યું છે કે–એમની જગ્યાએ કોઈ

પણ ન્યાયી રાજા હોય, તો તે પણ હલ્લને તથા વિહલ્લને સોંપી શકે નહિ. આ ઉપરાંત, કૂણિકના દૂતે તો ત્યાં સુધી કહી દીધું કે–'તમે જો આ બન્ને કુમારોને રત્નો સહિત નહિ સોંપી દો, તો તમારે રાજ્યભ્રષ્ટ થવું પડશે.' તે છતાં પણ, શ્રી ચેટક રાજાએ એ વાતનો ઉત્તર સરખો ય આપ્યો નથી અને પોતે જરા સરખા ય તપ્યા પણ નથી. પોતાની વાતમાં પોતે બરાબર મક્કમ રહ્યા છે, પણ એમણે બાલી થૂંક ઉડાડવા જેવી વાત કરી જ નથી. શ્રી ચેટકે આપેલા જવાબોનો વિચાર કરવામાં આવે, તો લાગે કે–શ્રી ચેટક રાજા જરૂર પરાક્રમશીલ પણ હોવા જોઈએ અને અનેક ગુણોથી સમ્પન્ન પણ હોવા જોઈએ. હકીકતમાં છે પણ એમ જ. એ એવા બાણાવળી હતા કે–એમનું બાણ બાલી જતું નહિ. જેના ઉપર એમનું બાણ છૂટે, તે જીવથી જાય–એવું જ બનતું હતું. વળી, તેઓ મહા સમ્યગ્દૃષ્ટિ સુશ્રાવક હતા. શ્રી ચેટક રાજા સંસારમાં રહ્યા હતા ખરા, પણ તે ઉદાસીન ભાવે જ રહ્યા હતા. એટલે સંસારમાં તે રહેવાને માટે રહ્યા નહોતા, પરન્તુ રહેવું પડયું હતું માટે રહ્યા હતા. બીજા કોઈનાં પણ લગ્ન કરવાં નહિ–એવો તો એમને નિયમ હતો; તેમ જ યુદ્ધમાં એક દિવસમાં એક બાણથી અધિક બાણને છોડવું નહિ, એવો ય તેમને નિયમ હતો. આવા ગુણસમ્પન્ન અને આવા પરાક્રમી આત્માઓ એલ–ફેલ બોલે જ નહિ.

<u>કૂણિકનું યુદ્ધને માટે પ્રયાણ :</u>

શ્રી ચેટક રાજાએ જે જવાબો આપ્યા હતા, તે તો એવા હતા કે–જો કૂણિકે જરા શાન્તિથી અને ધીરજથી એ

જવાબોને વિષે વિચાર કર્યો હોત, તો એનો કષાય પણ ઉપશાન્તભાવને પામત; પરન્તુ કોઈ પણ બાબતનો શાન્તિથી અને ધીરજથી વિચાર કરવા જોગી યોગ્યતા જ કૂણિકમાં હતી નહિ. આથી, દૂતે પાછા આવીને જ્યારે શ્રી ચેટક રાજાએ આપેલા ઉત્તરને કહી સંભળાવ્યો, ત્યારે તો તે વ્યાજબી પણ ઉત્તર, કૂણિકના ક્રોધ રૂપી અગ્નિને માટે વંટોળીયા જેવો થઈ પડ્યો. અગ્નિનો ને વંટોળીયાનો યોગ થાય, એટલે અગ્નિ જેમ એકદમ ભભૂકી ઉઠે અને એનો વિસ્તાર વધતો જ જાય, તેમ કૂણિક પણ શ્રી ચેટક રાજાએ આપેલો ઉત્તર કાને પડતાં, પોતાના મગજને કાબૂમાં રાખી શકયો નહિ. એણે તો, તત્કાળ, શ્રી ચેટક રાજાની ઉપર ચઢાઈ કરવાને માટે જયભંભા વગાડી. ભંભાનાદને સાંભળીને, કૂણિક રાજાના સનિકો સર્વ પ્રકારે સજ્જ થઈ ગયા. કૂણિકના કાળ વિગેરે નામના જે દશ ભાઇઓ હતા, તે પણ સર્વ રીતિએ સજ્જ થઈને સૈન્યની આગળ ચાલવા લાગ્યા. દરેક કુમાર એક એક સૈન્યનો સેનાધિપતિ હતો.

વિચાર કરો કે–વાત કેટલી સામાન્ય હતી અને એમાંથી પરિણામ કેવું ભયંકર આવી પહોંચ્યું ? જો કૂણિક રાજા પદ્માવતી રાણીના આગ્રહને વશ બન્યો ન હોત, તો આ અકારણ યુદ્ધનો પ્રસંગ જ ઉપસ્થિત થવા પામત નહિ.

કૂણિકના દશેય ભાઇઓ મરાયા :

કૂણિક યુદ્ધ કરવાને માટે આવી રહ્યો છે, એવા સમાચાર આવી પહોંચતાં શ્રી ચેટક રાજાએ પણ યુદ્ધની કૂણિકના જેવી જ ભારે તૈયારી કરી. યુદ્ધની તૈયારી કરી લઈને, શ્રી ચેટક રાજા પોતાના તાબાના દેશની સીમાએ પહોંચી ગયા.

એ યુદ્ધમાં એક–બીજાના સૈનિકો કેટલા હતા, દરેકની સાથે કેટકેટલા હાથી–ઘોડા–રથ વિગેરે હતું, તેમ જ એક–બીજાએ કેવી કેવી વ્યૂહરચનાઓ કરી હતી–એ વિગેરે બાબતમાં અહીં આપણે ઉતરવું નથી.

યુદ્ધના પહેલા દિવસે, કૂણિકે પોતાના પહેલા ભાઈ કાળને સેનાપતિ બનાવીને યુદ્ધ કરવાને માટે મોકલ્યો, તો એ શ્રી ચેટક રાજાના બાણથી મરાયો. બીજા દિવસે બીજા ભાઇને કૂણિકે સેનાપતિ બનાવીને યુદ્ધ કરવાને માટે મોકલ્યો, તો તે પણ બીજે દિવસે શ્રી ચેટક રાજાના બાણથી મરાયો. એમ દશ દિવસના યુદ્ધમાં, કૂણિકના દશેય ભાઇઓ શ્રી ચેટક રાજાના બાણના ભોગ બની ગયા.

દૈવી સહાય મેળવવાનો પ્રયત્ન :

આથી કૂણિક હતાશ થઈ ગયો; શ્રી ચેટકની સાથે યુદ્ધ કરવાને માટે આવવામાં પોતે ભૂલ કરી, એમ પણ કૂણિકને લાગ્યું; પરન્તુ દશ દશ ભાઇઓને મૃત્યુના મુખમાં હોમી દીધા પછીથી, પાછા કેમ વળાય ?–એ વિચારે કૂણિકને મુંઝવ્યો. એથી એણે દેવતાનું આરાધન કરવાનો નિર્ણય કર્યો. દૈવી સહાય મેળવીને, શ્રી ચેટક રાજાને જીતી લેવાની એની ઇચ્છા હતી.

એણે તપ આદર્યો અને કોઈ દેવનું ધ્યાન ધરતો તે સ્થિર થયો. કૂણિકે પૂર્વજન્મમાં તપ ઘણો કરેલો અને એમાં આ જન્મનો તપ મળ્યો, એથી દૈવી સહાયને મેળવવાની તેની ઇચ્છા પૂર્ણ થઈ. તેને એવી દૈવી સહાય મળી ગઈ, કે જેથી તે ઘોર સંગ્રામ ખેલી શકે અને શ્રી ચેટક રાજાના બાણથી હણાય નહિ.

શ્રી ચેટકને ભાગવું પડયું :

પછી તે યુદ્ધમાં ઉતર્યો. શ્રી ચેટક રાજાએ તેના ઉપર બાણ મૂકયું, પણ દૈવી સહાયને લઇને, દિવ્ય અને અમોઘ એવું પણ શ્રી ચેટક રાજાનું બાણ નિષ્ફળ નિવડયું. શ્રી ચેટક રાજાએ બીજું બાણ છોડયું નહિ. પહેલું બાણ નિષ્ફળ નિવડયું, એટલે શ્રી ચેટક રાજા પોતાની પ્રતિજ્ઞાને અનુસરીને યુદ્ધમાંથી પાછા ફર્યા. બીજે દિવસે પણ એમ જ બન્યું.

આની, શ્રી ચેટક રાજાના સાથીદારો અને સુભટો ઉપર પણ ખરાબ અસર થઈ. તેમને લાગ્યું કે–આપણા સ્વામીનું પુણ્ય ક્ષીણ પ્રાયઃ થઈ ગયું છે. એથી પણ ધીરે ધીરે યુદ્ધની સ્થિતિ પલટાતી ગઈ.

શ્રી ચેટક રાજાના ગણરાજાઓ ભાગીને પોતપોતાના નગરમાં જતા રહ્યા અને એથી શ્રી ચેટક રાજાને પણ રણ-ભૂમિને તજી દઇને, પોતાની વૈશાલી નગરીમાં ભરાઈ જવું પડયું.

પછી કૂણિકે પણ ત્યાં આવીને એ વૈશાલી નગરીને ઘેરી લીધી, પરન્તુ વૈશાલી નગરી એવી સુરક્ષિત હતી કે–કૂણિક તે નગરીમાં કેમેય પ્રવેશ કરી શકયો નહિ.

જયકુંજર દ્વારા જીત મેળવવાનો શ્રી હલ્લ-વિહલ્લનો પ્રયાસ :

હવે જયકુંજર જેવા સેચનક નામના હાથીની જય અપા-વવાની શક્તિનો પ્રસંગ આવે છે. રાજા કૂણિકે આખી ય વિશાલા નગરીને એવી સખ્ત રીતિએ ઘેરી લીધી હતી કે–એક પણ માણસ એ નગરીમાંથી બહાર આવી શકતો નહોતો. આમ છતાં પણ, રોજ રાત્રિના સમયે સેચનક હાથી ઉપર બેસીને શ્રી હલ્લ અને શ્રી વિહલ્લ આવતા હતા અને કૂણિ-

કના ઘણા સૈન્યનો સંહાર કરીને સહીસલામત પાછા ચાલ્યા જતા હતા. ખૂબી એ હતી કે–સ્વપ્નમાં દેખાએલા હાથીને જેમ પકડી કે મારી શકાય નહિ, તેમ આ સેચનક હાથીને પણ કોઈ પકડી કે મારી શકતું નહોતું અને એથી જ શ્રી હલ્લ–વિહલ્લ કૂણિકના સૈન્યમાં પેસી, કૂણિકના ઘણા સૈન્યને મારી, રાતોરાત પાછા કુશળક્ષેમ વિશાલા નગરીમાં પહોંચી જઈ શકતા હતા.

કૂણિકે હાથીને મારવાનો કરેલો ઉપાય :

આમ થવાથી, છેક વિશાલા નગરીના દ્વાર સુધી પહોંચી ગયેલા કૂણિકને પાછી ચિન્તા થઈ પડી, કારણ કે–વગર યુદ્ધે પણ એના સૈન્યનો ઘણો ભાગ નાશ પામી ગયો હતો.

આથી, તેણે પોતાના મંત્રીઓને બોલાવીને કહ્યું કે–'આમ તો આપણા આખા ય સૈન્યને હલ્લ–વિહલ્લ ખતમ કરી નાખશે, માટે આનો કોઈ ઉપાય કરવો જોઇએ. કોઈ પણ ભોગે, હલ્લ–વિહલ્લને જીતી લેવા જોઈએ.'

મંત્રીઓએ કૂણિકને કહ્યું કે–'આપની વાત સાચી છે, પરન્તુ જ્યાં સુધી હલ્લ–વિહલ્લ સેચનક હાથી ઉપર બેસીને આવે છે, ત્યાં સુધી તો તેમને જીતી શકાશે જ નહિ. આથી, કરવું એવું જોઇએ કે જેથી સેચનક હાથી જ મૃત્યુ પામે. એ માટે, સેચનક હાથીના આવવાના માર્ગે એક મોટી ખાઈ ખોદાવીને, એ ખાઇને ખેરના અંગારાથી ભરી દેવી અને પછી તેને ઢાંકી દેવી. પછી સેચનક હાથી જ્યારે વેગથી દોડતો દોડતો આવશે, ત્યારે તે એ ખાઈમાં પડી જશે અને ખાઈમાં પડેલો તે મૃત્યુને પામશે.

કૂણિકને આ ઉપાય વ્યાજબી લાગ્યો, એટલે એણે તત્કાળ ખાઈ ખોદાવીને, એ ખાઈને ખેરના અંગારાથી ભરી દીધા બાદ, એને ઢાંકી દીધી.

સેચનક હાથી જાણી ગયો ને થંભી ગયો :

શ્રી હલ્લ-વિહલ્લને તો આની કશી જ ખબર નથી. તે તો સેચનક હાથી ઉપર બેસીને કૂણિકના સૈન્ય ઉપર ધસારો કરવાને માટે, વિશાલા નગરીની બહાર આવ્યા. રોજ રોજ તેઓ કૂણિકના સૈન્યનો સંહાર કરીને સલામત રીતિએ પાછા જઈ શકતા હતા, તેથી એમને પણ ગર્વ આવી ગયો હતો. તેમને લાગ્યું હતું કે-પોતે એકલા હાથે કૂણિકને હરાવી દઈ શકશે અને તે સમય તેમને બહુ નજદિક લાગતો હતો. આથી જ, તેઓ ડહાપણ વાપરવાના અવસરે ડહાપણ વાપરી શક્યા નહિ અને ગર્વના ગાંડપણનો ભોગ બન્યા.

ખેરના અંગારાઓથી ભરેલી ખાઈની પાસે આવી પહોંચતાંની સાથે જ સેચનક હાથી ઉભો રહી ગયો. તેને ખબર પડી ગઈ કે-આ ખાઈ છે અને આમાં અંગારા ભરેલા છે; એટલે એણે એક ડગલું પણ આગળ ભર્યું નહિ.

હાથીનો તિરસ્કાર :

શ્રી હલ્લ-વિહલ્લે સેચનક હાથીને ચલાવવાનો ઘણો પ્રયાસ કર્યો, પરન્તુ તે ચાલ્યો નહિ. એ વખતે એ બે ભાઇઓ એટલો વિચાર કરવાને પણ થોભતા નથી કે-'કોઈ દિવસ નહિ ને આજે જ આ હાથી ચાલતો નથી, તો તેમાં જરૂર કોઈ ગૂઢ કારણ હશે !'

પણ જેવા પ્રકારની ભવિતવ્યતા હોય, તેવા પ્રકારનાં

વિચારો આવે–એ પણ શક્ય છે.

ઘણા પ્રયાસે પણ સેચનક હાથી જ્યારે ચાલ્યો નહિ, ત્યારે શ્રી હલ્લ–વિહલ્લ ગુસ્સામાં આવી ગયા. ગુસ્સામાં આવી જઈને, તેમણે એ હાથીનો તિરસ્કાર કરવાપૂર્વક, એ હાથીને કહ્યું કે–'રે સેચનક ! આખર તું પશુ તે પશુ જ ! અત્યારે તો તું ખરેખરો પશુ થયો છે. એથી જ તું આ વખતે રણમાં જવાને માટે કાયર થઈ ગયો છે. તારે માટે તો અમે દેશને છોડીને પરદેશમાં આવ્યા; ભાઈનો પણ અમે તારે માટે ત્યાગ કર્યો; અને તારે કારણે જ આર્ય ચેટકને અમે મહા આપત્તિમાં મૂકી દીધા છે. જે પ્રાણી સદ્ધાને માટે સ્વામીનો ભક્ત બન્યો રહે છે, તે પ્રાણીને પોષવો એ સારૂં છે, પણ તને પોષવો એ સારૂં નથી, કારણ કે–તું તારા પ્રાણને વહાલા કરીને અમારા કાર્યની ઉપેક્ષા કરી રહ્યો છે.'

પશુ છતાં પણ કૃતજ્ઞ :

આવી રીતિએ શ્રી હલ્લ–વિહલ્લે તિરસ્કાર કરવાથી, સેચનક હાથીને ગુસ્સો આવ્યો. ગુસ્સો આવવા છતાં પણ એ જાતવાન હતો, એટલે મરતાં મરતાં પણ સ્વામીનું અનિષ્ટ તો નહિ જ કરવું, એની એણે કાળજી રાખી. કેટલાંક પશુઓમાં પણ આ ગુણ હોય છે કે–જેનું અનાજ એક વાર પેટમાં પડ્યું હોય, જેણે એક વાર પણ પોતાના ઉપર ઉપકાર કર્યો હોય, જેણે પાલન–પોષણ કર્યું હોય, તેનું થાય તો ભલું કરવું પણ તેનું ભૂંડું તો હરગીઝ કરવું નહિ. કેટલાંક પશુઓમાં પણ આ રીતિએ કૃતજ્ઞતા ગુણનું જેવું દર્શન થાય છે, તેવું દર્શન આજે માનવી

ગણાતાઓમાં અને માનવીઓમાં ય સારા તથા શ્રેષ્ઠ માનવીઓ ગણાતાઓમાં ય ઘણે અંશે દુર્લભ થઈ પડયું છે. જેનામાં કૃતજ્ઞતા ગુણ હોય છે અને તે સાથે નમ્રતા ગુણ હોય છે, તેને સારી સામગ્રીનો યોગ થતાં, તે કેવો ઉત્તમજીવી બની શકે છે, એ વાત આપણે અગાઉ વિચારી ગયા છીએ. કૃતજ્ઞતા ગુણ, એ એક એવો ગુણ છે કે–એ ગુણ નમ્રતા ગુણને પણ પેદા કર્યા વિના રહે નહિ. જે કૃતજ્ઞ હોય, તેને પોતાના ઉપકારીને નમવાનું મન થયા વિના રહે નહિ અને એથી ઉદ્ધત સ્વભાવના માણસો પણ જો કૃતજ્ઞતા ગુણના સ્વામી બની જાય છે, તો તેમની ઉદ્ધતાઈ આપોઆપ ભાગી જવા પામે છે અને તેમનામાં નમ્રતાનો ગુણ સહજ રીતિએ પ્રગટે છે.

સેચનક મૃત્યુને ભેટયો :

સેચનક હાથીને ગુસ્સો જરૂર આવ્યો છે, પણ તે શ્રી હલ્લ–વિહલ્લ પ્રત્યે નથી આવ્યો. એને ગુસ્સો પોતાના જીવતર પ્રત્યે આવ્યો છે. પોતાના સ્વામીની સેવા અખંડપણે અને વફાદારીથી કરવા છતાં પણ, સ્વામી જો વગર સમજ્યે તિરસ્કાર કરે, તો એવા જીવતરથી જ સર્યું–એમ સેચનક હાથીને થઈ ગયું છે. આથી, તેણે મરવાનો અને મરતાં મરતાં પણ 'આ હતો તો વફાદાર જ'–એવું પોતાના સ્વામીને સમજાવી દેવાનો નિર્ણય કર્યો છે. પોતાનો તિરસ્કાર કરતા શ્રી હલ્લ–વિહલ્લને સેચનક હાથીએ બળાત્કારે પણ પોતાની પીઠ ઉપરથી નીચે ઉતારી નાખ્યા અને જ્યાં તેઓ પીઠ ઉપરથી નીચે ઉતરી પડ્યા, એટલે તરત જ સેચનક હાથીએ ખાઈમાં ઝંપાપાત કર્યો. ત્યાં એ તરત જ મૃત્યુ પામ્યો અને

આવેશમાં મરેલો હોવાથી તે પહેલી નારકીમાં ઉત્પન્ન થયો.

શ્રી હલ્લ વિહલ્લનો પશ્ચાત્તાપ :

શ્રી હલ્લ–વિહલ્લે સેચનક હાથીને મરતો જોયો. પછી તો તેમને ઘણો પશ્ચાત્તાપ થયો. તેમને એમ પણ લાગી ગયું કે–'સેચનક પશુ હોવા છતાં પણ પશુ ઠર્યો નહિ અને આપણે માણસ હોવા છતાં પણ પશુ ઠર્યા.' ત્યાં ને ત્યાં તેમણે નિર્ણય કર્યો કે–'હવે જીવવું તો ભગવાનના શિષ્ય બનીને જીવવું, નહિ તો જીવવું નહિ.' અને ભગવાનની પાસે પહોંચતાં તેમણે દીક્ષા પણ લઈ લીધી. એ બધું કેમ બન્યું તથા વિશાલા નગરીનું પતન કેવા પ્રકારે થયું અને શ્રી ચેટક રાજાની રક્ષા કેવા પ્રકારે થઈ–એ વિગેરેના વર્ણનનું આપણે અહીં પ્રયોજન નથી. આ તો, જયકુંજરનું રૂપક આપીને અહીં શ્રી ભગવતીજી સૂત્ર કેવું છે, તેનો ટીકાકાર મહર્ષિએ ખ્યાલ આપ્યો હોવાથી, સેચનક સંબંધી વર્ણન કરીને જયકુંજરની જય અપાવવાની શક્તિ કેવી હોય છે, તેનો તમને કાંઈક ખ્યાલ આપવામાં આવ્યો.

જયકુંજર અને શ્રી ભગવતીજી જય અપાવે, પણ બન્નેના યોગે મળતા જયોમાં મોટો ફરક છે :

તમે જોયું ને કે–જયકુંજરમાં જય અપાવવાની અદ્‌ભુત તાકાત હોય છે! પરન્તુ શ્રી ભગવતીજી સૂત્રની જય અપાવવાની શક્તિની પાસે તો, જયકુંજરની જય અપાવવાની તાકાત કોઇ વિસાતમાં નથી. જયકુંજરને મેળવીને તેને સ્વાયત્ત બનાવનાર જય જરૂર મેળવે, જય જ મેળવે, કદી પણ એનો પરાભવ થાય નહિ, પરન્તુ એ જય કેવળ આ

લોકના શત્રુઓ પૂરતો જ! એ જયનો લોભ, એ જયનો રસ, એ જયને મેળવવાને માટે કરેલ હિંસાદિ, એ બધાના પ્રતાપે કર્મ એવું બંધાય કે–જે એને તપ–સંયમાદિથી નિર્જયું ન હોય અને તેના ઉદયને ભોગવવાનો વખત આવે, તો એના પ્રતાપે આત્માને કેટકેટલા ય ભવોમાં પરાજય ભોગવવો પડે. જ્યારે શ્રી ભગવતીજી સૂત્રના જ્ઞાનને મેળવીને, જે એ જ્ઞાનને સ્વાયત્ત બનાવી દે, તે ઉભય લોકમાં જયવાળો બનીને, સદા જયવન્તા વર્તવા જોગી શ્રી સિદ્ધિગતિની દશાને પ્રાપ્ત કરે છે. એટલે જયને માટે જયકુંજરને શોધીને, મેળવીને અને પોતાનો બનાવીને સુખ પામવું છે,–એવો વિચાર પણ વસ્તુતઃ કરવા લાયક નથી. જય જોઈતો હોય, તો આ લોકમાં ય જય અપાવે, પરલોકમાં ય જય અપાવે અને અન્તે સદાને માટે જયવન્તા બનાય એવી અવસ્થાને પમાડે, આવી અનુપમ શક્તિને ધરાવનાર શ્રી ભગવતીજી સૂત્રના જ્ઞાનને સંપાદન કરીને, એ જ્ઞાનને સ્વાયત્ત એટલે આત્મપરિણત બનાવી દેવાને માટે પ્રયત્નશીલ બનવું, એ જ ડહાપણભર્યું કામ છે.

સમુન્નત વિશેષણથી કયા વિશેષનું સૂચન છે?

જયકુંજરને જેમ જૂદાં જૂદાં અંગો અને ઉપાંગો આદિ છે, તેમ શ્રી ભગવતીજી સૂત્રને પણ એ અંગોપાંગાદિના સ્થાને ગણી શકાય–એવું શું શું છે, એ અહીં ટીકાકાર મહર્ષિએ શાસ્ત્રપ્રસ્તાવનામાં દર્શાવ્યું છે; પરન્તુ એને દર્શાવવાને માટે ટીકાકાર મહર્ષિએ '**जयकुञ्जरस्येव**' એવા પ્રકારે વર્ણન નહિ કરતાં, '**समुन्नतजयकुञ्जरस्येव**' એવા પ્રકારે વર્ણન કર્યું છે.

અર્થાત્–જયકુંજરને પણ 'સમુન્નત' એવા વિશેષણથી નવાજ્યો છે. 'જયકુંજરની જેમ'–એમ કહેવાને બદલે, ટીકાકાર મહર્ષિ જ્યારે 'સમુન્નત જયકુંજરની જેમ'–એ પ્રમાણે વર્ણન કરે છે, ત્યારે એમાં પણ કોઇકે વિશેષતા અવશ્ય રહેલી છે. વિશેષણ હંમેશાં વિશેષતાને જ સૂચવનારૂં હોય. જે વિશેષતાને સૂચવે નહિ, તે વિશેષણ નહિ. 'જયકુંજર' કહેવાથી, દરેક જયકુંજરમાં દરેક અવસ્થામાં જે કાંઈ ઘટી શકે તેમ હોય, તેનો સંગ્રહ તો થઈ જાય છે; પરન્તુ 'સમુન્નત' વિશેષણ દ્વારા કયી વસ્તુનો વિશેષ સંગ્રહ કરવામાં આવ્યો છે, એ વાત વિચારણા માગે છે. 'શબ્દોના અનેક અર્થો થાય છે'–એ નિયમાનુસાર, સમુન્નત શબ્દના પણ અનેક અર્થો થાય છે; પરન્તુ અહીં સમુન્નત વિશેષણથી કયો ભાવ લેવો જોઇએ, એનો વિચાર કરવો પડે. શબ્દોના અનેક અર્થો થાય છે, માટે જ્યાં જ્યાં જે જે શબ્દનો પ્રયોગ કરાયો હોય, ત્યાં ત્યાં તે તે શબ્દોના બધા અર્થોને લાગુ કરી શકાય અગર તો ગમે તે અર્થને લાગુ કરી શકાય, એવું છે જ નહિ. શબ્દનો અર્થ કરતાં, તેના ભાવને પકડતાં, તેનું સ્થાન જોવું જ પડે. શબ્દના સ્થાનને જોઈને જો શબ્દનો અર્થ કરાય, તો તે શબ્દના વક્તાના આશય અનુસારનો અર્થ થાય.

સમુન્નતનો ઉત્તમ અર્થ સ્થાને નથી :

અહીં 'સમુન્નત' શબ્દનો એક મહાશયે 'ઉત્તમ' એવો અર્થ કર્યો છે. ટીકાકાર મહર્ષિએ જો 'સમુન્નત જયકુંજરની જેમ' એવું વર્ણન કરવાને બદલે, 'સમુન્નત કુંજરની જેમ' એવા પ્રકારે વર્ણન કર્યું હોત, તો તો અહીં

'સમુન્નત' શબ્દનો 'ઉત્તમ' એવો અર્થ કરવો, એ કાંઈ-કેય વ્યાજબી ગણાત; પરન્તુ એકલા 'કુંજર' શબ્દનો પ્રયોગ નહિ કરતાં, 'જયકુંજર' શબ્દનો ટીકાકાર મહર્ષિએ પ્રયોગ કર્યો છે અને એથી હાથીની ઉત્તમતાને તો એ શબ્દમાં જ ગ્રહણ કરી લીધી છે. જયકુંજર એટલે જ હાથી-ઓમાં ઉત્તમ એવો હાથી ! આથી, 'સમુન્નત' શબ્દના પ્રયોગ દ્વારા ઉત્તમતાનું સૂચન નથી કરાયું, પરન્તુ બીજું જ કાંઈક સૂચન કરાયું છે, એ વાતને તમે સમજી શકયા હશો.

સમુન્નત વિશેષણથી ભરયુવાવસ્થાનું સૂચન :

તમે જાણતા તો હશો જ કે–દરેક જીવ પ્રાયઃ યુવા-વસ્થામાં જ વધુમાં વધુ શોભીતો દેખાય છે. દુનિયામાં કહે-વત છે કે–'**જુવાનીમાં તો ગધેડી પણ રૂપાળી લાગે છે.**' રૂપાળો માણસ જુવાનીમાં અધિક રૂપાળો દેખાય છે અને કાળો પણ માણસ જુવાનીમાં સામાન્યપણે જોવો ગમે એવો રૂપાળો દેખાય છે. બહુ કાળા બાળકને, પ્રૌઢને કે વૃદ્ધને જૂઓ અને બહુ કાળા પણ યુવાનને જૂઓ, તો તમને એમાં ઘણો ફરક લાગશે. એ શાથી ? યુવાનીમાં સર્વ અંગો-પાંગોની શકય એટલી બધી ખીલવટ થઈ જાય છે. યુવા-નીની પહેલાં પણ એમાં કમીના હોય છે અને યુવાની વીત્યે પણ એમાં કમીના હોય છે. એવો વિચાર કરો કે–જયકુંજર બહુ શોભીતો હોય અને બહુ સમર્થ હોય, પણ એનું શોભી-તાપણું અને એનું સામર્થ્ય, એની કયી અવસ્થામાં વધારેમાં વધારે પ્રમાણમાં ખીલેલું હોય ? કહેવું જ પડશે કે–જયકુંજ-રનું પણ શોભીતાપણું અને સમર્થપણું, એની યુવાવસ્થામાં

જ વધારેમાં વધારે પ્રમાણમાં ખીલેલું હોય. એ અવસ્થામાં એ જેવો શોભે છે અને જેવું કામ આપી શકે છે, તેવો તે તેના બાલપણામાં કે વૃદ્ધપણામાં શોભતો પણ નથી અને તેના બાલપણામાં તથા વૃદ્ધપણામાં તેવું કામ તે આપી શકતો પણ નથી. આથી સિદ્ધ થાય છે કે–અહીં જે સમુન્નત શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તે એમ સૂચવે છે કે–શ્રી ભગવતીજી સૂત્રની સરખામણી કરવાને માટે જે જયકુંજર હાથીને ઉદાહરણ રૂપે ગ્રહણ કરવામાં આવ્યો છે, તે જયકુંજરને પણ તે ભર યુવાવસ્થામાં રહેલો હોય–એવી અવસ્થાવાળો કલ્પવામાં આવ્યો છે અને એની ભર યુવાવસ્થાનું સૂચન કરવાને માટે જ ટીકાકાર મહર્ષિએ 'જયકુંજર' ના વિશેષણ તરીકે 'સમુન્નત' શબ્દનો પ્રયોગ કર્યો છે. આકાશ તરફ વધતાને ઉન્નત કહેવાય છે અને પાતાળ તરફ વધતાને અવનત કહેવાય છે. ઉંચે ચઢતા જવામાં ઉન્નતભાવ છે અને નીચે ઉતરતા જવામાં અવનતભાવ છે. કોઈ કહેશે કે–'તો પછી વૃદ્ધાવસ્થામાં યુવાવસ્થાના કરતાં પણ વધારે ઉન્નતભાવ ગણાય' પણ સમજવું જોઇએ કે–વૃદ્ધત્વ તરફની ચાલ એ ક્રમશઃ ક્ષીણત્વ તરફની ચાલ છે. એટલે કોરી ઉન્નતાવસ્થાને જણાવતાં કોઈ વૃદ્ધાવસ્થાને ગ્રહણ કરવાની ભૂલ કરે નહિ, એ માટે અહીં 'સમુન્નત' એટલે 'સમ્યક્ પ્રકારે ઉન્નત'–એવો પ્રયોગ કરવામાં આવ્યો છે. મહાપુરૂષો, સમર્થ જ્ઞાની પુરૂષો, કોઈ પણ શબ્દનો પ્રયોગ તો શું, પરન્તુ ઉપસર્ગ માત્રનો પ્રયોગ પણ, કોઈ આશય વિશેષને અવલંબીને જ કરે છે. અહીં ઉન્નત શબ્દની સાથે '**सम्**' ઉપસર્ગને યોજવામાં પણ, ટીકાકાર મહર્ષિનો આશય વિશેષ છે અને તે

આશય કેવા પ્રકારનો છે, તેનું અહીં આપણે સ્પષ્ટીકરણ કર્યું.

અંબાડી વિગેરેથી મંડિત પણ:

'સમુન્નત' વિશેષણથી એ વાત પણ વિશેષમાં લઈ શકાય કે–અહીં જે જયકુંજરને ઘટાવેલો છે, તે જયકુંજર જંગલમાં રખડતી અવસ્થાવાળો નથી, પણ મહારાજાના મનોરથોને પૂર્ણ કરનારા તરીકે રહેલો છે તેમ જ તેના ઉપર મૂકાએલી અંબાડીથી વિશેષ સુશોભિત બનેલો છે. એક તો જયકુંજર, એમાં ય ભર યુવાવસ્થાવાળો અને અંબાડી વિગેરેથી મંડિત, પછી એના સામર્થ્યમાં ને એની શોભામાં કમીના શી રહે? માટે એ જયકુંજર કેવો? તો કે–સમુન્નત!

શોભે, શોભા આપે ને જય અપાવે:

ભર યુવાવસ્થામાં રહેલો જયકુંજર જેમ આંગણે બાંધ્યો ય શોભે છે, એના ઉપર અંબાડી મૂકીને આરૂઢ થવાથી પણ શોભાપાત્ર બનાવે છે અને શત્રુઓની સામે એનો ઉપયોગ કરીએ તો જય અપાવે છે, જય જ અપાવે છે, જય અપાવે જ છે; તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ જ્યાં રહ્યું હોય ત્યાં શોભે છે, એના દર્શન માત્રથી પણ દર્શકને શોભા દે છે અને જો આ શ્રી ભગવતીજી સૂત્રનો સદુપયોગ કરતાં આવડે, સઘળી ય સ્વારીઓને છોડીને આની જ માત્ર ભાવસ્વારીએ આત્મા ચઢે, તો આ શ્રી ભગવતીજી સૂત્ર આ લોકમાં પણ જય અપાવે છે, પરલોકમાં પણ જય અપાવે છે અને પરંપરાએ સદ્ગતિને માટે જયવન્તા બનાવી દે છે.

૩–પદપદ્ધતિનું લાલિત્ય :

લલિત પદપદ્ધતિથી પ્રબુદ્ધ જનના મનનું રંજન કરનાર :

હવે સમુન્નત જયકુંજરમાં કહેવા લાયક, વર્ણવવા લાયક, જોતાંની સાથે જ ધ્યાન ખેંચે એવું અને જોવું ગમે એવું શું શું છે–એ વિગેરેને જણાવવા સાથે, તે તે બધું શ્રી ભગવતીજી સૂત્રના પક્ષે કેવી રીતિએ ઘટે છે, એને પણ સાથે સાથે જ ટીકાકાર મહર્ષિએ જણાવેલ છે. એમાં સૌથી પહેલી વાત એ જણાવી છે કે—

' ललितपदपद्धतिप्रबुद्धजनमनोरञ्जकस्य '

એટલે કે–લલિત એવી જે પદપદ્ધતિ, તેના દ્વારા પ્રબુદ્ધ જનોના મનનું રંજન કરનાર ! આ પદની વિભક્તિથી થતા સૂચનને અલગ રાખીને, આ પદ આવા અર્થનું સૂચક છે એમ કહી શકાય. આ બધાં વિશેષણોની વિચારણા કરતાં, હાલ આપણે, વિભક્તિથી થતા સૂચનની વાતને સ્પર્શવાને ઇચ્છતા નથી. કહે છે કે–સમુન્નત જયકુંજરની જેમ શ્રી ભગવતીજી સૂત્ર પણ પોતાની લલિત પદપદ્ધતિથી પ્રબુદ્ધ એવા જે જનો, તેમનાં મનોનું રંજન કરનાર છે !

ચાલ સૌથી પહેલી સારી જોઇએ :

અહીં, સૌથી પહેલાં પદપદ્ધતિની જે વાત લીધી છે,

તે સહેતુક છે. એ હેતુ પણ તમારે જાણવો છે ને ? પદ એટલે પગ અને પદપદ્ધતિ એટલે પગલાં માંડવાની રીતિ, અર્થાત્– ચાલ. એવી જ રીતિએ, સાહિત્યમાં પદ એટલે વિભક્ત્યન્ત બનાવેલા શબ્દો–માત્ર શબ્દો જ એમ નહિ, પરન્તુ જે શબ્દો વિભક્તિએ સહિત બનેલા હોય તેવા શબ્દો. એવા શબ્દોને પદ કહેવાય. અનેક પદોના યોગથી પાદ અથવા તો વાક્ય બને છે. એ પાદ અથવા તો વાક્ય સુન્દર ક્યારે લાગે છે ? સાહિત્યિક દૃષ્ટિએ આનન્દ ઉપજાવે, એવું ક્યારે લાગે છે? જે પદોની યોજના દ્વારા, જે પદોની ગોઠવણી દ્વારા એ પાદ અગર તો એ વાક્ય બન્યું હોય, તે પદોની તે યોજના અથવા તો ગોઠવણી લલિત હોય ત્યારે ! હાથીમાં સૌથી સારૂં શું ? હાથીની ચાલ ! હાથીના પગને વખાણાતા નથી, પણ હાથીની ચાલને વખાણાય છે. એટલા માટે તો, મનોરંજક ચાલે ચાલનારી સ્ત્રીઓને ' ગજગામિની ' એવી ઉપમા અપાય છે. ' ગજગામિની ' એટલે જેની ગમન કરવાની પદ્ધતિ ગજ એટલે હાથીના જેવી છે તે ! સૌથી પહેલાં ચાલ જ ધ્યાન ખેંચે. બીજું બધું સારૂં હોય, પણ જો ચાલ સારી ન હોય, તો બીજું સારૂં શોભાપાત્ર બની શકતું નથી. ચાલ સૌથી પહેલી સારી જોઇએ. આ હેતુથી જ, ટીકાકાર મહર્ષિએ, અહીં પદપદ્ધતિની વાત સૌથી પહેલી લીધી છે.

<u>લાલિત્ય પદમાં નહિ પણ પદપદ્ધતિમાં :</u>

કોઈ ગ્રન્થમાં પણ સૌથી પહેલી નજર એ ગ્રન્થોનાં પદોની ચાલ ઉપર પડે છે. જે ગ્રન્થમાં પદોની ચાલ સુન્દર હોય છે, તે ગ્રન્થને વાંચવાનું દિલ ઝટ થાય છે. ટીકાકાર

મહર્ષિ કહે છે કે–સમુન્નત જયકુંજરની ચાલ જેમ લલિત છે, તેમ શ્રી ભગવતીજી સૂત્રમાં પદોની જે પ્રકારે યોજના કરાએલી છે, તે યોજના લલિત છે. પદો લલિત છે–એમ નહિ, પણ પદપદ્ધતિ લલિત છે. વાસ્તવિક રીતિએ, કોઈ પણ પદમાં સ્વતન્ત્રપણે પદલાલિત્ય હોઈ શકતું જ નથી. પદલાલિત્ય નિષ્પન્ન થાય છે, પદપદ્ધતિ લલિત હોય તો! તમે કોઈ પણ પદ એકલું બોલો, તો તેમાં લાલિત્ય શું આવે? કાંઈ જ નહિ; પણ તમે જો ભિન્ન ભિન્ન પદોને સુન્દર પ્રકારે યોજીને બોલો, તો એ લલિત પદપદ્ધતિને અંગે સઘળાંય પદોમાં લાલિત્યનું આરોપણ કરી શકાય. એટલે સમજવાનું એ છે કે–આ શ્રી ભગવતીજી સૂત્રમાં જે કાંઈ કહેવાયું છે–એની વાત તો પછીથી, પરન્તુ આ શ્રી ભગવતીજી સૂત્રમાં જે કહેવાયું છે, તેને કહેવાની પદ્ધતિ પણ લલિત છે! તમે જ્યારે કહેવાએલી વાતોના ભાવને સમજશો અને એથી તમે આનંદિત થશો–એ વાતને તો વાર છે, પરન્તુ આ સૂત્ર એવું છે કે–તમે વાંચવા માંડો, તેની સાથે જ તમને આ સૂત્રમાં વપરાએલા પદોની યોજના આનંદ આપ્યા વિના રહે નહિ એવી છે, એમ ટીકાકાર મહર્ષિ ફરમાવે છે. સૂત્રના ભાવને પામીને તો, મનનું રંજન થવાનું જ છે; પણ આ સૂત્રમાં પદોને જે પદ્ધતિએ ગોઠવીને વાત કહેવાઈ છે, તે પદપદ્ધતિ પણ મનનું રંજન કરે એવી છે.

પદપદ્ધતિ લલિત હોવા છતાં પણ તે પ્રબુદ્ધ જનોના મનનું રંજન કરી શકે છે:

આ પદપદ્ધતિ મનનું રંજન કરે એવી લલિત તો છે જ, પણ શું આ પદપદ્ધતિ સૌના મનનું રંજન કરે એવી છે?

પદ્યપદ્ધતિ લલિત છે, માટે એનામાં જનમનનું રંજન કરવાનો ગુણ રહેલો જ છે; પણ વિચાર એ કરવાનો છે કે–આ પદ્યપદ્ધતિ સૌના મનનું રંજન કરે એવી છે કે અમુકના મનનું રંજન કરે એવી છે? પદ્યપદ્ધતિમાં જનમનને રંજન કરવાનો ગુણ છે–એમાં શંકા નથી, કારણ કે–આ પદ્યપદ્ધતિ લલિત છે; પરન્તુ લલિત એવી પણ આ પદ્યપદ્ધતિથી કેવા જનોના મનનું રંજન થવું એ સંભવિત છે, એ જાણવાની જરૂર છે. સર્વ જનોના મનનું રંજન આવી લલિત પણ પદ્યપદ્ધતિથી થાય, એ સંભવિત નથી; કારણ કે–આ પદ્યપદ્ધતિમાં જે લાલિત્ય રહેલું છે, તે લાલિત્યને સર્વ જનો જાણી શકે, પિછાની શકે, એ સંભવિત નથી. એમાં પદ્યપદ્ધતિના લાલિત્યની ખામી ન ગણાય, પણ જે માણસોના મનનું રંજન આવી પદ્યપદ્ધતિથી થાય નહિ, તેવા માણસોની ખામી ગણાય. એટલા માટે તો, ટીકાકાર મહર્ષિએ '**जनमनोरञ्जक**' નહિ કહેતાં, '**प्रबुद्धजनमनोरञ्जक**' એમ કહ્યું છે. આ પદ્યપદ્ધતિ પ્રબુદ્ધ એવા જનના મનનું રંજન કરનાર છે–એમ કહ્યું છે. બુડથલ માણસ ચાલમાં સમજે શું? હાથીની ચાલ સારી કે ગધેડાની ચાલ સારી, એનો ખુલાસો બુડથલ પાસે ન હોય. એ તો વિચક્ષણ માણસ જ કહી શકે કે–હાથીની ચાલ સૌથી સારી અને તે અમુક અમુક કારણસર સારી. તેમ સૂત્રનાં પદ્યોની પદ્ધતિ લલિત હોવા છતાં પણ, જે એ લાલિત્યને જાણવામાં કુશળ હોય, તે જ એ લાલિત્યના કારણે મનોરંજનનો અનુભવ કરી શકે! જેને પદ્યોનો અને પદ્યોની પદ્ધતિનો ખ્યાલ નથી, એવો માણસ લલિત એવી પણ પદ્યપદ્ધતિ દ્વારા મનોરંજનનો અનુભવ કરી શકે નહિ. બુદ્ધ એટલે જેને બોધ થયેલો છે તે, પદ્યોના અર્થ

વિગેરેને સમજી શકે છે; પણ જેને પ્રકૃષ્ટપણે બોધ થયેલો હોય છે, તે જ પદોની પદ્ધતિમાં રહેલી વિશેષતાઓને કે ઉણપોને સમજી શકે છે. આથી જ અહીં 'પ્રબુદ્ધ' એવું વિશેષણ 'જન' શબ્દની પૂર્વે મૂકવામાં આવ્યું છે.

હિતકારી પણ સમજાય તેવું કહેવાય :

તમે એવા ભણેલા નથી, કે જેથી તમને સમજાવવામાં આવે તો પણ પદપદ્ધતિના લાલિત્યમાંથી લૂંટી શકાતો જે આનન્દ, તે આનન્દને લૂંટીને તમે તમારા મનનું રંજન કરનારા બની શકો. તમે જો એવા ભણેલા હોત, તો તો આ શ્રી ભગવતીજી સૂત્રમાંનાં જૂદાં જૂદાં થોડાંક વાકયોને લઈને, તેમાં કયા પદ પછી કયા પદને ગોઠવીને તેમ જ કયાં કયાં અલંકારાર્થક અવ્યયો મૂકીને વાકયરચનાની લલિત કલાને કેવી રીતિએ ખીલવવામાં આવેલી છે, એ બતાવવાનો પ્રયાસ કરવામાં આવત. એવા શ્રોતાઓની સમક્ષ જ એવો પ્રયાસ કરવો જોઈએ. વકતા એનું નામ, કે જે શ્રોતાઓને સમજાય તેવું અને સમજાય તેવી રીતિએ શ્રોતાઓના હિતને કરનારું કથન કરે. લલિત પદપદ્ધતિ એવી પણ હોઈ શકે છે, કે જેનું લાલિત્ય સામાન્ય પ્રકારના શ્રોતાજનોને પણ આનન્દ આપી શકે.

જૈન આગળ ભાગવત :

તમને શ્રી સિદ્ધસેન દિવાકરવાળા પ્રસંગનો ખ્યાલ તો હશે. ગુરૂ મહારાજની સાથે જ્યારે તેમને પહેલવહેલો વાદ થયો, ત્યારે શું થયું હતું ? શ્રી સિદ્ધસેન દિવાકર હાર્યા હતા, પણ તે શાથી ? શ્રી સિદ્ધસેન દિવાકર કાંઈ સાધારણ કોટિના વિદ્વાન નહોતા. એ જેમ સમર્થ વિદ્વાન હતા, તેમ સમર્થ

કવિ પણ હતા. ગુરૂ મહારાજની સાથે પહેલો વાદ, તેમને, એક ગામડાને નાકે ભરવાડોના ટોળા સમક્ષ થયો હતો. પોતાનો પક્ષ તેમણે કાવ્યમય સંસ્કૃત ભાષામાં સ્થાપ્યો હતો. એમના કથનને સાંભળનારા જો વિદ્વાનો હોય, તો એમનું માથું હાલી ઉઠે એવી લલિત પદપદ્ધતિથી અને સાથે સાથે વિદ્વાન સાંભળનારાઓને એમ લાગે કે–આમનું આ ભાષા ઉપરનું પ્રભુત્વ ગજબનું છે–એવાં એવાં પદ્યોની શ્રેણિથી એમણે પોતાના પક્ષને સ્થાપન કર્યો હતો; પણ એ એટલું ભૂલી ગયા કે–' અત્યારે હું વિદ્વાનો સમક્ષ નથી બોલી રહ્યો, પણ ગામડીયાઓ સમક્ષ બોલી રહ્યો છું ' અને એટલા જ કારણસર, તેઓ જે કાંઇપણ બોલ્યા, તે બધું ' **ભેંસ આગળ ભાગવત** ' એ કહેવતને ચરિતાર્થ કરનારૂં નિવડ્યું.

પ્રબુદ્ધ જન એટલે વિદ્વાન અને અધિકારસંપન્ન એવા મુનિજન :

આથી જ, અહીં ટીકાકાર મહર્ષિએ ખૂલાસો કરી દીધો છે કે–શ્રી ભગવતીજી સૂત્રમાંની જે પદપદ્ધતિ છે, તે લલિત છે ખરી, પરન્તુ તેનું લાલિત્ય, પ્રબુદ્ધ એવા જે જનો, તેમનાં જ મનોનું રંજન કરનાર છે. ' જન ' શબ્દની પૂર્વે ' પ્રબુદ્ધ ' વિશેષણને મૂકીને, ટીકાકાર મહર્ષિએ બહુ જ સારી અને બહુ જ અગત્યની સ્પષ્ટતા કરી દીધી છે. અહીં પ્રબુદ્ધ શબ્દથી 'પદ્યોના અર્થોને સમજી શકે તેમ જ પદ્યોની ચાલને પણ સમજી શકે એવો માણસ '–એટલો અર્થ લેવા સાથે, ' મોક્ષનો અર્થી અને મોક્ષને માટે સાચા માર્ગે પ્રયત્નશીલ ' –એવો અર્થ લેવાની પણ જરૂર છે. મોક્ષનો અર્થી પણ હોય અને મોક્ષને માટે સાચા માર્ગે પ્રયત્નશીલ પણ હોય, તે છતાં

પણ તે પદોના અર્થોને અને પદપદ્ધતિના લાલિત્યને સમજી શકે નહિ–એ બનવાજોગ છે, કારણ કે–તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમનો વિષય છે; પરન્તુ પદોના અને પદપદ્ધતિના લાલિત્યને સમજી શકવાને માટે સમર્થ એવો જીવ, જો મોક્ષનો અર્થી હોય અને ભગવાને કહેલા મોક્ષના માર્ગે જ પ્રયત્નશીલ હોય, તો એ આ પદપદ્ધતિના લાલિત્ય દ્વારા ઘણો અને તે પણ પાછો નિર્દોષ આનન્દ અનુભવી શકે. જાણકાર હોય પણ મોક્ષનો અર્થી ન હોય, તો થાય શું ? એનો આનન્દ ટકી શકે નહિ, કારણ કે–એના હૈયામાં સંસારનો જે રસ બેઠેલો છે, તે રસને આઘાત પહોંચાડે એવી જ વાત શ્રી ભગવતીજી સૂત્રમાં કહેલી છે. વળી આ અંગસૂત્રાદિને વાંચવાનો અધિકાર માત્ર સાધુઓને જ છે અને તે સાધુઓ પણ કેવા ? અનેક અંગસૂત્રોનું યોગોદ્વહન કરવાપૂર્વક અધ્યયન કરી ચૂકેલા અને આ સૂત્રનું અધ્યયન કરવાને માટે આવશ્યક એવા યોગોદ્વહનને કરનારા ! એ સિવાયના સાધુઓને આ સૂત્રને વાંચવાનો અધિકાર નથી, પછી તમને–શ્રાવકોને આ સૂત્રને વાંચવાનો અધિકાર તો હોય જ શાનો ? એટલે આ સ્થલે જો ‘ પ્રબુદ્ધ જન ’ એટલે ‘ વિદ્વાન અને અધિકારસંપન્ન મુનિજન ’ એવો અર્થ ઘટાવીએ, તો વધારે વ્યાજબી ગણાશે. બાકી, જેઓ ભણેલા ન હોય, સમજી શકે એવા ન હોય, તેઓને માટે તો જેવી દશા શ્રી સિદ્ધસેન દિવાકરની લલિત પદપદ્ધતિની થઈ, તેવી દશા આ સૂત્રમાંની લલિત પદપદ્ધતિની પણ થાય. જો કે–આ સૂત્રો મંત્રાક્ષરસ્વરૂપ છે, અર્થને તથા ભાવને નહિ સમજી શકવા છતાં પણ શ્રદ્ધાથી શ્રવણ કરનારને મહાલાભ કરે–એવાં આ સૂત્રો

છે, પરન્તુ પ્રસ્તુત વાત જે પદ્યપદ્ધતિના લાલિત્ય દ્વારા મનનું રંજન થવાની છે, તેવા પ્રકારનું મનોરંજન તો માત્ર 'વિદ્વાન અને અધિકારસંપન્ન' હોવાથી પ્રબુદ્ધ એવા મુનિજનોને માટે અનામત રહેલું છે, એમ કહ્યા વિના ચાલી શકે એવું છે જ નહિ.

જોડકણાંની પદ્ધતિમાં લાલિત્ય :

શ્રી સિદ્ધસેન દિવાકર બોલી રહ્યા, એટલે ગુરૂ મહારાજાએ બોલવા માંડયું. ગુરૂ મહારાજા પણ જેવા–તેવા વિદ્વાન નહિ હતા. વિદ્વાનોની સભામાં પણ શ્રી સિદ્ધસેન દિવાકરને હંફાવે અને હરાવે એવા હતા. આમ છતાં પણ, એ એવા વિચક્ષણ હતા કે–ભેંસ આગળ ભાગવત કરવા જેવા પ્રસંગને ઉભો થવા દે જ નહિ. શ્રોતાઓને સમજાય તેવું અને સમજાય તેવી રીતિએ હિતકારી વચન બોલવાને એ ટેવાએલા હતા. આથી તેમણે ગામડીયા ભાષામાં બોલવાનું શરૂ કર્યું. સાંભળનારા ગામડીયાઓને ઝટ સમજાઈ જાય, સમજાઇ જાય–એટલું જ નહિ પણ ઝટ ગળે ઉતરી જાય, એવી ભાષામાં તેમણે હિતોપદેશ આપવા માંડ્યો. એમાં પણ જે પદ્યપદ્ધતિ હતી, તે શ્રવણમધુર હતી, લલિત હતી. શબ્દોનાં પદોને એવા ક્રમે ગોઠવીને એ બોલતા હતા, કે જેથી સાંભળનારા ગામડીયાઓને એમનું બોલવું માત્ર ઉપદેશ તરીકે જ ગમ્યું એમ નહિ, પણ સાંભળતાં ય બહુ આનંદ આવે એવું આ બોલે છે, એમ એ ગામડીયાઓને લાગ્યું. એમનાં જોડકણાંની પદ્ધતિમાં રહેલા એ લાલિત્યનો એ પ્રભાવ હતો.

લાલત પદ્યપદ્ધતિના વિષયમાં શ્રી કપિલ કેવજ્ઞલાનીનું ઉદાહરણ :

આ ઉપરથી તમે સમજી શકયા હશો કે–જે પદ્યપદ્ધતિ

વિદ્વદ્‌ભોગ્ય હોય તેવી જ પદપદ્ધતિને લલિત પદપદ્ધતિ કહેવાય એવું પણ નથી અને જે પદપદ્ધતિ વિદ્વદ્‌ભોગ્ય ન હોય એટલે કે સામાન્યજનભોગ્ય પણ હોય તે પદપદ્ધતિમાં લાલિત્ય નથી એવું પણ કહેવાય એવું નથી. વિદ્વદ્‌જનભોગ્ય પદપદ્ધતિ અને લલિત પદપદ્ધતિ–એ બન્ને ય ભિન્ન ભિન્ન વસ્તુઓ છે. પદપદ્ધતિ લલિત હોય અને તેમ છતાં પણ તે સામાન્ય જનોના મનનું પણ રંજન કરે તેવી હોય, એ વાતના સમર્થનમાં શ્રી કપિલ નામના કેવલજ્ઞાની મહર્ષિનું પણ ઉદાહરણ આપી શકાય એવું છે. શ્રી કપિલ નામના કેવલજ્ઞાની મહર્ષિનું એ ઉદાહરણ, જૈનોમાં પણ ઘણાઓથી અજાણ્યું હશે. કેવલજ્ઞાની મહર્ષિ શ્રી કપિલના ઉદાહરણમાંથી તમને ઘણો બોધ મળી શકે તેમ છે, એ દૃષ્ટિને પ્રધાન બનાવીને, અત્રે એ ઉદાહરણ શરૂ કરવામાં આવે છે.

યશા બ્રાહ્મણીનું રૂદન :

શ્રી કપિલ નામના કેવલજ્ઞાની મહર્ષિનો વૃત્તાન્ત એવા પ્રકારનો છે કે–કૌશામ્બી નગરીમાં જિતશત્રુ રાજાનો કાશ્યપ નામે એક બ્રાહ્મણ પુરોહિત હતો. તેની પત્નીનું નામ યશા હતું. તેમના દામ્પત્યથી જે પુત્ર ઉત્પન્ન થયો, તેનું કપિલ એવું નામ રાખવામાં આવ્યું.

કપિલ હજુ તો નાની વયનો જ હતો, ત્યાં તો તેના પિતાનું મૃત્યુ થઈ ગયું અને એથી તે અનાથ થઈ ગયો. કપિલ બાળક હોવાથી, જિતશત્રુ રાજાએ તેનો અનાદર કર્યો અને કાશ્યપ પુરોહિતના પદે બીજા બ્રાહ્મણને સ્થાપી દીધો.

હવે એક દિવસ એવું બન્યું કે–કપિલના પિતા કાશ્યપની

જગ્યાએ જે બ્રાહ્મણને રાજાએ પુરોહિતપદે સ્થાપિત કર્યો હતો, તે બ્રાહ્મણ નગરમાં ફરતો કાશ્યપ પુરોહિતની પત્ની અને કપિલની માતા યશાના જોવામાં આવ્યો. તે વખતે એ બ્રાહ્મણ નાચતા ઘોડા ઉપર બેઠેલો હતો અને તેના માથે રાજાએ આપેલું મોટું છત્ર હતું.

એ બ્રાહ્મણને એ પ્રમાણે ગેલ કરતો જોવાથી, યશા બ્રાહ્મણીને પોતાના મૃત પતિની સમૃદ્ધિ યાદ આવી અને એથી તે રૂદન કરવા લાગી.

કર્મોના ઉદયને સમભાવે વેદે :

જો યશા વિવેકી અને ધીરજવાળી હોત, તો આમાં રૂદન કરવા જેવું કાંઈ હતું જ નહિ. સંસારમાં સૌને પોત-પોતાનાં જ કરેલાં શુભાશુભ કર્મોને ભોગવવાનાં હોય છે. ઉન્મત્ત બનીને ભોગવો, રડીને ભોગવો કે સમતાથી ભોગવો, પણ ઉદયમાં આવેલાં કર્મોને ભોગવવાં તો પડે જ! અવિવેકી અને અધીર આત્માઓ શુભ કર્મોના ઉદયને ઉન્મત્ત બનીને તથા અશુભ કર્મોના ઉદયને દીન બનીને ભોગવે છે, જ્યારે વિવેકી અને ધીર આત્માઓ શુભ કર્મોના ઉદયની જેમ અશુભ કર્મોના ઉદયને પણ સમતાથી ભોગવે છે. આમ શુભા-શુભ કર્મોના ઉદયને ભોગવે છે તો બધા, પરન્તુ જેઓ શુભ કર્મના ઉદય સમયે ઉન્મત્ત બનીને તથા અશુભ કર્મના ઉદય સમયે દીન બનીને દુર્ધ્યાનપૂર્વક એ કર્મોને ભોગવે છે, તેઓ તે સમયે બીજાં ઘણાં અશુભ કર્મોને ઉપાર્જે છે; જ્યારે જે પુણ્યાત્માઓ પોતાના શુભ કર્મના ઉદયને કે અશુભ કર્મના ઉદયને સમભાવે વેદે છે, તે પુણ્યાત્માઓ તે સમયે પોતાનાં

પૂર્વસંચિત ઘણાં અશુભ કર્મોની નિર્જરાને સાધે છે તેમ જ એવા સમયે તેમને જે બંધ થાય છે, તે પણ પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે.

કર્મના બન્ધનને તોડવાનો પુરૂષાર્થ કરવો જોઈએ :

કર્મના બન્ધનમાં પડેલા એકે એક આત્માએ આ વાત અવશ્ય લક્ષ્યમાં લેવા જેવી છે. કર્મના બન્ધનમાં પડેલા આત્માએ, સૌથી પ્રથમ તો એ વાત ઉપર લક્ષ્ય આપવા જેવું છે કે–મને જે કાંઈ સુખની કે દુઃખની સામગ્રી પ્રાપ્ત થાય છે, તે મારા શુભાશુભ કર્મથી જ પ્રાપ્ત થાય છે અને એ શુભાશુભ કર્મનો કર્ત્તા બીજો કોઈ નથી, પરન્તુ હું પોતે જ છું. આથી, મારે મારૂં કરેલું ભોગવવું, એમાં રાજી થઈને કે નારાજ થઈને પણ ઘેલા બનવા જેવું શું છે ? મારે માટે ચિન્તા કરવા લાયક જો કોઈ પણ વસ્તુ હોય, તો તે એ છે કે–'મારૂં સુખ વર્ત્તમાનમાં મારાં કર્મોને આધીન છે. સુખ, એ તો મારો સ્વભાવ છે. એ સ્વભાવના ભોગવટામાં અન્તરાય કરનારૂં મારૂં કર્મબન્ધન છે. આથી, મારે મને મળેલી અગર તો મને મળતી સુખની કે દુઃખની સામગ્રીમાં નથી રાચવા જેવું કે નથી રડવા જેવું. મારે તો, ગમે તેવી સામગ્રીનો યોગ પ્રાપ્ત થયો હોય તો પણ, મારા પુરૂષાર્થને ફોરવીને મારા કર્મબન્ધનને છેદવાનો પ્રયત્ન કરવો એ જ કરવા લાયક છે. મારે મારા કર્મબન્ધનનો છેદ કરવો હોય, તો મારાં કરેલાં જે જે શુભ કર્મો કે અશુભ કર્મો ઉદયમાં આવે, તે કર્મોએ સર્જેલી સ્થિતિનો સમભાવે નિર્વાહ કરી લેવો જોઈએ અને તેની સાથે જ કર્મના સંવરને માટેનો તથા કર્મની નિર્જરાને

માટેનો પુરૂષાર્થ કરવો જોઇએ.'

જેઓ પોતાની બુદ્ધિને આટલે સુધી લઈ જઈ શકે નહિ, તેઓ પણ એટલું તો વિચારી શકે કે–' મને જે દુઃખ આવ્યું છે, તે મારા પૂર્વકૃત અશુભ કર્મના ઉદયથી આવ્યું છે, માટે દુઃખથી ડરનારા એવા મારે, હવે એવું અશુભ કર્મ મારા આત્માને વળગે–એવું કાંઈ જ નહિ કરવું જોઇએ; તેમ જ મને જે સુખ મળ્યું છે, તે મારા પૂર્વકૃત શુભ કર્મના ઉદયથી આવ્યું છે, માટે સુખના અર્થી એવા મારે, શુભ કર્મમાં જ યત્નશીલ બનવું જોઇએ.' આમ કરતે કરતે પણ બુદ્ધિ કર્મ-બન્ધનથી છૂટવાનો પ્રયત્ન કરવાની વિચારણા સુધી પહોંચી જાય.

વળી, આ રીતિએ જેઓ વિચાર કરી શકે છે અને તદનુસાર વર્તન રાખી શકે છે, તેઓનું ભવિષ્ય તો ઘણું ઉજળું બને જ છે; તેઓ ભવિષ્યમાં ઘણા સુખના ભાગી અવશ્ય બને છે; પરન્તુ વર્ત્તમાનમાં ય તેઓ સમભાવના આત્મિક અને અનુપમ સુખને ભોગવી શકે છે. એવા આત્માઓ કદાચ બીજાઓની દૃષ્ટિમાં ' મહા દુઃખી ' તરીકે દેખાય–એમ પણ બને, પરન્તુ હૈયામાં તો તેઓ સુખનો જ સ્વાદ અનુભવતા હોય છે; જ્યારે અવિવેકી અને અધીર માણસો બહારથી સુખી દેખાતા હોય ત્યારે પણ, હૈયામાં તો વિવિધ વેદના-ઓનો જ અનુભવ કરતા હોય છે. એટલે કર્મના બન્ધનને તોડવાનો પ્રયાસ, એ જ એક સાચા સુખને માટેનો પ્રયાસ છે.

માતાનો ખૂલાસો :

કપિલ પોતાની માતાને રડતી જોઈ. એને ખબર નથી કે–તેની માતા કયા કારણે રડે છે ? પણ માતાને રડતી

જોઈને, એને પણ રડવું આવી જાય છે. એ પણ રડવા લાગે છે.

સ્નેહીજનોને રડતા જોઈને, સ્નેહવાળાઓને ઝટ રડવું આવી જાય છે. તેમાં ય, બાળકો જો પોતાનાં માતા–પિતા કે ભાઈ–બેનને રડતાં જૂએ છે, તો પ્રાયઃ તરત જ પોતે પણ રડવાનું શરૂ કરી દે છે ! મોહનો પ્રભાવ કેટલે ઉંડે પહોંચેલો છે, એ તો જૂઓ ! કારણ જાણે નહિ અને બીજું કાંઈ ખાસ સમજી શકે નહિ, તો પણ પોતાના સ્નેહીઓને રડતા જોઈને રડવા મંડી જાય !

કપિલે રડવા માંડયું તો પણ તેની માતા રડતી છાની રહી નહિ, એટલે તેનાથી પોતાની માતાનું રૂદન ખમાયું નહિ. તેણે પોતાના હાથથી માતાના મુખને ઉંચું કર્યું અને તેને પૂછયું કે–' તમે શા માટે રડો છો ? '

માતાએ તેને પેલા બ્રાહ્મણ પુરોહિતને ફરતો બતાવ્યો અને કહ્યું કે–' બેટા ! એક વખત એવો હતો, કે જે વખતે તારા પિતા પણ આના જેવી જ સમૃદ્ધિ ભોગવતા હતા. એ વાત મને યાદ આવી અને એથી મને રડવું આવ્યું. તેં જ્યારે તારા પિતાના જેવા ગુણોને ઉપાર્જ્યા નહિ, ત્યારે આ સમૃદ્ધિ આ બ્રાહ્મણને પ્રાપ્ત થઈ. પિતાની સમૃદ્ધિને નિર્ગુણી પુત્રો રાખી શકતા નથી. '

સંપત્તિનું કારણ ગુણ કે પુણ્ય ?

યશા બ્રાહ્મણીનું આ કથન સાચું છે, પણ તે એકદેશીય સત્ય છે. દુન્યવી સમૃદ્ધિ વસ્તુતઃ ગુણને આધીન નથી, પણ પુણ્યોદયને આધીન છે. મહા ગુણવાન એવા પણ પુત્રોની, પિતાએ આપેલી મોટી પણ સંપત્તિ ચાલી જાય–એવું પણ

ઘણીવાર બનેલું જોવાય અગર તો જણાય છે. દુન્યવી સમૃદ્ધિ જો ગુણને જ આધીન હોય, તો નિર્ગુણી અથવા તો દુર્ગુણી એવા કોઈની ય પાસે સંપત્તિ નહિ હોવી જોઈએ; જ્યારે અત્યારે જેઓ મોટા સંપત્તિશાલિઓ ગણાય છે, તેઓમાં ગુણવાનો ઘણા થોડા છે અને નિર્ગુણી અથવા દુર્ગુણી ઝાઝા છે. ગુણને સંપત્તિનું પણ કારણ કહેવું હોય, તો એ રીતિએ કહેવાય કે–ગુણ જેનામાં હોય, તે પુણ્ય બાંધે અને પુણ્યના ઉદયે સંપત્તિની પ્રાપ્તિ થાય. બાકી, વ્યવહારથી એમ કહેવાય કે–પિતાની સંપત્તિને પુત્રો ગુણવાન હોય તો જ સાચવી શકે છે.

માતાએ કપિલને એ પ્રમાણે કહ્યું, એટલે કપિલે માતાને કહ્યું કે–'તો હું પણ ગુણનો અર્થી બનીને હવે અભ્યાસ કરું.'

માતા કહે છે કે–'તારી ઇચ્છા તો સારી છે. તું જરૂર ભણ, પણ આ ગામમાં તને ભણાવશે કોણ? કારણ કે–અહીંના બધા ય લોકો તારા પ્રત્યે ઈર્ષ્યાવાળા છે. તારે જો ભણવું હોય, તો તું શ્રાવસ્તી નગરીએ જા. ત્યાં ઇન્દ્રદત્ત નામે તારા પિતાના મિત્ર રહે છે. એ સર્વ શાસ્ત્રોના વેત્તા છે. તું એમની પાસે ભણવાને જઈશ, તો તે તને પોતાના પુત્ર જેવો માનશે અને પિતાની જેમ પ્રસન્ન થઈને કળાપૂર્ણ બનાવશે.'

એ જ્ઞાનપ્રેમ નથી :

માતાને પુત્રને ભણાવવાની કેટલી બધી હોંશ છે? નાની ઉંમરના પણ છોકરાને એ, ભણતર ખાતર પરગામે અને પરગૃહે જવાની સલાહ આપે છે. પરન્તુ વિચારવા જેવી બાબત એટલી જ છે કે–આ જ્ઞાનનો પ્રેમ છે કે બીજી કોઈ વસ્તુનો પ્રેમ છે? વાત ભણાવવાની છે, મહેનત ભણાવવાની છે, પણ

પ્રેમ જ્ઞાનનો નથી, પ્રેમ ધનસંપત્તિનો છે, એ તમને સમજાય છે? જ્ઞાનના અભાવે પતિની સમૃદ્ધિ ગઈ અને છોકરો જ્ઞાની હોય તો પતિના જેવી સમૃદ્ધિઓ પુનઃ મેળવી શકે, આ જ વિચારથી માતાની પુત્રને ભણતર માટેની પ્રેરણા છે ને? આને, જ્ઞાનપ્રેમના નામે વખણાય? જ્ઞાનોદ્યોતને માટેનો આ પ્રયત્ન છે, એમ કહેવાય? કહો કે–નહિ જ. એમ, આજે ઘણા લોકો જ્ઞાનની, ભણતરની વાતો કરે છે, પરન્તુ એમાં મોટો ભાગ આ યશા નામની બ્રાહ્મણી જેવી મનોવૃત્તિવાળો છે. દેવું જ્ઞાનનું નામ અને પોષવો ધનપ્રેમને, પૌદ્ગલિક પદાર્થોના પ્રેમને, એવું જો સમજપૂર્વક એટલે ઈરાદાપૂર્વક કરાતું હોય, તો એ પણ છેતરપીંડી જ છે. આપણા સમાજમાં ય આજે આવા પ્રકારની છેતરપીંડી ચાલી રહી છે. શાસ્ત્રોમાં જ્ઞાનની મહત્તાને વર્ણવતાં જે જે વાકયો આદ્દિ હોય, તેને આગળ ધરવાં અને શાસ્ત્રોના સાચા જ્ઞાન પ્રત્યે જ અસદ્ભાવ જન્માવે એવા ભણતરને માટે, એ વાકયોથી દોરવાઈ જઈને જે લોકોએ નાણાં આપ્યાં હોય, તેમનાં નાણાંનો ઉપયોગ કરવો, એ શું વ્યાજબી ગણાય? તમે સંસારમાં બેઠા છો અને સંસારમાં તમારે ઘણું ઘણું નહિ કરવા જેવું ય કરવું પડે છે, પણ તમે એને જો ધર્મના વાઘા પહેરાવવાનો પ્રયત્ન કરો, તો એમાં તમે માત્ર અધર્મકરણના પાપને જ ઉપાર્જતા નથી, પરન્તુ ધર્મદ્રોહના–ઉત્સૂત્રપ્રરૂપણા આદિના મહા પાપને પણ ઉપાર્જો છો; માટે અધર્મને આચરવો પડે તો ય કદી એને ધર્મનું રૂપક આપવાનો પ્રયત્ન કરવો નહિ.

કપિલે ઈન્દ્રદત્ત પાસે જઈને અભ્યાસ શરૂ કર્યો :

કપિલ તો માતા પાસેથી રવાના થઈને ઈન્દ્રદત્તની પાસે

પહોંચી ગયો. ત્યાં જઇને એણે વિનંતિ કરી કે–' મને શાસ્ત્રોનો અભ્યાસ કરાવો. તમારા વિના મારે બીજું કોઈ શરણ નથી. '

ઈન્દ્રદત્ત સજ્જન માણસ છે, પણ નિર્ધન છે. પોતે પોતાનો જીવનનિર્વાહ પણ મહા મુશીબતે કરે છે. આટલો ગરીબ હોવા છતાં પણ એ પ્રમાણિક છે, એટલે કપિલને એ સાચે સાચી વાત કહી દે છે. કપિલને એ પહેલાં તો ઉત્સાહિત બનાવે છે. એ કહે છે કે–' તું મારા ભાઇનો જ પુત્ર છો. વિદ્યાનો આવો મનોરથ કરીને તેં તારા પિતાને લજ્જિત નથી કર્યા.' અર્થાત્–'એમના જેવાના પુત્રને શોભે એવો જ તારો મનોરથ છે. ' આ પ્રમાણે કહ્યા પછીથી, ઈન્દ્રદત્ત કહે છે કે– ' પણ હું તને શી વાત કરું ? તારું આતિથ્ય કરવા જોગું પણ ધન મારી પાસે નથી; એટલે મને ચિન્તા એ વાતની થાય છે કે–મારી પાસે ભણવાને આવેલો તું રોજ જમીશ ક્યાં ? ભોજન વિના તો, તારો ભણવાનો મનોરથ વ્યર્થ નિવડશે. '

ઈન્દ્રદત્તે આ પ્રમાણે કહ્યું, પરન્તુ કપિલ તો ગમે તે ઉપાયે ભણવા જ માગે છે, એટલે કપિલ કહે છે કે–' હે તાત ! ભિક્ષા દ્વારા મારું ભોજન થઈ રહેશે. બ્રાહ્મણ જ્યારથી જનોઇને ધારણ કરે છે, ત્યારથી એને ' ભિક્ષા આપો ' એમ કહેવાનું નક્કી જ થઈ ગયેલું છે. એટલે તો બ્રાહ્મણ હાથી ઉપર આરૂઢ થયેલો હોય, તો પણ ભિક્ષાને માગતાં લાજતો નથી અને જે ભિક્ષાચર જ છે, તે તો જેમ રાજા કોઇને ય કોઈ વાર આધીન થતો નથી, તેમ કોઇને ય ક્યાં ય આધીન થતો નથી.' અર્થાત્–'રાજા જેમ સર્વ કાળે સર્વત્ર જઈ શકે છે, તેમ ભિક્ષાચર પણ સર્વ કાળે સર્વત્ર જઈ શકે છે.'

કપિલના આટલા બધા અધ્યયનને માટેના ઉત્સાહને

જોઈને, ઇન્દ્રદત્ત પંડિત ખૂશ ખૂશ થઇ ગયેા. કપિલને એણે કહ્યું કે–‘ તપ કરનારાઓ ભિક્ષાથી નિર્વાહ કરે તે ઉત્તમ છે, કારણ કે–એમને તેા કદી ભિક્ષા ન મળે તેા તપ કરવેા જ છે એટલે તેઓ ચલાવી શકે, પરન્તુ તને જો એક વારે ય ભિક્ષા ન મળે, તેા તારા અધ્યયનનું થાય શું ? ’

કપિલને આમ કહીને, ઇન્દ્રદત્ત જાતે જ કપિલને માટેના ભેાજનની વ્યવસ્થા કરવાને માટે નીકળ્યેા. કપિલને પણ તેણે પેાતાની આંગળીએ સાથે લીધેા.

કપિલને લઈને ઇન્દ્રદત્ત પંડિત શાલિભદ્ર નામના કેાઇ શેઠને ત્યાં ગયેા. એના આંગણે ઉભા રહીને, તેણે પેાતાના ગાયત્રી મંત્રને ઉચ્ચ સ્વરે બેાલવા માંડ્યેા, કે જેથી શેઠને ખબર પડે કે–બહાર કેાઈ બ્રાહ્મણ ઉભેા છે.

શેઠે પણ ઇન્દ્રદત્તને ઘરમાં બેાલાવીને પૂછ્યું કે–‘તારી શી યાચના છે ? ’

ઇન્દ્રદત્તે કહ્યું કે–‘ આ બ્રાહ્મણ બાલને આપ રેાજ ભેાજન કરાવેા, એટલી જ યાચના છે. ’

શેઠે એ યાચનાનેા સ્વીકાર કરી લીધેા. રેાજ કપિલ એ શેઠને ત્યાં જઈને જમી આવતેા અને બાકીના સમયમાં, મુખ્યત્વે, ઇન્દ્રદત્તની પાસે અધ્યયન કર્યા કરતેા.

કપિલનેા દાસી સાથે સંબંધ :

એ પ્રમાણે અધ્યયન કરતેા કપિલ યુવાવસ્થાને પ્રાપ્ત થયેા. જે શાલિભદ્રને ઘરે તે રેાજ જમવા જતેા હતેા, તે શાલિભદ્રના ઘરમાં એક યુવાન વયની દાસી હતી, જે કપિલને રેાજ સારૂં સારૂં ભેાજન પીરસતી હતી. યુવાન અને

હસમુખો કપિલ, તે દાસી ઉપર રાગવાળો બન્યો! અને તે દાસી પણ આ કપિલમાં અનુરાગવતી બની. એ બન્નેનો એ રાગ એટલી હદે પહોંચી ગયો કે–એ બન્નેની વચ્ચે કામ-ક્રીડાના સંબંધો પણ થવા લાગ્યા.

સ્ત્રીજનના સંસર્ગથી દૂર રહેવું :

ખરેખર, યુવાનોને માટે સ્ત્રીજનનું સાનિધ્ય, એ આન્તર શત્રુ એવા કામને જન્મવાને માટેનું અને કામને જોર કરવાને માટેનું સ્થાન છે. યુવાનીને દીવાની કહેવામાં આવે છે, તે આ માટે જ! આથી, યુવાન માણસે જો શીલસંપન્ન બન્યા રહેવું હોય, તો સ્ત્રીજનના સંસર્ગથી અલગ રહેવું, એ જ સલાહભર્યું છે. સ્ત્રીજનના સંસર્ગમાં કામ કેવી રીતિએ પેદા થઈને ક્રમે ક્રમે પોતાની કળાને ખીલવે છે, તેની કેટલાક યુવાનોને તે વખતે ખબર પણ પડતી નથી. આજે કેટલાક યુવાનો કહે છે કે–' યુવતીઓની સાથે માત્ર બેસીએ–ઉઠીએ, એમાં વાંધો શો? એની સાથે વાતો કરીએ, એમાં વાંધો શો? એની સાથે હરીએ–ફરીએ, એમાં વાંધો શો?' પણ તેઓને ખબર નથી હોતી કે–એમાં પણ પ્રાયઃ કામ જ પ્રસાર પામી રહ્યો હોય છે. એવા યુવાનો એટલો વિચાર તો કરે કે–અન્ય યુવતીઓની સાથે જેટલું બેસવા–ઉઠવાનું, વાતચીત કરવાનું અને ફરવા–હરવાનું ગમે છે, તેટલું યુવાનોની સાથે બેસવા–ઉઠવાનું, વાતચીત કરવાનું અને ફરવા–હરવાનું ગમે છે ખરૂં? તમારૂં હૃદય જો એની સાથે નિર્દોષભાવે મળ્યું છે, તો કોઈ યુવાન સહાધ્યાયી, મિત્ર સાથે એવું કેમ નથી મળ્યું? મોટે ભાગે એવું બને છે કે–જેટલું આકર્ષણ

પુરૂષમિત્ર પ્રત્યે નથી થતું, તેટલું આકર્ષણ સ્ત્રીમિત્ર પ્રત્યે થાય છે. એ વિજાતીય સંબંધના રાગનો જ એક પ્રકાર છે અને એ પ્રકારના રાગને પણ કામરાગ કહેવાય. યુવક–યુવતીઓના સંબંધથી, સંસર્ગથી, આજ કેટકેટલાં અનિષ્ટો જન્મ્યાં છે, એનું વર્ણન કરવું એ પણ મુશ્કેલ છે. આ તો તમે સાનમાં સમજી જાવ, એ પ્રકારે સૂચન કર્યું.

દાસીની ગરીબી :

અહીં કપિલ જેમ નિર્ધન છે, તેમ પેલી દાસી પણ નિર્ધન છે. દાસીપણું કરવા છતાં પણ, એને એનો ગુજારો કરવામાં મુશ્કેલી નડે છે. આથી, તેણીએ પોતાની ઇચ્છા નહિ હોવા છતાં પણ, પોતાના નિર્વાહની અનુકૂળતાને માટે, અન્ય કોઇ પુરૂષને સેવવાનો વિચાર કર્યો. આવો વિચાર પણ, એ દાસીએ કપિલથી છૂપાવ્યો નહિ. કપિલને તેણીએ કહ્યું કે–' તમે જ મારા પ્રાણનાથ છો, પણ તમે નિર્ધન છો, એટલે મારે મારા જીવનનિર્વાહને ખાતર બીજા પુરૂષને સેવવો પડશે.' કપિલે એમાં અનુમતિ આપી. કપિલની સાથેનો એનો સંબંધ તો ચાલુ રહ્યો.

દાસીના દુઃખે દુઃખી કપિલ :

અન્ય પુરૂષને સેવવાથી, એ દાસીનો ગુજારો તો થતો રહ્યો, પણ ગરીબી તો ઉભી ને ઉભી જ રહી. એક વાર કપિલ જ્યારે એ દાસીની પાસે ગયો, ત્યારે કપિલે તેણીને ઘણા ખેદવાળી જોઇને ખેદનું કારણ પૂછ્યું. દાસીએ કહ્યું કે– ' આ નગરમાં અમુક દિવસે દાસીઓનો ઉત્સવ થાય છે. દાસીઓના ઉત્સવનો એ દિવસ હવે દૂર નથી, આવતી

કાલે જ છે અને મારી પાસે પુષ્પપત્રાદિને ખરીદી લાવવાને માટે જેટલું દ્રવ્ય જોઇએ, તેટલું દ્રવ્ય પણ નથી. પુષ્પપત્રાદિ વિના હું દાસીઓમાં વગોવાઈ જઈશ અને એથી મારી હાલત કેવી થશે, એની જ મને ચિન્તા થાય છે.'

કપિલ પણ એ દાસીના દુઃખે એટલો બધો દુઃખી થઈ ગયો કે–અધીરજથી તે મૂઢ અને મૌન બની ગયો.

કપિલને એવો દુઃખી થઈ ગયેલો જોઈને, દાસીએ કહ્યું કે–'તમે ખેદ કરો નહિ. એક ઉપાય છે. આ નગરમાં ધન નામનો જે શેઠ છે, તે જે કોઈ એને રાત્રિ પૂરી થતાંની સાથે જ જગાડે છે, તેને બે માસા જેટલા સોનાનું દાન દે છે. તમે આજની રાત પૂરી થતાં પહેલાં જ એ શેઠને ઘેર જજો અને કલ્યાણ રાગમાં મધુર ગીત ગાજો.'

આને દયા ન કહેવાય :

કપિલને પણ એ સૂચના ગમી ગઈ અને કપિલે તેમ કરવાની તત્પરતા બતાવી. આ પણ કામરાગનો જ પ્રકાર છે. આમાં દયા નથી. દાસીના દુઃખનું નિવારણ કરવાની ઇચ્છા છે અને તેમ છતાં પણ આ દયા નથી. જેમ પહેલાં વાત થઈ ગઈ કે–ભણતર માટેની જ પ્રેરણા છતાં એ જ્ઞાનપ્રેમ નથી, તેમ અહીં દાસીના દુઃખના નિવારણની તીવ્ર ભાવના હોવા છતાં પણ, આ દયા નથી. કેમ? દુઃખના નિવારણની જે ઇચ્છા છે, તે કામરાગમાંથી જન્મેલી છે માટે! એ દુઃખ પોતાની રાગપાત્ર દાસીનું હતું માટે ડંખતું હતું અને એ દુઃખ પોતાની રાગપાત્ર દાસીનું હતું માટે જ એ દુઃખના નિવારણની ઇચ્છા જન્મી હતી, એટલે એમાં દયા છે–એવું માની

અગર તો કહી શકાય નહિ. કશો જ સ્વાર્થ ન હોત, તો એ દયાનો ભાવ મનાત. દયાના ભાવમાં માત્ર દુઃખ જોવાય છે, પણ કોનું દુઃખ એ જોવાતું નથી.

કપિલ પકડાયો :

હવે એ દાસી મધ્ય રાત્રિએ કપિલને પેલા ધન શેઠના ઘર તરફ રવાના કરે છે અને કપિલ જાય છે પણ ખરો, કારણ કે–બે ય દુઃખી છે અને બન્ને ય પોતપોતાના દુઃખના નિવારણને ઝંખી રહેલ છે. દાસી પાસે દ્રવ્ય નથી એ માટે એ દુઃખી છે અને કપિલ દાસી દુઃખી છે એટલે તેણીના દુઃખને નહિ સહી શકવાથી દુઃખી છે.

કપિલ મધ્ય રાત્રિએ ધન શેઠના ઘર તરફ જવાને માટે રવાના તો થયો, પરન્તુ રસ્તામાં તેને કોટવાલોએ પકડ્યો. કપિલને ખબર નથી કે–'સવાર નથી થવા આવી, પણ મધ્ય-રાત્રિનો સમય છે.' એ તો સમજે છે કે–'હમણાં રાત્રિ પૂરી થશે અને સવાર થશે.' 'જો સવાર થઈ ગઈ, તો હું ધન શેઠનું દાન નહિ મેળવી શકું'–એ વાતની એને ભારે બીક છે. આથી નિર્જન એવા રસ્તા ઉપર તે વેગથી ચાલ્યો જાય છે. એને એમ વેગથી જતો જોઈને, રસ્તામાં રક્ષા કરવાને માટે રોન મારતા રક્ષક કોટવાલોને લાગે છે કે–'આ કોઈ ચોર છે' અને એમ એને ચોર સમજીને તેઓ પકડી લે છે.

સવાર થતાં, રક્ષકોએ એને રાજા પ્રસેનજિતની પાસે રજૂ કર્યો. રાજાએ પૂછવાથી, તેણે બે માસા સોનું લેવા જવાને માટે તે કેમ અને કયાં જતો હતો, તે બધી ય હકીકત અથેતિ કહી સંભળાવી.

લોકો પ્રાયઃ મૂઢની જેમ પ્રવર્તી રહ્યા છે, માટે સદ્ધર્મના સદુપદેશો જોઈએ તેવા ફળતા નથી :

વિચાર કરો કે–કપિલ ઘેરથી નીકળ્યો હતો શા માટે? દુઃખના નિવારણને માટે જ ને? નીકળ્યો હતો દુઃખના નિવારણને માટે અને નવું દુઃખ પેદા થઈ ગયું. કર્મની ગતિ આવી વિચિત્ર છે. દુઃખના નિવારણને સૌ ચાહે છે; દુઃખના નિવારણના આશયથી સર્વે પ્રયત્નશીલ પણ છે; પરન્તુ દુઃખના નિવારણના અને સુખના સંપાદનના આશયથી જે કોઈ પ્રયત્ન કરે, તે બધાનું દુઃખ જાય જ અને તે બધાને સુખ મળે જ –એવું બનતું નથી. એ પ્રયત્નથી, દુઃખ જવાને બદલે પોતાનું જે કાંઈ થોડું–ઘણું સુખ હોય તે પણ જાય અને દુઃખમાં વધારો જ થાય, આવું પણ ઘણું બને છે. આવાં ઉદાહરણો આંખ સામે બનવા છતાં પણ અને આવા પ્રકારનો પોતાને પણ વારંવાર અનુભવ થતો હોવા છતાં પણ, જેઓ કર્મની સત્તાના અસ્તિત્વને માનવાનો ઈન્કાર કરે છે, તેઓ ગમે તેટલા બુદ્ધિશાલી હોય, પરન્તુ સમ્યગ્ વિચારણાને માટે તો તેમની બુદ્ધિ કુંઠિત જ થઈ ગયેલી છે–એમ કહેવું પડે. એ જ રીતિએ, જેઓ કર્મની સત્તાના અસ્તિત્વને માનવાનો ઈનકાર કરતા નથી અને તેમ છતાં પણ જે લોકો પોતા ઉપરની કર્મની સત્તાથી મુક્ત બનવાને ઈચ્છતા નથી, તેઓની કર્મસત્તાના અસ્તિત્વ સંબંધી માન્યતા પણ પાંગળી જ છે. માણસ જો માત્ર પોતાના પણ અનુભવો સંબંધી વિચાર કરે અને બુદ્ધિનો સદુપયોગ કરે, તો પણ તેને લાગે કે–અત્યારે હું દુઃખના નિવારણને માટે અને સુખના સંપાદનને માટે, જે પ્રકારનો

પ્રયત્ન અને જે દિશાનો પ્રયત્ન કરી રહ્યો છું, તે મારો પ્રયત્ન ઊલટો છે અને ઊલટી દિશાએ છે. જો આટલું પણ સમજાઈ જાય, તો એને 'કર્મના બન્ધનથી મુક્ત બનવું, એ જ સઘળા ય દુઃખના નિવારણનો અને સઘળાં ય સુખોના સંપાદનનો સાચો ઉપાય છે'–એમ લાગે; અને એથી એ પણ શોધે કે–'મારે કર્મના બન્ધનથી મુક્ત બનવાને માટે કેવો પ્રયત્ન કરવો જોઈએ?' પણ જગતના જીવોનો મોટો ભાગ લગભગ મૂઢ જેવો જ બનીને પ્રવર્તી રહ્યો છે અને એથી જ સદ્ધર્મના સદુપદેશો પણ જેવા સફલ નિવડવા જોઇએ તેવા સફલ નિવડતા નથી.

આવે આપત્તિ ને મળે સંપત્તિ–એમે ય બને :

કપિલને તો જે દુઃખ આવ્યું છે, તે દુઃખ પણ સુખને માટે જ આવ્યું હોય, એવું બન્યું છે. દુઃખ એના પાપના ઉદયે જ આવ્યું છે–એમાં બે મત ન હોઈ શકે; પરન્તુ એનું એ પાપ પાપાનુબંધી નહિ પણ પુણ્યાનુબંધી હોય–એવા પ્રકારનું પરિણામ આવ્યું છે. તમને કહ્યું હતું કે–'પાપાનુબંધી પુણ્ય કરતાં તો પુણ્યાનુબંધી પાપ સારું' અને એ વાતનો તમને અહીં સાક્ષાત્કાર થશે. દેખીતી રીતિએ કપિલને માટે કેવી વિષમ સ્થિતિ આવી પડી છે? ભણવાનું ય જાય, ભોગેય જાય અને અપયશ થાય તથા અનેકવિધ આપત્તિઓ ખડી થઈ જવા પામે. કોટવાલોએ કપિલને જેમ ચોર માનીને પકડ્યો, તેમ રાજા પણ જો એને ચોર માની લે અને ચોર માનીને એને શિક્ષા કરે, તો એથી કપિલ કેવી હાલતમાં મૂકાઈ જાય? પણ આ બધા ય સંયોગોમાંથી કપિલ ઉગરી જાય છે. કપિલ આ બધી આપત્તિ-

એમાંથી જ ઉગરી જાય છે–એટલું જ નહિ, પણ આ નિમિત્તે તો એ સાચી સંપત્તિની સંપ્રાપ્તિઓના માર્ગે ચઢી જાય છે. દુઃખ પણ જે પુણ્યાનુબંધી પાપના ઉદયથી આવ્યું હોય અને જીવની ભવિતવ્યતા સારી હોય, તો આપત્તિઓ તો સંપત્તિની વેલડીઓની ગરજ સારનારી નિવડે છે. જણાય કે–આપત્તિ આવી; અને પરિણામ સંપત્તિની પ્રાપ્તિમાં આવે.

કપિલ ઉપર રાજાનો દયાભાવ :

રાજાએ પૂછતાં, કપિલે બે માસા સોના સંબંધી પોતાની જે હકીકત હતી, તે જેવી હતી તેવી જ રાજાને કહી દીધી. એના સારા નસિબે રાજાએ એની સાચી હકીકતને સાચી માની.

આપણી સાચી પણ હકીકત બીજાને સાચી ન લાગે, એવું પણ બને. એકની સાચી હકીકત ખોટી લાગે અને બીજાની ખોટી હકીકત સાચી લાગે, એવું પણ બને. સંસારમાં તો, દરેક અનુકૂળતા–પ્રતિકૂળતામાં પુણ્ય–પાપનો સંબંધ બરોબર.

રાજાને કપિલે કહેલી સાચી હકીકત સાચી લાગી, એટલે રાજાના હૃદયમાં કપિલ પ્રત્યે દયાભાવ પેદા થયો. રાજાને કપિલ ઉપર એટલી બધી દયા આવી ગઈ કે–'તારી જે માગવાની ઇચ્છા હોય, તે તું માગી લે'–એમ રાજાએ કપિલને કહ્યું.

જ્યાંથી દંડ પામવાની સંભાવના હતી, ત્યાંથી જ કપિલ દયા પામ્યો અને દાન પામવાના સુંદર સંયોગમાં મૂકાયો.

કપિલે કહ્યું કે–' હું વિચાર કરીને માગીશ.'

અને રાજાને એ પ્રમાણે કહીને, કપિલ 'રાજાની પાસે શું માગવું ?'–એ સંબંધી વિચાર કરીને નિર્ણય કરવાને માટે,

રાજાની રજા લઈને અશોક વનમાં ગયો.

કપિલની વિચારણામાં કોનું પ્રતિબિમ્બ ?

હવે અશોક વનમાં જઈને, કપિલ એકચિત્તે એ વિચારવા લાગ્યો કે–'મારે રાજાની પાસે માગવું શું ?' અહીં કપિલે જે વિચારણા કરી છે, તે ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. સંસારના જીવોની મનોવૃત્તિનું કપિલની વિચારણામાં પ્રતિબિમ્બ પડેલું છે–એમ કહીએ તો પણ ચાલે; અને તેના અન્ત ભાગમાં મહાપુરૂષોના મહદ્‌ભાવનું એમાં પ્રતિબિમ્બ પડેલું છે–એમ કહીએ તો પણ ચાલે. સંસારના પ્રેમીના વિચારોનો ઢાળ કેવો હોય–એ પણ કપિલની વિચારણામાંથી જાણવાને મળે છે અને વિવેકી આત્માઓના વિચારોનો ઢાળ કેવો હોય–એ પણ કપિલની વિચારણામાંથી જાણવાને મળે છે.

મળવાની સંભાવના લાગી નહોતી માટે ઇચ્છા નહોતી :

કપિલની વિચારણાની શરૂઆત બે માસા જેટલા સુવર્ણથી શરૂ થાય છે, કારણ કે–એ દાસીને ઘરેથી નીકળ્યો ત્યારે માત્ર બે માસા સુવર્ણની આશાએ જ નીકળ્યો હતો; પણ એ વખતે એને માત્ર બે માસા જેટલા જ સુવર્ણની આશા અને ઇચ્છા કેમ હતી ? એથી અધિક મળવાની સંભાવના લાગી નહોતી માટે ! જો અધિક મળવાની સંભાવના લાગી હોત, તો અધિક મેળવવાની ઇચ્છા થાત અને અધિકની આશા બંધાત. જે કોઈ થોડું માગે અથવા થોડુંક જ મેળવવાની આશા રાખે, તેમનામાં અધિકની ઇચ્છા જ નથી–એમ માની લેવા જેવું નથી. મળવાની સંભાવનાને અભાવે, ઘણું ઘણું અથવા તો બધું ય મેળવવાની ઇચ્છા દબાઈને પડી રહેલી હોય છે. જેમ

અગ્નિ ઉપર રાખ નાખી મૂકી હોય તેમ ! પણ જેમ જેમ માત્ર મળવાની સંભાવના જ વધતી જાય છે, તેમ તેમ ઇચ્છા પ્રગટ થયે જ જાય છે. મળવાની સંભાવના લાગે અને ઇચ્છા પ્રગટે નહિ, તો માનવું કે–ગુણ પ્રગટ્યો છે. બાકી થોડું માગે કે થોડું મેળવવાની આશા રાખે, એટલા જ ઉપરથી 'ગુણ પ્રગટ્યો છે'–એમ મનાય જ નહિ.

બે માસા સોનાને બદલે સો સોનૈયાની ઇચ્છા :

કપિલ માટે માગે તે મળવાની સંભાવના ઉપસ્થિત થવા પામી છે, એટલે એની ઇચ્છા કેવો વેગ પકડે છે, એ જૂઓ ! એને વિચાર થાય છે કે–'હું જો બે માસા સુવર્ણ માગું, તો એથી માત્ર અન્ન–વસ્ત્રાદિક મળે; પણ એટલાથી વળે શું ? રાજા હું જે માગું તે આપવાનું કહે છે, તો પછી સો સોનૈયા જ માગી લઉં. જ્યારે યાચના કરવી જ છે અને યાચના કર્યા મુજબ મળે તેમ છે, તો ઓછું શું કામ યાચવું ?'

હજાર સોનૈયાની ઇચ્છા :

આમ બે માસા જેટલું સુવર્ણ માગવાની ઇચ્છા, સો સોનૈયાએ પહોંચી. સો સોનૈયાએ પહોંચીને પણ એ ઇચ્છા અટકી નહિ, કેમ કે–'માગ્યું મળશે'–એવો ખ્યાલ આવ્યો છે. સો સોનૈયા માગું–એવો વિચાર કર્યા બાદ, સો સોનૈયામાં શું શું આવી શકે તેમ છે–એનો કપિલને વિચાર આવ્યો અને એથી એને થયું કે–'સો સોનૈયા મળે, એથી કાંઈ વાહન વિગેરેની સમૃદ્ધિ ન થાય, માટે હું એક હજાર સોનૈયા જ માગી લઉં, કે જેથી જે ઇષ્ટ અર્થની પ્રાપ્તિને માટે હું આ નગરીમાં આવ્યો છું, તેની પ્રાપ્તિ થાય.' એને એની માતાની

વાત આ વખતે યાદ આવે છે. ઘોડા ઉપર છત્ર ધરેલું હોય–એવી હાલતમાં ઘોડેસ્વાર થઈને નગરના માર્ગોમાં ઇચ્છાનુસાર ફરી શકાય–એવી સમૃદ્ધિને અનુલક્ષીને જ એની માતાએ એને ભણવાને માટે મોકલ્યો હતો અને એવી સમૃદ્ધિને અનુલક્ષીને જ કપિલ અહીં ભણવાને માટે આવ્યો હતો, એ વાત યાદ છે ને ? એ જે બરાબ બીજ પડેલું, તે પણ આ વખતે કપિલને સતાવે છે અને સો સોનૈયાને બદલે એક હજાર સોનૈયા માગવાનો વિચાર કરાવે છે.

લાખ સોનૈયાની ઇચ્છા :

એક હજાર સોનૈયાને માગવાનો વિચાર પણ નિર્ણયના રૂપમાં આવી શકતો નથી. એ વિચારેય ટકી શકતો નથી. એને થાય છે કે–'એક હજાર સોનૈયાથી પણ થાય શું ? એટલા ધનમાં કાંઈ સંતાનોના વિવાહ આદિના ઉત્સવો થઈ શકે નહિ, માટે એક લાખ સોનૈયા માગી લઉં; અને એમ કરું એમાં જ હું યાચના કરવામાં ચતુર છું–એવું ગણાય.'

કરોડ–સો કરોડ–હજાર કરોડ સોનૈયાની ઇચ્છા :

એક લાખ સોનૈયાને માગવામાં પોતાના યાચનાચતુરપણાને માનવા છતાં પણ, તે કપિલ એટલું માગવાના વિચાર ઉપરેય સ્થિર થઈ શકયો નહિ. એને પાછો વિચાર આવ્યો કે–'એક લાખ સોનૈયામાં હું મારા મિત્રોનો ઉદ્ધાર શી રીતિએ કરી શકું ? મારા બન્ધુઓનો ઉદ્ધાર શી રીતિએ કરી શકું ? અને અન્ય દીનજનોનો ઉદ્ધાર પણ શી રીતિએ કરી શકું ? માટે એક કરોડ સોનૈયા માગું ! ના, ના, સો કરોડ સોનૈયા માગું ! અરે, એમેય નહિ, એક હજાર કરોડ સોનૈયા જ માગું !'

લોભને વશ પડેલાઓની થતી દુર્દશા :

કપિલની આ વિચારણા, સંસારના પ્રેમિઓના વિચારોનો ઢાળ કેવો હોય છે, એનું પ્રતિબિમ્બ પાડે એવી જ છે ને ? તમને પણ કોઈ કોઈવાર આવી વિચારણાનો કદાચ અનુભવ થયો હશે. લાભની સંભાવના માત્રથી પણ લોભ કેવો વધે છે, એના અનુભવથી તમે અલગ નથી, પણ પરિગ્રહનો પ્રેમ હોવાથી, લોભની વિટમ્બનાનો તમે વિચાર જ પ્રાયઃ કરતા નથી અને કોઈ વાર જરા વિચાર આવી જાય છે, તો પણ પાછું એમ થાય છે કે–આપણે આટલું આટલું તો જોઈએ ને ? તમને જો તમારી ઇચ્છા મુજબનું મળી જાય તેમ હોય, તો ખરેખર તમે કપિલને પણ ટપી જાવ, એ બનવાજોગ નથી લાગતું ? **'લોભને થોભ નથી'**–એમ જે કહેવાય છે, તે ખોટું નથી. લોભને વશ પડેલાઓ અમસ્તા અમસ્તા પણ કેટકેટલી ય નિરર્થક, નિષ્ફળ અને નુકશાનકારક વિચારણાઓ કરે છે, તો જો લાભની સંભાવના પૂરેપૂરી લાગે, તો તો એ વિચારણાઓ કેટલે સુધી પહોંચે, એ કહી શકાય જ નહિ. 'જીવવાનું થોડું ને ચાળા ઘણા'–એવો આ ખેલ છે. મરવાનું નક્કી છે અને મર્યા બાદ આમાંનું કાંઈ જ સાથે આવવાનું નથી એ ય નક્કી છે, એમ જાણવા છતાં પણ માણસ આ જીવનમાં કેટકેટલી ધન–ધાન્યાદિ સામગ્રીનો સંચય કરવાને ઇચ્છે છે ? પછી એ લોભથી, લોભે જન્માવેલી વિચારણાઓથી, લોભે કરાવેલી પાપપ્રવૃત્તિઓથી અને પૂર્વના પુણ્યને વશ જેટલું મળ્યું હોય તેના મમત્વથી જે કાંઈ પાપકર્મોને ઉપાર્જ્યાં હોય, તે ભોગવવાનાં કોને ? તમારૂં કર્યું તો તમારે જ ભોગવવું પડે ને ?

એ પાપકર્મોના ઉદય વખતે તમારી કેવી દશા થશે, એનો વિચાર કરો. લોભ ઉપર અને મમત્વભાવ ઉપર કાબૂ આવે, એ માટે પરિગ્રહપરિમાણ વ્રત છે. પરિગ્રહનો સર્વથા ત્યાગ નહિ કરી શકનારે પણ, પરિણામે પરિગ્રહના સર્વથા ત્યાગી બની શકાય તેમ જ પરિગ્રહમાં બેઠેલા છતાં ય પરિગ્રહ મુંઝવી શકે નહિ, એ માટે પરિગ્રહપરિમાણ વ્રતને ગ્રહણ કરવું જોઈએ. પરિગ્રહપરિમાણ વ્રતને ગ્રહણ કરવાને અંગે વિચારણા કરવાને બેસો, તે વખતે પણ કપિલના જેવી વિચારણા આવવાનો સંભવ છે, એટલે એમાં ય સાવધગીરી રાખવાની જરૂર છે.

કપિલની વિચારણામાં આવેલો પલટો :

હવે કપિલની વિચારણા કેવો પલટો લે છે, એ જૂઓ. એક હજાર કરોડ સોનૈયા માગવાની ઈચ્છા સુધી કપિલની વિચારણા પહોંચી ગઈ, પરન્તુ તે જ વખતે કપિલના કોઈ શુભ કર્મના ઉદય યોગે, કપિલની જે બુદ્ધિ હતી, તે સુન્દર પરિણામોવાળી બની ગઈ, કારણ કે–બુદ્ધિ કર્માનુસારિણી હોય છે. એથી કપિલ પોતાની ચાલુ વિચારણાના પ્રવાહને થંભાવી દે છે અને પોતાની વિચારણાના પ્રવાહને હવે એથી ઊલટી દિશાએ વાળે છે.

કપિલ વિચાર કરે છે, પોતાની કરેલી વિચારણાનું સિંહાવલોકન કરતાં વિચાર કરે છે કે–'અહો! માત્ર બે માસા જ સુવર્ણની પ્રાપ્તિમાં મને જે સંતોષ હતો, તે સંતોષ અત્યારે કરોડ પણ સોનૈયાની પ્રાપ્તિમાં મને નથી. જાણે એનાથી ભય પામીને જ એ ભાગી ગયો છે.'

વાત સાચી છે, કારણ કે–દાસીને ઘરેથી જે વખતે

કપિલ નીકળ્યો, તે વખતે એની મનોદશા એવી હતી કે–જો એને તેની ધારણા મુજબ બે માસા સોનું મળી જાત, તો એ સંતોષનો જ અનુભવ કરત; પણ ભાગ્યું મળવાની સંભાવનાએ એ સંતોષને સળગાવી મૂકયો હતો. હવે કપિલને ખ્યાલ આવ્યો કે–મારો સંતોષ તો મને મૂકીને કયારનો ય ભાગી ગયો છે.

હવે તો, કપિલને સારા વિચારો જ આવવા લાગ્યા. તેને વિચાર થયો કે–'વિદ્યાનું ઉપાર્જન કરવાને માટે અહીં આવેલા મને આ જે દુર્વ્યસન વળગ્યું, એથી મારે માટે તો એવું થયું કે–નીકળ્યો હું સાગરતીરે પહોંચવાને માટે અને પહોંચી ગયો હું હિમાલય પર્વતની તળેટીએ ! મને મારા ગુરૂએ જે જ્ઞાનદાન કર્યું, તે જલમાં કમલ રોપવા જેવું થવું જોઈતું હતું, પણ એને બદલે થયું તે સ્થલમાં કમલ રોપવા જેવું ! કારણ કે–દાસીને વિષે પણ મેં દાસપણું કરીને, અકુલીનને છાજે એવું મેં કર્યું છે !'

દીક્ષા અને કેવલજ્ઞાન :

આવી વિચારણા આવતાંની સાથે જ, તે મહાનુભાવ કપિલના અન્તઃકરણમાં પાંચેય ઇન્દ્રિયોના સઘળા ય વિષયો પ્રત્યે વિરાગભાવ પેદા થાય છે અને એમાંથી 'આવા વિષયો મારે જોઇએ જ નહિ'–એ પ્રકારના સંવેગના ભાવને એ પુણ્યવંત પ્રાપ્ત થાય છે. એટલું જ નહિ, પણ સંવેગના ભાવથી ભરેલી વિચારણામાં રમતા એવા તે શ્રી કપિલ મહાનુભાવને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે. જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થતાં તેઓ સ્વયંબુદ્ધ બને છે. તેઓ જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા બને છે. પછી સ્વયંબુદ્ધ બનેલા તેઓ પોતાના હાથે જ

પોતાના માથાના વાળોને લોચ કરીને ઉખેડી નાખે છે અને દેવતાએ ત્યાં જ અર્પિત કરેલા મુનિવેષને તેઓ ધારણ કરે છે.

શ્રી કપિલ મુનિવર, એ પછીથી, રાજાની પાસે આવ્યા. રાજાએ પૂછયું કે–'શું માગવાનો વિચાર કર્યો?' એટલે શ્રી કપિલ મુનિવરે પહેલાં પોતાના મનમાં જે જે તરંગો ઉઠ્યા હતા, તે સર્વ કહી સંભળાવ્યા અને અન્તે કહ્યું કે–

"यथा लाभस्तथा लोभो, लाभाल्लोभः प्रवर्धते ।
द्विमाष्या चिन्तितं कार्यं, कोट्यापि न हि निष्ठितम् ॥"

એટલે કે–જેમ જેમ લાભ થાય, તેમ તેમ લોભ વધે છે; લાભથી લોભ વધે છે અને એથી જ બે માસા સુવર્ણથી ચિન્તવેલું કાર્ય, કરોડ સોનૈયાઓથી પણ નિષ્ઠિત થયું નહિ.

શ્રી કપિલ મુનિવરના એ વૃત્તાન્તને સાંભળીને, રાજા પણ વિસ્મિત થયો. તેણે કહ્યું પણ ખરૂં કે–'તમને હું કરોડ સોનૈયા પણ આપું છું, તો તમે વ્રતને મૂકો અને ભોગોને ભોગવો, કારણ કે–તમારૂં આ વ્રત તમને શું ફળ આપશે, તેનો કોઈ જમીન નથી.'

આની સામે, શ્રી કપિલ મુનિવરે રાજાને કહ્યું કે–'રાજન્! આ અર્થો અનર્થોને આપનારા છે, એટલે સોનૈયાઓથી મારે સર્યું! હું તો નિર્ગ્રન્થ થયેલો છું, માટે હે ભદ્ર! તમને ધર્મલાભ હો!'

રાજાને આ પ્રમાણે કહીને શ્રી કપિલ મુનિવર ત્યાંથી નીકળી ગયા અને નિર્મળ, નિઃસ્પૃહ તથા નિરહંકારી બન્યા થકા તે વિહરવા લાગ્યા.

એ પ્રમાણે વ્રતનું સુન્દર પ્રકારે પાલન કરનારા મહા-મુનિ શ્રી કપિલનો દીક્ષાપર્યાય જ્યાં માત્ર છ જ મહિનાનો થયો, ત્યાં તો તેમને ઉજ્વલ એવું કેવલજ્ઞાન પ્રગટ થયું.

આ વૃત્તાન્તને વાંચતાં ને સાંભળતાં શું થાય ?

ખરેખર, જ્યારે પરિવર્તન આવવા માંડે છે અને આવે છે, ત્યારે તે કેટલી બધી હદ સુધીનું સુન્દર પણ હોઈ શકે છે, તેનો આ પણ એક દાખલો છે. પરિવર્તન આવ્યા બાદ અન્તર્મુહૂર્ત્તમાં પણ પોતાના કેવલજ્ઞાનને પ્રગટાવનારા પુણ્યવાનો થઈ ગયા છે. આવું વાંચીએ અને સાંભળીએ, તે વખતે તો સહેજે થઈ જાય કે–'અનન્તાનન્ત કાલથી સંસારમાં ભટકવા છતાં પણ, હજુ આપણે એવા અન્તર્મુહૂર્ત્તને નથી પામી શકયા, કે જે અન્તર્મુહૂર્ત્ત આપણને ક્ષાયિક ભાવોના સ્વામી બનાવી દે!'

એક બ્રાહ્મણનો છોકરો, દરિદ્રી, મફતનું ખાનારો ને મફતનું ભણનારો, એમાં દાસી ઉપર મોહિત થઈ જનારો, દાસી ઉપર મોહિત થઇને દાસીના દુઃખે દુઃખી થનારો, દાસીના સુખ ખાતર રાત્રિના પણ દાન મેળવવાને નીકળનારો અને હજાર કરોડ સોનૈયાની ઇચ્છા સુધી પહોંચી ગયેલો–આવો પણ માણસ, વિચારોની દિશા પલટાતાં એકદમ સાધુ બને, સાધુ બન્યા પછી પણ રાજા કરોડ સોનૈયાને આપવાને તૈયાર થાય તો ય તેને અનર્થકારી કહે અને લીધેલા સાધુપણાને એવી રીતિએ પાળે કે–માત્ર છ જ મહિનામાં કેવલજ્ઞાનને ઉપાર્જે, આ વાત આપણને કેટલા બધા ઉત્સાહિત બનાવે, એવી છે ? આવા વખતે તો, ખાસ કરીને એમ થઈ જાય કે–આપણને એવું તે શું નડે છે, કે જેથી આપણામાં હજુ પણ એવો ભાવ પ્રગટતો નથી ?

વળી, આ ઉપરથી એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે–કયી વખતે કયા જીવમાં કેવા પ્રકારનું પરિવર્તન આવશે,

એ કહી શકાય નહિ. એને તો જ્ઞાનિઓ જ જાણી શકે; આપણે જાણી શકીએ નહિ. આથી પણ, આપણે બીજાઓનો જો તિરસ્કાર કરતા હોઇએ, તો તેનાથી અટકી જવું જોઇએ. ખરી વાત તો એ છે કે–માણસે દોષો પોતાના જ જોવા જોઇએ અને બીજાઓના હિતની ચિન્તા કરવી જોઇએ. પોતાના દોષને ખમવો નહિ–એ જેટલું સારૂં છે, તેટલું જ ખરાબ-બીજાના દોષને ખમવો નહિ એ છે. બીજાના દોષને અંગે તો દયાભાવ ખૂબ જ જીવન્ત રહેવો જોઇએ અને દોષિત એવા પણ માણસમાં જો નાનો પણ કોઈ ગુણ હોય, તો તે નજર બહાર જવા પામે નહિ–એવા વિવેકી બનવું જોઇએ. અને વિચાર કરવો જોઇએ કે–આ જીવ કદાચ કર્મદોષથી અત્યારે આવો છે, પણ જ્યારે એ દોષ ટળશે ત્યારે આ જીવ કદાચ અમારા કરતાં પણ પહેલો મુક્તિએ જાય તો એ અસંભવિત નથી.

દારૂણ અટવીમાં પાંચસો ચોરોને પ્રતિબોધવાને ગયા :

હવે આપણે જે વાતના સમર્થનને માટે કેવલજ્ઞાની મુનીશ્વર શ્રી કપિલને યાદ કર્યા હતા, એ વાત આવે છે. તે સમયમાં રાજગૃહી નામની જે નગરી હતી, તેના અન્તરાલમાં એક અટવી આવેલી હતી, કે જે અટવી અઢાર યોજનના પ્રમાણવાળી લાંબી–પહોળી અને ભયંકર હતી.

તે અટવીમાં કહદાસના નામથી પ્રસિદ્ધ એવા બલભદ્ર વિગેરે પાંચ સો ચોરો વસતા હતા.

એ પાંચ સો માણસો ચોરીનો ધંધો કરતા હતા, છતાં પણ હતા લાયક જીવો. તેમનામાં લાયકાત હોવા ઉપરાન્ત, તેમની ભવિતવ્યતા પણ સારી હતી. એ એવા જીવો હતા કે–સુન્દર

સામગ્રીનો સુયોગ નહોતો મળ્યો માટે ચોર તરીકે જીવતા હતા, પણ જો તેમને સુન્દર સામગ્રીનો સુયોગ મળી જાય, તો પ્રતિબોધ પામે અને દીક્ષા ગ્રહણ કરીને સુન્દર આરાધન કરે, એવા હતા.

એ ચોરોની સુન્દર ભવિતવ્યતાએ જ જાણે પ્રેરણા કરી હોય, તેમ કેવલજ્ઞાની બનેલા શ્રી કપિલ મુનીશ્વરે જોયું કે–એ જીવો પ્રતિબોધને યોગ્ય છે અને એથી એ મુનીશ્વર એ ચોરોના ઉપર ઉપકાર કરવાને, એ ચોરો જે અટવીમાં વસતા હતા, તે અટવી તરફ પધાર્યા.

એ ચોર લોકો દારૂણ અટવીમાં રહેતા હતા, તો પણ સાવધગીરી રાખીને રહેતા હતા. અટવીના નાકે તેઓ તપાસ રાખ્યા જ કરતા હતા કે–અણધાર્યો કોઈ આવીને ઉપદ્રવ કરી જાય નહિ કે પકડી જાય નહિ. એ મુજબ, એક ચોર કે જે એક ઝાડની ટોચે ચઢીને વાંદરાની જેમ બેઠો હતો, તેણે શ્રી કપિલ મુનીશ્વરને અટવીમાં આવતા જોયા. એને એમ લાગ્યું કે–'આ કોઈ આપણો પરાભવ કરવાને માટે જ આવી રહેલ છે.' આથી, તેણે તરત જ એ હકીકત પોતાના સેનાપતિને જણાવી દીધી.

સંસાર રૂપ દારૂણ અટવીમાં સાવધગીરીથી રહો છો?

જ્ઞાનિઓએ આ સંસારને એક દારૂણ અટવી તરીકે પણ વર્ણવ્યો છે. ચોરો દારૂણ અટવીમાં રહેતા હતા, પણ સાવધગીરીથી રહેતા હતા; તેમ તમે સંસારમાં રહો છો, તે સાવધગીરીથી રહો છો કે ગાફલ બનીને રહો છો? ચોરોને દારૂણ અટવીમાં રહેવું ગમતું હતું કે એમના સંયોગો જ એવા

હતા, કે જેથી એમને દારૂણ અટવીમાં રહેવું પડે? કહો કે–એમને દારૂણ અટવીમાં રહેવું એ ગમતું તો નહોતું જ, પરન્તુ એમના સંયોગો જ એવા હતા, કે જેથી એમને દારૂણ અટવીમાં રહેવું પડે! તેમ તમે સંસાર રૂપ દારૂણ અટવીમાં રહો છો, તે રહેવું ગમે છે માટે રહો છો કે રહેવું પડે છે માટે રહો છો? જેમ ચોરોને ભાન હતું કે–આ અટવી છે અને તે પણ દારૂણ અટવી છે, તેમ તમને આ સંસાર એક દારૂણ અટવી સમાન છે–એવું ભાન છે ખરૂં? ખરેખરો વાંધો જ અહીં છે. સંસાર દારૂણ અટવી જેવો લાગતો નથી, એટલે દારૂણ અટવીમાં જેને રહેવું પડે તે જેવી સાવધગીરી રાખે, તેવી સાવધગીરી તમે રાખતા નથી. જે ચોરો બહારના દુશ્મનથી સાવધ રહેતા હતા, તે ચોરો અટવીમાંનું કોઇ ઉપદ્રવ કરી જાય નહિ, મારી જાય નહિ, એની સાવધગીરી તો વધારે જ રાખતા હશે ને? સંસાર રૂપ અટવીમાં બહારના કોઈ તરફથી ઉપદ્રવ આવવાનો સંભવ નથી, પણ સંસાર રૂપ અટવીમાં ઉપદ્રવ પમાડે એવાં સ્થાનોનો પાર નથી. સંસારમાં જેને જ્યાં સુધી રહેવું પડે, ત્યાં સુધી તેણે સાવધગીરીથી રહેવું જોઇએ અને સંસાર રૂપ અટવીને ઉલ્લંઘી જવાનો પ્રયત્ન કર્યા કરવો જોઇએ.

ચોરોએ નચાવ્યા મુનિવર નાચ્યા :

અહીં ચોરોની સેનાનો સેનાપતિ સાવધ બની ગયો અને તરત જ આવતા એવા શ્રી કપિલ મુનીશ્વરની પાસે ગયો. શ્રી કપિલ મુનીશ્વરને જોતાં અને તેમની સાથે પ્રારંભિક વાત કરતાં, એ સેનાપતિને લાગ્યું કે–'આજે તો

સદ્‌ભાગ્યે એક રમકડું જ હાથમાં આવ્યું છે.'

આ વાત તેણે બીજા ચોરોને પણ કહી અને તે પછીથી તે અજ્ઞાન સેનાપતિએ શ્રી કપીલ મુનીશ્વરને આજ્ઞા કરી કે– 'હે શ્રમણ! નૃત્ય કર!'

મુનીશ્વર શ્રી કપિલે નાચવાની તૈયારી તો બતાવી, પણ કહ્યું કે–'વાદ્ય વિના નૃત્ય થાય કયાંથી? અને અહીં કોઇ વાદ્ય વગાડનારો છે નહિ.'

પેલા પાંચ સો ચોરોને તો ચેન કેન આનન્દ જ કરવો હતો, એટલે એ પાંચ સો ય ચોરોએ તાલવાદ્ય વગાડવું શરૂ કર્યું.

તાલવાદ્ય એટલે કયું વાદ્ય? તાલીઓ વગાડવી તે! તાલીઓ પણ જો તાલબદ્ધ વાગતી હોય, તો એ વાદ્યની ગરજ સારે. કેટલાક લોકો ધૂન જમાવે છે, એ જોયું છે? એક જણ માત્ર એકાદ–બે પાદ જ વારંવાર પણ ચઢતા–ઉતરતા સ્વરે ગાયા કરે અને બીજા બધા તેના સ્વરાનુસાર તાલીઓ પાડયા કરે અથવા તો બધા ય તાલીઓ વગાડતા જાય અને એનાં એ પાદો વારંવાર ચઢતા–ઉતરતા સ્વરે ગાતા જાય, એને ધૂન કહેવાય છે.

અહીં પણ ચોરોએ તાલીઓ વગાડવા માંડી, એટલે શ્રી કપિલ મુનીશ્વરે નાચવા માંડયું અને નાચતે નાચતે ધ્રુવ પાદો ગાવા માંડયાં. એ ધ્રુવ પાદો ઉપદેશથી જેમ ભરેલાં હતાં, તેમ સાંભળવા માત્રથી પણ કાનને સુખ ઉપજાવે એવાં હતાં.

પાંચ સો ચોરોને દીક્ષા દીધી:

એવાં પાંચ સો ધ્રુવ પાદોને નાચતે નાચતે ગાઇને, કોઇને

કોઈ પાદ્ય દ્વારા તો કોઇને કોઈ પાદ્ય દ્વારા, એમ પાંચ સો ધ્રુવ પાદ્યોથી એ મુનિવરે પાંચ સો ય ચોરોને પ્રતિબોધ પમાડી દીધો; એટલું જ નહિ, પણ પ્રતિબોધિત થયેલા એ પાંચ સો ય ચોરોને એ મુનીશ્વરે ત્યાં ને ત્યાં જ દીક્ષિત બનાવી દીધા.

પ્રશ્ન૦ મુનિ મહારાજથી આ પ્રમાણે ગવાય અને નચાય ખરૂં ?

ગાનાર અને નાચનાર કોણ છે, એ જૂઓ ! કેવલજ્ઞાની છે. અતિશયજ્ઞાની પોતાને જે કરવામાં લાભ જણાય તે કરે. એમને માટે શાસ્ત્રના નિયમો બાધક થાય નહિ. શાસ્ત્રના નિયમોનો જે હેતુ છે, તે હેતુને અતિશયજ્ઞાનિઓ પોતાના જ્ઞાનબળે જાળવે જ છે. આ તો, અતિશયજ્ઞાની અને તેમાં ય પાછા કેવલજ્ઞાની છે, પરન્તુ શ્રી વૃદ્ધવાદી તરીકે પંકાએલા મહાત્મા તો અતિશયજ્ઞાની નહોતા; તેમ છતાં ય, તેઓ અવસરે મહા લાભનું કારણ જોઈને ગાન કરવા સાથે નાચ્યા પણ હતા. એમ કહો કે–એવા મહાપુરૂષોની વાતનો ઉપયોગ કરીને, લોકના મનોરંજનને માટે ગમે તે સાધુ ગમે તેમ ગાવા–નાચવા મંડી પડે, તો તે યોગ્ય ગણાય નહિ.

મનનું રંજન ક્યારે કહેવાય ?

આપણો મુદ્દો શો હતો ? પદ્યપદ્ધતિના લાલિત્યનો અર્થ એવો નથી કે–લલિત પદ્યપદ્ધતિને સામાન્ય જનો સમજી જ શકે નહિ. સામાન્ય જનો પણ સમજી શકે, એવી ય લલિત પદ્યપદ્ધતિ હોય છે. એમાં શું હોય ? જે પદ્યો હોય, તે એવાં હોય, કે જેના અર્થનો સાંભળનારને ઝટ બોધ થાય. વળી લલિત પદ્યપદ્ધતિ, એ એવી વસ્તુ છે કે–એ પદ્યોના અર્થને

અને ભાવને નહિ સમજનારને પણ એનું શ્રવણ સુખદ લાગે, મીઠું લાગે. શ્રી ભગવતીજી સૂત્રની લલિત પદપદ્ધતિ એવી જ છે. કેવી ? કાંઈ નહિ સમજનારને પણ સાંભળવાનું ગમે એવી ! તો પછી, કોઈ કહેશે કે–પ્રબુદ્ધ જનના મનનું રંજન કરનાર છે, એમ કેમ કહ્યું ? એનો ખૂલાસો એ છે કે–પદ-પદ્ધતિ લલિત હોવાથી પહેલી તકે કાને પડતાં કાનને સુખ આપે, પણ પછી પદોનો અર્થ અને ભાવ સમજાય નહિ, એટલે એ સુખનો ભોગવટો ક્ષણજીવી નિવડે. વળી, જરાક કાનને સુખદ લાગે, એટલા માત્રથી એને મનનું રંજન કરનાર ન કહેવાય. મનનું રંજન કરનાર તો ત્યારે કહેવાય, કે જ્યારે એનું શ્રવણ અગર વાંચન ચાલુ ન હોય, ત્યારે પણ એ પદો એની લલિત પદ્ધતિના પ્રતાપે કાનમાં ગુંજ્યા કરે અને મનમાં રમ્યા કરે. એટલે જ કહ્યું કે–આ સૂત્રની જે લલિત પદપદ્ધતિ છે, તે પ્રબુદ્ધ એવા જે જનો, તેમના મનનું રંજન કરનાર છે.

સૂત્રોની રચના શ્રુતજ્ઞાનિઓ જ કરે પણ કેવલજ્ઞાનિઓ કદી પણ સૂત્રોની રચના કરે નહિ :

શ્રી ભગવતીજી સૂત્રમાં કુલ ૨,૮૮,૦૦૦ પદો છે. એ બધાં ય પદો લાલિત્યપૂર્ણ લાગે છે, કારણ કે–એ પદોની ગોઠવણ રૂપ જે પદ્ધતિ છે, તે લલિત છે. માત્ર સાહિત્યિક દૃષ્ટિએ જ આ બધાં પદો લલિત છે, મનોહર છે, એવું નથી; સાથે સાથે ભાવની દૃષ્ટિએ પણ, આ બધાં પદો લલિત છે. આ પદોમાં બાહ્ય લાલિત્ય પણ છે અને આન્તર લાલિત્ય એટલે ભાવલાલિત્ય પણ છે. જો એક પણ પદ યથાર્થ રીતિએ હૃદ-યમાં વસી જાય, એનો અર્થ તથા ભાવ હૈયે ઠસી જાય અને

એ પ્રમાણે જીવનને કસીને જો જીવાય, તો એથી થોડા જ કાળમાં મુક્તિમાં વસી જવાય. આનું એકે એક પદ મંત્રાક્ષરોથી ગર્ભિત છે, કારણ કે–આની રચના કરનારા અતિશયજ્ઞાની છે. આ પદો મોક્ષપ્રેરક હોવાથી, મોક્ષમાર્ગની જ આરાધનાનાં પ્રેરક હોવાથી લોકોત્તર છે. જગતનો કોઈ પણ વિદ્વાન લખે, તો તેમાં પદો તો હોય, કેમ કે–પદોનો સમૂહ એ વાકય છે અથવા પાદ છે અને એવાં વાકયોના અને પાદોના સમૂહથી ગ્રન્થ બને છે. પણ જેને મોક્ષમાર્ગનું સાચું જ્ઞાન નથી, એવા વિદ્વાનનાં લખેલાં પદો કદાચ લાલિત્યવાળાં હોય, તો પણ તે પદો શાશ્વત પદનાં સાધક નથી હોતાં અને એથી એ પદો મોક્ષના અભિલાષીઓને માટે મનોરંજક બની શકતાં નથી. મોક્ષના અભિલાષીને તો, મોક્ષનાં અને મોક્ષમાર્ગનાં પ્રતિપાદક પદોમાં જ સાચું મનોરંજકપણું લાગે. જેઓનું ભવ્યત્વ વિકસેલું હોય, જેઓ સમ્યગ્દષ્ટિ હોય, તેઓને મોક્ષની સમીપે લઈ જનારાં, મોક્ષની પ્રેરણા કરનારાં પદો ખૂબ જ ગમે. શ્રી ભગવતીજી સૂત્ર એ મોક્ષગામી, મોક્ષમાર્ગના સાચા જ્ઞાતા, મોક્ષમાર્ગના પરમ આરાધક એવા મહાપુરૂષે ગ્રથિત સૂત્ર છે. આ સૂત્રની રચના, મોક્ષની પ્રાપ્તિ થાય–એ જ એક હેતુથી થયેલી છે, તેથી આનાં પદો–સઘળાં ય પદો મોક્ષમાં પ્રયાણ કરાવનારાં જ ગણાય. જે શાસ્ત્રનાં પદો મોક્ષની પ્રેરણા કરનારાં, મોક્ષની સાધનામાં મદદ કરનારાં, મોક્ષની સાધનાનાં સાધનોને મેળવી આપનારાં ન હોય, તે શાસ્ત્રની ગણના મોક્ષપ્રતિપાદક શાસ્ત્ર તરીકેની થઈ શકે જ નહિ; કારણ કે–પદસમૂહાત્મક વાકયોનો કે પદોનો સમુદાય, એ જ ગ્રન્થ છે. આ સૂત્રનાં પદો તો સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનીનાં રચેલાં છે, એટલે

જે સ્થલે જે પદ હોય, તેનાથી અધિક ભાવવાહી પદ બીજા કોઈથી તો આવી શકે જ નહિ. શાસ્ત્રોની રચના શ્રુતજ્ઞાનિઓ જ કરે. કેવલજ્ઞાનિઓ કદી પણ શાસ્ત્રોની રચના કરે નહિ. શ્રી તીર્થંકર ભગવાનો અર્થ રૂપે જ નિરૂપણ કરે. એને સૂત્રાત્મકપણે ગૂંથે તો શ્રુતકેવલિઓ જ. સૂત્રોના રચયિતા, હંમેશને માટે, શ્રુતજ્ઞાનિઓ જ હોય, પણ કેવલજ્ઞાનિઓ હોય જ નહિ.

સાચા પ્રબુદ્ધો સંસારને તજનારા :

આવા શ્રી ભગવતીજી સૂત્રનાં પદોની શ્રેણિ, પ્રબુદ્ધ જનોનાં મનનું રંજન કરે છે. સાચા પ્રબુદ્ધો તેઓ જ છે, કે જેઓએ સંસારને છોડી દીધો છે. સંસારને અસાર જાણીને, તેનો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરનારાઓ જ, સાચા પ્રબુદ્ધો ગણવાને લાયક છે. જેને જ્યાં સુધી 'સંસાર તો હેય જ અને એક મોક્ષ જ ઉપાદેય'—એમ લાગે નહિ, તે ત્યાં સુધી અજ્ઞાન છે, બાલ છે. એક મોક્ષને જ સાર સમજીને અને ભગવાને કહેલા મોક્ષમાર્ગને હૈયે સ્થાપીને, આત્મા જેમ જેમ ત્યાગ કરતો જાય છે, તેમ તેમ તે પંડિત બનતો જાય છે. એટલે સંસારને જે અસાર જ માનતો હોય, તે કદાચ સંસારમાં રહેલો હોય તો પણ, સંસારને એ છોડી શકે નહિ તો પણ, તેને તાણવા તનતોડ મહેનત પણ કરે નહિ. સંસારને અંગે જે મહેનત—પ્રયાસ કરે, તે કર્યા વિના ચાલે તેવું ન હોય એથી કરે, જ્યારે કરવાને માટે મહેનત—પ્રયાસ તો મોક્ષને ઉદ્દેશીને જ હોય. સમ્યગ્દૃષ્ટિ આત્માને, યાવત્—સર્વવિરતિ આત્માને આ શ્રી ભગવતીજી સૂત્ર, પોતાનાં પદોથી ખૂશ કરે, જ્યારે મહા મિથ્યાદૃષ્ટિઓ તો, આનાં પદોથી અકળાઈ

જાય, ગભરાઈ જાય. જેઓનો સંસાર અર્ધપુદ્ગલપરાવર્ત્ત જેટલા કાલથી પણ ન્યૂન હોય અને પાછા જેઓ ગુરૂકર્મી ન હોય પણ લઘુકર્મી હોય, એવા જ આત્માઓ શુદ્ધ ભાવપૂર્વક શ્રી જિનવાણીને સાંભળે છે. તેવા આત્માઓને આ શ્રુતજ્ઞાન મુક્તિપ્રાપ્તિની સાધનામાં અવશ્ય લાભદાયક થાય છે, અવશ્ય પ્રેરક થાય છે. જે આત્મા ચરમાવર્તમાં આવ્યો, તેને પ્રથમ કાલની પરિપકવતા રૂપ સામગ્રી તો મળી એમ કહી શકાય. એમાં જો એ આત્મા સારા સંયોગોને પામીને પુરૂષાર્થશીલ બને છે, તો તે કર્મનો સામનો કરી, શુદ્ધ અધ્યવસાયો વડે કર્મોની સ્થિતિને છેદી, રસને ભેદી, પ્રદેશોને દહી, સાચો આત્મવેદી બની, બરબાદીની બદીનો નાશ કરી, એક માત્ર આબાદીની દુનિયાનો જ ઇચ્છુક બને છે. એવા આત્માને જો આ શ્રી ભગવતીજી સૂત્રનું શ્રવણ મળે છે, તો એની સાચી આબાદીની ઇચ્છા ઝટ ફળે છે, કારણ કે–જો આ શ્રી ભગવતીજી સૂત્રનું વિધિપૂર્વક બરાબર શ્રવણ કરાય, તો એ શ્રવણ ત્રણ ભવોમાં જ મુક્તિદાયક બને છે.

પદ્યપદ્ધતિ આકર્ષક પણ નિવડે અને અવરોધક પણ નિવડે :

લલિત પદ્યપદ્ધતિ સંબંધી આ વિશેષણ ઉપરથી, એ પણ એક સમજવા જેવી વાત છે કે–પદ્યપદ્ધતિ જેમ આકર્ષક નિવડી શકે છે, તેમ અવરોધક પણ નિવડી શકે છે. પદ્યપદ્ધતિ લલિત હોય તો સામાન્ય પ્રકારનો ગ્રન્થ પણ વાંચકોને માટે અને શ્રોતાઓને માટે આકર્ષક નિવડે છે, જ્યારે ગ્રન્થ વિશિષ્ટ પ્રકારનો હોય, સુન્દર પ્રકારના અવબોધને કરાવવાના સામર્થ્યવાળો હોય, તો પણ તેની પદ્યપદ્ધતિ જો લલિત

હોતી નથી અને ક્લિષ્ટ હોય છે, તો તે પદપદ્ધતિ વાંચકોને માટે અને શ્રોતાઓને માટે અવરોધક નિવડે છે. વાંચકોના વાંચવાના અને શ્રોતાઓના સાંભળવાના ભાવને માટે ક્લિષ્ટ પદપદ્ધતિ ઉત્તેજક બનવાને બદલે ઉભગાવનારી, એટલે શિથિલ બનાવનારી નિવડે છે. આથી ગ્રન્થકારોએ જેમ બને તેમ પોતાના ગ્રન્થની પદપદ્ધતિને લલિત બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. પદપદ્ધતિના લાલિત્યની ખામી, એ પણ એક પ્રકારની ગ્રન્થની જ ખામી ગણાય છે અને એથી તે ગ્રન્થકારની ખામી પણ ગણાય છે. વળી, જેઓએ સ્વ–પરના ઉપકારના જ હેતુથી ગ્રન્થની રચના કરવી હોય અગર કરી હોય, તેઓનો એ હેતુ પદપદ્ધતિના લાલિત્ય દ્વારા સારી રીતિએ બર આવી શકે છે, જ્યારે બીજું બધું સારૂં હોય પણ માત્ર પદપદ્ધતિ જ ક્લિષ્ટ હોય, તો પણ ગ્રન્થની રચનાનો હેતુ એટલી સારી રીતિએ બર આવી શકતો નથી.

વચનના પ્રિયત્વ માટે લલિત પદપદ્ધતિ આવશ્યક છે:

લલિત પદપદ્ધતિ સંબંધી વિશેષણથી ગ્રન્થકારોને જ્યારે આવું સૂચન પણ મળે છે, ત્યારે વ્યાખ્યાતાઓને અને વક્તાઓને પણ એવું સૂચન મળે છે કે–તેઓએ વ્યાખ્યા અને વક્તૃત્વ એવી લાલિત્યપૂર્ણ પદપદ્ધતિથી કરવું, કે જેથી એ શ્રોતાઓને કર્ણપ્રિય બને. એના યોગે શ્રોતાઓ કહેવાતી વાતને રસપૂર્વક સાંભળે અને એથી શ્રોતાઓના અન્તરમાં ગ્રન્થનું મહત્ત્વ અંકિત થવા સાથે, શ્રોતાઓના ભાવોલ્લાસની પણ અભિવૃદ્ધિ થવા પામે. વ્યાખ્યાતાને અને વક્તાને જો લલિત પદપદ્ધતિથી વાતને રજૂ કરતાં આવડતું નથી હોતું અને તેને

જો ક્લિષ્ટ પદપદ્ધતિથી જ બોલવાની ટેવ હોય છે, તો એવો વ્યાખ્યાતા અને વક્તા, કેટલીક વાર, શ્રોતાઓના અન્તઃકરણમાં મૂળ ગ્રન્થના ગૌરવ વિષે હલકા ભાવને પેદા કરનારો બની જાય છે. ક્લિષ્ટ પદપદ્ધતિ, એ દોષ રૂપજ છે. વ્યાખ્યાતાની અને વક્તાની એ ખામીને લીધે શ્રોતાઓને એમ થાય કે–આ ગ્રન્થમાં ખાસ મહત્ત્વ લાગતું નથી. 'અમારે તો ધર્મોપદેશ દેવો છે; એમાં લલિત પદપદ્ધતિનું કામ શું છે?' –એવું કહેનારાઓએ, આ વાતનો પણ વિચાર કરવા જેવો છે કે–બીનઆવડત તેમની, ઉપેક્ષા તેમની અને ગૌરવ ઘટે ગ્રન્થનું! બોલવું તે લલિત પદપદ્ધતિથી બોલવું, એ કોઇ સામાન્ય વસ્તુ નથી. આમ ઘણું ભણેલા હોય, ઘણા જાણકાર હોય, પણ પદ્ધતિસર બોલતાં ન આવડતું હોય, તો એવા વિદ્વાન પણ વ્યાખ્યાતા કે વક્તા ઈચ્છિત ઉપકાર તો નથી કરી શકતા, પણ કોઇ વાર '**વિવાહની વરસી**' જેવું પણ કરી બેસે છે. એ જે બોલે તે સારાને માટે બોલે, સારા ભાવથી ભરેલું બોલે, પણ સારી રીતિએ બોલતાં ન આવડતું હોય એટલે એના બોલવાની અસર ઊલટી થાય, આવું પણ બને છે. સત્ય વચન કોને કહેવાય? એ માટે જે ચાર લક્ષણો કહ્યાં, તેમાં 'પ્રિયત્વ' લક્ષણ પણ કહ્યું. વચન જેમ તથ્ય જોઇએ, તેમ પથ્ય પણ જોઇએ, પરિમિત પણ જોઇએ અને પ્રિય પણ જોઇએ. વચનના આ 'પ્રિયત્વ' લક્ષણમાં, 'પદપદ્ધતિના લાલિત્ય'નો સમાવેશ પણ કરવો હોય તો કરી શકાય. કેટલીક વાર એવું પણ બને છે કે–વ્યાખ્યાનને સાંભળ્યા બાદ શ્રોતાઓ કહે છે કે–'મહારાજ બહુ વિદ્વાન.' એમને પૂછીએ કે–'કેમ?' તો કહે કે–'એવું

એવું બોલ્યા કે સમજાય જ નહિ.' આ શું થયું ? વ્યાખ્યાન થયું, પણ વ્યાખ્યાનનો હેતુ બર આવ્યો નહિ. એ તો શ્રાવકો મર્યાદાવાળા છે, એટલે ' બહુ વિદ્વાન ' કહે છે, બાકી તો ' અક્કલ વગરના છે '–એમ ના કહે ? જેમને સંભળાવવાને બેઠા, તેમને જ સમજાય નહિ, તો સંભળાવ્યું શા કામનું ?

આ વિશેષણ સૂત્ર પ્રત્યે આકર્ષણ કરનાર છે :

જે લોકો ક્લિષ્ટ પદપદ્ધતિવાળા હોય છે, તેઓનું કથન કર્ણપ્રિય બની શકતું નથી અને લલિત પદપદ્ધતિવાળાઓનું કથન કર્ણપ્રિય બને છે. એટલે લલિત પદપદ્ધતિ પણ ગુણકારી છે. લલિત પદપદ્ધતિ ગુણકારી છે, માટે જ અહીં ટીકાકાર મહર્ષિએ એ વાતનું સૂચન કર્યું છે અને લલિત પદપદ્ધતિ એ પ્રથમ આવશ્યક વસ્તુ હોવાથી, એનો જ પહેલા વિશેષણમાં નિર્દેશ કર્યો છે. આ વિશેષણ દ્વારા પણ, ટીકાકાર મહર્ષિએ, આ શ્રી ભગવતીજી સૂત્ર પ્રત્યે વાંચકોનું અને શ્રોતાઓનું આકર્ષણ કર્યું છે. આ વિશેષણને જાણતાં, વાંચકોને અને શ્રોતાઓને એમ થાય કે–આ સૂત્ર મૂળ પણ વાંચવું અને સાંભળવું ગમે એવું છે.

૪–અવ્યય સ્વરૂપ :

ઉપસર્ગના નિપાતના સમયે ય અવ્યય સ્વરૂપવાળું :

જયકુંજરની જેમ આ શ્રી ભગવતીજી સૂત્ર લલિત પદપદ્ધતિવાળું છે અને પોતાની લલિત પદપદ્ધતિથી આ શ્રી ભગવતીજી સૂત્ર જયકુંજરની જેમ પ્રબુદ્ધ જનોના મનનું રંજન કરનારૂં છે–એ પ્રમાણે ફરમાવ્યા બાદ, ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–

" उपसर्गनिपाताव्ययस्वरुपस्य "

પહેલા વિશેષણમાં જેમ ટીકાકાર મહર્ષિએ એમ કહ્યું કે–' જેમ જયકુંજરની પદપદ્ધતિ લલિત છે અને એથી તે પ્રબુદ્ધ જનોના મનનું રંજન કરનાર છે.' તેમ આ બીજા વિશેષણમાં પણ ટીકાકાર મહર્ષિ એમ ફરમાવે છે કે–' જેમ જયકુંજર ઉપસર્ગના નિપાતના સમયે પણ પોતાના સ્વરૂપને અવ્યય રાખનારો છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્રનું સ્વરૂપ પણ, ઉપસર્ગના નિપાતના સમયે ય અવ્યય જ રહે છે. '

કયું સ્વરૂપ અવ્યય છે ?

આથી, અહીં પહેલાં તો આપણે એ વિચાર કરવો જોઇએ કે–અહીં ટીકાકાર મહર્ષિએ જે સ્વરૂપને ગ્રહણ કર્યું છે, તે સ્વરૂપ કેવા પ્રકારનું છે ? આપણે એ સ્વરૂપ એવા

પ્રકારનું શોધી કાઢવું જોઈએ, કે જેથી તેના અવ્યયપણાની જે વાત ટીકાકાર મહર્ષિએ ફરમાવી છે, તે સુસિદ્ધ થાય. આપણે જો એવા પ્રકારના સ્વરૂપને અહીં ગ્રહણ કરીએ, કે જે સ્વરૂપના અવ્યયપણાને આંચ લાગે તેમ હોય, તો તે આપણી ટીકાકાર મહર્ષિના કથનને સમજવાની ખામી ગણાય. અહીં 'જયકુંજરની જેમ' એવા પ્રકારે અવ્યય સ્વરૂપની વાત કરી છે, માટે આપણે પહેલાં તો જયકુંજરના એવા પ્રકારના સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ, કે જે સ્વરૂપ અવ્યય હોય. આમ તો જયકુંજર પોતે જ અવ્યય નથી, તો પછી એનું સ્વરૂપ અવ્યય હોય–એવું કેમ બની શકે? બની શકે. જ્યાં સુધી જયકુંજરનું જયકુંજર તરીકેનું અસ્તિત્વ હોય, ત્યાં સુધી તેનું એક પ્રકારનું સ્વરૂપ એવું પણ હોય છે, કે જે અવ્યય હોય. માટે વિચારો કે–જયકુંજરના અસ્તિત્વ પર્યન્ત અવ્યય જ રહે, એવું જયકુંજરનું કયું સ્વરૂપ હોઈ શકે? અહીં કહેવું જ પડશે કે–જયકુંજરનું જય અપાવવા રૂપ જે સ્વરૂપ છે, તે સ્વરૂપ જ્યાં સુધી જયકુંજર જીવતો હોય, ત્યાં સુધી અવ્યય જ રહે છે. જયકુંજર જીવતો હોય ત્યાં સુધી, કોઈની પણ તાકાત નથી કે–એનું જે જય અપાવવા રૂપ સ્વરૂપ છે, તેનો તે વિનાશ કરી નાખી શકે.

અહીં સ્વરૂપને અવ્યય કેમ કહ્યું?

પર્યાયના પરિવર્તનની દૃષ્ટિએ દ્રવ્ય માત્રના સ્વરૂપમાં પરિવર્તન આવવું એ શક્ય છે અને તેમ છતાં પણ ટીકાકાર મહર્ષિએ આ બીજા વિશેષણમાં એમ ફરમાવ્યું છે કે–જયકુંજર જેમ ઉપસર્ગના નિપાતના સમયે પણ અવ્યય સ્વરૂપવાળો

છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ તેની પોતાની હરેક સ્થિતિમાં અવ્યય સ્વરૂપવાળું જ છે. સ્વરૂપનું પરાવર્તન, એ કેટલું બધું શક્ય છે–એની શું ટીકાકાર મહર્ષિને ખબર નહોતી ? સ્વરૂપનું પરાવર્તન, એ શક્ય છે–એની ટીકાકાર મહર્ષિને ખબર નહોતી, એમ તો કોઈકે મહા મૂર્ખ હોય તે જ કહે. આપણે તો કહીએ છીએ કે–સ્વરૂપનું પરાવર્તન, એ શક્ય છે–એ વાતને પણ ટીકાકાર મહર્ષિ સારી રીતિએ જાણતા જ હતા. એટલે જ અહીં એ વિચાર અથવા પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે–એ મહર્ષિ આવું જાણતા હતા, તો પછી એમણે અવ્યય સ્વરૂપને જણાવનારા વિશેષણને વાપર્યું કેમ ? ટીકાકાર મહર્ષિએ તો સમજપૂર્વક જ આ વિશેષણ વાપર્યું છે, માટે આપણે જ વિચાર કરવો પડે અને શોધી કાઢવું પડે કે–જયકુંજરમાં પણ ઘટી શકે અને શ્રી ભગવતીજી સૂત્રના વિષયમાં પણ ઘટી શકે, એવું એ બન્નેનું સ્વરૂપ કયું છે, કે જે સ્વરૂપને યથાર્થપણે કોઈ પણ સુજ્ઞ જન અવ્યય તરીકે કબૂલ રાખે. એ પૂરતો જ આ વાતનો આટલો વિસ્તાર કરવામાં આવ્યો છે.

જય અપાવનારે ય ખરો ને અજેય પણ ખરો :

જે સ્વરૂપ બે ય પક્ષે ઘટી શકે એવું હોય અને અવ્યય પણ હોય, એને માટે જયકુંજરની થોડીક વાત તો તમને શરૂઆતમાં જ કહી પણ દીધી છે. જય જ અપાવે–એવો જે હાથી, તેને જયકુંજર કહેવાય છે; માટે જય અપાવવો, એ પણ એક પ્રકારનું જયકુંજરનું સ્વરૂપ જ છે. જય જ અપાવવો, એ પ્રકારનું જયકુંજરનું જે સ્વરૂપ છે, તે અવ્યય છે–અવિનાશી છે. જય જ અપાવવો, એ જેમ જયકુંવરના સ્વરૂપનો એક પ્રકાર

છે, તેમ પોતાની સામે આવેલાને જય નહિ પામવા દેવો, એ પણ જયકુંજરનાં સ્વરૂપનો એક પ્રકાર છે. જયકુંજર જય અપાવનારો પણ હોય છે અને અજેય પણ હોય છે.

જયકુંજરનાં આ બન્ને ય પ્રકારનાં સ્વરૂપો, આપણે સેચનક હાથીના પ્રસંગમાં જોઈ આવ્યા છીએ.

સેચનકની અજેયતા :

સેચનક હાથીને પકડવાને માટેનો જે પ્રસંગ, તેમાં એવી વાત પણ આવે છે કે–સેચનકે જ્યારે તાપસોના આશ્રમને ભાંગી નાખ્યો, ત્યારે તાપસો રાવ લઈને મહારાજા શ્રી શ્રેણિકની પાસે ગયા.

તેમણે ત્યાં જઈને શ્રી શ્રેણિકને કહ્યું કે–' સર્વ લક્ષણોએ સંયુક્ત એવો એક હાથી છે અને તે રાજાને યોગ્ય છે. આપ માણસોને મોકલો તો અમે બતાવીએ. '

તત્કાલ શ્રી શ્રેણિક માણસોને લઈને તાપસોની સાથે ગયા અને ત્યાં જઈને તેઓએ છૂપી રીતિએ રહીને સેચનકના અજાણપણામાં જ સેચનકને બાંધી લીધો. સેચનકને એ પ્રકારે બાંધી લઈને તેઓ દરબારમાં લઈ આવ્યા.

સેચનક એમ સપડાઈ તો ગયો, પણ એના ગુસ્સાનો પાર રહ્યો નહિ. ક્રોધથી ધમધમતો તે પોતાની સૂંઢને તથા પૂછડાને અને કાનને સ્થિર કરીને ચિત્રસ્થની જેમ રહ્યો. આથી શ્રી શ્રેણિક વિગેરેએ માન્યું કે–' હવે આ કાંઈ ઉપદ્રવ કરશે નહિ.' એમ માનીને એના પગમાં સાંકળો પણ નાખી નહિ.

એટલામાં બીજો બનાવ સેચનકના ગુસ્સાને એકદમ વધારી મૂકે એવો બન્યો. પેલા તાપસો ખૂશ થતા થતા સેચનક

હાથીની પાસે આવ્યા અને તેનો તિરસ્કાર કરવા લાગ્યા. તેમણે સેચનક હાથીને કહ્યું કે–" હે દુષ્ટ! અમે તને પાળી–પોષીને મોટો કર્યો, ત્યારે અગ્નિ જેમ પોતાના સ્થાનને બાળે, તેમ તેં તારા આશ્રયભૂત બનેલા આશ્રમનો જ ઘાત કર્યો? તું તે કેવો દુર્મતિ અને બલોન્મત્ત થયો કે–કરેલા ઉપકારને ય ભૂલી ગયો? તેં અમારા આશ્રમને ભાંગવાનું જે પાપ કર્યું, તેના જ પ્રતાપે તું આ બન્ધનમાં પડ્યો છું."

સેચનકને લાગ્યું કે–' જરૂર, આ તાપસોએ જ કોઈ તાગડો રચીને મને આવી અવસ્થામાં મૂક્યો છે.' એથી સેચનકનો ક્રોધ વધી ગયો. ક્રોધથી તેનું મુખ ને તેની આંખો રાતાં થઈ ગયાં. તેણે આવેશમાં એવું જોર કર્યું કે–કદલીના સ્થંભને ભાંગી નાખે, તેમ તેણે આલાનસ્થંભને ભાંગી નાખ્યો અને બધાં બન્ધનોને કાચા સુતરના તાતણાઓની જેમ તોડી નાખ્યાં. પછી તાપસોને દૂર ફેંકી દઈને, તે સેચનક હાથી વેગથી અરણ્યમાં ચાલ્યો ગયો.

સેચનક હાથીને પકડવાને માટે, અશ્વારૂઢ થઈને શ્રી શ્રેણિક પોતાના પુત્રોને લઈને તેની પાછળ પડ્યા. એને ચોમેરથી ઘેરી પણ લીધો, પરન્તુ તાકાત કોની છે કે–કોઈ સેચનકની પાસે જઈ શકે? મહાવતોએ ઘણાં ઘણાં પ્રલોભનો બતાવ્યાં કર્યાં તેમ જ તિરસ્કાર પણ કર્યો, પરન્તુ સેચનકે એ કશાને ગણકાર્યું જ નહિ. એમ સેચનક હાથીને કોઈ પણ રીતિએ કબજે નહિ કરી શકાવાથી, શ્રી શ્રેણિક ખિન્ન થઈ ગયા.

એમાં શ્રી નંદિષેણે સામે જઈને પ્રયત્ન કર્યો અને પૂર્વ-ભવના સ્નેહસંબંધે એ હાથી વશ થયો, એ વાત તો કહેવાઈ ગઈ છે.

આમ જયકુંજર અજેય શક્તિવાળો હોય છે. એ પોતે વશ થાય તે જૂદી વાત છે, પણ કોઈ એની સામે જઈને અને એને ડરાવીને કે હંફાવીને તાબે કરી શકે એવું બનતું નથી. અજેયપણું, એ જયકુંજર હાથીના સ્વરૂપનો પ્રકાર અને તે અવ્યય જ રહે છે. તેમ તેનું જય અપનાવવાનું જે સ્વરૂપ, તે પણ અવ્યય છે. શ્રી હલ્લ–વિહલ્લના પ્રસંગમાં આપણે જોઈ આવ્યા કે–જયકુંજરમાં જય અપાવવાની શક્તિ કેવી અદ્‌ભુત હોય છે. સેચનક પોતે મર્યો એ બન્યું, પણ જ્યાં સુધી એ જીવ્યો ત્યાં સુધી શ્રી હલ્લ–વિહલ્લને એણે હારવા દીધા નહિ અને જય જ અપાવ્યા કર્યો. શ્રી હલ્લ–વિહલ્લે જો ભૂલ ન કરી હોત, તો કદાચ કૂણિકનો આખો ઈતિહાસ ફરી જાત; પણ એ તો જેવી ભવિતવ્યતા હોય તેવું બને છે.

જયકુંજરની જેમ શ્રી ભગવતીજી સૂત્રનું ય અવ્યય સ્વરૂપ :

ટીકાકાર મહર્ષિએ 'જયકુંજરની જેમ' એમ કહીને આ બધાં વિશેષણો જણાવેલાં છે, એટલે આ જ વાત શ્રી ભગવતીજી સૂત્રને અંગે પણ જવાની છે. આ શ્રી ભગવતીજી સૂત્ર પણ અજેય સ્વરૂપવાળું છે, તેમ જ જય જ અપાવવાના સામર્થ્યવાળું છે. ન તો શ્રી ભગવતીજી સૂત્રને કોઈ પરાભવ પમાડી શકે અને ન તો કોઈ જેણે શ્રી ભગવતીજી સૂત્રનું સાચું અવલંબન ગ્રહણ કર્યું હોય, શ્રી ભગવતીજી સૂત્રને આધાર રૂપે ગ્રહણ કર્યું હોય, તેને પરાભવ પમાડી શકે. શ્રી ભગવતીજી સૂત્ર પોતે પણ અજેય અને શ્રી ભગવતીજી સૂત્રનો આધાર લેનાર પણ અજેય. શ્રી ભગવતીજી સૂત્રનો આધાર લેનારો માત્ર અજેય જ બન્યો રહે–એમ પણ નહિ;

શ્રી ભગવતીજી સૂત્રના આધાર દ્વારા, એ ભારેમાં ભારે દ્રવ્યજયો પણ મેળવી શકે અને ભારેમાં ભારે ભાવજયો પણ મેળવી શકે. એટલે જ, શ્રી ભગવતીજી સૂત્રનું સ્વરૂપ પણ જયકુંજરની જેમ અવ્યય જ છે.

માત્ર 'अव्ययस्वरुपस्य' એમ કેમ નહિ કહ્યું ?

સ્વરૂપ તો આવું હોય, પરન્તુ આ સ્વરૂપ અવ્યય છે– એવા પ્રકારનો અનુભવ કયારે થાય ? અવસરે જ ને ? અવસરે જ એનો અનુભવ થાય અને અવસરે જો અવ્યયપણું રહે નહિ, તો એવા અવ્યયપણાની કાંઈ કિંમત જ નહિ. અમસ્તા પરાક્રમના ફડાકા ઘણા મારે અને યુદ્ધની નોબત બજે એટલે લડવા જવાનું હોય પૂર્વે ત્યારે ભાગે પશ્ચિમે, એને પરાક્રમી ન કહેવાય. સોનાની ખરી કિંમત કયારે ? કસોટીના પથરે ઘસીને જોવાય તો પણ સોનું જ જણાય, એને છેદીને તપાસાય તો ય સોનું જ જણાય અને અગ્નિમાં નાખી ઓગાળીને તપાસાય તો ય સોનું જ જણાય, તો જાણવું કે–ખરૂં સોનું છે. ખરો ઉદાર જણાય કયારે ? પોતાની મુશ્કેલી હોય, માંડ માંડ પોતાનો નિર્વાહ થતો હોય, એવા વખતે પણ જેને યાચકાદિને અથવા તો સાધર્મિક અને સાધુ આદિને ટૂકડો પણ આપવાનું મન થાય અને તક મળે તો આપ્યા વિના પણ રહે નહિ ત્યારે ! દુનિયામાં સખાવતી ઘણા અને સાચા ઉદાર વિરલ. આમ હજારો રૂપીઆ ખર્ચી નાખતો હોય, પણ હૈયાનો ઉદાર ન હોય અને કૃપણ હોય એમ બને. માણસ એવા વખતે મપાય કે–કોઇ જાણે તેમ ન હોય અને માગવા આવનારને શક્તિ હોય તો એવું આપી

દે કે–માગવા આવેલો પણ ચકિત થઈ જાય. એને લાગે કે–મને જેટલું મળવાની આશા હતી, તેથી કેઈ ગુણું અધિક મળ્યું. એટલું પણ પાછું એવા આદરપૂર્વક દીધું હોય કે–દાતાર આંખ સામે ન હોય ત્યારે પણ એ માગવા આવેલાને એ દાતારને પગે લાગવાનું મન થયા કરે. દાતારને એ ભૂલી શકે નહિ, વારંવાર એને દાતાર યાદ આવે અને જ્યારે જ્યારે એ દાતાર યાદ આવે, ત્યારે ત્યારે હાથ જોડાઈ જાય. માગવા આવનારને વધારે અથવા તો પૂરું અથવા તો થોડું પણ નહિ આપી શકનારો પણ, જો હૈયાનો ઉદાર હોય, તો માગવા આવનારનો તે આદર કર્યા વિના રહે જ નહિ. માગવા આવનારને જેટલું દુઃખ ન હોય, તેનાથી અધિક દુઃખનો અનુભવ ઉદાર માણસ નહિ આપી શકવાના કારણે કરે. એટલે વાત એ છે કે–જેમાં જે હોય, તેનો ખરેખરો અનુભવ તો ખાસ અવસરે જ થઈ શકે છે.

ગમે તેવા ઉપસર્ગો આવી પડે તો ય અવ્યય :

આ કારણે જ, ટીકાકાર મહર્ષિએ '**अव्ययस्वरुपस्य**' એમ નહિ જણાવતાં, '**उपसर्गनिपाताव्ययस्वरुपस्य**' એમ જણાવ્યું છે. અર્થાત્–**उपसर्गनिपातेऽपि अव्ययस्वरुपस्य**। એટલે કે–ઉપસર્ગના નિપાતના આવી પડવાના સમયે પણ અવ્યય જ રહે છે જેનું સ્વરૂપ–એવો જયકુંજર પણ છે અને એવું આ શ્રી ભગવતીજી સૂત્ર પણ છે. ગમે તેવા ઉપસર્ગો આવી પડે; અનુકૂળ ઉપસર્ગો આવી પડે કે પ્રતિકૂલ ઉપસર્ગો આવી પડે; એ ગમે તેટલા જોરમાં આવી પડે, ગમે ત્યારે આવી પડે કે ગમે ત્યાં આવી પડે; તો પણ જેના અજેય-

પણ રૂપ સ્વરૂપનો તથા પરાભવ નહિ પામવા દેવા સાથે જય જ અપાવવા રૂપ સ્વરૂપનો પણ વિનાશ થાય નહિ; એવો ગુણ જેમ જયકુંજરમાં છે, તેમ શ્રી ભગવતીજી સૂત્રમાં પણ છે. આટલા માટે જ '**अव्ययस्वरुपस्य**' એમ નહિ જણાવતાં, '**उपसर्गनिपाताव्ययस्वरुपस्य**'–આ પ્રમાણે ટીકાકાર મહર્ષિએ ફરમાવેલ છે.

અજેય રહે અને આધાર લેનારને આ લોકમાં પણ અને પરલોકમાં પણ જય અપાવે :

આ રીતિએ, ટીકાકાર મહર્ષિ ગુણીના ગુણોનું ઉત્કીર્ત્તન કરવાની સાથે, આપણા હૈયામાં પણ શ્રી ભગવતીજી સૂત્ર પ્રત્યે ભક્તિભાવ, હૈયાનો સાચો બહુમાનભાવ પેદા કરી રહ્યા છે. એક અગર તો અનેક–એમ ગમે તેટલા મિથ્યાદૃષ્ટિઓ સામે આવે, એ ગમે તેવા વિદ્વાન પણ હોય અને વિચક્ષણ પણ હોય, પરન્તુ તેમની તાકાત નથી કે–શ્રી ભગવતીજી સૂત્રના એક પણ પદને તેઓ ખોટું ઠરાવી શકે. શ્રી ભગવતીજી સૂત્રનું આ અજેય સ્વરૂપ છે. એ જ રીતિએ, જેણે આ શ્રી ભગવતીજી સૂત્રનો આધાર બરાબર ગ્રહણ કર્યો છે, તેને પણ હજારો મિથ્યાદૃષ્ટિ વિદ્વાનો અને વિચક્ષણો એકઠા થઈને પણ હંફાવી ને હરાવી શકે, એ લોકો પરાભવ પમાડી શકે, એ પણ શક્ય નથી. આ શ્રી ભગવતીજી સૂત્રમાં એટલું બધું જ્ઞાન ભરેલું છે કે–આનો બરાબર આધાર જેણે લીધો હોય, તે બીજા સૌની યુક્તિઓને આબાદ તોડી શકે, પણ એ જે યુક્તિઓ આપે, તેને બીજો કોઈ જ યથાર્થપણે તોડી શકે નહિ. આથી, આ શ્રી ભગવતીજી સૂત્રના

આધારને બરાબર ગ્રહણ કરનારો, પુરૂષાર્થશીલ બનીને, સામે આવેલા કે સામે પડેલા સઘળા ય કુવાદિઓને પરાભવ પમાડીને, જય મેળવી શકે છે. શ્રી ભગવતીજી સૂત્રનો સાચી રીતિએ અને સંપૂર્ણપણે આધાર લેનારને, શ્રી ભગવતીજી સૂત્ર બીજી રીતિએ પણ જય અપાવે છે. એ આધારના બળે, એ આધાર લેનારો એવા પુણ્યકર્મને ઉપાર્જે છે, કે જે પુણ્યકર્મના વશે ભવાન્તરોમાં પણ તે રાજાદિક અનેકો ઉપરના જયને પ્રાપ્ત કરી શકે છે. આ તો બાહ્ય જયની વાત થઈ, પણ શ્રી ભગવતીજી સૂત્રના આધારે અદ્‌ભુત કોટિનો આન્તરિક જય પણ પ્રાપ્ત થાય છે. આન્તર શત્રુઓને દમવામાં અને તેમનો જડમૂળથી નાશ કરી નાખવામાં, આ શ્રી ભગવતીજી સૂત્રનો આધાર પરમ સહાયક નિવડે છે. કર્મના બળે ટકેલા આન્તર શત્રુઓના ભારેમાં ભારે હુમલાઓને પણ, એ આત્મા, શ્રી ભગવતીજી સૂત્રના આધાર ઉપર સુસ્થિર રહીને હઠાવી શકે છે અને તેની જડ રૂપ કર્મોને જ આત્માથી સદ્ધાને માટે વિખુટાં પાડી દે છે. આમાં જો કાંઈ પણ ખામી રહેવા પામે, તો તે આધાર લેનારે આધાર લેવામાં જેટલી ખામી રાખી હોય, તેટલી જ ખામી રહેવા પામે; અથવા તો આધાર લેનાર પોતાના પુરૂષાર્થને ફોરવવામાં અગર પોતાના પુરૂષાર્થને ફોરવી શકવામાં જેટલી ખામી રાખે, તેટલી જ ખામી રહેવા પામે. એટલે શ્રી ભગવતીજી સૂત્રનું જે પરાભવ નહિ પામવા દેવા રૂપ અને જય અપાવવા રૂપ સ્વરૂપ છે, તે તો અવ્યય જ છે અને એથી ટીકાકાર મહર્ષિએ આપેલું આ બીજું વિશેષણ પણ પહેલા વિશેષણની જેમ સ્થાને જ છે, એમ કહ્યા વિના ચાલી શકે નહિ.

બીજા વિશેષણનો બીજી દૃષ્ટિએ વિચાર અને ઉપસર્ગો, નિપાતો તથા અવ્યયો સંબંધી કાંઈક ખુલાસો :

આ બીજા વિશેષણને અંગે, બીજી રીતિએ પણ વિચાર કરી શકાય છે. એ વિચાર ગિર્વાણગિરા એટલે સંસ્કૃત ભાષાના વ્યાકરણને ભણેલાઓ સમક્ષ વિસ્તારથી થઈ શકે, કારણ કે–વિષય વ્યાકરણનો છે. જેમાં ઉપસર્ગો પણ છે, નિપાતો પણ છે અને અવ્યયો પણ છે, એવા પ્રકારનું સ્વરૂપ શ્રી ભગવતીજી સૂત્રનું છે. અહીં ઉપસર્ગો કોને કહેવાય, નિપાતો કોને કહેવાય અને અવ્યયો કોને કહેવાય, એ સમજવું પડે. અમુક શબ્દો એવા છે કે–એ જો અમુક સાથેના સંબંધમાં વપરાએલ હોય તો ઉપસર્ગ કહેવાય અને અમુક પ્રકારે વપરાએલ હોય તો નિપાત કહેવાય. અમુક અવ્યયો પણ એવાં છે કે–જે અમુક સ્થાને અવ્યય સંજ્ઞાને પામી શકે અને અમુક સ્થાને નિપાત સંજ્ઞાને પામી શકે. તમારી સમક્ષ આની વિશેષ ચર્ચા કરવી, તેનો અર્થ નથી. **પ્ર, પરા, પ્રતિ** એ વિગેરે ઉપસર્ગો છે. એનો જ્યારે કોઈ પણ ધાતુની સાથે પ્રયોગ કરવામાં આવ્યો હોય, ત્યારે તે ઉપસર્ગ કહેવાય છે. ઉપસર્ગો વાચક છે કે દ્યોતક છે, એ સંબંધમાં વ્યાકરણકારોમાં મતભેદ પ્રવર્તે છે. ઉપસર્ગોમાં ધાતુના અર્થોમાં ફેરફાર પેદા કરવાની ગજબની તાકાત હોય છે. જેમ કે–**હૃ** ધાતુ છે. એ **હૃ** ધાતુની પૂર્વે **પ્ર** ઉપસર્ગ યોજાય તો **પ્રહાર** શબ્દ બને, **આ** ઉપસર્ગ યોજાય તો **આહાર** શબ્દ બને, **વિ** ઉપસર્ગ યોજાય તો વિહાર શબ્દ બને અને **નિ** ઉપસર્ગ યોજાય તો **નિહાર** શબ્દ બને તેમ જ **પ્રતિ** ઉપસર્ગ

યોજાય તો પ્રતિહાર શબ્દ બને. હવે વિચાર કરો કે–ધાતુ તો એક **हृ** જ હતો, પણ તેને ઉપસર્ગો લાગવાથી પ્રહાર શબ્દેય બન્યો, આહાર શબ્દેય બન્યો, વિહાર શબ્દેય બન્યો, નિહાર શબ્દેય બન્યો અને પ્રતિહાર શબ્દેય બન્યો. આમ જૂદા જૂદા શબ્દો બન્યા–એટલું જ નહિ, પણ એ શબ્દો પાછા જૂદા જૂદા અર્થવાળા અને પરસ્પરવિરોધી ભાવ જેમાં છે એવા ય અર્થવાળા બન્યા. આહાર શબ્દમાં ને નિહાર શબ્દમાં, પરસ્પરવિરોધી ભાવ છે ને ? આહાર કરવો એટલે અંદર નાખવું અને નિહાર કરવો એટલે અંદરથી બહાર કાઢવું. તે પણ પાછું ઉલ્ટી કરીને કાઢો તો નિહાર કહેવાય નહિ. જેમ દિવ્યાદિ જે ઉપસર્ગો કહેવાય છે, તેમાં અનુકૂળ ઉપસર્ગો પણ હોય છે અને પ્રતિકૂળ ઉપસર્ગો પણ હોય છે, તેમ આ વ્યાકરણના ઉપસર્ગોમાં પણ એ ઘટી શકે છે. ઉપસર્ગો કેવી પ્રતિકૂલતા પેદા કરે છે, એ તો તમે જોયું. એમ અનુકૂળતા પણ કેવી પેદા કરે છે, એ જૂઓ. ધાતુનો જે અર્થ હોય તે જ અર્થ કાયમ રહે અને તેના ભાવમાં વિશેષતા ઉમેરાય, ત્યારે એ અનુકૂળતા પેદા થઈ કહેવાય. જેમ કે–**पत्** ધાતુ ઉપરથી **पात** શબ્દ બને છે. હવે એ **पत्** ધાતુ **नि** ઉપસર્ગે સહિત બનવાથી નિપાત શબ્દ અને **प्र** ઉપસર્ગે સહિત બનવાથી પ્રપાત શબ્દ બને છે. એ નિપાત શબ્દ અને પ્રપાત શબ્દ, પાત શબ્દનો જે અર્થભાવ છે, તેને વેગ જ આપનારા છે. ઉપસર્ગોની જેમ નિપાતો કે અવ્યયો કોઈ પણ ધાતુની સાથે જોડાઈને વાચક કે દ્યોતક બનતા નથી. એને પોતાના અર્થને પ્રગટ કરવાને માટે ધાતુનો આશ્રય લેવો પડતો નથી. પોતે સ્વતન્ત્રપણે પોતાના અર્થને એ પ્રગટ

કરે છે. ત્રણેય લિંગોમાં સરખા રૂપવાળા જે રહે, તેને અવ્યય કહેવાય છે. નિપાતો કાં તો ઉપસર્ગોમાંના અને કાં તો અવ્યયોમાંના હોય છે અથવા તો નિપાતો ઉપસર્ગ રૂપ કે અવ્યય રૂપ બને એ પણ શકય છે–એમેય કહી શકાય. સામાન્યપણે પણ તમને આછો ખ્યાલ આવે, એટલા પૂરતી આટલી વાત કરી. તાત્પર્ય એ છે કે–શ્રી ભગવતીજી સૂત્રમાં ઉપસર્ગો પણ છે, નિપાતો પણ છે અને અવ્યયો પણ છે.

બીજી રીતિએ વિચારવાનું કારણ :

આ બીજા વિશેષણનો આ પ્રકારે પણ અર્થ થઈ શકે, એવો વિચાર એટલા માટે કરાયો કે–પહેલા વિશેષણમાં પદોના અસ્તિત્વને સૂચવીને, બીજા વિશેષણમાં ઉપસર્ગ, નિપાત ને અવ્યયનું અસ્તિત્વ, ત્રીજા વિશેષણમાં શબ્દનું અસ્તિત્વ અને ચોથા વિશેષણમાં લિંગ તથા વિભક્તિનું અસ્તિત્વ સૂચિત કરેલ છે. કોઈ કહેશે કે–' તો પછી બધાને એકી સાથે સમાસ કરીને કહેવું હતું ને ?' એનો ખૂલાસો એ છે કે–જે કહેવાય, એનો મેળ જયકુંજરની સાથે પણ રાખવાનો છે.

આવો અર્થ જયકુંજર પક્ષે પણ ઘટી શકે :

હવે ' જેમાં ઉપસર્ગો પણ છે, નિપાતો પણ છે અને અવ્યયો પણ છે–એવા પ્રકારનું સ્વરૂપ છે જેનું ' આવો અર્થ, જયકુંજર પક્ષે પણ ઘટી શકે કે નહિ ?, એ બાબત જરા વિચારવા જેવી છે. જયકુંજર પક્ષે, કોઈ પણ અપેક્ષાએ આવો અર્થ ન જ ઘટી શકે એવું નથી. જયકુંજર ઉપર ઉપસર્ગો આવે એ પણ શકય છે અને જયકુંજર ઉપસર્ગો કરનારો બને એ પણ શકય છે. યુદ્ધમાં, એના ઉપર પણ દુશ્મનો

તરફથી પ્રહારો કરાય ખરા કે નહિ ? કહો કે–એના ઉપર તો પ્રહારો ખાસ કરીને કરાય, કારણ કે–એ જો વિધુર બનીને ગબડે અગર મરે, તો એના ઉપર બેઠેલાની સ્થિતિ ઘણી ફરી જાય; એના બીજાને મારવાના સંયોગો ઘણા ઘટી જાય અને એના માર ખાવાના સંયોગો ઘણા વધી જાય. દુશ્મનો જેમ જયકુંજર ઉપર ઉપસર્ગો કરે, તેમ જયકુંજર પણ યુદ્ધભૂમિમાં ઘણાઓના ઉપર ઉપસર્ગ કરે. સૂંઢ અને પૂંછડું મારીને કયાં ય હડસેલી દે, સૂંઢમાં પકડીને ઉછાળીને કયાં ય ફેંકી દે, દાંતોથી કેટલાયને જખ્મી કરી દે અને પગ નીચે ય કેટલાકને કચડી નાખે. જયકુંજર રણભૂમિમાં જે ઘસ્યો જાય, એને નિપાત રૂપે ગ્રહણ કરી શકાય. રણભૂમિમાં ઝંપલાવવું, એને પડતું મૂકવું એમ પણ કહેવાય છે. કેમ ? પોતાનું ગમે તેમ થાય, તો ય શત્રુનો સંહાર કરી જ નાખવો છે–એવી રણભૂમિમાં જનારની વૃત્તિ હોય છે માટે ! એટલે એને નિપાત તરીકે પણ ઓળખી શકાય. રહી અવ્યયની વાત. એમાં તો લાંબો વિચાર કરવો પડે, એવું છે જ નહિ. જયકુંજર ગમે તેવી આપત્તિના સમયે પણ અવ્યય એટલે અચલ રહેનારો જ હોય છે. હાથી, એ નિમકહલાલ પ્રાણી કહેવાય છે. એ અપેક્ષાએ પણ જયકુંજરમાં અવ્યયપણું છે એમ કહી શકાય. આવી રીતિએ એમેય કહી શકાય કે–જેમાં ઉપસર્ગો, નિપાતો અને અવ્યયો છે–એવા પ્રકારનું સ્વરૂપ જેનું છે, એવો જયકુંજર છે અને એની જેમ શ્રી ભગવતીજી સૂત્ર પણ ઉપસર્ગાદિ જેમાં છે એવા સ્વરૂપવાળું છે.

૫–શબ્દમાં રહેલી ઘનોદારતા :

ત્રીજા વિશેષણમાં શબ્દ સંબંધી વર્ણન :

નવાંગી ટીકાકાર તરીકે સુવિખ્યાત થયેલા, પરમ ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા, પંચમાંગ સૂત્ર શ્રી ભગવતીજી સૂત્રની ટીકાની રચના કરવાને માટે ઉદ્યત થયા થકા, પહેલાં મંગલની આચરણાને કરીને અને અભિધેયને ઉચ્ચારીને, શાસ્ત્રની પ્રસ્તાવના કરી રહ્યા છે. શાસ્ત્રની પ્રસ્તાવના કરતાં, સમુન્નત જયકુંજરની સાથે શ્રી ભગવતીજી સૂત્રને સરખાવવા પૂર્વક, શ્રી ભગવતીજી સૂત્રની સુન્દર પ્રકારની તેમ જ યથાર્થ પ્રકારની પણ પિછાન કરાવી રહ્યા છે. જયકુંજરની જેમ આ શ્રી ભગવતીજી સૂત્રમાં શું શું છે ?–તેનો ખ્યાલ આપતાં, ટીકાકાર મહર્ષિએ આપેલાં સંખ્યાબન્ધ વિશેષણોમાંથી, આપણે પહેલા પદપદ્ધતિ સંબંધીના અને બીજા સ્વરૂપ સંબંધીના વિશેષણને અંગે વિચારણા કરી આવ્યા. હવે ત્રીજા વિશેષણમાં, ટીકાકાર પરમર્ષિ શબ્દો સંબંધી ખ્યાલ આપવાને માટે ફરમાવે છે કે–

" घनोदारशब्दस्य । "

જયકુંજરની જેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ શબ્દોએ કરીને સહિત છે. હાથી શબ્દને કરનારો છે અને શ્રી ભગવતીજી સૂત્ર શબ્દોથી ભરેલું છે. શબ્દોથી સહિતપણું, એટલું જ

માત્ર અહીં બતાવવું છે, એવું નથી; કેવા શબ્દોથી સહિતપણું છે, એ પણ બતાવવું છે. અહીં એટલા માટે જ ફરમાવ્યું છે કે–જયકુંજર જે શબ્દ કરે છે, તે ઘન અને ઉદાર હોય છે; એની માફક, શ્રી ભગવતીજી સૂત્રમાં જે શબ્દો છે, તે પણ ઘનપણાની સાથે ઉદારપણાએ પણ સહિત છે. અહીં ઘનપણા દ્વારા શબ્દના ગંભીરપણાનો સંગ્રહ કરવામાં આવ્યો છે અને ઉદારપણા દ્વારા શબ્દના ચારૂપણાનો એટલે મનોહરપણાનો કે મધુરપણાનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

સંગીતના સ્વરોમાં કયા સ્વરની કોનામાં વિશેષતા ?

સંગીતમાં સ્વરોને સાત વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. એક 'સા' વિભાગ, બીજો 'રિ' વિભાગ, ત્રીજો 'ગ' વિભાગ, ચોથો 'મ' વિભાગ, પાંચમો 'પ' વિભાગ, છટ્ઠો 'ધ' વિભાગ અને સાતમો 'ની' વિભાગ છે. તેમાં પહેલો જે 'સા' એટલે ષડ્જ સ્વર, 'રિ' એટલે રિષભ સ્વર, 'ગ' એટલે ગન્ધાર સ્વર, 'મ' એટલે મધ્યમ સ્વર 'પ' એટલે પંચમ સ્વર, 'ધ' એટલે ધૈવત સ્વર, અને 'ની' એટલે નિષાદ સ્વર. આ તમામ સ્વરો જૂદાં જૂદાં પશુ–પંખીઓમાં હોય છે. ષડ્જ સ્વરની વિશેષતા મયૂરમાં હોય છે, રિષભ સ્વરની વિશેષતા કુકડામાં હોય છે, ગંધાર સ્વરની વિશેષતા હંસમાં હોય છે, મધ્યમ સ્વરની વિશેષતા બળદમાં હોય છે અને પાંચમો સ્વર કોયલનો છે. કોયલનો જે સ્વર, એ જ્યારે વસંત ઋતુ હોય, આંબે મોર આવ્યા હોય, ત્યારે ખાસ જાણવો. છટ્ઠો ધૈવત સ્વર સારસનો છે અને સૌથી છેલ્લો જે નિષાદ સ્વર છે, તે હાથીનો છે.

શ્રી કલ્પસૂત્રમાં હાથીના શબ્દનું વર્ણન :

હાથીનો સ્વર ગંભીર અને મનોહર એટલે સાંભળનારને કર્ણપ્રિય અને એવો હોય છે. શ્રી કલ્પસૂત્ર, કે જેની રચના પ્રત્યાખ્યાનપ્રવાદ નામના નવમા પૂર્વમાંથી ઉદ્ધૃત કરીને કરવામાં આવેલી છે અને તે પ્રકારની રચના પણ ચૌદ પૂર્વધર એવા યુગપ્રધાન શ્રીમદ્ ભદ્રબાહુસ્વામીજી મહારાજાએ કરેલી છે, તેમાં શ્રી તીર્થંકર ભગવાનની માતાને આવતાં ચૌદ સ્વપ્નો કેવાં હોય છે, તેનું પણ વર્ણન છે. એ ચૌદ સ્વપ્નો પૈકી હાથી સ્વપ્નના સ્વરૂપનું વર્ણન કરતાં, શ્રી કલ્પસૂત્રમાં, એ હાથીને અંગે એક એવું પણ વિશેષણ વાપરવામાં આવેલ છે કે–

" सजलघणविपुलजलहरगज्जिअगंभीरचारुघोषम् । "

આ પદના અર્થને સમજાવતાં, પણ્ડિતપ્રકાણ્ડ ઉપાધ્યાય શ્રીમદ્ વિનયવિજયજી મહારાજે ફરમાવ્યું છે કે–

" सजलो जलपूर्णस्तस्य हि ध्वनिर्गंभीरो भवति । एवंविधो यो घनो निविडो विपुलजलधरो महामेघस्तस्य यद्गर्जितं तद्वद् गंभीरश्चारुर्मनोहरश्च घोषः शब्दो यस्य स तथा तम् । "

એટલે કે–જલપૂર્ણ એવો જે મહામેઘ, તેની જે ગર્જના, તે જેમ ગંભીર અને ચારૂ એટલે મનોહર હોય છે, તેમ ભગવાનની માતાએ સ્વપ્નમાં જે હાથીને જોયો, તે હાથીનો ઘોષ નામ શબ્દ, તે ગંભીર અને મનોહર હતો.

પ્રત્યેક શબ્દમાં ગાંભીર્ય અને મનોહાર્ય :

અહીં પણ ટીકાકાર મહર્ષિએ એ જ વાત જણાવી છે. જયકુંજરનો શબ્દ ગંભીર હોય છે–એમ ' ઘન ' શબ્દના પ્રયોગથી જણાવેલ છે અને જયકુંજરનો શબ્દ મનોહર એટલે

સાંભળનારને કર્ણપ્રિય અને એવો હોય છે–એમ 'ઉદાર' શબ્દના પ્રયોગથી જણાવેલ છે. જયકુંજરના શબ્દમાં જેમ ગાંભીર્ય અને મનોહાર્ય રહેલું હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્રના પણ પ્રત્યેક શબ્દમાં ગંભીરપણું તેમ જ મનોહરપણું રહેલું છે, એમ ટીકાકાર મહાપએ '**घनोदारशब्दस्य**' એવા ત્રીજા વિશેષણ દ્વારા સ્પષ્ટ કરેલ છે.

તુચ્છ અને કર્ણકટુ વાણી નહિ બોલવી :

આ ત્રીજું વિશેષણ પણ વાંચકોને અને શ્રોતાઓને શ્રી ભગવતીજી સૂત્રના વાંચન અને શ્રવણને માટે આકર્ષનારૂં નિવડે એવું છે. આ વિશેષણમાંથી વાંચકોને અને શ્રોતાઓને સુન્દર બોધપાઠ પણ મળી રહે છે. બોલનાર દરેકે, પોતે જે શબ્દોને બોલે તે શબ્દોમાં ગંભીરપણું તેમ જ મનોહરપણું લાવવાનો પ્રયાસ કરવો જોઇએ. વાણી તુચ્છ નહિ પણ ગંભીર હોવી જોઇએ અને ગંભીર પણ વાણી મનોહર હોવી જોઇએ, એટલે કે–એ વાણીને સાંભળનારને એ વાણી કર્ણપ્રિય અને એવી હોવી જોઇએ. તુચ્છ અને કર્ણકટુ વાણીને બોલનારાઓ, નથી તો પોતાના હિતને સાધી શકતા અને નથી તો પરના હિતને સાધી શકતા. તુચ્છ અને કર્ણકટુ વાણી, એના બોલનાર પ્રત્યે એના સાંભળનારના હૈયામાં અસદ્‌ભાવને પેદા કરે છે અને એથી એ વાણીને બોલનારો કદાચ ઉત્તમમાં ઉત્તમ પ્રકારની વાતને કહેવાને માગતો હોય, તો ય તે વાત મારી જાય છે. હૈયામાં રહેલા ભાવને વ્યક્ત કરવાને માટે, વાણી એ વાહન છે અને ઉત્તમ વાહન ઉપર બેસનારો જેમ શોભાપાત્ર બને છે, તેમ ગંભીર અને મનોહર વાણીને બોલનારો આદરપાત્ર

બને છે. ગધેડા ઉપર બેઠેલો જેમ આવકારપાત્ર ઠરતો નથી અને હાથી ઉપર બેઠેલો સહેજે આવકારપાત્ર બને છે, તેમ તુચ્છ અને કર્ણકટુ વાણીને બોલનારો પ્રાયઃ તિરસ્કારને પાત્ર બને છે, જ્યારે ગંભીર અને મનોહર વાણીને બોલનારો બીજાઓને પોતાના પ્રત્યે આકર્ષનારો બને છે.

ગંભીર ને કર્ણપ્રિય વાણી હિતકારી જ જોઈએ :

આમ છતાં પણ, એક એ વાત ધ્યાનમાં રાખવાની છે કે—ગંભીર અને કર્ણપ્રિય વાણીના નામે અહિતકારી વાણી રૂપ વાહન ઉપર ચઢી જવા જેવી ભૂલ થવા પામે નહિ. તમે કદાચ જોયું હશે કે—કેટલાક નગ્ન જેવા બાવાઓ હાથી ઉપર બેસીને ફરતા હોય છે. હાથી ઉપર બેઠેલા હોવા છતાં પણ, તેવા બાવાઓ નથી તો શોભાપાત્ર બનતા કે નથી તો આવકારપાત્ર બનતા. એટલે ગંભીર અને કર્ણપ્રિય એવી પણ વાણી જો હિતકારી હોય છે, તો જ એવી વાણીને બોલનારાઓ શિષ્ટ જનોમાં આદરપાત્ર બની શકે છે. શિષ્ટ જનોના હૈયાની આદરપાત્રતા, એ જ સાચી આદરપાત્રતા છે. અજ્ઞાન લોકનો આવકાર, એ સાચો આવકાર જ નથી. આજે આવકાર આપનારો અજ્ઞાન લોક, અજ્ઞાનવશ કાલે જાકારો પણ દઈ દે. મદાર તો શિષ્ટ જનોના આવકાર ઉપર ને જાવકાર ઉપર બંધાય. શિષ્ટ જનો આવકાર આપે તે ય સમજપૂર્વક અને જાવકાર કરે તે ય સમજપૂર્વક. શિષ્ટ જનોને પ્રિય હિતકારી વાણી જ હોય. એમાં, હિતકારી વાણી જો ગંભીર અને કર્ણપ્રિય હોય, તો તે અધિક આવકારપાત્ર પણ બને અને અધિક હિતકારી પણ બને.

શિષ્ટ જનોનો અભિપ્રાય જ કિંમતી ગણાય :

વળી કેટલાક પ્રસંગો એવા પણ હોય છે કે–જે વખતે ગંભીરતા અને કર્ણપ્રિયતા ગુણોવાળી પણ હિતકારી વાણી, સાંભળનારને તુચ્છ પણ લાગે અને કર્ણકટુ પણ લાગે. ત્યાં સાંભળનારના દોષનું જોર ભારે છે, એમ કહેવું પડે. જેમ યુગપ્રધાન આચાર્યભગવાન શ્રીમત્ કાલિકસૂરીશ્વરજી મહારાજાએ ગર્દભીલ્લ નામના રાજાને જે વાણી સંભળાવી હતી, તે વાણી હિતકારી તો હતી જ, પણ સાથે સાથે ગંભીર અને મનોહર પણ હતી. એ વખતે જે કોઈ ભગવાનના શાસનના રાગવાળા હશે, અવસરને સમજનારા હશે, કર્ત્તવ્યાકર્ત્તવ્યના ભાનવાળા હશે, તેમને એ વાણી ખૂબ જ ગંભીર, મનોહર અને હિતકારી લાગી હશે. એટલું છતાં પણ, રાજા ગર્દભીલ્લને એ વાણી અહિતકારી, તુચ્છ અને કર્ણકટુ જ લાગી હતી. ત્યારે કહેવું પડે કે–એ દોષ વાણીનો કે વાણીના વદનારનો નહોતો, પણ રાજાના દૂષિત ભાવનો એ દોષ હતો. આથી એ સમજવાનું છે કે–ગમે તે માણસ એમ કહી દે કે–આ વાણી અગર અમુક વાણી તો તુચ્છ અને કર્ણકટુ છે, તો એટલા માત્રથી જ એ વાણીને તુચ્છ અગર કર્ણકટુ માની લેવાની ભૂલ કરવી જોઇએ નહિ. એટલા જ માટે સંસારમાં પણ પ્રાયઃ સર્વત્ર શિષ્ટ જનોના અભિપ્રાયને જ કિંમતી ગણવામાં આવે છે.

૬–લિંગ અને વિભક્તિ :

લિંગ અને વિભક્તિથી યુક્ત :

હવે ચોથું વિશેષણ–

'लिंगविभक्तियुक्तस्य'

–એવું છે. આ વિશેષણ દ્વારા, ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–જયકુંજર લિંગ–વિભક્તિથી યુક્ત છે અને જયકુંજર જેમ લિંગ–વિભક્તિથી યુક્ત છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ લિંગ–વિભક્તિથી યુક્ત છે. તમે જાણતા હશો કે–હાથીનું જે લિંગ હોય છે, તે સદા બહાર રહેનારૂં નથી હોતું. અમુક પ્રસંગે જ એ બહાર આવે છે ને દેખાય છે. જ્યારે એ લિંગ અંદર રહેલ હોય છે, ત્યારે એને માટેની જે કુદરતી રચના, તેના દ્વારા કલ્પના કરી શકાય છે કે–લિંગ છે તેમ જ એ રચના ઉપરથી જાણકારો સમજી શકે છે કે–આનું લિંગ પુરૂષનું છે, સ્ત્રીનું છે કે નપુંસકનું છે. મનુષ્યજાતિમાં જેમ પુરૂષલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગમાંથી કોઈ લિંગ હોય છે, તેમ પશુઓમાં પણ ત્રણ લિંગોમાંથી કોઇ પણ એક પ્રકારનું લિંગ હોય છે. હવે આપણે આ જ વાત શ્રી ભગવતીજી સૂત્રને અંગે ઘટાવવાની છે. શ્રી ભગવતીજી સૂત્ર પદોથી ભરપૂર છે. પદ કયારે બને છે ? પ્રાયઃ વિભક્તિનો પ્રત્યય જોડાય ત્યારે.

ઉપસર્ગ, નિપાત અને અવ્યયની વાત તો આવી ગઈ, એટલે એ સિવાયનાં જેટલો પદો છે, તે બધાં વિભક્તિના પ્રત્યયોથી સહિત છે. કોઈ પણ શબ્દને વિભક્તિના પ્રત્યયો લગાડતી વખતે, એ જોવું પડે છે કે–આ શબ્દ કયા લિંગનો છે ? કારણ કે–વિભક્તિના પ્રત્યયોમાં લિંગભેદને અંગે ભેદ પણ પડે છે. જેમ કે–પહેલી વિભક્તિનો પ્રત્યય લગાડવાનો હોય, પણ પહેલી વિભક્તિનો પ્રત્યય પુલ્લિંગ શબ્દને માટેનો ય જૂદો હોય છે, સ્ત્રીલિંગ શબ્દને માટેનો ય જૂદો નહિ તો વિકૃતિ પામેલો હોય છે અને નપુંસકલિંગ શબ્દને માટેનો ય આદેશો જૂદો હોય છે. શબ્દને એ મુજબ પ્રત્યય લાગે, ત્યારે એ પદ બને. હવે તમે વિચાર કરો કે–પદમાં જે શબ્દ રહેલો છે, તેનું લિંગ દેખાય છે ? ના. અને વિભક્તિ ? વિભક્તિ દેખાય છે. વિભક્તિ દેખાય છે–એટલું જ નહિ, પણ એ વિભક્તિના પ્રત્યયો દ્વારા જાણકારો શબ્દના લિંગની કલ્પના પણ કેટલેક અંશે કરી શકે છે. આટલા જ માટે ‘ વિભક્તિ અને લિંગથી યુક્ત ’ એમ નહિ કહેતાં, ‘ લિંગ અને વિભક્તિથી યુક્ત ’–એમ કહ્યું છે. પહેલું લિંગ અને પછી વિભક્તિ. આ શ્રી ભગવતીજી સૂત્રમાં વપરાએલા શબ્દો પુલ્લિંગ, સ્ત્રીલિંગ કે નપુંસક લિંગવાળા છે, માટે આ શ્રી ભાગવતીજી સૂત્ર લિંગયુક્ત પણ છે અને એ શબ્દો વિભક્તિએ સહિત છે, માટે આ શ્રી ભાગવતીજી સૂત્ર વિભક્તિયુક્ત પણ છે. શ્રી ભગવતીજી સૂત્રમાં પ્રાકૃત ભાષાના વ્યાકરણના નિયમાનુસાર છ વિભક્તિઓ છે. પ્રાકૃત ભાષાના વ્યાકરણમાં ચોથી વિભક્તિ નથી; કારણ કે–પ્રાકૃત ભાષામાં ચોથી વિભક્તિના સ્થાનમાં પણ પ્રાયઃ છટ્ઠી વિભક્તિ વપરાય છે.

પદની વ્યાખ્યા :

પ્રશ્ન૦ લલિત પદપદ્ધતિવાળા વિશેષણથી જ શ્રી ભગવતીજી સૂત્ર લિંગ અને વિભક્તિ યુક્ત છે–એમ સાબીત થઇ જાય છે, કારણ કે–પદ લિંગ અને વિભક્તિ વિનાનું હોતું નથી, તો આ સૂત્ર લિંગ અને વિભક્તિથી યુક્ત છે, એવું જણાવવાની ખાસ જરૂર ખરી ?

પ્રશ્નકારનું કહેવું એ છે કે–પદ લિંગ અને વિભક્તિ વિનાનું હોતું નથી, પણ એ વાત વિચારણા માગે છે. વિભક્તિના અન્તવાળો જે શબ્દ, તેને પદ કહેવાય–એવી પણ પદની વ્યાખ્યા થાય છે અને એ દૃષ્ટિએ પ્રશ્નકારે જે દલીલ કરી છે તે બરાબર છે, પરન્તુ '**पद्यते-गम्यते अर्थो अनेन इति पदम्**' એટલે કે–જેના દ્વારા અર્થનું જ્ઞાન થાય, તેને પદ કહેવાય–એ પ્રમાણેની પદ શબ્દની વ્યાખ્યા કરતાં, દેખીતી રીતિએ લિંગ અને વિભક્તિથી રહિત એવા પણ અવ્યયાદિ શબ્દો પણ પદોની જ વ્યાખ્યામાં ગણાય અને એથી આ વિશેષણ સાર્થક ઠરે છે.

વળી પહેલાં એ વાત કહેવાઈ ગઈ છે કે–પદોની વાતને જણાવ્યા પછીથી પણ ટીકાકાર મહર્ષિ ઉપસર્ગ, નિપાત, અવ્યય, શબ્દ, લિંગ અને વિભક્તિની વિભાગવાર વાત કરી રહ્યા છે, કે જેથી પદ અંગે સ્પષ્ટતા થવા સાથે, જેની ઉપમા આપી છે તે જયકુંજરની સાથેની સૂત્રની સમાનતાનું વધુ સ્પષ્ટીકરણ થવા પામે. સમૂહગત વાત કહ્યા પછીથી પણ ભિન્ન ભિન્ન અંશોને લઈને પણ વાત કહી શકાય. એમ કરવાથી, બોધ થવામાં ઘણી સરલતા થાય છે.

બીજા પ્રકારે અર્થ :

આ ઉપરાન્ત, શ્રી ભગવતીજી સૂત્ર લિંગ અને વિભક્તિથી યુક્ત છે–એવા વિશેષણનો બીજા પ્રકારે અર્થ પણ થઈ શકે છે. લિંગ શબ્દનો 'હેતુ' એવો અર્થ પણ થાય છે અને વિભક્તિ શબ્દનો 'રચના' એવો અર્થ પણ થાય છે. આ પ્રમાણેના એ બન્ને ય શબ્દોના અર્થોને ગ્રહણ કરીને જો બોલીએ, તો એમ કહેવાય કે–હેતુઓની રચનાથી યુક્ત એવું આ શ્રી ભગવતીજી સૂત્ર છે. આવો અર્થ, શ્રી ભગવતીજી સૂત્રને ઘટી શકે એવું પણ છે. આ શ્રી ભગવતીજી સૂત્રમાં **'केणट्ठेणं एवं वुच्चइ?'** એવા પણ પ્રશ્નો આવે છે, કે જે પ્રશ્નો દ્વારા ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામીજીએ ભગવાનની પાસે હેતુઓપૂર્વકનું સ્પષ્ટીકરણ ઇચ્છયું છે. ભગવાને પણ એવા પ્રશ્નોના ઉત્તરોમાં હેતુઓ આપ્યા છે. જે હેતુગમ્ય હોય, તેમાં હેતુઓ જરૂર આપવા જોઇએ. જે હેતુગમ્ય હોય જ નહિ, તેમાં હેતુઓને આપવાનો નિષેધ છે. એટલે ભગવાને પોતાની આ આજ્ઞા પોતાના વર્તનથી પણ સિદ્ધ કરી બતાવી છે. એવા પ્રશ્નોના ઉત્તર રૂપે ભગવાને જ્યાં જ્યાં હેતુઓની શક્યતા હતી, ત્યાં ત્યાં હેતુઓ આપ્યા જ છે. જ્યાં હેતુઓની શક્યતા જ નહોતી, ત્યાં ભગવાને પણ માત્ર શ્રદ્ધાને પ્રધાનતા આપી છે. એટલે, આ શ્રી ભગવતીજી સૂત્ર હેતુઓની રચનાથી યુક્ત છે–એવો પણ અર્થ જો કરવો હોય, તો તે આ ચોથા વિશેષણ દ્વારા થઈ શકે એવો છે; પણ આપણે પહેલાં જે અર્થ કર્યો, તે જ અર્થ કરવો, એ જ વધારે વ્યાજબી લાગે છે.

૭–પ્રસિદ્ધિ :

સદા અથવા શ્રેષ્ઠ છે પ્રસિદ્ધિ જેની :

ટીકાકાર મહર્ષિ, જયકુંજર હાથીની સરખામણીમાં શ્રી ભગવતીજી સૂત્રના પાંચમા વિશેષણ તરીકે ફરમાવે છે કે–

" सदाख्यातस्य "

એટલે કે–જયકુંજર હાથી શ્રેષ્ઠ પ્રસિદ્ધિવાળો છે અથવા સદા પ્રસિદ્ધિવાળો છે અને જયકુંજરની જેમ શ્રી ભગવતીજી સૂત્ર પણ સારી ખ્યાતિવાળું છે તથા સદા ખ્યાતિવાળું છે. જયકુંજરની ખ્યાતિ એટલી હદે હોય છે કે–એ હાથી જેની જેની પાસે હોય, તેની તેની ઉપર શત્રુરાજાઓ પ્રાયઃ ચઢાઈ કરવાની હામ પણ ન ભીડે અને બીજા રાજાઓ પણ ઇચ્છે કે–એવો હાથી અમારી પાસે પણ હોય તો સારું. આ વસ્તુ જયકુંજરની શ્રેષ્ઠ ખ્યાતિને સૂચવે છે. જયકુંજર જ્યાં સુધી જીવે છે, ત્યાં સુધી સદાને માટે એની આવી ખ્યાતિ બની રહે છે અને એના અભાવમાં પણ જયકુંજરના સ્વરૂપને જાણનારાઓ જયકુંજરના ગુણ ગાય છે. જયકુંજર એ હાથીઓમાં પણ ઉત્તમ જાતિનો હાથી હોવાથી, એમ પણ કહી શકાય કે–શ્રી તીર્થંકર ભગવાનની માતા જે ચૌદ સ્વપ્નો જૂએ છે, તેમાં હાથીને પણ જૂએ છે અને એથી તેની પ્રસિદ્ધિ સદાને માટે ચાલુ રહે છે.

હવે શ્રી ભગવતીજી સૂત્રને અંગે વિચાર કરો. આજે તમે જાણો છો કે–બીજાં અંગસૂત્રોના કરતાં શ્રી ભગવતીજી સૂત્રની વિશેષ ખ્યાતિ છે. શ્રી ભગવતીજી સૂત્રની ખ્યાતિ સુન્દર પ્રકારની–શ્રેષ્ઠ પ્રકારની પણ છે અને શ્રી ભગવતીજી સૂત્રની ખ્યાતિ સદાની પણ છે–એમ એ અપેક્ષાએ પણ કહી શકાય કે–સર્વ તીર્થંકર ભગવાનોના સમયે દ્વાદશાંગી રચાવાની અને તેમાં આ પંચમાંગ અંગસૂત્રની રચના પણ થવાની જ.

સદાખ્યાતનો બીજા પ્રકારે અર્થ :

આ વિશેષણનો બીજી રીતિએ પણ અર્થ થઈ શકે છે. આખ્યાત શબ્દનો ‘ક્રિયાપદ’ એવો અર્થ પણ થાય છે. સદાખ્યાત એટલે શ્રેષ્ઠ છે ક્રિયાપદો જેમાં, એવો અર્થ પણ થાય. ક્રિયાપદ એટલે ક્રિયાનું સ્થાન–એવો જો અર્થ કરીએ, તો જયકુંજરનાં ક્રિયાસ્થાનો ઉત્તમ પ્રકારનાં હોય છે. જયકુંજરને રાખવાનું સ્થાન સ્વચ્છ અને સુન્દર હોય છે. જયકુંજરની ક્રિયાઓને અંગે વિચારીએ, તો એની કેટલીક ક્રિયાઓ વખાણવા યોગ્ય હોય છે. આ દૃષ્ટિએ જયકુંજરને માટે એમ કહેવાય કે–શ્રેષ્ઠ છે ક્રિયાપદો જેનાં એવો જયકુંજર છે.

આ વાત, શ્રી ભગવતીજી સૂત્રના પક્ષે તો સીધી જ છે. ક્રિયાપદો તો બધા ગ્રન્થોમાં હોય, પરન્તુ શ્રી ભગવતીજી સૂત્રની રચનામાં જે ક્રિયાપદો પ્રયોગને પામેલાં છે, તે ક્રિયાપદો પણ શ્રેષ્ઠ પ્રકારનાં છે. એકનો એક અર્થ જૂદાં જૂદાં ક્રિયાપદો દ્વારા કહી શકાય, પરન્તુ એ ક્રિયાપદોમાં જે ક્રિયાપદ શ્રેષ્ઠ હોય, તેનો પ્રયોગ કરાયો હોય, તો એવાં પાદ, વાક્ય, ગ્રન્થ, સૂત્ર, કાવ્ય આદિને સદાખ્યાત રૂપે પણ વર્ણવી શકાય. ઉપસર્ગ,

નિપાત, અવ્યય, શબ્દ, લિંગ અને વિભક્તિની વાત તો કરી આવ્યા, પણ ક્રિયાપદોની વાત રહી જતી હતી ને ? એ વાત આ વિશેષણમાં આમ આવી ગઈ.

ઔદયિક ભાવોમાં સર્વોત્કૃષ્ટ ભાવ શ્રી તીર્થંકરનામકર્મના ઉદયનો ભાવ :

જયકુંજરની પણ ખ્યાતિ છે અને શ્રી ભગવતીજી સૂત્રની પણ ખ્યાતિ છે. આ બન્ને ય ખ્યાતિઓમાંથી તમને કયી ખ્યાતિ ગમે છે અથવા તો કયી ખ્યાતિ વધારે ગમે છે ? શાસ્ત્રાદિનું શાસ્ત્રાદિ તરીકેનું બહુમાન ક્ષયોપશમ ભાવથી થાય છે, જ્યારે હાથી આદિ દુન્યવી પદાર્થોનું બહુમાન ઔદયિક ભાવથી થાય છે. જ્ઞાની અને સદાચારી આત્માઓની દુનિયામાં કિંમત પ્રશસ્ત ક્ષયોપશમ ભાવની છે. ઔદયિક ભાવની જ્યાં જ્યાં કિંમત છે, ત્યાં ત્યાં પણ પ્રશસ્ત ક્ષયોપશમ ભાવને આશ્રયીને અગર તો ક્ષાયિક ભાવને આશ્રયીને જ છે. ઔદયિક ભાવોમાં શ્રી તીર્થંકરનામકર્મનો ઉદય, એ તો સૌથી ઉત્કૃષ્ટ કોટિનો અને પરમ હિતકારી ઔદયિકભાવ છે. શ્રી તીર્થંકરનામકર્મનો ઉદય હજારોને, લાખોને ક્ષાયિક ભાવમાં લાવી મૂકનાર છે, તારનાર છે. એનાથી શાસનની સ્થાપના છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ પોતાના શ્રી તીર્થંકરનામકર્મના ઉદયે શાસનની સ્થાપના કરી, તો આપણે આજે તત્ત્વજ્ઞાનને પામી શકીએ છીએ અને તરવાની ક્રિયા કરી શકીએ છીએ. જેઓને શ્રી તીર્થંકરનામકર્મનો વિપાકોદય વર્તતો હોય, તેઓમાં ક્ષાયિક ભાવ જરૂર હોય, પણ ક્ષાયિક ભાવ અલગ છે ને ઔદયિક ભાવ અલગ છે. સઘળા ય કેવલજ્ઞાનિઓ ક્ષાયિક ભાવને પામેલા

હોય, પણ તેમને ભગવાનના જેવો ઔદયિક ભાવ ન હોય. માટે તીર્થની સ્થાપના એક માત્ર શ્રી તીર્થંકર ભગવાનો જ કરે. શ્રી તીર્થંકરનામકર્મના ઉદયને અંગેની સમૃદ્ધિનો સુયોગ પણ એ પરમ પુણ્યવાનોને જ હોય. આવા ઔદયિક ભાવની ઇચ્છા કરી શકાય, પણ તે ય પ્રશસ્ત એવા ક્ષયોપશમ ભાવપૂર્વક જન્મેલી હોવી જોઇએ. દુન્યવી સુખસામગ્રીની ઇચ્છા હોય, તો શ્રી તીર્થંકરનામકર્મની ઇચ્છા પણ દોષ રૂપ છે.

ઔદયિક ભાવની સામગ્રીની સફળતા પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવથી ને ક્ષાયિક ભાવથી :

તીર્થંકર–નામકર્મનો ઉદય ભગવાનને પોતાને અંગે શાતાની સામગ્રી મેળવી આપે છે, પણ એનાં વખાણ તો જગતના જીવોને માટે એ મહા શાતાનું કારણ બને છે એથી છે. અપાયાપગમાતિશયના યોગે શાતાનું કારણ બને છે–એની આ વાત નથી, પરન્તુ અશાતા માત્રના મૂળને ઉખેડી નાખવાના માર્ગને પ્રરૂપે છે, એ માર્ગને જ વહેતો રાખનારા શાસનને સ્થાપે છે, એ માટે મહા શાતાનું કારણ બને છે– એમ કહેવું છે. શ્રી તીર્થંકરનામકર્મનો વિપાકોદય ક્ષાયિક ભાવ પેદા થયેથી જ થાય છે. ક્ષાયિક ભાવ આવ્યા વિના તીર્થંકરનામકર્મનો વિપાકોદય નહિ. એ નામકર્મનો પ્રદેશોદય ક્ષાયિક ભાવ પ્રગટ્યા પહેલાં પણ હોય અને એ પ્રદેશોદયનો પ્રતાપ પણ કેવો છે ? ચ્યવે ત્યારથી ઇન્દ્રો પણ જેમની સ્તુતિ કરે એવો ! એટલે ખરેખરો વખાણવા લાયક તો એ ઔદયિક ભાવ છે. બીજા પણ કેટલાક ઔદયિક ભાવો પ્રશંસાને પાત્ર ગણાય છે. જેમ કે–મનુષ્ય ભવ, આર્ય દેશ, આર્ય કુળ,

આર્ય જાતિ, પંચેન્દ્રિયપૂર્ણતા, નીરોગતા, દીર્ઘાયુષ્ય, સદ્‌ગુરૂનો યોગ અને સદ્‌ગુરૂના શ્રીમુખે શાસ્ત્રશ્રવણ–એ બધી સામગ્રી ઔદયિક ભાવની છે, પરન્તુ એ બધી સામગ્રીની સફલતા, એ બધી સામગ્રીનો લાભ, કોને મળે ? પ્રશસ્ત ક્ષયોપશમ ભાવવાળાને ! અથવા ક્ષયોપશમ ભાવમાંથી જે ક્ષાયિક ભાવને પામી જાય તેને ! ક્ષાયિક ભાવમાં કયાં ય પ્રશસ્તપણું કે અપ્રશસ્તપણું એવો ભેદ નહિ. ક્ષાયિક ભાવ તો પ્રશસ્ત જ હોય. ક્ષાયોપશમિક ભાવમાં અને ઔદયિક ભાવમાં પ્રશસ્તપણું પણ હોઈ શકે અને અપ્રશસ્તપણું પણ હોઈ શકે. અત્યારે આપણને ક્ષાયોપશમિક ભાવ તથા ઔદયિક ભાવ–એ બન્ને ભાવોનો યોગ છે, પણ તે પ્રશસ્ત કોટિના છે કે નહિ અથવા કેટલે અંશે પ્રશસ્ત કોટિના છે અને કેટલેક અંશે અપ્રશસ્ત કોટિના છે, એનો યથાતથ્ય સૂક્ષ્મ નિર્ણય તો જ્ઞાની કરી શકે; પણ આપણે જો વિવેકી અને ભાવના સ્વરૂપને જાણનારા હોઇએ, તો યોગ્ય વિચારણાથી આપણે પણ આપણા ભાવોની પ્રશસ્તતા–અપ્રશસ્તતાનો નિર્ણય સ્થૂલ રીતિએ તો જરૂર કરી શકીએ; અને જો આ રીતિએ પૃથક્કરણ કરવાની મહેનત ચાલુ રાખીએ, તો એ દ્વારા પણ આપણે આપણા ઘણા વિકાસને સાધી શકીએ.

સર્વ ક્ષણે શ્રી જિનપૂજા :

એક માણસ ઘરમાં બેઠેલો હોય, સંસારની ક્રિયા કરતો હોય, તેમ છતાં પણ જો તે વિવેકપૂર્વકની વિચારણામાં હોય, તો પ્રશસ્ત એવા ક્ષાયોપશમિક ભાવમાં હોય; જ્યારે બીજો માણસ દેરાસરમાં હોય, શ્રી જિનની પૂજા કરતો હોય, તે

વખતે પણ ઔદયિક ભાવમાં રમતો હોય તો તેનો જે ક્ષાયોપશમિક ભાવ હોય, તે ય અપ્રશસ્ત પ્રકારનો હોય. શ્રી જિનની પૂજા માત્ર દેરાસરમાં જ કરવાની છે, એવું નથી. આમ સ્થાનને આશ્રયીને શ્રાવકને માટે ત્રિકાલ પૂજા કહી; બાકી તો, ક્ષણે ક્ષણે–પ્રત્યેક ક્ષણે શ્રી જિનની પૂજા થાય, એવા બનવાનો પ્રયાસ કરવો જોઇએ. શ્રી જિનની આજ્ઞાનું પાલન તો શ્રી જિનપૂજા છે જ, ઉત્કૃષ્ટ પ્રકારની શ્રી જિનપૂજા છે, પરન્તુ શ્રી જિનની આજ્ઞાનું પાલન કરવાના ભાવમાં રમવું, એ ય શ્રી જિનપૂજા છે. કયો ક્ષણ એવો છે, કે જ્યારે શ્રી જિનનું તાન ન હોઈ શકે, એવો નિષેધ છે ? શ્રી જિનતાન સર્વ ક્ષણેાએ થઈ શકે. એમ શ્રી જિનતાનમાં જ એકતાન થઈ જવું એ વેધકતા છે. એવી રીતિએ જે શ્રી જિનતાનમાં વિંધાયેા હોય, તે કર્મોનો વેધક બને. એવો મનુષ્ય આ માનવભવમાં રાધાવેધ કરી, કર્મના લાળાને શમાવી, દુઃખના ગાળા વગરના સુખનો ભોક્તા બની શકે છે. આપણે પ્રશસ્ત ક્ષયોપશમ ભાવને પોષવાને માટે અને પરિણામે ક્ષાયિક ભાવને પ્રગટ કરવાને માટે શ્રી જિનેશ્વર પ્રભુને યાદ કરીએ છીએ. શ્રી જિનપૂજા પણ તમારે આવા લક્ષ્યપૂર્વક કરવાને માટે મથવું જોઇએ.

ઔદયિક ભાવને ગૌણ બનાવીને પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવને વળગતા જવું જોઇએ :

સંસારમાં શિષ્ટ ક્ષયોપશમ ભાવ કઠિન છે, તેમાં ય પ્રશસ્ત ક્ષયોપશમ ભાવ અતિ કઠિન છે અને ક્ષાયિક ભાવ તો તેનાથી ય કઠિન છે. ઔદયિક ભાવ તો રસ્તામાં હરતાં ફરતાં મળનારી ચીજની માફક સસ્તો છે. ઔદયિક ભાવના જોરે ક્ષાયોપશમિક

ભાવ પણ મલિન બનીને ઔદયિક ભાવને જ પુષ્ટ કરનારો બને છે. ઔદયિક ભાવનું જોર ઘટ્યા પછીથી જ પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવ પ્રગટી શકે છે અને પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવને જો જાળવતાં આવડે, તો એ ઔદયિક ભાવ ઉપર અંકુશની ગરજ સારે છે. પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવને આત્મા જો વળગ્યો રહે છે, તો પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવ વધતે વધતે આત્માને એ ક્ષાયિક ભાવને પામવામાં બહુ મદદગાર બને છે. એટલે જયકુંજરની પ્રસિદ્ધિ જ જો આકર્ષે–ગમે, તો સમજવું કે–એ પ્રતાપ ઔદયિક ભાવનો છે અને શ્રી ભગવતીજી સૂત્રની પ્રસિદ્ધિ જો આત્મકલ્યાણની દૃષ્ટિએ ગમી જાય, તો સમજવું કે–એ પ્રતાપ પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવનો છે. ધન–સ્ત્રી–માનાપમાન સંબંધી ભાવો ઔદયિક ભાવના ઘરના છે અને એ બધાના સંસર્ગથી છૂટવાના ભાવો, એ બધાના સંસર્ગથી કયારે છૂટાય તથા કેમ છૂટાય–એ વિગેરે ભાવો એ પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવના ઘરના છે. ઔદયિક ભાવોને ગૌણ બનાવીને, પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવને વળગતા જવું જોઈએ. એને બદલે આજે તો મોટે ભાગે ઔદયિક ભાવોની રમણતામાં જ રમણીયપણું ભાસે છે.

પ્રશ્ન૦ પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવ કયારે હોય ?

પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવની શરૂઆત સમ્યગ્દર્શન ગુણના પ્રગટીકરણથી મનાય, પરન્તુ મન્દ મિથ્યાત્વના કાળમાં પણ ક્ષાયોપશમિક ભાવની પ્રશસ્તતાની ઝાંખીનો અનુભવ થઈ શકે છે.

પ્રશ્ન૦ પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવની ઉચ્ચ કક્ષા કયી ?

દર્શનમોહનીયના ક્ષયોપશમ પછીથી ચારિત્રમોહ-

નીયનો પણ સુન્દર પ્રકારનો ક્ષયોપશમ થાય, તો પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવની એ ઉચ્ચ કક્ષા છે એમ કહી શકાય. આથી, તમે સમજી શકયા હશો કે–ઔદયિક ભાવની રમતમાંથી છૂટવાને માટે અને પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવને પામવાને માટે, આત્માએ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમ તરફ ખૂબ જ લક્ષ્યવાળા બનવું જોઇએ.

૮–સલ્લક્ષણ :

જયકુંજરની જેમ આ સૂત્ર પણ સારાં લક્ષણોવાળું છે :

હવે આગળ ચાલતાં ટીકાકાર મહર્ષિ છટ્ઠા વિશેષણ તરીકે લક્ષણવન્તાપણાની વાત કરતાં ફરમાવે છે કે–

" सल्लक्षणस्य "

જયકુંજર જેમ સારાં લક્ષણોવાળો હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ સારાં લક્ષણોવાળું છે, એમ આ વિશેષણ દ્વારા ટીકાકાર મહર્ષિ આપણને સમજાવી રહ્યા છે. લક્ષણ, એ પણ એક બહુ અગત્યની વસ્તુ છે. કહેવાય છે કે–" **પુત્રનાં લક્ષણ પારણામાંથી અને બાયડીનાં**

લક્ષણ પારણામાંથી જણાય. " એનો અર્થ એ છે કે– પુત્ર મોટો થયે કેવો નિવડશે, એની કલ્પના એ પારણામાં હોય એટલે કે બહુ નાની વયનો હોય, તે વખતનાં તેનાં લક્ષણો ઉપરથી થઈ શકે અને બાયડી જ્યાં પરણીને આવે અને પારણામાં પગ દે, ત્યાં એ કેવી નિવડશે–એની કલ્પના એનાં લક્ષણો ઉપરથી આવી શકે. ખરાબ લક્ષણો, છોકરો કે બાયડી ખરાબ નિવડશે–એમ સૂચવે છે અને સારાં લક્ષણો, છોકરો કે બાયડી સારાં નિવડશે–એમ સૂચવે છે. હાથીનાં નેત્રો મધુપિંગળ જેવાં હોય, એની સૂંઢ ઘણી નીચી હોય, એની પીઠ ઉન્નત હોય, એના કુંભસ્થળો કુંભની જેમ ઉંચાં હોય, એની ગ્રીવા ટૂંકી હોય, એનું પૂંછડું પણ લાંબું એટલે એની સૂંઢથી જરાક જ ટૂંકું હોય અને એ પાછલા ભાગમાં નીચો હોય તથા એ મદ ઝરતો હોય, તો એ બધાં હાથીનાં સારાં લક્ષણો ગણાય છે. જયકુંજરમાં એ બધાં હોય છે.

એ જ રીતિએ, સૂત્રની રચના કેવા કેવા દોષોથી મુક્ત હોવી જોઇએ તેમ જ સારવત્ આદિ કેવા કેવા ગુણોએ સહિત હોવી જોઇએ, એનું પણ વર્ણન ઉપકારી મહાપુરૂષોએ કરેલું છે. જે દોષો કહ્યા છે, તેને સૂત્રનાં અપલક્ષણો ગણાય અને જે ગુણો કહ્યા છે, તેને સલ્લક્ષણો ગણાય. આ શ્રી ભગવતીજી સૂત્ર સઘળાં ય અપલક્ષણોથી રહિત છે તેમ જ સઘળાં ય સલ્લક્ષણોથી સહિત છે. કોઈ પણ સૂત્રમાં જે જે સુન્દર લક્ષણો સંભવી શકે, તે બધાં ય સુન્દર લક્ષણો આ શ્રી ભગવતીજી સૂત્રમાં છે. મહાપુરૂષોની વાણી સલ્લક્ષણશૂન્ય હોતી જ નથી. આ શ્રી ભગવતીજી સૂત્રમાં ઉંચા ઉંચા લાક્ષણિક પ્રયોગો છે, એમ પણ આ વિશેષણથી કહી શકાય.

સારાં લક્ષણોવાળાંઓનું પગલું સારા માટે :

સારાં લક્ષણોવાળાનું પગલું પણ સારૂં મનાય છે. સારાં લક્ષણોવાળો જીવ ગર્ભમાં આવે, તો ત્યારથી જ એ જીવનાં માતા-પિતાદિ અનેકવિધ ઋદ્ધિ-સિદ્ધિની અભિવૃદ્ધિને પામે છે. ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજીના પ્રસંગમાં એમ જ બન્યું હતું ને ? બાયડી પણ સારાં પગલાંની અને ખરાબ પગલાંની મનાય છે. બાયડી બારણે આવે ત્યારથી સુખસામગ્રી વધે તો તે સારાં પગલાંની ગણાય છે અને સુખસામગ્રી ઘટે તો તે ખરાબ પગલાંની ગણાય છે. પશુઓમાં પણ ઘણી વાર એવું બને છે. લક્ષણવન્તા ઘોડા વિગેરે પશુઓ જ્યારથી આંગણે બંધાય, ત્યારથી તેના માલિકની કીર્તિ વધે, સુખસામગ્રી વધે-એવું પણ બને છે. જયકુંજર હાથીને માટે પણ એમ જ સમજવાનું છે અને શ્રી ભગવતીજી સૂત્રને માટે પણ એમ સમજવાનું છે. જયકુંજર હાથીને આંગણે બંધાય છે, હાથીશાળામાં પણ અલગ અને સારી જગ્યામાં બંધાય છે, જ્યારે શ્રી ભગવતીજી સૂત્રને હૃદયાંગણમાં સ્થાપિત કરવાનું છે. મંગળ ઘોડા અને જયકુંજર વિગેરે જે મંગળનું કારણ બને છે, તે મંગળ શ્રી ભગવતીજી સૂત્રને હૃદયાંગણમાં સ્થાપિત કરવાથી નિપજતા મંગળની પાસે કોઈ વિસાતમાં નથી. પેલા બધા તો તુચ્છ, નાશવન્ત લક્ષ્મી આદિના કારણ રૂપ બને છે અને તેમાં ય અન્તર્ગત નિમિત્ત તો માલિકનો પુણ્યોદય હોય છે, જ્યારે શ્રી ભગવતીજી સૂત્ર જેના હૃદયાંગણમાં સ્થાપિત થાય, તે પરિણામે અનન્ત લક્ષ્મીનો સ્વામી બને છે અને એ જ્યાં સુધી સંસારમાં રહે ત્યાં સુધી પણ વિવિધ ઋદ્ધિ-સિદ્ધિઓ

એનો કેડો છોડતી નથી. શરત એટલી જ કે–એ માણસે શ્રી ભગવતીજી સૂત્રને હૈયાથી જરા પણ અલગ નહિ જ કરવું જોઈએ.

વાણીઓ શ્રી શ્રેણિકને વળગી પડ્યો તો વિવેકી શ્રી ભગવતીજી સૂત્રને વળગી પડે નહિ એ બને કેમ ?

શ્રી ભગવતીજી સૂત્રના આવા લક્ષણપણાનો જેને બરાબર ખ્યાલ આવી જાય અને આને હૃદયાંગણમાં સ્થાપિત કરવાથી જે અનન્ત લક્ષ્મી મળી શકે છે–તેનું અર્થિપણું આવી જાય, તો શ્રી ભગવતીજી સૂત્રને પોતાના હૃદયાંગણમાં સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યા વિના કોણ રહે ? તુચ્છ લક્ષ્મીના પણ સાધનનો જો ખ્યાલ આવી જાય છે, તો માણસ એ સાધનને વળગી પડે છે; તો પછી શ્રી ભગવતીજી સૂત્ર અનન્ત સુખ આપનારી લક્ષ્મીનું સાધન છે–એ વાતનો પાકો વિશ્વાસ જેને થાય, તે શ્રી ભગવતીજી સૂત્રને હૈયે સ્થાપ્યા વિના રહે ખરો ? અને હૈયાથી એ આઘું થઈ જવા પામે નહિ–એની કાળજી રાખ્યા વિના પણ એ રહે ખરો ?

શ્રી શ્રેણિક જ્યારે રાજકુમાર હતા, રાજગાદીના માલિક નહોતા બન્યા, ત્યારે પિતાએ કરેલા અનાદરથી રોષ પામીને વેણાતટ નામના નગરમાં ચાલ્યા ગયા હતા. શ્રી શ્રેણિકના પિતાએ તો સારાને માટે અનાદર કર્યો હતો. રાજ્ય શ્રી શ્રેણિકને આપવું હતું–એ હેતુથી, બીજા કુમારો એ વાતને જાણી જવા પામે નહિ–એ માટે શ્રી શ્રેણિકનો અનાદર કર્યો હતો, પણ શ્રી શ્રેણિકને ખોટું લાગ્યું. ભગવાને માતાના ગર્ભમાં રહ્યે રહ્યે જ આ અવસર્પિણીના આવા ભાવની વિચારણા કરી હતી ને ? શ્રી શ્રેણિક વેણાતટ નગરે જઈને ભદ્ર નામના

એક વણિકની દુકાને જઈને બેઠા. એ દિવસે એ શેઠ ઘણું કમાયો. એ પ્રત્યક્ષ ફળને જોઈને, એ શ્રી શ્રેણિકને એવો વળગી પડ્યો કે–પોતાના ઘરે રાખીને પોતાની નંદા નામની પુત્રી પણ શ્રી શ્રેણિકને પરણાવી. શ્રી અભયકુમાર, એ એ નન્દાના જ સુપુત્ર હતા.

એટલે સામાન્ય, નાશવન્ત સુખસામગ્રીના લાભના લોભે પણ જો માણસ અજાણ્યા માણસને ય વળગી પડે છે, તો પછી અક્ષય અને અનન્ત લક્ષ્મી જેનાથી મળી શકે તેમ છે–એવા આ શ્રી ભગવતીજી સૂત્રને માણસ વળગી પડે નહિ, એ બને કેમ? પણ ખરી વાત એ છે કે–વિવેક જોઈએ. એ મોક્ષલક્ષ્મીનો બખ લાગવો જોઈએ અને એના સાધન તરીકે આ શ્રી ભગવતીજી સૂત્ર પણ છે એમ લાગવું જોઈએ. એ વિના, આ સલ્લક્ષણવંતા સૂત્રને પણ હૈયે સ્થાપિત કરી શકાય એ શકય નથી.

૯–દેવતાધિષ્ઠિત :

દેવતાધિષ્ઠિતપણાનું વર્ણન :

સાતમા વિશેષણ તરીકે ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–

" **देवताधिष्ठितस्य** "

એટલે કે–જયકુંજર જેમ દેવતાધિષ્ઠિત હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ દેવતાધિષ્ઠિત છે. દેવતા જેના અધિષ્ઠાયક હોય, તેને દેવતાધિષ્ઠિત કહેવાય છે. દેવતાઓનું અધિષ્ઠાયકપણું, એ કોઈ અસંભવિત બાબત નથી, પણ સુસંભવિત બાબત છે. મોટે ભાગે કિંમતી વસ્તુઓના અધિષ્ઠાયક દેવો હોય છે. દેવતાઓ કેટલીક વાર તો સામાન્ય પણ પોતાને ગમી જાય એવી વસ્તુના અધિષ્ઠાયક બની જાય છે. દેવતાઓમાં પણ રાગ છે અને દેવતાઓમાં કૌતુકનો સ્વભાવ હોય છે–એવું પણ કેટલાક પ્રસંગોમાં જોવાય છે. દેવતાઓને જેના ઉપર રાગ થઈ જાય, મમતા થઈ જાય, તેના તે અધિષ્ઠાયક બની જાય. ઉંચા પ્રકારનાં રત્નોના પણ અધિષ્ઠાયક દેવો હોય છે. માનવોમાં ઈહિલૌકિક સુખસામગ્રીની અપેક્ષાએ ચક્રવર્તી ઉંચા છે. એની બે ભૂજાઓના એકના એક એક હજાર મળી બે હજાર દેવો અધિષ્ઠાયક હોય છે. ચક્રવર્તીનાં જે ચૌદ રત્નો, તેના પણ એકના એક હજાર–એમ કુલ ચૌદ હજાર દેવો અધિષ્ઠાયક હોય છે. ચક્રવર્તીનાં નવ નિધાનોના પણ નવ હજાર દેવતાઓ અધિષ્ઠાયક હોય છે. દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાન જ્યારથી કેવલજ્ઞાન પામે છે, ત્યારથી તે તેઓ નિર્વાણ પામે છે ત્યાં સુધીને માટે જઘન્યથી એક કરોડ દેવો તો તેઓની સેવામાં રહે જ છે. યુગલિક કાળમાં જે કાંઈ જોઈએ તે કલ્પવૃક્ષોથી મળે છે અને તે કલ્પવૃક્ષો દેવતાધિષ્ઠિત હોય છે. ચિન્તામણિ આદિ પણ દેવતાધિષ્ઠિત હોય છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ આદિ અનેક મૂર્તિઓના અધિષ્ઠાયક દેવો છે. એટલે દેવતાઓનું અધિષ્ઠાયકપણું સાંભળીને મુંઝાવા જેવું કાંઈ છે જ નહિ.

દેવતાઓમાં પણ રાગ, દ્વેષ, મમત્વ આદિ છે તેમ જ અમુક અમુક ક્ષયોપશમો પણ હોય છે. એટલે તેમને અમુક ગમી જાય, બહુ ગમી જાય, અમુક ન ગમે, અમુક બીલકુલ ન ગમે–એ વિગેરે બને. જયકુંજર ગમી જાય એવી ચીજ હોય છે. એના અધિષ્ઠાયક દેવતા હોય, એ બનવાજોગ જ છે.

તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ દેવતાધિષ્ઠિત છે. દેવતાધિષ્ઠિત વસ્તુનો મહિમા વધ્યા કરે છે. પોતાની અધિષ્ઠિત વસ્તુનો મહિમા વધે–એવું દેવો કરે. પોતે જેના અધિષ્ઠાયક બન્યા, તેનો આદર વધે, તેની પૂજા વધે –એ વિગેરે દેવતાઓને બહુ ગમે. એટલે એ એવું કરતા રહે, કે જેથી પોતે જેના અધિષ્ઠાયક હોય, તેના તરફ લોકોનું આકર્ષણ થાય. આ શ્રી ભગવતીજી સૂત્રનો મહિમા પણ ઘણો છે. શ્રી ભગવતીજી સૂત્ર વંચાય છે–એવું કોઈ શ્રાવક સાંભળે, તો એને આનંદ થાય છે. ગુરૂ મહારાજ પાસે શ્રી ભગવતીજી સૂત્રને વંચાવવાની ઇચ્છા થાય છે ને તરત જ એથી આનંદ પ્રગટે છે. શ્રી ભગવતીજી સૂત્રને સાંભળતાં ય સાંભળવામાં કાંઈક વિશેષ ભાવ રહે છે. આ બધો શ્રી ભગવતીજી સૂત્રનો મહિમા જ છે ને ? આ મહિમામાં, આ સૂત્રના અધિષ્ઠાયક દેવનો પણ હિસ્સો હોય, એ બનવાજોગ જ વસ્તુ છે. બાકી તો શ્રુતના અધિષ્ઠાયક દેવ છે, એ અપેક્ષાએ પણ આ શ્રી ભગવતીજી સૂત્ર દેવતાધિષ્ઠિત છે, એમ માની શકાય એવું છે.

૧૦–સુવર્ણમંડિત ઉદ્દેશક :

આ પ્રમાણે સાત વિશેષણોને જણાવ્યા બાદ, આઠમા વિશેષણ તરીકે ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–

" सुवर्णमण्डितोद्देशकस्य "

એટલે કે–જયકુંજર જેમ સુવર્ણથી મણ્ડિત ઉદ્દેશકોવાળો હોય છે અથવા તો સુવર્ણથી મંડિત છે ઉદ્દેશકો જેના એવો હોય છે, તેમ શ્રી ભગવતીજી સૂત્ર પણ સુવર્ણથી મણ્ડિત ઉદ્દેશકોવાળું છે અથવા તો સુવર્ણથી મણ્ડિત છે ઉદ્દેશકો જેના એવું છે.

સુવર્ણનો અર્થ સોનું પણ થાય અને સારો–મનને ગમી જાય એવો–જોતાં આંખ ઠરે એવો રંગ, એવો પણ અર્થ સુવર્ણ શબ્દથી લઈ શકાય. એ જ મુજબ, 'સુ' એટલે સારા અને 'વર્ણ' એટલે અક્ષર. સારા અક્ષરો છે જેના, તેને પણ સુવર્ણ કહેવાય. મણ્ડિત એટલે આભૂષિત, શોભનિક બનાવાએલ, આદિ અર્થો થાય. ઉદ્દેશકનો અર્થ વિભાગ, અવયવ આદિ થાય. આ બધા અર્થોને લક્ષ્યમાં રાખીને, આ આઠમા વિશેષણના ભાવને તારવવાનો છે.

<u>જયકુંજર પક્ષે વિચારણા :</u>

જયકુંજરને લક્ષ્યમાં રાખીને આ વિશેષણના ભાવનો

વિચાર કરીએ, તો એવો અર્થ પણ થાય કે–જયકુંજરનાં જે શિરોભાગ અવયવો હોય છે, તે સારા વર્ણથી શોભનિક હોય છે. જેનાં અવયવો શોભનિક હોય, તેનો જ દેહ શોભનિક ગણાય છે. જેમ ખંડિત અવયવોવાળાનો દેહ શોભનિક ગણાતો નથી, તેમ જેનાં અવયવોનાં રૂપ–રંગ સારાં નથી હોતાં, તેવો દેહ પણ શોભનિક ગણાતો નથી. સારાં રૂપ–રંગ શોભાનું કારણ છે. રૂપાળી ચીજને જોતાંની સાથે જ નજર ત્યાં સ્થિર થઈ જાય છે ને ? કોઇ પોતાની નજર ઉપર કાબૂ રાખે તો તે વાત જૂદી છે, પરન્તુ રૂપાળી ચીજને જોતાં નજર એને વધારે ને વધારે વાર જોવાને માટે તલસ્યા કરે, એવું બને છે ને ? રૂપાળી એટલે ધોળી રૂની પુણી જેવી–એમ નહિ, પણ રૂપાળી વસ્તુ એટલે એવા રંગ ને એવી રચનાવાળી વસ્તુ, કે જે મનોજ્ઞ પદાર્થોને જોવાની વૃત્તિવાળી આંખને ઝટ ખીંચી લે અને પોતાના ઉપર સ્થિર બનાવી દે. તમને આ બાબતનો અનુભવ નથી, એવું છે જ નહિ. તમને આવા તો ઘણા અનુભવો થયા હશે, પણ એવા અનુભવો તમને ખટક્યા છે કે નહિ અગર ખટકે છે કે નહિ, એ તો તમે જાણો.

શોભનિક પણ ચીજને વિષયરાગથી ન જોવી :

સારા વર્ણથી શોભનિક ચીજને, આંખના વિષયનો ભોગવટો કરવાને માટે જોવાની ઇચ્છા અગર તો જોયા કરવાની ઇચ્છા, એ પણ વિષયરાગનો જ એક પ્રકાર છે. ત્યાં કામવિકારની દૃષ્ટિ કદાચ ન હોય તો પણ, વિષયનો રાગ તો છે જ. વિષયનો રાગ, એ આત્માને ડૂબાવનાર છે, સંસારમાં રઝળાવનાર છે, ચાર ગતિમાં ભટકાવનાર છે, દુર્ગતિમાં

ધસડનાર છે, એ તો તમે જાણો છો ને? આજે આંખ ઉપરના કાબૂવાળા કેટલા અને આંખ ઉપરના કાબૂ વિનાના કેટલા? બજારમાં, સેંકડો માણસોની વચમાં પણ, ભામટાની જેમ પોતાની આંખને ભમાવ્યા કરનારાઓ દહાડે દહાડે વધતા જાય છે. એટલે, રૂપ–રંગથી શોભતી ચીજ ઉપર નજર ઠરે એ સારૂં છે–એવી વાત અહીં નથી, પરન્તુ રૂપ–રંગથી શોભતી વસ્તુના સ્વરૂપનું આ પ્રાસંગિક વર્ણન છે. દુનિયામાં સારા વર્ણથી શોભતી વસ્તુઓ છે, એટલે એ બધી જોવા લાયક જ છે અગર તો એ બધીને જોવામાં વાંધો નથી–એવું માની લેવાનું નથી. આપણો મુદ્દો તો અહીં એટલો જ છે કે–જયકુંજર હાથીનાં જે શિરોભાગ અવયવો હોય છે, તે સારા વર્ણથી શોભનિક હોય છે. રાગમાં રમનારાઓને એને જોવાનું, જોયા કરવાનું મન થાય; જ્યારે વિષયવિરાગવાળાને, વિવેકિને સારા વર્ણથી શોભનિક અવયવોવાળી વસ્તુને જોઈને એમ પણ થાય કે–આ પણ ધર્મનો પ્રભાવ છે, કારણ કે–પુણ્ય વિના આવું રૂપાળાપણું મળે નહિ અને પુણ્ય ધર્મથી ઉપાર્જાય છે. વળી, એને એમ પણ થાય કે–આવું રૂપાળાપણું પણ નાશવન્ત છે. આવા રૂપાળાને પણ મરવાનું નક્કી છે. આ રૂપાળાપણું જીવનભર ટકી રહે, એમ ન પણ બને. રૂપાળો પણ માણસ, રોગના યોગે જોવો પણ ગમે નહિ, એવો પણ બની જાય છે ને? કદાચ પુણ્ય એવું હોય કે–જીન્દગી આખી રૂપાળાપણું ટકી રહે, તો પણ તેમાં કાંઈ રાચવા જેવું નથી. એક દિવસ મરવાનું છે એ નક્કી છે અને તે દહાડે સારા વર્ણથી શોભનિક અવયવોવાળો પણ આ દેહ અહીં રહી જવાનો છે. આવા રૂપાળા દેહને પણ એક દિવસ

કાં તો અગ્નિદાહ દેવાશે, કાં તો જમીનમાં દાટવામાં આવશે અને કાં તો આ દેહ જંગલમાં પશુ-પક્ષીઓથી ચુંથાતો બની જશે. આવું સમજનારને, પોતાના કે પારકા રૂપાળા દેહને જોયા કરવાનું મન થાય નહિ અને કોઈ વાર આંખ ત્યાં સ્થિર થવા મથે, તો તેને તે બળાત્કારે પણ અટકાવવાને મથે.

શ્રી ભગવતીજી સૂત્ર પક્ષે વિચારણા :

જયકુંજર જેમ સારા વર્ણથી શોભનિક અવયવોવાળો છે, તેમ શ્રી ભગવતીજી સૂત્રમાં શું છે ? શ્રી ભગવતીજી સૂત્રમાં પણ એ વાત જો બરાબર ઘટિત થાય, તો જ આ વિશેષણ સાર્થક થાય અને આપણે જો એ વાતને બરાબર ઘટાવી શકીએ, તો જ આપણને વિશેષણના ભાવનો સાચો ખ્યાલ આવ્યો એમ કહેવાય. તમે કદાચ જાણતા હશો કે-શ્રી ભગવતીજી સૂત્રમાં સંખ્યાબંધ ઉદ્દેશાઓ છે. શ્રી ભગવતીજી સૂત્રમાં કુલ એક સો જેટલાં શતકો છે અને એ દરેક શતક સંખ્યાબંધ ઉદ્દેશાઓએ સહિત છે. કુલ દશ હજાર ઉદ્દેશાઓ છે. એ બધા ઉદ્દેશાઓ સારા વર્ણો એટલે સારા અક્ષરોથી શોભનિક છે. કોઇ કહેશે કે-અક્ષરોનું શોભનિકપણું શું ? અહીં આપણે લલિત પદપદ્ધતિવાળી વાતને યાદ કરવી પડશે. પદોમાં લાલિત્ય શું ? વાસ્તવિક રીતિએ પદોમાં સ્વતન્ત્રપણે લાલિત્ય નથી હોતું, પણ એ જ પદ કે પદો જ્યારે સુયોગ્ય સ્થાને અને સુયોગ્ય પદ્ધતિએ ગોઠવાય છે, ત્યારે એ સઘળાં ય પદો લાલિત્યવાળાં બની જાય છે. એને પદલાલિત્ય કહેવાય છે. એ પદ શબ્દથી કે શબ્દોથી બને છે અને શબ્દ કે શબ્દો અક્ષરોના સંયોજનથી બનેલા હોય છે. અ વિગેરે સ્વરો કે

ક વિગેરે વ્યંજનો એ અક્ષરો છે. વ્યંજન અને સ્વર કે વ્યંજનો અને સ્વરો મળવાથી, જોડાવાથી, પરસ્પર સહકારી બનવાથી અર્થનો વાચક, અર્થનો દ્યોતક શબ્દ બને છે. એ શબ્દને પદ બનાવાય છે. એટલે મૂળ શું થયું ? અક્ષરો. માટે સારા શબ્દોને, સારાં પદોને સારા અક્ષરોથી મંડિત કહેવાય. શબ્દ સારો બનવાથી એના અક્ષરો પણ શોભનિકપણાને પામ્યા એમ કહેવાય. શ્રી ભગવતીજી સૂત્રમાં જેટલા ઉદ્દેશાઓ છે, તે બધા ય ઉદ્દેશાઓ સારા વર્ણોથી શોભનિક છે, કારણ કે–ઉદ્દેશાઓમાંનાં સઘળાં ય વાક્યો અગર પદો શોભનિક છે, તેથી પરંપરાએ એના સઘળા ય અક્ષરો પણ શોભનિક છે.

બીજા અર્થમાં જયકુંજર પક્ષે વિચારણા :

સુવર્ણનો 'સોનું' એવો અર્થ કરીને વિચારીએ. ઉદ્દેશકનો અર્થ શિરોભાગ એવો કરીએ, તો ય વાંધો નથી. તમે કદાચ દેશી રાજ્યોમાં હાથીના શિરોભાગને સોનાના આભૂષણથી મંડિત કરાએલો જોયો હશે. કેટલેક સ્થલે સોનાનું ગોળાકારયુક્ત ત્રિકોણ આભૂષણ હાથીના શિરોભાગ ઉપર ચઢાવાય છે, તો કેટલેક સ્થલે સોનાનો પટ્ટો હાથીના શિરોભાગે બાંધવામાં આવે છે. પરન્તુ અહીં ઉદ્દેશક શબ્દનો માત્ર શિરોભાગ એવો અર્થ નહિ લેતાં, ઉદ્દેશકો એટલે અવયવો એવો અર્થ લેવો, એ વધારે ઉપયુક્ત લાગે છે. એનું કારણ એ છે કે–હાથીના માત્ર શિરોભાગને જ સોનાનાં આભૂષણોથી મંડિત કરાતો નથી, પરન્તુ એના ચારેય પગો, પીઠનો ભાગ, કુંભસ્થલો, કાનો, એ વિગેરેને પણ સોનાનાં કે સુવર્ણવર્ણી વિવિધ આભૂષણોથી મંડિત કરાય છે. વળી, શ્રી

ભગવતીજી સૂત્રના પક્ષે પણ, આ વિશેષણને આ પ્રકારે ઘટાવવામાં સરલતા થાય તેમ છે. વાત એ છે કે–આજના સામાન્ય પ્રકારના હાથીઓમાં પણ જે કોઈ વિશેષતાવાળો અને રાજાનો માનીતો હાથી હોય છે, તેનાં અવયવોને પણ સુવર્ણનાં કે સુવર્ણના ઓપવાળાં, સુવર્ણવર્ણી આભૂષણોથી આભૂષિત એટલે મંડિત કરાય છે; તો પછી, જે નરેન્દ્રો અને દેવેન્દ્રોની પાસે જયકુંજર હોય, તેઓ તેનાં અવયવોને સુવર્ણનાં એટલે સોનાનાં અભૂષણોથી મંડિત કરે, એમાં બહુ વિચારીને માનવા જેવું છે, એવું કાંઇ જ નથી. સાદી અક્કલથી પણ સમજી શકાય એવી આ તદ્દન સાદી ને સીધી વાત છે.

બીજા અર્થમાં શ્રી ભગવતીજી સૂત્ર પક્ષે વિચારણા :

આમ જયકુંજર જેમ સોનાનાં આભૂષણોથી એટલે સોનાથી મંડિત હોય છે, તેમ શ્રી ભગવતીજી સૂત્ર પણ સોનાથી મંડિત અવયવોવાળું હોય, એ અશક્ય વસ્તુ નથી. પ્રાચીન કાળની એવી પ્રતો તમે જોઈ અગર જાણી તો હશે, કે જે સોનામાંથી બનાવેલી શાહીથી લખાએલી હોય. આજે પણ કોઈ કોઈ પ્રતો સોનાથી અને રૂપાથી બનાવેલી સોનેરી ને રૂપેરી શાહીથી લહીયાઓની પાસે લખાવાય છે. વળી, તમે જો સાંભળ્યું હોય, તો સંગ્રામ નામના સોનીનો એક પ્રસંગ પણ, આ વિશેષણના આવા અર્થને પુષ્ટ કરે એવો આવે છે. સંગ્રામ સોનીએ, આચાર્યભગવાન શ્રીમદ્ ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજની પાસે, આ શ્રી ભગવતીજી સૂત્રને વંચાવીને સાંભળતી વેળાએ, શ્રી ભગવતીજી સૂત્રના પ્રત્યેક પ્રશ્ન દીઠ એક એક સોનામહોર, એમ કુલ છત્રીસ હજાર પ્રશ્નોની છત્રીસ

હજાર સોનામહોરો ચઢાવી હતી. આવી કોઈક પદ્ધતિ પ્રાચીન કાળથી ચાલી આવતી હશે, માટે જ એમ બન્યું હશે ને ? આવી પદ્ધતિ પરાપૂર્વથી ચાલી આવે છે—એમ તો, વર્ત્તમાનમાં આ શ્રી ભગવતીજી સૂત્રને સદ્‌ગુરુઓની પાસે વંચાવીને સાંભળવાને અંગે જે રીતિએ વર્તાય છે, તે ઉપરથી પણ જણાઈ આવે છે : કારણ કે—આજે પણ, રોજ, શ્રી ભગવતીજી સૂત્ર જ્યારે વંચાતું હોય ત્યારે, રૂપાનાણું અને ફલાદિક ચઢાવાય છે. કાળ બદલાયો માટે સોનાની જગ્યાએ રૂપું આવ્યું, પણ આજે ય કોઈ રોજ સોનામહોર મૂકવાને ઇચ્છે, તો તે ન જ મૂકી શકે—એવું તો છે જ નહિ. એટલે ટીકાકાર મહર્ષિ આચાર્ય-ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ, તેઓના કાળમાં પણ પૂર્વકાળથી ચાલી આવેલી આ પ્રકારની પદ્ધતિ પ્રચલિત હોય અને એથી એને આશ્રયીને પણ તેઓશ્રીએ આ વિશેષણનો પ્રયોગ કર્યો હોય એ સંભવિત છે. વળી, તેઓશ્રીના પ્રબંધમાં પણ એવા ભાવની હકીકત આવે છે કે—તેઓશ્રીએ જ્યારે આ શ્રી ભગવતીજી સૂત્રની આ ટીકા પૂરી કરી, ત્યારે 'આ ટીકાની નકલો કરાવવાને માટે શું કરવું ?'—એ બાબતની એમને ચિન્તા થઈ હતી. એ વખતે, રાત્રિના સમયે, શાસન-દેવીએ સોનામહોરોનો ઢેર કરી દઈને, ટીકાકાર મહર્ષિની એ ચિન્તાને ટાળી દીધી હતી.

પ્રશંસામાં પણ તારવાની તાકાત :

ટીકાકાર મહર્ષિ, આ શ્રી ભગવતીજી સૂત્રને જયકુંજરની ઉપમા આપીને, એ ઉપમાને આટઆટલાં વિશેષણોથી કેમ ઘટાવી રહ્યા છે ? જયકુંજરની ચાલ લલિત હોઈને પ્રબુદ્ધ

જનોના મનનું રંજન કરનાર છે, તો આ શ્રી ભગવતીજી સૂત્રની પદપદ્ધતિ–ચાલ પણ પ્રબુદ્ધ જનોના મનનું રંજન કરનાર છે; જયકુંજર જે ઉપસર્ગોના નિપાતમાં ય અવ્યય સ્વરૂપવાળો છે, તો આ શ્રી ભગવતીજી સૂત્ર પણ એવું જ છે; જયકુંજરનો ઘોષ જે ગંભીર અને મનોહર છે, તો આ શ્રી ભગવતીજી સૂત્રનો ઘોષ પણ ગંભીર અને મનોહર છે; જયકુંજર જે લિંગ –વિભક્તિથી યુક્ત છે, તો આ શ્રી ભગવતીજી સૂત્ર પણ લિંગ–વિભક્તિથી યુક્ત છે; જયકુંજર જે સારા પ્રકારની કે સદાની પ્રસિદ્ધિવાળો છે, તો આ શ્રી ભગવતીજી સૂત્ર પણ સારા પ્રકારની કે સદાની પ્રસિદ્ધિવાળું છે; જયકુંજર જે સલ્લક્ષણવાળો છે, તો આ શ્રી ભગવતીજી સૂત્ર પણ સલ્લક્ષણોએ સહિત છે; જયકુંજર જે દેવતાધિષ્ઠિત છે, તો આ શ્રી ભગવતીજી સૂત્ર પણ દેવતાધિષ્ઠિત છે; અને જયકુંજર જે સુવર્ણમંડિત ઉદ્દેશકવાળો છે, તો આ શ્રી ભગવતીજી સૂત્ર પણ સુવર્ણમંડિત ઉદ્દેશકોવાળું છે; આટઆટલાં વિશેષણો આપવા છતાં પણ, હજુ તો ઘણાં વિશેષણો બાકી છે. તો આની આટલી બધી સ્તવના કેમ ? ખરેખર, આ શ્રી ભગવતીજી સૂત્ર જ એવું છે કે–આની જેટલી સ્તવના કરાય તેટલી ઓછી છે. આ સૂત્રની ગુણસમ્પન્નતા એવી છે કે– એ જેના ખ્યાલમાં આવે, તેને આ સૂત્રની પ્રશંસા કરવાનું મન થયા વિના રહે નહિ અને એ પ્રશંસાથી પણ પ્રશંસા કરનારનું કલ્યાણ થયા વિના રહે નહિ. તારક ચીજોમાં એ ગુણ હોય છે કે–જે એની સાચા ભાવે પ્રશંસા કરે, તેને પણ એ તારે ! પ્રશંસા, એ અનુમોદનાનો જ પ્રકાર છે. સારા માણસની, સારા સાધનની અને સારી ક્રિયાની સાચી ને

શુદ્ધ અનુમોદનામાં પણ તારવાની અસાધારણ તાકાત રહેલી છે; પણ સાચી ને શુદ્ધ પ્રશંસા કરાવે એવું શુદ્ધ દિલ પણ વિરલ વ્યક્તિઓને જ સાંપડે છે.

મોહરાજાને દિલમાંથી કાઢીને દાઢમાં ઘાલવાનું સામર્થ્ય આ જ્ઞાનથી આવે છે :

જે સૂત્રની પ્રશંસામાં પણ આટલી બધી તાકાત હોય, તે સૂત્રનું જ્ઞાન જેના હૈયામાં પરિણત થઈ જવા પામે, તેના કલ્યાણમાં તો શંકા રાખવાની હોય જ શેની ? આ સૂત્રનું જ્ઞાન જેના હૈયામાં પરિણત થઈ જાય, તેની સમીપમાં મોહરાજાને આવવું પણ ભયકારક લાગે છે. મોહરાજા સમજે છે કે—અહીં હવે આપણાથી ટકી શકાવાનું નથી. આણે આપણને દિલમાંથી કાઢીને દાઢમાં ઘાલ્યા છે, એમ મોહરાજાને થાય છે. દિલમાંથી કાઢીને દાઢમાં ઘાલ્યા—એનો અર્થ સમજો છો ? જ્યારે કોઈ મિત્ર રૂપ, સ્વજન રૂપ, ઉપકારી રૂપ લાગતો હોય છે, ત્યારે શું થાય છે ? એનું સ્થાન દિલમાં હોય છે. એ આંખ સામે ન હોય, દૂર હોય, પણ દિલ તેની ચાહના કર્યા કરતું હોય. જ્યાં સુધી માણસના હૈયામાં વિવેક નથી પ્રગટતો, ત્યાં સુધી મોહરાજાને માટે એવું જ બને છે. એ માણસનું દિલ મોહરાજાની ચાહના કર્યા જ કરતું હોય છે. મોહરાજા જ પોતાના સુખનું સાધન છે, એમ એને લાગ્યા કરતું હોય છે. પણ જ્યાં વિવેક પ્રગટવા માંડે છે, એટલે એના એ જ માણસને થાય છે કે—આ જ મારો મોટામાં મોટો દુશ્મન છે. આણે જ મને આજ સુધી અંધારામાં રાખીને ફોલી ખાધો. આણે જ મને પાયમાલ કરી નાખ્યો. આણે મને આટલો બધો બરાબ

કરી નાખ્યો, છતાં પણ મને તો એમ જ લગાડ્યા કર્યું કે–એ જ મારો ખરેખરો મિત્ર છે. હું પણ કેવો મૂર્ખ, કે એને ઓળખી શકયો નહિ ? જેમ તમને કોઈ દગાખોર મિત્ર મળે અને તમને પાયમાલ કરી નાખે, તો જ્યારે તમે એને ખરા રૂપમાં ઓળખો છો, ત્યારે શું થાય છે ? એના ઉપર કેટલો ગુસ્સો આવે છે ? માણસ એવા મિત્રને પાયમાલ કરી નાખવાની તકને શોધતો ફરે છે. એને માટે કહેવાય છે કે–આણે અમુકને દાઢમાં ઘાલ્યો છે. એમ વિવેકી આત્મા પણ મોહરાજાને મારવાની તકને શોધતો ફરે છે. એટલે એમ કહેવાય કે–એણે મોહરાજાને દિલમાંથી કાઢીને દાઢમાં ઘાલ્યો છે. સંસારમાં કોઈ પણ જીવ વિશેષને એમ દાઢમાં ઘાલવાથી નુકશાન થાય છે, પોતાને વૈરભાવથી અવશ્ય નુકશાન થાય છે, જ્યારે મોહરાજાને દાઢમાં ઘાલવાથી ફાયદો જ થાય છે. એથી, વૈરભાવ વધતો નથી પણ વિનાશને પામતો જાય છે. શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાન જેના હૈયામાં પરિણત થઈ જાય, તે મોહરાજાને દિલમાંથી કાઢીને દાઢમાં ઘાલનારો બનેલો કહેવાય. તેની સમીપમાં મોહરાજાને આવવું પણ ભયકારક લાગે, કારણ કે–અહીં હવે આપણાથી ટકાવાનું નથી, એવી ખાત્રી મોહરાજાને થઈ ગઈ હોય છે. કેટલીક વાર જે પદાર્થ દાંતથી પણ ભાંગી શકે નહિ, દાંતથી પણ જેના ચુરા થઈ શકે નહિ, તેવા પણ પદાર્થને દાઢ પોતાની વચ્ચે દબાવીને તેના ચૂરેચૂરા કરી નાખે છે. એ માટે, દાંતમાં ઘાલ્યો નથી કહેવાતો, પણ દાઢમાં ઘાલ્યો એમ કહેવાય છે. મોહરાજાને દાઢમાં ઘાલ્યા વિના કોઇનું ય કલ્યાણ થયું નથી અને કોઇનું કલ્યાણ થવાનું પણ નથી. તમારો શો વિચાર છે ?

મોહરાજાનો માર ખાનારા આત્માઓ અને મોહરાજાના મારથી બચી જનારા આત્માઓ :

જેના હૈયામાં આ શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાન પરિણામ પામી જાય છે, તેનું દિલ મોહમાં જામતું જ નથી. પૂર્વની અનાદિકાલીન સંગતિને લીધે કોઈ વાર ભૂલ થઈ જાય, તો ય દિલ કકળી ઉઠે છે. એવા આત્માને દુન્યવી સુખ ભોગવવા જેવું લાગે નહિ. દુન્યવી સુખથી પણ એ, માણસ જેમ દુશ્મનને જૂએ ને ડરે, એ પ્રકારે ડરે. એના હૈયામાં તો મુક્તિસુખ રમમાણ હોય. ‘ કયારે હું આ બધાથી છૂટું અને કયારે હું મોક્ષસુખનો ભોક્તા બનું ’–એમ એને થયા કરતું હોય. કહેવાય છે કે–

‘ સુરનરસુખ જે દુઃખ કરી લેખવે,
વંછે શિવસુખ એક.’

આવા આત્માઓ જ મોહરાજાના મારમાંથી બચી જઈ શકે છે અને મોહરાજાને મારી શકે છે. જેના હૈયામાં સંસાર-સુખ રમી રહ્યું છે, તે તો માર જ ખાય છે. તમે કહેશો કે– ‘ ત્યારે શું અમે પણ માર ખાનારા ?’ અમે તો કહીએ કે– તમારા હૈયાને જ પૂછો ને ! તમારા હૈયામાં જો સંસારસુખ રમી રહ્યું હોય, તમને જો સંસારસુખ જ ગમી રહ્યું હોય, તો તમે પણ માર ખાનારા જ ! તમે કે અમે; જેના હૈયામાં સંસારસુખ ગમતું છે, તે માર ખાય એમાં નવાઈ નથી. જેના હૃદયમાં અમુક અમુક સંયોગોમાં, પાપના ઉદયે સંસારસુખ રમતું પણ હોય, પણ જો એ ગમતું ન હોય, તો જેને એ ગમે છે તેને જેટલો માર ખાવો પડે, એટલો માર એને ખાવો

પડે નહિ. સમ્યગ્દૃષ્ટિ આત્માને પાપનો બંધ ઓછો થાય છે, કારણ કે–એને સંસાર ગમતો નથી; એના દિલમાં ગમતાપણું મોક્ષસુખનું છે; કયારે સંસારને છોડું અને કયારે મારા આત્માને મુક્તિમાં જોડું–એ ભાવનામાં એ રમમાણ–તલ્લીન હોય છે. એ ભાવનાથી એને નિર્જરાનો લાભ થાય છે તેમ જ બીજાઓ જે પાપક્રિયા કરે તે જ પાપક્રિયા જો સમ્યગ્દૃષ્ટિ કરે તો તેને એનાથી પાપબંધ ઘણો ઓછો થાય છે. સમ્યગ્દૃષ્ટિ એટલે વિવેક દૃષ્ટિવાળો આત્મા. એને જડનો અને ચેતનનો વિવેક હોય. હેય–ઉપાદેયનો એને વિવેક હોય. જડ સંયોગ છે વિનાશી. ચેતન છે અવિનાશી. સમ્યગ્દૃષ્ટિ આત્માનો પ્રયત્ન કરવાનો ભાવ અવિનાશી માટે હોય, પણ વિનાશી માટે ન હોય. વિનાશી પદાર્થો બાજૂમાં પડ્યા હોય અને એ મેળવતો–રાખતો–સાચવતો–વાપરતો પણ હોય, તે છતાં પણ એને એ હેય જ લાગે. એ વિષયમાં રમતો લાગતો હોય ત્યારે પણ એનું હૃદય વસ્તુતઃ વિષયમાં રમતું ન હોય. સંસારમાં રહેવું પડે એવું હોય માટે એ રહે તો ય ઉદાસીન ભાવે રહે, પણ રહેવાથી રાજી ન થાય. ન છૂટકે રહે. રહે છતાં કચવાતો રહે. શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાન, સંસારમાં રહેલા જીવ ઉપર પણ, આવી અજબ અસર ઉપજાવે છે.

સૂત્રજ્ઞાનથી મુનિને લાભ કેવો?

સંસારમાં રહેલા જીવને શ્રી ભગવતીજી સૂત્રનું જે જ્ઞાન થાય, તે તો સદ્‌ગુરૂઓના શ્રીમુખે સૂત્રના અર્થને અને ભાવને સાંભળવાથી થાય. શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાન સૂત્રથી તો મુનિમાં જ હોય. મુનિઓમાં પણ જે જઘન્યથી ય ગીતાર્થ

હોય, જેણે યોગોદ્વહન કરેલ હોય, વિહિત નિયત તપશ્ચર્યાદિ કરેલ હોય, તે અધિકારી છે. એ સિવાયના મુનિઓ પણ અધિકારી નથી, એવી શાસ્ત્રની આજ્ઞા છે. સમ્યગ્દૃષ્ટિ શ્રાવક પણ જો પાપથી ડરનાર હોય છે, તો સમ્યગ્દૃષ્ટિ સાધુ પાપથી વધારે પ્રમાણમાં ડરનાર હોય. પાપની ભીતિ જોરદાર બની, માટે સાધુ બન્યા ને ? પાપ કરવું ખમાયું નહિ અને પાપ યોગોને તજવાની તાકાત પ્રગટી, એટલે સાધુ થયા ને ? એવા સાધુ, આજ્ઞા વિના તો આ સૂત્રને વાંચે જ કયાંથી ? આ પ્રમાણેના અધિકારી જે સાધુએ આ શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાન સૂત્રથી પણ પ્રાપ્ત કર્યું હોય, તે સાધુ તો સંસારમાં એટલે કર્મસહિતપણાવાળી અવસ્થામાં બેઠેલા હોવા છતાં પણ, મોક્ષસુખની ઝાંખીને અનુભવતા હોય ને ? શ્રી ભગવતીજી સૂત્રનું સૂત્રથી, અર્થથી અને ભાવથી જ્ઞાન થયું હોય અને પછી એનું ચિન્તન હોય, તો એવા મુનિના આત્માથી એને લાગેલાં કર્મો થરથરી થરથરીને વિખૂટાં પડી જવા માંડે. એવા મુનિથી, ક્ષપકશ્રેણિનું અન્તર્મુહૂર્ત્ત, લાંબા કાળને માટે છેટું રહી શકે નહિ.

૧૧–હાથીનું ને સૂત્રનું આચરણ :

જયકુંજરની જેમ શ્રી ભગવતીજી સૂત્રનું નાનાવિધ, અદ્‌ભુત ને પ્રવર આચરણ છે :

આપણે હવે નવમા વિશેષણ સંબંધી વિચાર કરીએ. નવમા વિશેષણ તરીકે, ટીકાકાર મહર્ષિએ જેમ જયકુંજરના ચરિતના ગુણોનું વર્ણન કર્યું છે, તેમ શ્રી ભગવતીજી સૂત્રના ચરિતના ગુણોનું પણ વર્ણન કર્યું છે. આ બધાં વિશેષણો એવાં છે કે–જ્ઞેયની મહત્તા સિદ્ધ કરે. શ્રી ભગવતીજી સૂત્રને જયકુંજરની ઉપમા આપીને વર્ણન કર્યું છે, એટલે જયકુંજરની મહત્તા સિદ્ધ થયેલી હોય, તો જ શ્રી ભગવતીજી સૂત્રની મહત્તા સિદ્ધ થઈ શકે; કારણ કે–જયકુંજરમાં જેમ આ છે અગર અમુક છે, તેમ ભગવતીજી સૂત્રમાં પણ એ અમુક પ્રકારે છે, એ પદ્ધતિથી અહીં ટીકાકાર મહર્ષિએ શ્રી ભગવતીજી સૂત્રની મહત્તાને વર્ણવવાની સાથે શ્રી ભગવતીજી સૂત્રની ઓળખ આપી છે. એમાં નવમા વિશેષણ તરીકે ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–

" नानाविधाद्‌भुतप्रवरचरितस्य "

એટલે કે–જયકુંજરનું આચરણ જેમ અનેક પ્રકારનું, આશ્ચર્યકારક અને શ્રેષ્ઠ હોય છે, તેમ શ્રી ભગવતીજી સૂત્રનું આચરણ પણ અનેક પ્રકારનું, આશ્ચર્યકારક અને શ્રેષ્ઠ છે.

જયકુંજર પક્ષે આ વિશેષણથી મુંઝવણ :

જો સમજપૂર્વક વિચાર કરવામાં આવે, તો આ વિશેષણમાં ટીકાકાર મહર્ષિએ ચરિતના જે ત્રણ ગુણો કહ્યા છે, તે ત્રણેય ગુણો પ્રત્યેક જયકુંજરના ચરિતને પણ ઘટી શકે તેમ છે અને શ્રી ભગવતીજી સૂત્રને પણ ઘટી શકે તેમ છે; પણ જો સમજમાં ખામી હોય કે વિચાર કરવાની શક્તિમાં ખામી હોય, તો આ વિશેષણને જોતાં મુંઝવણમાં મૂકાઈ જવાય–એ બનવાજોગ છે. એવી મુંઝવણ ઉભી થઈ જાય કે–જયકુંજરનું આચરણ અનેક પ્રકારનું કેમ હોય ? એ અનેક પ્રકારનું હોય, તો પણ એને અદ્‌ભુત કેમ કહેવાય ? જયકુંજરનું આચરણ અનેક પ્રકારનું હોવું જોઈએ, તે પાછું અદ્‌ભુતેય હોવું જોઈએ અને નાનાવિધ ને અદ્‌ભુત એવું તે આચરણ શ્રેષ્ઠ પણ હોવું જોઈએ, એ બને જ શી રીતિએ ? આવી મુંઝવણ ઉભી થઈ જવા પામે અને પછી જ્યારે વાંચનાર પોતાની સમજશક્તિની ખામીને લીધે અને વિચારશક્તિની ખામીને લીધે એ મુંઝવણનો નિકાલ લાવવામાં નિષ્ફલ નિવડે, ત્યારે એ જેમ ફાવે તેમ ગોઠવીને અર્થ કરવાને મથે અને એથી એમાં ઘણા લોચા વાળવા પડે. પછી જયકુંજરનું ચરિત અનેક પ્રકારનું છે, એ વાતને બદલીને ઘણા જયકુંજરોનાં ચરિત્રોની અપેક્ષા લે અને એમ અનેક પ્રકારોને વર્ણવે. એમ કરીને પણ આચરણની અદ્‌ભુતતા બતાવતાં મુંઝાય, એટલે કોઈ કોઈ હાથીએ અદ્‌ભુત આચરણ કરેલ હોય છે, એવી કોઈ વાત ઉપર એને જવું પડે. પછી શ્રેષ્ઠતા બતાવવામાં પણ એવું જ કાંઇક કહે કે–સામાન્ય હોય તો તે પણ શ્રેષ્ઠ આચરણ કહેવાય.

શ્રી ભગવતીજી સૂત્ર પક્ષેય આ વિશેષણથી મુંઝવણ :

જયકુંજરની વાતમાં જે આવા લોચા વાળે, તે શ્રી ભગવતીજી સૂત્રની વાતમાં પણ લોચા વાળે, એમાં તો નવાઈ પામવા જેવું છે જ નહિ, કારણ કે–એને સૌથી પહેલી મુંઝવણ જ એ થાય કે–શ્રી ભગવતીજી સૂત્રનું વળી આચરણ કેવું ? શ્રી ભગવતીજી સૂત્રનું આચરણ હોય જ નહિ, એમ એને લાગે. જો એ શ્રી ભગવતીજી સૂત્રના આચરણને બરાબર શોધી શકે, તો તો એને લાગે કે–એ અનેક પ્રકારનું પણ છે, આશ્ચર્યકારક પણ છે અને શ્રેષ્ઠ પણ છે; પણ શ્રી ભગવતીજી સૂત્રના આચરણને નહિ શોધી શકવાથી, આ શ્રી ભગવતીજી સૂત્રમાં કોનાં કોનાં અને કેવાં કેવાં ચરિત્રો વર્ણવાએલાં છે, એ કલ્પના તરફ એ દોડે. એ કલ્પના તરફ દોડીને પણ, એ, શ્રી ભગવતીજી સૂત્રમાં આવતી ચરિતકથાઓ અદ્‌ભુત છે અને પ્રવર પણ છે, એમ કહી શકે નહિ : કારણ કે–શ્રી ભગવતીજી સૂત્રમાં તો ગોશાળા જેવા ભગવાનને ઉપદ્રવકારી બનેલાની અને જમાલી જેવા નિહ્નવની પણ ચરિતકથાઓ છે. પરન્તુ ખરી સ્થિતિ એ છે કે–' જેનું ચરિત નાનાવિધ, અદ્‌ભુત અને પ્રવર છે '–એ વાત પ્રત્યેક જયકુંજરમાં પણ યથાયોગ્યપણે ઘટી શકે એવી છે અને શ્રી ભગવતીજી સૂત્રમાં પણ યથાયોગ્યપણે ઘટી શકે એવી છે. એમાં, વસ્તુતઃ મુંઝાવા જેવું કાંઈ છે જ નહિ.

' જય 'ને આશ્રિત જયકુંજરનાં અનેકવિધ આચરણો– અદ્‌ભુત પણ ખરાં અને પ્રવર પણ ખરાં :

આપણે પહેલાં તો, જયકુંજરને અંગે આ વાતનો વિચાર કરીએ. આપણે જોઈએ કે–જયકુંજરનું આચરણ કયી રીતિએ

અનેક પ્રકારનું, અદ્‌ભુત અને શ્રેષ્ઠ હોય છે. આપણે વિચારી આવ્યા છીએ કે–જયકુંજરમાં ‘ જય ’ને આશ્રયી ચાર પ્રકારની શક્તિઓ હોય છે. પોતાના શત્રુથી પોતે પરાભવને નહિ પામવો–એવું પણ જયકુંજરનું આચરણ હોય છે અને પોતાના શત્રુને પરાભવ પમાડીને પોતે જય મેળવવો–એવું પણ જયકુંજરનું આચરણ હોય છે; એ જ રીતિએ, પોતાના માલિકને શત્રુથી પરાભવ પામવા દેવો નહિ–એવું પણ જયકુંજરનું આચરણ હોય છે અને પોતાના માલિકના શત્રુ ઉપર માલિકને જય અપાવવો–એવું પણ જયકુંજરનું આચરણ હોય છે. પોતે જીતાવું નહિ અને સામાને જીતવો–એ બેમાં ફેર છે. જે અજેય હોય, તે વિજેતા પણ હોય જ–એમ કહી શકાય નહિ. કહેવું હોય, તો એમ કહેવાય કે–જે અજેય હોય તે વિજેતા પણ બની શકે. એ જ રીતિએ, પોતે જીતાવું નહિ અને સામાને જીતવો–એ જૂદી વાત છે, જ્યારે પોતાના માલિકને જીતાવા દેવો નહિ અને પોતાના માલિકને જીતાડવો–એ જૂદી વાત છે. જયકુંજરનું આ ચારેય પ્રકારનું આચરણ હોય છે, એટલે આટલા એના આચરણને અનુલક્ષીને પણ કહી શકાય કે–જયકુંજરનું ચરિત અનેક પ્રકારનું હોય છે. આટલું છતાં પણ, કોઈ કદાચ એવું પણ કહે કે–“ ચારેય આચરણોની વાત આખર તો આવીને ‘ જય ’માં જ સંગૃહીત થઈ જાય છે, માટે જયકુંજરના ચરિતને અનેક પ્રકારનું કહેવાને માટે, તેનું કાંઈક વધુ આચરણ બતાવવું જોઈએ. ” આવા પ્રકારનું કહેનારને પણ સંતોષ થાય, એ માટે આપણે વધુ વાત જરૂર કરીશું, પરન્તુ તે પહેલાં એ વાત તો નક્કી કરી લો કે–જયકુંજરનાં જે ચાર પ્રકારનાં આચરણોની વાત

કરવામાં આવી, તેમાં અદ્‌ભુતતા અને શ્રેષ્ઠતા છે કે નહિ ? કહેવું જ પડશે કે–એ આચરણો અવશ્ય અદ્‌ભુત પણ છે અને શ્રેષ્ઠ પણ છે.

અદ્‌ભુતતા :

જયકુંજરનાં એ ચાર પ્રકારનાં આચરણોની વાતને વાંચતાં કે સાંભળતાં, માણસને થાય કે–આવી અદ્‌ભુત શક્તિ ? આ વાતને વાંચતાં કે સાંભળતાં માણસના મનમાં જરૂર આશ્ચર્ય પેદા થાય કે–પોતે જીતાય નહિ, પોતાને જીતવાને માટે આવેલાને જીત્યા વિના રહે નહિ, પોતાના માલિકને દુશ્મનથી જીતાવા દે નહિ અને પોતાના માલિકના દુશ્મનને યુદ્ધમાં જીત્યા વિના રહે નહિ, એમ ? આવું અદ્‌ભુત સામર્થ્ય ? અરે, આવી વાતને જાણતાં, રાજા આદિકને તો એમ પણ થઈ જાય કે–' આપણે હરકોઈ પ્રયત્ને અને હરકોઈ ભોગે પણ આવા જયકુંજરને મેળવી શકીએ તો સારૂં ! ' ' જય ' સંબંધી જયકુંજરનાં આ આચરણો એવાં તો અદ્‌ભુત છે કે–મૂર્ખાઓના મનમાં કદાચ એવી પણ વિચારણા આવી જાય કે–આવી શક્તિ હાથીમાં હોય, એવું તે બનતું હશે ? જેમ કેટલાક એવા પણ પાકયા છે કે–જેઓ સર્વજ્ઞપણાને સંભવિત જ માનતા નથી. એક પણ માણસ સર્વજ્ઞ બની શકે–એ વાત એમને જચે જ નહિ. એમ આ વાતમાં ય થાય કે–ક્યાં તો જયકુંજર એ કાલ્પનિક વસ્તુ અને ક્યાં તો એનું આવા પ્રકારનું આચરણ હોય છે-એવું કથન જ કાલ્પનિક ! આવું થાય તો અજ્ઞાનથી જ, પણ જયકુંજરના આચરણના અદ્‌ભુતપણાની વાતને લીધે જ એમ

થાય ને ? સામાન્યપણે જે સંભવિત લાગે નહિ, તેને અદ્‌ભુત કહેવાય; કારણ કે–સામાન્યપણે જે સંભવિત હોય તેમાં આશ્ચર્યને પેદા કરવાની શક્તિ નથી હોતી, જ્યારે સામાન્યપણે જે સંભવિત હોય નહિ તેમાં આશ્ચર્યને પેદા કરવાની શક્તિ હોય છે. એટલે જયકુંજરનાં ' જય ' સંબંધી જે આચરણોને આપણે જોયાં, તે આચરણો અદ્‌ભુત તો છે જ.

પ્રવરતા :

હવે એ વિચારો કે–એ આચરણો પ્રવર પણ છે કે નહિ ? જે અદ્‌ભુત હોય, તે પ્રવર પણ હોય–એવો નિયમ નથી. ઘણાં ખરાબ કામો પણ સીફતથી કરી શકનાર અને શાહુકારા તરીકે ફરી શકનારા માણસને પણ ' અદ્‌ભુત માણસ ' તરીકે ઓળખાવાય છે. એટલે અદ્‌ભુત પણ માણસ અથવા તો અદ્‌ભુત પણ આચરણ જો પ્રવર હોય, શ્રેષ્ઠ હોય, તો જ તેની કિંમત ગણાય. ' જય 'ની અર્થી દુનિયા તો, ' પોતે જીતાવું નહિ અને પોતાની સામે આવેલા દુશ્મનને જીતી લેવો '–એ બન્ને ય પ્રકારના આચરણને શ્રેષ્ઠ આચરણ તરીકે જ માનનારી છે. કૉર્ટમાં દાવો લડનાર, જો સામાથી પોતે હારતો નથી તો પણ, મૂછ ઉપર તાલ દે છે અને જ્યારે એ સામાને હરાવીને પોતે જીતી જાય છે, ત્યારે તો એની ખૂમારી ઓર વધી જાય છે, કારણ કે–એ એને શ્રેષ્ઠ આચરણ રૂપે માને છે. તમને કોઈ આવો અનુભવ થયો છે કે નહિ ? તમને ય, આવા તો ઘણા નાના–મોટા અનુભવો થયા હશે. આવા અનુભવો, માણસ, સામાન્ય પ્રકારની વિવાદાત્મક વાતમાં પણ કરે છે. આમ છતાં ય, કોઈ માણસ પોતાની બુદ્ધિને લડાવીને, ' પોતે જીતાય નહિ અને

સામે આવેલા દુશ્મનને જીતી લે'–એ આખર તો સ્વાર્થ પૂરતી જ વાત છે ને ?–આવું કહીને, એવા આચરણને પ્રવર કહેવામાં કાંઈ નહિ તો છેવટ અન્તરાય તો ઉભો કરી શકે ને ? 'નહિ જીતાવું અને જીતવું'–એમાં આપણે પરાક્રમ બતાવીએ, તો પણ એ તો એ જ વાતને આગળ ધરે કે–પરાક્રમનો ઉપયોગ તો સ્વાર્થ માટે જ ને ? ત્યારે એવાને ય કબૂલ કર્યા વિના ચાલી શકે નહિ–એવા જયકુંજરના આચરણને આગળ ધરવું હોય, તો એને પછીના આચરણની વાત કરવી પડે. જયકુંજર પોતાના માલિકને દુશ્મનથી જીતાવા દે નહિ અને પોતાના માલિકના દુશ્મનને યુદ્ધમાં પરાભવ પમાડે, એવું જે જયકુંજરનું આચરણ, તે તો શ્રેષ્ઠ જ છે–એમ પેલાને પણ કબૂલ કરવું પડે. આમાં તો સ્વાર્થને બદલે માલિકની સેવા છે, વફાદારીપૂર્વકની અને સામાન્યતઃ બીજો કોઈ ન કરી શકે એવી માલિકની સેવા છે, એટલે જયકુંજરના આવા આચરણને તો શ્રેષ્ઠ તરીકે કબૂલ્યા વિના ગમે તેને પણ ચાલી શકે નહિ.

જયકુંજર અંગે દુન્યવી દૃષ્ટિએ જ વિચારણા થાય :

જો કે–પોતે જીતાવું નહિ અને દુશ્મનને જીતવો, એવા સામર્થ્યનું દુનિયામાં મહત્ત્વ ઘણું છે, માટે એને પ્રવર આચરણ તરીકે કહેવામાં વાંધો આવે તેવું છે જ નહિ, કારણ કે–જયકુંજરના ચરિતની નાનાવિધતાનો કહો, અદ્‌ભુતતાનો કહો કે પ્રવરતાનો કહો, તે ત્રણેય પ્રકારનો વિચાર માત્ર દુન્યવી દૃષ્ટિએ જ કરવાનો છે. જયકુંજરનું મહત્ત્વ દુન્યવી દૃષ્ટિએ જ છે, જ્યારે શ્રી ભગવતીજી સૂત્રનું મહત્ત્વ આધ્યાત્મિક દૃષ્ટિએ છે. જયકુંજરનું મહત્ત્વ દુન્યવી દૃષ્ટિએ છે, માટે તો શ્રી ભગવતીજી

સૂત્રનું આધ્યાત્મિક દૃષ્ટિનું મહત્ત્વ બતાવવાને માટે, ટીકાકાર મહર્ષિએ જયકુંજરને ઉદાહરણ રૂપે ગ્રહણ કરેલ છે. જેમ સુશ્રાવકને શાસ્ત્રને સાંભળવાનો જે રસ, તે કેવો હોય–એનો ખ્યાલ આપવાને માટે, કામી જનનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. વિષયોનો ભોગવટો કેવા કેવા પ્રકારે થાય–એનું જેને જ્ઞાન હોય, જેની વય પણ યુવાન હોય, જેના રૂપ–લાવણ્ય ને સામર્થ્યમાં ખામી ન હોય, ઉત્તમોત્તમ પ્રકારની ભોગસામગ્રીનો યોગ જેને હોય અને જે વિચક્ષણ સુંદર સુંદરી સહ હોય–એવો માણસ, સ્વર્ગની અપ્સરાઓ દ્વારા ગવાતા ગીતને જેવા રસથી સાંભળે, તેના કરતાં પણ અધિક રસથી સમ્યગ્દૃષ્ટિ સુશ્રાવક શાસ્ત્રનું શ્રવણ કરે. આવા વિષયમાં, એવા કામી જનનું ઉદાહરણ કેમ આપ્યું ? તો કે–એ ચીજ દુન્યવી સુખના અનુભવીઓને ઝટ ગમ્ય થાય એવી છે અને શ્રવણરસની ઉત્કટતાને જણાવવાને માટે, એથી અધિકતાને જણાવે–એવું ઉદાહરણ દુનિયામાં બીજું કોઈ મળી શકે એવું નથી, માટે કામી જનનું ઉદાહરણ આપ્યું. એ વિવેચન ચાલે, ત્યારે કામી જનના માત્ર શ્રવણરસને આશ્રયીને જ વાત થાય; તેમ જયકુંજરના મહત્ત્વની વાત પણ દુન્યવી દૃષ્ટિએ થાય. આવું જે સમજે, તેને તો 'પોતે જીતાવું નહિ અને સામે આવેલા દુશ્મનને જીતી લેવો'–એવું જે જયકુંજરનું આચરણ હોય છે, તે પણ 'પ્રવર' આચરણ છે–એમ લાગ્યા વિના રહે નહિ.

આધ્યાત્મિક દૃષ્ટિએ જયની વિચારણા :

આધ્યાત્મિક દૃષ્ટિએ વિચાર કરો તો, આન્તર શત્રુઓને આશ્રયીને જેનું આચરણ આવા પ્રકારનું હોય કે–'કોઈ પણ

આન્તર શત્રુને જીતવા દે નહિ અને જે કોઈ આન્તર શત્રુ જોર કરવા જાય તેને જીતી લે'–તેના તે પ્રકારના આચરણને પણ અદ્‌ભુત અને પ્રવર જ કહેવાય. એ માણસ જ્યારે બીજા ઉપર એવો પ્રકારનો ઉપકાર કરે, ત્યારે જ એનું એ ઉપકાર રૂપ આચરણ અદ્‌ભુત અને પ્રવર કહેવાય–એવું નહિ. એવા ઉપકારનું આચરણ તો અદ્‌ભુત અને પ્રવર છે જ; પરન્તુ માત્ર પોતે પોતાના આન્તર શત્રુઓને જીતવા દે નહિ અને જ્યારે જ્યારે એ આન્તર શત્રુઓ જોર કરે ત્યારે ત્યારે એના ઉપર પોતે જય જ મેળવે, તો માણસનું એ આચરણ પણ અદ્‌ભુત અને પ્રવર છે. જગતમાં જીવોનો મોટો ભાગ આન્તર શત્રુઓને વશ જ હોય છે. ઘણા જીવો તો, આન્તર શત્રુઓની જ ગુલામી કરતા હોય છે. એમાં, કોઈ કોઈ જીવો આન્તર શત્રુઓને તાબે રહ્યા વિના, સદાચારના માર્ગે ચાલવાનો પ્રયાસ કરતા હોય છે. એવા થોડા જીવોમાં પણ, એવા જીવો તો બહુ જ થોડા હોય છે કે–આન્તર શત્રુઓ જ્યારે હુમલો કરે, તે વખતે પોતે હારે નહિ અને આન્તર શત્રુઓને હરાવી દે. આન્તર શત્રુઓના પરિચયને જેઓ સમજતા હોય, એ શત્રુઓને જીતવાની જેમને જરૂર લાગતી હોય, તેઓને આ વાત ઝટ ખ્યાલમાં આવે કે–આન્તર શત્રુઓને તાબે રહ્યા વિના સદાચારના માર્ગે જીવવું તથા આન્તર શત્રુઓ હુમલો કરે ત્યારે આન્તર શત્રુઓને તાબે નહિ થતાં, તેમને હંફાવીને હરાવી દેવા–એ કોઈ અસાધારણ–અદ્‌ભુત આચરણ છે અને એવું આચરણ પ્રવર તરીકેની ગણનામાં ગણવા યોગ્ય છે. આન્તર શત્રુઓ ઉપર વિજય મેળવવાને માટે મથતો હોય અને તેમ છતાં પણ વારંવાર જે તેમાં પરાજય પામતો હોય, તેને

આ વાતનો ઝટ ખ્યાલ આવે; કારણ કે–આન્તર શત્રુઓ ઉપર વિજય સાધવાને નીકળેલાઓમાં પણ, આન્તર શત્રુઓના હુમલાથી હારી જનારાઓ ઘણા હોય છે. તમને આ વાતનો કેટલો અનુભવ છે, એ તો શી રીતિએ કહી શકાય? પરન્તુ વિવેકી સુશ્રાવકોને તો જરૂર આ વાતનો થોડો–ઘણો અનુભવ હોય છે. પછી મુનિઓના અનુભવની તો વાત જ શી કરવી?

ચાલ રૂપ આચરણમાં પણ–

અદ્‌ભુતપણું અને પ્રવરપણું રહેલું છે:

જયકુંજરનું જે તેની ચાલ રૂપ આચરણ, તે પણ અદ્‌ભુત અને પ્રવર વિશેષણને યોગ્ય હોય છે. રણમાં જ્યારે એ માલિકને પીઠ ઉપર લઈને ઘુમતો અને ઝુમતો હોય છે, ત્યારે એની ચાલ અદ્‌ભુત હોય છે. હજારો દુશ્મન સૈનિકોની વચ્ચે જ્યારે એ જાય છે, ત્યારે પણ એની ચાલ અદ્‌ભુત હોય છે.

તમને ખ્યાલ હોય, તો મહારાજા શ્રી કુમારપાલને એક વાર એમના બનેવી અરોણરાજની સામે યુદ્ધમાં ઉતરવું પડ્યું હતું.

અરોણરાજે જોયું કે–સીધી રીતિએ તો શ્રી કુમારપાલને જીતી શકાય તેમ નથી, એટલે એણે શ્રી કુમારપાલ મહારાજાના સૈનિકોને ફોડી નાખ્યા.

બીજે દિવસે યુદ્ધનું રણશીંગું ફુંકાયું. બે ય સેનાઓ સામ સામે આવીને ઉભી રહી. મહારાજા કુમારપાલ પોતે પણ હાથી ઉપર બેસીને યુદ્ધમાં ઉતર્યા છે.

તેમણે પોતાના સૈન્યને શત્રુદલ ઉપર હુમલો કરવાની આજ્ઞા કરી, પણ તેમણે જોયું કે–સૈન્ય તેમની આજ્ઞાને નહિ અનુસરતાં, જડવત્ એમનું એમ ઉભું છે.

એથી શ્રી કુમારપાલ જરા વિચારમાં પડી જાય છે. તેમને વિચારમાં પડેલા જોઇને, મહાવત કહે છે કે–' મહારાજ! શત્રુએ આખા સૈન્યને ફોડી નાખ્યું છે.'

શ્રી કુમારપાલ પૂછે છે કે–' તું કેમ છો?'

મહાવત કહે છે કે–' મહારાજ! આપ, હું ને આ હાથી –એ ત્રણ સ્થિર છીએ.'

શ્રી કુમારપાલ કહે છે કે–' તું ને હાથી વફાદાર છો, તો કાંઈ વાંધો નથી. ચલાવ હાથીને.'

એ વખતે શત્રુસૈન્યમાંથી સિંહનાદ કરાય છે અને એથી હાથીને ચલાવવાની ઘણી મહેનત કરવા છતાં પણ હાથી ચાલતો નથી. શ્રી કુમારપાલ શંકિત બની જાય છે, પણ મહાવત ખૂલાસો કરે છે કે–' સામેથી સિંહનાદ થઈ રહ્યો છે, માટે હાથી ચાલતો નથી.'

શ્રી કુમારપાલ તરત જ હાથીના બન્ને કાનમાં ડુચા મરાવે છે અને હાથીને વેગથી શત્રુસૈન્યમાં લઈ જવાની મહાવતને આજ્ઞા કરે છે.

આખા ય શત્રુસૈન્યને ભેદતો હાથી ચાલ્યો જાય છે અને અરાણુરાજની પાસે તે પહોંચતાં, શ્રી કુમારપાલ અરાણુરાજને પકડીને નીચે પટકી દે છે.

વિચાર કરો કે–એ વખતે હાથી કેવી ચાલે ચાલ્યો હશે? એની એ વખતની ચાલ કેવી અદ્‌ભુત હશે, એમ થાય છે ને? એ હાથી કાંઈ જયકુંજર નહિ હતો, સામાન્ય કોટિનો જ હાથી હતો, તે છતાં પણ તેની એ ચાલ જો અદ્‌ભુત હતી, તો જયકુંજરની ચાલ અદ્‌ભુત હોય, એમાં શંકા રાખવા જેવું છે જ શું? જયકુંજરનું તેની ચાલ રૂપ જે આચરણ, તે અદ્‌ભુત

હોય છે–એનો ખ્યાલ આવ્યા પછી, તે પ્રવર હોય છે–એવો ખ્યાલ આવવો, એ તો બહુ સહેલું છે. એની ચાલ એટલી બધી શ્રેષ્ઠ કોટિની હોય છે કે–સારામાં સારી ચાલે ચાલનારને ગજગતિએ ચાલનાર કહેવાય છે. કવિઓ પણ વર્ણન કરતાં સિંહ જેવી કટી, મૃગ જેવાં નયનો અને ગજ જેવી ગતિ, –એમ કહે છે. ઉત્તમ કોટિની સ્ત્રીઓના વર્ણનમાં 'ગજગામિની' એવું પણ વિશેષણ આવે છે. એટલે જયકુંજરનું તેની ચાલ રૂપ જે આચરણ, તે જેમ અદ્‌ભુત હોય છે, તેમ પ્રવર પણ હોય છે.

હાથી ચાલ્યો જાય ને કુતરાં ભસ્યાં કરે :

જયકુંજરની ચાલને લગતી એક બીજી વાત પણ ધ્યાનમાં લેવા યોગ્ય છે. દુનિયામાં કહેવત છે કે–'**હાથી ચાલ્યો જાય અને કૂતરાં ભસ્યે જાય.**' કુતરાંઓ ગમે તેટલાં ભસતાં હોય, તો પણ હાથી તેને ગણકારતો નથી. કુતરાંઓ સામે થવાની કે પાસે આવવાની હિંમત તો કરી શકતાં જ નથી, એટલે આજુબાજુમાં કે પાછળના ભાગમાં દૂર દૂર રહીને ભસ્યા કરે છે. હાથી એ તરફ કાંઈ પણ લક્ષ્ય આપ્યા વિના ચાલ્યો જ જાય છે. આ કહેવત યોજાઈ છે, માણસોને હિતશિક્ષા દેવાને માટે! સત્કાર્યમાં પ્રવૃત્ત થયેલાઓએ દ્વેષી, દુર્જન કે મૂર્ખ માણસો તે બાબતમાં ગમે તેમ બોલતા હોય, તો પણ તેને ગણકાર્યા વિના સત્કાર્ય કર્યે જવું. આવો બોધ આપવાને માટે 'હાથી ચાલ્યો જાય અને કુતરાં ભસ્યે જાય' –આવી કહેવત યોજાઈ છે. એટલે હાથીનું આચરણ પણ અદ્‌ભુત છે અને પ્રવર છે–એમ માનવું પડશે. કોઈ પૂછશે કે–આમાં અદ્‌ભુતતા શી? તો એનો ખુલાસો એ છે કે–

અરે, અદ્‌ભુતતા એ કે–એવા વખતે ભસનાર ઉપર આક્રમણ કરવાને દોડવું નહિ અને પોતાના મન ઉપર તેની કાંઈ પણ અસર થવા દેવી નહિ. બાકી તો, ઉશ્કેરાઈ જવાય ને? એની અદ્‌ભુતતાને સમજવી હોય, તો કલ્પના કરો કે–તમે અહીંથી નીકળીને ઘેર જાવ છો, તે વખતે હલકા માણસો તમને ગાળ દેતા દેતા તમારી આજુબાજુ અને પાછળ તમારી જોડે ચાલ્યા કરે, તો તમને કયાં સુધી ગુસ્સો આવે નહિ? કયાં સુધી તમે એના તરફ લક્ષ્ય જ આપો નહિ ને ચાલ્યા કરો? એવા વખતે સમજાય કે–કુતરાં બે બાજુએ અને પાછળ ભસ્યે જ જતાં હોય, છતાં હાથી શાંતિથી ચાલ્યો જાય, એ એનું આચરણ અદ્‌ભુત પણ છે અને પ્રવર પણ છે.

માન–પાન સંબંધી અને બીજાં પણ અનેક આચરણો અદ્‌ભુત તથા પ્રવર હોય છે:

જયકુંજરના ચરિતને જે નાનાવિધ એવું વિશેષણ આપ્યું છે, તેને અંગે જ જયકુંજરનાં વિવિધ આચરણોની આપણે વાત કરી રહ્યા છીએ. ઉપસર્ગોના સમયે પણ પોતાના અવ્યય સ્વરૂપને જાળવવા રૂપ જયકુંજરનું આચરણ, અદ્‌ભુત અને પ્રવરની કોટિમાં જાય એવું હોય છે. ઘોષ કરવા રૂપ જયકુંજરનું જે આચરણ, તે પણ અદ્‌ભુત અને પ્રવર હોય છે. હાથી જે રીતિએ ખાય–પીએ છે, તે રીતિમાં પણ અદ્‌ભુતતા અને પ્રવરતા રહેલી હોય છે. ખાવા–પીવાના એના આચરણમાં પણ અદ્‌ભુતતા અને પ્રવરતા હોય છે. તમે જે જાણતા હો, તો હાથી ખાય છે, તે પણ એવી ઉદાર રીતિએ ખાય છે કે–જાણે ઉદાર જીવ ખાઈ રહ્યો છે. પોતાને ખાવાને માટે

જે કાંઈ મૂકાયું હોય, તે બધું પોતે જ ખાઈ જતો નથી, પણ આજુબાજુ વેરીને એ ખાય છે. એ પીએ છે પણ એવી રીતિએ, કારણ કે–પોતે પીતાં પહેલાં પોતાના પીવાના પાણીને સૂંઢથી આજુબાજુ ઉડાડે છે ! એ ખાવામાં પણ ઘણું માન માગે છે. ઘણા આદરને મેળવીને એ પછી જ એ ખાય છે અને એથી કહેવાય છે કે–

"लाङ्गुलचालनमधश्चरणावपातं,
भूमौ निपत्य वदनोदरदर्शनं च ।
श्वा पिण्डदस्य कुरुते,
गजपुंगवस्तु चादुशतैश्च भुङ्क्ते ॥ १ ॥"

કવિ કહે છે કે–કુતરૂં ખાય છે તે દીન બનીને ખાય છે, જ્યારે ઉત્તમ કોટિનો હાથી ગૌરવભેર ખાય છે. વફાદારીનો ગુણ તો કુતરામાં ય છે અને હાથીમાં પણ છે, પણ કુતરાના ચરિતમાં અને હાથીના ચરિતમાં ઘણો મોટો, આભ–જમીન જેવો ફરક છે. ટુકડો રોટલો નાખનારની પાસે જઈને કુતરૂં પોતાની પૂંછડી પટપટાવે છે, પછી પગમાં જઈને નીચે પડે છે અને ભૂમિ ઉપર પડીને પણ પોતાના મોંઢાને અને પેટને દેખાડે છે. અતિ દીન અને અતિ હીન માગણ જ આવું કરે ને ? જ્યારે ઉત્તમ હાથી તો, એને ખવડાવનાર જ્યારે સેંકડો મનામણાં કરે છે ત્યારે ખાય છે. હાથીનું આ પણ એક પ્રકારનું અદ્‌ભુત અને શ્રેષ્ઠ ચરિત છે. નીતિશાસ્ત્ર કહે છે કે–**भोजने आदरः** । ભોજનમાં જોવાય શું ? કેટલી મીઠાઈ છે, કેટલાં શાક છે, કેટલી ચટણીઓ છે, કેટલા મસાલા છે, કેટલી વાનીઓ છે–એ વિગેરે ભોજનમાં જોવાય નહિ, પણ આદર જોવાય. જે ભોજન આદરપૂર્વકનું નહિ, તે ભોજન ચાહે તેટલું

ઉત્તમ હોય, તો પણ ખાનારને માટે અધમ જ છે અને ખવડાવનારના આદરવાળું જે ભોજન, તે બહુ જ સામાન્ય કોટિનું હોય તો પણ ખાનારને માટે ઉત્તમ છે. એટલે, નીતિ-શાસ્ત્રકારોના આ કથનનો અમલ, ઉત્તમ કોટિના હાથીમાં જોવાને મળે છે. નીતિશાસ્ત્રકારોના આ વચનનો અમલ, આજે માણસ જેવા માણસોમાં પણ ઘણે અંશે નથી દેખાતો, જ્યારે હાથી હોવા છતાં પણ એનામાં દેખાય છે. સારૂં સારૂં ખાવાની લાલચ વધી, એથી ‘ અનાદરથી ખાવા કરતાં તો ભૂખ્યા મરવું એ સારૂં છે ’–એવી વૃત્તિ નાશ પામી ગઈ. કયાંક જો સારૂં ખાવાનું મળી જાય તેમ હોય, તો ગોલૈયાની જેમ ઘુસી જનારાઓ પણ છે. ખાવાનું સારૂં મળે, પછી આદરને જૂએ કોણ ? પણ એ કુતરા જેવી દશા છે. કુતરાને મારીને કાઢયું હોય તો ય તે આવીને ખાવાને માટે ઘુસી જવાનો પ્રયત્ન કરે છે અથવા તો દીનતા બતાવે છે, જ્યારે ઉત્તમ હાથી એવું તો ન જ કરે, પણ ખવડાવનાર જ્યારે ભાઈ–બાપા કરીને ખવડાવે ત્યારે ખાય. એટલે મહાવતો હાથી-ઓની કાંઈ જેવી–તેવી ચાકરી કરતા નથી.

હાથીનાં આ બધાં આચરણો નાનાવિધ છે. વળી, હાથી વાહન તરીકે પણ ઉત્તમ ગણાય છે. યુદ્ધાદિકમાં એ વાહન રૂપે જયનું સાધન બને છે અને શેષ કાળમાં એ વાહન તરીકે શોભાનું સાધન બને છે. જયકુંજર અંગે તો આ વાત નિશ્ચિત જ. આવાં બધાં આચરિતો અદ્‌ભુત અને શ્રેષ્ઠ નથી ? છે જ, કારણ કે–જે આચરિતો જોવાને માણસમાં મળવાં મુશ્કેલ બને, તે આચરિતો જયકુંજરમાં તે પશુ હોવા છતાં ય જોવાને મળે, ત્યારે તેનાં એ આચરિતો અદ્‌ભુત ગણાય, એમાં નવાઈ

જ નથી. વળી, એ આચરિતો એવાં છે, કે જેનું માણસોએ પણ અનુકરણ કરવું જોઇએ, એટલે એને 'પ્રવર' કહેવાં, એ પણ યુક્તિસંગત છે. આ રીતિએ જોતાં, નક્કી થયું કે–કોઈ પણ, એટલે કે–દરેકે દરેક જયકુંજર નાનાવિધ, અદ્‌ભુત અને પ્રવર ચરિતવાળો હોય છે.

આચરણ જડનું પણ હોઈ શકે :

આપણે હવે, આ નવમું વિશેષણ શ્રી ભગવતીજી સૂત્રને અંગે કેવી રીતિએ ઘટે છે, એનો વિચાર કરીએ. જેનું ચરિત નાનાવિધ, અદ્‌ભુત અને પ્રવર છે–એવું આ શ્રી ભગવતીજી સૂત્ર છે, એમ ટીકાકાર મહર્ષિ આ નવમા વિશેષણ દ્વારા ફરમાવે છે. આ વિશેષણમાં ચરિત એ મુખ્ય વસ્તુ છે. ચરિત એટલે આચરણ. શ્રી ભગવતીજી સૂત્રનું આચરણ હોઇ શકે કે નહિ અને હોઈ શકે તો તે કયું હોઈ શકે, તેનો નિર્ણય પહેલો કરી લેવો જોઇએ. શ્રી ભગવતીજી સૂત્રના આચરણ સંબંધી આપણે જો વ્યાજબી નિર્ણય કરી શકીએ, તો એ આચરણ કેવા પ્રકારે નાનાવિધ છે અને શાથી તે અદ્‌ભુત પણ છે તથા પ્રવર પણ છે–તેનો નિર્ણય તો ઘણી જ સહેલાઈથી થઈ શકે એવો છે. આથી, એક વાર એ વિચારો કે–શ્રી ભગવતીજી સૂત્રનું આચરણ છે કે નહિ અને છે તો કયું છે ? શ્રી ભગવતીજી સૂત્રનું આચરણ ન હોઈ શકે, એવું કહેનારા અગર માનનારા શું કહે ? પ્રાયઃ એ જ કે–'આચરણ તો ચેતનનું જ હોઈ શકે, પણ જડનું આચરણ હોઈ શકે નહિ.' પરન્તુ એમ કહેવું, એ શું બરાબર છે ? આચરણ ચેતનનું જ હોઈ શકે અને જડનું ન જ હોઈ શકે ?

પ્રશ્ન૦ જડનું સ્વતન્ત્રપણે આચરણ હોઈ શકે નહિ. જડનું આચરણ ચેતનપ્રેરિત હોઈ શકે.

જડનું આચરણ ન જ હોઈ શકે, એમ કહેવાય નહિ. તમે લોહચુંબક વિષે તો જાણ્યું અને સાંભળ્યું હશે. એ લોઢાને ખેંચી શકે છે. એમ લોઢાને આકર્ષવાનું આચરણ, એ જડ એવા લોહચુંબકનું આચરણ નથી? જડ પથરાની સાથે જડ પથરો ઘસાવાથી અગ્નિના તણખા ઝરતા પણ તમે જોયા હશે. અમુક જડ ચીજ અમુકમાં ભળે તો અમૃત જેવી ચીજ ઝેર રૂપ બની જાય અને ઝેર જેવી ચીજ અમૃત રૂપ બની જાય, એવું પણ બને છે. દવાની જડ ટીકડી પેટમાં જતાં શી શી અસરને ઉત્પન્ન કરે છે, એ પણ તમારા અનુભવની બીના છે. આમ છતાં પણ, તમે એમ કેમ કહી શકો કે– આચરણ તો ચેતનનું જ હોઈ શકે અથવા ચેતનપ્રેરિત જ આચરણ હોઈ શકે, પણ જડનું આચરણ હોઈ શકે જ નહિ? કોઈ પણ માણસ વિચારે, તો એને જરૂર લાગે કે–જડનું આચરણ ન જ હોઈ શકે, એવું કહી શકાય નહિ.

પ્રશ્ન૦ એ રીતિએ જડના આચરણને પણ માનવું પડે, પરન્તુ જડમાં હું આચરણ કરું–એવું વિચારવાની શક્તિ નથી હોતી તે?

જડમાં વિચારવાની શક્તિ હોય જ નહિ. વિચારવાની શક્તિ તો ચેતનમાં જ હોઈ શકે. વિચારવાની શક્તિ ચેતનમાં જ હોઈ શકે છે, છતાં ચેતનો પણ એવી એવી દશાઓમાં હોઇ શકે છે, કે જે દશાઓમાં ચેતનોમાં પણ વિચારવાની શક્તિ ન હોય. આમ છતાં પણ–' અમુક હું આચરું કે નહિ, આ હેતુ માટે આચરું કે ન આચરું, મારે માટે આ

આચરવું એ યોગ્ય અને હિતાવહ છે કે નહિ'–એ વિગેરે વિચારણાઓ જડ ન જ કરી શકે, પણ ચેતન જ કરી શકે, એ વાત ખરી છે; પરન્તુ અહીં તો માત્ર આચરણની જ વાત છે. અહીં વિચારપૂર્વકના આચરણની વાત નથી. એટલે જડનું પણ આચરણ હોઈ શકે છે, એ વાત તો તમને સમજાઈ ગઈ ને ?

પ્રશ્ન૦ જડનું આચરણ ન જ હોય, એવું તો કહી શકાય નહિ. ઉપચારથી જડનું આચરણેય હોઈ શકે.

એટલે, આ શ્રી ભગવતીજી સૂત્ર જડ હોવા છતાં પણ, આ શ્રી ભગવતીજી સૂત્રનું આચરણ હોઈ શકે, એ વાતને માનવામાં વાંધો રહ્યો નહિ.

શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાનદાન રૂપ આચરણ :

હવે તો, વિચાર એ કરવાનો રહ્યો કે–શ્રી ભગવતીજી સૂત્રનું આચરણ કયું ? જ્ઞાનદાન, એ આ શ્રી ભગવતીજી સૂત્રનું આચરણ છે.

પ્રશ્ન૦ ખરી રીતિએ તો જ્ઞાનદાન આપ આપો છો, કારણ કે–અમને તો આપના બોલવાથી જ્ઞાન થાય છે, માટે જ્ઞાનદાન એ આપનું આચરણ થયું, પણ જ્ઞાનદાન એ શ્રી ભગવતીજી સૂત્રનું આચરણ નહિ.

તમે જો જરાક વધારે વિચાર કર્યો હોત, તો તમે આવું કહેત નહિ. તમને જ્ઞાનદાન હું આપું છું, પણ મને જ્ઞાનદાન તો આ શ્રી ભગવતીજી સૂત્ર આપે છે ને? મેં વાંચ્યું, એથી મને જ્ઞાન થયું, માટે હું જ્ઞાનદાન કરી શકું છું; પણ મને જો આ સૂત્રે જ્ઞાનદાન ન કર્યું હોત, તો હું

તમને આ જ્ઞાનદાન કરી શકત નહિ.

પ્રશ્ન૦ પુસ્તકમાં જ્ઞાનદાન દેવાની શક્તિ હોતી જ નથી. એમાં જે લખ્યું હોય તેને જે વાંચી શકે, વાંચીને અર્થને સમજી શકે, તેને પણ જો તે ઉપયોગપૂર્વક વાંચે અને વિચારે તો જ્ઞાન થાય; એ વિના નહિ. પુસ્તકમાં જો જ્ઞાનદાન કરવાની શક્તિ હોય, તો તો સૌ કોઇને એ જ્ઞાન દેનારૂં બનવું જોઇએ.

તમે જે રીતિએ આ વાતને વિચારો છો, તે રીતિએ તો માત્ર પુસ્તકો જ નહિ, પરન્તુ શ્રી તીર્થંકર ભગવાન વિગેરે પણ જ્ઞાનદાન દેનારા નથી એમ ઠરશે. બોલીને જ જ્ઞાનનું દાન દેવાય એવું નથી, પરન્તુ એમ માનીએ તો ય જે કાંઈ બોલાય, તેને જે ઉપયોગપૂર્વક સાંભળે, જે સંભળાય તેને સમજવાની જેનામાં શક્તિ હોય અને જે એવો સમજુ જીવ હોય તે પણ જ્યારે સમજીને ઉપયોગપૂર્વક વિચારે ત્યારે એને એનું જ્ઞાન થાય ને? કોઈ અંગ્રેજીમાં બોલે, તો એનું બોલા-એલું સંભળાવા છતાં પણ, અંગ્રેજીને નહિ ભણેલાને એ નહિ સમજાય. અંગ્રેજી ભણેલાએ પણ જો એને ઉપયોગપૂર્વક, નહિ સાંભળ્યું હોય, તો એને એ નહિ સમજાય. ઉપયોગપૂર્વક સાંભળ્યું, સમજાયું, પણ ઉપયોગપૂર્વક વિચરાયું નહિ, તો ય જ્ઞાન નહિ થાય. એમ જે બાબતો પુસ્તક ઉપરથી જ્ઞાન થવામાં જરૂરી છે, તે બાબતો જીવતો માણસ જે કાંઈ બોલે, તેના બોલેલાનું જ્ઞાન થવામાં પણ જરૂરી છે. તમે કહ્યું કે–'પુસ્તકમાં જો જ્ઞાનદાનની શક્તિ હોય, તો સૌ કોઇને એ જ્ઞાન દેનારૂં બનવું જોઇએ'–એ વાત પણ અસ્થાને છે. શ્રી તીર્થંકર ભગવાનમાં જ્ઞાનદાનની શક્તિ કાંઈ કમ નહોતી. એમની વાણી તો અતિ-

શયવન્તી. છતાં પાખંડીઓ વિગેરેને એમની વાણી જ્ઞાનદાન કરી શકી નહિ. ત્યાં કહેવું પડશે કે–એ જીવો લાયક નહિ. તેમ અહીં પણ સમજી લો કે–પુસ્તક લાયકને જ્ઞાનદાન કરી શકે. માત્ર જ્ઞાનદાનની શકિતની તરતમતા હોઈ શકે. શ્રી તીર્થંકર ભગવાનોમાં જ્ઞાનદાનની જેવી શકિત હતી, તેવી કોઇમાં પણ હોતી નથી. શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં થઈ ગયેલા પૂર્વપુરૂષોમાં જ્ઞાનદાનની જે શકિત હતી, તે મારામાં નથી. એટલે પુસ્તકની જ્ઞાનદાનની શકિતનો ઈનકાર નહિ કરતાં, કહેવું હોય તો એમ કહો કે–પુસ્તકમાં જ્ઞાનદાનની શકિત ઓછી ગણાય.

પ્રશ્ન૦ પુસ્તક જ્ઞાનદાન કરનારૂં બને, એ સાચું.

એ જ પુસ્તકનું આચરણ છે. પુસ્તકને હાથમાં લઈને, એમાં જે લખેલું હોય તેને માણસ જો વાંચી શકે, તેના અર્થને વિચારી શકે, તો એ પુસ્તકે એને એ જ્ઞાનનું દાન કર્યું કહેવાય. અચિત્ત પાણી પણ એને જે પીએ, તેના ગળાને ઠારે. એમ શ્રી ભગવતીજી સૂત્રનું આચરણ પણ છે અને તે જ્ઞાનજ્ઞાન. આ વાત હજુ પણ જો તમારામાંના કોઇને ન સમજાઈ હોય, તો કહો. વાત લંબાય તેનો વાંધો નહિ, પણ તમને જ્યારે સંભળાવું છું અને તમે સાંભળો છો, ત્યારે તમને વાત સમજાવી તો જોઇએ.

પ્રશ્ન૦ આ વાત હવે તો બરાબર સમજાઈ ગઈ.

કેવા પ્રકારનું જ્ઞાન આપવાથી જ્ઞાનદાન અધમ કોટિનું ગણાય?

હવે આપણે એ જોવાનું રહે છે કે–શ્રી ભગવતીજી સૂત્રનું જે જ્ઞાનદાન રૂપ આચરણ છે, તે કેવી રીતિએ નાના-

વિધ છે તેમ જ કયા કારણે તે અદ્‌ભુત અને પ્રવર પણ છે. દાન કેવું છે, તેનો નિર્ણય દાનમાં જે દેવાય તેના ઉપરથી પણ કરાય છે. દાનમાં દાતાનો ભાવ પણ જોવાય, પરન્તુ શ્રી ભગવતીજી સૂત્રની રચના માત્રને અવલંબીને વિચાર કરીએ, ત્યાં દાતાના ભાવનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. દાતાના ભાવની વાતને બાજૂએ રાખીએ અને દાનમાં દેવાતી વસ્તુ ઉપરથી નિર્ણય કરીએ કે–દાન કેવું છે, તો શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાનદાન નાનાવિધ, અદ્‌ભુત અને પ્રવર ઠર્યા વિના રહે તેમ નથી. ગ્રન્થ માત્રને જ્ઞાનદાન રૂપ આચરણ હોય છે, પણ સર્વ ગ્રન્થોનું એ આચરણ સમાન કોટિનું હોતું નથી. કેટલાક ગ્રન્થોનું જ્ઞાનદાન રૂપ આચરણ અધમ કોટિનું પણ હોય છે. જે જ્ઞાન અપાય, તે જ્ઞાન સ્વરૂપે જો સમ્યક્ શ્રુતપણાની ઉપમાને યોગ્ય હોય, તો જ તેવા જ્ઞાનનું દાન એ તે ગ્રન્થનું ઉત્તમ આચરણ છે. શ્રુત, સ્વરૂપે સમ્યક્ પણ હોય છે અને મિથ્યા પણ હોય છે. સમ્યક્ પણ શ્રુત, સ્વામીની અપેક્ષાએ મિથ્યા શ્રુત રૂપ બને–એ પણ શકય છે અને મિથ્યા પણ શ્રુત, સ્વામીની અપેક્ષાએ સમ્યક્ શ્રુત રૂપ બને–એ પણ શકય છે. શ્રુતજ્ઞાન સ્વરૂપે સમ્યક્ કોટિનું હોય, પરન્તુ તેને મિથ્યાદૃષ્ટિ જીવ પોતાના હૈયામાં મિથ્યા રૂપે પરિણમાવે છે, જ્યારે સમ્યગ્‌દૃષ્ટિ આત્મા સ્વરૂપે મિથ્યા એવા શ્રુતજ્ઞાનને પણ પોતાના હૈયામાં સમ્યક્ રૂપે પરિણમાવનારો બને છે. આપણી વાત તો એ છે કે–સામાન્ય રૂપમાં જ્ઞાનના નામથી જે ઓળખાય છે, તેમાં માત્ર સમ્યગ્‌જ્ઞાનનો જ સમાવેશ થતો નથી, પણ મિથ્યા જ્ઞાનનો ય તેમાં સમાવેશ થાય છે. એટલે હરેક પુસ્તક, ગ્રન્થ આદિનું જ્ઞાનદાન રૂપ આચરણ ઉત્તમ કોટિનું

જ હોય એવું નથી. જીવાજીવાદિ તત્ત્વભૂત પદાર્થોના સ્વરૂપના સંબંધમાં જે જ્ઞાન સત્યથી વેગળો ખ્યાલ આપે, જે જ્ઞાન વિષય–કષાયના રાગને વધારે, જે જ્ઞાન પૌદ્ગલિક પદાર્થોના યોગમાં જ સાચું સુખ બતાવે, જે જ્ઞાન પાપના માર્ગોમાં પ્રવૃત્ત થવામાં કલ્યાણ છે–એવા ભાવને પેદા કરે, જે જ્ઞાન કાં તો કુદેવ–કુગુરૂ–કુધર્મને માનવા તરફ વાળે અથવા તો દેવ–ગુરૂ–ધર્મને માનવાની જરૂર જ નથી–એવી વિચારસરણીને પેદા કરે, જે જ્ઞાન પરલોકનો વિચાર કરવામાં મૂર્ખતા બતાવીને આ લોકમાં જ કેમ સુખી થવાય એની ચિન્તા પેદા કરે, જે જ્ઞાન પરલોકને માનવા દે તો ય પરલોકના હિતની સાધના કરતાં પણ આ લોકની સાધનામાં પહેલાં મશગુલ બનવું જોઈએ એવું શીખવે, જે જ્ઞાન મોક્ષને માનવા દે નહિ અથવા માનવા દે તો ય મોક્ષને માટે જે અનુષ્ઠાનોમાં રસ પેદા થવો જોઈએ તેમાં રસ પેદા થવા દે નહિ અથવ. જે જ્ઞાન મોક્ષને માનવા દે પણ મોક્ષના માર્ગ તરીકે હિંસાદિક પાપોવાળા માર્ગને સાચો મોક્ષમાર્ગ મનાવે અને જે જ્ઞાન ભગવાન શ્રી જિનેશ્વરદેવોના પ્રવચનમાં નિર્મલ શ્રદ્ધાને પેદા કરવાને બદલે શ્રી જિનપ્રવચનમાં કુશંકાઓ પેદા કરાવે,–એવા પ્રકારનું જે કોઈ પણ પુસ્તકાદિનું જ્ઞાનદાન રૂપ આચરણ, એ કેવળ મિથ્યા જ્ઞાનનું દાન હોવાથી, અધમ કોટિનું જ આચરણ છે. એવા જ્ઞાનદાનમાં ગમે તેટલી નાનાવિધતા હોય અગર તો અદ્ભુતતા લાગે એવું પણ ગમે તેટલું તેમાં હોય, તો પણ એ જ્ઞાનદાનનું ચરિત પ્રવર કોટિમાં ગણાય જ નહિ. આથી જ, ટીકાકાર પરમર્ષિએ ચરિતને નાનાવિધ અને અદ્ભુત એવાં બે વિશેષણો લગાડવાની સાથે, ત્રીજું પ્રવર એવું

વિશેષણ પણ લગાડયું છે.

જ્ઞાની જો જીવહિંસાનો પ્રેમી હોય તો એ સાચો જ્ઞાની નથી પણ મિથ્યાજ્ઞાની છે :

ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો ઉપકાર અજોડ કોટિનો છે અને ભગવાન શ્રી જિનેશ્વરદેવો જ્ઞાનદાન દ્વારા જ એ અજોડ કોટિના ઉપકારને કરનારા બને છે, પરન્તુ એ જ્ઞાન પ્રવર કોટિનું હોય છે, માટે જ એ ઉપકારક ગણાય છે. એ અપેક્ષાએ જ કહેવાય છે કે–'જ્ઞાનદાનના ઉપકાર જેવો બીજો કોઇ ઉપકાર નથી.' કેટલાક સંયોગોમાં અભયદાનનું મહત્ત્વ વધી જાય છે અને જ્ઞાનદાનનું પણ વાસ્તવિક ફલ તો એ જ્ઞાન અભયદાનમાં પરિણમે એમાં જ રહેલું છે; પરન્તુ અભયદાનનું ય સર્જક એવું કોઈ દાન હોય, તો તે જ્ઞાનદાન છે. જ્ઞાન જેમ જીવોના અસ્તિત્વનાં સ્થાનોને બતાવનાર છે, તેમ જીવહિંસાથી બચવાની જરૂરને બતાવવાની સાથે, જીવહિંસાથી બચવાને માટે શું શું કરવું જોઈએ–એને પણ બતાવનાર છે. વળી, જીવહિંસાથી બચનારને કેવા કેવા લાભો થાય છે, એ બતાવીને ય, જીવહિંસાથી બચવાની પ્રેરણા આપનાર છે. જે જ્ઞાન જીવહિંસાથી બચવાની પ્રેરણા નથી કરતું, તે જ્ઞાન સમ્યક્ કોટિનું જ્ઞાન નથી. જ્ઞાની અને જીવહિંસાનો પ્રેમી, એ બનવાજોગ વસ્તુ જ નથી. કાં તો એ જ્ઞાની નહિ એટલે કે–મિથ્યાજ્ઞાની અને કાં તો એ જીવદયાનો પ્રેમી, પણ જીવહિંસાનો પ્રેમી નહિ. જ્ઞાનીથી જીવહિંસા થઈ જાય એ બને, જ્ઞાની જીવહિંસાને તજી શકે નહિ એમ પણ બને અને જ્ઞાની જીવહિંસાવાળાં આચરણોને આચરનારો હોય એમ પણ બને,

પણ એનું જ્ઞાન એને સદા ય ટકોર્યા કરતું હોય છે કે–'આ તું ખોટું કરે છે, આ તું પાપ કરે છે.' એવા જ્ઞાનીનું હૈયું જીવહિંસાનું પ્રેમી નથી હોતું, પણ જીવરક્ષાનું પ્રેમી હોય છે. એને હિંસા માત્રથી છૂટવાનું દિલ થયા જ કરતું હોય છે. એથી, એની હિંસાની ક્રિયા રસપૂર્વકની નથી હોતી, પણ આઘાતપૂર્વકની હોય છે; એટલે કે–એ ક્રિયાથી પોતાને જ આઘાત થાય કે–'હું કેવો કર્મવશ છું કે આ હિંસાને હું છોડી શકતો નથી?' **'पढमं नाणं, तओ दया'**–એનો ભાવ શો છે? પહેલું જ્ઞાન ને પછી દયા, પણ જ્ઞાન દયા માટે એમ તો ખરું ને? આ વાક્યથી દયાની કિંમત ઘટાડી કે વધારી? આ વાક્યથી દયાની કિંમત ઘટતી નથી, પણ દયાની કિંમત વધે છે. આ વાક્ય એમ સૂચવે છે કે–દયા એ સાધ્ય છે અને જ્ઞાન એ સાધન છે. કિંમત સાધ્યની વધારે ગણાય કે સાધનની વધારે ગણાય? કહો કે–સાધ્યની કિંમત વધારે ગણાય. સાધનની કિંમત તો સાધ્યને અનુલક્ષીને જ છે. સાધ્યની કિંમત નહિ, તો સાધનની કાંઈ જ કિંમત નહિ. એટલે સાચું જ્ઞાન જ તે કહેવાય, કે જીવ માત્ર પ્રત્યે દયાભાવને પેદા કરે અને જીવ માત્રની દયાનું પાલન થાય એવા માર્ગે પ્રવર્ત્તમાન બનવાની પ્રેરણા કર્યા કરે. આથી, કોઈ પણ સાચો જ્ઞાની કદી પણ જીવહિંસાનો પ્રેમી હોય, એ બનવાજોગ વસ્તુ જ નથી.

શ્રી જિનશાસન સર્વોપકારી છે :

ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ અભયદાતાઓમાં શ્રેષ્ઠ બનીને જ, જગતના જીવોને અભયદાતા બનાવનારા ધર્મ-

તીર્થની સ્થાપના કરી. ભગવાને જે મોક્ષમાર્ગ બતાવ્યો, તે જગતના જીવો અભયના દાતા બની શકે એવો માર્ગ બતાવ્યો, એમ પણ કહી શકાય. અભયદાતા બન્યા વિના, મોક્ષને પામી શકાય નહિ. મોક્ષને પામવો હોય, તો અભયદાતા બનવું જ જોઇએ. જે ખરેખરો અભયદાતા બને, તે મોક્ષને પામ્યા વિના રહે જ નહિ. એ માટે મોક્ષમાર્ગ એવો છે કે–એ માર્ગે ચાલનારો, અભયદાતા ન હોય–એવું બને જ નહિ. મોક્ષમાર્ગ જ અભયદાનમય છે. આવા માર્ગનું દાન તો, જ્ઞાનદાનથી જ થઈ શકે છે, માટે જ્ઞાનદાનની મહત્તા છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો અહોઽ ઉપકાર શો ? જ્ઞાનદાન દીધું એ–એમ કહીએ, તો પણ તેમાં આ વાતને સમજીને જ બોલવું પડે. ભગવાને એવું જ્ઞાનદાન દીધું છે કે–એ જ્ઞાનદાનને જેમણે લીધું, પોતાનું બનાવ્યું, તેટલા જીવો ઉપર જ ભગવાનના જ્ઞાનદાનથી ઉપકાર થયો એમ નહિ, પરન્તુ જે જીવો પોતાની નાલાયકાતથી એ જ્ઞાનદાનને લઈ શકયા નહિ, જે જીવોએ પોતાની નાલાયકાતથી એ જ્ઞાનદાન સામે પણ પ્રહારો કર્યા, એવા જીવો ઉપર પણ ભગવાનના જ્ઞાનદાનથી ઉપકાર થયો. તમને આશ્ચર્ય લાગશે. તમે કદાચ કહેશો કે–‘ જે જીવો જ્ઞાનદાન લઈ શકયા નહિ તેમના ઉપર વળી ભગવાનના જ્ઞાનદાનથી ઉપકાર શો ? અને તેમાં ય, એ જ્ઞાનદાન સામે પ્રહારો કરનારા જે જીવો, તેમના ઉપર તો ઉપકાર થયાનું સંભવે જ કેમ ? એવાઓ તો સંસારમાં રૂલે !’ આ વાતેય કાઢી નાખવા જેવી નથી. ભગવાનના જ્ઞાનદાનના ઉપકારને જેઓ અભવ્યતા, બહુલકર્મિતા, સામગ્રીના યોગનો અભાવ –એ વિગેરે કારણોએ પણ ગ્રહણ કરી શકયા નહિ, તેઓનો

સંસાર તો ઉભો ને ઉભો જ રહ્યો અને જ્ઞાનદાન સામે પ્રહારો કરનારાઓએ તો, સંસારમાં દુર્ગતિઓમાં રઝળાવનાર ભારે કર્મોને ઉપાર્જ્યા–એ વાત તો બરાબર છે; પરન્તુ એ બધા જીવો પણ, ભગવાનના ઉપદેશથી જીવદયાપ્રેમી બનેલા જીવોની જીવદયાની લાગણીને તો પામી શકયા ને ? જે જીવોએ ભગવાનના જ્ઞાનદાનને ગ્રહણ કર્યું, તે જીવો તો સારા ય જગતના જીવો પ્રત્યે હિતકામનાવાળા બન્યા જ. વળી જે જીવો ભગવાનના જ્ઞાનદાનના પ્રતાપે અભયદાતા બન્યા, તે જીવો તરફનો ભય તો, જગતના જીવોને ટળી જ ગયો. એટલે ભગવાનના જ્ઞાનદાનથી, ભગવાનના જ્ઞાનદાનને નહિ ગ્રહણ કરનારા જીવો ઉપર પણ, ઉપકાર તો થયો જ છે. ભગવાનના જ્ઞાનદાનની, આ જેવી–તેવી મહત્તા છે ? જે જ્ઞાન પરિણામે દયાના ભાવમાં જ અને દયાના પાલનમાં જ પરિણમે, એ જ સાચું જ્ઞાન છે અને એવા જ્ઞાનના મૂળભૂત દાતા ભગવાન શ્રી જિનેશ્વરદેવો છે. જીવો સ્વ–પરની દયાથી શાશ્વત અને એકાન્તે સુખમય એવા મોક્ષને પામે, એ માટે જ મોક્ષમાર્ગનો ઉપદેશ છે અને મોક્ષમાર્ગની સ્થાપના છે. આથી જ, આ શ્રી જિનશાસન માત્ર આરાધકોને જ ઉપકારી છે–એમ નહિ, પરન્તુ આ શ્રી જિનશાસન સર્વોપકારી છે.

બધાં જ્ઞાનદાન પ્રશંસનીય નહિ :

આપણે આ વાત શા માટે કરી રહ્યા છીએ ? સઘળા ય ગ્રન્થાદિનું આચરણ જ્ઞાનદાન છે. જે કોઇ જે પુસ્તકને વાંચે, તેને વાંચતાં ને સમજતાં આવડે, તો તેને એ પ્રકારનું જ્ઞાન થાય. પણ એ જ્ઞાન કેવું થાય ? એમેય કહેવાય કે–જેવો વાંચનાર;

પણ અત્યારે તો એ વાત છે કે–એ પુસ્તક કેવા પ્રકારના જ્ઞાનદાનને કરનારૂં કહેવાય ? એમાં જો મિથ્યાજ્ઞાન ભરેલું હોય, તો એ મિથ્યા જ્ઞાનનું દાન કરનારૂં કહેવાય. આથી, સઘળાં ય પુસ્તકોનું જ્ઞાનદાન રૂપ જે આચરણ છે, તે પ્રશંસનીય નથી હોતું. આ અપેક્ષાએ, જ્ઞાનદાન રૂપ આચરણ પણ નિન્દ્ય કોટિનું ય હોઈ શકે છે. એટલે આ નવમા વિશેષણમાં આચરણનાં જે ત્રણ વિશેષણો છે, તેમાં સૌથી અગત્યનું વિશેષણ પ્રવર છે. કોઇ પણ ચેતનનું આચરણ કે જડનું આચરણ, તે નાનાવિધ હોય એટલા માત્રથી કિંમતી નથી, તે અદ્‌ભુત લાગે એટલા માત્રથી ય કિંમતી નથી, પરન્તુ તે પ્રવર હોય તો જ કિંમતી છે. પ્રવર આચરણ પ્રશંસનીય છે અને એથી એ આચરણ જો નાનાવિધ તથા અદ્‌ભુત હોય, તો વિશેષ પ્રશંસાને પાત્ર બને છે; પરન્તુ જે આચરણ અધમ હોય, તે આચરણ ગમે તેટલું નાનાવિધ હોય અને અદ્‌ભુત લાગે તેવું હોય, તો પણ તે પ્રશંસનીય નથી; પ્રશંસનીય તો નથી જ, પરન્તુ એ નિન્દ્ય કોટિનું છે. આ વાતનો તમને ખ્યાલ આવે, એ માટે જ આટલી વાત કરી. આથી, તમે જ્ઞાનદાનના આચરણ માત્રથી નહિ મુંઝાતાં, તે પ્રવર છે કે નહિ–તે જોવાને પ્રેરાશો.

શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાનદાન રૂપ આચરણ નાનાવિધેય છે, અદ્‌ભુતેય છે ને પ્રવરેય છે :

શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાનદાન રૂપ આચરણ તો નાનાવિધ પણ છે, અદ્‌ભુત પણ છે અને પ્રવર પણ છે. શ્રી ભગવતીજી સૂત્રમાં ભિન્ન ભિન્ન વિષયોની છણાવટ છે, એટલે શ્રી ભગવતીજી સૂત્રથી જે જ્ઞાન મળે છે, તે વિવિધ પ્રકારનું

મળે છે. વળી શ્રી ભગવતીજી સૂત્ર વિવિધ એવા પ્રશ્નો અને તેના ઉત્તરોવાળું છે, એટલે પણ આ શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાનદાન રૂપ આચરણ વિવિધતામય છે, અનેક પ્રકારનું છે, –એમ કહી શકાય. શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાનદાન રૂપ આચરણ અદ્‌ભુત પણ છે; કારણ કે–આ સૂત્રને વાંચનારને અને સાંભળનારને આશ્ચર્ય ઉપજાવે એવી ઘણી બાબતો આ શ્રી ભગવતીજી સૂત્રમાં ભરેલી છે. વસ્તુસ્વરૂપનું વર્ણન અને એને સિદ્ધ કરનારા હેતુઓ, ભલભલા બુદ્ધિશાલિઓને પણ આશ્ચર્યમાં ગરકાવ બનાવી દે તેમ છે. ત્રીજું વિશેષ જે પ્રવર, તે તો છે જ : કારણ કે–આ શ્રી ભગવતીજી સૂત્રનું મૂળ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ અર્થથી પ્રરૂપેલું અને પાંચમા ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ સૂત્ર રૂપે ગુંથેલું આ સૂત્ર હોઇને, આ સૂત્ર જે જ્ઞાનદાન કરે, તે પ્રવર કોટિનું જ હોય, એમાં કાંઈ તમને બહુ સમજાવવાની જરૂર પડે તેમ નથી. આપણે પહેલાં વિચારી આવ્યા તેમ, આ શ્રી ભગવતીજી સૂત્ર પણ સરવાળે તો અભયદાતા જ બનાવનારૂં છે. હેય, જ્ઞેય ને ઉપાદેય ત્રણેય પ્રકારના પદાર્થોના સ્વરૂપનું વર્ણન આમાં છે, પરન્તુ એ બધું વર્ણન એટલા જ માટે છે કે–આ વર્ણનને જાણીને જીવ અભયદાતા બને અને અભયદાતા બનવા દ્વારાએ પોતે સર્વ પ્રકારની અભયતાને પામે.

શ્રી ભગવતીજી સૂત્રમાંની ચરિત-કથાઓ :

નાનાવિધ, અદ્‌ભુત અને પ્રવર જ્ઞાનનું દાન કરવાને માટે, આ શ્રી ભગવતીજી સૂત્રમાં સંખ્યાબંધ ચરિતકથાઓ

પણ છે. આ શ્રી ભગવતીજી સૂત્રમાં જેટલી કથાઓ છે, તે બધી ય ચરિતકથાઓ જરૂર છે, પરન્તુ તેથી તે દરેક કથા નાનાવિધ, અદ્‌ભુત અને પ્રવર છે–એવું નથી. ચરિતકથા એટલે જે આચરાએલું છે, એની કથા; એ કલ્પિતકથા નહિ. કથાઓ કલ્પિત પણ હોઈ શકે છે. જેમ ગૂજરાતી ચોપડીઓમાં પશુઓની સભાની કથા આવે છે. એક પશુએ કહ્યું કે–મારામાં અમુક ગુણ છે અને હું જનતાની અમુક અમુક પ્રકારે સેવા કરૂં છું; જ્યારે બીજા પશુએ પણ કહ્યું કે–મારો અમુક ગુણ છે, હું અમુક પ્રકારે જનસેવા કરૂં છું અને તેમ છતાં પણ લોકો મારા પ્રત્યે અમુક પ્રકારનો વર્તાવ રાખે છે. પશુઓની સભા, એ કલ્પનાની વસ્તુ છે, માટે એ કથા હોવા છતાં પણ ચરિતકથા નથી, પરન્તુ કલ્પિતકથા છે. એવી વાત અંગ્રેજી ચોપડીમાં પણ આવે છે. સૂર્ય અને પવન વચ્ચે હોંશાતોંશી થઈ અને ‘ રસ્તે ચાલનાર માણસનાં કપડાં જે ઉતરાવી નાખે તે જીતે’–એવું નક્કી થયું. પછી સૂર્યે ખૂબ ખૂબ તપવા માંડ્યું. સૂર્ય એટલો બધો તપવા માંડ્યો કે–પેલો મુફ્તાસર પોતાના અંગ ઉપરના વસ્ત્રને સહી શકયો નહિ. એણે એક પછી એક–એમ પોતાનાં બધાં ય કપડાંને ઉતારી નાખ્યાં. પછી પવનનો વારો આવ્યો. પવન જેમ જેમ જોર કરવા લાગ્યો, તેમ તેમ એ મુસાફરને ઠંડી લાગવા માંડી અને તેણે ઉપરાઉપરી કપડાં પહેરવા માંડ્યાં. આવી પવન–સૂર્યની હરીફાઇની કથા જેવી અથવા તો પશુઓની સભાની કથા જેવી જે કથાઓ, તે બધી કલ્પિત કથાઓ કહેવાય છે. બનેલા બનાવવાળી, આચરણવાળી અથવા તો આચરણની જે કથા, તે ચરિતકથા કહેવાય છે. જીવનચરિત્ર રૂપ અથવા

તો માનવી આદિના બનેલા બનાવના વૃત્તાન્ત રૂપ જે કથા, એવા પ્રકારની સઘળી ય કથાઓને ચરિતકથાઓ કહેવાય છે. ઉપદેશ માટે કલ્પિત અથવા તો ઘટાવેલી કથાઓ ન જ કહેવાય–એવું નથી, પરન્તુ શ્રી ભગવતીજી સૂત્રમાં જે કથાઓ કહેવાએલી છે, તે બનેલા બનાવોની કથાઓ છે. સારા માણસનાં આચરણો આદિની કથાને ય ચરિતકથા કહેવાય અને બરાબ માણસનાં આચરણો આદિની કથાને ય ચરિતકથા કહેવાય. આ બન્ને ય પ્રકારની કથાઓ શ્રી ભગવતીજી સૂત્રમાં છે. શ્રી સ્કંદકજી વિગેરેની જીવનકથા પણ છે અને જમાલિ વિગેરેની જીવનકથા પણ છે. એ બધી કથાઓમાં નાનાવિધપણું તો હજુ મનાય, પરન્તુ એ બધી કથાઓમાં અદ્‌ભુતતા અને પ્રવરતા છે–એમ તો મનાય જ નહિ. આમ છતાં પણ, શ્રી ભગવતીજી સૂત્રમાં આવતી સર્વ ચરિતકથાઓને અંગે પણ, નવમા વિશેષણનો આપણે જે અર્થ લીધો છે અને એ જ અર્થ લેવો વ્યાજબી છે, તે અર્થના સંબંધે એમ કહી શકાય કે–તે નાનાવિધ, અદ્‌ભુત અને પ્રવર જ્ઞાનની દાતા છે. શ્રી ભગવતીજી સૂત્રમાં આવતી સઘળી ય કથાઓ પણ સમ્યગ્જ્ઞાનનું જ દાન કરનારી છે. આ ચરિતકથાઓ દ્વારા પણ શ્રી ભગવતીજી સૂત્ર જે જ્ઞાનદાન કરે છે, તે નાનાવિધ પણ હોય છે, અદ્‌ભુત પણ હોય છે અને પ્રવર પણ હોય છે.

'કુપાત્રે પડેલી વિદ્યા નાશક નિવડે છે'–એવી કહેવતને ચરિતાર્થ કરનારી વિકારી દૃષ્ટિ :

શ્રી ભગવતીજી સૂત્રમાં આલેખાએલાં ચરિત્રો વૈરાગ્ય ઉત્પન્ન કરાવનારાં, મોક્ષ રૂપી મહેલમાં પહોંચાડનારાં હોવાથી,

પ્રવર કોટિનું જ્ઞાનદાન કરનારાં છે. દરેક ચરિત્રમાં ભિન્ન ભિન્ન પ્રસંગો આવતા હોવાથી, આ સૂત્રનું જ્ઞાનદાન નાના-વિધ વિશેષણને સાર્થક કરે છે અને દરેક ચરિત્રમાંથી, જે તારવણી કાઢવામાં આવે છે તે અદ્‌ભુત કોટિની હોવાથી, આ સૂત્રનું જ્ઞાનદાન અદ્‌ભુત વિશેષણને સાર્થક કરે છે. આમ છતાં પણ, આ જ્ઞાનદાન સર્વને સારી અને સરખી અસર કરનારૂં નિવડે છે–એવું નથી. એટલા માટે તો, આપણે વિચારી આવ્યા કે–સમ્યક્ સ્વરૂપવાળું પણ શ્રુત, મિથ્યાદૃષ્ટિ આત્મામાં મિથ્યા સ્વરૂપે પરિણામ પામે છે. સારા પણ જ્ઞાનથી સારી અસર કે માઠી અસર થવાની તો જીવ ઉપર ને? જીવ કુપાત્ર હોય, ત્યાં શું થાય? દુનિયામાં ય કહેવાય છે કે–'**કુપાત્રે પડેલી વિદ્યા નાશક નિવડે છે.**'

જેમ કે–આ શ્રી ભગવતીજી સૂત્રમાં અન્ય ચરિતોની માફક જમાલિનું ચરિત પણ આવે છે. એમાં જણાવવામાં આવ્યું છે કે–જમાલિને માટેના માત્ર એક ઓઘાની–રજોહ-રણની કિંમત એક લાખ રૂપીઆ આપવામાં આવી. વાત અદ્‌ભુત–આશ્ચર્યકારક છે ને? પણ આ વાત જાણવામાં આવતાં, જેવો જે માણસ હોય, તેને તેવો વિચાર આવે.

સારા માણસને, શ્રદ્ધાળુ જનને વિચાર આવે કે–'ચરિ-ત્રનો, સંયમનો કેવો અદ્‌ભુત પ્રેમ?' જેને સમ્યક્ સમજ ન હોય, તેને એ જ વાત ગપ્પાં જેવી લાગે. જ્યાં સાચો પ્રેમ હોય, ત્યાં શું શું સંભવે છે, તેની એને કલ્પના ન આવે, કેમ કે–સંયમ ઉપર જ પ્રીતિ નથી. પછી એવાઓ જૈન સાહિત્યમાં વિકાર થઈ ગયો છે, એવી વાતો પણ કરે. વસ્તુતઃ વિકાર પોતાની બુદ્ધિમાં, પોતાની દૃષ્ટિમાં છે. પોતાના જ

દૃષ્ટિવિકારને લઇને સાચી પણ વાત ખોટી ભાસે છે. સાચી પણ વાત ખોટી ભાસે છે–એટલું જ નહિ, પણ સાચી વાત કહેનારાઓ પ્રત્યે પણ દુર્ભાવ પેદા થાય છે. એથી જ, એવાઓ પોતાના વિકારનો આરોપ, જૈન સાહિત્યના રક્ષકો આદિ ઉપર ઢોળવાનો પ્રયાસ કરે છે.

અજ્ઞાન અને ભદ્રિક માણસોને ભમાવવાને માટે, એવાઓ આવી વાતોને એવા રૂપમાં રજૂ કરે છે કે–'શું એ ઓઘામાં રત્નો જડ્યાં હતાં? ઉનની તે આ કિંમત હોતી હશે? છે કાંઈ પ્રશંસા કરવાની મર્યાદા?'

પણ તેઓ તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર જ કરતા નથી. જ્યારે પ્રેમ ઉછાળો મારે છે, એકદમ વેગબંધ ઉછાળો મારે છે, ત્યારે ચીજની કિંમત અપાતી નથી, પણ ચીજની કિંમતના મિષે પોતાના આન્તરિક ભાવને દાનનું રૂપક અપાય છે. રાજા આદિએ પુત્રજન્મની વધામણી લાવનારાઓને કેવાં કેવાં દાનો આપ્યાં છે, એ વાંચ્યું છે? શત્રુ ઉપર જય મેળવી આવનારને તો ઠીક, પણ જય મળ્યાના સમાચાર પહેલાં લાવનારને ય રાજાઓ નવાજી દેતા. ત્યાં હૈયાના આનન્દનો જે ભાવ, તેનું જોર છે. એમ ભગવાન પધાર્યાના અને ગુરૂ મહારાજ પધાર્યાના સમાચારો લાવનારાઓને ભારે ભારે ઈનામો અપાયાના દાખલાઓ ઇતિહાસને પાને ટંકાએલા છે.

આજે તો ઉદારતા ઘણે અંશે મરી પરવારી છે, એટલે ઉદારના ઉદાર વર્ત્તનના મર્મનો ઝટ ખ્યાલ આવે નહિ–એ બનવાજોગ છે; અને તેમાં ય જે મહા કૃપણ હોય, તેને તો ઉદારની ઉદારતાની વાતો ગપ્પાં જેવી જ લાગે.

પ્રેમનો ઉછાળો એવી ચીજ છે કે–એ વખતે માણસ

શું આપી દે, તે કહેવાય નહિ. તમને શું સમજાવવું ? નામચીન નટીના એકાદ વારના સહવાસને માટે પણ વિષયલોલુપ શ્રીમંતો કેટલું ધન ખર્ચી નાખે છે ? ત્યાં એની કિંમત ગણાય છે કે વિષયવૃત્તિના રાગના પાગલપણાથી એ બને છે ? તેમ અહીં પણ સંયમનો પ્રેમ છે.

જમાલિ માટેના ઓઘામાં રત્નો જડ્યાં નહોતાં, એ વાત ખરી છે; માત્ર ઉનનું મૂલ્ય આપવાનું હોય, તો એક ઓઘાનું મૂલ્ય એટલું હોઈ જ શકે નહિ, એમાં પણ બે મત નથી; પણ એટલું મૂલ્ય દઈ દેવા પાછળ હૈયાના ભાવની મહત્તા રહેલી છે. પણ એ મહત્તા સમજાય તો ને ?

એક રૂપાળી રંગીલી બાયડીના મોહમાં અમુકે રાજપાટ છોડ્યું, અમુકે અમુકનું ખૂન કરી નાખ્યું, અમુક તારાજ થઈ ગયો, એવી બધી વાતોને માનનારાઓ; માત્ર માનનારાઓ જ નહિ, પણ અવસરે એની મહત્તાને વર્ણવનારાઓ; આ ઓઘાના મૂલ્ય તરીકે અપાએલી રકમને ગપ્પાં કહેવા તૈયાર થાય છે. જમાલિની દીક્ષા વખતે જમાલિની હજામત કરનારા હજામને પણ લાખ રૂપીઆ અપાયા હતા. શું એ હજામતની કિંમત છે ? બાળકના વાળ પહેલવહેલા ઉતરાવનારાં મા–બાપો કેટલીક વાર હજામને સવા રૂપીઓ, સવા પાંચ રૂપીઆ, કપડાં, ગોળ વિગેરે આપે છે, તે હજામતની કિંમત છે કે બાળક ઉપરના રાગથી એ બધું અપાય છે ? માટે જરા સમજો. વિવેકી બનીને વિચાર કરતાં શીખો.

'મારો પુત્ર સંયમ લે છે'–એનો ઉલ્લાસ એવો હતો કે–જમાલિના પિતાએ મૂલ્યના નામે પણ અદ્‌ભુત ગણાય તેવાં દાનો દીધાં છે.

મુનિવેષની મહત્તા :

એમને મન સંયમનાં સાધનો પણ બહુ કિંમતી હતાં. કેમ ? સંયમ અતિશય કિંમતી લાગતું હતું માટે ! જેને સાધ્ય કિંમતી લાગે, તેને સાધનો કિંમતી લાગે જ. સાધ્ય અંગે જ સાધનોની કિંમત છે, પણ સાધ્ય અંગેય સાધનોની કિંમત તો ખરી ને ? ગૃહસ્થવેષમાં રહેલાઓ પણ કોઇ કોઇ વાર ભાવના ભાવતાં ધ્યાનારૂઢ બની ગયા અને ક્ષપકશ્રેણિ માંડીને કેવલજ્ઞાની બન્યા, એવા પણ પ્રસંગો તમે સાંભળ્યા છે ને ? એ રીતિએ કેવલજ્ઞાનને પામી ગયેલાઓ પણ, જો આયુષ્ય બાકી હોય અને વિચરવાનું હોય, તો તરત જ મુનિવેષને સ્વીકારે છે, એ જાણો છો ? કેવલજ્ઞાન તો થઇ ગયું છે, તે જ ભવમાં મુક્તિએ જવાના–એ નિશ્ચિત છે, એમને કોઇ સંયોગ સતાવે ને ભૂલવે એ બનવાજોગ નથી જ, એમ છતાં ય કૃતકૃત્ય બની ગયેલા એવા કેવલજ્ઞાનિઓ પણ મુનિવેષને સ્વીકારે છે ! ગૃહસ્થવેષને તજી દઇને, મુનિવેષને સ્વીકારે છે. મુનિવેષની આ પણ મહત્તા છે. મુનિવેષ સંયમના પાલનમાં સહાયક બને છે. સંયમના પાલનમાં સહાયક બને છે–એટલું જ નહિ, પણ ભાન ભૂલનારને ભાનમાં આવવામાં પણ મુનિવેષ નિમિત્ત બને છે. ભાવથી સંયમ લેનારને માટે અને ભાવની દૃષ્ટિવાળાને માટે, મુનિવેષ પણ ઘણો ઉપકારક નિવડે છે. ભાવથી જ બેડો પાર છે, માટે ભાવ તરફ જ લક્ષ્ય હોવું જોઇએ–એની ના નથી, પરન્તુ અમુક દ્રવ્યેય ભાવનું કારણ બને છે. ભાવના લક્ષ્યવાળો શ્રી જિનમંદિરમાં જાય, તો ભગવાનના બિમ્બના દર્શનના યોગે એના ભાવમાં અદ્ભુત અભિવૃદ્ધિ

થવા પામે. એમાં કોઈ વાર, કોઈ નિમિત્તવશ, કોઇકે જીવ બીજા ધ્યાને–દુર્ધ્યાને ચઢી જાય–એમેય બને; પણ જ્યાં પાછી નજર ભગવાન ઉપર જાય, એટલે એનો ભાવ પલટાઇ જાય. કદાચ વધારે શુદ્ધ પણ બને, કારણ કે–ભાવનું લક્ષ્ય છે, એટલે આવી જવા પામેલો દુર્ભાવ એને એવો સંતાપે કે–એ શુભ ભાવમાં વધારે મગ્ન બની જાય. એમ સાધુવેષ પણ, ભાવના લક્ષ્યવાળાને માટે પરમ ઉપકારક બને છે; સંયમના ભાવથી પતિત થઈ ગયેલાને સંયમના ભાવમાં સુસ્થિર બનાવી દે છે.

શ્રી પ્રસન્નચન્દ્રે કાચા વૈરાગ્યે દીક્ષા નહોતી લીધી :

રાજર્ષિ પ્રસન્નચન્દ્ર નિમિત્તવશ દુર્ધ્યાને ચઢી ગયા. દુર્ધ્યાને એવા ચઢી ગયા કે–જો એ વખતે એ મરે, તો મરે મુનિવેષમાં અને જાય સાતમી નરકે ! એને બદલે, ભાવમાં પલટો આવ્યો ને એમણે અન્તર્મુહૂર્ત્તમાં તો કેવલજ્ઞાન ઉપાર્જ્યું. એ ભાવનો પલટો આવવામાં, નિમિત્ત મુનિવેષ બન્યો હતો. એ કાંઇ સામાન્ય કોટિના નહોતા, છતાં પણ એ પ્રસંગવશ એવા દુર્ધ્યાને ચઢી ગયા, તો બીજાઓને માટે તો પૂછવાનું જ શું હોય ? તમને કદાચ એમ લાગતું હશે કે–એમણે કાચા વૈરાગ્યે દીક્ષા લઇ લીધી હશે અને એથી વૈરાગ્ય ભાગી જતાં તેઓ દુર્ધ્યાને ચઢી ગયા હશે; પણ એવું નથી. એ પુણ્યપુરૂષ મહા વિરાગી હતા. એમનો વૈરાગ્ય કાચો નહોતો, તેમ દુઃખ-ગર્ભિત પણ નહોતો. એમનો વૈરાગ્ય જ્ઞાનપૂર્વકનો હતો, ખૂબ જ દૃઢ હતો અને એથી જ એ મહાપુરૂષે, પોતે એક મહા રાજ્યના માલિક હોવા છતાં પણ, એ મહા રાજ્યનો તૃણવત્ ત્યાગ કરી

દીધો. એમણે મહા રાજ્યનો ત્યાગ તો કર્યો હતો, પરન્તુ પોતાના કુટુંબનો ય એમણે કેવી રીતિએ ત્યાગ કર્યો હતો, એ જાણો છો ? એમને માત્ર એક જ પુત્ર હતો. એકનો એક પુત્ર બાલ્યાવસ્થાવાળો હોવા છતાં પણ, સ્થિર વૈરાગ્યવાળા શ્રી પ્રસન્નચન્દ્ર રાજાએ, એ પુત્રને રાજગાદી ઉપર સ્થાપન કરી દીધો અને પોતે ભગવાન શ્રી મહાવીર પરમાત્માની પાસે દીક્ષા લઇ લીધી.

શ્રી પ્રસન્નચન્દ્રનાં માતા-પિતા :

આ શું સામાન્ય બાબત છે ? આ બાબત આમ તો સામાન્ય નથી જ, પરન્તુ શ્રી પ્રસન્નચન્દ્રને માટે તો એ પરાપૂર્વથી ચાલી આવતી હોય એવી બાબત હતી. એમના પિતા પણ, શ્રી પ્રસન્નચન્દ્રને દૂધપીતી અવસ્થામાં જ રાજ-ગાદી ઉપર સ્થાપીને, સગર્ભા એવી પણ પોતાની પત્ની સહિત તાપસ બની ગયા હતા.

એમનું નામ સોમચન્દ્ર હતું. જગતના જીવોને, સંસારના રસીયાઓને નહિ જેવી લાગે, ઘણી સામાન્ય લાગે–એવી એક બાબત જ, સોમચન્દ્રના રાજત્યાગમાં નિમિત્તભૂત બની હતી.

સોમચન્દ્ર રાજાની ધારિણી નામની પત્ની, એક વાર જ્યારે રાજમહેલના ગવાક્ષમાં બેઠેલા પોતાના પતિના માથાના વાળોને સાફ કરતી હતી, તે વખતે તેણીએ રાજાને કહ્યું કે– 'સ્વામીનાથ ! દૂત આવ્યો.'

રાજાઓને મન દૂતનું આગમન, એ ઘણી મોટી આશંકાને પેદા કરનાર બને છે. એક રાજા ઉપર બીજા રાજા તરફનો સંદેશો લઇને આવનાર માણસને દૂત તરીકે ઓળખાય છે.

બીજા રાજાનો સંદેશો, મોટે ભાગે યુદ્ધની આગાહી રૂપ ગણાય. આથી, રાણીએ જેવું કહ્યું કે–'દૂત આવ્યો.' એટલે રાજા સોમચન્દ્ર ચારેય તરફ જોવા લાગ્યા.

'દૂત આવે તો ય રાજસભામાં આવે, એને બદલે છેક અન્તઃપુરના ઉંડાણ સુધી પહોંચી જનાર દૂત કયો ? શું હશે ?' –આવો વિચાર પણ આવે ને ? રાજાએ બરાબર બધી દિશાઓનું અવલોકન કરી લીધું, પણ કયાં ય રાણી સિવાય કોઈ દેખાયું નહિ, એટલે રાજાએ રાણીને પૂછ્યું કે–'દૂત મને કેમ દેખાતો નથી ?'

મનમાં ખાત્રી છે કે–રાણી ખોટું કહે નહિ અને પોતે બધે જોયું તે છતાં ય કયાં ય દૂત દેખાયો નહિ, એટલે રાણીને પૂછ્યું.

રાણીએ તરત જ રાજા સોમચન્દ્રના માથામાંનો જે એક ધોળો વાળ હતો, તેને ઉખેડી નાખ્યો અને તે વાળને રાજાના હાથમાં મૂકતાં કહ્યું કે–' આ કેશરાજ ધર્મરાજાનો દૂત છે, માટે ભય પમાડનાર નથી, પણ આનંદ પમાડનાર છે.'

રાજા સોમચન્દ્ર તો, પોતાના હાથમાં મૂકાએલા પોતાના માથાના ધોળા વાળને જોઈ જ રહ્યા. જેમ જેમ રાજા એ વાળને જોતા ગયા, તેમ તેમ તેમના ચહેરા ઉપર વધુ ને વધુ વેદના જણાવા લાગી. તેમનું રાજમુખ મ્લાન–ફીક્કું પડી ગયું.

આથી રાજાને પુનઃ આનન્દમાં લાવવાને માટે, રાણી ધારિણીએ રાજાને કહ્યું કે–' દેવ ! વૃદ્ધાવસ્થાના આગમનથી આપને શરમ આવે છે ? એક ધોળા વાળ માત્રને જોઈને જો આપનું મન આટલું બધું ખિન્ન થઈ જતું હોય, તો હું પટહ વગડાવીને ઘોષણા કરાવું અને ' કોઈ પણ આપના વૃદ્ધપણાની

વાત કરે નહિ'–એવી નિષેધ આજ્ઞા જાહેર કરું!'

રાજા સોમચન્દ્ર કહે છે કે–'દેવી! એમ નથી. આ એક ધોળા વાળ માત્રને જોવાથી મને શરમ ઉપજી છે અને એથી જ હું ખેદ પામ્યો છું–એવું નથી. મારા મનમાં ખેદ ઉત્પન્ન થવાનું કારણ તો એ છે કે–'મારા પૂર્વજોએ, પોતાના માથામાં ધોળો વાળ જોવાને મળે તે પહેલાં જ, રાજ્યાદિકનો ત્યાગ કરીને વ્રત ગ્રહણ કર્યું છે. એ પૂર્વજોનો પુત્ર હું, એમના પંથે નહિ ચાલતાં, ધોળો વાળ આવ્યો ત્યાં સુધી વિષયભોગમાં જ આસક્ત બની રહ્યો છું.' મારા દુઃખનું ખરું કારણ તો આ છે. આમ છતાં ય, કાંઈ વાંધો નહિ. હવે હું તરત જ વ્રતને ગ્રહણ કરું; પણ આપણો પુત્ર હજુ દૂધપીતો છે. એને રાજગાદી ઉપર કેમ જ સ્થાપિત કરી શકાય?' આ પ્રમાણે કહીને, જરા થોભીને, રાજા સોમચન્દ્ર પોતે જ કહે છે કે–'જ્યારે મારી ઇચ્છા વ્રત લેવાની જ છે, તો પછી મારે રાજ્યથી પણ શું પ્રયોજન છે અને પુત્રથી પણ શું પ્રયોજન છે? હું તો વ્રતને જ ગ્રહણ કરીશ અને તું તારા પુત્રને મોટો કરજે.'

એ વખતે રાણી ધારિણી કહે છે કે–'નાથ! તમારા વિના તો, હું પણ અહીં નહિ રહું. સતીઓ તો સર્વ સંયોગોમાં પતિના માર્ગને જ અનુસરનારી હોય છે. માટે આપ બાળક એવા પણ પુત્રનું રાજ્યારોહણ કરી લો. હું તો, આપના શરીરની છાયા જેમ આપની સાથે જ રહે છે, તેમ આપની સાથે જ રહીશ અને વનમાં પણ આપની જ સેવા કર્યા કરીશ. જંગલમાં ઉપજેલાં વૃક્ષોની સારસંભાળ લેનાર કોઈ હોતું નથી; તેમ છતાં પણ, એ વૃક્ષો જેમ ઉછરે છે ને મોટાં થાય છે, તેમ આપણો પુત્ર પણ અહીં–પોતાનાં કર્મોથી જ વૃદ્ધિને પામશે.

આપ જાવ, તે પછી મારે તેનું પ્રયોજન જ શું છે?'

પિતાના સંસ્કારો :

શ્રી પ્રસન્નચન્દ્ર, આવાં માતા–પિતાના પુત્ર હતા. રાજા–રાણી બન્ને ય કેટલા ઉત્તમ સંસ્કારોવાળાં છે? માથામાં હજુ તો માત્ર એક જ ધોળો વાળ આવ્યો છે, છતાં પણ એને જોઇને કંપી ઉઠે–એવું રાજાનું હૈયું છે. 'પોતાના પૂર્વજોના કરતાં પોતે વધારે વિષયાસક્ત નિવડ્યો'–એવો વિચાર આવે અને એ વિચાર મનમાં ભારે દુઃખને પેદા કરી દે, એ જેવા–તેવા સંસ્કારો છે? રાજાનો એ વિચાર પણ પાછો સ્મશાન વૈરાગ્ય જેવો નથી. મુડદાને બાળી આવ્યા, એટલે પાછા હતા તેના તે; પછી મરણ આપણું પણ આવવાનું છે, એને જાણે ભૂલી જ જાય; એમાંના આ નહોતા. આ તો હૈયે વૈરાગ્ય પેદા થયો એટલે ઝટ ત્યાગ કરવાની જ વાત, એવા છે ને? જરાક વિચાર આવ્યો કે–' છોકરો નાનો છે; હું તજી જાઉં તો રાજ્યનું ને પુત્રનું થાય શું?' પણ એ વિચારને એમણે કેવો ફગાવી દીધો? તરત જ નિર્ણય કરી લીધો કે–' જેણે વ્રત જ લેવું છે, તેને વળી રાજ્યેય શું અને પુત્રેય શું?' હૈયામાં સુન્દર સંસ્કારોની સુવાસ પથરાએલી ન હોય, તો આ પ્રકારનો વિચાર આવવો અને એ પ્રકારનો વિચાર આવતાંની સાથે જ બીજી કોઈ જ દરકાર કર્યા વિના, ત્યાગ કરવાને તત્પર બની જવું, એ પ્રાયઃ શક્ય જ નથી.

માતાના સંસ્કારો :

શ્રી પ્રસન્નચન્દ્રને પિતા જેમ આવા ઉત્તમ કોટિના હૈયાવાળા મળ્યા હતા, તેમ માતા પણ અસાધારણ કોટિની

મળી હતી. ધોળા વાળને તેણીએ ધર્મરાજાના દૂત તરીકે ઓળખાવ્યો. દૂત હોવા છતાં ય એ પ્રશંસાપાત્ર છે, એમ કહ્યું. રાજ્યને તજીને વનવાસને સેવવાનો રાજાએ નિર્ણય કર્યો, તો ય તેમાં તેણીએ આડું એક વચન સરખું ય કહ્યું નહિ. તેણીની પતિભક્તિની ભાવના પણ કેવી ? રાણી હતી, છતાં જાતે રાજાના માથાના વાળોને સાફ કરતી હતી. જંગલમાં પણ આપની સાથે જ રહીને આપની સેવા કરીશ, એમ તેણીએ કહ્યું. પતિ-ભક્તિને માટે બાલ વયના પુત્રને પણ તજી દેવાની તૈયારી બતાવી. છોકરાનું મમત્વ મુંઝવે નહિ, એ માટે ઉદાહરણ કેવું આપ્યું ? જંગલના ઝાડનું ઉદાહરણ આપતાં પણ, તત્ત્વજ્ઞાનની કેવી સુન્દર વાત કહી દીધી ? પુત્ર પોતાનાં કર્મોથી જ વૃદ્ધિને પામશે, એમ કહ્યું ને ? રાણી આટલી પતિભક્તા, સંસ્કારી અને ધર્મશીલા હોય ? રાણીની વાત તો દૂર રહી, પરન્તુ આજની શેઠાણીઓમાં ય આવું કાંઈ જોવાને મળે ? નહિ જેવી શ્રીમંતાઈમાં છકી તો જાય, પણ એટલામાં છકી જઈને પતિ-ભક્તિને પણ ભૂલી જાય, એવી શેઠાણીઓ આજે મોટી સંખ્યામાં છે ને ? રમા ફાવે તેમ રમ્યા કરે અને રામાથી શેઠને કામ લેવું પડે; અવડાવનાર પણ રમાને બદલે રસોઈયો; આ બધાં આજના યુગનાં પ્રદર્શનો છે ને ? આજનો યુગ આવા સંસ્કા-રોને પોષે છે, જ્યારે પૂર્વકાળનો યુગસંસ્કાર વૈરાગ્યવાસિત હતો. પૂર્વકાળનો યુગસંસ્કાર સ્ત્રીજાતિ ઉપર કેવી અસર કરતો, એને જાણવાને માટે શ્રી પ્રસન્નચન્દ્રની માતાની આ હકીકત ઘણી જ ઉપયોગી છે; તેમ જ જો સતી સ્ત્રી તરીકે જીવવું હોય, તો એવી ઈચ્છાવાળી સર્વ સ્ત્રીઓએ સદાને માટે આ સતી સ્ત્રીને નજર સન્મુખ રાખવા જેવી છે.

શ્રી પ્રસન્નચન્દ્રે શાથી દીક્ષા લીધી?

આપણી વાત તો એ હતી કે–જેમને આવાં સંસ્કારી માતા–પિતા મળ્યાં હોય, તે સારા નિવડે એ સ્વાભાવિક છે. આ માતા–પિતાને ઓળખીએ, તો એવો વિચાર પણ ન આવે કે–શ્રી પ્રસન્નચન્દ્રે નાની વયના પુત્રને રાજગાદી ઉપર સ્થાપિત કરીને દીક્ષા કેમ લીધી હશે? ઊલટું, એવો વિચાર આવે કે–આવાં સંસ્કારી માતા–પિતાનો પુત્ર, સંયોગવશાત્ નાની વયના પણ પુત્રને રાજગાદી ઉપર સ્થાપીને દીક્ષા લે, એમાં નવાઈ પામવા જેવું કાંઈ છે જ નહિ.

શ્રી પ્રસન્નચન્દ્રે શાથી દીક્ષા લીધી હતી, એટલે કે–કયા નિમિત્તે લીધી હતી, તે જાણો છો?

તેમની માતા સગર્ભાવસ્થામાં જ પોતાના પતિ રાજા સોમચન્દ્રની સાથે વનમાં ગઈ હતી. ત્યાં તેણીએ પુત્રને જન્મ આપ્યો હતો. એ પુત્ર કેવી રીતિએ મોટો થયો, કેવા પ્રકારે તેનું જંગલમાંથી નગર તરફ આકર્ષણ કરવામાં આવ્યું અને પછી પાછો તે કેમ જંગલમાં પિતાની પાસે ગયો, એ વિગેરે વાતોને તો, અહીં પ્રસંગ નહિ હોવાથી છોડી દઈએ છીએ; પરન્તુ શ્રી પ્રસન્નચન્દ્ર રાજાના એ વલ્કલચીરી નામના નાના ભાઈને, પોતાનાં તાપસપણાનાં ઉપકરણોને સાફ કરતાં, જાતિ-સ્મરણ જ્ઞાન થયું અને એથી પૂર્વભવમાં જે ચારિત્ર પાળેલું તે યાદ આવ્યું. એ ઉપરથી, તેઓ એવા ધ્યાનારૂઢ બની ગયા કે–ત્યાં ને ત્યાં જ તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

કેવલજ્ઞાની બનેલા શ્રી વલ્કલચીરીએ ઉપદેશ આપીને, તેમના પિતા શ્રી સોમચન્દ્રને તાપસમાંથી જૈન મુનિ બનાવ્યા

અને તેમના મોટા ભાઈ રાજા પ્રસન્નચન્દ્રને વૈરાગ્યવાસિત અન્તઃકરણવાળા બનાવ્યા.

એમ વૈરાગ્યવાસિત અન્તઃકરણવાળા બનેલા શ્રી પ્રસન્નચન્દ્રે, પોતાની રાજધાનીના નગર પોતનપુરમાં આવીને, પોતાના વૈરાગ્યને સ્થિર બનાવ્યો અને પોતાના બાલ્યાવસ્થાવાળા પણ પુત્રને રાજગાદ્દી ઉપર સ્થાપિત કરીને, ભગવાન શ્રી મહાવીર પરમાત્માની પાસે દીક્ષાને ગ્રહણ કરી.

દીક્ષા બાદ ઉગ્ર તપનો આદર :

શ્રી પ્રસન્નચન્દ્રે, ભગવાનની પાસે દીક્ષા ગ્રહણ કર્યા બાદ, ઉગ્ર તપનો આદર કર્યો હતો. પોતાનાં કઠિન એવાં પણ કર્મોની નિર્જરાને સાધવામાં જ, એ એકતાન બની ગયા હતા. એટલે એમનો વૈરાગ્ય કાંઈ કાચો નહિ હતો. ઉત્કટ કોટિનો વૈરાગ્ય હોવા છતાં પણ, એક નિમિત્તને પામીને, એ રાજર્ષિ મહા દુર્ધ્યાને ચડી ગયા; પરન્તુ, મુનિવેષ એમને માટે ગજબનો મદદગાર નિવડ્યો.

એક વાર રાજર્ષિ પ્રસન્નચન્દ્ર, એક જ પગના આધારે ઉભા રહીને, સ્થિરતાથી ધ્યાન રૂપ તપનું આસેવન કરી રહ્યા હતા. તે વખતે તેઓ, એક મૂળના આધારે ઉભા રહેલા વૃક્ષ જેવા લાગતા હતા. પોતાના બન્ને ય હાથોને પણ તેઓએ ઉંચા કરી રાખ્યા હતા. જોનારને લાગે કે–રાજર્ષિ પોતાના બન્ને હાથોથી શ્રી સિદ્ધિગતિનું આકર્ષણ પોતાના તરફ કરી રહ્યા છે. એક પગના આધારે અને બન્ને ય હાથોને ઉંચા કરીને ધ્યાનમાં ઉભેલા એ રાજર્ષિએ, પોતાનાં બન્ને ય નેત્રોને સૂર્યના બિમ્બ ઉપર સ્થાપિત કર્યાં હતાં. તમે આરીસામાં

જોતાં તમારી આંખોને જેમ આરીસા ઉપર સ્થિર કરી દો છો, તેમ એ રાજર્ષિએ, સૂર્યના બિમ્બ ઉપર પોતાનાં નેત્રોને સ્થિર કરી દીધાં હતાં. એટલું જ નહિ, પણ એ રાજર્ષિ સૂર્યના તાપથી આતાપના લઈ રહ્યા હતા. એક પગના આધારે, બે હાથોને ઉંચા કરીને અને સૂર્યના બિમ્બ ઉપર નેત્રોને સ્થિરતાથી સ્થાપીને પણ તેઓ તડકામાં ઉભા રહ્યા હતા. આથી, પરસેવાનાં બિન્દુઓને લીધે, તેમનું આખું ય શરીર ફોડલાવાળું હોય એવું લાગતું હતું અને વહેતા પસીનાના પાણીથી તેમનું શરીર જાણે સાક્ષાત્ શાન્તરસ આવીને ઉભો હોય, એવું દેખાતું હતું.

'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્' નું રહસ્ય :

રાજર્ષિ શ્રી પ્રસન્નચન્દ્રનો વૈરાગ્ય કેટલો બધો ઉત્કટ કોટિનો છે, એની કલ્પના તો તમને આવે છે ને ? જન્મ્યા ત્યારથી તે દીક્ષા લીધી ત્યાં સુધી જે શરીરે રાજસુખો ભોગવ્યાં છે, જે શરીરને ત્યાં સુધી સૂર્યનું કિરણ સ્પર્શવા પણ પામ્યું નથી અને જે શરીર સુકોમળપણે જ વધતું આવ્યું છે, એ શરીરથી રાજર્ષિ શ્રી પ્રસન્નચન્દ્ર કેવું કઠોર કામ લઈ રહ્યા છે ? કેમ ? કઠોર એવાં પણ કર્મોને ભેદી નાખવાં છે, એ માટે ! **'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્'**–એવું બોલનારાઓ તો ઘણા છે. એવું બોલીને પણ, શરીરની જ આળપંપાળમાં પડ્યા રહેનારાઓનો, આ સંસારમાં તોટો નથી. શરીરને એકાન્તે ધર્મનું સાધન જ બનાવનારાઓ તો, આવા કોઈ વિરલ જ હોય છે. **'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્'**–એ વાક્ય, વાસ્તવિક રીતિએ તો, ધર્મની જ મહત્તાને બતાવનારું છે. ધર્મ એ સાધ્ય અને

શરીર એ ધર્મનું સાધન. એટલે શરીર વખાણવા લાયક તેનું જ ગણાય, કે જેણે શરીરને ધર્મનું સાધન બનાવી દીધું હોય. શરીર જેવી ચીજ, કે જે માંસ, રૂધિર, હાડકાં ને ચામડી તથા મલ–મૂત્રથી પૂર્ણ છે, તે પણ એક ધર્મનું સાધન બનવાથી જ પ્રશંસાને પાત્ર ઠરે છે. આ શરીર જો ધર્મનું સાધન ન હોય, તો વાસ્તવિક રીતિએ આ શરીરમાં વખાણવા જેવું કાંઈ છે જ નહિ.

દેવોના શરીરને નહિ વખાણતાં માનવોના શરીરને વખાણવાનું કારણ :

માત્ર શરીરને જ વખાણવાનું હોય, તો દેવોના શરીરને જ વખાણવું પડે. આ શરીર, આમ તો દુર્ગન્ધને ફેલાવનારા પદાર્થોથી ભરેલું છે અને પાછું બાળ પણ હોય, ઘરડું પણ થાય છે અને અનેક રોગોથી પીડિત પણ બને છે. દેવોના શરીરમાં આમાંનું કાંઈ જ નહિ. દેવોના શરીરમાં, અંદરેય આપણા શરીરના જેવી બરાબી નહિ અને દેવોના શરીરને બાળપણેય ભોગવવાનું નહિ, ઘડપણેય ભોગવવાનું નહિ અને કોઈ રોગ પણ ભોગવવાનો નહિ. આટલું છતાં પણ, જ્ઞાનિઓએ દેવોના શરીરને વખાણ્યું નહિ અને માનવીઓના શરીરને વખાણ્યું, તે એક માત્ર ધર્મને જ કારણે. દેવોનું શરીર ગમે તેટલું સારૂં હોવા છતાં પણ, સદ્ધર્મનું સાધન બની શકતું નથી; જ્યારે માનવોનું શરીર, ગમે તેટલું બરાબ હોવા છતાં પણ, સદ્ધર્મનું સર્વોત્તમ સાધન પણ બની શકે છે. માટે જ, માનવશરીરનાં મહા જ્ઞાનિઓએ પણ ઘણાં વખાણ કર્યાં છે. આજે '**शरीरमाद्यं खलु धर्मसाधनम्**'–એ વાક્યનો ઉપયોગ

કરનારાઓ, મોટે ભાગે, આ વાત તરફ લક્ષ્ય જ આપતા નથી. આ વાત તરફ જો લક્ષ્ય જાય, તો દરેક માણસને એમ થાય કે–આપણે આ જીવનમાં જેટલા પ્રમાણમાં ધર્મને આચરીએ, તેટલા પ્રમાણમાં જ આપણને આ જે માનવશરીર મળ્યું છે, તેની સાર્થકતા છે. એટલે, એ વારે વારે, પોતાનું શરીર ધર્મનું સાધન કેટલુંક બન્યું છે ને બને છે, એ તરફ જોયા જ કરે. શરીરને એ પોષે, શરીરને એ નીરોગી રાખવાને મથે, શરીરને એ નીરોગી બનાવવાને મથે અને શરીરની રક્ષા કરે, તો પણ એ બધામાં એનું લક્ષ્ય તો ધર્મની સાધના તરફ જ હોય. એવું લક્ષ્ય હોય, એટલે અવસરે એ ધર્મના ભોગે શરીરની રક્ષા કરવાને બદલે, શરીરના ભોગે ધર્મની રક્ષા કરવાનું પસંદ કરે. એવું લક્ષ્ય હોય, એથી માણસ શરીરને એવા પ્રકારે જાળવવાને માટે તૈયાર રહે નહિ, કે જેથી ધર્મનો વિનાશ થવા પામે. ઉપરાન્ત, એ લક્ષ્યમાંથી જો ભાવનું સામર્થ્ય વધી જાય, તો આત્મા શરીરની દરકાર કર્યા વિના પણ, એકાન્તે અને ઉત્કટ કોટિના ધર્મનો સાધક બની જાય. એમાં ઘણી જ ઉત્કટ કોટિનો વૈરાગ્ય જોઇએ અને રાજર્ષિ શ્રી પ્રસન્નચન્દ્ર એવા ઉત્કટ કોટિના વૈરાગ્યના ભાવથી રંગાઈ ગયા હતા. માટે જ તેઓ, આપણે જોઈ આવ્યા તેમ, માત્ર એક જ પગના આધારે ઉભા રહીને, બન્ને ય હાથોને ઉંચા કરીને અને સૂર્યના બિમ્બ ઉપર દૃષ્ટિને અવિચલપણે સ્થાપિત કરીને, સૂર્યની આતાપનાને સહવાપૂર્વક ધ્યાનમગ્ન બની ગયા હતા.

માત્ર ઉપાદાન કારણને માનનારાઓને હિતશિક્ષા :

આવા પણ મુનિવર ઉપર નિમિત્તની શી અસર થાય

છે, તે આપણે જોવું છે. માત્ર ઉપાદાન કારણને જ માનનારાઓ અને અન્ય સહકારી કારણોનો નિષેધ કરનારાઓએ, રાજર્ષિ પ્રસન્નચન્દ્રના આ પ્રસંગને ધ્યાનમાં લેવા જેવો છે. તેઓ જો માત્ર રાજર્ષિ પ્રસન્નચન્દ્રના આ પ્રસંગના મર્મને પણ સમજી શકે, તો ય તેઓ ઉન્માર્ગદેશના અને ઉન્માર્ગસેવનના ઘોર પાપથી બચી શકે તેમ જ એમના પાપે આજે જે અનેક આત્માઓનું કારમું અહિત થઈ રહ્યું છે, તે પણ અટકી જવા પામે. ઉપાદાન કારણનો યોગ થયા વિના નિમિત્ત કારણની અસર ન થઈ શકે–એ વાત મંજુર છે; પણ નિમિત્ત કારણથી ઉપાદાન કારણનો યોગ નથી જ થતો, એમ માનવું એ સર્વથા ભૂલ ભરેલું છે. ઉપાદાન કારણની અન્તર્ગત નિમિત્ત કારણોની ઘણી અસર હોય છે. માટે નિમિત્ત કારણોની અસર જ નથી હોતી–એમ કહેવું, એ તો 'કાંઈ પણ ખાધા–પીધા વિના જ ભૂખ–તરસ મટી'–એમ કહેવા બરાબર છે. ઉપાદાન કારણ સિવાયના કોઈ જ કારણની અસરને માનવાનો ઈનકાર કરનારાઓ, પોતાની ભૂખને મીટાવવાને માટે ખાધા વિના રહેતા નથી, પોતાની તૃષાને છીપાવવાને માટે પીધા વિના રહેતા નથી, પોતાના મનમાં ગમેલા માર્ગને પ્રચારવાને માટે ઉપદેશ આપ્યા વિના રહેતા નથી, પોતાનો મનોભાવ બીજાને જણાવવાને માટે બોલ્યા વિના રહેતા નથી, પોતાને સારા તરીકે દેખાડવાને માટે કે પોતાને સારા ભાવમાં સ્થિરતાદિ પમાડવાને માટે મંદિરમાં ગયા વિના રહેતા નથી અને પોતાને ઉપદ્રવોથી બચાવવાને માટે મકાનો આદિનો આશ્રય લે છે. જેઓ માત્ર ઉપાદાન કારણને જ માને છે અને બીજાં કારણોને માનવાનો ઈનકાર કરે છે, તેઓ આ

બધામાંના કશાનો જ ઉપયોગ કે આશ્રય કરી શકે નહિ.

એક ઘોડેસ્વાર ઉપર સારી અસર :

રાજર્ષિ પ્રસન્નચન્દ્ર જે વખતે સૂર્યની આતાપનાને સહતા ધ્યાનસ્થ બન્યા છે, તે વખતે પાસેના માર્ગે થઈને શ્રી શ્રેણિક રાજા, પોતાની સેના આદિ સર્વ પ્રકારની રાજઋદ્ધિએ સહિત બનીને, ભગવાન શ્રી મહાવીર પરમાત્માને વન્દન કરવાને માટે જઈ રહેલ છે. શ્રી શ્રેણિક રાજાના સૈન્યના અગ્રભાગમાં બે ઘોડેસ્વારો ચાલી રહ્યા હતા. તેમણે રાજર્ષિ પ્રસન્નચન્દ્રને ધ્યાનસ્થ દશામાં ઉભેલા જોયા. રાજર્ષિ પ્રસન્નચન્દ્રને એ પ્રકારે ઉભેલા જોઈને, એ બે ઘોડેસ્વારોમાંના એકનું હૈયું આનન્દના અને અનુમોદનાના ભાવથી નાચી ઉઠ્યું. આનન્દ અને અનુમોદનાનો એ ઘોડેસ્વારનો એ ભાવ એટલો બધો જોરદાર હતો કે–પોતાના એ ભાવને તે સાથીદાર સૈનિકની પાસે રજૂ કર્યા વિના રહી શકયો નહિ. એણે પોતાની સાથે ચાલતા ઘોડેસ્વારને કહ્યું કે–' આ મહામુનિ ખરે જ વંદના કરવાને યોગ્ય છે. આ જ ખરા મહાત્મા છે, કે જેઓ આવા ઉગ્ર તપને આચરી રહ્યા છે. આમ એક પગે એક મુહૂર્ત્ત માત્ર જેટલો સમયેય ઉભા રહેવું, એ અતિ કઠિન છે અને તેમાં પણ સૂર્યમંડલની સામે દૃષ્ટિને સ્થાપિત કરીને ઉભા રહેવું, એ તો વળી એનાથી ય અધિક કઠિન છે. આમનું આ દુષ્કર કાર્ય, કોઇને પણ આશ્ચર્ય ઉપજાવ્યા વિના રહે નહિ, એવું છે. આવા મહાત્માથી સ્વર્ગ તો શું, પણ મોક્ષેય જરા પણ દૂર રહી શકે નહિ. ખરેખર, કોઈ કાર્ય એવું અસાધ્ય તો છે જ નહિ, કે જેને ઉગ્ર તપથી સાધી શકાય નહિ.'

બીજા ઘોડેસ્વાર ઉપર ઊલટી અસર :

એ ઘોડેસ્વારે તો, પોતાના હૈયાના ભાવને પોતાની વાણી દ્વારા જેટલો વ્યક્ત કરી શકાયો તેટલો વ્યક્ત કર્યો; પણ પોતાના સાથીદાર તરફથી પણ એવા જ પ્રકારનો મનોભાવ વ્યક્ત થશે–એવી એણે જે આશા રાખેલી, તે એની આશા નિષ્ફલ નિવડી. નિષ્ફલ જ નિવડી–એમ પણ નહિ, પણ એના ભાવથી તદ્દન ઊલટા જ પ્રકારનો મનોભાવ પેલાએ વ્યક્ત કર્યો. એના સાથીદાર ઘોડેસ્વારે કહ્યું કે–'મિત્ર ! તું આ મુનિને ઓળખતો જ લાગતો નથી. જો તું આ મુનિને ઓળખતો હોત, તો તું આની આવી પ્રશંસા કરત જ નહિ. આ તો રાજા પ્રસન્નચન્દ્ર છે. આને કાંઈ આવા કષ્ટથી પણ કશો જ ધર્મ થાય તેમ નથી. આનો તપ પણ વૃથા છે. એનું કારણ એ છે કે–આ રાજાએ પોતાના બાલવયસ્ક પુત્રને રાજગાદી ઉપર સ્થાપિત કરીને દીક્ષા લઈ લીધી છે, પણ વૃક્ષ પરના કાચા ફળને તોડી પાડવાની જેમ, આ રાજાના મંત્રીઓ, આ રાજાના પુત્રને રાજ્ય-ભ્રષ્ટ કરવાને તૈયાર થઈ ગયા છે. આ રાજાએ તો, રાજ્યની રક્ષાનો ભાર દુરાત્મા મંત્રીઓને સોંપીને, બીલાડાને દૂધ સાચવવાને સોંપવાના જેવી મૂર્ખાઈ કરી છે. એ મંત્રીઓ બાળ રાજાને મારી નાખશે, એટલે આનો વંશ નિર્મૂલ બની જશે. એમ, પોતાના પૂર્વજોના નામનો નાશ થાય–એવું કામ કરનાર આ મુનિ, મહા પાપી ઠરશે. વળી આણે દીક્ષા લેતી વખતે પોતાની જે પ્રિયાઓનો ત્યાગ કર્યો છે, તે અનાથ બની ગયેલી હોવાથી, એ અબળાઓનું શું થશે–તેની તો કલ્પના જ કરી લેવાની છે.'

અન્ય કારણની પણ અસર :

દૃશ્ય એકનું એક, જોનાર બે અને બે બન્ને ય ઉપર પરસ્પર-વિરોધી અસર ! શાથી ? માત્ર ઉપાદાન કારણથી જ ? ના. જો માત્ર ઉપાદાન કારણ જ માનીએ, તો આપણે એવો વિચાર કરવો પડે કે-જો એ બેએ એ મુનિવરના દૃશ્યને જોયું જ ન હોત, તો એ બેમાંથી એકને પણ આમાંનો કોઈ વિચાર આવત ખરો ? નહિ જ. એકને સારા દૃશ્યને જોવાથી સારો વિચાર આવ્યો અને બીજાને એ જ સારા દૃશ્યને જોવાથી ખરાબ વિચાર આવ્યો, તેમાં વિચારના સારા-પણામાં અને ખરાબપણામાં ઉપાદાન કારણ ખરું; પણ વિચાર આવવામાં કારણ તો એ દૃશ્ય જ. એ દૃશ્યને જોવામાં અને એ વિષે વિચારવામાં, ઉપાદાન કારણનો યોગ ન થયો હોત, તો જે વાર્ત્તાલાપ સંભવિત બન્યો તે વાર્ત્તાલાપ સંભવિત બનત નહિ, પરન્તુ ઉપાદાન કારણ આ પ્રકારે કાર્યકર બન્યું, તેમાં કારણ એ મુનિવરનું દર્શન ખરું કે નહિ ? અને બીજાના બોલવામાં પહેલાએ જે કહ્યું, તે ય કારણ ખરું કે નહિ ? કહેવું જ પડશે કે-ખરું જ.

કોની નિન્દા-પ્રશંસાની કિમત અંકાય ?

વળી, એ બાબત પણ વિચારો કે-એકને સારા દૃશ્યે સારા વિચારો નિપજાવ્યા અને એકને સારા દૃશ્યે ખરાબ વિચારો નિપજાવ્યા, તેમાં તે બેયનું કર્મ કારણ રૂપ ખરું કે નહિ ? એક લઘુકર્મી હોવાથી વિવેકી અને બીજો ભારેકર્મી હોવાથી અવિવેકી, એ વાતને પણ માનવી જ પડશે. સારું પણ દૃશ્ય, સારા આદમી ઉપર જ સારી અસર નિપજાવનારું

નિવડે છે; અથવા તો, એ દૃશ્યને જોવાના નિમિત્તે જેનામાં સારાપણું પ્રગટે, તેના ઉપર જ એ સારી અસર નિપજાવનારૂં નિવડે છે. એટલે, કોઇ પણ માણસ, જે માણસની કે જે ક્રિયાની નિન્દા કરે, તે માણસ કે તે ક્રિયા ખરાબ જ હોય, એમ માની લેવાનું નહિ. માણસ સારો જ હોય કે ક્રિયા સારી જ હોય, તેમ છતાં પણ એની નિન્દા કરનારાઓ હોઇ શકે. તેમ ખરાબ માણસ કે ખરાબ ક્રિયાની પ્રશંસા કરનારાઓ પણ હોય. એટલે ગમે તેની નિન્દા અથવા તો પ્રશંસા ઉપરથી, કોઇ પણ વ્યક્તિનો કે કોઈ પણ ક્રિયાનો તોલ મપાય નહિ. ત્યારે શું નિન્દા કે પ્રશંસા ઉપરથી તોલ જ ન મપાય ? નિન્દા કે પ્રશંસા ઉપરથી પણ તોલ મપાય, પરન્તુ તે જો વિવેકિઓએ, શિષ્ટ જનોએ કરેલી હોય તો ! અશિષ્ટ કે નિર્વિવેકી જનો જે કરે, તે નિન્દાની ય કિંમત નહિ અને તે પ્રશંસાની ય કિંમત નહિ.

પ્રશંસાની કે નિન્દાની અસર નહિ :

પેલા બે ઘોડેસ્વારોએ તો એમ પોતપોતાની રૂચિ મુજબની વાત કરી, પરન્તુ રાજર્ષિ પ્રસન્નચન્દ્રના કાને એ વાત પડી અને પરિણામ તત્કાલને માટે તો ઘણું જ ભયંકર આવ્યું. એમ નહિ સમજતા કે–રાજર્ષિ પ્રસન્નચન્દ્ર પોતાની પ્રશંસાની વાતને સાંભળીને માન–કષાયના જોરે ઉન્મત્ત બની ગયા અને તે પછી પોતાની નિન્દાની વાતને સાંભળીને ક્રોધ–કષાયના જોરે ઉન્મત્ત બની ગયા. તેઓના મન ઉપર, નથી તો પ્રશંસાએ કશી જ અસર કરી ને નથી તો નિન્દાએ કશી જ અસર કરી. ત્યારે અસર કોણે કરી ? પોતાની પ્રશંસાથી પણ નહિ

મુંઝાનારા અને પોતાની નિન્દાથી પણ નહિ મુંઝાનારા એ રાજર્ષિ, એ જ એક વાતથી દુર્ધ્યાને ચઢી ગયા, કે જે વાત તેમની નિન્દા કરતાં અથવા તો તેમની નિન્દા કરવાના હેતુથી બીજા ઘોડેસ્વારે ઉચ્ચારી હતી. એ વાતે જ, રાજર્ષિ પ્રસન્નચન્દ્રના સમાધિ રૂપી વૃક્ષને તોડી પાડયું અને તેમને દુર્ધ્યાનારૂઢ બનાવી દીધા. 'પેલાએ મારી પ્રશંસા કરી, તેમાં બીજાના બાપનું શું લૂંટાઈ ગયું, કે જેથી તેણે મારી ભારોભાર નિન્દા કરી નાખી ?'–આવા કોઇ વિચારથી નહિ જ, પણ બીજા જ વિચારથી રાજર્ષિ પ્રસન્નચન્દ્ર દુર્ધ્યાનારૂઢ બની ગયા. તમે જૂઓ કે–બીજું પણ કારણ, ઉપાદાન કારણનો યોગ મળવાથી, અસર કરનારૂં અને તે ય કારમી અસર કરનારૂં નિવડે છે કે નહિ !

મનમાં યુદ્ધનો આરંભ :

રાજર્ષિ પ્રસન્નચન્દ્રની બાહ્ય સ્થિતિમાં કશો જ ફેરફાર થયો નથી. જે ફેરફાર થયો છે, તે આન્તરિક સ્થિતિમાં જ ફેરફાર થયો છે. રાજર્ષિ પ્રસન્નચન્દ્રને, બીજા ઘોડેસ્વારે ઉચ્ચારેલી વાતને સાંભળતાં, એવા એવા વિચારો આવ્યા કે–'મારા મંત્રીઓ ખરેખર દુષ્ટ નિવડયા. તેમનું મેં જે સન્માન કર્યું તેમ જ તેમના ઉપર મેં જે વિશ્વાસ મૂકયો, એ ખરે જ રાખમાં ઘી નાખવા જેવું થયું. ધિક્કાર છે મારા એ વિશ્વાસઘાતી મંત્રિઓને, કે જેઓએ પાપાસક્ત અને શઠ બનીને, મારા દૂધપીતા પુત્રનું રાજ્ય છીનવી લેવાનો વિચાર કર્યો છે. હું જો ત્યાં હોત, તો તો હું તેમને જૂદા જૂદા પ્રકારોના નિગ્રહોથી ભારે શિક્ષા કરત ! મારા પુત્રના પરાજયની વાત

મારે કાને પડે, તે પછી આ જીવતરનું ય ફલ શું અને આ મહા તપનું ય ફલ શું ?'

આવા વિચારો કરતાં, એ રાજર્ષિ નિવર્ત્યા નહિ, પણ અધિક દુષ્ટ ધ્યાન ઉપર આરૂઢ થયા; અને ક્રોધ રૂપી પીશાચના આવેશને આધીન બની જવાથી, તેઓ પોતાની ચારિત્રાવસ્થાને જ ભૂલી ગયા. મનમાં ને મનમાં તેમણે મંત્રીઓની સામે યુદ્ધ આરંભી દીધું.

તરંગોની શ્રેણિ :

તમને આમાં કાંઇ નવાઈ જેવું તો લાગતું નથી ને ? તમે કોઈ વાર તરંગે ચઢી ગયા છો ? એ તરંગોમાં તમે તમને અને તમારી સ્થિતિને ભૂલી ગયા હો, એવું કાંઈ બન્યું છે ? મોટા ભાગને તો, આવું ઘણી વાર બન્યું હશે. કોઈ વેપાર કે સટ્ટો કર્યો હોય; એમાં સવારે ઉઠીને છાપું વાંચતાં ઠીક ઠીક, અસાધારણ લાભ થયાનું જણાય; પછી તરંગોએ કેવું ચઢાય છે ? 'આ આટલા મળશે. હવે આનું હું આમ કરીશ એટલે રોજની બેઠી આવક થશે. પછી હું બૈરી—છોકરાં વિગેરે બધાંને લઇને અમુક અમુક ઠેકાણે જઇશ. જરા મુશ્કેલી પડશે, તો ઘાટીને સાથે લેવાશે અને રસોઇયો ત્યાં જઈને રાખી લેવાશે. બૈરીને પણ થશે કે—ચાલો, નશિબ ખૂલ્યું. લોકમાં ય આપણી આબરૂ વધશે. છોકરા માટે સારા ઘરની કન્યા આવશે અને આપણી છોકરીને લઈ ને સારા ઘરવાળાઓ રાજી થશે.'—આવી આવી અનેક પ્રકારની તરંગોની શ્રેણિઓનો તમને અનુભવ હશે. એવા વખતે, માણસ, પોતે કોણ છે અને પોતે કયાં છે, એને ય વિસરી જાય છે.

આવું માત્ર નિરાંત હોય ત્યારે જ બને છે, એમ પણ નહિ. રસ્તે માણસ ચાલ્યો જતો હોય, એમાં કોઈક વિચાર આવે અને એમાંથી તરંગે ચઢી જાય, એવું પણ બને છે. એમ જે તરંગે ચઢયો હોય, તેને જવાનું હોય કયાં ય ને એ જઈ પહોંચે કયાં ય, એમેય બને. આવી રીતિએ દુર્ધ્યાનારૂઢ થવું એ સહેલું છે, પણ આવી રીતિએ અચાનક શુભ ધ્યાનારૂઢ બની જવાય, એવું તો કોઇ વિવેકિઓને માટે જ બને છે.

પુનઃ વિવેકમાં :

રાજર્ષિ પ્રસન્નચન્દ્રે તો, જાણે મંત્રીઓ તેમની સામે જ રૂબરૂમાં હોય, તેમ મંત્રીઓની સાથે મનમાં ને મનમાં યુદ્ધ કરવા માંડયું. પોતાની તલવારના ઘાથી તે રાજર્ષિએ મંત્રીઓના ટૂકડે ટૂકડા કરી નાખવા માંડયા. એમ કરતાં કરતાં, પોતાનાં શસ્ત્રો ખૂટી ગયાં. શસ્ત્રો ખૂટી ગયાં, એટલે પોતાના માથા ઉપર રહેલા ટોપથી પણ બાકીના મંત્રીઓને મારી નાખવાનો તેમણે વિચાર કર્યો. એ વિચારથી, ટોપ લેવાને માટે તેમણે માથે જેવો હાથ નાખ્યો, કે તરત જ તેમને ભાન થયું કે–'હું કાંઇ બખ્તર પહેરેલો નથી. હું તો સાધુ છું.' લોચ કરેલા માથા ઉપર હાથ મૂકયો ને તરત જ પોતાનું ચારિત્ર યાદ આવ્યું. એમ ચારિત્ર યાદ આવતાંની સાથે જ, રાજર્ષિ પ્રસન્નચન્દ્રે વિચાર્યું કે–'રૌદ્રધ્યાનનો અનુબંધ કરનાર મને ધિક્કાર હો. મેં તો બધા ય પ્રકારની મમતાનો ત્યાગ કરેલો છે, એટલે મારે પુત્રની સાથે પણ કાંઈ નિસ્બત નથી અને મંત્રીઓની સાથે પણ કાંઈ નિસ્બત નથી.' આ પ્રમાણે વિચારતાં વિચારતાં, તેમણે પોતાના ઉપર જામી જવા પામેલી

મોહની સત્તાને ફગાવી દીધી અને તેમણે પોતાના આત્માને પુનઃ વિવેકમાં સ્થાપિત કરી દીધો.

મમતા દેવી નહિ પણ ડાકણ :

વિચારો કે–મમતા કેવી મારનારી છે ? મમતાને તજીને નીકળી ગયેલા અને પોતાના શરીર ઉપર પણ નિર્મમ બનીને ઉગ્ર તપશ્ચર્યાને કરનારા મુનિવરો, જો ભૂલથી પણ મમતામાં ફસાઇ પડે છે, તો એમની ય કેવી બૂરી હાલત થઇ જાય છે ? નિર્મમને પણ જ્યાં પુત્રની મમતા જરા સ્પર્શી જવા પામી, ત્યાં એ કેટલા બધા ક્રૂર પરિણામવાળા બની ગયા ? એમના મનને હતું કે–હું દુશ્મનોને મારી રહ્યો છું, પણ ખરી રીતિએ તો એ પોતે જ મરી રહ્યા હતા. મમતાનો અન્ધાપો આવો હોય છે. દેખાડે બીજાને મારવાનું અને મારે મમતા-વાળાને. તમારે તો ઘણો વિચાર કરવા જેવો છે. મમતાની સામગ્રીમાં જ તમે બેઠા છો. મમતાએ તમને એટલા બધા ઘેરેલા છે કે–બાયડી માટે હાર લેવાનો હોય, તો સોનાનો ને હીરાનો શોધવા નીકળો અને ભગવાનને હાર ચઢાવવો હોય, તો સસ્તામાં સસ્તો શોધો ! મમતાને લીધે, તમે દાન કરવા છતાં પણ દાન દાન રૂપે કરી શકતા નથી. મમતા તમારી માંદગીને અને મરણને બગાડે નહિ તેમ જ તમારા ભવાંતરોને બગાડે નહિ, તેનો ખ્યાલ રાખો. સંસારથી ન છૂટાતું હોય અને સંયમનો સ્વીકાર કરવાની શક્તિ ન હોય, તો પણ તમે તમારા મમતાના ભાવને તો એવો પાતળો બનાવી દો કે–એને તોડતાં વાર લાગે નહિ. ગમે ત્યાં મરણ આવે, તો ય મુંઝવણ થાય નહિ અને મમતાને બહુ જ સુખ

પૂર્વક વોસરાવીને જવાય. એ માટે રોજ મમતાને મારતાં શીખો. મમતાને તમે દેવી સમજી રહ્યા છો, પણ મમતા તો ખરેખરી ડાકણ છે.

કેવલજ્ઞાન :

રાજર્ષિ પ્રસન્નચન્દ્ર મનથી યુદ્ધે ચઢી ગયા, પણ બચ્યા તો સારા દ્રવ્યના યોગે જ ને? દ્રવ્ય સારૂં હતું, તો ભાવનું આકર્ષણ થવામાં કારણ બન્યું ને? આવા જ તરંગમાં ચઢેલા એ હોત, પણ એ જો મુનિ ન હોત, તો પરિણામ કેટલું બધું ખરાબ આવત? શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ પોતાના આત્માને વિવેકમાં સ્થાપી દીધા પછીથી, તરત જ પોતાથી થઈ ગયેલા પાપથી પ્રતિક્રમવાની ક્રિયાને શરૂ કરી દીધી. ભગવાન શ્રી મહાવીર પરમાત્મા જાણે કે પોતાની આંખ સામે જ છે—એવી એમણે કલ્પના કરી લીધી અને તે પછી ભગવાનને ભક્તિપૂર્ણ હૃદયે વન્દન કર્યું. ભગવાનને વન્દન કરીને, તેમણે, પોતાને થઈ જવા પામેલા દુષ્ટ ધ્યાનની આલોચના કરીને પ્રતિક્રમણા કરી. એમ કરતે કરતે તેઓ પ્રશસ્ત ધ્યાનારૂઢ બની ગયા. એ ધ્યાનમાં વધતે વધતે, એ રાજર્ષિએ કેવલ-જ્ઞાનને ઉપાર્જ્યું.

मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।

જે સમયે રાજર્ષિ પ્રસન્નચન્દ્ર દુર્ધ્યાનારૂઢ બનીને મંત્રીઓનું છેદન, ભેદન આદિ કરી રહ્યા હતા, તે વખતે જો તેમનું મૃત્યુ થાય તો તેઓ નિયમા સાતમી નરકે જાય, એવા રૌદ્રધ્યાનના રૌદ્ર પરિણામોમાં એ વર્તી રહ્યા હતા. એ જ રાજર્ષિના મને, સારા દ્રવ્યના આલંબનના યોગે પલટો માર્યો

અને એથી તેઓ શુકલ ધ્યાનના એવા શુદ્ધ પરિણામોમાં વર્તવા લાગ્યા કે–જો એ વખતે એ મરે તો સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય; અને એમાં પણ તેઓ જ્યારે આંગળ વધ્યા, એટલે એમણે કેવલજ્ઞાનને ઉપાર્જ્યું. માત્ર ધ્યાનમાં પણ કર્મોને બાંધવાની અને કર્મોને તોડવાની તાકાત કેટલી બધી છે? ધ્યાનથી નરકે પણ જવાય, સ્વર્ગે પણ જવાય અને ક્ષીણકર્મા પણ બની શકાય. ધ્યાનની જે તાકાત છે, તે બીજા કોઈની પણ નથી. માટે તો કહેવાય છે કે-'**मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः**। મનુષ્યોનું મન જ, બંધનું અને મોક્ષનું કારણ છે. તિર્યંચોનું મન પણ બંધનું જબરજસ્ત કારણ છે અને તિર્યંચો ય ભલે અલ્પ પ્રમાણમાં પણ સકામ નિર્જરાને સાધી શકે છે. આ ઉપરથી તમે સમજી શકયા હશો કે–દરેકે દરેક સમજુ જીવોએ, પોતાના ભાવને વિશુદ્ધ બનાવી રાખવાની ખૂબ જ કાળજી રાખવી જોઇએ. વિવેકી માણસ તો, ખરાબ ક્રિયા વખતે ય ભાવની શુદ્ધિને સાધનારો અને જાળવનારો બની શકે છે. આમ છતાં પણ, ભાવને પેદા થવામાં, ભાવને શુદ્ધ બનાવવામાં, દ્રવ્ય ય કારણ બની શકે છે. એક ખરાબ વાતે, કાને પડી એટલા માત્રથી પણ, રાજર્ષિ પ્રસન્નચન્દ્રની માનસિક હાલતને કેટલી બધી બગાડી મૂકી? એટલે **અશુભ દ્રવ્ય અશુભ અધ્યવસાયનું અને શુભ દ્રવ્ય શુભ અધ્યવસાયનું કારણ બની શકે છે.** એટલું ખરૂં કે–કોઈ જીવ વિશેષે અશુભ દ્રવ્ય પણ શુભ અધ્યવસાયનું અગર તો શુભ દ્રવ્ય પણ અશુભ અધ્યવસાયનું કારણ બને, તો એ ય શકય છે. પણ જ્યારે દ્રવ્યના સ્વરૂપનું વર્ણન કરાય, ત્યારે તો શુભ દ્રવ્યને જ શુભ અધ્યવસાયના કારણ તરીકે અને અશુભ દ્રવ્યને જ

અશુભ અધ્યવસાયના કારણ તરીકે વર્ણવાય.

કુપાત્ર સારાને ખરાબ અને સુપાત્ર ખરાબને સારું બનાવે :

એમ, આ શ્રી ભગવતીજી સૂત્રનું જે જ્ઞાનદાન રૂપ આચરણ છે, તે તો નાનાવિધ, અદ્‌ભુત અને પ્રવર જ છે. શ્રી ભગવતીજી સૂત્રના જ્ઞાનદાન રૂપ આચરણનું સ્વરૂપ આવું જ છે, એમ કહેવાય. આ શ્રી ભગવતીજી સૂત્રનું જ્ઞાનદાનનું આચરણ આવા સ્વરૂપવાળું હોવા છતાં પણ, નાલાયક જીવોને માટે તે જ્ઞાનદાન રૂપ આચરણ તેવા ફલવાળું નિવડે નહિ અને એનાથી ઊલટા જ ફળવાળું નિવડે, તો એ ય સ્વાભાવિક છે; પણ ત્યાં સમજવું એ જોઈએ કે–દોષ વસ્તુનો નથી, પણ પાત્રનો છે. કુપાત્રતાને લીધે વસ્તુનું સારાપણું પણ મરી જવા પામે છે, પણ તે તો તેવા કુપાત્ર પૂરતું જ ! બાકી, સુપાત્રમાં અને સારા સંયોગે સુપાત્ર બની જાય એવા લાયક જીવોમાં તો, સારી વસ્તુ સારા જ રૂપે પરિણમે છે. એથી ય આગળ વિચારો, તો એવા પણ સુપાત્રો હોય છે કે–સ્વરૂપે ખરાબ એવી પણ વસ્તુને તેઓ પોતાને માટે સારી બનાવી દેવા જેવી સુન્દર શક્તિને ધરાવતા હોય. આ રીતિએ વિવેક કરતાં આવડે, તો શ્રી ભગવતીજી સૂત્રને ભણીને કોઈ ઉંધું કે આડું–અવળું બોલતો હોય, તો એ કારણે શ્રી ભગવતીજી સૂત્રને દોષ દેવાનું મન થાય નહિ; અને એ વ્યક્તિ જ અતિશય નાલાયક છે–એમ સમજીને, એવા બીચારાની પણ દયાનું જ ચિન્તવન કરાય.

૧૨–સૂત્રદેહ :

સૂત્ર રૂપ દેહનું પ્રમાણ :

દશમા વિશેષણ તરીકે ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–

" षट्त्रिंशत्प्रश्नसहस्रप्रमाणसूत्रदेहस्य "

એટલે કે–જયકુંજરનો દેહ જેમ પ્રમાણોપેત હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્રનો સૂત્ર રૂપ જે દેહ, તે પણ પ્રમાણોપેત છે. આ શ્રી ભગવતીજી સૂત્રના સૂત્ર રૂપ દેહનું પ્રમાણ એ છે કે–આ સૂત્રમાં કુલ છત્રીસ હજાર પ્રશ્નો છે. અહીં કોઈ કહેશે કે–' શું શ્રી ભગવતીજી સૂત્રમાં માત્ર પ્રશ્નો જ છે ? ઉત્તરો નથી જ ? ' તો કહેવું પડે કે–ઉત્તરનો ભાવ તો પ્રશ્નની સાથે સંકળાએલો છે. આ સૂત્ર કાંઈ કોઇને મુંઝવી મારવાને માટે નથી, પણ મુંઝાએલાઓની મુંઝવણને ટાળવાને માટે છે. માટે જેટલી સંખ્યામાં પ્રશ્નો છે, તેટલી સંખ્યામાં ઉત્તરો પણ સમજી જ લેવા.

વળી, કોઇ એમ પણ કહે કે–' **षट्त्रिंशत्** અને **सहस्र** એ બે શબ્દોની વચ્ચે પ્રશ્ન શબ્દને મૂકવાનું કારણ શું? **षट्त्रिंशत्** અને **सहस्र** એ બન્ને ય સંખ્યાવાચક શબ્દોને પાસે પાસે મૂકીને પછી પ્રશ્ન શબ્દ મૂકવો હતો અથવા તો પહેલાં પ્રશ્ન શબ્દને મૂકીને, તે પછી બન્ને ય સંખ્યાવાચક શબ્દોને સાથે મૂકવા હતા.' આ વાત જરા વિચારવા જેવી

તો ખરી જ. આનો ખુલાસો સમજવાને માટે, સૌથી પહેલાં તમે એ વિચારો કે–અહીં એટલે આ વિશેષણમાં બતાવવાની મુખ્ય વસ્તુ કયી છે?

પ્રશ્ન૦ સૂત્ર રૂપ દેહ.

માત્ર સૂત્ર રૂપ દેહ–એમ નહિ, પણ સૂત્ર રૂપ દેહ પ્રમાણોપેત છે, પ્રમાણવિહીન નથી, એ જ આ વિશેષણમાં બતાવવાની મુખ્ય વસ્તુ છે. હવે એ જૂઓ કે–સૂત્ર રૂપ દેહનું જે પ્રમાણ બતાવવાનું છે, તે સંખ્યાથી બતાવવાનું છે, નહિ કે–પ્રશ્નોથી. સંખ્યા બતાવવાની પ્રશ્નોની, પણ બતાવવાની તો સંખ્યા જ. આથી, પ્રમાણ શબ્દની પૂર્વે સંખ્યાવાચક સહસ્ર શબ્દ મૂકવામાં આવ્યો છે. હવે જો પ્રશ્ન શબ્દને પહેલો મૂકીને **પ્રશ્નષટ્ત્રિંશત્સહસ્રપ્રમાણ** એ પ્રમાણે કર્યું હોત, તો એ રચના કિલષ્ટ બનત અને તેનો જે અર્થ થાત, તે અર્થ જે અર્થને બતાવવાનો ટીકાકાર મહર્ષિનો ભાવ છે, તેની સાથે બંધબેસતો થાત નહિ. એટલે, ટીકાકાર મહર્ષિ જે અર્થને અને જે ભાવને આ દશમા વિશેષણથી બતાવવાને ઇચ્છે છે, તે અર્થને અને તે ભાવને લક્ષ્યમાં રાખીને જો વિચાર કરવામાં આવે, તો જરૂર એ વાતને સમજી શકાય કે–તે અર્થને અને તે ભાવને બતાવવાને માટે તો, ટીકાકાર મહર્ષિએ આ પદની જે પ્રકારે રચના કરી છે, તે પ્રકારની રચના જ યોગ્ય છે.

૧૩–ચાર અનુયોગો :

ચાર અનુયોગો રૂપ ચાર ચરણો :

આ શ્રી ભગવતીજી સૂત્રમાં છત્રીસ હજાર પ્રશ્નો હોવા છતાં પણ, આ આખા ય સૂત્રને જે માત્ર ચાર જ વિભાગોમાં વહેંચવું હોય, તો તેમ પણ વહેંચી શકાય એવું છે–એ વાતને જ જાણે દર્શાવતા હોય તેમ, દશમા વિશેષણ દ્વારા સૂત્ર-પ્રમાણને દર્શાવ્યા બાદ, તરત જ ટીકાકાર મહર્ષિ અગીઆરમા વિશેષણ તરીકે ફરમાવે છે કે–

" **चतुरनुयोगचरणस्य** "

એટલે કે–જયકુંજર જેમ ચાર ચરણોએ સહિત છે, તેમ શ્રી ભગવતીજી સૂત્ર પણ ચાર ચરણોએ સહિત છે. જયકુંજર જેમ ચાર ચરણો ઉપર ઉભો રહેલો હોય છે, તેમ શ્રી ભગવતીજી સૂત્ર પણ ચાર ચરણોના આધારે ઉભેલ છે. જયકુંજરની ગતિ જેમ ચાર ચરણોથી હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ ચાર ચરણોથી ગતિમાન બનેલું છે. જયકુંજરનાં ચાર ચરણો તો ઝટ દેખાઈ આવે છે, પરન્તુ શ્રી ભગવતીજી સૂત્રનાં ચાર ચરણો કયાં ? એ બાબતનો ટીકાકાર મહર્ષિએ આ વિશેષણ રૂપી પદમાં જ ખૂલાસો આપી દીધેલો છે. ચાર અનુયોગો, એ શ્રી ભગવતીજી સૂત્રનાં ચાર ચરણો છે. ચાર અનુયોગોનાં નામો તો તમને આવડતાં

હશે. એક દ્રવ્યાનુયોગ, બીજો ગણિતાનુયોગ, ત્રીજો ધર્મકથાનુયોગ અને ચોથો ચરિતાનુયોગ. શ્રી ભગવતીજી સૂત્ર આ ચારેય અનુયોગો ઉપર સ્થિત છે.

આ સૂત્ર પ્રતિપાદનાત્મક શૈલિવાળું નથી પણ પ્રશ્નોત્તરાત્મક શૈલિવાળું છે તેથી ચારેય અનુયોગોથી યુક્ત છે :

આ વિશેષણની મહત્તા શી છે? આ વિશેષણની, એ પણ એક મહત્તા છે કે–આ શ્રી ભગવતીજી સૂત્રમાં ચારેય અનુયોગો છે. જેવી રીતિએ આ શ્રી ભગવતીજી સૂત્રમાં ચારેય અનુયોગો સમાએલા છે, તેવી રીતિએ અન્ય સૂત્રોમાં ચારેય અનુયોગો સમાએલા નથી. બીજાં સૂત્રોને માટે તો એમ કહી શકાય કે–આ સૂત્રમાં અમુક અનુયોગની પ્રધાનતા છે, જ્યારે પેલા સૂત્રમાં અમુક અનુયોગની પ્રધાનતા છે; પરન્તુ શ્રી ભગવતીજી સૂત્રને માટે એમ કહી શકાય એવું નથી કે–આ સૂત્રમાં અમુક અનુયોગની પ્રધાનતા છે. આ સૂત્ર પ્રશ્નોત્તરાત્મક છે. છત્રીસ હજાર પ્રશ્નોત્તરો. બધા ય પ્રશ્નો કોઈ ને કોઈ અનુયોગના ખાનામાં જાય જ. પ્રશ્નોત્તરાત્મક શૈલિમાં અને પ્રતિપાદનાત્મક શૈલિમાં ફેર હોય છે. પ્રતિપાદનાત્મક શૈલિમાં પ્રાયઃ મુખ્ય વિષય એકધારો વર્ણવાયે જાય છે. એમાં પ્રશ્નોત્તરો નથી જ હોતા–એમ નહિ. એમાં પણ સ્થાને સ્થાને શંકાઓને ઉઠાવીને સમાધાનો આપવામાં આવ્યાં હોય છે. શંકાઓને ઉઠાવીને તેનાં સમાધાનો આપવાથી, શિષ્યને માટે અર્થનું અને ભાવનું ગ્રહણ સુલભ બને છે તેમ જ થયેલું જ્ઞાન સુદૃઢ થાય છે. આવા પ્રકારે જે પ્રશ્નોત્તરો સૂત્રમાં આવે તે પ્રશ્નોત્તરો તો, તેમાં જે વિષય ચાલુ હોય, તેને જ અનુરૂપ અથવા અનુકૂલ

આવે. એ પ્રશ્નોત્તરો ખરા, પણ તે ચાલુ વિષયની બહારના નહિ. એ પ્રશ્નોત્તરો પણ એક બીજાની સાથે સંબંધ રાખનારા હોય. પ્રતિપાદનાત્મક શૈલિમાં આવું હોય, જ્યારે પ્રશ્નોત્તરાત્મક પદ્ધતિ એથી નોખી પડે છે. તમે કોઈ પણ પ્રશ્નોત્તરનો ગ્રન્થ જૂઓ, તો તેમાં તમે 'ઉપલા પ્રશ્નોત્તરની સાથે નીચલા પ્રશ્નોત્તરનો સંબંધ અવશ્યંભાવી છે'–એવું લક્ષણ નહિ ઘટાવી શકો. એ પ્રશ્નોત્તરોમાં તો, તેની આજુબાજુના પ્રશ્નોની સાથે સંબંધ હોય પણ ખરો અને સંબંધ ન પણ હોય. એટલે, એમાં એક જ વિષય સીધે સીધો સળંગ વર્ણવાયે ગયો હોય, એવું બને નહિ. શ્રી ભગવતીજી સૂત્ર પ્રશ્નોત્તરાત્મક શૈલિનું છે, એટલે આવું છે. કોઈ પ્રશ્નોત્તર ધર્મકથાનુયોગના સંબંધવાળો હોય, તો કોઈ પ્રશ્નોત્તર ગણિતાનુયોગના સંબંધવાળો હોય; અથવા તો, કોઇ પ્રશ્નોત્તર દ્રવ્યાનુયોગના સંબંધવાળો હોય, તો કોઈ પ્રશ્નોત્તર ચરણ–કરણાનુયોગના સંબંધવાળો હોય. આમ હોવાથી, આ શ્રી ભગવતીજી સૂત્ર ચારેય અનુયોગોથી સંપન્ન છે. શ્રી આચારાંગ સૂત્રમાં જેમ ચરણ–કરણાનુયોગનું, શ્રી સૂત્રકૃતાંગ સૂત્રમાં જેમ દ્રવ્યાનુયોગનું, શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રમાં જેમ ગણિતાનુયોગનું અને શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્રમાં જેમ ધર્મકથાનુયોગનું વર્ણન છે, તેવા પ્રકારે આ શ્રી ભગવતીજી સૂત્રમાં અમુક અનુયોગને ઉદ્દેશીને જ વર્ણન નથી, પરન્તુ ભિન્ન ભિન્ન અનુયોગોની સાથે સંબંધ ધરાવનારા ભિન્ન ભિન્ન પ્રશ્નોત્તરો, આ શ્રી ભગવતીજી સૂત્રમાં છે.

અનુયોગો ચાર જ કેમ?

અનુયોગો ચાર જ છે. આ ચાર અનુયોગોમાં, કથિત

અને કથનીય એવી સઘળી ય બાબતોનો સમાવેશ થઈ જાય છે. જગતમાં બનેલી, બનતી અને બનનારી સઘળી ય બાબતોનો તેમ જ જગતમાં કહેવાએલી, કહેવાતી અને કહેવાનારી સઘળી ય બાબતોનો સમાવેશ, આ માત્ર ચાર અનુયોગોમાં જ થઈ જાય છે. આ ચાર અનુયોગો એવા છે કે–એકનો પણ અભાવ અધુરાપણાને દેખાડ્યા વિના રહે નહિ અને એકનો પણ ઉમેરો અનાવશ્યક પૂરવાર થયા વિના રહે નહિ. આ ચારેય અનુયોગો પરસ્પર સર્વથા ભિન્નત્વવાળા છે–એવું નથી, પરન્તુ ચારેય અનુયોગો એક–બીજાની સાથે સંકળાએલા પણ છે.

અનુયોગ કોને કહેવાય ?

અનુયોગ કોને કહેવાય ? **युज्** ધાતુને **अनु** ઉપસર્ગ લાગ્યા પછીથી અનુયોગ શબ્દ બન્યો છે. અનુ એટલે અનુકૂળ અથવા અનુરૂપ અને યોગ એટલે જોડાણ. અનુકૂલ કે અનુરૂપ એવું જે જોડાણ, તેને કહેવાય અનુયોગ. દ્રવ્યને વિષય કરનારો જે અનુયોગ, તેને દ્રવ્યાનુયોગ કહેવાય; ગણિતને વિષય કરનારો જે અનુયોગ, તેને ગણિતાનુયોગ કહેવાય; ધર્મકથાને વિષય કરનારો જે અનુયોગ, તેને ધર્મકથાનુયોગ કહેવાય; અને ચરણ–કરણને વિષય કરનારો જે અનુયોગ, તેને ચરણ–કરણાનુયોગ કહેવાય. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ, જીવ અને પુદ્ગલ–આ છ દ્રવ્યો છે. સમગ્ર જગતમાં આ છ જ દ્રવ્યો છે. આ છમાં ન આવે–એવું એક પણ દ્રવ્ય આ જગતમાં નથી. આ છ દ્રવ્યો સત્ છે કે અસત્ છે–એ વિગેરે બાબતોની પર્યાલોચના જે અનુયોગમાં હોય, તેને દ્રવ્યાનુયોગ કહેવાય; સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર આદિના ચાર વિગેરે સંબંધી શ્રી

સૂર્યપ્રજ્ઞપ્તિ આદિમાં જે વર્ણન છે, તેને ગણિતાનુયોગ કહેવાય; દુર્ગતિમાં પડતા પ્રાણિને જે ધારે તેને ધર્મ કહેવાય અને તે સંબંધી જે કથા, તેને ધર્મકથાનુયોગ કહેવાય; જ્યારે જેમાં ચરણ અને કરણ સંબંધી વર્ણન હોય–આચાર સંબંધી વર્ણન હોય, તેને ચરણ–કરણાનુયોગ કહેવાય. સાધુપણાનું નિત્યાનુષ્ઠાન, તે કહેવાય ચરણ અને સાધુને પ્રયોજન પ્રાપ્ત થયે જે પિણ્ડવિશુદ્ધિ આદિ રૂપ આચરણ કરવું પડે, તેને કરણ કહેવાય. આમાં, સમસ્ત જગતની સમસ્ત પ્રવૃત્તિઓનો અને સમસ્ત જગતના સમસ્ત પદાર્થોનો સમાવેશ થઇ જાય છે. તજવા લાયક શું શું, સ્વીકારવા લાયક શું શું અને માત્ર જાણવા લાયક શું શું–એ પણ આ ચાર અનુયોગોમાં આવી જાય છે. સઘળાં ય શાસ્ત્રો આ ચાર અનુયોગોથી પૂર્ણ છે; એટલે કે–કોઈ પણ શાસ્ત્રમાં પાંચમો અનુયોગ નથી, તેમ કોઈ પણ શાસ્ત્ર આ ચાર અનુયોગોમાં સમાઇ જતું ન હોય–એવું પણ નથી.

ચરણો તરીકે અનુયોગોની ઘટના બંધબેસતી છે :

આટલા ઉપરથી તમે સમજી શકયા હશો કે–ચાર અનુયોગોની શ્રી જૈન શાસનમાં શી મહત્તા છે ? ગમે તેનું વર્ણન કરો અને ગમે તેવું વર્ણન કરો, પણ તે આ ચાર અનુયોગોમાં ગમે ત્યાં બંધબેસતું થઈ જ શકે. કોઈ પૂછે કે–'ચરણની, પગની મહત્તા શી ?' એવું પૂછનારો હાસ્યને પાત્ર જ બને ને? સામે કહેનારો તો કહી દે કે–'જો પગ જ ન હોય, તો પછી શરીરની કિંમત જ શી છે ?' જયકુંજર ગમે તેવો સારો હોય, પણ પગ વિનાનો હોય તો ? ત્રણ, બે કે એક પગવાળો હોય તો ? લુલો–લંગડો હોય તો ?

એની આખી ય શોભા મારી જાય ને ? શોભા મરી જાય તો મરી જાય, પણ એનું સામર્થ્યેય મરી જાય ને ? કોઇથી પણ નહિ જીતાવું, સામે આવેલા દુશ્મનને જીતી લેવો, માલિકને પરાજય પામવા દેવો નહિ અને યુદ્ધમાં માલિકને જય પમાડવો–એ બધી જયકુંજરની મહત્તા, જયકુંજરને જો પગ ન હોય, તે લૂલો હોય અગર તો લંગડો હોય તો પણ, સુસંભવિત છે ? એક માત્ર ચરણની ખોડ, બધે જ ખોડ લાવે. આટલા માટે જ, ટીકાકાર મહર્ષિએ, શ્રી ભગવતીજી સૂત્રમાં રહેલા ચાર અનુયોગોને, જયકુંજર હાથીના ચાર ચરણોને સ્થાને ઘટાવેલ છે. બુદ્ધિશાલી અને જ્ઞાની માણસો, ઘટના પણ એવી કરે કે–જે સ્થાને હોય. અસ્થાને અથવા તો બંધબેસતી થાય નહિ–એવી ઘટના કરવી, એ તો જ્ઞાનની તેમ જ બુદ્ધિની ઉણપને સૂચવનારી વસ્તુ છે.

પોતપોતાના વિષયે બલવાન :

ચારેય અનુયોગો ઉપકારી પણ છે અને આવશ્યક પણ છે–એટલા માટે તો, ઉપકારીઓએ આ ચારેય અનુયોગોને પોતપોતાના વિષયમાં બલવાન તરીકે પણ વર્ણવેલા છે. જે અનુયોગનો જે વિષય, તે વિષયમાં તે અનુયોગ બલવાન. જ્યારે અનુયોગોની ભિન્ન–ભિન્નપણે મહત્તા વર્ણવાય, ત્યારે દરેકને પોતપોતાના વિષયમાં બલવાન જ કહેવાય.

ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગને સર્વપ્રધાન કહેવામાં રહેલી દૃષ્ટિ :

પોતપોતાના વિષયમાં બલવાન એવા પણ આ ચાર અનુયોગો, એક–બીજાથી પ્રધાન પણ ગણાય છે અને એક–

બીજાથી બલવાન પણ ગણાય છે. પ્રધાનપણામાં જૂદી દૃષ્ટિ છે અને બલવાનપણામાં જૂદી દૃષ્ટિ છે. પ્રધાનતાની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે, તો ચારેય અનુયોગોમાં સર્વપ્રધાન અનુયોગ તરીકે દ્રવ્યાનુયોગને જ માનવો પડે. કેમ? ઘઉં, ઘી, ગોળ વિગેરે પદાર્થો અસ્તિત્વમાં હોય, તો જ લાડવા વિગેરે જે કાંઈ બનાવવું હોય, તે બની શકે ને? જો મૂળ પદાર્થો જ અને તે પણ તથાપ્રકારના સ્વરૂપવાળા વિદ્યમાન ન હોય, તો મનમાં જ મોતીના ચોક પૂરવા જેવું થાય. દ્રવ્યાનુયોગના મિલનથી જ ગણિતાનુયોગનું અસ્તિત્વ સંભવિત બને છે. દ્રવ્યો જ અસ્તિત્વમાં ન હોય, તો પછી તે કેટલાં છે, તેની ગતિ કેવી છે–ઝડપી છે કે ધીમી છે, એ વિગેરે વાતનો પ્રસંગ જ ઉભો થતો નથી. એવી જ રીતિએ, દ્રવ્યો જ ન હોય, તો ધર્મ શું કરવાને માટે?, એનું વર્ણન શું કરવાને માટે?, એને આચરનાર જ કોણ?–એ બધા પ્રશ્નો ઉભા થઇ જાય. એટલે દ્રવ્યાનુયોગના મિલનથી જ જેમ ગણિતાનુયોગનું અસ્તિત્વ સંભવે છે, તેમ ધર્મકથાનુયોગનું અસ્તિત્વ પણ દ્રવ્યાનુયોગના મિલનથી જ સંભવે છે. હવે ચોથો જે ચરણ–કરણાનુયોગ, તેનું અસ્તિત્વ પણ દ્રવ્યાનુયોગના મિલનથી જ સંભવિત બને છે. જીવ જ ન હોય; જીવ હોય, પણ જીવની સાથે જો કર્મનો યોગ ન હોય; જીવેય હોય અને જીવની સાથે કર્મનો યોગ પણ હોય, પણ તે યોગ જો સંપૂર્ણપણે ટળી શકે તેવો ન હોય; એવું બધું હોય, તો ચરણ–કરણાનુયોગનો ઉપયોગ જ શો? આમ દ્રવ્યાનુયોગનું અસ્તિત્વ હોવાથી અને તે તે દ્રવ્યોના મિલનથી જ, બાકીના ત્રણેય અનુયોગો અસ્તિત્વને પામેલા છે. એક

માત્ર દ્રવ્યાનુયોગના અભાવે, સર્વ અનુયોગોનો અભાવ જ થઈ જાય છે અથવા તો કોઈ પણ અનુયોગ દ્રવ્યાનુયોગના મિલન વિના અસ્તિત્વમાં આવી શકતો જ નથી. એ કારણે, જ્ઞાની મહાપુરૂષોએ ચારેય અનુયોગોમાં દ્રવ્યાનુયોગને સર્વપ્રધાન અનુયોગ તરીકે વર્ણવેલ છે.

બલવત્તાની દૃષ્ટિએ ચરણ-કરણાનુયોગની બીજા અનુયોગોથી શ્રેષ્ઠતા :

આમ, પ્રધાનતાની દૃષ્ટિએ દ્રવ્યાનુયોગ સર્વપ્રધાન ઠરતો હોવા છતાં પણ, બલવત્તાની અપેક્ષાએ તો ચરણ-કરણાનુયોગ જ, અન્ય સર્વ અનુયોગોના કરતાં બલવાન ઠરે છે. ચરણ-કરણાનુયોગ, એ એક એવો અનુયોગ છે કે-બાકીના ત્રણ અનુયોગોનું ઉપાદાન એક માત્ર ચરણ-કરણાનુયોગ જ છે. ચરણ-કરણાનુયોગ સિવાયના જે ત્રણ અનુયોગો છે, તે જો ચરણ-કરણાનુયોગની ઉત્પત્તિ થવા પામેલી હોય, તો તેના સંરક્ષણને માટે છે અને જો ચરણ-કરણાનુયોગની ઉત્પત્તિ થવા પામી ન હોય, તો ચરણ-કરણાનુયોગની ઉત્પત્તિ થવા પામે એ માટે છે. કર્પૂરનાં વૃક્ષોવાળો વનખંડ હોય, તો તેના રક્ષણને માટે વાડ તો હોય જ ને? અનાજ વિગેરેનાં ખેતરોને વાડ હોય છે, તો કર્પૂરનાં વૃક્ષોવાળા ક્ષેત્રને વાડ ન જોઈએ? આપણે તો એ જોવાનું છે કે-એમાં મહત્ત્વ વાડનું કે વૃક્ષોનું? કોઈ કહેશે કે-'જો વાડ ન હોય, તો વૃક્ષોનું રક્ષણ શી રીતિએ થાય?' આપણે કહીએ કે-તારી વાત તદ્દન સાચી છે. રક્ષણ માટે વાડ જોઈએ જ. વાડ રક્ષક છે માટે વાડનું મહત્ત્વેય છે, પણ વાડનું મહત્ત્વ કોના મહત્ત્વને

આભારી છે ? વાડના રક્ષણમાં રહેલાં વૃક્ષોના મહત્ત્વને જ વાડનું મહત્ત્વ આભારી છે. અંદરનાં વૃક્ષોનું મહત્ત્વ જો ન હોત, તો વાડનું મહત્ત્વ અંકાત નહિ. અંદર થોરીયા જ હોત, તો વાડ કરનારને લોક મૂર્ખ કહેત. અંદરનો માલ જેમ વધારે કિંમતી, તેમ જ તેના રક્ષકનું મહત્ત્વ વધારે. એવી જ રીતિએ, ચરણ–કરણાનુયોગ સિવાયના ત્રણ અનુયોગોનું મહત્ત્વ ખરૂં, પણ તે શાથી ? એ ત્રણ અનુયોગો ચરણ–કરણાનુયોગના રક્ષક છે માટે અથવા તો એ ત્રણ અનુયોગો ચરણ–કરણાનુયોગના પ્રાપક બને છે માટે ! એક ચરણ–કરણાનુયોગને બાદ કરી નાખીએ, તો એ સિવાયના ત્રણેય અનુયોગો બાંડા લાગે. ઉંચું અને વિશાલકાય વૃક્ષ પણ, જો તે સુગંધીદાર પુષ્પો અને સુન્દર ફલોથી વિહીન હોય, તો તે શોભે નહિ; તેમ ત્રણેય અનુયોગો હોવા છતાં પણ જો એક ચરણ–કરણાનુયોગ ન હોય, તો તે ત્રણેય અનુયોગો વાંઝીયા ગણાય. આ દૃષ્ટિએ ચારેય અનુયોગોમાં પ્રધાનતા ચરણ–કરણાનુયોગની છે.

બાકીના ત્રણ અનુયોગો ચરણ–કરણાનુયોગના હેતુ રૂપ છે :

આમ, ભિન્ન ભિન્ન અપેક્ષાઓએ વિચાર કરો, તો એક અપેક્ષાએ જેમ દ્રવ્યાનુયોગને સર્વપ્રધાન અનુયોગ તરીકે ગણી શકાય તેમ છે, તેમ બીજી અપેક્ષાએ ચરણ–કરણાનુયોગને પણ સર્વપ્રધાન અનુયોગ તરીકે ગણી શકાય તેમ છે. તમે જ વિચાર કરો કે–'તમને ધર્મકથાઓ કહેવાય છે, તે શા માટે અથવા તો તમે ધર્મકથાઓને સાંભળો છો, તે શા માટે ?' એનો હેતુ તો, શુદ્ધ ચારિત્રની પ્રાપ્તિ, એ જ હોવો જોઇએ ને ? મોક્ષને પામવાને માટે, સકલ કર્મોથી રહિત

બનવું એ જરૂરી છે અને કર્મોની સુન્દર નિર્જરા ચારિત્રથી થાય છે; માટે ધર્મકથાનું શ્રવણ જો ચારિત્રના ભાવને પેદા કરે અથવા તો ચારિત્રને પમાડે, તો જ સફલ બન્યું કહેવાય ને? તમે આ વાત માનો છો, એટલે ધર્મકથાનુયોગ એ ચરણ-કરણાનુયોગનો હેતુ છે–એ વાત પણ તમે માની જ લીધી, એમ નક્કી થયું. હવે ગણિતાનુયોગ લો. દીક્ષા આપવી, વડી દીક્ષા આપવી, એ વિગેરે કાર્યો શુભ વાર, શુભ તિથિ, શુભ નક્ષત્ર, શુભ મુહૂર્ત્ત અને શુભ યોગ આદિમાં કરાય છે. દીક્ષા-પ્રદાનાદિ શુભ કાર્યો, શા માટે શુભ વાર અને શુભ તિથિ આદિમાં કરાય છે? કાલનું શુભપણું પણ ચારિત્રના પાલનમાં અને ચારિત્રની અભિવૃદ્ધિમાં કારણ બની શકે છે, એમ જ્ઞાનિઓએ જોયું છે–એ માટે જ ને? હવે જો દીક્ષાદિક શુભ કાર્યો જ ન કરવાનાં હોય, તો શુભ કાલની ગણત્રીની મહત્તા પણ શી છે? માટે ગણિતાનુયોગ પણ ચરણ-કરણાનુયોગનો હેતુ છે–એમ નક્કી થયું. દ્રવ્યાનુયોગ, એ આ બે અનુયોગોના કરતાં જૂદી જ રીતિએ ચરણ-કરણાનુયોગનો હેતુ બને છે. દ્રવ્યાનુયોગ, એ આત્માના સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિનો તથા સમ્યગ્દર્શન ગુણની શુદ્ધિનો હેતુ બને છે. દ્રવ્યાનુયોગને જાણ્યો, પણ સમ્યગ્દર્શનનું પ્રગટીકરણ ન થયું, તો માનો કે–એણે દ્રવ્યાનુયોગને સાચા સ્વરૂપમાં જાણ્યો જ નથી. દ્રવ્યોના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન જ, સમ્યગ્દર્શન વિના સંભવતું નથી. અને દ્રવ્યોના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન જેમ જેમ વધે છે, તેમ તેમ આત્માના સમ્યગ્દર્શન ગુણની નિર્મલતા થયા વિના રહેતી નથી. દ્રવ્યાનુયોગનું જ્ઞાન, તત્ત્વોના યથાવસ્થિત અર્થની જે શ્રદ્ધા હોય છે, તેને નિર્મલ એવી રીતિએ બનાવે છે કે–એ જ્ઞાન તત્ત્વોના યથાવસ્થિત સ્વરૂપને

વિશેષ વિશેષ યુક્તિગમ્ય બનાવે છે. એટલે થાય છે શું ? શુદ્ધ માન્યતામાં સમજનો ઉમેરો થતો જાય છે અને એથી એ માન્યતા વધારે દૃઢ અને વધારે નિર્મલ બનતી જાય છે. શ્રદ્ધાની નિર્મલતા, ચારિત્રની નિર્મલતાને પણ લાવે કે નહિ ? શ્રદ્ધાની નિર્મલતા ચારિત્રને લાવનારી પણ નિવડે અને ચારિત્રને શુદ્ધ બનાવનારી પણ નિવડે. શ્રદ્ધાળુને ખરેખરી આકાંક્ષા જ ચારિત્રની હોય. વળી, સમ્યગ્દર્શન વિના સમ્યક્ચારિત્ર સંભવતું નથી. આમ દ્રવ્યાનુયોગના પ્રતાપે જે લક્ષ્ય નિપજે છે, તેમાં ય ચારિત્ર જ આવે છે. આથી ચારેય અનુયોગોમાં ચરણ–કરણાનુયોગ એ સર્વપ્રધાન અનુયોગ છે–એમેય કહેવાય.

ચરણમાં વ્યવસ્થિત થયેલો જ બાકીના ત્રણ અનુયોગોના ગ્રહણ માટે સમર્થ બને છે :

વળી, ચારિત્રને પામેલો આત્મા જ, બાકીના ત્રણ અનુયોગોને એટલે ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગને ગ્રહણ કરવાને માટે સાચો સમર્થ બની શકે છે. કેમ ? ચારેય અનુયોગોના ગ્રહણમાં, મુખ્યતા શ્રમણપણાની જ રહેવાની. આમ કહીને, બીજા અનુયોગોના મહત્ત્વને ઝાંખપ લગાડાતી નથી, પણ એ અનુયોગોના ગ્રહણનું જે લક્ષ્ય છે અને એ અનુયોગોના ગ્રહણનો જે વિધિ છે, તેનો ખ્યાલ અપાઈ રહ્યો છે. વાતના રહસ્યને જે સમજી શકે નહિ તે મુંઝાય. પોતાની બુદ્ધિ ચાલે નહિ અને પોતે બીજાની બુદ્ધિએ ચાલે નહિ, તો મુંઝાયા જ કરવાનું હોય ને ? જ્યારે સમજાવનાર મળે અને એણે આપેલી સમજ ગળે ઉતરે, ત્યારે કામ થાય. એ વિના મુંઝવણ ટળે નહિ.

એક રાજાના રાજ્યપ્રદેશમાં ચાર પ્રકારની ખાણો હતી. એક રત્નની ખાણ હતી, બીજી સોનાની ખાણ હતી, ત્રીજી રૂપાની ખાણ હતી અને ચોથી લોઢાની ખાણ હતી.

એ રાજાને ચાર પુત્રો હતા, એટલે એ રાજાએ રાજ્યની જે હાથી વિગેરે સામગ્રી હતી, તેના ભાગ પાડી આપવાની સાથે, પોતાના દરેક પુત્રને એક એક ખાણ પણ આપી.

રાજાએ આ પ્રમાણે વહેંચણી કરી, એટલે જેને લોઢાની ખાણ મળી હતી, તેને તો ખૂબ જ ખોટું લાગી ગયું. એને લાગ્યું કે–'પિતાએ મને લોઢાની ખાણ આપીને, મારૂં અપમાન જ કર્યું છે.'

એ છોકરાને તો એમ લાગ્યું; પણ હવે તમે કહો કે–તમારો શો મત છે ?

પ્રશ્ન૦ પિતાએ જે આપ્યું તે ખરૂં, પણ લાગે તો ખરૂં કે–હલકામાં હલકી ચીજ મને આપી !

તમે પણ લાંબી દૃષ્ટિએ વિચારી શકયા નહિ. જેને લોઢાની ખાણ આપી હતી, તેને રાજાએ એ ખાણને સૌથી સારી જાણીને જ આપી હતી. રાજા બહુ બુદ્ધિશાલી હતો, માટે એણે પોતાના વહાલામાં વહાલા દીકરાને એ ખાણ આપી હતી. કોઈ છોકરો એની ઇર્ષ્યા કરે નહિ અને કોઈ પણ છોકરાને એના વિના ચાલે જ નહિ–એવી બુદ્ધિમત્તાને વાપરીને, રાજાએ પોતાના સર્વથી વિશેષ પ્રિય પુત્રને એ ખાણ આપી હતી. પણ જેને એનો પરમાર્થ સમજાય નહિ, તે મુંઝાય અને એથી તેને લાગી આવે તે સ્વાભાવિક છે.

પેલા રાજપુત્રને ઘણું લાગી આવ્યું અને એથી તે ચિન્તામગ્નેય બની ગયો, પણ કુળવાન હોવાથી એણે બીજું

કોઈ ઉદ્ધત પગલું ભર્યું નહિ. એટલામાં, એને, નામે પણ સુબુદ્ધિ અને ગુણે પણ સુબુદ્ધિ એવો મન્ત્રી મળી ગયો. પેલા રાજપુત્રે સુબુદ્ધિ મંત્રીની પાસે પોતાનો મનોભાવ પ્રગટ કર્યો.

સુબુદ્ધિ મંત્રીએ, એ રાજપુત્રને કહ્યું કે–' આપ બીલ્કુલ ચિન્તા કરો નહિ. આપને જ ચારેય ખાણોમાં પ્રધાન ખાણ મળી ગઈ છે. જો આપ ધીરજ રાખશો અને જો આપ ધારશો તો લોઢાના ભાવ આપ ચાંદી, સોના કે હીરાથી તોલીને પણ લઈ શકશો અને તે આપને મળી શકશે.'

રાજપુત્રે પૂછ્યું કે–' એવું કેમ બને ?'

સુબુદ્ધિ મંત્રીએ કહ્યું કે–' ના શું બને ? રત્નોને કે ચાંદીને ખાણમાંથી કાઢવાને માટે, લોઢાની જરૂર પડ્યા વિના રહેવાની છે બરી ? ખાણને ખોદવાને માટે તો લોઢાના જ કૉશ, કૉદાળા ને પાવડા વિગેરે જોઇશે ને ? ત્યારે આ રાજ્યપ્રદેશમાં જેટલું લોખંડ છે, તે સર્વ ઉપરનો અધિકાર તો, રાજાએ માત્ર આપને જ આપેલો છે. જ્યારે એમને રત્નોની, સોનાની, કે રૂપાની જરૂર પડશે, ત્યારે એમને આપની પાસે આવ્યે જ છૂટકો છે. એ વખતે એમને આપનું મોંમાગ્યું મૂલ્ય આપવું પડશે; આપ તેમને લોઢું આપવાની ના પાડશો, તો તેમને રત્નાદિકે તોલીને પણ આપની પાસેથી લોઢું લઈ જ જવું પડશે; કારણ કે–આપની પાસેથી લોઢું લીધા વિના, એ બધા પોતપોતાની ખાણને ખોદી શકશે નહિ; ખાણને ખોદી શકશે નહિ, એટલે રત્નાદિકને મેળવી શકશે નહિ; અને એમ રત્નાદિકને મેળવી નહિ શકે, એટલે છતી ખાણોએ પણ તેમનો નિર્વાહ થઈ શકશે નહિ. તેમને પોતપોતાની ખાણથી નિર્વાહ કરવાને માટે, તમારી ખાણનો આશ્રય લીધે જ છૂટકો છે.

તમારી ખાણનો આશ્રય મળે, તો જ એમની ખાણોની કિમત છે. તમારી ખાણનો આશ્રય ન મળે, તો એમની ખાણો કિંમતી છતાં પણ, એમનું કાંઈ જ સાર્થક કરી શકે તેમ નથી. એમને તો છતે ધાન્યે ભૂખે મરવા જેવું જ થાય.'

સુબુદ્ધિ મંત્રીએ આ પ્રમાણે કહ્યું, એટલે એ રાજપુત્ર સમજી ગયો, રાજી રાજી થઈ ગયો અને પોતાના પિતાને માટે એને જે જે ખરાબ વિચારો આવ્યા હતા, તે બધા બદલ પશ્ચાત્તાપ કરવાની સાથે તે એમનો ઉપકાર માનવા લાગ્યો.

આ વાતનો સંબંધ એ છે કે–દ્રવ્યાનુયોગ એ રત્નોની ખાણ સમાન છે, ગણિતાનુયોગ એ સોનાની ખાણ સમાન છે, ધર્મકથાનુયોગ એ રૂપાની ખાણ સમાન છે અને ચરણ–કરણાનુયોગ એ લોઢાની ખાણ સમાન છે. લોઢાની ખાણ જેવો ચરણ–કરણાનુયોગ પણ, રત્નાદિકની ખાણો સમાન બાકીના ત્રણેય અનુયોગોને માટે, આધારભૂત છે. શાથી ? ચરણ–કરણાનુયોગની પ્રવૃત્તિ વિના બીજા કોઈ પણ અનુયોગમાં પ્રવૃત્તિ થઈ શકતી નથી. કેમ બીજા અનુયોગોમાં પ્રવૃત્તિ થઈ શકતી નથી ? સૂત્રવાંચનને માટે, સાધુઓ જ અધિકારી છે માટે ! લાયક બનેલા સાધુઓ જ સૂત્રવાંચન કરી શકે છે. એ સિવાયના સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ તો, યોગ્ય બનેલા સાધુઓના શ્રીમુખેથી શ્રવણ કરવા દ્વારાએ, સઘળા અનુયોગોમાં પ્રવૃત્તિવાળા બની શકે છે. એટલે, ચરણ–કરણાનુયોગના બળે જ, શેષ અનુયોગોના ગ્રહણમાં સમર્થ બની શકાય છે. ચરણ–કરણાનુયોગનો આધાર લીધા વિના, બાકીના ત્રણ અનુયોગોના ગ્રહણનું સાચું સામર્થ્ય વાસ્તવિક રીતિએ પ્રાપ્ત થતું નથી.

ચઢીયાતાપણું દ્રવ્યાનુયોગનું પણ ચરણ-કરણાનુયોગ વિના બાકીના ત્રણમાં પ્રવૃત્તિ નહિ :

આમ છતાં પણ, ચરણ–કરણાનુયોગને લોઢાની ખાણ રૂપે ઓળખાવેલ છે; અને એના પરમાર્થ તરફ દુર્લક્ષ્ય કરવું જોઇએ નહિ. લોઢાની ખાણની જે મહત્તા આંકવામાં આવી, તે એથી આંકવામાં આવી કે–અન્ય ખાણોમાં જે રૂપું, સોનું અને રત્નો રહેલ છે, તેની પ્રાપ્તિ આ લોઢાની ખાણનો સદુપયોગ કરવા દ્વારાએ જ થઈ શકે છે. લોઢાની ખાણને પામીને, જે માત્ર લોઢામાં ને લોઢામાં જ સંતોષ પામે, ચરણ–કરણના આચારોમાં જ જે સર્વસ્વ માની લે અને લોઢાના ઉપયોગથી રૂપાને, સોનાને અને રત્નોને મેળવવાનો ઉદ્યમ જ કરે નહિ, તેના નસિબે તો લોઢું જ રહે. ચરણ–કરણના આચારોને સારી રીતિએ સેવનારો આત્મા, જો કાલ સંબંધી અસ્વાધ્યાય આદિના દોષોનું નિવારણ કરવાને માટે તત્પર બને નહિ, કાલે કાલે આચરવા લાયક અનુષ્ઠાનોથી બેદરકાર રહે, અમુક કાલસમૂહમાં તો અવશ્ય ઉપશમી જ જવું જોઇએ–એ તરફ લક્ષ્ય આપે નહિ, તો એને મળેલી લોઢાની ખાણને જે હેતુથી સર્વપ્રધાન ગણવામાં આવેલ છે, તે હેતુ તેને માટે બર આવે નહિ. એમ, ચરણ–કરણાનુયોગ અને ગણિતાનુયોગથી સમન્વિત બનેલો આત્મા પણ, જો ધર્મકથાના દુર્લક્ષ્યવાળો બને, તો તેના ભાવમાં શૈથિલ્ય આવી જતાં વાર લાગે નહિ. ચરણ–કરણના પાલનને સુવિશુદ્ધ બનાવવામાં, એના પાલનમાં ઉત્સાહિત બનાવવામાં, ધર્મકથાનુયોગ ઘણો જ ઉપયોગી નિવડે છે. ધર્મકથાનુયોગમાંથી વિવિધ પ્રેરણાઓને મેળવીને,

આત્મા, સંયમ અને તપની ઉત્કૃષ્ટ કક્ષાએ પણ પહોંચી શકે છે. હવે જો દ્રવ્યાનુયોગનું લક્ષ્ય ન હોય, તો તો આ ત્રણેય અનુયોગો નિષ્ફલ પ્રાયઃ નિવડે છે. જીવ એ દ્રવ્ય છે. એ દ્રવ્ય કર્મના યોગે મલિન બનેલું છે. કર્મના યોગ રૂપ મલિનતા ટળ્યા વિના, જીવ દ્રવ્ય શુદ્ધ અવસ્થાને પામી શકવાનું નથી. ચરણ-કરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ–એ ત્રણેય અનુયોગો જીવ દ્રવ્યને શુદ્ધ બનાવવાને માટે જ છે. 'મારે પણ આ ત્રણેય અનુયોગો દ્વારા મારી જે પરમ શુદ્ધાવસ્થા છે, તેને પ્રગટાવવી જોઇએ.'–આ જાતિનું લક્ષ્ય અવશ્ય આવવું જોઇએ. જો આ રીતિએ વિચાર કરીએ, તો ચરણ-કરણાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ અને દ્રવ્યાનુયોગ–એ ચાર અનુયોગોમાં એક એકથી ચઢીયાતાપણું માલૂમ પડે; પણ ચરણ-કરણાનુયોગ દ્વારાએ શેષ ત્રણ અનુયોગોની પ્રવૃત્તિ હોવાથી, એ દૃષ્ટિએ ચરણ-કરણાનુયોગને પણ સર્વપ્રધાન તરીકે વર્ણવાએલ છે.

ચરણ-કરણનો આધાર :

કોઈ કહેશે કે–'કાલ ન પાકયો હોય, તો ચરણ-કરણ કરી શું શકે?' કાલ જો ન પાકયો હોય તો ચરણ-કરણ ખાસ કાંઈ કરી શકે નહિ, પરન્તુ જ્યારે કાલ પાકે ત્યારે ય ચરણ-કરણ વિના તો ચાલવાનું જ નથી ને? વળી, કોઈ કહે કે–'કાલ પાકયો હોય, પણ ધર્મકથાનુયોગ ન મળે તો ચરણ-કરણ આવવાનાં જ કયાંથી?' પણ જ્યારે ધર્મકથાનુયોગ ઉપલબ્ધ થાય, ત્યારે તેની સફળતા તો ચરણ-કરણથી જ થવાની છે ને? કોઇ એમ કહે કે–'કાળેય પાકયો હોય અને

ધર્મકથાનુયોગ પણ મળે, તો પણ જીવ લઘુકર્મી બન્યો ન હોય, તો ચરણ–કરણ કરે શું ?' એને ય કહેવાય કે–'જીવને લઘુકર્મી બન્યા પછી તો ચરણ–કરણનું જ આલંબન લેવું પડશે ને ? આ ઉપરાન્ત, ચરણ–કરણ તો લઘુકર્મિતાનું ય કારણ બને છે, ધર્મકથાનુયોગની પ્રાપ્તિનું ય કારણ બને છે અને કાલની પરિપક્વતામાં ય સહાયક બને છે.' કોઈ પણ પ્રકારના દૂષિત ભાવ વિના જ, ચરણ–કરણાનુયોગના આધારને, જીવ જો સ્વીકારી લે અને એના જ આધારને વળગી રહે, તો એનો નિસ્તાર થયા વિના રહે નહિ. એનું લક્ષ્ય, ચરણ–કરણને સાધીને રૂપું ને સોનું મેળવવા દ્વારા પણ પરમ પદ રૂપ રત્નને પામવાનું હોવું જોઇએ. એ એકનો સાચો આધાર, બાકીના ત્રણેયને લાવી દે અને એમ જીવ સર્વ આપત્તિઓથી મુક્ત બનીને સર્વ સંપત્તિઓનો સ્વામી બની જાય.

કથાપ્રસંગો ય કેમ ભૂલાય છે ?

એક ચરણે ઉભા રહેવાની આવડતે, તો એક હાથીને અકાલ મૃત્યુથી ઉગારી લીધો અને એના જ પ્રતાપે બે માનવજીવો પણ અકાલ મરણની આપત્તિમાંથી ઉગરી ગયા. નુપૂર–પંડિતાનું ઉદાહરણ, કે જે ઘણું જાણીતું છે, તેમાં આ વાત આવે છે.

તમને આ વાતનો ખ્યાલ છે ? જેમણે નુપૂર–પંડિતાના ઉદાહરણને સાંભળ્યું કે વાંચ્યું હોય, તેમાંના ઘણાઓને પણ આ વાતનો ખ્યાલ નહિ હોય. આવું કેમ બને છે, એ જાણો છો ? મૂળમાંથી જ ખામી હોય છે. જ્યારે સાંભળે કે વાંચે, ત્યારે જે ધ્યાનથી સાંભળવું કે વાંચવું જોઇએ, તે ધ્યાનથી

વાંચે કે સાંભળે નહિ. એમાં ય, પાછા કથારસથી સંભળાય-વંચાય, એટલે કથાના પ્રસંગો ઉપર જે જે વિચારણાઓ થવી જોઇએ, તે તે વિચારણાઓ થાય નહિ. વિચારણાઓ ન થાય, એટલે ભિન્ન ભિન્ન પ્રસંગોનો જે ભિન્ન ભિન્ન પરમાર્થ, તે લક્ષ્યમાં આવે નહિ. આથી યાદ રહે તો ય મોટા મોટા પ્રસંગો યાદ રહે, પણ બીજું ઘણું ભૂલાઈ જાય. જે યાદ રહે, તેમાં પણ કેટલીક વાર જીવનો પોતાનો જે વિષય-કષાયનો રસ, તે પ્રધાન હોય તો જે પ્રસંગો એવા રસથી ભરેલા લાગે તે પ્રસંગો યાદ રહે-એવું પણ કોઈ કોઈ જીવોને માટે બને. ઉદાહરણ અથવા કથા-એમાં અક્ષરો ઘણા અને અર્થ થોડો; પણ એ થોડા અર્થને જો કેળવતાં આવડે, તો એમાંથી મહા અર્થને પણ પામી શકાય. વળી, શુભ ધ્યાનમાં પ્રવેશ કરવાને માટે, બાલ જીવોને માટે તો, કથાપ્રસંગોનું આલમ્બન ઘણું જ ઉપકારક નિવડે છે. કથાના પ્રસંગના અર્થને વિચારતાં, પોતાના સ્વરૂપનો વિચાર કરવા માંડે, તો એમાંથી પણ શુભ ધ્યાન જન્મે ને શુકલ ધ્યાનને પણ એ દ્વારાએ પામી શકાય.

નુપૂર-પંડિતાના પ્રસંગ સાથે સંબંધ :

એક પગે ઉભા રહેવાની આવડત સંબંધી હાથીનો જે પ્રસંગ છે, તે નુપૂર-પંડિતા તરીકે ખ્યાત થયેલી સ્ત્રીના ચરિત્રની સાથે એવો સંકળાએલો છે કે-જો એ સ્ત્રીનો પ્રસંગ જેવો ઉદ્ભવ્યો તેવો ઉદ્ભવ્યો ન હોત, તો હાથીની એક પગે ઉભા રહેવાની આવડત લોકોને જે જોવાને અને જાણવાને મળી, તે જોવાને અને જાણવાને મળત નહિ, કારણ કે-એવો પ્રસંગ જ ઉદ્ભવવા પામત નહિ. એટલે નુપૂર-પંડિતાના ચરિત્રને ટૂંકમાં

જોતે જોતે જ, હાથીની એક પગે ઉભા રહેવાની આવડતના પ્રસંગ ઉપર આવી શકાશે.

ચિત્તની ચંચળતાથી શીલભ્રષ્ટતા :

નુપૂર–પંડિતાનું મૂળ નામ હતું દુર્ગિલા. દેવદિન્ન નામના સોનીની એ પત્ની હતી. દુર્ગિલા સોનારણ હોવા છતાં પણ, એની ચતુરાઇમાં જેમ અન્ય ચતુર સ્ત્રીઓ પણ હેઠ હતી, તેમ તે રૂપ–લાવણ્યમાં પણ ઘણી સ્ત્રીઓને ટપી જાય તેવી હતી. તે રૂપ–લાવણ્યથી જેમ પૂર્ણ હતી, તેમ તેના નયનકટાક્ષો પણ કામદેવના બાણની ગરજને સારનારા હતા.

ભારે વિચક્ષણ અને સુરૂપવતી હોવા છતાં પણ, દુર્ગિલા જો ચંચલ ચિત્તવાળી ન હોત અને સ્ત્રીઓમાં સદાને માટે મોટામાં મોટા આભૂષણ તરીકે ગણાતા શીલગુણે સહિત હોત, તો એની વિચક્ષણતા અને એની સુરૂપસંપન્નતા પણ, એને માટે ઘણી જ ઉપકારક નિવડત; પણ, આ તો ચંચલ ચિત્તવાળી હતી અને એથી એને જ્યાં તક મળી એટલે એને સતીપણાના બાહ્યાચારથી પણ ભ્રષ્ટ થતાં વાર લાગી નહિ. કુશીલપણાને પેદા થવામાં, ચિત્તની ચંચલતા, એ પરમ નિમિત્ત છે. જે સ્ત્રીઓએ પોતાના શીલગુણને નિષ્કલંક રાખવો હોય, તે સ્ત્રીઓએ ચિત્તની ચંચળતાને તજી દઈને, બોલ–ચાલમાં પણ ખૂબ જ મર્યાદાનો સ્વીકાર કરી લેવો જોઈએ. ચિત્તની ચંચળતા, મોટે ભાગે તો, દુઃશીલની તકને શોધ્યા કરે છે; પણ કદાચ તેવી હાલત ન પણ હોય, પરન્તુ તક જો સામે આવી પડે, તો એ વખતે શીલ ટકી રહેવું બહુ જ કઠિન થઈ પડે છે. પરપુરૂષની સાથે બોલવા–ચાલવાની છૂટછાટ

લેવી, એ ચિત્તની ચંચળતાને પોષે છે અને એમાંથી અવસરે મહા અનિષ્ટ પણ જન્મે છે. પરપુરૂષની સાથે બોલવા-ચાલવાની છૂટછાટ લેતી વખતે તો, કલ્પના ય ન હોય કે-આમાંથી આટલી નીચી હદે પહોંચી જવાશે; ઊલટો, દુઃશીલ પ્રત્યે તિરસ્કારનો ભાવ હોય એમેય બને; પણ એના પરિણામે, અવસરે, શીલધનને લૂંટાઈ જતાં વાર લાગતી નથી.

પરપુરૂષ સાથે :

એક વાર, નદીમાં નિર્વસ્ત્રાની જેમ સ્નાન કરી રહેલી દુર્ગિલાને, કોઈ એક દુઃશીલ યુવાને જોઈ અને સંકેતથી તેણે પોતાની દુષ્ટ વાસના દુર્ગિલાને જણાવી. દુર્ગિલાએ પણ પેલાની વાતને સંકેતથી સ્વીકારી લીધી.

એ પછી, તેઓ બન્નેએ એક-બીજાને મળવાને માટે શું કર્યું, તે વાતને જતી કરીએ. સોનીના ઘરના પાછલા ભાગમાં વાડી હતી. એ વાડીના બારણેથી તે જુવાનને દુર્ગિલાએ વાડીમાં લીધો. બન્ને મળ્યાં ને કામી જનો જે કાંઈ કરે તે બધું એમણે ત્યાં કર્યું. પછી એવો થાક લાગ્યો કે-એ બન્ને જણાં ત્યાં ને ત્યાં જ ઉંઘી ગયાં.

સાસરાએ જોઈ જવું :

બનવા કાળ તે એવું બન્યું કે-દુર્ગિલાનો સાસરો પેશાબ કરવાને માટે રાતના ઉઠ્યો. વાડીમાં આવતાં, તેણે બન્નેને સાથે સુતેલાં દીઠાં. પોતાની પુત્રવધૂના દુશ્ચરિત્રની ખાત્રી કરવાને માટે, તે ડોસો, ઘરમાં જઈને જોઈ આવ્યો. ત્યાં પોતાના પુત્રને એણે ભરઉંઘમાં સુતેલો દીઠો.

ડોસાને વિચાર થયો કે-કરવું શું ? એ વખતે જગાડે,

તો ધાંધલ થાય. એથી ઘરની આબરૂ જાય અને ડોસો કદાચ જીવથી પણ જાય. હવે અત્યારે તે કાંઈ જ ન બોલે, તો સવારે જ્યારે એ પોતાના પુત્રને વાત કરે, ત્યારે એ માને શી રીતિએ? આથી, સાખીતી રાખવાને માટે ડોસાએ દુર્ગિલાના એક પગમાંનું નુપૂર કાઢી લેવાનો વિચાર કર્યો. ડોસાએ દુર્ગિલાના પગમાંથી ઝાંઝર તો કાઢયું, પણ દુર્ગિલા જાગી ગઈ.

દુર્ગિલાએ અજમાવેલો દાવ :

ડોસો જેવો ઘરમાં ગયો, કે તરત જ દુર્ગિલાએ પેલા જુવાનને જગાડ્યો અને રવાના કરી દીધો. 'મારો સાસરો જોઈ ગયો છે, માટે તું અવસરે મને મદદ કરજે.'—એમ પણ એને કહ્યું. પછી દુર્ગિલા ઘરમાં આવીને પતિની પાસે સુઈ ગઈ. ધીરે રહીને તેણીએ પોતાના પતિને જગાડ્યો અને કહ્યું કે—'અહીં બહુ બાફ થાય છે, તો વાડીમાં ચાલો.'

એમ કહીને તે દેવદિન્નની સાથે વાડીમાં ગઈ અને જે સ્થલે પહેલાં પેલો જુવાન સુતો હતો, ત્યાં જ દેવદિન્નને સુવાડીને પોતે પાસે સુઈ ગઈ. આલિંગનાદિથી દેવદિન્નને ખૂશ કરીને તેણીએ ઉંઘાડી દીધો.

જ્યાં થોડી વાર થઈ, એટલે તેણીએ દેવદિન્નને પુનઃ જગાડ્યો. દેવદિન્નને જગાડીને તેણીએ કહ્યું કે—'તમારા ઘરમાં આવો વિચિત્ર રિવાજ છે કે—જ્યાં દીકરો તેની વહુની સાથે સુતો હોય, ત્યાં પિતા આવે, વહુને અડે અને વહુના પગમાંથી ઝાંઝર કાઢી જાય? જૂઓ તો ખરા, તમારા પિતા અહીં હું અર્ધનગ્નાવસ્થામાં સુતેલી છું, તમે પણ પાસે સુતા છો, છતાં આવીને મારા પગનું નુપૂર કાઢી ગયા!'

દેવદિન્ને કહ્યું કે–' કાલ હું તેમને જરૂર ઠપકો આપીશ.'

દુર્ગિલા કહે છે કે–' ના, હમણાં જ પિતાજીને બોલાવો અને તમારે જે કહેવું હોય તે કહો.'

દેવદિન્ન કહે છે કે–' સવારે જ વાત.'

તો ય દુર્ગિલા કહે છે કે–' તમને તમારા બાપા ખોટું સમજાવશે. કહેશે કે–એ પરપુરૂષની પડખે સુતેલી હતી, માટે મેં નુપૂર કાઢી લીધું છે. તે વખતે તમે શંકામાં પડીને ઝંખવાણા પડી જશો. એને બદલે, અત્યારે જ બોલાવીને કહો, તો વાત સાફ થઈ જાય.'

દેવદિન્ન કહે છે કે–' તૂં ચિન્તા કર નહિ. હું ભોળો છું તે એમ માની લઈશ ?'

દુર્ગિલાના દાવની સફળતા :

બસ, આટલી તૈયારી કરીને, દુર્ગિલા ઉંઘી ગઈ. કેટલી વિચક્ષણતા છે ? બુદ્ધિમાં કાંઈ ખામી છે ? પણ બુદ્ધિનો કેટલો બધો ભયંકર દુરૂપયોગ છે ? બુદ્ધિ સારી, પણ તે માર્ગાનુસારિણી હોય તો તારે, નહિ તો મારે. બુદ્ધિ, શક્તિ, એ વિગેરેની સફલતા તેના સદુપયોગથી જ છે. જે કોઈ એનો દુરૂપયોગ કરે, તેની બુદ્ધિને કે તેની શક્તિને વખાણાય નહિ.

બીજે દિવસે સવારે, દેવદિન્ને જ પોતાના પિતાને પૂછ્યું કે–' એના પગમાંથી રાતના નુપૂર કેમ કાઢી ગયા હતા ?'

ડોસાએ જે સાચી હકીકત હતી તે કહી, પણ દેવદિન્ન એ માને ? દુર્ગિલાએ એ માટે જ પહેલેથી દેવદિન્નને વ્યુદ્ગ્રાહીત કરી દીધો હતો. દેવદિન્ને તો કહ્યું કે–' એ વખતે હું જ વાડીમાં સુતો હતો. ત્યાં કોઈ પરપુરૂષ નહોતો. તમને

ભ્રમ થયો અને તમે એવું કર્યું, કે જેનાથી મારે લાજવું પડે. પિતા થઇને તમે મને વગોવો નહિ. એ મહા સતી છે–એવી મારી ખાત્રી છે.'

દુર્ગિલાનું સન્માન :

કુલટાને આવો પતિ મળી જાય, પછી જોઇએ શું ? ડોસો મૂંગો થઈ ગયો, તો ય દુર્ગિલાએ એ વાતનો પીછો છોડ્યો નહિ. તેણીએ કહ્યું કે–'દૈવી ક્રિયાથી હું મારા સતીપણાને સાબીત કરીશ.' અને તેણીએ એમાં પણ એવું કર્યું કે–એ સતી તરીકે પૂરવાર થઈ. લોકમાં તે આ પ્રસંગથી ભારે સન્માનને પામી. એ પ્રસંગ બન્યો, ત્યારથી દુર્ગિલા 'નુપૂર–પંડિતા' એવા નામથી ઓળખાવા લાગી.

ખ્યાતિનો પ્રયત્ન નહિ કરતાં, સારૂં કરવાનો અને સારા બનવાનો પ્રયત્ન કરો :

આવું બધું, કલ્પનામાં પણ ઝટ આવી શકે નહિ–એવું બની જવાથી, દેવદિન્નના પિતા દેવદત્ત ડોસાને ભારે આઘાત લાગ્યો. પુત્રવધૂએ એનો ગજબનો પરાભવ કર્યો. આંખે જોયેલું, ખાત્રી કરેલી અને નિશાની પણ લઇ લીધેલી; છતાં પણ દેવદત્ત ડોસો જુઠ્ઠો પૂરવાર થયો અને ઉપરથી નિર્લજ્જ પણ ઠર્યો. શાથી આવું બન્યું હશે ? દુર્ગિલા કુલટા હતી, જુઠ્ઠી હતી, કપટી હતી, છતાં પણ એ સાચી, શાણી અને સતી તરીકે જાહેર થઈ તેમ જ લોકથી અને પતિથી સન્માનિત બની; જ્યારે ડોસો ચોકસાઈવાળો, દીર્ઘદૃષ્ટિ અને સાચો હોવા છતાં પણ બેવકૂફ, નિર્લજ્જ અને ખોટો ઠર્યો. આમાં કોઈ આ આંખે અદૃશ્ય એવી જ વસ્તુ કામ કરી ગઈ, એમ લાગે

છે ? પુણ્યકર્મે અને પાપકર્મે જ આમાં મોટો ભાગ ભજવ્યો છે, એ સમજાય છે ? તે સમયે દુર્ગિલાનો પુણ્યોદય વર્તી રહેલો અને ડોસાનો પાપોદય વર્તી રહેલો, એ વાત ખ્યાલમાં આવે છે ? જેના પુણ્યનો ઉદય વર્તી રહ્યો હોય, તે બદમાશી કરનારો હોય, કપટી હોય, જુઠ્ઠો હોય, તો ય તે સજ્જન, સરલ અને સત્યવાદી તરીકે પંકાવા પામે તેમ જ જેના પાપનો ઉદય વર્તી રહ્યો હોય, તે સજ્જન હોય, શાણો હોય, સાચો હોય, તો ય દુર્જન, મૂર્ખ ને ખોટા તરીકે પંકાઈ જાય, આવું પણ બને. જે ખ્યાતિ આવી વ્યભિચારિણી છે અને પરાધીન છે, તેના મોહથી મહાત્માઓ તો મુંઝાય નહિ, પણ સામાન્ય આત્માઓ ય જો વિવેકશીલ બન્યા હોય તો મુંઝાય નહિ.

આ વાતને સમજીને, સારા તરીકેની ખ્યાતિથી ફુલાવું નહિ અને ખરાબ તરીકેની ખ્યાતિથી મુંઝાવું નહિ. ખ્યાતિને માટે કશો પણ પ્રયત્ન નહિ કરતાં, સઘળો ય પ્રયત્ન સારા બનવાને માટે અને સારું કરવાને માટે કરવો. જેઓ સારું કરવાના અને સારા બનવાના પ્રયત્નમાં લાગી રહે છે, તેઓ જેમ પુણ્યોદયના સમયમાં પોતાનું કલ્યાણ સાધે છે, તેમ પાપોદયના સમયમાં પણ પોતાનું કલ્યાણ સાધે છે; અથવા તો, કહો કે–તેઓ પાપોદયના સમયમાં તો પોતાનું કલ્યાણ વિશેષ પ્રકારે સાધે છે.

ડોસાએ ઉંઘ ગુમાવી :

આવી સમજણ જો એ ડોસામાં હોત, તો ડોસાને એ બનાવથી જે આઘાત લાગ્યો, તે આઘાત લાગત નહિ. પણ ડોસાને તો એવો આઘાત લાગ્યો કે–એની ઉંઘ જ ઉડી

ગઈ. 'આવી દુઃશીલા પુત્રવધૂથી મારા ઘરનું શું થશે?'—એની પણ એને ચિન્તા થવા લાગી. ચિન્તામાં ને ચિન્તામાં, તેને દિવસે અગર રાત્રે પણ ઝોકું સરખું ય આવતું નહિ.

ડોસો આમ નિદ્રારહિત બની જવાથી, એ ડોસાને રાજાની નોકરી અનાયાસે મળી ગઈ. રાજાએ જોયું કે—'અન્તઃપુરના રક્ષક, તરીકે આ બહુ ઉપયોગી માણસ છે.' આથી તે ડોસાને રાજાએ મનમાન્યો પગાર આપવાનું ઠરાવીને અન્તઃપુરના રક્ષક તરીકે નિયુક્ત કર્યો.

રાજાની એક કુલટા રાણીનું ચરિત :

રાજાની ઘણી રાણીઓમાંની એક રાણી કુલટા હતી. આ રક્ષક, એ રાણીનો ભક્ષક બન્યો. એ રાણી વારંવાર જોયા કરતી હતી કે—'નવો આવેલો રક્ષક સુતો કે નહિ?'

એમ, એકની એક રાણી વારંવાર પોતાને જોયા કરતી હોવાથી, ડોસાને વહેમ પડ્યો. 'આ રાણી મને વારંવાર કેમ જોયા કરે છે?'—એવી શંકાનું નિવારણ કરવાને માટે, ડોસાએ સુવાનો ઢોંગ કર્યો.

પેલી રાણીને જ્યાં લાગ્યું કે—ડોસો સુઈ ગયો, એટલે એ ઝટ બહાર નીકળી અને 'ડોસો ભરનિદ્રામાં પોઢી ગયો છે કે નહિ'—તેની ખાત્રી કરી ગઈ. તેણીને લાગ્યું કે—ડોસો હવે ભરનિદ્રામાં છે, એટલે તે ધીમે પગલે ગવાક્ષ પાસે ગઈ. ત્યાં જઈને તેણીએ લાકડાનું જે એક યાંત્રિક પાટીયું હતું, તે ખસેડી નાખ્યું. નીચે રાજાનો પટ્ટહસ્તિ ઉભો હતો. એ પટ્ટહસ્તિએ તેણીને રોજના કાર્યક્રમ મુજબ પોતાની સૂંઢથી પકડીને નીચે જમીન ઉપર ઉતારી દીધી.

હકીકત એવી હતી કે–રાજાના પટ્ટહસ્તિના મહાવત ઉપર એ રાણી આસક્ત થયેલી હતી. મહાવતે અને રાણીએ, રોજ રાતના મળી શકાય–એ માટે, આવી ગોઠવણ કરી રાખી હતી. મહાવતે પટ્ટહસ્તિને કેળવીને એવો તૈયાર કર્યો હતો કે–રાણી ગવાક્ષમાં આવીને જેવી લાકડાના યાંત્રિક પાટીયાને અસેડે, કે તરત જ એ હાથી તેણીને પોતાની સૂંઢથી પકડીને નીચે ઉતારે અને જ્યાં મહાવત તથા રાણી પોતાનું કુકર્મ કરીને પરવારે, એટલે હાથી પાછો એ રાણીને પોતાની સૂંઢથી પકડી, ઉપાડીને ઉપર ગવાક્ષમાં મૂકી દે.

મુમુક્ષભાવને ઉત્તેજિત બનાવો :

કામી જનો પણ કાંઈ કમ કુશળતા દાખવે છે? કામી જનો કામને માટે જેટલા તત્પર રહે છે અને કુશળ બને છે, તેટલી તત્પરતા અને કુશળતા જો મુમુક્ષુ જનોમાં આવી જાય, તો મોક્ષ તેમનાથી છેટે રહી શકે જ નહિ. વ્રત–નિયમોમાં કષ્ટ લાગે, તપમાં કષ્ટ લાગે, સંયમમાં કષ્ટ લાગે, એ બધું શાથી? તમે ખૂબ ઉંડાણથી વિચારશો, તો જણાશે કે–મુમુક્ષુભાવની ખામીને લીધે એમ બને છે અથવા તો મુમુક્ષુભાવ જેવો જોરદાર બનવો જોઇએ તેવો જોરદાર બન્યો નથી, માટે એમ બને છે. શ્રી ખંધક મુનીશ્વરની ચામડી ઉતારવામાં આવી, ત્યારે એમને વેદના નહિ થઈ હોય? એક ટાંકણી જરા વાગે, તો ય કેવું થાય છે? ત્યારે, જે વખતે જીવતા જાગતા માણસની ચામડી ઉતારે ત્યારે કેવી વેદના થાય, એની કલ્પના તો કરી જૂઓ. એ વેદનાની કલ્પના માત્રમાં પણ કંપારી ઉપજાવવાની શક્તિ છે. એવી વેદનાને

એ મુનીશ્વરે કેમ વધાવી લીધી હશે ? વેદનાને વેદના નહિ માનતાં, કર્મછેદના માની માટે ! એમનો મુમુક્ષુભાવ એટલો બધો જોરદાર હતો કે–કર્મછેદના થતી હોય, તો એમને એમની કારમી પણ વેદના લીલાવત્ પ્રિય લાગતી હતી. એથી જ, જીવતાં ચામડી ઉતારનારાઓને પણ એ મહામુનિએ કહ્યું કે– **ભાઇ થકી પણ ભલેરા તમે !** ' આપણા ઉપર કોઈ એવો અત્યાચાર કરે, તો આપણને તે કેવા ભૂંડા લાગે ? પણ એ મહામુનિને એ અત્યાચારીઓ ય ભાઈ કરતાં પણ વધારે ભલું કરનારા લાગ્યા. એટલે, વસ્તુતઃ મોક્ષ આપણાથી છેટે છે–એમ કહેવું, એને બદલે મોક્ષની સાધના આપણાથી છેટે છે–એમ કહેવું એ વધારે સારૂં છે; કારણ કે–મુમુક્ષુભાવ સંબંધી ખામી છે. આથી, મોક્ષના અર્થી આત્માઓએ, પોતાના મુમુક્ષુભાવને ખૂબ ખૂબ ઉત્તેજિત બનાવવાનો પ્રયત્ન કર્યા જ કરવો જોઇએ, કે જેથી સંયમાદિ કષ્ટ રૂપ લાગે નહિ, પણ સુખ રૂપ લાગે.

મહાવતે રાણીને મારવા માંડી :

આ રાજાની રાણી, કામવાસનાને આધીન બનીને, કાંઈ ઓછું કષ્ટ ભોગવતી નહોતી. એ રાત્રે હાથીએ રાણીને જેવી જમીન ઉપર ઉતારી, કે તરત જ મહાવતે તેણીને, હાથીને બાંધવાની જે લોઢાની સાંકળ, તેનાથી મારવા માંડી; કારણ કે–રાણીને આજે મોડું થઈ ગયું હતું અને મોડું થઇ જતાં મહાવત ગુસ્સાથી વ્યાપ્ત બની ગયો હતો. ગુસ્સામાં આવેલો મહાવત, ' આવવામાં મોડું કેમ થયું ? '–એવું પૂછવાને પણ થોભ્યા વિના, રાણીને મારવા મંડ્યો.

સહનશીલતા કે વિષયલાલસા ?

રાણીની એક દાસી કરતાં પણ બૂંડી હાલત છે ને ? મહાવત એટલે તો દાસ ને ? પણ રાણીએ દાસને દેવ બનાવ્યો, તો એનું ફળ એને ભોગવવું જ પડે ને ? કામાધીનતાથી તો, દાસને દેવ બનાવીને, દાસનો માર પણ ખાવો પડે. કામાધીનોને કેવી કેવી ગુલામીઓ કરવી પડે છે ? આવી વાતને વધારે વિસ્તારથી કહેવા કરતાં, તમે આટલા સૂચનમાં સમજી જાવ, એ વધારે સારૂં છે. તમે જો તમારાં આચરણોની શાન્તભાવે વિવેકપૂર્વક આલોચના કરનારા બની જાવ, તોઆ સંસાર તો એવો છે કે–તમને ઘડીભરને માટે પણ આ સંસારમાં રહેવું ગમે નહિ. તમે જે ઘણું સહન કરી શકો છો, તે તમે સહનશીલ છો માટે નહિ, પણ તમે વિષય–કષાયના આવેશમાં છો માટે ! તમારામાં જો ખરેખર જ સહનશીલતાનો ગુણ હોત, તો ધર્મસ્થાનોમાં એ ગુણ જરૂર દેખાઈ આવત અને સંસારી સ્થાનો કરતાં વિશેષ પ્રમાણમાં દેખાઈ આવત. પણ આજે શેઠનું સહન કરનારો ય ગુરૂનું સહન કરી શકતો નથી. રોટી રળવાને માટે ભારે કષ્ટો વેઠનારા, ધર્મક્રિયાના સામાન્ય કષ્ટમાં પણ થાકી જાય છે. પ્રતિક્રમણમાં જ્યાં ઉભા રહેવાનું હોય ત્યાં ઉભા રહીને, જ્યાં ઉભા પગે બેસવાનું હોય ત્યાં ઉભા પગે બેસીને અને જ્યાં અભાસમણું દેવાનાં હોય ત્યાં પાંચેય અંગો મળે તેવી રીતિએ અભાસમણું દેવાપૂર્વક પ્રતિક્રમણની ક્રિયા કરનારા કેટલા ? ભગવાનનાં દર્શન અને ભગવાનનું પૂજન વિનયપૂર્વક કરનારા કેટલા ? ભગવાન સમક્ષ કે ગુરૂ સમક્ષ, અવસરે મર્યાદા જાળવનારા કેટલા ? સાધર્મિક ભાઈઓનો

હાથ જોડીને આદર કરનારા કેટલા ? જ્યારે તમે જોયું ને કે–રાણી જેવી રાણી પણ, મહાવતના હાથે, હાથીને બાંધવાની લોખંડની સાંકળથી માર ખાય છે ! કારણ ? કારણ બીજું કોઈ નહિ, પણ વિષયસુખની લાલસા !

ક્રોધ શમ્યો ને કામે પુનઃ કાબૂ મેળવ્યો :

રાણી આજીજી કરીને મહાવતને કહે છે કે–' તમે મને મારો નહિ. આજે હું મોડી થઈ, તેમાં મારો ગુન્હો નથી. રાજાએ આજે કોઇ નવા માણસને રક્ષક તરીકે રાખ્યો છે. એ જાગતો હતો, એટલે હું આવું શું રીતિએ ? એ હમણાં જ ઉંઘી ગયો અને લાગ જોઈને હું તરત જ અહીં આવી. માટે મારા વહાલા ! તમે મારા ઉપર ગુસ્સો કરો નહિ.'

રાણીએ માર ખાતે ખાતે પણ વિનયથી જ્યારે આ પ્રમાણે મહાવતને કહ્યું, ત્યારે તેનો ક્રોધ શમ્યો. ક્રોધ શમ્યો, એટલે કામ જોરમાં આવ્યો. કામ તો રાહ જ જોઈ રહ્યો હતો. કહો કે–કામની તીવ્ર લાલસાના કારણે જ ક્રોધ ઉત્પન્ન થવા પામ્યો હતો. કામની તીવ્ર લાલસાએ જ મહાવતને અસહનશીલ બનાવ્યો હતો અને એ અસહનશીલતા ક્રોધ રૂપે પરિણમી હતી. બાકી, કામ તો ક્રોધ શમે ને પોતાને અવકાશ મળે, એમાં જ રાજી હતો. ક્રોધ શમ્યો એટલે કામે કાબૂ મેળવ્યો અને બન્નેએ થાય તેટલું કાળું કર્યું. પછી જ્યાં એક પહોર રાત બાકી રહી, એટલે રાણી જેમ આવી હતી તેમ પાછી ઉપર ચાલી ગઈ.

ડાસો નિરાંતે ઉંઘી ગયો :

આ આખો ય બનાવ, પેલા દેવદત્ત ડાસાએ જોયો.

જ્યારથી રાણી ગઈ, ત્યારથી તે રાણી પાછી આવી ગઈ–ત્યાં સુધીનું બધું ય એણે જોયું અને સાંભળ્યું. એને થયું કે–'રાજાની રાણીઓ, કે જેમને જોવાને સૂર્યનું કિરણ પણ સમર્થ નિવડી શકતું નથી, તેમના શીલનો ભંગ પણ જો આવી રીતિએ થાય છે, તો પછી સામાન્ય ઘરોની સ્ત્રીઓના શીલનો જો ભંગ થાય, તો એમાં આશ્ચર્ય પણ શું છે ?'

તેને આવો વિચાર આવતાંની સાથે જ, તેનો ચિન્તાનો બોજ એકદમ હલકો થઈ ગયો. એના મનને નિરાંત થઈ ગઈ. આથી, તે જેવો જરાક આડે પડખે પડ્યો કે તરત જ તેને ઉંઘ આવી ગઈ. એ એવો ઘસઘસાટ ઉંઘવા માંડ્યો કે–સવાર થઈ તો ય તે જાગ્યો જ નહિ.

રાજાની પાસે જઈને જ્યારે બીજા નોકરોએ આ વાત કહી, ત્યારે રાજા સમજી ગયો કે–'જરૂર, આ વાતમાં કાંઈક ભેદ છે.' આથી રાજાએ નોકરોને કહ્યું કે–'જ્યાં સુધી એ ઉંઘે ત્યાં સુધી એને ઉંઘવા દો. જ્યારે એ જાગે, ત્યારે તમે એને મારી પાસે લઈ લાવજો.'

ડાસાએ રાજાને બનેલી હકીકત કહી :

ચિન્તામાં ને ચિન્તામાં, ડોસો મહિનાઓ સુધી ઉંઘેલો નહિ. એમાં ચિન્તા ટળી ને મનને નિરાંત વળી, એટલે એને ઉંઘ તો એવી આવી ગઈ કે–સાત દિવસો સુધી તેણે ઉંઘ્યા જ કર્યું. આઠમે દહાડે જ્યારે તે જાગ્યો, ત્યારે નોકરો તેને રાજાની પાસે લઈ ગયા. રાજાએ તેને પૂછ્યું કે–'જે નિદ્રા તારી પાસે મહિનાઓ થયાં આવી નહોતી, તે નિદ્રા તને રાજમહેલમાં આવતાંની સાથે પહેલે જ દિવસે આવી ગઈ

અને તે ય એવી આવી ગઈ કે–સાત સાત દિવસો સુધી તેં ઘોર્યા કર્યું, તો તેનું કારણ શું ?'

ડોસો મુંઝાયો કે–'કહેવું શું ?' ખરી વાત રાજાને કહેવાય શી રીતિએ, એની ડોસાને મુંઝવણ હતી.

રાજા એની આ મુંઝવણને સમજી ગયો. રાજાએ કહ્યું કે–'તું કોઈ વાતે મુંઝા નહિ. જે હકીકત હોય, તે તું કહી દે. તું ગમે તેવી અરાઅ પણ સાચી હકીકત કહીશ, તો હું તને કાંઇ જ નહિ કરું. તને અભય વચન આપું છું.'

હવે ડોસો સ્વસ્થ થયો. એણે સાત રાત પહેલાં જે જોયું હતું, જાણ્યું હતું અને વિચાર્યું હતું, તે સઘળું ય તેણે રાજાને યથાતથ્ય કહી સંભળાવ્યું. તેણે જે રાણી, હાથી અને મહાવતની હકીકત કહી, તેમાં રાજાને જરા પણ શંકા પડી નહિ. આથી રાજાએ તેને ઇનામ આપીને વિદાય કર્યો.

રાજાની પરીક્ષા અને ખાત્રી :

ડોસાને વિદાય કર્યા પછીથી, રાજા વિચાર કરવા લાગ્યો કે–'બધી રાણીઓમાં કયી રાણી દુઃશીલા છે, તેનો નિર્ણય પહેલાં જ કરી લેવો જોઈએ; તો એ માટે શો ઉપાય કરવો ?'

વિચાર કરતે કરતે, રાજાએ ઉપાય શોધી કાઢ્યો. રાજાએ લાકડાનો એક બનાવટી હાથી બનાવરાવ્યો. એ હાથીને પોતાના અન્તઃપુરમાં ગોઠવીને, રાજાએ બધી રાણીઓને ત્યાં બોલાવી. પછી બધી રાણીઓને આજ્ઞા કરી કે–'આજે રાતના મેં એક સ્વપ્ન જોયું છે. તેનો મારે નિર્ણય કરવો છે. માટે તમે બધાં તમારાં બધાંય વસ્ત્રોને કાઢી નાખીને, એક પછી એક, આ હાથી ઉપર ચઢી જાઓ !'

તદ્દન એકાન્ત સ્થલ હતું અને રાજાની આજ્ઞા હતી; એટલે બીજી બધી રાણીઓ તો, પોતપોતાનાં વસ્ત્રોને કાઢી નાખીને લાકડાના હાથી ઉપર ચઢી ગઈ અને ઉતરી ગઈ; પણ પેલી કુલટા રાણી તો, જેમની તેમ ઉભી રહી. તેણીએ રાજાને કહ્યું કે–'હું તો આ બનાવટી પણ હાથીથી બીઉં છું.'

રાજાને એથી ગુસ્સો આવ્યો. એથી રાજાએ તેણીને માત્ર કોમળ એવા કમળનાળથી જ ફટકો માર્યો. ત્યાં તો એ રાણી જાણે એટલા પણ મારને નહિ ખમી શકવાથી મૂર્ચ્છાને પામી હોય, તેમ જમીન ઉપર પડી ગઈ. એ પડી ગઈ એમ નહિ, પણ એણે જાણી જોઈને પછાડ ખાધી.

રાજા તરત જ ઇંભને કળી ગયો અને મનમાં સમજી ગયો કે–'આ જ તે રાણી છે, કે જે રાણી વિષે પેલો ડોસો મને કહી ગયો.' આમ છતાં પણ, વધુ ખાત્રી કરવાને માટે, રાજાએ એ રાણીની પીઠને તપાસી જોઈ, તો સાંકળના પ્રહારોના સોળ પડેલા જોયા.

હવે રાજાના ગુસ્સાનો પાર રહે? રાજાએ ત્યાં ને ત્યાં જ એ રાણીને કહ્યું કે–'મદોન્મત્ત હાથીની સાથે ક્રીડા કરતાં ભય પામતી નથી અને આ લાકડાના હાથીથી ભય પામે છે? લોખંડની સાંકળના પ્રહારથી હર્ષ પામે છે અને કમળનાળના પ્રહારથી મૂર્ચ્છા પામે છે?'

સારો રાજા કેવો હોય?

રાણીને ખ્યાલ આપવાને માટે, આટલું કહેવું બસ હતું. રાણી પણ સમજી ગઈ.

આટલું કહીને, રાજા સીધો જ વૈભારગિરિએ ગયો. ત્યાં

તેણે પેલી વ્યભિચારિણી રાણીને પણ બોલાવી તેમ જ મહાવતને પણ પટ્ટહસ્તિને લઈને ત્યાં બોલાવ્યો.

રાજાની આજ્ઞાથી ત્યાં નગરજનો પણ એકત્રિત થઈ ગયા. એ પછી, રાજાની આજ્ઞાને અનુસરીને, નગરજનો સમક્ષ સઘળી ય હકીકત જાહેર કરવામાં આવી, કે જેથી લોકો રાજાની ઉગ્ર આજ્ઞાના રહસ્યને પણ સમજી શકે અને 'આ રાજ્યમાં આવા ગૂન્હાની ભારેમાં ભારે શિક્ષા થાય છે, માટે આવો ગૂન્હો તો આપણે કરવો જ નહિ'—એવા પ્રકારનો નગરજનોને બોધ પણ મળે.

રાજાઓ ઉગ્ર શાસનવાળા હોય, પણ મૂર્ખા નહિ હોવા જોઈએ. મૂર્ખ જો રાજા બની જવા પામે, તો તે ઉગ્ર શાસનવાળો બની શકે નહિ. રાજાઓ દુષ્ટોને દમનાર હોય, પણ સજ્જનોને સંતાપનાર ન હોય. સારો રાજા તે કહેવાય, કે જે રાજા દુર્જનોને દંડનાર હોય અને સજ્જનોને સહાય કરનાર હોય. જે રાજ્યમાં દુષ્ટો અને દુર્જનો કુશળ બનીને લહેર કરી શકતા હોય અને સજ્જનો સરલ હોવાના કારણે જ સંતાપનો ભોગ બનતા હોય, તે રાજ્ય સુરાજ્ય અથવા તો કલ્યાણકારી રાજ્ય નથી. સજ્જનોને અને દુર્જનોને એક જ લાકડીએ હાંકનારું રાજ્ય, પ્રજાજનોને સદાચારોથી ભ્રષ્ટ કરનારું અને નીતિના નિયમોનું પણ ઉલ્લંઘન કરાવનારું નિવડે છે. એના યોગે, પ્રજાજનો દંભથી જ રળવાની અને રઝળવાની કુટેવના ભોગ બની જાય છે. પૂર્વ કાળના જે ઉત્તમ રાજાઓ હતા, તે પ્રજાનું નીતિનું ધોરણ નીચું પડે નહિ—તેની ખૂબ જ કાળજી રાખતા તેમ જ સદાચારિઓને સર્વ પ્રકારે સહાયક બનતા. ભારતીય સંસ્કૃતિનું એ પણ એક મહત્ત્વનું અંગ હતું. આજે

રાજ્યશાસન દ્વારા ભારતીય સંસ્કૃતિનું કેવું અધઃપતન થઈ રહ્યું છે, તે બતાવવું પડે તેમ નથી; કારણ કે–એવાં ઉદાહરણો, આજે તો, ડગલે ને પગલે જડી આવે છે.

હાથીને પર્વતના શિખરે ચઢાવીને પડતું મૂકાવવાની રાજાની આજ્ઞા :

રાજાએ, પેલી રાણીને પણ હાથી ઉપર ચઢાવરાવી અને મહાવતની સાથે બેસાડી. પછી મહાવતને આજ્ઞા કરી કે–'પહેલાં હાથીને આ પર્વતના શિખર ચઢાવ અને તે પછી હાથી પાસે પડતું મૂકાવ, કે જેથી હાથીની સાથે સાથે તમે બન્ને પણ કચડાઇ મરો.'

રાજાની આજ્ઞા મુજબ, મહાવતે પટ્ટહસ્તિને પર્વતના શિખર ઉપર ચઢાવ્યો. મહાવતે હાથીને એટલો બધો કેળવ્યો હતો કે–તે હાથી મહાવતને અને રાણીને લઇને પર્વતના શિખર ઉપર ચઢી ગયો.

શિખર ઉપર પહોંચી ગયા બાદ, મહાવતે, હાથીના એક પગને બહાર કઢાવ્યો અને ત્રણ પગે હાથીને સ્થિર રાખ્યો.

નગરજનો તો, એ દૃશ્યને જોઇને અચંબો જ પામ્યા. છેક શિખર ઉપર, એક પગને બહાર કાઢીને ત્રણ પગે હાથી સ્થિર ઉભો રહે, એ સામાન્ય વાત છે ? નગરજનોએ તો, હા–હાકાર કરી મૂકીને રાજાને કહ્યું કે–'રાજન્ ! આપ જેમ રાજાઓમાં રત્ન સમાન છો, તેમ આ હાથી પણ હાથીઓમાં રત્ન સમાન છે. વળી, આ તો પશુ છે, એટલે આજ્ઞા મુજબ કાર્ય કરનાર છે, માટે આનો નાશ કરવો એ ઉચિત નથી.'

રાજાએ લોકોની એ વાતને સાંભળી ખરી, પણ ન

સાંભળી જેવી કરી નાખી અને મહાવતને હુકમ કર્યો કે–'હાથીને પડતું મૂકાવ!'

રાજાની આજ્ઞાને સાંભળીને, મહાવતે હાથી પાસે તેનો બીજો પગ પણ બહાર કઢાવ્યો અને માત્ર બે પગોના આધારે જ હાથીને ગિરિશિખર ઉપર સ્થિર ઉભો રાખ્યો.

આવા દૃશ્યને જોઈને, લોકો વધારે જોરથી પોકાર કરી ઉઠ્યા કે–'આ હાથી તો કોઈ રીતિએ વધ કરવા યોગ્ય નથી.'

એ વખતે ય રાજાએ માન્યું નહિ. રાજા તો મૂંગો જ રહ્યો. મૌનનો અર્થ એ જ હતો કે–'મારી આજ્ઞાનો અમલ થવો જ જોઈએ.'

મહાવત એ વાતને સમજી ગયો, એટલે એણે છેલ્લો દાવ અજમાવ્યો. હાથીના ત્રીજા પગને પણ તેણે બહાર કઢાવ્યો અને માત્ર એક જ પગ ઉપર હાથીને ગિરિશિખર ઉપર સ્થિર ઉભો રાખ્યો.

એ હસ્તિના આવા અદ્‌ભુત ચરિતને જોઈને, લોકો એના નાશને જોવાને માટે અસમર્થ બની ગયા. ત્યાં ભારે હા–હાકાર મચી ગયો અને લોકોએ પોતપોતાના હાથોને ઉંચા કરીને રાજાને વિનવતાં કહ્યું કે–'હે નાથ! આવી અદ્‌ભુત અને અજોડ કેળવણીથી કેળવાએલા આ હાથીને, હજુ પણ બચાવી લેવો, એ જ યોગ્ય છે. જેમ દક્ષિણાવર્ત્ત શંખ દુર્લભ છે, તેમ આવો બીજો હાથી મળવો એ પણ દુર્લભ છે. આપ સ્વામી છો, માટે આપને જેટલી અને જેવી શિક્ષા કરવી યોગ્ય લાગે, તેવી અને તેટલી શિક્ષા અપરાધિઓને કરી શકો છો, પરન્તુ આ હાથી તો પરાધીન પશુ હોઈને નિરપરાધી છે. આપ જો હજુ પણ નહિ માનો અને હાથીનો નાશ જ

થવા દેશો, તો તે આપનો અવિવેક જ ગણાશે. એ અવિવેકથી આપને એવો અપયશ મળશે, કે જે અપયશને આપ સહન કરી શકશો નહિ. આથી, હજુ પણ આપ કાર્યાકાર્યનો વિચાર કરીને, આ હાથીને પડતો અને અકાળે મરતો બચાવી લો. છેવટ કાંઈ નહિ, તો અમારા ઉપરની મહેરબાનીને ખાતર પણ આપ આટલું કરો!'

એક પગે ઉભા રહેવાની આવડતના યોગે મળેલું અભયદાન :

રાજા સમજી ગયો. રાજાએ લોકોને કહ્યું કે–'ભલે, તેમ થાઓ. તમે મારા કહેવાથી મહાવતને કહો કે–હાથીનું રક્ષણ કરી શકાય તેમ હોય તો તે રક્ષણ કરે!'

તરત જ લોકોએ મહાવતને પૂછ્યું કે–'હે મહાવતશ્રેષ્ઠ! એક પગે ઉભેલા હાથીની પાસે, બાકીના ત્રણેય પગોને શિખર ઉપર મૂકાવીને, હાથીને સહીસલામત પાછો નીચે ઉતારવાનું તારામાં સામર્થ્ય છે?'

મહાવતે એ તકનો લાભ લઈને કહ્યું કે–'રાજા જો અમને બન્નેને અભયદાન આપતા હોય, તો આ હાથીને હું ક્ષેમકુશળ નીચે ઉતારું.'

લોકોએ પાછી રાજાને વિનંતિ કરી. લોકોના કહેવાથી, રાજાએ મહાવતને અને રાણીને અભયદાન આપ્યું.

રાજાએ અભયદાન આપતાંની સાથે જ, મહાવતે એ હાથીને કુશળતાપૂર્વક પર્વતના શિખર ઉપરથી છેક નીચે જમીન ઉપર ઉતાર્યો. પછી હાથીને ઉભો રાખીને, મહાવત અને રાણી, હાથી ઉપરથી નીચે ઉતરી ગયાં.

રાજાએ તેમને કહ્યું કે–'તમને મેં અભયદાન આપ્યું

છે, માટે હું તમને કાંઈ જ શિક્ષા કર્યા વિના, મારા રાજ્ય-માંથી ચાલ્યા જવાની આજ્ઞા કરું છું.'

રાજાએ આ પ્રકારે આજ્ઞા કરવાથી, એ મહાવત અને એ રાણી, ત્યાંથી પરરાજ્યમાં જવાને માટે ચાલી નીકળ્યાં.

કથા–પ્રસંગનો ઉપનય :

આ કથાના આગળના ભાગનું અત્રે આપણે પ્રયોજન નથી. આ કથા દ્વારા, આપણે જોવાનું એ હતું કે–હાથી ચાર પગવાળો હોય છે; ચાર પગો દ્વારા જ ચાલવા વિગેરેની પ્રવૃત્તિ કરનારો હોય છે; આમ છતાં પણ, તેનામાં અવસર આવી લાગે તો એક પગ ઉપર પણ પોતાના દેહનો અને પોતાના દેહ ઉપર બેઠેલાંનો ભાર વહન કરવાની અદ્‌ભુત આવડત હતી; તો એ આવડતના પ્રતાપે, એ હાથી પોતે પણ અકાલ મરણથી ઉગરી ગયો તેમ જ મહાવત અને રાણી પણ હાથીની એ આવડતના પ્રતાપે જ અભયદાનને પામી શકયાં. આવી જ રીતિએ, એક માત્ર ચરણ–કરણાનુયોગ રૂપ એક ચરણ પણ જેનું મજબૂત હોય, દૃઢ હોય, તે એક વાર તો આફતને વટાવી જાય અને બાકીના ત્રણેય અનુયોગોના ગ્રહ-ણમાં સમર્થ બની જાય. સમજવાનું એ છે કે–હાથી જે વખતે એક પગે ઉભો, તે વખતે તેના ત્રણ પગો હયાતિમાં નહોતા, એમ નહિ; ત્રણ પગોથી રહિત જ એનો દેહ હતો, એમ પણ નહિ; પરન્તુ માત્ર તે વખતે ત્રણ પગો ઉપયોગમાં નહોતા એટલું જ. જે ત્રણ પગો ઉપયોગમાં નહોતા, તે ત્રણ પગોને પણ એક પગ ઉપયોગમાં લાવી શકયો. આમ, ચરણ–કરણાનુયોગમાં જીવ જો સુસ્થિર બન્યો રહે અને જો તે

લક્ષ્યવાળો હોય, તો તેને બાકીના ત્રણેય અનુયોગો પણ આવી મળ્યા વિના રહે નહિ. વળી, ચારપગું પ્રાણી એક પગે કેટલીક વાર ઉભું રહી શકે? બહુ થોડી વાર. એમાં જો એને આધાર ન મળે, તો એ ગબડી પડે. તેમ ચરણ-કરણાનુયોગની આ પ્રકારે પ્રધાનતા ખરી, પરન્તુ શેષ અનુયોગો તરફ દુર્લક્ષ્ય તો નહિ જ હોવું જોઇએ.

<u>સારૂં લક્ષ્ય હોય તો ચરણ-કરણાનુયોગ પરમ ઉપકારક :</u>

ચરણ-કરણાનુયોગની સફલતા પણ, જીવ દ્રવ્યની શુદ્ધિમાં જ રહેલી છે. જે ચરણ-કરણાનુયોગ, જીવ દ્રવ્યની મલિનતાનો નાશક અને જીવ દ્રવ્યની શુદ્ધિનો સાધક ન હોય, તે ચરણ-કરણાનુયોગ, એ વાસ્તવિક પ્રકારનો ચરણ-કરણાનુયોગ જ નથી. એમ તો અભવ્યો અને દુર્ભવ્યોએ પણ ચારિત્રાચારોનું પાલન ઘણું કર્યું છે, છતાં પણ તેમનો સંસાર એથી છેદાયો નથી. મેરૂ પર્વત જેવડો ઢગલો થાય, એટલા ઓઘા હાથમાં આવ્યા અને ગયા, એવું સાંભળ્યું છે ને? એવું શાથી બન્યું હશે? ત્યાં હૈયે વિપરીત ભાવ બેઠેલો જ. માત્ર વિપરીત ભાવ બેઠેલો-એમ જ નહિ, પણ એનો આગ્રહ પણ બેઠેલો. જ્યાં વિપરીત ભાવ રૂપ ઝેર હૈયે પડ્યું હોય, ત્યાં ચરણ-કરણાનુયોગ ગમે તેટલો સમર્થ હોવા છતાં પણ કરે શું? છેવટ વિપરીત ભાવનો જો આગ્રહ ન હોય અને જો કોઈ સમજાવનાર મળે તો વિપરીત ભાવને તજતાં વાર લાગે તેમ ન હોય, તો ય ચરણ-કરણાનુયોગ ફાયદો કરે. એટલે ચરણ-કરણાનુયોગની આ જે મહત્તા વર્ણવાય છે, તે જીવના સારા લક્ષ્યની અપેક્ષાથી જ વર્ણવાય છે. જેનું લક્ષ્ય ખરાબ

નથી, બરાબ લક્ષ્યનો જેને આગ્રહ નથી, એવો જીવ ચરણ–કરણાનુયોગના પ્રતાપે, નિર્મલતાને પામતે પામતે પરિપૂર્ણ નિર્મલતાને પામી શકે છે. વિશેષ જ્ઞાનથી રહિત એવા પણ જીવને, જો તેનું લક્ષ્ય સારૂં હોય છે, તો ચરણ–કરણાનુયોગ પરમ ઉપકારનું કારણ બની જાય છે. જ્ઞાનીએ પણ ચરણ–કરણાનુયોગના આલંબનને ગ્રહણ કરીને જ તરવાનું છે. કોઈ જ્ઞાની ચરણ–કરણાનુયોગના આલંબન વિના તરી શક્યો નથી. એટલે સામાન્ય પ્રકારના પણ સાચા જ્ઞાનવાળો, જો ચરણ–કરણાનુયોગમાં બરાબર સુસ્થિર બની જાય, તો એનો નિસ્તાર થયા વિના રહેતો જ નથી.

મુનિ બનવાની ભાવના છે?

માષતુષ નામે ઓળખતા મુનિવરની આપણે વાત કરી ગયા છીએ. જેમને **'મા રુષ'** અને **'મા તુષ'** એટલું પણ યાદ રહી શકે નહિ, એવા મુનિ કેવલજ્ઞાનને પામ્યા, તે પ્રતાપ કોનો? એમના લક્ષ્યમાં આમી જરા ય નહોતી, પણ ચરણ–કરણાનુયોગની સહાયતા વિના, એ કેવલજ્ઞાનને પામી શકત ખરા? એક માત્ર ચરણ–કરણાનુયોગના આલમ્બનને મજબૂતપણે પકડી રહીને, એ મહામુનિ ચારેય અનુયોગોને પામી ગયા. આથી જ, જ્ઞાનીઓએ કહ્યું છે કે–અષ્ટ પ્રવચનમાતાનું જ્ઞાન હોય, અધિક જ્ઞાન ન પણ હોય, તો ય મુનિપણું હોઈ શકે; પણ ચરણ–કરણાનુયોગ વિના મુનિપણું હોઈ શકે નહિ. તમે આજે ભલે મુનિ નથી, પણ તમારી ભાવના તો મુનિ બનવાની હોવી જ જોઈએ. મુનિપણાના પાલનમાં શારીરિક નબળાઈનું બહાનું કાઢનારાઓએ બહુ વિચારવા જેવું છે. શરીર તો

કેળવ્યું કેળવાય છે. કેળવણીને લીધે, હાથી જેવું વજનદાર પ્રાણી પણ જો એક પગે ખડા રહેવાની તાકાત મેળવી શકે છે, તો તમે તો માણસ છો. તમારા દિલમાં એ વાત વસી જવી જોઇએ કે–'મુનિપણા વિના નિસ્તાર નથી અને મારે વહેલામાં વહેલી તકે મુનિપણાને પામવું છે.' શારીરિક નબળાઈ પણ ન જ હોઈ શકે–એમ નહિ; પરન્તુ આજે ઘણાઓ તો ખાલી બહાના તરીકે અને પોતાની બેદરકારીને છૂપાવવાને માટે એવી વાત કરે છે, માટે આ સૂચન કર્યું.

કર્મોદય અન્તરાય કરનારો હોઈ શકે છતાં ય મુનિપણાની ભાવનાને વેગ આપ્યા કરવો :

પ્રશ્ન૦ મુનિપણાને પામવાની તીવ્ર ભાવના હોવા છતાં પણ ધર્મમાં ઝટ પ્રવૃત્તિ થઈ શકતી નથી, જ્યારે સંસારની ભાવના એટલી જોરદાર ન હોય તો પણ તેમાં ઝટ પ્રવૃત્તિ થાય છે, તો તેનું કાંઈ કારણ તો હશે ને?

જો આ વાત સમજપૂર્વકની અને પ્રમાણિકપણાથી પણ સહિત હોય, તો કહેવું જોઇએ કે–એ પણ બનવાજોગ છે. એનું કારણ એ છે કે–સંસારની ભાવનાને વેગ આપે, તેને અનુસાર પ્રવૃત્તિ કરાવે, એવાં કર્મો આત્માને વળગેલાં છે. ત્યાં કર્મો જેમ સહાયક બને છે, તેમ મોક્ષની સાધનામાં કર્મો અન્તરાય કરનારાં પણ બને છે. મોક્ષની સાધના, ક્ષયોપશમની સાથે જ્યારે આત્માના પુરૂષાર્થનો યોગ થાય છે ત્યારે થઈ શકે છે અને આત્માને પુરૂષાર્થ કરવામાં ઉત્સાહિત બનતાં અટકાવે અને આત્માના પુરૂષાર્થને તોડી પાડવાને માટે મથે, એવો ય કર્મોદય હોઈ શકે છે. આથી, સંસારની

સામાન્ય ભાવનાથી પણ ઝટ પ્રવૃત્તિ થાય અને મુક્તિની સાધનાની ભાવના એના કરતાં જોરદાર હોય તો ય તેમાં ઝટ પ્રવૃત્તિ ન થઈ શકે–એ શક્ય છે; પરન્તુ, બરી વાત એ છે કે–આપણાં કર્મો તેવાં છે કે નહિ, તેનું આપણને જ્ઞાન નથી. આપણાં તેવાં પણ કર્મો કયારે હલકાં બન્યાં કે બનશે, તે આપણે જાણી શકતા નથી. આથી, એના આધારે બેસી ન રહેવાય. રોજ મુક્તિની સાધનાની ભાવનાને, મુનિપણાની ભાવનાને, વેગ આપવાનો પ્રયત્ન કર્યા કરવો. એ ભાવનામાં અને એ પ્રયત્નમાં પણ કર્મોને નિર્જરવાની તાકાત છે. એ ભાવનાને વેગ આપવાનો પ્રયત્ન કરતે કરતે એક દહાડો ઠેકાણું પડી જાય, પણ કર્મોના નામે લમણે હાથ દઈને બેસી રહો, તો વળે શું ? રોજ વિચાર કરવો, વારંવાર વિચાર કરવો કે–'આટલા બધા મુનિઓ મુનિપણાનું પાલન કરે છે અને હું કેમ મુનિપણાનું પાલન કરી શકું નહિ ?' એટલે ચરણ–કરણાનુયોગને પામવાને માટે તો, ખૂબ જ લાલાયિત તથા પ્રયત્નશીલ બની જવું જોઈએ.

૧૪–જ્ઞાન–ચરણ :

જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલ :

નવાંગી ટીકાકાર તરીકે સુપ્રસિદ્ધ થયેલા, પરમ ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા, પંચ-માંગસૂત્ર શ્રી ભગવતીજી સૂત્રની રચના કરવાને માટે પ્રવૃત્તિશીલ બનતાં, પહેલાં તો તેઓએ મંગલાચરણ કર્યું અને તેની સાથે અભિધેયનું ઉચ્ચારણ પણ કર્યું. તે પછીથી, તેઓએ પોતે રચવા ધારેલા 'વૃત્તિ' રૂપ શાસ્ત્રની પ્રસ્તાવના શરૂ કરી. પ્રસ્તા-વનામાં, ટીકાકાર મહર્ષિએ, આ શ્રી ભગવતીજી સૂત્રને સમુન્નત જયકુંજરની સાથે ઘટાવેલ છે. ટીકાકાર મહર્ષિએ જયકુંજરના નામનિર્દેશ માત્રથી જ ઘટના કરી નથી, પરન્તુ આ ઘટના કેવી રીતિએ બંધબેસતી છે, એ પણ સંખ્યાબંધ વિશેષણો દ્વારા વર્ણવેલ છે. એ વિશેષણો પૈકીનાં અગીઆર વિશેષણો તો આપણે જોઇ આવ્યા. હવે બારમું વિશેષણ. બારમા વિશેષણ તરીકે ટીકાકાર મહર્ષિએ ફરમાવેલ છે કે–

' જ્ઞાનચરણનયનયુગલસ્ય '

એટલે કે–જયકુંજરને જેમ બે નયનો હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્રને પણ બે નયનો છે. જયકુંજરનાં બે નયનો કયાં, એવું પૂછવું નહિ પડે; પણ શ્રી ભગવતીજી સૂત્રનાં બે નયનો કયાં, એવું તો પૂછવું પડે; કેમ કે–આ તો ઘટના છે.

ટીકાકાર મહર્ષિએ, એટલા જ માટે, આ બારમા વિશેષણમાં ખૂલાસો કર્યો છે અને જણાવ્યું છે કે–જ્ઞાન અને ચરણ રૂપ નયનયુગલ છે જેને, એવું આ શ્રી ભગવતીજી સૂત્ર છે.

દેખાડનાર અને દોરનાર :

આ વિશેષણ દ્વારા, ટીકાકાર મહર્ષિ ફરમાવી રહ્યા છે કે–જ્ઞાન પણ નયન રૂપ છે અને ચરણ એટલે ચારિત્ર પણ નયન રૂપ છે. જેને બન્ને ય નયનો હોય, તે જ વ્યવહારમાં પણ દેખતો કહેવાય છે; કારણ કે–બે આંખ વિનાનાને જેમ આંધળો કહેવાય છે, તેમ એક આંખ વિનાનાને કાણીઓ કહેવાય છે. અહીં કોઇ કહેશે કે–' જ્ઞાન તો સ્વ–પરપ્રકાશક હોવાથી નયનની ઉપમાને પામી શકે; એ અપેક્ષાએ જ્ઞાનને નયનની ઉપમા આપવી–એ વ્યાજબી ગણાય; પણ ચરણને–ચારિત્રને નયનની ઉપમા આપવી, એ કેમ વ્યાજબી ગણાય ?' પરન્તુ, જ્ઞાનની જેમ ચરણ પણ નયનની ઉપમાને પામી શકે છે. નયનો માત્ર દેખનારાં જ હોતાં નથી, પરન્તુ દેખાડનારાં અને દોરનારાં પણ હોય છે. નયનો, વસ્તુતઃ પોતે દેખતાં નથી. નયનો દ્વારા, આ શરીરની અંદર રહેલો જે આત્મા, તે દેખી શકે છે. આ શરીરમાં જો આત્મા ન હોય, આ શરીર જો ખાલી ખોખું જ હોય, તો આ નયનો કરે શું ? કાંઈ જ જોઈ શકે નહિ. મુડદું જોઈ શકે છે ખરૂં ? નહિ જ. ત્યારે નયનો, એ વસ્તુતઃ તો શરીરધારી જીવને માટે, અન્ય દૃશ્યમાન પદાર્થોને જોવાનું સાધન છે; એટલે કે–નયનો દેખાડનારાં છે. નયનો દેખાડનારાં બનીને દોરનારાં બને છે. જોવાથી, જે જોયું તેની નજદિકમાં જવાની કે તેનાથી દૂર જવાની, તેને પોતાનું

બનાવવાની કે તેનાથી બચતા રહેવાની, એમ કાંઈક ને કાંઈક વૃત્તિ પેદા થાય છે અને એ વૃત્તિ ક્રમશઃ આચરણ રૂપે પણ પરિણમે છે. આમ નયનો દોરનારાં પણ બને છે, એટલે નયનો દ્વારા જ્ઞાનનો અને આચરણનો યોગ સધાય છે. જો આ દૃષ્ટિબિન્દુથી, ટીકાકાર મહર્ષિએ કરેલી આ નયનયુગલની ઘટનાને વિચારવામાં આવે, તો તે બરાબર બંસબેસતી થઈ જાય છે.

જ્ઞાન અને ચરણનું દાન કરે છે :

નયનના યુગલની સાથે, જ્ઞાન–ચરણના યુગલની ઘટના કરીને, ટીકાકાર મહર્ષિએ કમાલ કરી દીધી છે. આ ઘટનામાં તો, ટીકાકાર મહર્ષિએ, શ્રી ભગવતીજી સૂત્રનો અને એથી કહો કે–શ્રી જૈન શાસનનો પણ સાર સમર્પિત કરી દીધો છે. શ્રી ભગવતીજી સૂત્ર જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલ દ્વારા મોક્ષ-માર્ગને દેખાડે છે અને મોક્ષમાર્ગે દોરે છે. શ્રી ભગવતીજી સૂત્ર માત્ર જ્ઞાન જ કરાવે છે–એમ નહિ, પરન્તુ આ જ્ઞાનને પામીને શું શું કરવું જોઈએ અથવા તો આ જ્ઞાનનો કેવી કેવી રીતિએ સદુપયોગ કરવો જોઈએ–એને પણ દેખાડે છે. શ્રી ભગવતીજી સૂત્ર, માત્ર સ્વરૂપનું અથવા હકીકતોનું જ વર્ણન કરતું નથી; પણ સ્વરૂપનું અને હકીકતોનું વર્ણન કરીને, જીવને શું લાભદાયક છે અને શું હાનિકારક છે તેમ જ જે લાભદાયક છે તે શાથી લાભદાયક છે અને જે હાનિકારક છે તે શાથી હાનિકારક છે–એ વિગેરે જણાવવાની સાથે, જીવને તજવા યોગ્યને તજવાની અને આચરવા યોગ્યને આચરવાની પ્રેરણા પણ કરે છે, તેનો ઉપાય પણ બતાવે છે અને તે ઉપાયના આચરણમાં જે જે વિઘ્નો આવવાં સંભવિત છે–તેનું નિદર્શન

કરાવીને, તે તે વિઘ્નોને કેમ કરીને નિષ્ફલ બનાવવાં, એ પણ બતાવે છે. આમ શ્રી ભગવતીજી સૂત્ર દેખાડવાનું અને દોરવાનું કાર્ય કરવા દ્વારા, જ્ઞાનનું અને ચરણનું દાન કરે છે. તમે જાણો છો કે–જે દેખી શકે નહિ, તે દેખાડી શકે નહિ. જેણે જે જોયું જ ન હોય, તે તેને દેખાડે શી રીતિએ ? કોઈ કહેશે કે–આંધળો બનેલો માણસ પણ દેખાડી શકે છે, પણ તેણે સમજવું જોઇએ કે–તે જ્યારે આંધળો નહોતો અને દેખતો હતો, ત્યારે તેણે જે જોયેલું અગર જાણેલું તેને તે દેખાડી શકે છે. જે જોયું–જાણ્યું ન હોય, તેને દેખાડી શકાય જ નહિ, એ સ્પષ્ટ વાત છે. આ વાત ઉપરથી તમે સમજી શકશો કે–અહીં ટીકાકાર મહર્ષિએ એક જ્ઞાન રૂપ અને બીજું ચરણ રૂપ–એમ જે બે નયનો શ્રી ભગવતીજી સૂત્રનાં જણાવ્યાં છે, તે તદ્દન બરાબર જ છે.

જેને જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલની પ્રાપ્ત થાય છે, તે આન્તરિક અને બાહ્ય દુઃખોથી બચીને આન્તરિક અને બાહ્ય સુખોને પામે છે :

શ્રી ભગવતીજી સૂત્ર, જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલ દ્વારા જીવને ક્યાં દોરી જાય છે ? કહો કે–જીવને મોક્ષની તરફ દોરી જઈને મોક્ષે પહોંચાડે છે. શ્રી ભગવતીજી સૂત્રનું આ નયનયુગલ એવું છે કે–જે કોઈ આ સૂત્રને સાચી રીતિએ જાણી શકે, યથાર્થ સ્વરૂપે હૈયામાં પરિણમાવી શકે, તેને પણ જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલ પ્રાપ્ત થાય. શ્રી ભગવતીજી સૂત્રના જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલ દ્વારા, જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલવાળો બનીને, એ જીવ ક્રમે કરીને મોક્ષે પહોંચી

જાય. જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલ દ્વારા મોક્ષે પહોંચવું, એ જ જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલની પ્રાપ્તિનું પરમ ફલ છે; પણ તે પહેલાં ય, જીવને જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલની પ્રાપ્તિથી, ઘણા લાભો થાય છે. જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલથી દેખનાર, દેખાડનાર, દોરાનાર અને દોરનાર બનેલો જીવ, આન્તરિક તેમ જ બાહ્ય–ઉભય પ્રકારનાં દુઃખોથી નિવૃત્તિને પામે છે અને આન્તરિક તેમ જ બાહ્ય–ઉભય પ્રકારનાં સુખોને પામનારો બને છે. જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલ જે જીવને મળે છે, તે જીવ, આન્તરિક દૃષ્ટિએ જોઈએ તો સૌથી પહેલાં પાપ કરવાના ભાવની પીડાથી બચી જાય છે. પાપ કરવાના ભાવની પીડાથી બચવાને લીધે, તે જીવ પાપાચરણને છૂપાવવા આદિની પીડાથી પણ બચી જાય છે. એને લીધે, એ વિવિધ ભયોની આશંકા રૂપ પીડાથી પણ બચી જાય છે. તેને કોઇની પણ ખુશામત કરવા રૂપ પીડા પણ ભોગવવી પડતી નથી. આમ આન્તરિક દુઃખોથી નિવૃત્ત બનેલો એ જીવ, સમાધિભાવનું જે પરમ સુખ છે, તેને ભોગવનારો બને છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ભાવનાઓ, વિચારણાઓ તથા તેના પરિણામોમાં તે જીવ રમણ કરતો થકો તો, ચક્રવર્તીના ય સુખને ટપી જાય અથવા તો દેવ–દેવેન્દ્રોના ય સુખને ટપી જાય, એવા પરમ સુખનો અનુભવ કરે છે. એવા જીવને, મુક્તિનું જે પરમ સુખ છે, તેની ઝાંખીનો આ સંસારમાં પણ અનુભવ થાય છે. આ પ્રકારે આન્તરિક દુઃખથી નિવૃત્તિને અને આન્તરિક સુખની રમણતાને પામેલો જીવ, બાહ્ય દુઃખોથી બચીને બાહ્ય સુખોને પામનારો પણ બને છે. એની જરૂરીયાતો અત્યન્ત ઘટી ગઇ હોય છે. તેને લીધે

ઘણાં એવાં બાહ્ય દુઃખો તો એના છાંયે પણ આવી શકતાં નથી. પૂર્વસંચિત કર્મોના ઉદયથી કદાચ રોગાદિક કષ્ટો તેને આવે છે, તો પણ જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલવાળા બનેલા એ જીવને, એ દુઃખો પણ સુખના આગમનના માર્ગને સાફ અને સરળ બનાવી રહ્યાં હોય એવાં લાગે છે. એ સમજે છે કે–'આ કર્મો આત્માથી વિખુટાં પડવા માંડ્યાં અને આત્મા એથી લઘુકર્મી બનવા માંડ્યો.' કર્મરહિત દશા, એ જ પરમ સુખમય દશા છે. તે દશા જેમ જેમ કર્મો જાય, તેમ તેમ નજદિકની બને. આવી સમજને લીધે, એને રોગાદિક કષ્ટો પણ, અન્ય જીવોની જેમ પીડાકારી બની શકતાં નથી. વળી, જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલવાળા જીવને જો પુણ્ય બંધાય છે, તો તે પણ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. એવા જીવને ઘણી કર્મનિર્જરા થાય અને બંધ થાય તો પુણ્યાનુબંધી પુણ્યનો જ બંધ થાય. એટલે એ જીવ સંસારમાં સારી ગતિને પામે, ભોગોપભોગની ઉત્તમ ઉત્તમ સામગ્રીને પામે અને તેમાં તે આસક્ત બને નહિ પણ તેનો વિરાગ જોરદાર બને. આમ, સંસારમાં પણ, જ્યાં સુધી રહેવું પડે ત્યાં સુધી બાહ્ય અને આન્તરિક સુખની પ્રાપ્તિ થાય અને પરિણામે મોક્ષસુખની પ્રાપ્તિ તો થાય જ. જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલને પામ્યાનું આ ફલ છે. તે જીવ પોતે તો આ ફલને પામે જ છે, પરન્તુ તે જીવથી અન્ય જીવોનું પણ ઘણું દુઃખ ટળી જાય છે અને અન્ય જીવોને ય ઘણું સુખ પ્રાપ્ત થાય છે.

જ્ઞાન–ચરણને કાર્ય–કારણનો સંબંધ :

આ શ્રી ભગવતીજી સૂત્રમાં જ્ઞાન અને ચરણ–ઉભયનું

નિરૂપણ છે. આ શ્રી ભગવતીજી સૂત્ર એવી રીતિએ જ્ઞાનદાન કરે છે કે–તત્ત્વસ્વરૂપનું જ્ઞાન પણ થાય અને ચરણની પ્રેરણા તથા દોરવણી પણ મળે. જે જ્ઞાનદાન આવા પ્રકારનું નથી હોતું, તે જ્ઞાનદાન વસ્તુતઃ જ્ઞાનદાન જ નથી. જે જ્ઞાન, ચરણ કહેતાં ચારિત્રને ઘસડી લાવે, તેને જ સાચું જ્ઞાન કહેવાય. જે જ્ઞાનમાં ચારિત્રને ઘસડી લાવવાનું સામર્થ્ય નથી, તે જ્ઞાન વસ્તુતઃ તો જ્ઞાન જ નથી. ચારિત્રને લાવવાના સામર્થ્ય વિનાનું જ્ઞાન તો વાંઝીયું છે. જ્યાં સાચું જ્ઞાન હોય છે, ત્યાં ચારિત્રનો ભાવ અવશ્ય હોય છે. ચારિત્રના ભાવનો અભાવ અને જ્ઞાનનો સદ્ભાવ–એ બે સાથે બની શકે એવી વસ્તુઓ જ નથી. ચારિત્રના ભાવથી વિહોણું જ્ઞાન, એ અજ્ઞાન છે અથવા મિથ્યાજ્ઞાન છે. જ્ઞાન સાથે ચારિત્રનો આવો સંબંધ હોઇને જ, જ્ઞાન–ચરણને અહીં જે નયનયુગલની ઉપમા આપવામાં આવી છે, તે સાર્થક ઠરે છે. જ્ઞાનને અને ચારિત્રને જો કશો પણ સંબંધ જ ન હોત, તો તો આ ઉપમા સાર્થક ઠરત નહિ; પણ આ તો સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની વાત છે. સમ્યગ્જ્ઞાન જેમ સમ્યક્ચારિત્રને તત્કાલ કે પરંપરાએ પણ અવશ્ય ઘસડી લાવે છે અને સમ્યગ્જ્ઞાન જેમ સમ્યક્ચારિત્રના ભાવથી કદી પણ શૂન્ય હોઇ શકતું જ નથી, તેમ સમ્યક્ચારિત્ર પણ સમ્યગ્જ્ઞાન રૂપ ગુણને વૃદ્ધિ પમાડતે પમાડતે આત્મામાં રહેલા અનન્તજ્ઞાનગુણને પ્રગટાવનારૂં બને છે. સમ્યક્ચારિત્રને પામેલો જીવ, સમ્યગ્જ્ઞાનના ઉપાર્જન આદિના ભાવથી, કદી પણ શૂન્ય હોઈ શકતો જ નથી. એટલે સમ્યગ્જ્ઞાનના અને સમ્યક્ચારિત્રના પરસ્પર કાર્ય–કારણ ભાવના સંબંધને જે સમજી શકે, તે તો એમ જ કહે કે–આ નયનયુગલની ઉપમા સર્વથા યોગ્ય જ છે.

ભણતર, ગણતર અને રળતર–એ ત્રણેયની જરૂર :

દુનિયામાં પણ કહેવાય છે કે–ભણતર, ગણતર અને રળતર ત્રણેય જોઈએ. જે ભણ્યો હોય પણ ગણ્યો ન હોય, તેનું ભણતર નકામું; અને જે ભણ્યો તથા ગણ્યો હોય પણ જે રળતો ન હોય, તેનું ભણતર ને ગણતર નકામું ! ગણતર વિના ભણતર નકામું અને રળતર વિના ભણતર તથા ગણતર નકામું. આ વાતને, તમે તમારા વ્યવહારમાં તો બરાબર સમજો છો, આજ સુધીમાં તમે પણ 'ભણતર, ગણતર અને રળતર–એ ત્રણેય જોઈએ'–એવી સલાહ તો અનેક વાર અનેકોને આપી હશે. જે ભણ્યો હોય પણ ગણ્યો ન હોય, તેને તમે જીન્દગીમાં કેટલી ય વાર મૂર્ખ કહ્યો હશે. જે ભણેલો–ગણેલો હોય પણ રળવા તરફ લક્ષ્ય ન આપતો હોય, તેને તમે 'આળસુ પાડા જેવો' અથવા તો 'ભોઠ' અથવા તો 'ભણતરને લજવનારો' વિગેરે વિશેષણો પણ આપ્યાં હશે. આ તો તમારા પોતાના અનુભવની અને તમને ઝટ ખ્યાલમાં આવે એવી વાત છે ને ? દુનિયામાં જેઓ સ્થૂલ બુદ્ધિના કે જડભરત જેવા ગણાય છે, તેઓ પણ મોટે ભાગે આવી વાતને ઝટ સમજી જાય છે. કેમ ? ખબર છે કે–રળતર જોઈએ, રળતર માટે ગણતર જોઈએ અને ગણતર માટે ભણતર જોઈએ. તમે પૌદ્ગલિક રળતરમાં રાચો છો, એટલે એ દૃષ્ટિએ તમને આવો વિચાર આવે છે અને જેઓ આત્માના રળતરને સમજે, તેમને એ દૃષ્ટિએ પણ આવો વિચાર આવે; પણ આ વિચાર આવશ્યક છે–એમાં તો કોઈનાથી પણ ના પાડી શકાય એવું છે જ નહિ. તમારો છોકરો જો ભણ્યો હોય

પણ ગણ્યો ન હોય, તો તમને દુઃખ થાય છે અને તમારો છોકરો ભણેલો–ગણેલો ચતુર હોય, પણ એ જો રળવા તરફ લક્ષ્ય આપતો નથી, તો એથી તમને વધારે દુઃખ થાય છે. અરે, છોકરો ભણ્યો–ગણ્યો ઓછું હોય, પણ જો તે રળતર તરફ લક્ષ્ય રાખીને સારૂં રળી લાવતો હોય, તો તે તમને ગમે છે અને એમ થાય છે કે–'આ છોકરો વગર ભણ્યે–ગણ્યે પણ કેટલો બધો શાણો છે? જો આ છોકરો વધારે ભણ્યો–ગણ્યો હોત, તો કેટલું બધું સારૂં થાત?' આવું તમને થાય છે ને? આ ઉપરથી તમે સહેલાઈથી સમજી શકયા હશો કે–જ્ઞાનને અને ચારિત્રને કેવો નિકટનો અને કેવો આવશ્યક સંબંધ છે? એટલે આવું જે સમજે, તે એકલા જ્ઞાનને મહત્તા આપે ખરો? ચારિત્રની જરૂરને લોપે ખરો? નહિ જ. એ તો કહે કે–જ્ઞાન ખરૂં તે, કે જે ચારિત્રને લાવે અને ચારિત્ર ખરૂં તે, કે જે એવા પ્રકારના જ્ઞાનના ઉપાર્જનને માટે જીવને ખૂબ ખૂબ ઉત્સાહિત બનાવે. ટીકાકાર મહર્ષિએ જ્ઞાન અને ચરણને નયનયુગલની જે ઉપમા આપી છે, તે કેટલી બધી યોગ્ય છે–તે તમારા ખ્યાલમાં આવે, એ માટે આ વાત છે.

તમારા જાણવામાં ધૂળ પડી :

પેલા શેઠની વાત તો પ્રાયઃ તમે સાંભળી હશે. એની બૈરીને પણ કેવું કહેવું પડયું? કહેવાય છે કે–

જાણું જાણું શું કરે?, ધન લઇ ગયા દૂર;
શેઠાણી કહે શેઠને, તારા જાણપણામાં ધૂળ.

શાથી બૈરીને એમ કહેવું પડયું કે–'તમારૂં જાણ્યું ધૂળમાં પડયું?' એ માટે કે–જાણીને, જાણવાના પરમાર્થ રૂપ

જે આચરણ, તેને એ શેઠે આચર્યું નહિ માટે!

એ વાત એવી છે કે–એક શેઠના ઘરમાં રાત્રિના વખતે ચોરો આવ્યા. ચોરોએ આવીને શેઠના ઘરની ભીંતને કોચીને બાકોરૂં પાડવા માંડયું, ત્યારે તેના અવાજને સાંભળીને શેઠ પણ જાગી ગયો અને શેઠાણી પણ જાગી ગઈ.

શેઠાણીએ ધીરેથી શેઠને કહ્યું કે–'સાંભળો છો? કોઈ આપણી ભીંતને કોચતું લાગે છે!'

શેઠે કહ્યું કે–'હું જાણું છું.'

શેઠાણી સમજી કે–શેઠ જાગે છે અને જાણે છે, એટલે વાંધો નહિ. એના મનને કે–ચોરો ઘરમાં પેસે તે પછીથી શેઠે એમને સપડાવવાનો અને પકડાવવાનો વિચાર કર્યો હશે. આથી શેઠાણી મુંગી પડી રહી.

થોડી વાર થઈ એટલે પેલા ચોરો તો શેઠના ઘરની ભીંતને કોચીને ઘરમાં દાખલ થયા. શેઠ–શેઠાણી મુંગાં જ પડ્યાં રહ્યાં છે. ચોરોએ તપાસ કરી, તો તેમને લાગ્યું કે–ઘરમાં કોઈ જાગતું નથી. આથી તેઓ તે ઓરડામાં ગયા, કે જે ઓરડામાં તીજોરી હતી.

ચોરોએ ત્યાં જઈને તીજોરીને તોડવા માંડી, તો ય શેઠ તો હાલ્યા ય નહિ; એટલે શેઠાણી પાછી અધીર બની. એણે ધીરે રહીને શેઠને ઢંઢોળ્યા અને કાનમાં કહ્યું કે–'તીજોરી તોડે છે.'

શેઠે કહ્યું કે–'તું મુંગી રહે. હું જાણું છું.'

પાછી શેઠાણી પડી રહી. ચોરોએ તો તીજોરીને તોડીને, એમાં જે દરદાગીના અને રોકડ નાણું વિગેરે હતું, તે બધું બહાર કાઢયું; અને એ બધાનું પોટકું પણ બાંધ્યું. શેઠાણી

છૂપી રીતિએ જોયા જ કરે છે.

જ્યાં ચોરોએ પોટકું ઉપાડવા માંડયું, એટલે શેઠાણીથી રહેવાયું નહિ. એણે શેઠને કહ્યું કે–'આ તો બધું ય ધન ઉપાડી જાય છે.'

તો ય શેઠે તો એના મોંઢાને દાબીને કહ્યું કે–'હું જાણું છું.' પણ શેઠ ઉઠયો નહિ.

પેલા ચોરો એ પોટકાને લઈને ઘરની બહાર નીકળવા માંડયા, ત્યારે પાછું શેઠાણીએ શેઠને કહ્યું કે–'આ તો ઉપાડીને ચાલ્યા.'

શેઠે કહ્યું કે–'હું જાણું છું.'

શેઠાણી બાઈજાત. બીકણ પણ ખરી અને નબળી પણ ખરી. એટલે ચોરોને તો તે અટકાવી શકી નહિ, પણ તેનો ગુસ્સો બહુ વધી ગયો. ચોરો જેવા ઘરની બહાર નીકળી ગયા, તેવામાં જ શેઠાણીએ શેઠને જોરથી કહ્યું કે–'ચોરો બધું ય ઉપાડીને ગયા પણ ખરા.'

તો ય શેઠ કહે કે–'હું જાણું છું.'

એ વખતે શેઠાણીને કહેવું પડયું કે–'તમારું જાણ્યું ધૂળમાં પડયું! જાણું છું, જાણું છું–કરતા રહ્યા, પણ બચાવ તો કશો જ કરી શકયા નહિ! આવા જાણવા ઉપર તો ધૂળ જ પડે કે બીજું કાંઈ થાય?'

જાણકાર લૂંટાય તો તેને વધારે દુઃખ થાય:

આ વાતમાં તો તમે પણ કહેશો કે–'શેઠાણીએ શેઠને જે કાંઈ કહ્યું, તે વ્યાજબી કહ્યું છે.' કેમ? જાણીને બચાવી શકાય તેમ હતું, તેમ છતાં પણ બચાવનો પ્રયત્ન કર્યો નહિ,

માટે ને? નિરૂપાય હાલત હોય અને જાણવા છતાં પણ બચાવ ન કરી શકાય–એ વાત જૂદી છે, પણ એવા વખતેય હૈયામાં શું થાય છે? એવા વખતે અજાણુને જે દુઃખ થાય, તેના કરતાં જાણુને વધારે દુઃખ થાય. અજાણુને અને જાણુને, જે કાંઈ ચોરાઈ જાય તેનું નુકશાન તો સમાન છે, છતાં પણ જાણુને પોતાની જે નબળાઈ–પરવશતા, તેનું પણ વધારામાં દુઃખ થાય છે. એને એ વિચાર કોરી ખાય છે કે–'બીજાઓ તો ઉંઘતા લૂંટાય, જ્યારે હું તો જાગતો લૂંટાયો!' ઉંઘતો લૂંટાય, તો એ લૂંટાય તે છતાં પણ એ લૂંટાયો એની એને ગમ પડે નહિ, જ્યારે જાગતો જે લૂંટાય, તેને તો લૂંટાવા સાથે પોતે લૂંટાયો તેની ગમ પણ પડે અને એથી એનું દુઃખ વધી જાય. લૂંટાએલો જ્યાં સુધી ઉંઘ્યા કરતો હોય અથવા તો જ્યાં સુધી એને પોતે લૂંટાયો છે–એની ખબર પડે નહિ ત્યાં સુધી, એ લૂંટાયો હોવા છતાં પણ, એમ લૂંટાવાથી એને જે દુઃખ થવું જોઈએ તે દુઃખ થાય નહિ, જ્યારે જાગતો તો જાણે એટલે એને વધારે દુઃખ થાય. આમ છતાં ય, જાગતાને લાભનો ઘણો સંભવ. એને ખ્યાલ આવે કે–આવી આવી રીતિએ હું લૂંટાયો અથવા તો આવા આવા કારણુથી હું લૂંટાયો, એટલે ભવિષ્યમાં એવી રીતિએ લૂંટાવાનું બને નહિ અથવા તો ભવિષ્યમાં એમ લૂંટાવાનું કારણ રહે નહિ, એવો પ્રયત્ન કરવાનું એને મન થાય. જો એટલું પણ ન થાય, તો તો એ જાગતો ય નથી ને જાણતો ય નથી. તમે કેટલા બધા લૂંટાઈ રહ્યા છો, તેની તમને ગમ છે? કામ અને ક્રોધાદિ તમને કેમ અને કેવા લૂંટી રહ્યા છે, એનો તમને વિચાર છે? તમે જો વિવેકી હો, તો તમને આનો ખ્યાલ

તો જરૂર હોય; અને એથી બચવાનો ઉપાય કરવાની વૃત્તિ પણ તમારામાં જરૂર હોય. જ્ઞાનને અને ચરણને કેવો સંબંધ છે, એક-બીજાને એક-બીજા વિના કેમ ચાલે એવું નથી, એ તમે આ ઉપરથી પણ સમજી શકયા હશો.

જ્ઞાન અને ચરણ પરસ્પરની નિશ્રાએ જ મુક્તિસાધક બને:

જ્ઞાનવાળાને ચરણની આવશ્યકતા અને મહત્તા સમજાય તથા ચરણવાળાને જ્ઞાનની આવશ્યકતા અને મહત્તા સમજાય, એ માટે આપણાં શાસ્ત્રોમાં જ્ઞાનનું અને ચરણનું વર્ણન કરતાં, પરસ્પર સંવાદાત્મક વર્ણન પણ કરવામાં આવ્યું છે. એનું તાત્પર્ય એટલું જ છે કે-જેટલી જરૂર અને મહત્તા જ્ઞાનની છે, તેટલી જ જરૂર અને મહત્તા ચરણની છે. ન જ્ઞાન વિના ચાલી શકે કે ન ચરણ વિના ચાલી શકે ! કોઈ કહેશે કે-'એ બેમાં પ્રધાન કોણ ?' તો કહેવું પડે કે-'બન્ને પોતપોતાની અપેક્ષાએ પ્રધાન.' જીવ વિશેષે તો કોઈને માટે જ્ઞાન ચરણનું કારણ બને, તો કોઈને માટે ચરણ જ્ઞાનનું કારણ બને. મોક્ષમાર્ગ જ્ઞાન અને ચરણ-એ બન્નેના અન્યોન્યાશ્રયે છે. મોક્ષમાર્ગનું નિરૂપણ કરતાં, કોઈએ પણ માત્ર જ્ઞાનથી મુક્તિ કહેલ નથી અને કોઈએ પણ માત્ર ચરણથી મુક્તિ કહેલ નથી. જ્ઞાન અને ચરણના યોગથી મુક્તિ-એમ જ કહેલ છે. પછી અમુક જીવમાં જ્ઞાન પ્રધાનપણે મુક્તિસાધક બને અને અમુક જીવમાં ચરણ પ્રધાનપણે મુક્તિસાધક બને; પણ જ્ઞાન જો ચરણથી સર્વથા નિરપેક્ષ હોય તો જ્ઞાન પણ મુક્તિસાધક બની શકે નહિ અને ચરણ જો જ્ઞાનથી સર્વથા નિરપેક્ષ હોય તો તે ચરણ પણ મુક્તિસાધક બની શકે નહિ.

જ્ઞાને મુક્તિસાધક બનવાને માટે ચરણની અપેક્ષા રાખવી પડે અને ચરણે મુક્તિસાધક બનવાને માટે જ્ઞાનની અપેક્ષા રાખવી પડે. પરસ્પર નિશ્રિત બનીને બે ય મુક્તિનાં સાધન બની શકે અને પરસ્પર અનિશ્રિત બન્યાં થકાં એ બન્નેમાંથી એકેય મુક્તિનું સાધન બની શકે નહિ. આથી જ જ્ઞાનીને મન ચરણની મહત્તા હોય અને ચરણવાળાને મન જ્ઞાનની મહત્તા હોય. જો જ્ઞાની કે ચારિત્રી એક–બીજાની અવગણના કરવા માંડે, તો બે ય ડૂબે પણ બેમાંથી એકેય નિસ્તારને પામી શકે નહિ.

જ્ઞાન અપ્રતિપાતી ગુણ:

જ્ઞાનના પાંચ પ્રકારો છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન–એ પાંચ ભેદે જ્ઞાન પ્રસિદ્ધ છે. આ શ્રી ભગવતીજી સૂત્રનું જેમ જેમ સારી રીતિએ અધ્યયન કરવામાં આવે, તેમ તેમ મતિજ્ઞાનનો અને શ્રુતજ્ઞાનનો પ્રકર્ષ થાય છે; અને એમ જે આત્મા મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનના પ્રકર્ષમાં લીન બન્યો, તે આત્મા અપ્રમત્તભાવને પામવા દ્વારા મનઃપર્યવજ્ઞાનનો પણ સ્વામી બની શકે છે અને તેના પરિણામે તે કેવલજ્ઞાનનો સ્વામી પણ બની શકે છે. શ્રી ભગવતીજી સૂત્ર, એ શ્રુતજ્ઞાન રૂપ છે. શ્રુતજ્ઞાનના જે ચૌદ ભેદો છે, તેમાં આ સૂત્ર અક્ષરશ્રુત કહેવાય, એટલે આ સૂત્ર એ સ્વયં શ્રુત રૂપ છે. ઉપકારીઓએ શ્રુતજ્ઞાનને સૂર્યની ઉપમા અને ક્રિયાને ખદ્યોતની ઉપમા પણ આપી છે. કહ્યું છે કે–તત્ત્વસંબંધી જે પક્ષપાત અને ભાવથી શૂન્ય જે ક્રિયા, એ બે વચ્ચેનું અન્તર સૂર્ય અને આગીઆ જેવું છે. માત્ર ક્રિયાથી કર્મનો જે ક્ષય થાય છે, તે દેડકાના ચૂર્ણ સમાન છે. દેડકાનું

ચૂર્ણ થયું એટલે એ દેડકો તો મર્યો, પણ એ ચૂર્ણમાંથી સંખ્યાબંધ દેડકાંઓ પેદા થાય છે; જ્યારે જ્ઞાનથી જે કર્મનો ક્ષય થાય છે, તે તેના ભસ્મીભૂત કરેલા ચૂર્ણ સમાન છે. અહીં સમજવાનું છે સમ્યગ્ જ્ઞાન અને ક્રિયા ભાવશૂન્યા જ. એમાં આવો તફાવત રહે તે સ્વાભાવિક છે. સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શનવિહીન હોતું જ નથી. જે આત્મા સમ્યગ્દર્શન ગુણને પામેલો છે, તેના જ્ઞાનને જ સમ્યગ્જ્ઞાન કહી શકાય છે. આવું સમ્યગ્જ્ઞાન જેનામાં પ્રગટે, તે પછી તે જીવ સંયોગવશાત્ કદાચ મિથ્યાત્વી બની જાય, તો પણ તે જીવ અન્તઃકોડાકોડી સાગરોપમથી અધિક કર્મસ્થિતિને પામતો જ નથી. આ અભિપ્રાયને મુખ્ય રાખીને, શ્રી મહાનિશીથમાં જ્ઞાનગુણને અપ્રતિપાતી ગુણ તરીકે વર્ણવ્યો છે.

વૈયાવચ્ચ ગુણ :

પ્રશ્ન૭ અપ્રતિપાતી તરીકે તો વૈયાવચ્ચ જ અપ્રતિપાતી ગુણ કહેવાય છે ને ?

અપેક્ષાને સમજવી જોઇએ. વૈયાવચ્ચ ગુણના અપ્રતિપાતીપણાનો અહીં નિષેધ નથી. વળી માત્ર વૈયાવચ્ચને નહિ પણ વૈયાવચ્ચના ગુણને અપ્રતિપાતી કહ્યો છે, એ પણ નહિ ભૂલાવું જોઇએ. મહા સુશ્રાવક શ્રી ઉદાયન રાજાનું ખૂન કરનારા વિનયરત્નને બાર બાર વર્ષો સુધી વૈયાવચ્ચ કરી હતી. એણે તો એવી વૈયાવચ્ચ કરી હતી કે—સાથેના બધા સાધુઓને એમ થઈ ગયું કે—વિનયગુણ તો આના જ બાપનો છે. એથી તો એ વિનયરત્ન તરીકે ઓળખાયો. પણ એણે જે વૈયાવચ્ચ કરી, તે કોરી ઢંભ રૂપ જ હતી. એ કાંઈ ગુણ નહોતો. જો

તેનામાં તેનો જેવો બાહ્યાચાર હતો, તેવો અન્દર ગુણ પ્રગટેલો હોત, તો તો એ ગજબનું કલ્યાણ સાધી જાત. આ તો કરતો હતો વિનય અને શોધતો હતો રાજાના ખૂનની તક. એના પરિણામ કેટલા બધા ભૂંડા હતા ? એટલે વૈયાવચ્ચમાં પણ અંદરના ગુણની અપેક્ષા રહેલી છે.

જ્ઞાનની મહત્તા :

જ્યાં ગુણની વાત આવી, એટલે જ્ઞાનની વાત તો આવી જ ગઈ. સમ્યગ્જ્ઞાનથી સહિત બનેલો જીવ, કદાચ સમ્યક્ત્વને વમી જાય અને સંસારમાં રખડતો પણ થઈ જાય, તો ય કચરામાં પડી ગયેલી સોય જો દોરાવાળી હોય છે તો તે જેમ ઝટ હાથમાં આવી જાય છે, તેમ એ જીવ થોડા જ કાળમાં પુનઃ સમ્યગ્દર્શનને અને સમ્યગ્જ્ઞાનને પામે છે. આ દૃષ્ટિએ જો જોઈએ, તો જ્ઞાનગુણ એ ભવસમુદ્રમાં વહાણ સમાન છે. આ જ્ઞાનગુણને પામીને જે મુનિવરો ક્રિયાપાત્ર બન્યા હોય છે, તેઓ મોટા ચિત્તના ધણી હોય છે. તેઓ મહા પરાક્રમી બન્યા થકા પોતાનાં કર્મોને ક્ષીણ કરી નાખવાનું કાર્ય સહેલાઈથી કરી શકે છે. જ્ઞાન વિનાના ક્રિયાવાળા ઘણા હોય, તો ય તેઓ આંધળાના ટોળાની જેમ શોભાને અને ક્રિયાના સાચા ફળને પામી શકતા નથી. ક્રિયાના સાચા ફળને પામવું હોય, તો જ્ઞાન પરમ આવશ્યક છે. જ્ઞાનના સુયોગે ક્રિયા મહત્ત્વની બને છે અને જ્ઞાન જો સાચું હોય, તો તે કદી પણ સત્ક્રિયાનું વિરોધી હોઈ શકતું નથી.

ક્રિયા જ ન હોય તો જ્ઞાનને સફલ કોણ બનાવે ?

ચરણ એટલે મોક્ષને ઉદ્દેશીને ભગવાન શ્રી જિનેશ્વર-

દેવોએ જે જે અનુષ્ઠાનો ઉપદેશ્યાં છે તે; એટલે મોક્ષને પ્રાપ્ત કરાવનારી ક્રિયા, એ ચરણ છે. જ્ઞાન ગમે તેટલું હોય, પણ જો ચરણ ન હોય તો તે જ્ઞાન વાંઝીયું છે. જ્ઞાન ફળવાળું ત્યારે જ બને, કે જ્યારે જ્ઞાનનું ફળ જે વિરતિ છે, તે આવે. જેમ મિથ્યાત્વ રૂપ અંધકાર બન્યો રહે તો તે જ્ઞાન એ જ્ઞાન નથી, તેમ જ્ઞાન ફળવાળું બન્યું જ ત્યારે કહેવાય, કે જ્યારે વિરતિ આવે. જ્ઞાનને સફલ બનાવનાર ચરણ છે. વૃક્ષ વિના ફળ પેદા થઈ શકે નહિ, પણ ફળ વિનાના વૃક્ષની કિંમતેય શી છે ? જ્ઞાનને પ્રધાન પદ આપનાર કહે છે કે–જ્ઞાન વિના ક્રિયાની શુદ્ધિ નથી. જ્યાં સુધી પહોંચવા યોગ્ય સ્થળનું અને સ્થળે પહોંચવાના માર્ગનું જ્ઞાન ન થાય, ત્યાં સુધી એકલી ક્રિયા કરે શું ? ઈષ્ટ સિદ્ધિ કયાં છે અને તેનાં સાધનો કયાં કયાં છે તેને બતાવનાર જ્ઞાન છે. હિત અને અહિત તથા જ્ઞાનાથી હિત અને જ્ઞાનાથી અહિત–એને બતાવનાર પણ જ્ઞાન છે. એ જ્ઞાન વિના ક્રિયા સત્ક્રિયા રૂપે થાય નહિ પણ અવળી થાય અને એથી સંસાર વધે. અજ્ઞાની ભારેમાં ભારે તપ કરે, તો પણ તે તપ મોક્ષને મેળવી આપનારો બનતો નથી. આથી જ કહેવાય છે કે–અજ્ઞાન એ જ મહા કષ્ટ છે. આમ જ્ઞાનની મહત્તા અને આવશ્યકતા ઘણી છે, પણ આવી રીતિએ કહેવામાં ક્રિયાનો નિષેધ નથી. ક્રિયાને સફલ બનાવનાર જ્ઞાન છે–એમ કહ્યું, એટલે ક્રિયા તો ઉભી જ રહી ને ? ક્રિયા જ ન હોય તો જ્ઞાન સફલ બનાવે કોને ? એટલે જ્ઞાનને નામે ક્રિયાને ઉત્થાપી શકાય તેમ નથી અને ક્રિયાને નામે જ્ઞાનને ઉત્થાપી શકાય તેમ નથી. જ્ઞાનની સફળતા ચરણને લઈને છે અને ચરણની સફળતા જ્ઞાનને લઈને છે.

જ્ઞાન–ચરણ ઉભયમાં રહેવું :

કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ જ્ઞાન માત્રથી થતી નથી. વસ્તુનું જ્ઞાન જોઇએ, વસ્તુને મેળવવાના ઉપાયનું જ્ઞાન જોઈએ, પરન્તુ તેને મેળવવાના પ્રયત્ન રૂપ ચરણ પણ જોઇએ જ. રસોઈના જ્ઞાન માત્રથી કાંઈ રસોઈ તૈયાર થતી નથી; ખાવાના જ્ઞાન માત્રથી કાંઈ ભૂખ શમતી નથી; ચાલવાના અથવા માર્ગના જ્ઞાન માત્રથી કાંઈ ઈષ્ટ સ્થલે પહોંચાતું નથી; અને વેપારના જ્ઞાન માત્રથી કાંઈ કમાણી થતી નથી. તે તે જ્ઞાનની સફલતા, તે તે જ્ઞાનને અનુસારે કરાતી ક્રિયાથી જ થાય છે. એમ મોક્ષ રૂપ સ્થાને પહોંચવાને માટે માત્ર જ્ઞાનથી નહિ ચાલે, પણ ક્રિયા ય જોઈશે જ. ક્રિયાવિહીન જ્ઞાનની સાચી કિંમત ઉપજી શકતી જ નથી. કેવલજ્ઞાન થયા પછીથી પણ જ્યારે સર્વસંવર નામની ક્રિયા આવે છે, ત્યારે જ મોક્ષ થાય છે. કેવલજ્ઞાન થયા પછીથી પણ કદાચ ન્યૂન–પૂર્વકોટિ વર્ષો સુધી ય જીવને સંસારમાં રહેવું પડે–એમ પણ બને છે; જ્યારે સર્વ-સંવર નામનું ચરણ આવે, એટલે તો નિયમા પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણમાં જેટલો કાલ લાગે તેટલા કાલે મુક્તિ થઈ જ જાય છે. કેવલજ્ઞાન પ્રગટ્યા વિના સર્વસંવર રૂપ ચારિત્ર નથી આવી શકતું, પણ યથાખ્યાત ચારિત્ર આવ્યા વિના કેવલ-જ્ઞાન પણ પ્રગટી શકતું નથી. જો કે–એ વાત પણ યાદ રહેવી જોઈએ કે–સર્વસંવર ચરણનું કારણ કેવલજ્ઞાન આવ્યેથી જ પ્રાપ્ત થઈ શકે છે. આ બધી વાતો એટલા માટે છે કે–જ્ઞાનની અને ચરણની આવશ્યકતા અને મહત્તા સમજાય. જીવે જો પોતાનું સાચું કલ્યાણ સાધવું હોય, તો જ્ઞાન અને

ચરણ–ઉભયને સેવવાની જરૂર છે. ક્રિયાહીન જ્ઞાન અને અજ્ઞાન સાથેની ક્રિયા–એ બન્ને હણાએલાં છે. આથી જ્ઞાનીઓએ **'ज्ञानचरणयोरेव स्थातव्यम्'** અર્થાત્–જ્ઞાન અને ચરણ એ ઉભયમાં રહેવું–એમ ફરમાવ્યું છે.

જ્ઞાની સક્રિયાનો પક્ષપાતી હોય :

જ્ઞાનને અને ચરણને આવો ઘનિષ્ટ સંબંધ હોવાથી અને દેખવાનું સાચું ફળ દોરાવું એ હોવાથી, ટીકાકાર મહર્ષિએ આ શ્રી ભગવતીજી સૂત્રના નયનયુગલ તરીકે જ્ઞાન–ચરણને જણાવેલ છે. આ સૂત્રના પઠન–શ્રવણાદિનું પરમ ફલ, એ બે આવે તો જ પ્રાપ્ત થાય તેમ છે. કોઈ કોઈ ઠેકાણે જ્ઞાનને નેત્રની અને ચારિત્રને પગની ઉપમા પણ આપવામાં આવેલી છે. આંધળો દોડી શકે, પણ કયે રસ્તે દોડવું તે જોઈ શકે નહિ તથા રસ્તામાં ખાડા–ખડીઆ હોય, પથરા હોય, અંગારા હોય તો તે વિગેરે જોઈ શકે નહિ. જ્યારે લૂલો જોઈ શકે, પણ ચાલી શકે નહિ. એટલે આંધળો ય ધાર્યે ઠેકાણે પહોંચી શકે નહિ અને લૂલો ય ધાર્યે ઠેકાણે પહોંચી શકે નહિ. જ્ઞાનથી જોવાનું બને અને ચરણથી પહોંચવાનું બને. જ્ઞાન દેખાડે અને ચરણ પહોંચાડે. જ્ઞાન એ દિશા બતાવનાર છે અને ચરણ એ દિશાએ પહોંચાડનાર છે. જ્યાં સુધી પ્રગતિ ન થાય, ત્યાં સુધી શિવગતિ ન થાય. મુક્તિસ્થાન ને મુક્તિમાર્ગનો ખ્યાલ આવે જ્ઞાનથી અને ત્યાં પહોંચાય ચરણથી. આમાં તમે કોના વિના ચલાવી શકો ? જે સમજે, તે તો કહે કે–બે ય જોઈએ. જ્ઞાની જ્યારે ચરણનો વિરોધી બને, ચરણને તુચ્છ ગણીને અવગણનારો બને, ત્યારે

એ જ્ઞાની સમ્યગ્જ્ઞાની રહેતો નથી. એને જ્ઞાનનું અજીર્ણ થયું છે; અથવા તો કહો કે–એ પ્રમાદી બની ગયો છે. એ પ્રમાદનું પોષણ પોતાના જ્ઞાનના નામે કરવાને માગે છે. નહિતર વળી, જે જ્ઞાની હોય તે સત્ક્રિયાનો પક્ષપાતી ન હોય, એ બને જ કેમ ? જે જ્ઞાની કોઈ પણ ક્રિયા ન કરતો હોય, તેને સત્ક્રિયાના પક્ષપાતની જરૂર નથી, પણ એવા જીવો તો મોક્ષમાં જ છે. કોઇ પણ ક્રિયાનો કોઈ પણ અંશ ન હોય, એવું તો માત્ર મુક્તિમાં જ હોય. સંસારમાં તો ક્રિયા હોય જ અને એથી ક્રિયાનો નિષેધ કરે કોણ ? અસત્ક્રિયાનો રોધ અને સત્ક્રિયાનો સદાગ્રહ, જ્ઞાની ન કરે તો કરે કોણ ? એવો જ્ઞાની કે જે સત્ક્રિયાનો પક્ષપાતી નથી, જે ચારિત્રહીન છે, તેને જ્ઞાનીઓએ ચંડાલના કુવાની ઉપમા આપી છે. એવા ચારિત્રહીનના જ્ઞાનનું કોઈ મહત્ત્વ તો નથી જ, પણ એથી એનું અને બીજા અનેકોનું નુકશાન છે.

જ્ઞેયની પ્રધાનતા ત્યાગે :

છત્રીસ પ્રકારની રસોઇનાં નામોને જાણનારો અને બત્રીસ જાતિનાં શાકોનાં નામોને જાણનારો, એ બધું એને ભાણે પીરસાય તે છતાં પણ, જો એને માત્ર ગણ્યા જ કરે અને કોળીઓ હાથમાં લઇને મોંઢામાં મૂકે નહિ, તો એને એનો સ્વાદ આવે ખરો ? એનું પેટ ભરાય ખરું ? બાલક ભલે નામ ન જાણતો હોય, પણ એ ખાય છે તો એને એનો રસ આવે છે. તેમ જ્ઞાન ભલે ઓછું હોય, પણ ચારિત્રનું શુદ્ધ પાલન હોય, તો એ રસ જૂદો જ છે. એક ભીલ નદી ઉતરતાં પાણીમાં તણાયો. તેને શરદી થઈ ગઈ. વાયુથી તે બેહોશ બની ગયો.

એમાં કોઈ સજ્જન માણસે એને જોયો અને એને કસ્તુરી ગળાવી દીધી. એથી એની શરદી દૂર થઈ ગઇ. ભીલને કસ્તુરીનું કશું ય જ્ઞાન નહોતું, છતાં ય કસ્તુરી પેટમાં ગઈ તો એની શરદી દૂર થઇ ગઈ ને ? એને ચેતના પ્રાપ્ત થઈ ને ? એ રીતિએ, જ્ઞાન કરતાં ચરણની પ્રધાનતા પણ કહેવાય. આમ છતાં પણ, જ્ઞાન એ ય પરમ આવશ્યક છે. 'આ ફલ મારી ભૂખને ભાંગનારું છે કે મારા નાશને નોતરનારું છે'–એની ખબર ન હોય, તો અજ્ઞાની એવા કોઈ ફલને ખાઈને મરી પણ જાય. 'અજાણ્યું ફલ ખાવું નહિ'–એવા એક નિયમના પ્રતાપે, વંકચુલ મરણથી ઉગરી ગયો અને એના સાથીદારો કિંપાકનાં ફલોનું ભક્ષણ કરવાથી મરી ગયા. તેમને જો જ્ઞાન હોત કે–'આ ફલ પેટમાં જઈને ઝેરનું કામ કરે એવું છે' તો એ ફલને એ લોકો પણ ખાત નહિ અને એથી એ રીતિએ થયેલા મરણથી બચી જવા પામત. આ પ્રમાણે વિચાર કરીએ, તો જ્ઞાનની પણ પ્રધાનતા લાગે. અમલનો લાભ જ્ઞાનાધીન છે. જ્ઞાની જો સાચો જ્ઞાની હોય, તો તે જે અનાચરણીય તેનાથી આચરાતું હોય તેનો તથા જે આચરણીય તેનાથી આચરાતું ન હોય તેનો પણ પશ્ચાત્તાપ કરે. એથી એને પાપબંધ અલ્પ થાય અને ચરણની પ્રાપ્તિ સુલભ બને. સાચું જ્ઞાન નિયમા ચારિત્રને પમાડે, જ્યારે સમ્યગ્જ્ઞાનના અભાવમાં સમ્યક્ચારિત્ર સંભવી શકે જ નહિ. સમ્યક્ચારિત્રના અભાવમાં સમ્યગ્જ્ઞાન હોઈ શકે, પણ સમ્યગ્જ્ઞાનના અભાવમાં સમ્યક્ચારિત્ર ન જ હોય.

જે જ્ઞાની ક્રિયાશીલ બને તે તરે :

એટલા માટે તો '**ज्ञान-क्रियाभ्यां मोक्षः**।'–એમ કહે-

વાયું છે, પણ **'क्रिया ज्ञानाभ्यां मोक्षः।'**–એમ નથી કહેવાયું. આ સંસારમાં સુખને મેળવવાના, ભોગવવાના અને સાચવવાના આશયથી ક્રિયા કોણ નથી કરતું? આમ છતાં પણ, પરિણામ શું આવે છે? સુખના આશયથી કરેલી ક્રિયાથી જ દુઃખની પ્રાપ્તિ થાય છે. કેમ? અજ્ઞાન. સુખ કયાં અને શાથી, તેનું જ્ઞાન નહિ માટે! મૂર્ખ માણસ જ ક્રિયાનો વિરોધ કરે. ક્રિયા કરનારો અને ક્રિયાથી જ જીવનારો જો ડાહ્યો હોય, તો ક્રિયાનો વિરોધ કરે ખરો? હા, ડાહ્યો માણસ ખોટી ક્રિયાનો વિરોધ જરૂર કરે. જે ક્રિયા પાપવાળી હોય, પાપજનક હોય અને એથી દુઃખને દેનારી હોય, તે ક્રિયાનો વિરોધ કરે અને કહે કે–'સુખને માટે તો અમુક અમુક ક્રિયા અમુક અમુક વિધિથી કરવી જોઈએ' એટલે એ વિરોધ ક્રિયાનો નથી, પણ જ્ઞાનના અભાવનો છે, અજ્ઞાનનો છે. જ્ઞાનીઓ કહે છે કે–તમે સુખને માટે ક્રિયા તો કરો જ છો, પણ સમજીને કરવા યોગ્ય ક્રિયા કરો. 'જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ'–એ પ્રમાણેના મોક્ષના ઉપાયનું નિરૂપણ કરતાં, જ્ઞાનને પહેલું મૂકયું; કારણ કે–સમ્યગ્જ્ઞાન વિના સમ્યક્ ક્રિયા આવતી નથી અને કેવલજ્ઞાન થયા વિના સર્વસંવરની ક્રિયા આવતી નથી; પણ ક્રિયાને જ્ઞાનની પછીથી મૂકીને ય જ્ઞાનીઓએ એક મહત્ત્વનું સૂચન એ કરી દીધું કે–જેને જ્ઞાન મળે, તેણે ક્રિયાશીલ બનવાનું લક્ષ્ય રાખવું. જે જ્ઞાની ક્રિયાશીલ બનશે તે તરશે. જ્ઞાનનું ફળ જેણે મેળવવું હશે, તેણે ક્રિયાશીલ બનવું જ પડશે. કોઇ પણ જ્ઞાની કોઈ પણ પ્રકારની સત્ક્રિયા વિના કેવલજ્ઞાનને કે મુક્તિને પામ્યો જ નથી. એટલે જ્ઞાન પછી ક્રિયાને મૂકીને ક્રિયાની મહત્તાને વધારી દીધી છે, કારણ કે–

મોક્ષ રૂપ ફલ જ્ઞાન સાથે ક્રિયા ભળવાથી જ મળશે, એવું એમાં સૂચન રહેલું છે. સંસારમાં જીવો ક્રિયાશીલ તો છે જ, પણ તેઓ જ્ઞાનના યોગે જ સત્ક્રિયાશીલ બની શકે છે, માટે જ્ઞાનને પહેલું મૂકયું. સત્ક્રિયાશીલ એટલે માત્ર બાહ્ય ક્રિયાવાળો એવું સમજવું નહિ; પણ સમ્યગ્જ્ઞાન પૂર્વકની સત્ક્રિયાવાળો, એ જ સાચી રીતિએ સત્ક્રિયાશીલ છે.

જ્ઞાન અને ક્રિયાની અપેક્ષા :

કોઇ કહે છે કે–' જે કોઈ જીવ ક્રિયા કરે છે, તે સમજપૂર્વક ક્રિયા કરે છે, માટે જ્ઞાન અને ક્રિયા–બે ય આવી ગયાં, તો બધાની મુક્તિ કેમ થતી નથી ?' આવું કહેનાર એ વાત ભૂલી જાય છે કે–સંમૂર્ચ્છિમ ક્રિયા કરનારા, ગતાનુગતિકપણે ક્રિયા કરનારા પણ હોય છે. સમજ કશી જ ન હોય અને ગાંડા કે ઉન્મત્તની જેમ ક્રિયા કરનારા પણ હોય. એ સિવાયના સમજપૂર્વક ક્રિયા કરે છે–એ વાત બરાબર છે, પણ તેવાની સમજેય ઉંધી છે અને એથી ક્રિયા પણ ઊલટી છે. ' જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ '–એ વાકયમાં જ્ઞાન કોને કહ્યું છે અને ક્રિયા કોને કહી છે, તે સમજવું જોઈએ. જ્ઞાનમાં મિથ્યાજ્ઞાન નથી લેવાનું પણ સમ્યગ્જ્ઞાન લેવાનું છે અને ક્રિયામાં એ સમ્યગ્જ્ઞાનના યોગે થતી સત્ક્રિયા લેવાની છે. ઉંધી સમજ અને એથી ઊલટી ક્રિયા તો ચાલુ જ છે; પણ સત્ક્રિયાને ય ઉંધી સમજથી કરનારા હોય છે, માટે તો એકના એક અનુષ્ઠાનના પણ વિષ, ગર, અનનુષ્ઠાન, તદ્હેતુ અને અમૃત–એમ પાંચ ભેદો જ્ઞાનીઓએ બતાવ્યા છે. તત્ત્વાર્થકાર શ્રી ઉમાસ્વાતિજી મહારાજાએ કહ્યું છે કે–

'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः।'

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો યોગ, એ જ મોક્ષમાર્ગ છે. અને—

'ज्ञानक्रियाभ्यां मोक्षः।'

—એનો પણ વાસ્તવિક અર્થ એ જ છે. સમજ સાચી હોવી જોઇએ. થોડી પણ સમજ સાચી હોવી જોઇએ. સમ્યગ્દર્શન ગુણ વિના સાચી સમજ હોય નહિ અગર થાય નહિ અને સમ્યગ્દર્શન ગુણ પ્રગટતાંની સાથે જ, તે આત્માનું જે જ્ઞાન હોય, તે સમ્યક્ કોટિનું બની જાય.

સદાચરણ ધર્મ તરફ આકર્ષે :

એવું જ્ઞાન અસત્ક્રિયાઓને તજાવે અને સત્ક્રિયાઓને કરાવે. એક વાર સમ્યગ્જ્ઞાન ગુણ પ્રગટ્યો, એટલે છેવટમાં છેવટ અર્ધ પુદ્ગલપરાવર્ત્ત કાલથી પણ અલ્પ કાળમાં સમ્યક્ચારિત્ર અવશ્ય પમાય. જે ક્રિયા દેખાવમાં સત્ક્રિયા પણ હોય, પરન્તુ તે જો સમ્યગ્જ્ઞાન પૂર્વકની ન હોય, તો તે ક્રિયા સમ્યગ્જ્ઞાનને અવશ્ય પમાડે—એવું કહી શકાય નહિ. આમ છતાં પણ, સત્ક્રિયા સમ્યગ્જ્ઞાનને પામવામાં કારણ ન જ બને—એવું પણ નહિ. સત્ક્રિયા સમ્યગ્જ્ઞાનને પામવામાં, વૃદ્ધિ પમાડવામાં અને ટકાવવામાં ઘણી મદદગાર નિવડે છે. વળી સત્ક્રિયાને જોવાથી લઘુકર્મી ભદ્રિક જીવો અનુમોદના કરવા દ્વારા મોક્ષમાર્ગની પ્રાપ્તિનું બીજ પોતાના અન્તઃકરણમાં વાવે છે. બાલ જીવોને ધર્મ તરફ આકર્ષવામાં સદાચરણ એ પહેલું કારણ બને છે. ચારિત્ર વિનાનો જ્ઞાની નિન્દા કરાવે, પણ જ્ઞાન વિનાનું ચારિત્ર નિન્દા નહિ કરાવે. જ્ઞાનગુણ પણ

સાચો પરોપકારક ત્યારે જ બની શકે છે, કે જ્યારે એ ચારિત્રગુણની સોબત કરે છે. ચારિત્રગુણની સોબત કરીને જ્ઞાનગુણ પોતાની મહત્તાને અને પરોપકારિતાને સુન્દર પ્રકારે સિદ્ધ કરી શકે છે, માટે જ્ઞાન અને ચારિત્ર બે ય જોઈએ અને તે સમ્યક્ પ્રકારનાં જોઈએ.

સમજ સાચી જોઈએ અને ક્રિયા સારી જોઈએ :

સમજ સાચી ન હોય ને ઉંધી સમજ હોય, તો સારી ક્રિયા પણ એવી થાય કે–એ તારક બનવાને બદલે મારક બને.

એક છોકરો પોતાના બીમાર બાપની દવા લેવાને માટે વૈદ્યને ત્યાં ગયો. વૈદ્યને તેણે પોતાના બાપની બીમારીની સઘળી હકીકત કહી. વૈદ્યે એક કાગળમાં દવા લખી આપી અને એ કાગળ પેલા છોકરાને આપતાં કહ્યું કે–'આ દવા ખલમાં પાણીની સાથે ઘુંટીને આપવાની છે.'

વૈદ્યની કહેવાની મતલબ એ હતી કે–'આ કાગળમાં જે જે ચીજો લખી છે, તે બધી ચીજો બજારમાંથી ખરીદી લાવવી અને પછી એ ચીજોને ખલમાં પાણીની સાથે ઘુંટીને એકરસ કરી બીમારને પાઈ દેવી. પણ પેલો છોકરો વૈદ્યની એ મતલબને સમજ્યો નહિ અને ઊલટું સમજ્યો.

એથી એણે તો ઘેર જઈને વૈદ્યે લખી આપેલા કાગળીયાને જ ખલમાં નાખ્યું અને પાણી સાથે લસોટવા માંડ્યું. એ કાગળીયું અને પાણી બરાબર એકરસ થઇ ગયાં, એટલે એ એણે એના બીમાર બાપને પાઈ દીધું.

એ પાયા પછી, બાપની બીમારી ઘટવાને બદલે વધવા માંડી. પેટમાં શૂળનું દર્દ ઉપડ્યું.

બાપની બીમારી આમ વધી ગઈ, એટલે પેલા વૈદ્યને ઘેર બોલાવ્યો. વૈદ્ય આવ્યો એટલે છોકરાએ કહ્યું કે–' તમે આપેલી દવા આપ્યા પછીથી તો મારા બાપની બીમારી વધી ગઈ.'

વૈદ્યને જરા શંકા પડી. એણે પૂછ્યું કે–' દવા લાવવામાં તો કાંઈ ભૂલ થઇ નથી ને ? ' કારણ કે–એને ખાત્રી હતી કે–એ દવા કરે તો ફાયદો જ કરે.

પેલો છોકરો કહે છે કે–' દવા બીજે કયાંયથી લાવ્યો નથી. તમારે ત્યાંથી જ દવા લાવ્યો હતો અને એ જ દવા તમે કહ્યા મુજબ ખલમાં ઘુંટીને મેં તરત પાઈ દીધી હતી.'

વૈદ્ય કહે કે–' મેં દવા આપી નહોતી, પણ દવા લખી આપી હતી. એ દવા બજારમાંથી લાવવાની હતી. તો પછી તેં તારા બાપને પાયું શું ? '

છોકરો કહે કે–' મેં તો તમે જે આપ્યું હતું તે જ લસોટીને પાઈ દીધું.'

વૈદ્યે કહ્યું કે–' મૂર્ખા ! દવાને બદલે દવા લખેલું કાગળીયું જ ઘુંટીને પાઇ દીધું, પછી બીમારી વધે નહિ તો થાય પણ શું ? '

પછી વૈદ્યે જાતે જ ઉપચાર કરીને એના બાપને બીમારીમાંથી ઉગારી લીધો.

કહેવાની મતલબ એ છે કે–સમજ જો સાચી ન હોય અને ઉંધી હોય, તો આવું પરિણામ પણ આવે. એટલે સાચી સમજ સાથે સત્ક્રિયાનો યોગ મળે તો મોક્ષ સધાય.

સાચું કલ્યાણ ભાવનેત્રથી જ થાય :

ટીકાકાર મહર્ષિએ જ્ઞાન–ચરણને નયનયુગલની ઉપમા આપી છે, તે જ્ઞાન–ચરણના સંબંધને અને કાર્યને જોઈને

આપી છે. માણસને ડાબી કે જમણી, કોઇ પણ એક આંખ ન હોય, તો ય તે કાણીયો કહેવાય. પૂર્ણ દૃષ્ટિવાળો તો બે ય આંખો જેને હોય તે જ કહેવાય. એમ એકલો જ્ઞાનવાળો ય કાણો અને એકલો ચરણવાળો ય કાણો. આ ઉપમા દ્વારા બોધપાઠ એ લેવાનો છે કે–આ પ્રકારના નયનયુગલને પામવાને પ્રયત્નશીલ બનવું જોઇએ. આ બે આવે તો જ પરિણામે મોક્ષ મળે. આમાંથી એકનો પણ અભાવ હોય તો મોક્ષ મળે નહિ. આ બે નેત્રો આવી જાય, તો ખોવાપણું ને રોવાપણું ન રહે, પણ કર્મના મેલને ધોવાપણું અને એથી નિર્મલ થવાપણું જ રહે. ચર્મચક્ષુઓમાં તો બેય ચક્ષુ હોવા છતાં ય પગ બગડે એમ બને, જ્યારે આ બે ચક્ષુઓ એવાં છે કે–જે આત્મા આ બે ચક્ષુવાળો બને ને બન્યો રહે, તે આત્મા કદી પણ દુર્ગતિમાં ઘસડાય નહિ; પાપથી ખરડાય નહિ. આ જ્ઞાન–ચરણરૂપ બે નેત્રો જેને છે, તેને માટે મુક્તિમાં માંગ છે, માર્ગ છે, કર્મોની ભાગાભાગ છે. ચર્મચક્ષુ ચઉરિન્દ્રિયથી શરૂ થાય. તેઇન્દ્રિય સુધી બધા અન્ધ. બાકીનાને ચર્મચક્ષુ હોય, પણ એ ચર્મચક્ષુ સફળ ક્યારે ? જ્યારે આ જ્ઞાન–ચરણ રૂપ ચક્ષુ મળે ત્યારે. ચર્મચક્ષુ તો અનંતી વાર મળી, પણ રખડપટ્ટી ચાલુ રહી. જ્ઞાન–ચરણ રૂપ નેત્રો જઘન્યપણે પણ જો મળી જાય, તો ય સાત–આઠ ભવોમાં અવશ્ય મુક્તિ મળી જાય. સાચું કલ્યાણ ભાવનેત્રથી જ થાય. ભાવનેત્ર આવી જાય, તો મુક્તિમહેલમાં વસવાટ થાય. ભાવનેત્રથી બીજા અનેક પ્રાણિઓને તારી શકાય. જગતમાં જેઓ સાચો અને પરમ કોટિનો ઉપકાર કરી ગયા છે, કરી રહ્યા છે અને કરશે, તે ભાવનેત્રને પામવાથી જ. સાચો નેત્રયજ્ઞ આ જ છે. શુદ્ધ નેત્ર, શુદ્ધ ભાવનેત્ર

મળી જાય, તો ભવોભવનો અંધાપો દૂર થઈ જાય; અને કદાચ અસંખ્યાતા પ્રાણિઓને પણ ભાવનેત્રનું પ્રદાન કરીને તારી શકાય. ભાવનેત્રના ભોગે દ્રવ્યનેત્રનું રક્ષણ ન હોય. દ્રવ્યનેત્રના ભોગે પણ ભાવનેત્રનું રક્ષણ કરવું એ હિતાવહ છે. કિંમતી વસ્તુને માટે તુચ્છ વસ્તુનો ભોગ અપાય, એ ન્યાય્ય છે. આજે જગતમાં કેવી અંધાધુંધી મચી રહી છે ? એક–બીજાનો નાશ કરીને કેવો કાળો કેર વર્તાવાઇ રહ્યો છે ? પોતાની આશાઓને પરિતૃપ્ત કરવાને માટે, બીજાઓને પારાવાર નુકશાન કરીને ઇન્સાનીયતનું ચોગરદમ લીલામ ચાલી રહ્યું છે. આ બધું શાથી ? અથવા તો, આ સંસારમાં નાનું કે મોટું જે કાંઈ દુઃખ છે, તે શાથી છે ? ભાવનેત્રના અભાવથી. ભાવનેત્ર પાસે દ્રવ્યનેત્રની કિંમત નહિવત્ છે.

ભાવનેત્ર–યજ્ઞ :

આ શ્રી ભગવતીજી સૂત્રનું જે શ્રવણ કરાવવામાં આવે છે, તે ભાવનેત્રયજ્ઞ છે. આ સૂત્રના શ્રવણથી મિથ્યાત્વની લાગેલી મલિનતા ટળે અને અવિરતિની ઉધેઈ નાશ પામે, એટલે જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલ પ્રાપ્ત થાય. જામી ગયેલ પડળો દૂર ન થાય, છારી–કુલાં–ખીલ ન કપાય, ત્યાં સુધી નેત્ર માત્ર પીડાને પામવાને માટે જ છે. એ દૂર થાય તો પીડા જાય અને પ્રકાશ પમાય; જેથી પ્રમોદ થાય, જોવાનું મળે, અન્ધત્વ ટળે, ઇચ્છિત ફળે. એમ ભાવનેત્રો એટલે જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલને પામવાને માટે, મિથ્યાત્વ અને અવિરતિ–એ બે ઉપર મારો ચલાવવો જોઈએ. એ બે ઉપર મારો ચલાવવાને માટે કષાયો ઉપર મારો ચલાવવો જોઇએ. શ્રી ભગવતીજી

સૂત્રનું શ્રવણ કરાવવું, એ એવો મારો ચલાવવા બરાબર છે, માટે આ ભાવનેત્રયજ્ઞ છે. તમે જેટલો લાભ ઉઠાવો તેટલો તમને આ યજ્ઞ ફળ્યો કહેવાય. એટલે કે–તમારે નિર્ણય કરવો જોઈએ કે–હવે અમારે જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલવાળા બનવું છે અને એ નિર્ણયને અનુસરીને તમારે તમારા મન–વચન–કાયાના વર્તનને વળાંક આપવો જોઈએ. તમે બધા જો તમારા મન–વચન–કાયાના વર્તનને વળાંક આપીને, જ્ઞાન અને ચરણ રૂપ નયનયુગલવાળા બનવાનો પ્રયત્ન શરૂ કરી દો, તો આ ભાવનેત્રયજ્ઞ પ્રત્યે ભાવનાશીલ જગતનું ભારે આકર્ષણ થયા વિના રહે નહિ.

૧૫–દ્રવ્ય–પર્યાય :

બે દૃન્તમુશલો :

જયકુંજર જેમ નયનયુગલવાળો હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ જ્ઞાન–ચરણ રૂપ નયનયુગલવાળું છે– આ પ્રમાણે ફરમાવ્યા બાદ, જયકુંજરની સાથે શ્રી ભગવતીજી સૂત્રની સરખામણી કરી રહેલા ટીકાકાર મહર્ષિ, તેરમા વિશેષણ દ્વારા ફરમાવે છે કે–

" **द्रव्यास्तिकपर्यायास्तिकनयद्वितयदन्तमुशलस्य ।** "

એટલે કે–જયકુંજર જેમ બે દન્તમુશલોવાળો છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ એક દ્રવ્યાસ્તિક નય અને બીજો પર્યાયાસ્તિક નય–એ બે નયો રૂપ બે દન્તમુશલોએ સહિત છે. ભગવાને દરેક પદાર્થોને બે નયથી કહ્યા છે, પ્રરૂપ્યા છે. આ શ્રી ભગવતીજી સૂત્રમાં ઠેકઠેકાણે '**दव्वट्ठिओ**' અને '**पज्जवट्ठीओ**' એવાં પદોનો પ્રયોગ કરાએલો જણાઈ આવે છે. દ્રવ્યાસ્તિક નય વસ્તુનું વર્ણન અમુક પ્રકારે કરે છે અને પર્યાયાસ્તિક નય વસ્તુનું વર્ણન અમુક પ્રકારે કરે છે. એ બન્ને ય વર્ણનો દ્વારા દ્રવ્યોનું સાચું જ્ઞાન થઈ શકે. એકના વર્ણનને જ જો પકડાય, તો એ જ્ઞાન મિથ્યા થાય. સમ્યગ્જ્ઞાન ત્યારે જ કહેવાય, કે જ્યારે બન્ને ય વર્ણનોનો યથાસ્થિતપણે સ્વીકાર કરવામાં આવે.

સ્યાદ્વાદની મહત્તા :

આ બે નયોનો જો બરાબર આશ્રય લેવાય, તો જગતમાં પદાર્થસ્વરૂપના વિષયમાં કોઈ પણ વિવાદ ઉભો રહેવા પામે નહિ. તમામ વાદવિવાદો એકાન્તવાદથી ઉભા થયા છે. સ્યાદ્વાદની વિશાલ દૃષ્ટિ યદિ સૃષ્ટિમાં સર્જાઈ જાય યાને એ જો સર્વવ્યાપિની બની જાય, તો વાદવિવાદોથી મુંઝાઈ ગયેલી દુનિયાની શીકલ ફરી જાય; મુંઝવણ માત્રનો અંત આવી જાય; અને ધર્મના નામે એકાન્તવાદને પોષણ મળે નહિ. તકરારો, વિવાદો, વિગ્રહો અધૂરાશમાં છે, પણ પૂર્ણતામાં નથી. જ્યાં પૂર્ણતા હોય કે પૂર્ણનો આશ્રય હોય, ત્યાં વિવાદ હોય નહિ. કેવલજ્ઞાનિઓમાં કોઈ પણ કાળે વિવાદ

ઉત્પન્ન થવા પામતો જ નથી. તેનું કારણ એ જ છે કે–તેઓ પૂર્ણ દૃષ્ટિવાળા છે. સ્યાદ્વાદ, એ સંપૂર્ણ દૃષ્ટિનું અંગ છે. એનો આશ્રય નહિ લેનારાઓ અધુરા જ્ઞાનવાળા, અજ્ઞાન, મિથ્યાદૃષ્ટિ હોય છે. જ્યાં સુધી સ્યાદ્વાદ–દૃષ્ટિથી, શ્રી સર્વજ્ઞ-કથિત સ્યાદ્વાદ–દૃષ્ટિથી પદાર્થનું નિરૂપણ ન થાય, ત્યાં સુધી એ નિરૂપણ અધુરૂં જ રહે છે; કારણ કે–પ્રત્યેક વસ્તુ અનન્ત-ધર્માત્મક છે અને એક દૃષ્ટિથી તો એ વસ્તુના અનંત ધર્મો-માંથી માત્ર એક જ ધર્મને ગ્રહણ કરાય, એટલે બાકીના સર્વ ધર્મોનું નિરૂપણ રહી જાય અથવા તો બાકીના સર્વ ધર્મોનો અપલાપ થઈ જાય. તાત્પર્ય કે–સ્યાદ્વાદ દૃષ્ટિથી નિરૂપણ થાય, તો વસ્તુના એક ધર્મના નિરૂપણની સાથે તેના અનન્તા ધર્મોનું નિરૂપણ પણ થઈ જવા પામે છે. આ સ્યાદ્વાદ, એ અપેક્ષા-મૂલક વાદ છે. અપેક્ષા એટલે નય, એમ પણ કહેવાય. આ અપેક્ષાએ આ વાત છે, એમ તમે બોલો ત્યાં અપેક્ષા નયમાં ગઈ તેમજ અન્ય અપેક્ષાઓનો નિષેધ પણ નહિ થયો. નયો સાત છે. જો કે–સમ્મતિમાં '**जावइया वयणपहा तावइया चेव हुंति णयवाया**।'–એમ ફરમાવીને, જેટલા વચનના માર્ગો છે, તે બધા નયો છે–એમ જણાવ્યું છે; પરન્તુ બધા નયોનો સમાવેશ સાત સો નયોમાં પણ કરવામાં આવ્યો છે, પાંચ સો નયોમાં પણ કરવામાં આવ્યો છે અને સાત નયોમાં પણ કરવામાં આવ્યો છે.

કોઈ નય વસ્તુતઃ ખોટો નથી :

કોઈ નય વસ્તુતઃ ખોટો નથી, પણ જે નય 'માત્ર હું જ છું અને કોઈ નથી'–એ પ્રમાણેના હુંકારમાં તણાય, તે

નય ખોટો ઠર્યા વિના રહે જ નહિ. નયે જો સાચા રહેવું હોય, તો એવા હુંકારમાં નહિ જ તણાવું જોઇએ. એવો હુંકાર આવ્યો એટલે સત્યવાદીપણું ગયું અને અસત્યવાદીપણું આવ્યું. નય માત્રને તમે ખોટા કહો, તો બધાં ય વચનો મૃષા જ ઠરી જાય, પણ એમ નથી. જ્યાં સુધી કોઈ પણ નય, સ્વપક્ષપ્રતિબદ્ધ બની જઇને અન્ય પક્ષોનો સર્વથા નિષેધ કરનારો બનતો નથી, ત્યાં સુધી તે નય સાચો રહી શકે છે. ખોટાપણાને લાવનાર દુરાગ્રહ છે. જે અતિશય સ્વાર્થમાં પડી જાય, તે ખોટું જ કરે ને? સૌ પોતપોતાનો સ્વાર્થ ભલે સાધે, પણ કોઈ કોઇના સ્વાર્થની આડે આવ્યા વિના પોતપોતાનો સ્વાર્થ સાધે, તો સૌ સુખે સ્વાર્થને સાધી શકે; જ્યારે બીજાના સ્વાર્થની આડે આવીને જ જે પોતાના સ્વાર્થને સાધવા માગે, તે કજીયો પેદા કરે. અન્ય દર્શનોએ આવી રીતિએ જ કજીયા પેદા કર્યા છે, જ્યારે શ્રી જૈન દર્શને કજીયાઓને શમાવવાનું કામ કર્યું છે. શ્રી જૈન દર્શને, જ્યાં સત્યનો અંશ માત્ર પણ હોય તેનો અપલાપ કર્યો નથી, છતાં પણ અન્ય સર્વ દર્શનોને મિથ્યા જ કહ્યાં છે. અન્ય સર્વ દર્શનોને મિથ્યા કેમ કહ્યાં? બીજાના સ્વાર્થનો ઘાત કરીને માત્ર પોતાના જ સ્વાર્થને સિદ્ધ કરવાની વૃત્તિની જેમ, અન્ય દર્શનો પોતપોતાને ઈષ્ટ એવા નયને પકડીને અન્ય નયોનો સર્વથા નિષેધ જ કરનારાં બન્યાં છે, માટે તે સર્વ દર્શનોને શ્રી જૈન દર્શને મિથ્યા કહ્યાં છે.

શ્રી જૈન દર્શનનાં બધાં ય વાક્યો સાચાં અને અન્ય દર્શનોનાં બધાં ય વાક્યો ખોટાં કેમ?

શ્રી જૈન શાસને તો જેટલે અંશે જે સાચું તેને તેટલે

અંશે સાચું કહ્યું છે અને બધા ય સત્યાંશોનો નિરાગ્રહપણે સ્વીકાર કરીને, પોતે એકાન્તે સત્યવચની હોવાનું સાબીત કરી આપ્યું છે. આમ કોઈને ય ખોટા કહે નહિ અને આમ સૌને ખોટા કહે. ખોટા નહિ કહેવામાં આંશિક સત્ય એ કારણ અને ખોટા કહેવામાં એ આંશિક સત્યનો એવો દુરાગ્રહ કે અન્ય સર્વ સત્યાંશોનો નિષેધ એ કારણ. અન્ય સર્વ દર્શનોમાં આવી વિડમ્બના રહેલી છે. અન્ય દર્શનો જ્યારે પોતપોતાની તત્ત્વ-સ્વરૂપ સંબંધી માન્યતાનું પ્રતિપાદન માત્ર કરતાં હોય, ત્યારે આપણને લાગે કે—આ વાત તો ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ પણ આ જ પ્રમાણે કહેલી છે; પણ જ્યાં એ દર્શનો પોત-પોતાની માન્યતાથી પર એવી સઘળી ય માન્યતાઓનો અસ્વીકાર કરીને તેનો સર્વથા અભાવ જ સિદ્ધ કરવા માંડે, એટલે એ મહા મૃષાવાદી બની જાય. એ કદાગ્રહને કારણે, એનું જે આંશિક સત્ય હોય, તે પણ અસત્યની જ કોટિનું બની જાય. શ્રી જૈન શાસનમાં આવું કદી પણ બને નહિ. જે અપેક્ષાનું વર્ણન ચાલતું હોય તે અપેક્ષાનું વર્ણન કરે, પણ અન્ય અપેક્ષાઓનો સર્વથા નિષેધ કરે નહિ. આથી શ્રી જૈન શાસનનાં સઘળાં ય નયવાક્યોને સાચાં જ કહેવાય અને અન્ય દર્શનોનાં સઘળાં ય વાક્યોને ખોટાં જ કહેવાય.

દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક કોને કહેવાય?

એટલે 'જેટલા વચનોના માર્ગો એટલા નયો'—એમ કહેવા છતાં પણ, સાત સો નયોની પણ વાત કરી, પાંચ સો નયોની પણ વાત કરી અને સાત નયોની વાત પણ કરી, એથી કાંઈ મુંઝાઈ જવા જેવું નથી. એમ સમજવાનું નથી કે—

બાકીના નયોનો નિષેધ કર્યો છે, પણ એમ જ સમજવાનું છે કે–તે તે નયોનો જે જે રીતિએ શક્ય હોય તે તે રીતિએ એક–બીજામાં સમાવેશ કરી લેવામાં આવ્યો છે. સાત નયોમાં પણ તમામ નયોનો સમાવેશ થઈ જાય છે. કેટલાક નયો કેવળ સામાન્યગ્રાહી છે, કેટલાક નયો વિશેષગ્રાહી છે, જ્યારે કેટલાક નયો સામાન્ય અને વિશેષ–એ ઉભયને ગ્રહણ કરનારા છે. કેટલાક નયો ચારેય નિક્ષેપાઓને ગ્રહણ કરનારા છે, જ્યારે શબ્દાદિ નયો ભાવ માત્રને ગ્રહણ કરનારા છે. એ શબ્દાદિ નયો નામાદિ ત્રણ નિક્ષેપાઓને ગ્રહણ કરનારા નહિ હોવાના કારણે, ચારેય નિક્ષેપાઓને ગ્રહણ કરનારા નયોમાં તેમનો સમાવેશ નહિ કરતાં, સર્વ નયોના સમાવેશવાળા જે સાત નયો છે, તેનો બે વિભાગોમાં પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રથમના ચાર નયોનો અને મતાન્તરે ત્રણ નયોનો જે વિભાગ છે, તે નયવિભાગ દ્રવ્યને ગ્રહણ કરનાર છે; જ્યારે પાછળના ત્રણ નયોનો અને મતાન્તરે ચાર નયોનો જે વિભાગ છે, તે નયવિભાગ પર્યાયને ગ્રહણ કરનાર છે. જે નયો પ્રધાનતયા દ્રવ્યને ગ્રહણ કરનારા છે, તે નયોને દ્રવ્યાસ્તિક નયો કહેવાય છે. 'દ્રવ્ય છે, દ્રવ્ય છે'–આમ બોલનારા, દ્રવ્યપ્રતિપાદક નયો, દ્રવ્યનો ગુંજારવ કરનારા નયો દ્રવ્યાસ્તિક નયો ગણાય, એ સ્પષ્ટ છે. હવે જે નયો પ્રધાનતયા પર્યાયને ગ્રહણ કરનારા છે, પર્યાયપ્રતિપાદક નયો છે, તે નયોને પર્યાયાસ્તિક નયો કહેવાય છે. સામાન્યને ગ્રહણ કરનાર દ્રવ્યાસ્તિક નયો છે, જ્યારે પર્યાયને ગ્રહણ કરનાર પર્યાયાસ્તિક નયો છે. એક નયવિભાગ દ્રવ્યત્વને અનુલક્ષીને વાત કરે છે, જ્યારે બીજો નયવિભાગ પર્યાયત્વને અનુલક્ષીને વાત કરે છે.

ગુણ સહભાવી અને પર્યાય ક્રમભાવી :

જગતમાં જેટલા પદાર્થો છે, તેમાં દ્રવ્યત્વ અને પર્યાયત્વ સિવાય કાંઇ છે જ નહિ. કોઈ પણ પદાર્થને લગતી કોઈ પણ વાતનો તમે વિચાર કરો, તો તમને લાગશે કે-જે પદાર્થની આ વાત છે, તે પદાર્થના દ્રવ્યત્વની વાત છે અગર તો તેના પર્યાયત્વની વાત છે. કોઈ પણ પદાર્થના દ્રવ્યત્વની અથવા તો તેના પર્યાયત્વની વાત ન હોય, એવી કોઈ વાત જ આ દુનિયામાં સંભવતી નથી. જો દ્રવ્યત્વનું અસ્તિત્વ જ ન હોય, તો પર્યાયત્વ સંભવે જ નહિ, કેમ કે-દ્રવ્ય હોય તો જ દ્રવ્યના પર્યાયો હોય. હવે જો પર્યાયોની ભિન્નતાનું અસ્તિત્વ ન હોય, તો આ સંસાર જ સંભવી શકે નહિ. દ્રવ્યના ભિન્ન ભિન્ન પર્યાયોને કારણે જ સંસાર છે. દ્રવ્ય તે કહેવાય, કે જે ગુણ અથવા પર્યાયવાળું હોય. ગુણ તથા પર્યાય વસ્તુતઃ તો એક જ છે, પણ ફરક એટલો છે કે-જે સહભાવી હોય છે તેને ગુણ કહેવાય છે અને જે ક્રમભાવી હોય છે તેને પર્યાય કહેવાય છે. દાખલા તરીકે સોનું. સોનાની જે ચમક, તેને સોનાનો ગુણ કહેવાય. એ સોનાના જે ભિન્ન ભિન્ન ઘાટો બને, તે બધા એના પર્યાયો કહેવાય. સોનાનો ઘાટ ગમે તે બનાવો, એટલે પર્યાય બદલાય પણ ગુણ કાયમનો કાયમ રહે. માટે ગુણ સહભાવી કહેવાય અને પર્યાય ક્રમભાવી કહેવાય. આજે સોનાનો આ ઘાટ ને કાલે બીજો ઘાટ, એટલે પર્યાયો તો ક્રમભાવી જ થયા ને ? પર્યાયને અવસ્થા વિશેષ પણ કહેવાય છે. દ્રવ્યોની ભિન્ન ભિન્ન અવસ્થાઓ, એ સર્વને દ્રવ્યના પર્યાયો કહેવાય.

અજ્ઞાનને રસ ઉપજે ક્યાંથી ?

આ તો બહુ જ સામાન્ય કોટિની વાત છે. નયોની વાત આવી, એટલે આટલું તમને કાંઈક ખ્યાલ આવે એ પૂરતું કહેવાય છે. બાકી તો, નયોની ચર્ચા એ બહુ મોટી ચર્ચા છે. નયોની ચર્ચા ચાલે અને એમાં આત્મા તન્મય બની જાય, તો એ વખતે એ કામ કાઢી જાય. નયોની ચર્ચા એટલે તત્ત્વસ્વરૂપની ભિન્ન ભિન્ન અપેક્ષાઓની વિચારણા. અહીં તમને જો નયોની વિસ્તૃત વ્યાખ્યામાં ઉતારવામાં આવે, તો તમારો રસ વધી જવાને બદલે ભાગી જવા પામે એ શક્ય છે. ઘણી રસદાયક વાત પણ, સુજ્ઞ જનોને જ રસ ઉપજાવી શકે છે. અજ્ઞાન જનોને માટે રસદાયક વાત પણ રસદાયક બની શકતી નથી. પૌષ્ટિક ખોરાક પણ જે એને પચાવી શકે તેને માટે પુષ્ટિ કરનારો બને. બીજાને તો ઝાડા જ થઈ જાય. એમ, તમે જો ભણેલા હો, તો તો તમારી પાસે જ્યારે નયોના ભિન્ન ભિન્ન સ્વરૂપની અને પરસ્પરના સમન્વયની વાત કરવામાં આવે, ત્યારે તમારો સાંભળવાનો અને જાણવાનો રસ એકદમ વધી જવા પામે. તમને એમ થઈ જાય કે—'આવું સાંભળવા જેવું, જાણવા જેવું, વિચારવા જેવું, આ જગતમાં બીજું છે જ શું ?' આ બધી દ્રવ્યાનુયોગની વાતો કહેવાય. તમને આ વાતોમાં રસ ઉપજે, એવું તમે ભણેલા છો ? તમારે ના જ કહેવી પડે તેમ છે ને ? મોટે ભાગે તમને આ વિષયનું જ્ઞાન નથી તેમ જ આવા જ્ઞાનની તમને વિશેષ દરકાર હોય એવું પણ જણાતું નથી. એને લઈને થાય છે શું ? તમને શ્રી જૈન શાસનને પામ્યાની જે

પરમ ભાગ્યશાલિતા છે, તેનો સાચો ખ્યાલ જ આવતો નથી. એને લઈને તમે ઘણી વાર શંકામાં પડી જાવ છો અને કેટલાકોને તો 'મિથ્યાત્વ' અને 'મિથ્યા દર્શનો' એવી વાત પણ અશાંતિ ઉપજાવે છે.

તમને રસ નથી તેનું કારણ શું ?

તમને દરકાર શાની છે ? તાલાવેલી શાની છે ? તમન્ના શાની છે ? મોટે ભાગે કલદાર કમાવાની ! અર્થ અને કામ સિવાય તમને કોઈ વસ્તુનો રસ છે ખરો ? ધર્મનો રસ પણ જો માત્ર અર્થ-કામ પૂરતો જ હોય, તો એને ધર્મરસ કહેવાને બદલે અર્થ-કામનો રસ કહેવો એ જ સમુચિત છે. ધર્મનો સાચો રસ તો, મોક્ષના રસને યોગે જોઈએ. અર્થ-કામનો રસ ન હોય, તો ધર્મનો રસ ફાયદો કરે અને મોક્ષના રસથી જ ધર્મનો રસ હોય, તો તે મહા ફાયદો કરે. મોક્ષના રસથી ધર્મનો રસ હોય, તો આ જ્ઞાનની આવી બેદરકારી ન હોય. આજે દુનિયાની ઉપર ઉપરની સામાન્ય પણ વાતોમાં તમને કેટલો બધો રસ છે ? જ્યારે દ્રવ્યાનુયોગ કે જે ખરેખરો કસદાર છે, તેનો તમને કેટલોક રસ છે અથવા તો રસ છે કે નહિ-એનો તમે તમારે માટે, તમારા હિતને માટે વિચાર કરો. જ્યારે તમે દ્રવ્યાનુયોગમાં રસ લેતા થશો, ત્યારે તમે તત્ત્વજ્ઞાનથી ભરપૂર એવા આવા સૂત્રગ્રન્થોના શ્રવણમાં રસીયા બનશો. આવું નક્કર જ્ઞાન નથી, આ જ્ઞાનની નક્કરતાનું ભાન નથી, માટે તમને રસ નથી અને એટલે સાચી વસ્તુ, યદ્યપિ તમે શ્રવણ કરવાને આવો છો, છતાં ય તમને સમજવામાં મુશ્કેલી નડે છે. તમને હજુ તો માર્ગે લાવવાનો પ્રયાસ

ચાલી રહ્યો છે. તમને જો આ માર્ગનું બરાબર ભાન થઈ જાય, તો તમે સમજપૂર્વક એમ કહી શકો કે–એક માત્ર શ્રી જૈન દર્શન સિવાય સર્વ દર્શનો મિથ્યા જ છે. આ વાતને તમે સમજી પણ શકો અને સમજાવી પણ શકો. એથી તમે તમારા પરમ ઉપકારને સાધવાની સાથે, અનેકોના પણ પરમ ઉપકારને સાધનારા બની શકો.

શ્રાવકની ફરજ :

પૂર્વકાળમાં એવા પણ સુશ્રાવકો હતા, કે જે જાતે અને ધંધે કુંભાર હતા. કુંભાર હોવા છતાં પણ, એમનામાં કુભાર-પણું નહોતું રહ્યું અને એમણે સુભારપણું મેળવ્યું હતું. મિથ્યા-ત્વના અને અજ્ઞાનના બોજાને ફેંકી દઈને, એમણે સમ્યગ્જ્ઞા-નનો બોજો સ્વીકાર્યો હતો. સમ્યગ્જ્ઞાન એમને બોજલ નહોતું લાગતું, પણ તારક લાગતું હતું. એ સુભારવાળા બનીને, કર્મના ભારને ફેંકી દેવા માગતા હતા. કુંભાર હોવા છતાં પણ, એ શ્રી જૈન શાસ્ત્રના તત્ત્વજ્ઞાનમાં જીવનને તરબોળ કરનારા, કહો કે–એ જ્ઞાન સરોવરમાં ઝીલનારા હતા; અને એથી જ તેઓ જમાલિની ઉત્સૂત્રપ્રરૂપણાને સમજી, એના ખોટાપણાને પિછાનીને, એના સંગને પણ છોડી શક્યા હતા; તેમ જ જમા-લિથી ભરમાઈ જઈને, ભગવાને કહેલા સૂત્ર '**कडे माणे कडे**'ને નહિ માનનારી પ્રિયદર્શના સાધ્વી, કે જે સંસારિપણે ભગ-વાન શ્રી મહાવીર પરમાત્માની પુત્રી હતી તથા જમાલિની ધર્મપત્ની હતી, તેને યુક્તિથી સમજાવીને પુનઃ માર્ગસ્થ બનાવી શક્યા હતા. શ્રાવકોની ફરજ શી છે ? સમજો, નોંધી લ્યો કે–શ્રાવકો એટલે શ્રમણોપાસકોની ફરજ મોક્ષમાર્ગથી બહાર

જતાને, ઉન્માર્ગે વળી જતાને, યુક્તિથી માર્ગમાં લાવવાની, માર્ગમાં ટકાવવાની છે; નહિ કે–તેની સાથે ચેડાં કાઢવાની, તેના ઉપર આક્ષેપો મૂકવાની, તેની વિરૂદ્ધ છાપાંના કાગળોને કાળા કરીને પ્રચાર કરવાની કે તેની નિન્દાદિ કરવાની છે ! દૂષણો જોવાની શ્રાવકની ફરજ નથી. દૂષણોને જોનાર શ્રાવકને તો શોકચની ઉપમા અપાઈ છે અને શાસ્ત્રકાર મહાત્માઓએ ત્યાં સુધી કહ્યું છે કે–આવા શોકચની ગરજ સારે એવા શ્રાવકોમાં નિશ્ચયથી સમ્યક્ત્વ નથી. આવાં શાસ્ત્રોનું સદ્ભાવે શ્રવણ કરવામાં આવે, કહેવાતી વાતોને હૃદયમાં ઉતારવામાં આવે, તો સાચા શ્રાવક એટલે કે–ભાવ શ્રાવક બનાય છે; તેમ જ આવા શ્રવણથી, કોઈ પણ વાતને અપેક્ષાપૂર્વક સમજવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. આમાંથી તો સાધુપણું, યાવત્ સિદ્ધપણું પણ આવે. તાત્પર્ય કે–આ કસદાર જ્ઞાનામૃતપાનનો રસ કેળવો અને જીવનને સાર્થક બનાવવાનું સામર્થ્ય મેળવો !

નયવાક્યો મિથ્યાવાક્યો જ છે–એમ ન કહેવાય :

આપણી ચાલુ વાત તો એ હતી કે–ભગવાને દરેકે દરેક પદાર્થને, પદાર્થ માત્રને દ્રવ્યાસ્તિક નયથી તેમ જ પર્યાયાસ્તિક નયથી જાણવા તથા માનવાનું કહેલું છે. આ વાતને આત્મા દ્રવ્યની અપેક્ષાએ તમે વિચારો, એટલે સહેલાઈથી તમે આ વાતને સમજી શકશો. કોઈ પણ આત્મા અમર છે, એ તો તમે જાણો છો ને ? પ્રાણોનો વિયોગ થાય છે, મરણ થયું એમ કહેવાય છે, છતાં આત્મા તો મરતો જ નથી. ગમે તેમ થયા કરે, તે છતાં પણ આત્મદ્રવ્ય કાયમનું કાયમ જ રહે છે. આ

થઈ દ્રવ્યાસ્તિક નયની વાત. આત્માના અમરપણાને સ્વીકારવા છતાં પણ, જન્મ–મરણાદિ થાય છે, ચતુર્ગતિમાં પરિભ્રમણ થાય છે, એ બધાનો કાંઇ ઇન્કાર થઇ શકે તેમ છે? કહો કે– નહિ જ. એ બધું પર્યાયાસ્તિક નયને માનવાથી ઘટી શકે છે. દેવગતિમાં પણ એ જ આત્મા અને નરકાદિ ગતિમાં પણ એ જ આત્મા, છતાં એ દેવ, નારક આદિ પણ કહેવાય– આમ બેય નયોનો મેળ સધાય. જેઓ આત્મસ્વરૂપથી વિમુખ બનીને પુદ્ગલમાં રાચે–માચે છે, તેઓ ભવમાં નાચે છે, ભમે છે, પરિભ્રમણ કર્યા કરે છે. ક્રિયાની કઠિનતાથી ડરીને સત્ક્રિયાથી દૂર રહેનારા તથા દુનિયાની શક્ય એટલી તમામ ક્રિયાઓને કર્યે જનારા આત્માઓને ભવમાં ભમવું પડે છે. એમાં, એ કોઈ કોઈ વાર સારાં કર્મોને કરીને પુણ્યેય ઉપાર્જે છે અને કુકર્મોથી પાપનું ઉપાર્જન તો ઘણે ભાગે ચાલુ હોય છે. આમ, સંસારમાં પરિભ્રમણ કરતો જીવ, પોતપોતાના કર્મોદયને અનુસરીને વિવિધ રૂપોને ધારણ કરનારો બને છે. દેવ પણ એ જ બને છે, મનુષ્ય પણ એ જ બને છે, તિર્યંચ પણ એ જ બને છે અને નારકી પણ એ જ બને છે. જીવ એનો એ–એ દૃષ્ટિ છે દ્રવ્યાસ્તિક નયની, જ્યારે 'આ દેવ, આ મનુષ્ય, આ તિર્યંચ અગર આ નારક'–એમ જે કહેવાય, તે પર્યાયાસ્તિક નયની દૃષ્ટિથી કહેવાય. એટલે બન્ને ય નયો જરૂરી છે. આ બે નયોમાં કયો નય અસત્યવાદી છે? નિજ નિજ અપેક્ષાએ તો બે ય સત્યવાદી છે ને? પણ એ બન્ને ય સત્યવાદી કયાં સુધી? એક–બીજાનો સર્વથા નિષેધ કરે નહિ ત્યાં સુધી! પોતે પોતાની વાત પ્રતિપાદક શૈલિએ કહે, તેમાં અસત્યવાદી નહિ જ! એટલે જેટલાં નયવાક્યો, એ બધાં

મિથ્યાવાક્યો જ છે–એમ તો નહિ જ કહી શકાય.

બે નયોમાં દ્વાદશાંગીનો સાર :

પુણ્ય–પાપવશાત્ પર્યાયોમાં પરિવર્તન થયા કરે છે. આ જમાનામાં ઉપાશ્રયના બારણા પાસે શેઠીયાઓની જેટલી મોટરો નહિ દેખાય, તેટલી સીનેમાગૃહો કે વારાંગનાગૃહો પાસે દેખાશે. મોટરમાં જૂદે જૂદે સ્થલે દેખાય, ત્યારે તેમને માટે તે તે સ્થાનાનુસાર શબ્દ બોલાય; રખડેલ કહો, લંપટ કહો, તો ય શેઠ તો એનો એ જ ને? દ્રવ્ય અને પર્યાયનો ફરક સમજી લ્યો. દ્રવ્ય તરીકે કાયમીપણું, એ વાતનો નિર્દેશ દ્રવ્યાસ્તિક નય કરે છે અને એ દ્રવ્યનાં જે જે અવસ્થાન્તરો થયા કરે છે, તેનો નિર્દેશ પર્યાયાસ્તિક નય કરે છે. આજના મોટરમાં બેસનારાઓ આખલાઓ, ગર્દભો વિગેરે પણ થાય, તેમ જ સુકૃતના યોગે કોઈ જન્મમાં ધર્મમૂર્તિ બનીને સ્વર્ગે પણ જાય અને કદાચ મોક્ષે પણ જાય. આત્મા એનો એ, છતાં ય ભિન્ન ભિન્ન ગતિ આદિમાં પર્યાય પલટાય. જેવું આત્મામાં, તેવું પુદ્ગલમાં. જગતમાં જેમ કદી પણ એકેય જીવ નવો પેદા થતો નથી, તેમ કોઈ એકેય જીવ કદી પણ સર્વથા વિનાશને પામતો નથી. એમ, જડ પરમાણુઓમાં પણ કદી નથી તો ઉમેરો થતો કે નથી તો ઘટાડો થતો. જે હોય તે રહે છે. એ નાશ પામતું નથી, તેમ નવું ઉત્પન્ન થતું નથી. ઉત્પાદ અને વ્યયનો સિદ્ધાન્ત પર્યાયાસ્તિક નયની અપેક્ષાએ છે અને ધ્રુવનો સિદ્ધાન્ત દ્રવ્યાસ્તિક નયની અપેક્ષાએ છે. ભગવાને ત્રિપદીમાં આ ત્રણ જ વાત કહી. એમાં આખી દ્વાદશાંગી આવી ગઈ. એટલે આ બે નયોને જે બરાબર

જાણે, તે દ્વાદશાંગીના સારને પામેલો કહેવાય.

આ નયોને દન્તમુશલોની ઉપમા શા માટે ?

હવે આ વિશેષણને અંગે આપણે એટલી વાત વિચારી લઇએ કે–દન્તમુશલ તરીકે આ બે નયોને કેમ ગણાવ્યા ? જયકુંજર યુદ્ધમાં દન્તમુશલથી કામ લે છે. દન્તમુશલથી તે શત્રુના હક્કા–છક્કા છોડાવે છે, શત્રુસૈન્યની ઘટાને ભેદે છે તથા પોતાના સ્વામીને જયશ્રી વરમાળા ધારણ કરાવે છે. દન્તમુશલ હાથીને શોભાવે પણ છે અને હાથીના પરાક્રમનો પડઘો પણ દન્તમુશલ દ્વારા થાય છે. તેમ આ બે નયો એવા છે કે–આ બન્ને નયોને સાથે રાખીને વાત કરનાર શ્રી જૈન શાસન, એકાન્તવાદી સર્વ દર્શનોને પરાસ્ત કરી દે છે. આત્માને એકાન્તે નિત્ય માનનારાઓ પર્યાયાસ્તિક નયની વાચા સામે ટકી શકતા નથી અને આત્માને એકાન્તે અનિત્ય માનનારાઓ દ્રવ્યાસ્તિક નયની વાચા સામે ટકી શકતા નથી. આત્માને એકાન્તે મુક્ત માનનારાઓ અથવા તો આત્માને એકાન્તે બદ્ધ માનનારાઓ પણ, આ બે નયોની વાચા સામે ટકી શકતા. આત્મા નિત્ય પણ છે અને પારિણામિક સ્વભાવવાળો પણ છે. આ રીતિએ જ સમગ્ર જગતની સઘળી ય ઘટનાઓને ન્યાય આપી શકાય છે. આ બે નયો સાથે રહીને, શ્રી જૈન શાસનની માન્યતાને જયવન્તી બનાવે છે. આ વસ્તુને લક્ષ્યમાં રાખીને વિચારતાં, ટીકાકાર મહર્ષિએ આ દ્રવ્યાસ્તિક નય અને પર્યાયાસ્તિક નય–આ બે નયોને દન્તમુશલની જે ઉપમા આપી છે, તે સુયોગ્ય જ ઠરે છે.

૧૬–નિશ્ચય–વ્યવહાર :

બે ગણસ્થલો :

આગળના વિશેષણમાં પણ નયની જ વાત આવે છે. સમુન્નત જયકુંજરની સાથે શ્રી ભગવતીજી સૂત્રની ઘટના કરતાં, ટીકાકાર મહર્ષિ આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા, ચૌદમા વિશેષણ તરીકે ફરમાવે છે કે–

" निश्चयव्यवहारनयसमुन्नतकुम्भद्वयस्य "

એટલે કે–જયકુંજરને જેમ સમુન્નત એવાં બે ગણસ્થલો હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ નિશ્ચય નય અને વ્યવહાર નય–આ બે નયો રૂપ બે ગણસ્થલોથી યુક્ત છે.

નિશ્ચય નય ને વ્યવહાર નય :

નિશ્ચય નય અને વ્યવહાર નય, એ બે નયોના પણ વિશેષ વર્ણનમાં તમારી પાસે નહિ ઉતરતાં, તમને સામાન્ય પ્રકારે ખ્યાલ આવે એવું કહેવું પડશે. સુનિશ્ચિત અથવા તો પરિપૂર્ણ કાર્યદશાને માન્ય કરનારો નિશ્ચય નય છે, જ્યારે વ્યવહાર નય તો કારણને પ્રધાનતા આપીને ચાલનારો છે. એક દાખલો લો. સામાન્યપણે તમે જાણો છો કે–ચોથું ગુણસ્થાનક અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોનું છે, પાંચમું ગુણસ્થાનક દેશવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોનું છે અને છઠ્ઠું ગુણસ્થાનક સર્વવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોનું છે આમ છતાં પણ, નિશ્ચય નયનું

સમ્યક્ત્વ તો સાતમા ગુણઠાણાની જે અપ્રમત્ત દશા છે, તેમાં મનાય છે. એ તો કહે છે કે–સમ્યગ્દૃષ્ટિ અને અવિરત શાનો ? પ્રમાદી શાનો ? જે સર્વવિરત અને અપ્રમત્ત હોય, તે જ સમ્યગ્દૃષ્ટિ. નિશ્ચય નય ગુણસ્થાનકોના ક્રમને સ્વીકારે નહિ. એને બધે બધી પૂર્ણતા જોઇએ. શ્રી તીર્થંકર ભગવાનને શ્રી તીર્થંકર ભગવાન ત્યારે જ કહેવાય, કે જ્યારે એ ભગવાન સમવસરણમાં વિરાજીને દેશના દઈ રહ્યા હોય. બાકીના સમયમાં, નિશ્ચય નયની અપેક્ષાએ, એ શ્રી તીર્થંકર ભગવાન નહિ. એટલે જેને આપણે આન્તરિક શુદ્ધ લક્ષ્ય કહીએ, તેને જ નિશ્ચય નય પ્રધાનતા આપે છે. વ્યવહાર નય તો, સ્થૂલ દૃષ્ટિએ જોનાર છે. એ તો બાહ્ય ક્રિયાને પ્રધાનપદ આપીને ચાલનારો છે.

બે નયથી શું સિદ્ધ થાય છે ?

આ બે નયો, શ્રી જૈન શાસન કેવું સમુન્નત છે, એના દર્શકો છે. શ્રી જૈન શાસન જેમ આન્તરિક શુદ્ધિમાં માનનાર છે, તેમ બાહ્ય શુદ્ધિમાં પણ માનનાર છે–એ, આ બે નયોથી પૂરવાર થાય છે. બાહ્ય શુદ્ધિનો સ્વીકાર, કેવળ આન્તરિક શુદ્ધિની અપેક્ષાએ જ છે–એવું શ્રી જૈન શાસનનું જે મન્તવ્ય છે, તે પણ આનાથી બહાર આવે છે. સારાપણાના એક અંશનો પણ અસ્વીકાર કરનારૂં આ શાસન નથી–એમ વ્યવહાર નયથી સિદ્ધ થાય છે અને સારાપણું એ સાચું સારાપણું ત્યારે જ ઠરે છે, કે જ્યારે તે આત્માને નિર્મલ બનાવે છે–એમ નિશ્ચય નયથી સિદ્ધ થાય છે. વિચાર કરો કે–આ બન્ને ય દૃષ્ટિઓને સ્વીકાર્યા વિના ચાલે એવું છે ? અન્તઃ-

કરણનું સારાપણું પેદા થવું જ જોઇએ–એમાં પણ કોઇથી ના પાડી શકાય નહિ અને અન્તઃકરણના સારાપણાને પેદા કરવામાં કે સારાપણાને પેદા થવામાં જે કારણ રૂપ બની શકે તેમ હોય, તેનો પણ આદર કરવાની કોઇથી ના પાડી શકાય તેમ નથી. નિશ્ચયમાં સાધ્યનો સમાવેશ થાય અને વ્યવહારમાં સાધનનો સમાવેશ થાય. સાધ્ય વિના સાધન કિંમત વિનાનું; અને સાધ્ય હોય પણ સાધન ન હોય, તો તે દરિદ્રીના મનોરથની જેમ નિષ્ફલ.

બન્ને ય નયોનું શરણ સ્વીકારવું જોઇએ :

નિશ્ચય નય જ્ઞાનાત્મક પ્રતિપાદનવાળો છે અને વ્યવહાર નય ક્રિયાત્મક પ્રતિપાદનવાળો છે. એટલે જ, અહીં ટીકાકાર મહર્ષિએ, આ બે નયોને સમુન્નત કુમ્ભોની ઉપમા આપી છે. શ્રી જૈન શાસન ક્રિયાનિષેધક અધ્યાત્મવાળું નથી અને અધ્યાત્મનિષેધક ક્રિયાવાળું પણ નથી. અધ્યાત્મદૃષ્ટિ પણ જોઇએ અને અધ્યાત્મદૃષ્ટિ સફળ નિવડે તેવી ક્રિયા પણ જોઇએ. આત્માનો જે મૂળભૂત સ્વભાવ છે, અનન્તજ્ઞાનાદિમય એવો જે સ્વભાવ છે–તેનો ખ્યાલ પણ જોઇએ અને વર્ત્તમાનમાં આત્મા કર્મોના યોગથી મલિન બનેલો હોઇને આત્માનો જે અનંતજ્ઞાનાદિમય સ્વભાવ છે તે આવરાએલો છે, માટે તે આવરણો ટળે એવા પ્રકારની પ્રવૃત્તિઓ પણ જોઇએ. આત્માને જડની કશી જ અસર નથી થતી, એ કયી અપેક્ષાએ અને આત્માને જડની અસર થાય છે, તે કયી અપેક્ષાએ–એ બે ય જાણવું જોઇએ. એ વિના, મોક્ષ સધાય નહિ ને મોક્ષ પમાય નહિ. આત્માને જો પોતાના મૂળભૂત

સ્વભાવમાં જ સ્થાપિત બનાવવો હોય, તો આ બન્ને ય નયોનું શરણ સ્વીકારવું પડે. આ બેમાંથી એક પણ નયનો અસ્વીકાર કરનાર તો, સંસારમાં વિભાવદશામાં જ રઝળ્યા કરે છે.

દોરીના બેય છેડા હાથમાં રાખીને એક તરફ ઢીલ મૂકીને બીજી તરફ ખેંચાય :

કેવળ એક નયના આધારે ચાલનારો અને બીજા નયની સદંતર અવગણના કરનારો મિથ્યાદૃષ્ટિ છે. બે ય નયોને જે સ્વીકારે, તે જ સમ્યગ્દૃષ્ટિ છે. આ નિશ્ચય નય અને વ્યવહાર નયમાં પણ સાતેય નયોનો અને એથી સઘળા ય નયોનો સમાવેશ થઈ જાય છે. મનને સુન્દર–નિર્મલ બનાવવું જોઇએ; અને જેવું મન નિર્મલ તેવું જ વચન પણ નિર્મલ અને વર્તન પણ નિર્મલ બને, એવી રીતિએ પ્રવર્તવું જોઇએ. આ રીતિએ જે પ્રવર્તે, તે પૂર્ણ નિર્મલતાને પામે. એકલા મનને નિર્મલ બનાવવાનું કહે અને વચનની તથા વર્તનની મલિનતા ચાલે–એમ કહે, તે કદી નિર્મલ બની શકે નહિ. તમે વલોણું જોયું છે ? દહીંમાંથી માખણને તારવવાને માટે શું શું કરવું પડે છે, તે જાણો છો ? બેનો આશ્રય લીધા વિના માખણ પણ નીકળી શકતું નથી. નર હોય કે નારી હોય, પણ વલોણું વલોવે ત્યારે બે ય હાથોમાં દોરીને રાખવી પડે છે. દોરી રાખીને પણ યથાવિધિ ક્રિયા થાય તો જ ફળ મળે. માખણ દહીંમાં જ રહેલું છે, પણ એ માખણ જરૂરી ક્રિયા વિના નીકળે નહિ. તેમ આત્માના ગુણો આત્મામાં જ રહેલા છે, પણ જરૂરી ક્રિયા વિના તે પ્રગટે નહિ. દહીંમાં રહેલા માખણને કાઢવાને માટે દહીંને ગોળીમાં નાખવું પડે. એ દહીંની વચ્ચે

ગોળીમાં રવૈયો નાખવો પડે. પછી બે જણ પોતપોતાના બન્ને હાથોમાં દોરી રાખીને રવૈયાને ફેરવે. રવૈયો ફરે કયારે? દોરીને એક બાજુ ખેંચાય ત્યારે બીજી બાજુ ઢીલી મૂકાય અને બીજી બાજુ ખેંચાય ત્યારે એક બાજુ ઢીલી મૂકાય, તો રવૈયો બરાબર ફરી શકે. આમ વલોવાય તો વલોવનાર માખણને ભાળે. દોરી ખેંચવાની અને ઢીલી મૂકવાની પદ્ધતિને અહીં બરાબર ઘટાવો. નિશ્ચયની જરૂરીઆત પડે ત્યારે વ્યવહારની દોરીને ઢીલી મૂકીને નિશ્ચયની દોરીને ખેંચવી પડે અને વ્યવહારની જરૂર પડે ત્યારે નિશ્ચયની દોરીને ઢીલી મૂકીને વ્યવહારની દોરીને ખેંચવી પડે. આમ એક દોરીને ઢીલી મૂકીને બીજી દોરીને ખેંચાય, પણ બે ય દોરીના છેડા હાથમાં ને હાથમાં જ રહેવા જોઇએ. એક પણ છેડો જો હાથમાંથી છૂટી જાય, તો રવૈયો ફરતો બંધ પડી જાય; તેમ નિશ્ચય કે વ્યવહાર–એકને ય તજીને, કલ્યાણ સાધી શકાય નહિ. બન્નેને સાથે રાખે તે કેવલજ્ઞાન રૂપ માખણને મેળવે.

વ્યવહારથી વંચિત રહેનારો વંચના પામે :

આ પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્ર પણ નિશ્ચય નયને અને વ્યવહાર નયને લઇને ચાલી રહ્યું છે. શ્રી વીતરાગ પરમાત્માના શાસનનાં સઘળાં ય શાસ્ત્રો, બન્ને ય નયોના આધારે ચાલી રહ્યાં છે. એકલા નિશ્ચય નયને વળગી પડનારાઓ, પોતાની જાતને અધ્યાત્મી તરીકે ઓળખાવીને મોક્ષસાધક ક્રિયાથી વંચિત બને છે. જો તેઓ સર્વ ક્રિયાઓથી રહિત બનતા હોત, તો તો વાત જૂદી હતી; પણ એ બીચારાઓ તારક ક્રિયાઓથી જ વંચિત બની જાય છે. માત્ર

ધર્મક્રિયાઓમાં–ધર્મક્રિયાઓના વ્યવહારમાં જ તેઓ વ્યવહારથી પર બને છે; બાકી તો, વ્યવહાર વિના તેઓનો વ્યવહાર ચાલે છે જ ક્યાં ? ખાવાનો, પીવાનો, પહેરવાનો, ઓઢવાનો, એમ પૌદ્ગલિક ભોગોપભોગને લગતા વ્યવહારને ચાલુ રાખીને, તેઓ પોતાને વ્યવહાર વિનાના કહેવડાવે છે. એવી બધી ક્રિયાઓ કરે અને ધર્મક્રિયાઓમાં અખાડા કરે, એનો શો અર્થ ? એનો અર્થ અનર્થ. પ્રમાદની પીડાનો જ એ એક પ્રકાર છે. જ્યાં સુધી દેહને અંગેનો વ્યવહાર, બાહ્ય વ્યવહાર છૂટે નહિ, ત્યાં સુધી આત્મા જો આત્મહિતકર ક્રિયાના વ્યવહારથી વંચિત બને છે, તો તે વંચના જ પામે છે. જ્યાં સુધી બાહ્ય વળગેલું છે, ત્યાં સુધી આત્મહિતકર ધર્મવ્યવહારની જરૂર જરૂર છે. બાહ્ય ભલા છૂટે એટલે વ્યવહાર આપોઆપ અટકે છે, પણ ત્યાં સુધી ધર્મવ્યવહારથી અટકનાર પોતે લટકે છે. સિદ્ધાવસ્થાને સંપ્રાપ્ત કર્યા પછીથી બહારનું વળગણ નથી અને એથી વ્યવહાર નથી; પણ એ પહેલાં વ્યવહારને તજવાનું કહેનાર–ધર્મવ્યવહારની જરૂર નથી એવું કહેનાર, કેવળ ભવભ્રમણના વ્યવહારમાં જ અટવાઈ રહે છે. એવા નિશ્ચયવાદીઓ, એકાન્તવાદમાં ગબડી જઈને, દુર્ગતિના ખાડામાં ગબડી પડે છે, કારણ કે–તેઓ ઉત્સૂત્રપ્રરૂપણા રૂપ મહા ભયંકર પાપને ઉપાર્જનારા બને છે.

<u>શુદ્ધ વ્યવહાર આન્તરિક શુદ્ધિ માટે જોઈએ :</u>

અણસમજ આદિના કારણે જેઓ એવાઓથી દોરવાઈ ગયા હોય, પણ જેઓ આગ્રહી ન હોય, તેઓ શ્રી ભગવતીજી સૂત્ર રૂપ જયકુંજરનાં નિશ્ચય નય તથા વ્યવહાર નય

રૂપ ગણ્ડસ્થલોથી, એકાન્તવાદને તજનારા અને સ્યાદ્વાદમાં સ્થાપિત થનારા બને છે. શ્રી ભગવતીજી સૂત્રના જ્ઞાનને પામેલાની પાસે, એકાન્તવાદ ટકી શકતો જ નથી. જેમ નિશ્ચયના એકાન્તે આગ્રહી નહિ બનવું જોઇએ, તેમ વ્યવહારના પણ એકાન્તે આગ્રહી નહિ જ બનવું જોઇએ. વ્યવહાર હોય અને નિશ્ચય ન હોય, તો પણ અર્થ સરતો નથી. કેટલાક અભવ્યો પણ પૌદ્ગલિક સુખની લાલસાથી શુદ્ધ વ્યવહારવાળા બને છે. એમની કરણી એવી પણ હોઈ શકે છે કે–દેખાવમાં કોઈ એની આમી બતાવી શકે નહિ. અભવ્ય કદાચ એવી પણ કરણી કરે, કે જે કરણી ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામિજીની કરણીને પણ મ્હાત કરે, એવી હોય. હવે છે કાંઈ બાકી ? પણ તત્ત્વને નહિ જાણનારાઓ જ એને મહત્ત્વ આપે. ત્યાં વ્યવહાર માત્ર છે અને નિશ્ચયનું નામેય નથી, એટલે એ વ્યવહાર મોક્ષસાધક બનવાને બદલે મોક્ષરોધક બને. એમાં દોષ વ્યવહારનો નથી, પણ નિશ્ચયના અભાવનો છે અથવા તો કુનિશ્ચયનો છે. અભવ્યથી અનેક ભવ્યો તરે, એ પ્રતાપ વ્યવહારનો છે અને એ નામદાર કોરો ધાક્કોર જેવો એટલે મેલો ને મેલો જ રહે, એ પ્રતાપ એનામાં સુનિશ્ચય નથી આવ્યો એનો છે. આમ તો, જગતમાં નિશ્ચય ને વ્યવહાર ચાલુ છે, પણ સમ્યગ્જ્ઞાન દ્વારા જે નિશ્ચય થાય, તે જ સાચો નિશ્ચય કહેવાય. એ નિશ્ચય વ્યવહારને શુદ્ધ બનાવ્યા વિના રહે જ નહિ. શુદ્ધ નિશ્ચય શુદ્ધ વ્યવહાર માગે જ. જેનો નિશ્ચય શુદ્ધ વ્યવહારને માગે નહિ, તેનો નિશ્ચય એ વસ્તુતઃ નિશ્ચય જ નથી. સમ્યગ્જ્ઞાનના અભાવમાં નિશ્ચય થાય પૌદ્ગલિક સુખની રમણતાનો. એ નિશ્ચય શુદ્ધ વ્યવહારને બહા-

રથી આચરવા દે, પણ અંદરથી મલિન જ બનાવ્યા કરે. અશુદ્ધ વ્યવહારને માટેનો શુદ્ધ વ્યવહાર, એ વસ્તુતઃ શુદ્ધ વ્યવહાર જ નથી. શુદ્ધ વ્યવહાર આન્તરિક ને બાહ્ય શુદ્ધિને માટે જ જોઇએ. એ નિશ્ચય વિના બને નહિ. અભવ્ય બીચારો વ્યવહારનિષ્ણાત બનવા છતાં પણ તરતો નથી, નિશ્ચય વિના !

વ્યવહાર શિવબીજ પણ બને ને ભવબીજ પણ બને :

નિશ્ચયની અવગણના કરનારા અને વ્યવહારમાં જ સર્વસ્વને સ્થાપનારા પણ મહા અજ્ઞાનિઓ જ છે. કહ્યું છે કે—

'व्यवहारप्रतिभासो दुर्णयकृतबालीशस्य भवबीजं व्यवहारचरणं पुनरनभिनिविष्टस्य शिवबीजम् ।'

વ્યવહારનો પ્રતિભાસ સંસારનું બીજ બને છે. વ્યવહારનો પ્રતિભાસ, એટલે માત્ર વ્યવહારનું જ પોષણ કરવામાં આવે એવો જે વ્યવહાર, તે સંસારનું બીજ થઇ જાય છે. વ્યવહારની આચરણા હોય, પણ એનો જ આગ્રહ ન હોય તો એ જ વ્યવહાર શિવબીજ રૂપ બની જાય છે. તાત્પર્ય એ છે કે—વ્યવહારના કે નિશ્ચયના એકેયના કદાગ્રહી નહિ બનવું જોઇએ. જ્યાં સુધી કાર્ય ન બને, પરિપૂર્ણ ફળ ન મળે, ત્યાં સુધી કારણને વળગી રહેવું જોઇએ ને ? એટલે વ્યવહારને વળગવું એ આવશ્યક તો છે જ, પણ વ્યવહારને જે સાધન સમજીને વળગ્યો હોય, તે નિશ્ચયની—સાધ્યની શોધમાં જ રહે અને એનો વ્યવહાર તો તારક જ નિવડે. હું તો એવાના વ્યવહારની વાત કરી રહ્યો છું, કે જે નિશ્ચયની શોધમાં નથી અને માત્ર વ્યવહારનો જ કદાગ્રહી છે. એવાનો વ્યવહાર, એવાને માટે, સંસારનું બીજ બને છે. કદાગ્રહ વિનાનાને એ

જ વ્યવહાર શિવળીજ બની શકે છે. શિવળીજ બની શકે એવો પણ વ્યવહાર જ્યારે સંસારળીજ બની શકે છે, તો નિશ્ચયના નામે વ્યવહારનો નિષેધ કરવાની વાતો કરવા રૂપ વ્યવહાર સંસારળીજ બને, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. નિશ્ચયની અને વ્યવહારની વાતમાં ય તારવાની શક્તિ છે, પણ વાત સમજપૂર્વકની અને કદાગ્રહ વિનાની હોય તો! કદાગ્રહ બધાને ડોળે. સદાગ્રહ સદા જોઈએ અને કદાગ્રહ કદી પણ જોઈએ નહિ.

ઉપેક્ષા રાખનારો કૂએ ને અપેક્ષા રાખનારો તરે :

વ્યવહાર એનો એ, પણ એકને માટે એ શિવળીજ અને અને અન્યને માટે એ ભવળીજ બને, તેમાં કારણ એકનો નિશ્ચય છે અને અન્યનો નિશ્ચયાભાવ જ માત્ર નહિ પણ નિશ્ચયનો નિષેધ છે. બાકી, શ્રી માષતુષ મુનિ વ્યવહારથી ફાવ્યા કે નહિ? પણ એમણે ગુરૂની આધીનતા કેવી સ્વીકારી હતી? તેઓ નિશ્ચય તરફ બેદરકાર નહોતા. સ્ફટિકની પાસે જો ફુલ મૂકવામાં આવે, તો ફુલના રંગને અનુસારે સ્ફટિક પણ લાલ, લીલું, પીળું વિગેરે દેખાય છે, કેમ કે–સ્ફટિકનો એ સ્વભાવ છે. સુરતમાં સ્ફટિકની મૂર્તિઓની પાછળ રંગ-બેરંગી પુષ્પોને ગોઠવીને એવી રચના કરવામાં આવે છે કે–પ્રથમ નજરે સ્ફટિકની બબર પણ પડે નહિ. સ્ફટિકમાં જેમ રંગો દૃશ્યમાન થાય છે, તેમ યોગ્ય આત્માને ગુરૂનો ઉપદેશ ફળે છે. પવિત્ર બનવાની ભાવનાવાળા આત્માને, સ્વચ્છ બનવાની–નિર્મલ બનવાની ભાવનાવાળા આત્માને, લઘુકર્મી ભવ્યાત્માને ગુરૂનો ઉપદેશ અસર કરે છે, ગુરૂનો બોધ ફળે છે.

એવા આત્મામાં નિશ્ચયનું જ્ઞાન વિશેષ નથી, છે વ્યવહારમાં, પણ વ્યવહારનો કદાગ્રહ નથી તો તે ક્રમશઃ કેવલજ્ઞાનને પણ પામી શકે છે. યાવત્ સંપૂર્ણતયા કર્મનો ક્ષય કરી શકે છે અને આત્માને સ્વસ્વરૂપમાં લાવીને સ્થાપી શકે છે. સ્વમાં અથવા ગુરૂમાં નિશ્ચય છે જેમને, તેઓ, તે આશ્રયે, વ્યવહારને આચરતા મોક્ષફળને મેળવી શકે છે. મતલબ કે–કેવલ વ્યવહારમાં હોય અને નિશ્ચયમાં ન જ હોય, તે તો મગમાં કોરડું જેવા હોય છે. એમને વ્યવહાર તારી શકતો નથી. ભગવાનનાં દર્શન મોક્ષને માટે કરવાં જોઇએ, એ લાગણી, એ નિશ્ચયનો અંશ છે. એમાંથી એકની ઉપેક્ષા કરનારો ડૂબે છે, જ્યારે અપેક્ષા રાખનારો તરે છે. ભગવાનનો અનુયાયી એટલે અપેક્ષાવાદી. આવો અપેક્ષાવાદ આવે, ત્યારે જ આત્મા કેવલાસ્વાદ મેળવે છે અને આત્માને આબાદ બનાવે છે. નિશ્ચય અને વ્યવહાર–એ બન્નેની વચ્ચે પરસ્પર કાર્ય–કારણભાવનો સંબંધ પણ છે. શુદ્ધ નિશ્ચય શુદ્ધ વ્યવહારને લાવે અને શુદ્ધ વ્યવહાર પણ નિશ્ચયને પામવામાં કારણ બની શકે.

૧૭–યોગ અને ક્ષેમ :

યોગ અને ક્ષેમ રૂપ બે કાન :

જયકુંજરની સાથે શ્રી ભગવતીજી સૂત્રની સરખામણી કરીને, શ્રી ભગવતીજી સૂત્રની મહત્તાનો ખ્યાલ આપી રહેલા ટીકાકાર મહર્ષિ, પોતે રચેલી શાસ્ત્રપ્રસ્તાવનામાં, પંદરમા વિશેષણ તરીકે ફરમાવે છે કે–

"योगक्षेमकर्णयुगलस्य ।"

એટલે કે–જયકુંજરને જેમ બે કાનો છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્રને પણ યોગ રૂપ અને ક્ષેમ રૂપ બે કાનો છે.

છાપેલી પ્રતિની ભૂલ :

અત્રે એક વાતનો ખૂલાસો કરવો આવશ્યક છે. શ્રી ભગવતીજી સૂત્રની ટીકાવાળી આ જે છાપેલી પ્રત છે, તેમાં આ વિશેષણ નથી. એમ લાગે છે કે–છપાવતાં રહી જવા પામ્યું હશે અથવા તો કોઈ ભૂલવાળી હસ્તલિખિત પ્રતના આધારે ચાલ્યા જતાં ભૂલ રહી જવા પામી હશે. આ વિશેષણ ન જ હોય, એમ તો બને નહિ; કારણ કે–હાથીનાં સઘળાં ય અંગોની ટીકાકાર મહર્ષિએ અત્રે ઘટના કરી છે. જયકુંજરનાં બધાં અંગોનો તેઓ ઉલ્લેખ કરે અને કાનોનો ઉલ્લેખ કરે નહિ–એ બને નહિ. પ્રતને શોધનારે જો જરા વધુ લક્ષ્યથી જોયું હોત, તો આવી ભૂલ રહી જવા પામત

નહિ. અન્યમાં પ્રતિમાં આ વિશેષણ પ્રાપ્ત થાય છે. તેમાંથી લઈને જ અત્રે આપણે આ વિશેષણનો વિચાર કરીએ છીએ.

નાથ તે કે જે યોગ-ક્ષેમને કરે :

લોકનાથની વ્યાખ્યા કરતાં, મહાપુરૂષો ફરમાવે છે કે– જગતના જીવોના યોગને અને ક્ષેમને જે કરનાર હોય, તેને નાથ કહેવાય. હિતકારી વસ્તુ મેળવી આપવી, એનું નામ 'યોગ' કહેવાય છે અને જે હિતકારી વસ્તુ મળેલી હોય કે મેળવી આપેલી હોય–તેનું પરિપાલન કરાવવું, એનું નામ 'ક્ષેમ' કહેવાય છે. આવી રીતિએ જે યોગને અને ક્ષેમને કરવાનું સામર્થ્ય ધરાવતો હોય અને યોગને અને ક્ષેમને કરતો હોય, તે જ ખરો નાથ છે. પોતાને નાથ કહેવડાવવા છતાં પણ અથવા તો પોતે નાથ બની બેસવા છતાં પણ, જેઓ પોતે જેના નાથ છે, તેના યોગને અને ક્ષેમને કરનારા નથી હોતા, તો તેઓ નાથપણાની વિડમ્બના જ કરનારા હોય છે. એવા નાથોથી તો નાથપણું વગોવાય છે. એવા નાથોના આશરે રહેવા કરતાં તો, અનાથ રહેવું સારૂં. કોઇના પણ નાથ બનવું હોય, તો માણસે નાથ કોને કહેવાય અને નાથે શું કરવું જોઇએ–એને સમજી લઇને, નાથ તરીકેના કર્ત્તવ્યને અદા કરવાને માટે તત્પર બન્યા રહેવું જોઇએ. તેવી શક્તિ ન હોય, તો નાથ બનવું નહિ અને તેવી શક્તિ પમાય ત્યાં સુધી સનાથ બન્યા રહીને તેવી શક્તિને મેળવવાનો પ્રયત્ન કર્યા કરવો, એ જ હિતાવહ છે.

નાથની ગણનામાં સૌથી પહેલા ભગવાન :

તમે હવે વિચાર કરો કે–નાથ બનવાની વધુમાં વધુ

લાયકાત કોનામાં હોઈ શકે છે ? જગતનો નાથ જગતનું કેવું ભલું કરે, તો તે અરેખરો નાથ કહેવાય ? રાજા આદિ નાથ કહેવાય છે, તો રાજા આદિના કર્ત્તવ્યને જાણો છો ? પોતાની પ્રજાને સુખનાં સાધનો પમાડવાં અને પ્રજાની પાસે સુખનાં જે સાધનો હોય, તેનું રક્ષણ કરવું, એ રાજાની ફરજ છે. પ્રજાનાં સુખનાં સાધનોને લૂંટનાર, પ્રજાની પીડાની દરકાર નહિ કરનાર, પ્રજાના ભોગે રાજસમૃદ્ધિની રક્ષા ને વૃદ્ધિ કરનાર રાજા, એ રાજા નથી પણ લૂંટારો છે. રાજ્યનો સાચો સંચાલક તે જ, કે જેને અહર્નિશ પ્રજાના સુખની ચિન્તા રહે અને પ્રજાના સુખ માટે જરૂરી શકય પ્રયત્ન કરતાં જે અચકાય નહિ. સાચો રાજા તો પ્રજાની આબાદીમાં જ પોતાની આબાદી માનનારો હોય છે. આવો સાચો રાજા પણ, પ્રજાના કલ્યાણનું કારણ, કેટલેક અંશે બને ? સંસારના જીવ માત્રના કલ્યાણની વાત તો તેની મર્યાદામાં નથી. તેની પ્રજા પૂરતી જ તેની મર્યાદા છે. એ પ્રજાના પણ ઈહલૌકિક અથવા તો પૌદ્ગલિક કલ્યાણની એને અપેક્ષા છે. જ્યારે આપણે તો એવા નાથની વાત કરવી છે, કે જે જગતના જીવ માત્રના નાથ કહેવાવાને લાયક હોય. એમાં, સૌથી પહેલો નંબર ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો જ આવે. જગતના જીવ માત્રના કલ્યાણને કરનારા શાસનની સ્થાપના તો, માત્ર એ જ પરમ પુણ્યવંતોથી થાય છે. પૌદ્ગલિક સુખનાં સાધનોનો યોગ કરી આપીને અને તેનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરીને પણ, કોઈ પણ જીવને સાચી રીતિએ અને સર્વ પ્રકારે દુઃખથી મુક્ત કરી શકાતો નથી અને એથી સંપૂર્ણ સુખને પમાડી શકાતો નથી. એ માટે તો, એક માત્ર મોક્ષનું જ દાન કરવું આવ-

શક છે. સાચો નાથ, પરમ નાથ તો કેવળ મોક્ષનું દાન કરવાના જ લક્ષ્યવાળો હોય. બીજાં જે કોઈ દાનો એ કરે, તે પણ મોક્ષહેતુથી જ કરે, માટે એ દાનોનો સમાવેશ મોક્ષ-દાનમાં જ થાય. જેને મોક્ષ મળે, તેનું સઘળું ય દુઃખ સદાને માટે જાય અને તે સદાને માટે સંપૂર્ણ કોટિના સુખને પામનારો બની જાય. આવું દાન, ભગવાન શ્રી જિનેશ્વરદેવો કરે છે. આવું દાન પોતે જ કરે છે એમ નહિ પણ પોતે આવું દાન કરવાનો જે માર્ગ–તેને વહેતો કરે છે, કે જે માર્ગના પ્રતાપે અનેકાનેક અન્ય જીવો પણ મોક્ષનું દાન કરનારા બને છે. આવી રીતિએ મોક્ષનું દાન કરનારા નાથની તોલે અન્ય કોઈ જ નાથ આવી શકે નહિ.

મોક્ષનું દાન ઉપદેશથી જ થાય અને તેમાં સામા જીવની પણ લાયકાત વિગેરે જોઈએ :

મોક્ષનું દાન મોક્ષનો ઉપાય બતાવવા દ્વારાએ જ થઈ શકે છે. કોઈ પણ પૌદ્ગલિક વસ્તુની માફક, મોક્ષ દઈ શકાતો નથી. તમે જ જૂઓ કે–સંસારમાં વિદ્યાદાન કેવી રીતિએ દેવાય છે ? ભણાવનાર અને ભણનારના સુયોગે જ વિદ્યાદાન કરી શકાય છે ને ? વિદ્યા અપાતી નથી, પણ બતાવાય છે. આને આ કહેવાય અને આને તે કહેવાય, આના સંયોગથી આમ બને અને તેના સંયોગથી તેમ બને, આવી આવી રીતિએ બતાવવા દ્વારા જ વિદ્યાનું દાન કરાય છે. ભણાવ-નાર ગમે તેટલું બતાવે, પણ ભણનાર જો એને ગ્રહણ કરી શકે નહિ, ગ્રહણ કરી શકે પણ યાદ રાખી શકે નહિ અને યાદેય રાખે છતાં તેના ઉપર વિચારણાદિ કરે નહિ, તો શું

થાય ? વિદ્યાદાન સફલ થવામાં ભણનારની પણ યોગ્યતા અને મહેનત અવશ્ય જોઇએ. એવું જ મોક્ષદાનમાં છે. ભગવાને તો મોક્ષનો ઉપાય બતાવ્યો; પણ એ ઉપાયને યથાસ્થિતપણે જાણવાનો અને આચરવાનો પ્રયત્ન તો આપણે જ, સંસારના જીવોએ જ કરવો પડે. ભગવાને મોક્ષની સાધનાની જરૂર દર્શાવી, પણ એ વાત રૂચે એવી લાયકાત અને લઘુકર્મિતા ન હોય, તો શું થાય ? મોક્ષ સાધવો એ જરૂરી છે–એમ લાગે, પણ ભગવાને બતાવેલા મોક્ષમાર્ગ ઉપર શ્રદ્ધા પ્રગટે–એવો કર્મનો ક્ષયોપશમ ન હોય, તો શું થાય ? મોક્ષમાર્ગ ઉપર શ્રદ્ધા પ્રગટી, પણ એ માર્ગને આચરવા જોગો કર્મનો ક્ષયોપશમ ન હોય, તો શું થાય ? મોક્ષમાર્ગને આચરવા જોગો ક્ષયોપશમ હોય, પણ અપ્રમત્તભાવ આવે અને ક્ષપકશ્રેણિ મંડાય–એવું પરિણામોનું પરિબળ પામવા જોગી આન્તરિક અને બાહ્ય સામગ્રી ન હોય, તો શું થાય ? ક્ષપકશ્રેણિ માંડી અને કેવલજ્ઞાનને ય પ્રગટાવ્યું, પણ તે પછી આયુષ્યકર્મ જેટલું બાકી હોય, તેટલો વખત સંસારમાં રહેવું જ પડે, એમાં બીજું શું થાય ? મોક્ષ તો જ્યારે સકલ કર્મોનું સંપૂર્ણપણે ક્ષીણપણું થઈ જાય, ત્યારે જ મળે ને ? આ બધું માત્ર ભવ્ય જીવોને માટે જ સંભવે છે. ભવ્ય જીવોમાં જ આવી લાયકાત હોઈ શકે છે. ભવ્ય જીવોનો પણ કાલ પાકયા પછીથી જ એ લાયકાત કાર્યગત બને છે. ભવ્ય જીવોના કાલનો પરિપાક થયા પછીથી પણ ભવિતવ્યતા, લઘુકર્મિતા, નિમિત્ત અને પુરૂષાર્થ આદિની અપેક્ષા રહે છે જ. કોઈ પણ કાર્ય પાંચે ય કારણો મળવાથી જ સંભવી શકે છે. એટલે મોક્ષના દાનમાં સામેવાળા જીવનો સુયોગ પણ જોઈએ. આથી તો ભગવાનને ભવ્ય

જગતના નાથ કહેવાય છે.

રત્નત્રયીને પામે અને પાળે–એવા ઉપકારની સર્વોત્તમતા :

ભવ્ય જગતના નાથ એવા ભગવાન, ભવ્ય જીવોને શું મેળવી આપે છે અને શાનું પરિપાલન કરે છે ? ભગવાન ભવ્ય જીવોને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયી મેળવી આપે છે અને તેનું જ પરિપાલન કરે છે. રત્નત્રયીને પામી શકવાની લાયકાતવાળા જીવો રત્નત્રયીને પામી શકે અને તેમને પ્રાપ્ત થયેલ રત્નત્રયીનું તેઓ રક્ષણ કરી શકે, પરિપાલન કરી શકે–એવો જ ઉપદેશ ભગવાન આપે છે. રત્નત્રયીને પામી શકે અને પાળી શકે–એવા પ્રકારનો ઉપદેશ આપવો, એના જેવો આ જગતમાં બીજો કોઈ જ ઉપકાર નથી. અન્ય ઉપકારો તો અલ્પકાલીન પણ હોય, ઉપકાર થવા–ન થવાની ભજનાવાળા પણ હોય, પરિણામે અપકારક નિવડે–એવા પણ હોય અને કદાચ વર્ત્તમાનમાં અપકારક નિવડે–એવા ય હોય; પરન્તુ રત્નત્રયીને પામી શકે અને પાળી શકે–એવા ઉપદેશના દાન રૂપ જે ઉપકાર છે, તે ઉપકાર એવા કોઇ જ દૂષણથી દૂષિત નથી. એ ઉપકારને જે ઝીલી શકે, તે આ લોકમાં ય સુખી થાય અને તેનું ભવિષ્ય ચન્દ્રની ચઢતી કલાની જેમ ઉજ્વલ બનતું જાય. એમાં એ ભૂલે તો વાત જૂદી છે, બાકી ઉપકારમાં ખામી નહિ. માનો કે–આવા ઉપકારને એક વાર ઝીલ્યા પછીથી જીવ પ્રમત્ત બની જાય, ભૂલી જાય, ગબડી જાય, તો ય આ ઉપકાર તો એવો છે કે–એ જીવ પુનઃ અલ્પ કાલમાં જ રત્નત્રયીને પામ્યા વિના રહે નહિ. એક વાર જેણે આ ઉપકારને ઝીલ્યો, તેનો

મોક્ષ અવશ્યંભાવી સમજી જ લેવો.

કાનની ઘટના યોગ્ય જ છે :

ભગવાને મોક્ષદાન જે ઉપદેશ દ્વારા કર્યું છે, તે ઉપદેશનો જ આ શ્રી ભગવતીજી સૂત્રમાં સંગ્રહ કરાએલો છે. આથી ભગવાનને જેમ યોગને અને ક્ષેમને કરનારા કહેવાય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્રને પણ યોગને અને ક્ષેમને કરનાર કહેવાય. ઉપદેશને ગ્રહણ કરનારે, પહેલાં તો આ ઉપદેશને સાંભળવો પડે ને ? જેને કાન ન હોય અથવા કાન હોય પણ બહેરાશ હોય, તે ઉપદેશને સાંભળી શકે નહિ. શ્રી ભગવતીજી સૂત્રમાંનો આ ઉપદેશ ભગવાને દીધેલો છે, પણ એને સાંભળીને ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ સંગ્રહેલો. આથી જ, આ શ્રી ભગવતીજી સૂત્રને યોગ રૂપ અને ક્ષેમ રૂપ બે કાનો છે, એવી ઘટના કરવામાં આવી છે. શ્રી ભગવતીજી સૂત્ર પણ, રત્નત્રયીને જ પામી શકાય અને પાળી શકાય– એવો ઉપદેશ આપે છે. આ ઉપરથી એ વાત પણ સમજી લેવી જોઈએ કે–શ્રી ભગવતીજી સૂત્રને સાંભળનારે, શ્રી ભગવતીજી સૂત્રને ભણનારે, એક માત્ર રત્નત્રયીને જ પામવાનો અને પાળવાનો આશય રાખવો જોઈએ.

સદ્‌ગુરૂઓ પણ ભવ્ય જીવોને સનાથ બનાવે છે :

ભગવાનની ગેરહાજરીમાં, ભવ્ય જીવોનું સનાથપણું સદ્‌ગુરૂઓમાં રહેલું છે. ભગવાનની ગેરહાજરીમાં તો, માત્ર સદ્‌ગુરૂઓ જ ભવ્ય જગતના આધાર રૂપ છે. સદ્‌ગુરૂઓ જો ભગવાનને જ નાથ બનાવીને પ્રવર્ત્તે, તો તેઓને માટે ભવ્ય જગતના સનાથપણાનું પરિપાલન બહુ જ સુલભ છે. સદ્‌ગુ-

રૂઓએ પહેલો પ્રયત્ન પોતાની રત્નત્રયીની પાલનાનો કરવાનો છે અને રત્નત્રયીની પાલના કરતે કરતે રત્નત્રયીનો પ્રચાર કરવાનો છે. રત્નત્રયીની પાલનાને નેવે મૂકનારા વેષધારિઓ પોતે જ અનાથ બની ગયેલા છે, તો બીજાઓને તેઓ પોતાનાથી સનાથ શી રીતિએ બનાવી શકવાના હતા? એટલે પરોપકારના નામે પણ રત્નત્રયીના માર્ગથી ભ્રષ્ટ થનારાઓ, સાચા પરોપકારને સાધનારા બની શકતા જ નથી. વળી, સદ્‌ગુરૂઓ તો, પોતાના શિષ્ય–પ્રશિષ્યાદિને રત્નત્રયીમાં વૃદ્ધિ પમાડનારા તથા તેમની રત્નત્રયીની પાલનામાં સહાયક બનનારા હોય છે. કોઇ પણ જીવ રત્નત્રયીના માર્ગથી ભ્રષ્ટ બને નહિ–તેની તેઓને ભારે કાળજી હોય છે. રત્નત્રયીના માર્ગથી ભ્રષ્ટ થતા જીવની ઉપર તો, તેઓ કરૂણાનો ધોધ વરસાવીને, તે જીવને રત્નત્રયીમાં સુસ્થિર બનાવવાનો પ્રયત્ન કરે છે. આ શાસન પડતાને કે પડેલાને પાટુ મારનાર નથી, પણ પડતાને ઝીલનાર છે અને પડેલાને પણ ઉદ્ધરનાર છે. નાથનું કામ કલ્યાણ જ કરવાનું છે. અકલ્યાણ કરવાનું કામ નાથનું નથી. અકલ્યાણ કરી રહેલાને કલ્યાણ કરનારા બનાવવા–એ નાથનું કામ છે, પણ કોઇ અકલ્યાણને પંથે પડી જાય–એવું કરવાનું કામ નાથનું નથી. સદ્‌ગુરૂઓ પણ ભવ્ય જગત્‌ને સનાથ બનાવનારા જ હોવા જોઈએ. ભવ્ય જગત્‌ તે જ ગુરૂઓથી સનાથ બની શકે છે, કે જે સદ્‌ગુરૂઓ માત્ર રત્નત્રયીને પામી શકે અને પાળી શકે–એવા જ પ્રકારના ઉપદેશનું અને આચરણનું દાન કરે છે. રત્નત્રયીની પ્રાપ્તિમાં અથવા તો રત્નત્રયીની પાલનામાં વિઘ્નકર બને, એવું એક પણ વચન સદ્‌ગુરૂઓથી બોલી શકાય જ નહિ. એવું બોલે,

એ નાથપણાને પણ ગુમાવે અને સનાથપણાને પણ ગુમાવે.

નાથ તરીકેની તમારી ફરજ બજાવો છો?

હવે થોડી તમારી વાત પણ કરી લેવી પડશે ને? તમે લોકો નાથ બનવાને અને નાથ કહેવડાવવાને તો ઘણા રાજી છો, પણ નાથપણાની લાયકાતમાં મોટું મીંડું છે, એવું મોટે ભાગે દેખાય છે. પારકી જણીના નાથ બનવાને માટે તો તમે વાગતે વાજે, ઘોડે ચઢીને, ઉત્સાહભેર જાવ છો ને? ઘરમાં છોકરો જ્યારે જન્મે છે, ત્યારે પણ પિતા બન્યાનો–નાથ બન્યાનો ઉત્સવ ઉજવો છો ને? કોઈ નોકર કહે કે–'આપ તો મારા નાથ છો' તો એ સાંભળવું તમને બહુ મીઠું લાગે છે ને? આટલો બધો નાથ કહેવડાવવાનો અને નાથ બની બેસવાનો શૉખ છે, પણ નાથ તરીકેની ફરજનો તમને કેટલો ખ્યાલ છે? જેના જેના તમે નાથ, તેને તેને સુખનાં સાધનો મળે અને તેનાં સુખનાં સાધનો ટકયાં રહે, એવું કરવાની તમારી વૃત્તિ ખરી? તમે આજે બાયડી–છોકરાં માટે શું કરો છો–તેની મને ખબર છે, પણ એમાં તમારી સ્વાર્થી વૃત્તિ કામ કરે છે કે તમારી ફરજનું તમારું ભાન કામ કરે છે? તમને પ્રતિકૂળતા પડે, તો તમે ફરજના ભાનથી કેટલું કરો, એ સવાલ છે! બાયડી–છોકરાંનું પાલન સ્વાર્થને અને મોહને આધીન બનીને થાય છે, માટે જ નોકરો પ્રત્યે એવી કાળજી રહેતી નથી. આપણે તો, આથી પણ આગળની વાત કરવી છે. તમે જેના નાથ કહેવડાવો છો, તેનું સાચું કલ્યાણ થાય, એ કેમ રત્નત્રયીને પામે, એની ચિન્તા તમને છે ખરી? શ્રાવકો એવા પણ હતા, કે જે પોતાનાં આશ્રિત પશુઓને

પણ રત્નત્રયી પમાડવાનો પ્રયત્ન કરતા હતા. પણ ખામી મૂળમાં છે. તમને રત્નત્રયી કેટલી ગમે છે, એ જ અગત્યની વાત છે. તમને જો રત્નત્રયીને પામવાની ઇચ્છા હશે, તો તમે આ શ્રી ભગવતીજી સૂત્રના યોગ–ક્ષેમંકર ગુણનો લાભ લઈ શકશો; અને જો તેમ થશે, તો તમે સંસારમાં રહેશો ત્યાં સુધી પણ, તમારા આશ્રિતોના સાચા કલ્યાણનો પ્રયત્ન કરનારા બની શકશો.

૧૮–પ્રસ્તાવનાથી અનુમાન :

પ્રસ્તાવના રૂપ પ્રચણ્ડ શૂંઢ :

આ શ્રી ભગવતીજી સૂત્ર યોગ અને ક્ષેમ રૂપ કર્ણયુગલે કરીને સહિત છે–એવા પ્રકારની શ્રી ભગવતીજી સૂત્રની ઓળખ આપ્યા બાદ, જયકુંજરની સાથે શ્રી ભગવતીજી સૂત્રની ઘટના કરવા દ્વારા, આપણા હૃદયમાં શ્રી ભગવતીજી સૂત્રની મહત્તાને સ્થાપિત કરી રહેલા ટીકાકાર મહર્ષિ, શાસ્ત્રપ્રસ્તાવનામાં આગળ વધતાં, સોલમા વિશેષણ તરીકે ફરમાવે છે કે–

" प्रस्तावनावचनरचनाप्रकाण्डशुण्डादण्डस्य । "

એટલે કે–જયકુંજર જેમ પ્રચણ્ડ એવી શૂંઢવાળો હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્રને પણ પ્રસ્તાવનાની વચન-રચના રૂપ પ્રચણ્ડ શૂંઢ છે.

પ્રસ્તાવના કેવી હોય, એ વાત તો આપણે કરી ગયા છીએ. શૂંઢની જગ્યાએ પ્રસ્તાવના જણાવી, તેનું કારણ એ છે કે–શૂંઢથી આ હાથી છે–એવું જ્ઞાન થાય છે. શૂંઢ એકલી દેખાતી હોય, તો પણ તે દ્વારા હાથી અનુમિત થાય છે. શૂંઢ હાથીના અગ્રભાગમાં હોય છે. શૂંઢ ઉપરથી હાથી કેટલો ઉંચો છે ને કેવો લક્ષણવંતો છે, તેની કલ્પના પણ આવી શકે છે. હાથી સઘળાં ય કાર્યો શૂંઢ દ્વારા કરે છે. એવી જ રીતિએ, પ્રસ્તાવના દ્વારા પણ આ ગ્રન્થ કયો છે અને કેવો છે, એની પિછાન થાય છે. પ્રસ્તાવનાથી ગ્રન્થની વિશદતા, મહત્તા, લાક્ષણિકતા આદિને જાણી શકાય છે. પ્રસ્તાવના પણ ગ્રન્થની આદિમાં જ હોય છે. સાચો ગ્રન્થકાર જે પ્રસ્તાવના કરે છે, તે પ્રસ્તાવનાને વળગી રહીને જ ગ્રન્થને વહાવે છે. આમ પ્રસ્તાવનાને અપાએલી શૂંઢની ઉપમા સ્થાને જ છે.

ટીકાકાર મહર્ષિએ માત્ર શૂંઢ નહિ જણાવતાં, પ્રચણ્ડ શૂંઢ જણાવેલ છે. જયકુંજરની શૂંઢ પ્રચણ્ડ હોય છે. શ્રી ભગવતીજી સૂત્રની પ્રસ્તાવના પણ એવી પ્રચણ્ડ છે કે–આખા ગ્રન્થમાંની એક પણ બાબતને કોઈ મિથ્યા ઠરાવવાને માટે સમર્થ બની શકે નહિ. એવી વચનરચનાથી પ્રસ્તાવના કરવામાં આવેલી છે કે–એ પ્રસ્તાવના સૂત્રના સત્યવાદિપણાની સુરક્ષક બની રહી શકે.

૧૯–નિગમનની મહત્તા :

અતુચ્છ પુચ્છ રૂપ નિગમન :

આમ જયકુંજરનાં લગભગ બધાં અંગોની વાત થઈ ગઈ. માત્ર એક અંગ બાકી રહ્યું. જયકુંજરનું આગળના ભાગનું અંગ શૂંઢ, તેમ જયકુંજરની પાછળના ભાગનું અંગ કયું ? પુચ્છ. ટીકાકાર મહર્ષિએ સત્તરમા વિશેષણમાં પુચ્છની વાત કરી છે. તેઓશ્રી ફરમાવે છે કે–

" **निगमनवचनातुच्छपुच्छस्य।** "

એટલે કે–જયકુંજરને જેમ અતુચ્છ એવું પુચ્છ હોય છે, તેમ શ્રી ભગવતીજી સૂત્રને પણ નિગમનવચન રૂપ અતુચ્છ એવું પુચ્છ છે.

નિગમનથી લાભ :

નિગમન કોને કહેવાય ? તમે કોઈ પણ એક અથવા તો વધુ વિષયોનું પ્રતિપાદન કર્યું અગર તો કોઈ કથા કહી. એ બધાને અન્તે, પૂર્વે જે કાંઈ પણ કહ્યું, તેને સમેટી લઈને કથનને પૂર્ણ કરવામાં જે કહેવાય, તે નિગમન છે. એમાં વાત તો પૂર્વે જે કહેવાઈ હોય તે જ આવે, પણ ભાવ રૂપે અને સૂચન માત્ર રૂપે આવે, અથવા તો ગ્રન્થના તાત્પર્યનો ખ્યાલ આવે–એવી રીતિએ આવે. નિગમન એટલે ઉપસંહાર, એમ પણ કહી શકાય. અન્ત ભાગમાં જે સાર દર્શાવાય, તે નિગમન.

તમે નવલિકાઓ વિગેરે વાંચો છો, તેમાં ઘણી વાર એ બોલ, પ્રસ્તાવના વિગેરેની માફક છેવટે ઉપસંહાર પણ આવે છે ને? કેટલાકો એવા હોય છે કે–આમ વિસ્તૃત પ્રતિપાદન કરતાં આવડે, પણ ઉપસંહાર કરતાં આવડે નહિ. ઉપસંહાર તો એવો હોય કે–ગ્રન્થના રહસ્યને ખોલી નાખે. પાછલી બધી વિગતોને મનમાં ઉપસ્થિત કરાવી દે. શ્રી ભગવતીજી સૂત્ર પણ નિગમનરહિત નથી પણ નિગમનયુક્ત છે અને જે નિગમન છે, તે પણ અતુચ્છ છે. નિગમન ક્ષુદ્રતાવાળું નથી, પણ ગંભીરતાવાળું છે. પરમ ઉપકારીઓ નિગમન કેવું કરે છે, તે તો સ્થાને જોવાને મળે છે. ઉપકારીઓએ રચેલા કથાગ્રન્થોમાં ય એ હોય છે, પણ એ વસ્તુ લક્ષ્યમાં આવે–એવી દૃષ્ટિ જોઇએ ને? નવલિકાઓના નિગમનની વાત ખાસ વાંચે, ખાસ યાદ રાખે અને ધર્મકથાઓના નિગમનને પ્રાયઃ વાંચ્યું–ન વાંચ્યું કરે. કેમ કે–પણે રસ છે અને અહીં રસ નથી, એવી જ દશા મોટે ભાગે છે ને? તમે જો ધર્મકથાઓના નિગમનને પણ સારી રીતિએ વાંચ્યું હોત, તો ય તમને શાસનના રહસ્યનો ઘણો ખ્યાલ આવ્યો હોત.

મધુબિન્દુનું દૃષ્ટાન્ત :

તમારામાંના ઘણાઓએ મધુબિન્દુની કથા વાંચી કે સાંભળી હશે, પણ એનું નિગમન તમને યાદ છે? એનું નિગમન યાદ રહે, હૈયે રહે અને તમે આવી રીતિએ સંસારમાં નફકરા થઇને રહી શકો, એ બની શકે એવી વસ્તુ જ નથી.

કોઇ એક આદમી સાર્થની સાથે એક દેશથી બીજા દેશમાં અને બીજા દેશથી ત્રીજા દેશમાં ફરતો. એક વાર

એવું બન્યું કે–જે સાર્થની સાથે તે ફરતો હતો, તે સાર્થ ભૂલથી એક અટવીમાં પેઠો.

અટવી તો ઘણી મોટી હતી, પણ સાર્થ જ્યાં અટવીમાં પેઠો કે તરત જ તે સાર્થને લૂંટવાને માટે ચોરો આવી પહોંચ્યા.

ચોરો આવ્યા, એટલે સૌએ જરના ભોગે પણ જાનને બચાવવાને માટે ભાગવા માંડયું. તેમને બબર હતી કે–આ ચોરો આપણું જર તો બધું લૂંટી લેશે, પણ આપણા જાન પણ લેશે, કેમ કે–આપણે જીવતા રહીએ એમાં ચોરોને પોતાના જીવનું જોખમ લાગે.

બધા ભાગ્યા, એટલે પેલો મુસાફર પણ ભાગ્યો. એ વખતે ભાગી છૂટવું એટલો જ ખ્યાલ હતો, પણ ભાગીને કયાં જવું એનો ખ્યાલ નહોતો. પેલો મુસાફર એવા રસ્તે ભાગ્યો કે–તે દોડતો દોડતો મહા અટવીમાં પહોંચી ગયો.

મહા અટવીમાં પહોંચી ગયેલા તે પુરૂષની પાછળ એક હાથી પડ્યો. એ હાથી ઘણો ઉંચો હતો, તેના ગંડસ્થલમાંથી મદનાં ઝરણાં ઝરતાં હતાં, તેણે પોતાની શૂંઢને ઉંચી કરી હતી, તેનાં પગલાં જોરદાર હતાં, તેનું મુખ તપાવેલા તાંબા જેવું રાતું હતું, મેઘની જેમ તે ગર્જના કરતો હતો અને ક્રોધથી ઉદ્ધત બનેલો તે સાક્ષાત્ યમરાજ જેવો લાગતો હતો.

આવો જંગલી હાથી પૂંઠે પડે, પછી માણસ કરે શું ? જીવ લઈને ભાગે કે બીજું કાંઈ થાય ? અને ભાગતાં ભાગતાં પણ એને એમ જ થયા કરે કે–હમણાં મર્યો કે મરીશ.

પેલો માણસેય નાઠો, ઘણો નાઠો, પણ હાથી એની લગોલગ આવી પહોંચ્યો. પેલો માણસ મુંઝાયો કે–હવે તો બલાસ. ત્યાં એની નજરે એક કુવો પડ્યો. એ કુવો ઘાસથી ઢંકાઈ

ગયેલો હતો. પેલા માણસે વિચાર કર્યો કે–'જો હું આ કુવામાં પડતું મૂકું તો કદાચ બચી જાઉં! આમેય હવે મરવાનું તો છે જ, પણ કુવામાં પડવાથી કદાચ બચી જવાય.'

આવો વિચાર કરીને તેણે કુવામાં પડતું મૂકયું, પણ તેના હાથમાં એક ડાળ આવી ગઈ. કુવાને કાંઠે એક વડવૃક્ષ હતું. એ વૃક્ષની એક મોટી ડાળ કુવાના મધ્ય ભાગમાં સર્પાકારે લટકતી હતી. અચાનક એ ડાળ પેલાના હાથમાં આવી ગઇ અને એના આધારે તે લટકતો રહ્યો.

હાથીએ એ કુવાની પાસે આવીને પોતાની શૂંઢ વડે એ માણસને કુવામાંથી બહાર ખેંચી કાઢીને મારી નાખવાનો વિચાર કર્યો અને તેવો પ્રયત્ન પણ કર્યો, પણ હાથીની શૂંઢ એ માણસને આંબી શકી નહિ.

આમ તત્કાલને માટે તે પુરૂષ હાથી તરફના ભયથી તો બચી ગયો, પરન્તુ એણે નીચે કુવામાં નજર કરી તો એક મોટો અજગર તેના તરફ મીટ માંડીને મોં ફાડીને બેઠેલો જણાયો. 'હમણાં આ મારા મોંઢામાં પડે ને હમણાં હું ગળી જાઉં'–એવી રીતિએ એ અજગર પેલા માણસને જોઈ રહ્યો હતો.

એ અજગરને જોતાં, પેલા માણસે ડાળને જોરથી પકડી અને બચવાનો ઉપાય શોધવાને માટે તેણે પોતાની નજરને બીજે દોડાવી, તો તેણે ત્યાં પોતાને તાકીને બેઠેલા ચાર ભયંકર સર્પોને જોયા. આણે અત્યાર સુધી એ સર્પોને જોયા નહોતા, પણ સર્પોએ તો આને કયારનો ય જોયો હતો અને એથી તે સર્પો પોતાની ફણાઓને ઉંચી કરીને ફુંફાડા મારી રહ્યા હતા.

નીચેની પરિસ્થિતિને આવી જોઇને, એ માણસે ઉંચે જોવા માંડયું. ઉંચે જોયું તો, જે ડાળને પકડીને એ માણસ લટકી રહ્યો હતો, તે ડાળને છેદવાનો પ્રયત્ન, એક ધોળો અને એક કાળો–એવા બે ઉંદરો કરી રહ્યા હતા.

એક બાજુ બે ઉંદરો ડાળને છેદવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, જ્યારે બીજી બાજુ પેલો મદોન્મત્ત હાથી, એ માણસ તેના હાથમાં નહિ આવ્યો તેથી, આખા વડવૃક્ષને જાણે ઉખેડી નાખવાને માગતો હોય, તેમ એ વૃક્ષની શાખાને હલાવી રહ્યો હતો અને એથી જ એ માણસે પકડેલી ડાળ હીંચોળાની જેમ હાલતી હતી.

આટલી ભયાનકતા જાણે કમ હોય, તેમ વધારામાં બન્યું એવું કે–એ શાખા ઉપર મધપુડો હતો. હાથીએ શાખાને હલાવી, એટલે મધપુડાને વળગેલી મધમાખીઓ ઉડી. મધમાખીઓ ઉડીને પાસેના માણસને વળગી પડે છે, એ તો તમે જાણો છો ને ? પેલી મધમાખીઓ પેલા માણસના આખા ય શરીરને વળગી પડી અને ડંખ દેવા લાગી.

આટલી બધી ભયકારક અને દુઃખમય હાલતમાં એ માણસને એક સુખ પ્રાપ્ત થયું. શાખાના હાલ્યા કરવાથી મધપુડામાંથી મધનું એક એક બિન્દુ પેલા માણસના કપાળ ઉપર પડવા માંડયું અને તે ધીમે ધીમે નીચે ઉતરતાં એ માણસના મોંઢામાં પડવા લાગ્યું.

એ મધનાં બિન્દુઓનો એટલો સ્વાદ મળતાં, એ માણસને ભારે સુખ અનુભવવા જેવું લાગ્યું. તેને એ સુખનો એટલો બધો લોભ લાગી ગયો કે–તે તેની ચોમેર જે ભયાનકતા પ્રસરી રહેલી હતી, તેને સાવ વિસરી ગયો.

મધુબિન્દુ દૃષ્ટાન્તનો ઉપનય :

આ થયું દૃષ્ટાન્ત. હવે આનો ઉપનય જૂએો. ઉપનય પછી નિગમન આવે. ઉપનય કર્યા વિના નિગમન કરે, તો તે સ્થાને ગણાય નહિ. આ દૃષ્ટાન્તનો ઉપનય કરતાં ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે–જે પુરૂષ કહ્યો, તેને સ્થાને સંસારી જીવ સમજવો; જે મહા અટવી કહી, તેને સ્થાને ચતુર્ગતિ રૂપ સંસાર સમજવો; જે હાથી કહ્યો, તેને સ્થાને મૃત્યુને સમજવું; જે કુવો કહ્યો, તેને સ્થાને મનુષ્યજન્મને સમજવો; જે અજગર કહ્યો, તેને સ્થાને નરક સમજવી; જે ચાર સર્પો કહ્યા, તેને સ્થાને ક્રોધ, માન, માયા અને લોભ રૂપ ચાર કષાયો સમજવા; વડવૃક્ષની જે ડાળ કહી, તેના સ્થાને આયુષ્યકર્મને સમજવું; એ ડાળને છેદી રહેલા જે બે ઉંદરો કહ્યા, તેને સ્થાને ધોળા ઉંદર તરીકે સુદી પખવાડીયાને સમજવું તથા કાળા ઉંદર તરીકે વદી પખવાડીયાને સમજવું; જે મધમાખીઓ કહી, તેને સ્થાને સંસારની વિવિધ વ્યાધિઓ સમજવા; અને જે મધનું બિન્દુ કહ્યું, તેને સ્થાને વિષયજન્ય ક્ષણિક તથા અત્યલ્પ એવું સંસારનું સુખ સમજવું. બધી ઘટના તો તમે સમજી ગયા ને ? આને સ્થાને આ સમજવું ને આને સ્થાને તે સમજવું, આ બધો ઉપનય થયો.

દૃષ્ટાન્તનું નિગમન :

હવે આ દૃષ્ટાન્તને અંગે જે કહેવાય, તેને નિગમન કહેવાય. જે જીવ આવી રીતિએ ચારે કોરથી ભયથી ઘેરાએલો હોય, તે જો બુદ્ધિમાન હોય, તો કદી પણ વિષયજન્ય સુખમાં આસક્ત બને નહિ. એ પુરૂષને જો કોઈ દેવ અગર

વિદ્યાધર એ કુવામાંથી બહાર કાઢવાને ઇચ્છે, તો એ પુરૂષ મધુબિન્દુના સ્વાદની લાલસાએ જરા સરખો પણ વિલંબ કરે નહિ. સંસારી જીવો, મધુબિન્દુના સ્વાદમાં લુબ્ધ બનીને, શાણપણને ગુમાવી બેઠા છે અને એથી જ તેઓ નિશ્ચિન્તપણે વિષયજન્ય સુખોનો ભોગવટો કરી શકે છે. મૃત્યુ પૂંઠે પડેલું છે, આયુષ્ય ક્ષીણ થઈ રહ્યું છે, ચાર કષાયો પીડીને પાછા પાપથી ભારે બનાવી રહ્યા છે અને વિષયલુબ્ધ જીવ બહુ પાપથી ભારે બને તો નરકગતિમાં જ જાય એવી હાલત છે, છતાં પણ એ બધાને માણસ ક્ષણિક, અત્યલ્પ અને દુઃખથી ભરેલા એવા વિષયજન્ય સુખની લાલસાને વશ બનીને ગણકારતો નથી.

આ નિગમન હૈયે વસે તો :

આ દૃષ્ટાન્ત તમે કોઈ વાર સાંભળેલું કે વાંચેલું અરૂં? એનો ઉપનય પણ સાંભળેલો કે વાંચેલો ? કદાચ ત્યાં સુધી તો કેટલાકોને આ દૃષ્ટાન્ત પણ યાદ હશે, પણ નિગમન યાદ છે કે નહિ, એ જ અગત્યની બાબત છે. નિગમન પણ માત્ર જાણવા ખાતર જ યાદ હોય, તો તેનો કાંઈ વિશેષ અર્થ નથી. નિગમન હૈયે એવું વસી જવું જોઇએ કે–વિષયજન્ય સુખનો માત્ર ભોગવટો કરતાં જ નહિ, પરન્તુ વિષયજન્ય સુખના ભોગની ઇચ્છા થાય અને તરત જ આ નિગમન યાદ આવે. આ નિગમન જો યાદ આવે, તો વિચાર થાય કે–' હું તે બુદ્ધિમાન છું કે બેવકૂફ છું ?' અને એમાંથી તો ઘણા ઘણા વિચારો આવે. એ વિચારોમાં, વિષયજન્ય સુખને ભોગવવાની ઇચ્છા કાં તો નાશ પામી જાય અને કાં

તો એવી પાંગળી બની જાય કે–વિષયોનો વિજય સુલભ બની જાય. પણ જીવને આ વાત રૂચવી જોઈએ ને? પોતે સંસાર રૂપ મહા અટવીમાં અટવાઇ ગયેલો છે, ભયગ્રસ્ત પરિસ્થિતિમાં લટકી રહ્યો છે, મૃત્યુ સમીપ આવી રહ્યું છે અને વિષયજન્ય સુખો માત્ર મધુબિન્દુ જેવાં છે, એ વિગેરે વાતો હૈયે જચવી જોઈએ ને? તમને કાંઈ સંસાર ઓછો પીડતો નથી, પણ વિષયજન્ય સુખોની આશામાં, વિષયજન્ય સુખોના આસ્વાદમાં તમે સંસારની પીડાઓને ગણકારતા નથી. અત્યારે તો માત્ર એક જ વાત છે ને કે–મેળવાય તેટલું મેળવો અને ભોગવાય તેટલું ભોગવો?

સદ્‌ગુરૂના આલંબનને ગ્રહણ કરાતું નથી :

મધુબિન્દુના દૃષ્ટાન્તમાં, એવી હકીકત પણ આવે છે કે–વડવૃક્ષની શાખાએ લટકી રહેલો પુરૂષ, એક દેવદંપતિ, કે જે ત્યાં થઇને વિમાનમાં પસાર થઈ રહ્યું છે, તેના જોવામાં આવે છે. એ પુરૂષની અવસ્થાને જોઇને દેવીને દયા આવે છે અને તે પોતાના સ્વામીને એ પુરૂષની રક્ષા કરવાની પ્રેરણા કરે છે. દેવીની પ્રેરણાથી દેવ વિમાનને નીચું ઉતારે છે અને પેલા પુરૂષને આલંબન આપીને વિમાનમાં લેવાને માટે હાથ લંબાવે છે. એ વખતે મધુબિન્દુઓના સ્વાદમાં લીન બનેલો પેલો પુરૂષ, દેવે આપેલા આલંબનને ગ્રહણ કરતો નથી. 'આ એક ટીપું ચાખી લઉં'–'આ એક ટીપું ચાખી લઉં'–એમ કર્યા કરે છે અને દેવને થાકીને ચાલ્યા જવું પડે છે. એ પુરૂષ રૂપ સંસારી જીવને, દયા રૂપી દેવીની પ્રેરણાથી તારવાની ઇચ્છા સદ્‌ગુરૂઓને થાય છે; સદ્‌ગુરૂઓ એને આલમ્બન

આપીને બચાવી લેવાનો પ્રયત્ન કરે છે; પણ વિષયજન્ય સુખમાં લીન બનેલો સંસારી જીવ, 'આટલું ભોગવી લઉં'–'આટલું ભોગવી લઉં'–એમ કર્યા કરે છે અને સદ્‌ગુરૂઓએ આપેલા આલમ્બનને તે ગ્રહણ કરતો નથી. આ વાત તમને કેટલે અંશે લાગુ પડે છે, તેનો વિચાર તમારે કરી લેવાનો છે. સદ્‌ગુરૂઓની પ્રેરણાને તમે ઝીલો છો કે નહિ અને સદ્‌ગુરૂઓ આલમ્બન આપે છે તેને ગ્રહણ કરો છો કે નહિ–એ વાત હું કહું, તેના કરતાં તમે જ તમારે માટે વિચારી લો, એ વધારે સારૂં છે.

ભવ ખટક્યા વિના ભ્રમણ અટકે નહિ :

તમને લાગે છે ખરૂં કે–તમે ભવાટવીમાં ભૂલા પડી ગયા છો ? ભવ નામ સંસાર એ મહા અટવી છે, એમ લાગે છે ? એક મરણ આપે એવી અટવી ખટકે છે અને અનન્તાં જન્મ–મરણોવાળી ભવાટવી, મહા ભયંકર ભવાટવી, જીવને ખટકતી નથી. કાયમ કલેશવાળી, કાયમ કાતીલ કલેશવાળી કર્કશ ભવાટવી માટે જીવને કંટાળો આવતો નથી. કેવું શોચનીય ? આ ભવાટવી ખટકે, તે પછી જ ભવભ્રમણ અટકે. એ વિના તો જીવ લટકે. ભવાટવીનું ભાન થાય, તો દાન–શીલ–તપ–ભાવને સાચી રીતિએ સેવાય અને એ દ્વારા મુક્તિને લેવાય. બેડો પાર કરનારી વસ્તુનો આ જીવ યાર બનતો નથી, તેનો પ્યાર કેળવતો નથી અને જેનાથી ખુવાર થવાનું છે તેનો યાર બને છે, એટલે માર ખાઈ રહ્યો છે. ભવને અટવી મનાઈ નથી, પછી ખટકે શી રીતિએ ? વાંધો જ અહીં છે. કલ્યાણની સાચી ભાવનાનો પ્રાદુર્ભાવ કયારે

થાય ? ભવને અટવી મનાય, એ અટવીની ભયંકરતાનો ખ્યાલ આવે ત્યારે ! ભવનો ભય લાગવો જોઈએ. એ ભય શાથી નથી લાગતો, એ ભેદ ભાગવો જોઈએ. આટલી ઉત્તમ સામગ્રી મળી છે, છતાં પણ તમે જો ભવના ભયંકરપણાને નહિ સમજો, તો તમારું થશે શું ? ભગવાન અને ભગવાનની આજ્ઞા તમારા હૈયે કયારે સ્થાપિત થઈ શકે ? ભવ ભયંકર લાગ્યા પછીથી જ ! એટલે તમે સૌથી પહેલો પ્રયત્ન એ કરો કે–ભવ ભયંકર લાગે. દેવ–ગુરૂનાં દર્શનાદિ જે કરો તે આ માટે કરો. રોજ સંસારના સ્વરૂપનું ચિન્તન કરવાનો વિચાર કરો.

સંસારમાં રહેવું ને મરણથી બચવું એ શક્ય નથી :

આમ તો તમે મૃત્યુથી ખૂબ જ ડરો છો. શું તમે એમ સમજો છો કે–અહીં જે મૃત્યુ થવાનું છે, તે પહેલ વહેલું જ થવાનું છે ? ના, તો પછી તમને મરવાનો ડર શાનો લાગે છે ? મરવાનો ડર જો સાચો હોય, તો સંસારનો ડર લાગ્યા વિના રહે ? મરણ કોને આભારી છે ? જેનો સંસાર જાય, તેનું મરણ જાય. સંસારમાં જે હોય, તે કદી પણ મરણથી બચી શકે નહિ. આપણે આ સંસારમાં આજ–કાલના નથી, ૫૦–૧૦૦ વર્ષોથી નથી, પણ અનાદિકાલથી છીએ. સંસારમાં આપણે અનન્તો કાલ વિતાવ્યો અને અનન્તાં મરણોને પામ્યા. જ્યાં સુધી આપણે સંસારમાં રહેવાના, ત્યાં સુધી તો મરવાના જ. મુક્તિમાં ગયેલા જ મરે નહિ. મુક્તિમાં ગયેલા કેમ મરે નહિ ? એમને જન્મ નથી માટે. એમને જો જન્મ હોત, તો એ પણ મરત. એમને જન્મ નથી, કારણ કે–એમને જન્માવે એવું કર્મ એમણે રહેવા દીધું નથી. એ સકલ કર્મોથી

સર્વથા રહિત બની ગયેલા છે. જન્મે તે મરે અને ન જન્મે તે જ કે જે કર્મરહિત જ હોય. તમે જન્મ્યા છો, એટલે મર્યા વિના છૂટકો થવાનો છે ? અને મર્યા પછી પણ જન્મ્યા વિના ય છૂટકો થવાનો છે ? એ જન્મમાં ય મરવાનું તો ખરું જ ને ? તો પછી મરવાનો ડર શો ? મરણના ડરને જન્મના ડરમાં કેન્દ્રિત બનાવો. જન્મથી ડરીને જન્મના ડરને કર્મના બંધના ડરમાં કેન્દ્રિત કરો. કર્મના બંધથી ડરીને સંવરને સાધી નિર્જરા કરવા માંડો. નવાં કર્મ બંધાય નહિ, બંધાય તે તરત ખપ્યા કરે અને જૂનાં કર્મોની નિર્જરા સધાય, તો કર્મરહિત-પણે મરવાનો અવસર આવે. એ રીતિએ જે મરે, તે મરીને જન્મે નહિ અને જે જન્મે નહિ તેને મરવાનું કદી પણ આવે નહિ. મરણથી આટલા બધા ડરનારા તમે, જો વિવેકમાં આવી જાવ, તો તમે ભવથી જ ડરનારા બનો, સંસારથી જ ડરનારા બનો અને તમે સમજો કે–સંસારથી છૂટ્યા વિના મરણથી છૂટાય એ શક્ય જ નથી.

મારવાથી બચો તો મરવાથી બચાય :

સંસારથી છૂટવાને માટે, જીવે અહિંસક ભાવને પેદા કરીને, એને ખૂબ ખૂબ ખીલવવો જોઇએ. મારનારો મરવાથી બચી શકતો નથી. મારવાથી બચવું, એ મરવાથી બચવા બરાબર છે. પોતાના માટે જે અન્ય કોઈ પણ પ્રાણીને મારે છે, તે વસ્તુતઃ પોતાને મારે છે અને પોતાના મરણને જ પેદા કરે છે. મરતો તે નથી, કે જે કોઈ પણ પ્રાણીને, સત્ત્વને, ભૂતને કે જીવને મારતો નથી. મરણનો ડર હોય, મરવું ન ગમતું હોય, મરણને જ મારવું હોય, તો તમે કોઈ પણ

જીવને મારો નહિ ! ન જ મારો, ભલે તમારો સ્વાર્થ હણાતો હોય, તો પણ ન જ મારો ! પોતાના સ્વાર્થને માટે બીજાના સ્વાર્થને લૂંટનારા ભવમાં ભટકનારા છે, પોતાના આત્મામાં દુઃખને ભરનારા છે, પોતાના સુખને હરનારા છે, પોતાના કુશળને તિલાંજલિ દેનારા છે. સજ્જન કે સુજ્ઞ પ્રાણી તે જ કહેવાય, કે જે બીજાના સ્વાર્થને લૂંટતો નથી. જે અહીં પોતાની થોડીશી મતલબને ખાતર બીજાના પ્રાણને, ધનને, યશને લૂંટે છે, તે અનેક જન્મોમાં પામર બનીને કંગાલ અવસ્થાને ભોગવે છે. મારવાનું બંધ કરીને જ મરવાનું બંધ કરી શકાય છે. મારવાનું બંધ કરવાને માટે, જીવો કયાં કયાં હોય છે–તે જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ, જીવોના મરણમાં કેવી કેવી રીતિએ નિમિત્ત બનાય છે–તે જાણવું જોઈએ અને શાના શાના ત્યાગથી જીવોના મરણમાં નિમિત્ત બનતાં બચાય–એ જાણવું જોઈએ. આ બધી વાતોનો જ્યારે તમને સાચો ખ્યાલ આવે, ત્યારે તમારા હૈયામાં સાધુપણાને માટે તલસાટ જાગે. પછી તમને સાધુજીવનને પામ્યા વિના ચેન પડે નહિ. એનું કારણ એ છે કે–અહિંસક ભાવનો સાચો અને પરિપૂર્ણ અમલ, એક માત્ર સાચા સાધુજીવનમાં જ થઈ શકે છે, પણ બીજે થઈ શકતો નથી. આ પણ એક પ્રકારે નિગમન છે. આજે જે વાતો કહેવાઈ, તેના નિગમન તરીકે તમને આ સાધુપણાને પામવાની વાત કહેવાઈ.

૨૦—આઠ જ્ઞાનાચાર :

કાલાદિ આઠ પ્રકારનો ચારૂ પરિકર :

આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા, સમુન્નત જયકુંજરની સરખામણીમાં આ શ્રી ભગવતીજી સૂત્રને મૂકીને, આ શ્રી ભગવતીજી સૂત્ર કેવું છે અને આ સૂત્રમાં શું શું છે, તેનો પોતાની શાસ્ત્રપ્રસ્તાવના દ્વારા ખ્યાલ આપી રહ્યા છે. જયકુંજરની સરખામણીમાં વપરાએલાં વિશેષણોમાંથી, આપણે અત્યાર સુધીમાં સત્તર વિશેષણોને જોઈ આવ્યા. અત્યાર સુધીમાં જે વિશેષણો અપાયાં છે, તે સમુન્નત જયકુંજરનાં અંગોને અંગે અપાયાં છે. હવેનાં વિશેષણોનો પ્રકાર બદલાય છે. અઢારમા વિશેષણ તરીકે ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે—

" **कालाद्यष्टप्रकारप्रवचनोपचारचारुपरिकरस्य।** "

એટલે કે—સમુન્નત જયકુંજર જેમ ચારૂ પરિકરથી યુક્ત હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ કાલ આદિ આઠ પ્રકારના પ્રવચનોપચાર રૂપ ચારૂ પરિકરે સહિત છે.

કામ લેવું હોય તો બંધન સ્વીકારવું જોઈએ :

પરિકર એટલે પરિવાર એવો અર્થ પણ થાય અને તંગ એવો અર્થ પણ થાય. જેની આજુબાજુ જે યોગ્ય રીતિએ

વિંટળાએલ હોય, તેને પણ પરિકર કહેવાય. જયકુંજરને જ્યારે શોભાને માટે કે સંગ્રામને માટે બહાર કાઢવામાં આવે છે, ત્યારે તેને શણગારવામાં આવે છે. તેમાં તેના શરીરના વચલા ભાગને તંગ કરવામાં આવે છે. હાલમાં પણ હાથીને રેશમી રંગબેરંગી પટાઓ બાંધવામાં આવે છે. એ તંગો હાથી પાસેથી હાથીનું કાર્ય લેવામાં સહાયક બને છે. એ તંગો વિના હાથી પોતાનું ધાર્યું કાર્ય આપી શકે નહિ. એ જ રીતિએ, શ્રી ભગવતીજી સૂત્ર પાસેથી ધાર્યું કાર્ય લેવું હોય, તો કાલાદિક આઠનું જે બન્ધન છે, તેને સ્વીકારવું જ જોઇએ. કાલ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવન, વ્યંજન, અર્થ અને વ્યંજનાર્થ ઉભય–એ આઠ પ્રકારે પ્રવચનોપચાર છે. આ કાલાદિ આઠને જ્ઞાનાચારો કહેવાય છે. જ્ઞાનાચાર એટલે તે આચાર, કે જે આચારનું પાલન જ્ઞાનની લેવડ અને દેવડમાં અવશ્ય કરવું જોઇએ. જ્ઞાન દેનાર અને જ્ઞાન લેનાર, બન્નેને માટે આ બન્ધન છે. આ બન્ધનને અવગણીને જ્ઞાન લઈ–દઈ શકાય નહિ. આ બન્ધનને અવગણીને, જ્ઞાનની લેવડ–દેવડ કરનારાઓ, જ્ઞાનની અશાતના કરનારા બનીને જ્ઞાનના ફલને પામનારા બની શકતા નથી.

<u>કાલિક સૂત્રો અને ઉત્કાલિક સૂત્રો :</u>

શાસ્ત્રકાર મહાપુરૂષો ફરમાવે છે કે–શ્રી આગમગ્રન્થો બે પ્રકારના છે. એક કાલિક અને બીજા ઉત્કાલિક. જે સૂત્રોના અધ્યયનાદિને માટે સમય નિશ્ચિત કરવામાં આવેલો છે, તેવાં સૂત્રોને કાલિક સૂત્રો કહેવાય છે. જેમ કે–શ્રી આચારાંગ આદિ સૂત્રોનું સૂત્રાધ્યયન પહેલી પોરિસીમાં થાય તથા છેલ્લી

પોરિસીમાં થાય અને તેનું અર્થાધ્યયન બીજી પોરિસીમાં તથા ત્રીજી પોરિસીમાં થાય, એમ નિશ્ચિત કરાએલું છે. જો પહેલી કે ચોથી પોરિસીમાં સૂત્રાધ્યયનને કરવાને બદલે અર્થાધ્યયન કરે અને બીજી કે ત્રીજી પોરિસીમાં તેના અર્થાધ્યયનને કરવાને બદલે સૂત્રાધ્યયન કરે, તો તેમ કરનાર સાધુ પાયશ્ચિત્તને પાત્ર બને, એવું મહાપુરૂષોએ ફરમાવ્યું છે. શ્રી દશવૈકાલિક આદિ સૂત્રોને ભણવાને માટે તેવા પ્રકારનું કાલ સંબંધી નિયમન નથી, એટલે એ સૂત્રોને ઉત્કાલિક સૂત્રો તરીકે ઓળખવામાં આવે છે. બીજો પણ હેતુ છે. સૂત્રોના અધ્યયન અંગે યોગોદ્વહન કરવાના હોય છે. તેમાં કાલિક સૂત્રોને અંગે કાલગ્રહણની પણ ક્રિયા વિશેષ કરવાની હોય છે. વળી તેમાં અમુક અમુક વર્ષના દીક્ષાપર્યાયની અપેક્ષા પણ રહે છે. આ શ્રી ભગવતીજી સૂત્ર, એ પણ એક કાલિક સૂત્ર છે, તેથી જેનો દશ વર્ષનો કે દશ વર્ષથી અધિક એટલો દીક્ષાપર્યાય થયો છે–એવો સાધુ, કાલગ્રહણની ક્રિયા વિશેષ કર્યા બાદ જ, આ સૂત્રને ભણી શકે છે. વિધિમાર્ગ એ છે કે–ત્યાં સુધી ગુરૂથી એ સાધુને સૂત્રદાન કરી શકાય નહિ અને એ સાધુથી સૂત્રગ્રહણ કરી શકાય નહિ. સૂત્રજ્ઞાનનું દાન કરવાના અભિલાષિઓએ અને સૂત્રજ્ઞાનના અર્થી આત્માઓએ, આ નિયમનું પણ પાલન અવશ્ય કરવું જોઇએ, કારણ કે–વિધિ બલવાન છે. આજ્ઞા એ આજ્ઞા. જેને આજ્ઞા ઉપર પ્રેમ નથી, આજ્ઞાના પાલનની દરકાર નથી, તે સૂત્રને ભણાવે કે સૂત્રને ભણે, તેમાં કાંઈ ભલીવાર આવે જ નહિ. દરેક પ્રકારની આરાધનામાં આજ્ઞા પ્રત્યેના આદરની જ પ્રધાનતા છે. એ આદર વિનાની આરાધના, આરાધના નહિ.

ચાર કાલવેલાએ સ્વાધ્યાયનો આદર :

આઠ જ્ઞાનાચારોમાં પહેલો કાલ નામનો આચાર છે. એ માટે આપણે આ વાત કરી રહ્યા છીએ. કાલિક સૂત્રોને અંગે, સૂત્રાધ્યયન તથા અર્થાધ્યયન માટે દિવસની અને રાત્રિની જે જે પોરિસીઓ બતાવવામાં આવી છે, તે તે પોરિસીઓ જ લેવી જોઇએ. આ ઉપરાંત, કાલિક સૂત્રો કે ઉત્કાલિક સૂત્રો—એના અધ્યયનને અંગે, જ્ઞાનિઓએ જે ચાર અકાલવેલાઓ કહી છે, તેનો પણ ત્યાગ કરવો જોઇએ. ચાર સન્ધ્યાઓને ભણવા અંગે ચાર અકાલવેલાઓ કહેવામાં આવે છે. એક સૂર્યોદય પહેલાંની સન્ધ્યા, બીજી સૂર્યાસ્ત સમયની સન્ધ્યા, ત્રીજી દિવસના મધ્ય ભાગ સમયની સન્ધ્યા અને ચોથી રાત્રિના મધ્ય ભાગ સમયની સન્ધ્યા. આ ચાર સન્ધ્યાઓના સમયે સ્વાધ્યાયનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ. કાલિક સૂત્રો કે ઉત્કાલિક સૂત્રો—એમાંના કોઈ પણ સૂત્રનો સ્વાધ્યાય, આ ચાર સન્ધ્યાઓના સમયમાંથી કોઈ પણ સન્ધ્યાના સમયે થઈ શકે નહિ. આ ચાર સન્ધ્યાઓમાંથી કોઈ પણ સન્ધ્યાના સમયે જે સાધુ સ્વાધ્યાય કરે છે, તેને ભગવાનની આજ્ઞાનો ભંગ આદિ દોષોની પ્રાપ્તિ થાય છે. કોઈ કારણ વિશેષે સ્વાધ્યાયના કાલનું ઉલ્લંઘન થાય, તો તે દોષને માટે થાય નહિ. જેમ કે—હૈયામાં જો વિધિબહુમાન હોય, વિધિ પ્રત્યે આદરભાવ હોય, તો અવિધિ એ દોષ રૂપ નહિ રહેતાં વિધિની જનેતા બને છે; પરન્તુ વિધિબહુમાન ન હોય, તો થોડો ય અવિધિ અજ્ઞાભંગાદિના દોષને પાત્ર ઠરે છે. એટલે આદર અને ઉપયોગ, કાલે કાલોચિત અધ્યયન કરવા તરફ તેમ જ

અકાલવેલાઓએ સ્વાધ્યાયના ત્યાગ તરફ રાખવો જોઈએ.

ભણવા છતાં નિષિદ્ધ કાલે ભણે તો વિરાધના :

નિષિદ્ધ સમયે, ભણવાના લોભે પણ ભણાય નહિ. નિષિદ્ધ સમયે તો, ભણવા છતાં પણ વિરાધના થાય. આમ સ્વાધ્યાય કરવો એ આરાધના છે, પરન્તુ નિષિદ્ધ સમયની આજ્ઞાને અવગણી, તે વિરાધના કહેવાય. એક આજ્ઞાની જાણવા છતાં વિરાધના કરે, એ આજ્ઞાની અવગણના કરે, તે બીજી આજ્ઞાને પાળવા છતાં પણ, આરાધક બને નહિ પણ વિરાધક બને. એટલે નિષિદ્ધ સમયે ભણવાના લોભે ભણવાથી પણ આરાધના નથી. આરાધકભાવ મોક્ષદાયક છે અને વિરાધકભાવ સંસારવર્ધક છે, માટે સૂત્રની આજ્ઞા તરફ ધ્યાન આપવું. કાલે નહિ ભણતાં અકાલે ભણવાથી સૂત્રની વિરાધના થવા ઉપરાન્ત, ક્ષુદ્ર દેવતા છળી પણ જાય, તેથી આત્મવિરાધના થાય તેમ જ સંયમવિરાધનાનો પણ સંભવ ખરો. હંમેશાં, દરેક કાર્યમાં, જેનો જે કાલ હોય તે કાલ જ તે કાર્યમાં ફલદાયી બની શકે છે. 'સૂત્ર જેવી વસ્તુને ભણવામાં વળી આ કાલે આમ ભણવું ને આ કાલે નહિ ભણવું, એવો નિયમ કેવો ?'–આવો પ્રશ્ન, આવો તર્ક, આવી શંકા ન કરો. સારી વસ્તુઓને માટે, વિશિષ્ટ ફળને પેદા કરનારી વસ્તુઓને માટે, કાલની અનુકૂળતા પણ આવશ્યક છે. કોઈ કોઈ મંત્રો સિદ્ધ કરવાના હોય છે, તો તેનો કાલ પણ નક્કી કરેલો હોય છે. સર્પની વિદ્યા, સર્પના ઝેરને ઉતારી દેનારો મંત્ર, કાળી ચૌદશે કે ગ્રહણાદિ સમયે સિદ્ધ કરવામાં આવે, તો સિદ્ધ થાય છે, પણ તે વિનાના સમયે તેનો અન્ય વિધિ કરવા

છતાં પણ, તેની સિદ્ધિને પામી શકાતું નથી. કાલ પણ એક દ્રવ્ય છે અને તેને પણ પાંચ સમવાયમાં એક કારણ માનવામાં આવ્યું છે. ગમે તે કાલે ભણાય એવું છે જ નહિ.

વ્યન્તર દેવો છલે છે:

અકાલે ભણવાથી, સૂત્રમાં ગુંથાએલા તથાવિધ મંત્રાક્ષરોના યોગે, વ્યન્તર દેવોની ગતિ પણ રોકાઈ જાય છે અને એના પરિણામે પણ નુકશાન થવાનો સંભવ છે. વ્યન્તર દેવો અકાલે જ ફરવાને નીકળે છે, માટે અકાલે સૂત્ર ભણવામાં વિઘ્નની સંભાવના રહેલી છે. કેવળ પાઠ માત્રથી, ઉત્થાન અને સમુત્થાન સૂત્રો, ગામને અનુક્રમે ઉંચું–નીચું કરી નાખતાં અને શાન્ત પણ કરી દેતાં. સૂત્રો એવા મંત્રાક્ષરોથી ભરેલાં પણ હોય. આવા મહિમાવાળાં સૂત્રો હોય છે અને તેવાં સૂત્રોના ઉચ્ચારણથી દેવની ગતિ પણ સ્ખલિત થાય છે અને તેથી તેઓ ખીજાય છે. એમ બનવાથી દેવો, સાધુને છળવાને છિદ્રો જોયા કરે છે. પોતાની ક્રિયામાં મસ્ત રહેનાર અપ્રમત્ત સાધુને, વ્યન્તર દેવો છિદ્ર વિના છળી શકતા નથી. વિના છિદ્રે છળવાની તાકાત વૈમાનિક દેવોની છે. પૂર્વભવનો વૈરભાવ ઇત્યાદિ કારણે, વૈમાનિક દેવો, ક્રિયારત મુનિને ય, વિના છિદ્રે પણ છળનારા બને એ શકય છે; પરન્તુ વ્યન્તરિક દેવોની તેવી તાકાત નથી. આ કારણે પણ નિષિદ્ધ સમયે સ્વાધ્યાય નહિ કરવો, એ હિતાવહ છે.

ગ્લાન સાધુની સેવામાં મારી સેવા રહેલી છે-એ ફરમાનને ભણવાના રસમાં ભૂલાય નહિ:

નિષિદ્ધ કાલે સ્વાધ્યાય કરી રહેલા એક સાધુને, ભર-

વાડણ બનીને, ઉપયોગ આપ્યાનો એક પ્રસંગ મહાપુરૂષોએ વર્ણવેલો છે. એ પ્રસંગ એવા પ્રકારનો છે કે–એક વખત એક સાધુ કાલગ્રહણ કર્યા બાદ કાલિક સૂત્રનું અધ્યયન કરી રહ્યા હતા. રાત્રિએ પણ પહેલી પોરિસીમાં મૂલ સૂત્રનું અધ્યયન થઈ શકે. સ્વાધ્યાયના રસમાં, તે સાધુને સમયની ખબર નહિ રહેવાથી, અકાલ થઈ જવા છતાં પણ તે પાઠ કરતા રહ્યા.

સાધુઓને માટે ક્રિયાઓ તથા તેના સમયો નિયત છે. સાધુએ પોતાની તમામ ક્રિયાઓ કાલે કાલે કરવાને માટે પ્રયત્નશીલ, ઉપયોગશીલ રહેવું જોઈએ. માત્ર ક્રિયાઓ કરવી –એટલું લક્ષ્ય રાખે, પણ કાલે કરવી–એવું લક્ષ્ય ન રાખે, તો ક્રિયાઓ સીદાય. વળી, અકાલે ક્રિયા કરવાથી લોકનિન્દાના પાત્ર પણ બનાય. અકાલે કરનાર પોતે લોકનિન્દાને પાત્ર બનીને શાસનની નિન્દામાં પણ કદાચ નિમિત્ત બને. દરેક ક્રિયા, કર્ત્તવ્યકાલે કરનારો જ ખરો પંડિત છે. જિનકલ્પીની તમામ ક્રિયાઓ કાલે જ થતી જાય છે, કારણ કે–તેમનો પૂર્વનો ક્રિયાભ્યાસ તેવો થઈ ગયો છે. આવી રીતિએ અપ્રમત્ત જીવને જીવવાનો પ્રયત્ન જારી રહે, તો પ્રાયઃ અકાલે ભણવાનો અવસર ન આવે. સ્વાધ્યાયના સમયે સ્વાધ્યાય કરાય અને અન્ય ક્રિયાઓના સમયે તે તે ક્રિયાઓ કરાય. કેટલાક સાધુઓ ભણવામાં એટલા બધા ગુલતાન બનેલા હોય છે કે–'મારૂં ભણવાનું બગડશે' એમ ધારીને, તેઓ વૈયાવૃત્યના સમયે પણ ભણવાનું ચાલુ રાખીને, વૈયાવૃત્યના લાભથી વંચિત રહે છે. એમ કરનારને પ્રભુના ફરમાનનું સાચું જ્ઞાન નથી, માટે તેને હિતાહિતનું ભાન નથી. એવા અવસરને માટે, ગ્લાન સાધુની સેવાની આવશ્યકતાના અવસરને માટે, પ્રભુનું એ ફરમાન છે

કે–'મારી સેવા તે કરે છે, કે જે ગ્લાન સાધુની સેવા કરે છે; ગ્લાન સાધુની સેવા નહિ કરનારો, તેનાથી દૂર ભાગતો રહેનારો, મારી સેવા કરતો નથી.' જેને પ્રભુના આ ફરમાનનું સાચું જ્ઞાન હોય અને એથી હિતાહિતનું ભાન હોય, તે સાધુ કદી પણ સ્વાધ્યાયના રસને આધીન બનીને ય, વૈયાવચ્ચની અવગણના કરે નહિ.

અમુક આજ્ઞાની લતે ચઢી બીજી આજ્ઞાઓને લોપાય નહિ :

ખરી વાત એ છે કે–સ્વાધ્યાય, જ્ઞાનાધ્યયન આદિ શા માટે છે, તે સમજવું જોઇએ. પ્રભુની આજ્ઞાનું જ્ઞાન પ્રભુની આજ્ઞાના પાલનને માટે મેળવાય, તો જ તે સાચું જ્ઞાન છે. સ્વાધ્યાય આદિ અનેક પ્રકારોથી ધર્મ થાય–એમ કહેવા છતાં પણ, નિષ્કર્ષ તરીકે તો એ જ વાત કહેવાઈ છે કે–'**आणाए धम्मो।**' ધર્મ શ્રી જિનાજ્ઞાના પાલનમાં છે. આજે કેટલાકો જ્ઞાનોપાસનાના નામે ચારિત્રાચારોને નેવે મૂકવામાં લાભ માની બેઠા છે. ગ્રહણ કરેલી મહાવ્રતાદિના પાલનની પ્રતિજ્ઞાનો ભંગ થાય છે–તેની દરકાર રાખ્યા વિના, જ્ઞાનોપાસનાને પ્રધાનતા આપી રહ્યા છે. એથી, એમની જ્ઞાનોપાસના પણ એમને માટે આજ્ઞાભંજક બનાવનારી નિવડી છે. સ્વાધ્યાય, પરોપકાર આદિ કોઈ પણ ધર્મસાધનની લત એવી નહિ લાગવી જોઇએ, કે જેથી લીધેલ પ્રતિજ્ઞાના ભંગનો, શ્રી જિનાજ્ઞાના ભંગનો પ્રસંગ આવે. એમાં આજ્ઞારૂચિ રહેવા પામતી નથી અને આજ્ઞારૂચિ ગઈ તો સર્વસ્વ ગયું એમ સમજવું. જેની આજ્ઞાને ભણીને, જાણીને, પ્રચારીને તરવું છે, તેની જ આજ્ઞાના પાલનમાં અખાડા કરવા, એ આજ્ઞાપાલકનું લક્ષણ નથી. આજ્ઞાપાલક એવો ન હોય

કે–અમુક આજ્ઞાને વળગીને બાકીની આજ્ઞાઓને લોપનારો બને. અમુક આજ્ઞાઓના પાલનને વળગીને, બાકીની આજ્ઞાઓને લોપનારો જે બને, તેને આજ્ઞાપાલક કહેવાય નહિ, પણ આજ્ઞાવિરાધક કહેવાય.

શાસનદેવતાએ ઉપયોગ દીધો :

પેલા સાધુને, સ્વાધ્યાય કરતાં કરતાં અકાલ થઇ ગયો–તેનો ઉપયોગ રહ્યો નહિ; પણ એ સાધુની ભવિતવ્યતા સારી હતી.

એ સાધુને એ રીતિએ અકાલે કાલિક સૂત્રનું અધ્યયન કરતા જાણીને, એ સ્થાનની સમીપમાં રહેલ શાસનદેવતાને વિચાર આવ્યો કે–'આ સાધુને કદાચ કોઈ વ્યંતર છળશે.' આથી, એ સાધુને વ્યન્તરના છલથી બચાવી લેવાનો, એ શાસનદેવતાએ નિર્ણય કર્યો.

એ માટે, એ શાસનદેવતાએ એક આહીરણનું રૂપ ધારણ કર્યું. આહીરણના રૂપને ધારણ કરીને, પોતાને માથે એક છાશનો ઘડો મૂક્યો. પછી એ આહીરણ છાશ વેચવાને માટે નીકળી હોય, એવો દેખાવ કર્યો.

પેલા સાધુ જ્યાં સ્વાધ્યાય કરી રહ્યા હતા, તેની નજદિકના માર્ગ ઉપર, આહીરણના રૂપને ધરીને શાસનદેવતાએ આંટા મારવા માંડ્યા અને 'કોઈ છાશ લ્યો. કોઈ છાશ લ્યો' –એમ ઉંચા સ્વરે વારંવાર બોલવા માંડ્યું. ઘડીમાં જાય, ઘડીમાં આવે અને છાશ લેવાની બૂમ પાડ્યા કરે.

એવા વારંવારના અવાજથી, પેલા સાધુના સ્વાધ્યાયમાં વિક્ષેપ પડ્યો. એથી એ સાધુએ પેલી આહીરણને પૂછ્યું કે–'આ તે કાંઈ તારો છાશ વેચવાનો વખત છે?'

એટલે ઝટ આહીરણના રૂપને ધરનારા શાસનદેવતાએ કહ્યું કે–' તમારો પણ આ શું કાલિક સૂત્રનો ઘોષ કરવાનો સમય છે?'

આહીરણે આટલું કહેતાંની સાથે જ, સાધુને અકાલ થઇ ગયાનો ખ્યાલ આવી ગયો અને તેમણે પોતાની ઉપયોગ-શૂન્યતાને માટે તથા અકાલે કરેલા સ્વાધ્યાયને માટે 'મિચ્છા મિ દુક્કડં ' દીધું.

તાત્પર્ય એ છે કે–નિષિદ્ધ કાલ અને નિયત કાલનો ઉપયોગ રાખીને, નિષિદ્ધ કાલે સ્વાધ્યાય નહિ કરવો અને નિયત કાલે કરવા યોગ્ય સ્વાધ્યાય નિયત કાલમાં જ કરવાને માટે નિશ્ચયશીલ બન્યા રહેવું. આઠ પ્રકારના જ્ઞાનાચારોમાં, 'કાલ' નામનો જે પહેલો આચાર કહેવાય છે, તે આ છે.

શાસનનો રાગ હોય તો ચતુર્વિધ શ્રીસંઘ ઉપર પણ રાગ હોય અને ભક્તિભાવ હોય :

મહાપુરૂષોએ, કાલાચારના પાલનનો ઉપદેશ આપતાં આપેલું ઉદાહરણ, કાલાચારના પાલન પ્રત્યે ઉદ્યમવંત બનવાનું તો શીખવે છે, પણ એમાંથી બીજું ય શીખવા જેવું છે. સાધુ ભૂલતા હોય, ભૂલ કરી રહ્યા હોય, તો તેમને કેવી રીતિએ બચાવી લેવા જોઇએ–તેનો સુન્દર ખ્યાલ પણ આ દૃષ્ટાન્તથી મળી રહે છે. શાસનદેવતા દેવ હોવા છતાં પણ, એને સાધુની ચિન્તા કેટલી બધી હતી? કદાચ કોઇ વ્યન્તર આ સાધુ મહાત્માને છળી ન જાય, એવી લાગણી એ દેવના હૈયામાં પ્રગટી ને? કેમ? હૈયે શાસનનો રાગ હતો અને એથી સાધુ-પણાનો રાગ હતો માટે. જેને શાસન ઉપર રાગ હોય, તેને

ચતુર્વિધ શ્રીસંઘ ઉપર પણ રાગ હોય જ. ભગવાન ઉપર જેને રાગ હોય, તેને ભગવાનના ભક્તો ઉપર પણ રાગ હોય જ. રાગ હોય–એટલું જ નહિ, પણ જેમ જેમ અધિકગુણી તેમ તેમ અધિક ભક્તિનો ભાવ–એવી દશા હોય. તમને ચતુર્વિધ શ્રીસંઘ ઉપર રાગ છે ? ભક્તિ છે ? ચતુર્વિધ શ્રીસંઘમાંની એક પણ વ્યક્તિને સીદાતી જોઈને તમારું હૈયું સીદાય, એવું હૈયું છે ? શાસનના રાગનું આ રીતિએ પણ માપ નીકળે. જેના હૈયામાં શાસનનો રાગ હોય, તેનાથી કોઈ પણ સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા સીદાય, તે ખમાય નહિ. તેમાં ય સાધુ–સાધ્વી અધિકગુણી હોવાથી, તેમના પ્રત્યે અધિકાધિક ભક્તિનો ભાવ હોય. ભક્તિનો ભાવ હોય, એટલે અવસરે રક્ષા કરવાનું મન થયા વિના પણ રહે નહિ. શાસનદેવતાના હૈયામાં ભક્તિનો ભાવ હતો, માટે એ સાધુનું રક્ષણ કરવાનો વિચાર આવ્યો અને એથી જ એ સાધુને ઉપયોગ આપવાને માટે ઉચિત ઉપાય યોજી શકાયો. સાધુની ભૂલને જોઈને, એને તિરસ્કારનો ભાવ આવ્યો નહિ, નિન્દા કરવાનું મન થયું નહિ, પણ એમની આશાતના ન થાય–એવી રીતિએ એમને એમની ભૂલનો ખ્યાલ આપવાનું મન થયું. એ ભક્તિભાવનો જ પ્રતાપ હતો કે–શાસનદેવતાએ આહીરણના રૂપને ધારણ કર્યું. તમે અથવા તો આજનાઓ, સાધુઓને ભૂલતા જોઈને અથવા તો સાધુ ભૂલ કરે છે–એમ જાણીને, કેવું કરવા તરફ ઢળો, એ તમે વિચારી લો.

વિનયના દશ પ્રકારો :

કાલાચાર પછી વિનયાચાર. જ્ઞાની, જ્ઞાન અને જ્ઞાનોપ-

કરણે, એ ત્રણેય પ્રત્યેનો વર્તાવ વિનયશીલ હોવો જોઇએ, નમ્ર હોવો જોઇએ. જ્ઞાનીમાં ગુરૂ, વિદ્યાદાતા અને વિશેષજ્ઞ, એ ત્રણેયનો સમાવેશ થાય છે. વિનયના દશ પ્રકારો છે. તેમાં પહેલો **સત્કાર** નામનો પ્રકાર છે. ગુરૂ, વિદ્યાદાતા અને વિશેષજ્ઞ–એ ત્રણેય પ્રકારના મુનિજનોનો સત્કાર કરવો, એટલે કે–તેમના ગુણોની સ્તવના કરવી તથા તેમને વંદનાદિ કરવું. બીજો પ્રકાર **અભ્યુત્થાન** નામનો છે. તેઓ આવે એટલે ઉભા થઈ જવું, એ તેઓનો અભ્યુત્થાન નામનો વિનય છે. ત્રીજો **સન્માન** નામનો વિનય એને કહેવાય કે–તેઓનું વસ્ત્ર–પાત્ર આદિ વડે પૂજન કરવું. યોગ્ય વસ્ત્ર–પાત્રાદિને લાવી આપવામાં, આ વિનયની સફલતા છે. તેઓને આદરપૂર્વક આસન આણી આપવું અને ' આ આસન ઉપર આપ પધારો ' –એમ કહેવું, એ ચોથો **આસનાભિગ્રહ** નામનો વિનય છે. તેઓના આસનને એક સ્થાનેથી લઇને અને અન્ય યોગ્ય સ્થાને સ્થાપીને, તેઓને એ આસને પધારવાનું કહેવું, એ પાંચમો **આસનાનુપ્રદાન** નામનો વિનય છે. તેઓને વિધિપૂર્વક વન્દન કરવું, એ છઠ્ઠો **કૃતિકર્મ** નામનો વિનય છે. તેઓને બે હાથ જોડીને નમન કરવું, તે સાતમો **અંજલિગ્રહ** નામનો વિનય છે. તેઓની ચેષ્ટા ઉપરથી તેઓના મનના અભિપ્રાયને જાણી લઈને તેનું **અનુસરણ** કરવું, એ વિનયનો આઠમો પ્રકાર છે. તેમની **પર્યુપાસના** કરવી, તે વિનયનો નવમો પ્રકાર છે. તેઓ ચાલતા હોય ત્યારે તેઓની સાથે અગર તેઓની આગળ નહિ ચાલતાં તેઓની **પછવાડે ચાલવું**, એ વિનયનો દશમો પ્રકાર છે. આ દશેય પ્રકારનો વિનય ગુરૂ, વિદ્યાદાતા અને વિશેષજ્ઞો પ્રત્યે પણ યથાયોગ્ય રીતિએ આચરવો જોઇએ. આવા

પ્રકારનો જ્ઞાનીનો વિનય, એ પણ બીજો જ્ઞાનાચાર ગણાય છે.

વિનય એ ધર્મનું મૂળ છે :

જેમની પાસેથી જ્ઞાન લેવાનું હોય, જ્ઞાન મેળવવાનું હોય, તેમના પ્રત્યે વિનયને આચરવામાં આત્માને ખૂબ ખૂબ કેળવવો જોઇએ. વિદ્યાદાતા ગુરૂ પરમ ઉપકરી છે, માટે તેમનાં ચરણોમાં વારંવાર ઝુકવું જોઇએ. વિનય વિના તો સામાન્ય મંત્ર પણ કયાં લેવાય છે? દુનિયાનો વ્યવહાર પણ વિનય વિના કયાં ચાલે છે? દુનિયામાં પણ જેમની પાસેથી કે જેમના દ્વારા કાંઇક મેળવવું હોય, તેને સલામ ભરવી પડે છે ને? કોઇને અરજ કરવી હોય, તો 'શેઠ સાહેબ, કૃપાનિધિ' વિગેરે માનવાચક શબ્દો લખીને, તેમને 'નમસ્કાર આદિ કરું છું'–એમ જણાવવું પડે છે અને અરજની વિગતમાં પણ નમ્રતાભરી ભાષા વાપરવી પડે છે. લૌકિક સિદ્ધિમાં પણ આટલો વિનય જરૂરી છે, તો સમ્યક્ શ્રુતના જ્ઞાનનું ઉપાર્જન કરવામાં, વિનય વિના ચાલે જ કયાંથી? અહીં તો, વિશિષ્ટ તથા નિર્દંભ વિનય જોઇએ. વિનય, એ ધર્મનું મૂળ છે. '**विणयमूलस्स**'–આ સૂત્રને સાધુઓએ દર પંદર દિવસે તો અવશ્ય યાદ કરવાનું હોય છે. જેનામાં વિનય નથી, તેનામાં ધર્મ નથી અને ધર્મ આવતો પણ નથી. વિનય હોય તો સહનશીલતા પણ આવે, એટલે સંવર પણ આવે. સંવર આવે એટલે નિર્જરા પણ આવે. નિર્જરા થવાથી કર્મરહિત થવાય અને કર્મરહિત થવાય એટલે મુક્તિ મળે. મુક્તિ મળે એટલે આત્મા અવ્યાબાધ સુખસાગરમાં શાશ્વત ઝીલ્યા કરે. આ તમામ વિનયમાં સમાએલ છે. વિનયહીનને જ્ઞાન

હોતું નથી. અનેક લબ્ધિઓના નિધાન એવા પણ ગણધર-ભગવાન શ્રી ગૌતમસ્વામીજી, વિનયમાં કચાશ આવવા દેતા નહિ. વિનય, એ એવો ગુણ છે કે–જેનો વિનય કરીએ, તેનામાં જે ગુણ હોય, તે ગુણનો આપણામાં વિકાસ થાય; તો પછી જે જ્ઞાની ગુરૂ અનેક ગુણોના નિધિ છે, તેમનો વિનય કરીએ તો કેટલો બધો લાભ થાય ? અનહદ્દ લાભ થાય. ગુરૂ જ્ઞાન આપનારા હોય, તે છતાં પણ ગુરૂથી નિરપેક્ષ બનીને જ્ઞાન-પ્રાપ્તિ કરવાને જે ઇચ્છે, તેને જ્ઞાન વિપરીત રૂપે પરિણમે. ગુરૂના વિનયથી, ગુરૂની ઇચ્છા ન હોય તો પણ, તેમનામાં રહેલી કળા આવી મળે છે. એકલવ્ય નામના ભિલ્લે, માત્ર દ્રોણાચાર્ય નામના ગુરૂની મૂર્તિની ઉપાસના કરીને, દ્રોણાચાર્યે જેને પ્રેમથી શીખવેલ એવો અર્જુન પણ ચમત્કાર પામી જાય, એવી ધનુર્વિદ્યા મેળવી હતી ને ? વિનયગુણ અભિમાનને–અહંકારને ગાળનાર છે. જ્યાં અહંકાર છે, ત્યાં વિનય નથી. અહંકારથી છૂટવું હોય, નમ્ર બનવું હોય, વિદ્યા મેળવવી હોય, તો વિનયગુણ ખૂબ ખૂબ કેળવો. કલ્યાણ ધર્મથી છે અને ધર્મનું મૂલ વિનય છે. ધર્મનાં જે જ્ઞાન અને ક્રિયા–એ બે કારણો છે, તે કારણોને વિનય વિના પામી શકાતું નથી. વિનય વિના વિદ્યા નહિ અને વિનય વિના ક્રિયા ખરી ? ક્રિયાની શુદ્ધિ, ક્રિયાનો કસ, ક્રિયાનો રસ, વિનય વિના આવે જ નહિ.

વિનય ઉપર ઉદાહરણ :

સર્વ અનર્થોનું મૂલ જેમ લોભ છે, તેમ સર્વ ગુણોનું મૂલ વિનય છે. વિનયી માટે સમ્યગ્જ્ઞાન પણ સુલભ અને સદાચાર પણ સુલભ. વિદ્યાની બાબતમાં તો, વિનયની ખાસ

પ્રધાનતા છે. શીખવનાર શીખવવાને મથે, તો ય શીખનાર વિનય વિના વિદ્યાને ગ્રહણ કરી શકે નહિ. વિનયપૂર્વક ગ્રહણ કરેલું શ્રુત જ તત્કાલ સમ્યક્ ફલને આપનારૂં થાય છે અને વિનયહીનને શ્રુત નિષ્ફલ નિવડે છે. આ વિષયમાં એક ઉદાહરણ આપવામાં આવે છે.

મહારાજા શ્રી શ્રેણિકને ચેલ્લણાદેવી નામની એક રાણી હતી, કે જે પરમ સુશ્રાવિકા હતી અને એવી પુણ્યશાલિની હતી કે–પોતાના પતિને તે સર્વ રાણીઓના કરતાં અધિક પ્રિય હતી.

એક વાર શ્રી શ્રેણિકને વિચાર થયો કે–'આ ચેલ્લણા મને સર્વ રાણીઓના કરતાં અધિક પ્રિય છે, માટે મારે આના ઉપર અન્ય રાણીઓના કરતાં અધિક પ્રસાદ કરવો જોઈએ. જો હું એક સ્તંભવાળો મહેલ કરાવું, તો તેમાં રહીને આ ચેલ્લણા વિમાનમાં રહેલી ખેચરીની જેમ સ્વેચ્છાએ ક્રીડા કરી શકે.'

આથી, શ્રી શ્રેણિકે શ્રી અભયકુમારને એક સ્તંભવાળો પ્રાસાદ બનાવવાની આજ્ઞા ફરમાવી; અને શ્રી અભયકુમારે પણ તત્કાલ એક કુશળ સૂત્રધારને બોલાવીને તે કાર્ય સુપ્રત કરી દીધું.

એ સૂત્રધાર એ મહેલને માટે જોઈતું લાકડું લેવાને માટે જંગલમાં ગયો. જંગલમાં તેણે એક પછી એક વૃક્ષને જોવા માંડયું. એમ જોતાં, તેણે એક સર્વ લક્ષણોએ સંપૂર્ણ વૃક્ષને જોયું. એ વૃક્ષ એને ગમી ગયું. એ જ વખતે એને વિચાર આવ્યો કે–'ગાઢ છાયાવાળું, ઘણું ઉંચું, ઘણાં પુષ્પો તથા ફલોથી શોભતું, મોટી શાખાઓવાળું અને મોટા થડવાળું આ વૃક્ષ, અસાધારણ કોટિનું જણાઈ આવે છે; એટલે જેવું તેવું પણ સ્થાન જો દેવતા વગરનું નથી હોતું, તો આ વૃક્ષ તો અવશ્ય

દેવાધિષ્ઠિત હોવું જોઈએ. આ વૃક્ષની શોભા જ કહી આપે છે કે—આ વૃક્ષ દેવાધિષ્ઠિત છે. આથી, આ વૃક્ષને છેદતાં પહેલાં, હું આ વૃક્ષના અધિષ્ઠાયક દેવની તપશ્ચર્યાથી આરાધના કરું, કે જેથી ન તો મને વિઘ્ન આવે કે ન તો મારા સ્વામીને વિઘ્ન આવે.'

પૂર્વકાળના સૂત્રધારો પણ કેવા હતા? ઘરમાં જો લાકડું ખરાબ આવી જાય છે, તો એ ઘરમાં રહેનાર પાયમાલ થઈ જાય છે. પહેલાંના સૂત્રધારો એ વિષયના જાણકાર હતા અને માલિક પ્રત્યે વફાદારીની ભાવનાવાળા હતા.

પછી એ સૂત્રધારે ઉપવાસ કરીને ગંધ, ધૂપ, માલા વિગેરે વસ્તુઓથી તે વૃક્ષને અધિવાસિત કર્યું. એને લઈને, એ વૃક્ષનો આશ્રય કરીને રહેલો વ્યન્તર દેવ તુષ્ટ થયો.

પોતાનું આશ્રયસ્થાન આબાદ બન્યું રહે અને શ્રી અભયકુમારની ઇચ્છા ફળે, એ માટે એ વ્યન્તર દેવે આવીને શ્રી અભયકુમારને કહ્યું કે—તું મારા આશ્રય રૂપ વૃક્ષને છેદાવીશ નહિ. તેં મોકલેલ સુથારને તું એ વૃક્ષને છેદતાં અટકાવી દે. હું તને એક સ્તંભવાળો મહેલ કરી આપીશ; એટલું જ નહિ, પણ તે મહેલને ફરતો એવો બગીચો કરી આપીશ, કે જેમાં સર્વ ઋતુઓનાં પુષ્પો અને સર્વ ઋતુઓનાં ફળો સર્વ ઋતુઓમાં મળી શકે એવાં વૃક્ષો હોય.'

શ્રી અભયકુમારે તરત જ પેલા સૂત્રધારને જંગલમાંથી પાછો બોલાવી લીધો. પછી પેલા વ્યન્તર દેવે પણ પોતાની કબૂલાત મુજબ એક સ્તંભવાળો મહેલ અને તેને ફરતો બગીચો બનાવી આપ્યો.

શ્રી શ્રેણિક તો એ મહેલને અને એ ઉદ્યાનને જોઈને

ખૂબ જ ખૂશ થઈ ગયા. તેમણે ચેલ્લણાદેવીને એ નૂતન પ્રાસાદમાં રાખી. ચેલ્લણા પણ તુષ્ટ થઈ અને પોતાને મળેલી નૂતન સામગ્રીનો ઉપયોગ તે પ્રભુભક્તિમાં અને પતિભક્તિમાં કરવા લાગી. ચેલ્લણા પોતે જ સર્વ ઋતુઓનાં પુષ્પોની માલાઓને રોજ રોજ ગુંથતી હતી અને એ માલાઓથી પ્રભુની પૂજા કરતી હતી તથા પતિના કેશપાશને પૂરતી હતી.

ધર્મને પામેલી સ્ત્રીઓ પ્રભુભક્તા અને પતિભક્તા હોય, એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. શીલગુણની સ્વામિનીઓ જ્યારે ધર્મવાસિત અન્તઃકરણવાળી બને, ત્યારે તેઓ પ્રભુ-ભક્તિમાં લીન બનવા સાથે પતિભક્તિને પણ ખીલવે.

ચેલ્લણા એ રીતિએ જ્યારે સુખવિહાર કરી રહી હતી, તેવા સમયમાં એક એવો બનાવ બનવા પામ્યો, કે જેને વિનય નામના બીજા જ્ઞાનાચારની સાથે સંબંધ છે.

એ નગરમાં એક માતંગપતિ રહેતો હતો. માતંગપતિ તો સમજ્યા ને ? ઢેડાઓનો આગેવાન. એ માતંગપતિ વિદ્યાસિદ્ધ હતો.

એ માતંગપતિની પત્ની સગર્ભા હતી. તેણીને આમ્ર-ફળ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો.

એ ઋતુ આમ્રફળની નહોતી, છતાં તેણીને એવા પ્રકારનો દોહદ ઉત્પન્ન થયો અને તેણી જાણતી હતી કે–' મારો પતિ વિદ્યાસિદ્ધ છે તથા ચેલ્લણા રાણીના ઉદ્યાનમાં સર્વ કાળે આમ્રવૃક્ષો ફલસહિત હોય છે, માટે મારો દોહદ પૂર્ણ થયા વિના રહેવાનો નથી. ' એટલે તેણીએ પોતાના પતિને પોતાના દોહદની વાત કરી.

માતંગપતિએ પહેલાં તો કહી દીધું કે–' મૂર્ખી છે ?

અત્યારે તે આમ્રફળ મળતું હશે ?' પણ જ્યારે તેણીએ ચેલ્લણા રાણીના ઉદ્યાનની વાત કરી, ત્યારે તે માતંગપતિએ તેણીને આમ્રફળોને લાવી આપવાનું કબૂલ કર્યું.

માતંગપતિ રાતના ચેલ્લણા રાણીના ઉદ્યાન પાસે આવ્યો અને બહાર રહીને જ તેણે પોતાની પાસે જે અવનામિની નામની વિદ્યા હતી, તેનો ઉપયોગ કરીને ઉદ્યાનમાં રહેલી આમ્રવૃક્ષની શાખાને પોતાના તરફ નમાવી અને કશી પણ તકલીફ વિના તેણે તે શાખા ઉપરનાં આમ્રફળોને તોડી લીધાં.

પ્રાતઃકાળે ચેલ્લણા રાણીએ જોયું, તો તેણીને આમ્રવૃક્ષોવાળી વાટિકા અપ્રીતિ ઉપજાવતી લાગી. તપાસ કરતાં જણાયું કે–કોઈ આમ્રવૃક્ષનાં ફળોને તોડીને લઈ ગયું છે. તેણીએ શ્રી શ્રેણિક રાજાને વાત કરી. શ્રી શ્રેણિકે પણ જોયું, પરન્તુ ત્યાં કોઈના ય પાદસંચારની નિશાની તેમના જોવામાં આવી નહિ.

શ્રી શ્રેણિક રાજાએ તરત જ શ્રી અભયકુમારને બોલાવ્યા, કારણ કે–શ્રી શ્રેણિકના હૈયામાં આ પ્રસંગથી એક મોટી ચિન્તાએ પ્રવેશ કર્યો. શ્રી શ્રેણિકને એવી ચિન્તા થઈ પડી કે–'જે ચોર આવી અતિશય અમાનુષી શક્તિને ધરાવતો હોય, તે કોઈ વાર ધારે તો અન્તઃપુરમાં પણ પ્રવેશ કરી શકે.'

શ્રી અભયકુમાર આવ્યા, એટલે તરત જ શ્રી શ્રેણિકે આમ્રફળના ચોરને પકડી લાવવાની આજ્ઞા કરવાની સાથે, પોતાના હૈયામાં પેદા થવા પામેલી ચિન્તાને પણ કહી બતાવી.

શ્રી અભયકુમાર મહા બુદ્ધિનિધાન હતા. શ્રી શ્રેણિકની સેવા કરવામાં, પિતૃભક્તિ કરવામાં, તેમણે કદી પણ પાછી પાની કરી નથી. શ્રી અભયકુમારનું જીવન વાંચો, જાણો, તો તમને

જેમ તેમની બુદ્ધિમત્તા આશ્ચર્ય ઉપજાવે, તેમ તેમની પિતૃ-ભક્તિ પણ આશ્ચર્ય ઉપજાવે અને તેમની આરાધનાની ભાવના પણ આશ્ચર્ય ઉપજાવે. કોઇથી પણ નહિ ઠગાય એવા તે, વેશ્યાના ધર્મછલથી ઠગાયા હતા, એ પણ તેમની ધર્મ-શીલતાનું જ એક મોટામાં મોટું પ્રતીક છે. અને પિતાની જે જે ઇચ્છાઓને એમણે પૂરી કરી છે, તે પણ પ્રાયઃ એ જ કરે–એમ કહી શકાય.

પિતા શ્રી શ્રેણિકની આજ્ઞાને સાંભળી લઇને, શ્રી અભય-કુમારે કહ્યું કે–'એ ચોરને થોડા જ વખતમાં પકડી લાવીને આપને સોંપવાની હું ખાત્રી આપું છું.'

આ પછીથી, પોતાની આ પ્રતિજ્ઞાને પૂર્ણ કરવાને માટે, રાતે અને દિવસે, શ્રી અભયકુમારે એ બગીચાની આસપાસ તેમ જ આખા ય નગરમાં પરિભ્રમણ કરવા માંડયું; પણ કયાંયથી ચોરનો પત્તો લાગ્યો નહિ. કોઈ ઠેકાણે કેરીનાં છોડીયાં કે ગોટલો પડેલો પણ જણાયો નહિ; કેમ કે–પેલો માતંગપતિ બાહોશ હતો. એને ખબર હતી કે–રાજાનો કેવો મોટો ગૂન્હો તે કરી ચૂકયો છે અને જો તે પકડાઈ જવા પામે, તો તો પછી તે પોતાની પત્નીના મોંઢાને જોવાને માટે પણ જીવતો ઘરે આવી શકે નહિ.

શ્રી અભયકુમારે કહેલી કથા :

જ્યારે કોઈ રીતિએ ચોર પકડાયો નહિ, ત્યારે બુદ્ધિ-નિધાન શ્રી અભયકુમારે એક યુક્તિ અજમાવી.

કેટલાક દિવસો થયાં નગરજનો એક સ્થલે નાટારંભ કરાવી રહ્યા હતા. એ નાટારંભને જોવાને અને સાંભળવાને

માટે, નગરજનો ઘણી જ મોટી સંખ્યામાં એકઠા થતા હતા. શ્રી અભયકુમાર પણ એક વાર એ સ્થાને ગયા.

નગરજનોએ તો તરત જ તેમને ઉચ્ચ આસને બેસાડ્યા. શ્રી અભયકુમારે કહ્યું કે–'હે નગરજનો! નટો આવી પહોંચે ત્યાં સુધીમાં હું તમને એક કથા કહું છું.' આમ કહીને, શ્રી અભયકુમારે કથા કહેવા માંડી.

વસંતપુર નામનું એક નગર હતું. તે નગરમાં જીર્ણ નામે એક મહા નિર્ધન શેઠ વસતો હતો. તેને એક કન્યા હતી અને તે મોટી ઉંમરની થઈ હતી, પણ તેણીને માટે કોઈ સારો વર મળતો નહોતો. આથી તે કન્યાએ રોજ કામદેવની પૂજા કરવી શરૂ કરી. કામદેવની પૂજા કરવામાં પુષ્પો તો જોઇએ જ અને પુષ્પોને ખરીદી લાવે તેટલું પણ ધન તેણીની પાસે હતું નહિ, એ કારણે તેણીએ રોજ કોઈ એક ઉદ્યાનમાંથી પુષ્પોને ચોરી લાવવા માંડ્યાં.

હવે તે ઉદ્યાનના પાલકને ખબર પડી ગઈ કે–કોઈ રોજ આવીને પુષ્પોને ચોરી જાય છે. આથી, તેણે એ ચોરને પકડી પાડવાનો નિશ્ચય કર્યો અને એથી તે એક સ્થલે સ્થિરપણે સંતાઈ રહ્યો.

રોજના નિયમ મુજબ, પેલી કન્યા તો ઉદ્યાનમાં આવી અને છૂપી રીતિએ પુષ્પોને ચુંટવા લાગી. ઉદ્યાનપાલકે તેણીને જોઇ અને તેણીને જોતાંની સાથે જ ચોરને પકડી પાડવાનો તેનો ભાવ ભાગી ગયો; કારણ કે–બાળા અતિશય રૂપવતી હતી અને એથી તેણીને જોઇને તે ઉદ્યાનપાલક કામાતુર બની ગયો હતો.

ઉદ્યાનપાલક કામાતુર બનીને તે બાળાની પાસે આવ્યો

અને ધ્રૂજતાં ધ્રૂજતાં તે બાળાને પકડી લીધી. આ ધ્રૂજારી ભયની નહોતી, પણ કામની હતી. ભયભીતેય ધ્રૂજે અને કામતુરેય ધ્રૂજે.

બાળાને પકડીને ઉદ્યાનપાલકે કામભોગની માગણી કરી અને 'તે સિવાય તને હું છોડીશ નહિ'—એમ પણ કહ્યું.

તે વખતે કન્યાએ કહ્યું કે—'તું મને અડ નહિ. મને છોડી દે, કારણ કે—હું હજુ કુમારિકા છું અને તેથી પુરૂષના સ્પર્શને યોગ્ય નથી.'

માળીએ તરત જ તેણીને છોડી તો દીધી, પણ તે પહેલાં તેણીની પાસે માળીએ એવું કબૂલ કરાવ્યું કે—પરણ્યા પછીથી તેણીએ સૌથી પ્રથમ વારનો સંભોગ તે માળીની સાથે કરવો.

તમને ખ્યાલ આવે છે કે—એ કાળના વ્યભિચારી પુરૂષો પણ, કન્યાઓના શીલનું ખંડન તો નહિ જ કરતા હોય? આજે શું થાય છે અને કેમ થાય છે, તે કહેવાની જરૂર નથી.

માળીની પાસેથી છૂટીને એ કન્યા પોતાને ઘરે ગઈ. થોડા જ વખતમાં કોઈ ઉત્તમ જનની સાથે તેણીનું લગ્ન થયું. એ જ્યારે પરણીને પહેલી જ વાર પોતાના પતિના વાસગૃહમાં ગઈ, ત્યારે તેણીએ પોતાના પતિને કહ્યું કે—'હે આર્યપુત્ર! મેં એક માળીની પાસે પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે કે—પરણ્યા પછીથી મારે પ્રથમ સંગ તેની સાથે કરવો. હું તેની સાથે વચનથી બંધાઈ ગયેલી છું, માટે જો આપ મને આજ્ઞા આપો, તો હું એક વાર તેની પાસે જઈ આવું. પછીથી તો, સદાને માટે હું આપને જ આધીન રહીશ.'

આ વાતને સાંભળીને, તેણીનો પતિ ગુસ્સે થતો નથી. એ તો વિસ્મિત જ બની જાય છે. એ વિચાર કરે છે કે—

'આ બાળા કેવા શુદ્ધ હૃદયવાળી છે અને પોતાની પ્રતિજ્ઞાની કેવી પાલક છે?' અને આવો વિચાર કરીને તે, પોતાની તાજી પરણેલી સ્ત્રીને, તેણીની પ્રતિજ્ઞાને પૂર્ણ કરવાને માટે જવાની આજ્ઞા આપે છે.

હવે તે બાળા ઘરમાંથી નીકળીને પેલા માળીની પાસે જવાને નીકળે છે. તેણીએ કિંમતી વસ્ત્રો પહેરેલાં છે તેમ જ ભારે આભૂષણોને પણ ધારણ કરેલાં છે. રસ્તામાં તેણીને ચોરોનો ભેટો થાય છે. ચોરો કહે છે કે–'બધાં આભૂષણો ઉતારી આપ, નહિ તો અમે તને લૂંટીને પણ લઈ લઈશું.'

એ બાળા, આ ચોરોને પણ પેલા માળીની સાથે થયેલા કરારની વાત કહે છે અને તેના અન્તમાં જણાવે છે કે–'એક વાર તમે મને એ માળીની પાસે જઈ આવવા દો. હું આવું એટલે તમે ખૂશીની સાથે મારાં આભૂષણોને લઈ લેજો.'

ચોરોને પણ લાગ્યું કે–'આવી સત્ય પ્રતિજ્ઞાવાળી બાઈ જુઠ્ઠું બોલે નહિ, માટે હમણાં આને જવા દો અને આ જ્યારે પાછી વળશે ત્યારે આપણે આનાં આભૂષણોને લઈ લઈશું.'

આમ ચોરોની પાસેથી છૂટીને તે બાળા જ્યાં આગળ ચાલી, ત્યાં થોડેક દૂર જતાં તેણીને એક માનવભક્ષી અને ક્ષુધાતુર એવા રાક્ષસે જોઈ અને રૂંધી. રાક્ષસ તેણીનું ભક્ષણ કરી જવાને માગતો હતો.

એ બાળાએ રાક્ષસને પણ પોતાની બધી હકીકત કહી સંભળાવી અને કહ્યું કે–'હાલ તો તું મને જવા દે. તારે મારું ભક્ષણ કરવું હોય, તો હું વળતી વેળા આવું ત્યારે તું મારું ભક્ષણ કરજે.'

રાક્ષસે પણ વિસ્મિત બનીને તેણીને આગળ જવા દીધી. એમ કરતાં કરતાં, તે બાળા પેલા ઉદ્યાનમાં પહોંચી ગઈ. ઉદ્યાનમાં માળી તો ઉંઘી ગયેા હતો, પણ તેને આ બાળાએ જગાડ્યો. માળીને જગાડીને બાળાએ કહ્યું કે–' તમારા ઉદ્યાનમાંથી જે બાળા રોજ પુષ્પોને ચોરી જતી અને જેણે પરણીને પ્રથમ સંભોગને માટે તમારી પાસે આવવાનું કબૂલ કર્યું હતું, તે હું નવોઢા, મારા વચનનું પાલન કરવાને માટે અહીં તમારી પાસે આવી છું. '

માળી તો આવાં વચનોને સાંભળીને ચકિત જ થઈ ગયેા. તે વખતે એ કામાતુર બન્યેા હતો, પણ અત્યારે તે કામાતુર નહોતો. આ વખતે તેનામાં કામને પ્રગટતો તેના ગુણગ્રાહી સ્વભાવે અટકાવ્યેા. તેને થયું કે–' આ તો ગજબની સત્ય પ્રતિજ્ઞાવાળી છે. આ તો મહા સતી. આને તો મારાથી સ્પર્શાય પણ નહિ. ' આવા વિચારથી, એ માળી એ બાળાને, જાણે પોતાની માતાને નમતો હોય તેમ નમ્યેા અને પાછા જવાની રજા આપી.

ત્યાંથી નીકળીને એ બાળા, પોતે જે માર્ગે ઘરેથી અહીં સુધી આવી હતી, તે જ માર્ગે ઘરે જવાને માટે નીકળી. રસ્તામાં રાક્ષસ તેણીની રાહ જોઈને જ ઉભેા હતો. રાક્ષસની પાસે તે પહોંચી, એટલે રાક્ષસે પૂછ્યું કે– ' સાચું બોલ, શું કરી આવી ? ' આ વાત જ એવી હતી કે–શું બન્યું તે જાણવાની ઈચ્છા થયા વિના રહે નહિ. બાળાએ જે બન્યું હતું તે જ કહ્યું. એ સાંભળતાં રાક્ષસને થયું કે– ' આવી સત્ય પ્રતિજ્ઞાવાળી મહા સતીને હું કેમ મારી નાખું ? શું હું પેલા માળીથી પણ હીણેા છું ? ' આથી રાક્ષસે પણ, તેણીનું ભક્ષણ કરવાને બદલે, તેણીને પોતાની સ્વામિનીને જે

પ્રકારે પ્રણામ કરે તે પ્રકારે પ્રણામ કર્યા અને ચાલી જવાનું કહ્યું.

આગળ ચાલતાં, પેલા ચોરોની પાસે તે પહોંચી; અને કહ્યું કે–'હવે તમારે આ અંગ ઉપરથી જે કાંઈ પણ આભૂષણો જોઈતાં હોય, તે લઈ લો.'

ચોરોએ કહ્યું કે–'એ તો અમે લઇએ છીએ, પણ તે પહેલાં તું એ કહે કે–'તું જ્યાં ગઈ હતી, ત્યાં શું શું બન્યું?'

આથી એ બાળાએ, માળી સંબંધી અને રાક્ષસ સંબંધી જે કાંઈ બન્યું હતું, તે અથેતિ એ ચોરોને કહી સંભળાવ્યું. માળીના અને રાક્ષસના વૃત્તાન્તોને સાંભળવાથી, ચોરોના હૈયા ઉપર પણ સુન્દર અસર થવા પામી. એટલે ચોરોએ એ બાળાને કહ્યું કે–'ભદ્રે! તું અહીંથી પણ સુખે ચાલી જા. એ માળીથી અને એ રાક્ષસથી અમે કાંઇ હીણા નથી કે–એમણે તને છોડી દીધી અને અમે તને છોડી દઇએ નહિ. તું તો અમારી બેન છો. અમે તને પગે લાગીએ છીએ.'

એ કાળમાં ચોરો ય હતા, વ્યભિચારીઓ પણ હતા અને રાક્ષસો ય હતા, છતાં પણ એ બધાનાં હૈયાં કેવાં કુણાં હતાં, તે સમજાય છે? બરાબ કામ કરવાને નીકળેલા હોવા છતાં ય, બરાબ કામ કરનારા હોવા છતાં ય, એક–બીજાના સારાપણાની હરિફાઈ કરવાની વૃત્તિ એ લોકોમાં હતી, એવું દેખાઈ આવે છે ને? એટલે બરાબ કામ કરવા છતાં ય, એમને બરાબ કામ કરવું ગમતું તો નહિ જ હોય, એમ લાગે છે ને? આજે શાહુકાર થઈને ફરનાર, શાહ કહેવડાવનાર, સજ્જન તરીકે પોતાને ઓળખાવનારમાં પણ બીજાના સારાપણાની હરિફાઈ કરવાની વૃત્તિ કેટલી હશે? કદાચ એવાઓની સંખ્યા મોટી હશે, કે જેઓ દેખાવમાં સારાં કામ કરતા

હોય અને હૈયામાં બરાબર કામોને કરવાની વૃત્તિ હોય. ફેર કેટલો? પેલાઓમાં બરાબર કામો કરવા છતાં પણ સારાપણાની હરિફ્ફાઈ કરવાનું મન થાય એવું હૈયું અને આજના અમુકોમાં સારાં કામો કરવા છતાં પણ બરાબર કામો કરવાની વૃત્તિ રહ્યા કરે એવું હૈયું! આથી જ, આજનાઓ નિન્દક સ્વભાવના બની ગયા છે. કોઈના ય સારા કામની વાત આવે, એટલે કહી દે કે–એ છૂપાં કામ કેવાં કરે છે, તેની બબર છે! જો સારાપણાની હરિફ્ફાઈ કરવાની વૃત્તિ હોય, તો આવું બોલાય?

પેલી બાળા નિર્વિઘ્નપણે પોતાના પતિની પાસે પહોંચી ગઈ. એનો પતિ તો રાહ જ જોઈ રહ્યો હતો. એ આવી પહોંચી, એટલે એના પતિએ એને પૂછ્યું કે–'શું બન્યું?'

બાળાએ માળીની હકીકત પણ કહી અને રસ્તામાં બનેલી રાક્ષસની તથા ચોરોની ઘટનાવાળી હકીકત પણ કહી. એનો પતિ, એના વચનને ખોટું માને–એવું હતું જ નહિ. બધી વાતને સાંભળીને, એનો પતિ ખૂશ ખૂશ થઈ ગયો. આવી પત્ની મળવા બદલ પોતાને ભાગ્યશાલી માનવા લાગ્યો. બન્નેએ આખી રાત આનન્દમાં વ્યતીત કરી અને પ્રાતઃકાળે એ પુરૂષે એ બાઈને પોતાના સર્વસ્વની સ્વામિની બનાવી દીધી.

આ રીતિએ, શ્રી અભયકુમારે નગરજનોને કથા કહી સંભળાવી. શ્રી અભયકુમાર અહીં કાંઈ નાટારંભ જોવાને આવ્યા નહોતા કે કથા કહેવાને પણ આવ્યા નહોતા, પરન્તુ પોતે પોતાના પિતાની પાસે જે પ્રતિજ્ઞાને ગ્રહણ કરી હતી, તેની પૂર્ણતાને પામી શકાય–તેવો કોઈ ઉપાય જડી આવે, તો પોતાને નિરાંત વળે, એ માટે જ શ્રી અભયકુમાર અત્રે આવ્યા હતા. એમણે નગરજનોને જે આ કથા કહી સંભળાવી, તે

પણ એ જ હેતુને સિદ્ધ કરવાના આશયથી સંભળાવી હતી.

ચોરને શોધી કાઢ્યો ને પકડ્યો :

આથી, કથાને કહી રહ્યા બાદ, નગરજનોને ઉદ્દેશીને શ્રી અભયકુમારે પૂછ્યું કે–'તમને મેં જે કથા કહી, તેમાં સર્વથી વધારે દુષ્કર કાર્ય કર્યું કોણે કહેવાય ? એ બાળાના પતિએ, ચોરેએ, રાક્ષસે કે માળીએ ? તમે આ બાબતનો વિચાર કરીને જવાબ દો.'

આવા પ્રસંગોમાં, જવાબ દેનારાના હૈયાના વલણને, જવાબમાં કહેવાએલી વાત ઉપરથી પારખી શકાય છે. નગરજનોમાં જે લોકો ઇર્ષ્યાવાળા હતા, પોતાની પત્ની કોઈની ય પાસે જાય તે ખમી શકે નહિ–એવા સ્વભાવના જે લોકો હતા, તે લોકોએ શ્રી અભયકુમારના પ્રશ્નના જવાબમાં કહ્યું કે–' એ ચારમાં સર્વથી વધુ દુષ્કર કાર્ય તો તેના પતિએ કર્યું કહેવાય, કારણ કે–પોતાની નવોઢા પત્નીને અંગે સ્પર્શ પણ કર્યો નહોતો, તે છતાં ય તેણીને અન્ય પુરૂષની પાસે જવા દીધી.'

નગરજનોમાં જે લોકો એવા સ્વભાવના હતા કે–જ્યારે પોતે ભૂખ્યા થયા હોય, ત્યારે ગમે તેનું ગમે તેવું હોય તો પણ ખાઈ ગયા વિના રહે નહિ, તેઓએ શ્રી અભયકુમારના પ્રશ્નના જવાબમાં કહ્યું કે–' સર્વથી વધુ દુષ્કર કાર્ય કરનાર તો રાક્ષસ જ ગણાય, કારણ કે–તે ક્ષુધાતુર હતો, તે છતાં પણ તેણે તે બાળાનું ભક્ષણ કર્યું નહિ અને તેણીને છોડી દીધી.'

નગરજનોમાં જે લોકો વ્યભિચારી હતા, તેઓએ શ્રી અભયકુમારના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું કે–' સર્વથી વધુ દુષ્કર કાર્ય કરનાર તરીકે તો માળીને જ ગણી શકાય, કારણ

કે–તેણે તેની પાસે રાત્રિના સમયે સ્વયમેવ ચાલી આવેલી યુવાન, સ્વરૂપવતી અને નવોઢા રમણીને ભોગવી નહિ.'

આમાં કોઇએ ચોરની પ્રશંસા તો કરી જ નહિ; સર્વથી વધુ દુષ્કર કાર્ય ચોરોએ કર્યું છે–એમ કોઇએ કહ્યું નહિ; એ પેલા માતંગપતિથી સહન થયું નહિ. એટલે માતંગપતિએ શ્રી અભયકુમારના પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે–' જે ચોરોએ સુવર્ણથી લદાએલી બાળાને લૂંટ્યા વગર જ જવા દીધી, તે ચોરો જ સર્વથી વિશેષ દુસ્કર કાર્યને કરનારા ગણાવા જોઇએ.'

શ્રી અભયકુમારને આટલું જ કામ હતું. ચોરોને કોણ વખાણે છે, એ જ શ્રી અભયકુમારને જાણવું હતું અને જેઓ ચોરોને વખાણે, તેઓમાંથી જ પોતાને આમ્રફળના ચોરને પકડી પાડવો હતો. ચોરોની એવી પ્રશંસા કરનારો તો એક જ નીકળ્યો, એટલે શ્રી અભયકુમારને સરલતા થઈ પડી.

શ્રી અભયકુમારે તરત જ એ માતંગપતિને પકડી લીધો અને પૂછ્યું કે–' તેં આમ્રફળોની ચોરી શી રીતિએ કરી?'

માતંગપતિએ તરત જ કહ્યું કે–' વિદ્યાના બળથી.'

પછી એ માતંગપતિને, શ્રી અભયકુમાર, શ્રી શ્રેણિકની પાસે લઈ આવ્યા અને સર્વ વૃત્તાન્ત પિતા રાજાને કહી સંભળાવ્યો.

વિનય વિના વિદ્યા નહિ :

શ્રી શ્રેણિકે કહ્યું કે–' સામાન્ય પણ ચોરની ઉપેક્ષા થઈ શકતી નથી, તો પછી આ તો ઘણો શક્તિમાન ચોર છે; માટે આની ઉપેક્ષા નહિ કરતાં, આનો નિઃસન્દેહપણે નિગ્રહ જ કરવો જોઇએ.'

એ વખતે શ્રી અભયકુમારે શ્રી શ્રેણિક મહારાજાને

વિનંતિ કરી કે–‘ પહેલાં તો આપ આની પાસે જે વિદ્યા છે, તેને ગ્રહણ કરી લો અને પછીથી, આપને જેમ કરવું યોગ્ય લાગે તેમ કરજો.’

શ્રી શ્રેણિકને શ્રી અભયકુમારની વિનંતિ વ્યાજબી લાગી, એટલે રાજાએ પેલા માતંગપતિને પોતાની સામે બેસાડ્યો અને તેને જે વિદ્યા આવડતી હતી, તે બોલવાનું કહ્યું.

માતંગપતિએ પોતાને આવડતી વિદ્યા બોલીને આપવા માંડી, પણ રાજાના હૃદયમાં તે સ્થિર થઈ શકી નહિ. ફરી ફરી તેમ કરવા છતાં પણ, રાજાના હૃદયમાં વિદ્યા સ્થિર થઈ શકી નહિ, કારણ કે–રાજા સિંહાસન ઉપર બેઠા હતા અને વિદ્યાદાતા માતંગપતિ નીચે બેઠો હતો. એમ બેસવાથી વિદ્યાદાતાનો અવિનય થતો હતો અને વિદ્યાદાતાનો અવિનય થતો હોવાથી એવી વિદ્યા રાજાના હૃદયમાં સ્થિર થઈ શકે નહિ, એ સ્વાભાવિક છે.

પરન્તુ, શ્રી શ્રેણિકને તો એમ જ લાગ્યું કે–‘ આ માતંગપતિ જ કાંઈક લૂચ્ચાઈ કરે છે.’ આથી તેનો તિરસ્કાર કરવા પૂર્વક શ્રી શ્રેણિકે તેને કહ્યું કે–‘ તારામાં કાંઈક પણ કપટભાવ છે અને એથી જ તારી કહેલી વિદ્યા મારા હૃદયમાં સંક્રમિત થતી નથી.’

એ વખતે, બુદ્ધિનિધાન શ્રી અભયકુમારે કહ્યું કે–‘ દેવ ! અત્યારે તો આ આપનો વિદ્યાગુરૂ છે અને જેઓ ગુરૂનો વિનય કરે તેઓને જ વિદ્યા સ્ફુરે છે પણ ગુરૂનો અવિનય કરનારને વિદ્યા સ્ફુરતી નથી. એટલે આપ આપના સિંહાસન ઉપર આ માતંગપતિને બેસાડો અને આપ જમીન ઉપર તેની સામે હાથ જોડીને બેસો. એમ કરવાથી આપને જરૂર

વિદ્યા આવડશે.'

શ્રી શ્રેણિક પણ સમજી હતા. તરત જ તેમને વિદ્યામાં વિનય અવશ્ય જોઇએ, તે વાતનો ખ્યાલ આવી ગયો. તેમણે સિંહાસન ઉપરથી ઉતરીને શ્રી અભયકુમારે કહ્યા મુજબ કર્યું.

પછી સિંહાસને બેસાડેલા માતંગપતિના મુખેથી, રાજાએ એક ઉન્નામિની નામની અને બીજી અવનામિની નામની– એમ બે વિદ્યાઓને સાંભળી અને જેવી સાંભળી તેવી જ એ બે વિદ્યાઓ રાજાના હૈયામાં વસી ગઈ.

હવે શ્રી અભયકુમારે શ્રી શ્રેણિકને 'વિદ્યાદાતા ગુરૂને તો કોઈ પણ સંયોગોમાં મરાય નહિ'–એ વાતનો ખ્યાલ આપ્યો અને વિદ્યાદાતા ગુરૂ પ્રત્યેના બહુમાનભાવને લક્ષ્યમાં રાખીને શ્રી શ્રેણિકે પણ તરત જ એ માતંગપતિને મુક્ત કરી દીધો.

વિનય પોતાના જ ભલાને માટે :

આ ઉદાહરણ ઉપરથી તમે સમજી શકયા હશો કે– જ્ઞાનના અર્થી આત્માઓએ જ્ઞાનીનો વિનય કરવામાં કચાશ રાખવી, તે પોતાના જ્ઞાનોપાર્જનમાં જ કચાશ રાખવા બરાબર છે. જેઓ જ્ઞાનની મહત્તાને અને અજ્ઞાનની વિડમ્બનાને સમજે છે, તેઓ તો કદી પણ વિદ્યાદાતા ગુર્વાદિક પ્રત્યે અવિનયને આચરવાનો વિચાર સરખો ય કરે નહિ. ખરી રીતિએ તો, જ્ઞાનના અર્થિઓએ ગુરૂનો, વિદ્યાદાતાનો અને વિશેષજ્ઞનો જે યથાયોગ્ય રીતિએ વિનય કરવાનો છે, તે એકાન્તે પોતાના ભલાને માટે જ કરવાનો છે. વિનયને આચરનારાઓ, બીજાને વિનયને આચરવાનું શીખવવાના ફલને પણ પામી શકે છે.

જ્ઞાનનો વિનય :

જ્ઞાનીના વિનયની વાત થઈ ગઈ. હવે જ્ઞાનના વિનયની વાત કરીએ. જ્ઞાનીના વિનયમાં પણ જ્ઞાનનો જ વિનય છે, પરન્તુ જ્ઞાનનો પૃથક્ વિનય પણ હોય છે. જ્ઞાનીનો વિનય જ્ઞાનના અર્થિએ કરવાનો હોય છે, જ્યારે જ્ઞાનનો વિનય તો જ્ઞાનીએ પણ કરવાનો હોય છે. જેઓ જ્ઞાનોપાર્જનનો પ્રયત્ન કરી રહ્યા હોય, ભણતા હોય, તેમને બની શકતા દરેક પ્રકારે ભણવાની અનુકૂળતા કરી આપવી જોઇએ. ભણવાને માટે તેમને સારી રીતિએ શોધીને શુદ્ધ કરેલા ગ્રન્થોનું સમર્પણ કરવું જોઇએ. સૂત્રની તથા અર્થની જે પરિપાટી હોય, તેનું તેમને પ્રદાન કરવું જોઇએ અને પ્રદાન કરાવવું જોઇએ. તેમને આહારની તેમ જ ઉપાશ્રય આદિની અનુકૂળતા પણ કરી આપવી જોઇએ. આ બધું, સાધુઓએ સાધુઓને માટે કરવાનું છે. ભણવું એ ય જ્ઞાનનો વિનય છે અને ભણાવવું એ ય જ્ઞાનનો વિનય છે. ભણનારને મદદ કરવામાં પણ જ્ઞાનનો વિનય છે. શ્રાવકોએ પણ જ્ઞાનનો વિનય કરવાનો હોય છે. જ્ઞાનીના વિનયની વાત જે થઈ ગઈ, તેમાં શ્રાવકોએ પણ પોતપોતાને ઉચિત રીતિએ જ્ઞાની ગુરૂઓનો વિનય આચરવો જ જોઇએ. આ ઉપરાન્ત, જ્ઞાનનો વિનય આચરવાને માટે, શ્રાવકોએ શ્રી ઉપધાન આદિ તપ કરવા અને કરાવવા પૂર્વક, શ્રાવકો જે સૂત્રોને અને જે સૂત્રાર્થોને ભણી શકે છે, તે સૂત્રોનો તથા સૂત્રાર્થોનો પોતે પણ અભ્યાસ કરવો જોઇએ અને અન્યોને પણ અભ્યાસ કરાવવો જોઇએ. સાધુઓને તેમ જ શ્રાવકોને જ્ઞાનાધ્યયન કરવામાં જે જે રીતિએ સહાયક બની શકાય તેમ

હોય, તે તે રીતિએ સહાયક બનવામાં ઉપેક્ષા નહિ સેવવી જોઇએ. આજે શ્રી ઉપધાન તપ કરીને જ ભણવું એ બાબતમાં અને ધાર્મિક શિક્ષણને મેળવવાની બાબતમાં શ્રાવક–શ્રાવિકા વર્ગ ઘણો જ પછાત પડી ગયો છે અને પછાત પડતો જાય છે; જ્યારે સાધુ–સાધ્વીઓમાં ભણવા–ભણાવવાનું આમ દેખીતી રીતિએ વધતું દેખાય છે, પરન્તુ જ્ઞાનોપાર્જનના અને જ્ઞાનદાનના વિધિ તરફનું દુર્લક્ષ્ય બહુ વધતું જાય છે. આ તો પ્રસંગ પ્રાપ્ત થયો, એટલે સૂચના કરી દીધી. તમે તમારે લગતી વાત અને સાધુ–સાધ્વી પોતાને લગતી વાત આટલી સૂચના માત્રમાં સમજી જાય, એ જ સારું છે. સૌએ એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે–આ જે કાંઈ કરવાનું છે, તે કેવળ પોતાના જ આત્મકલ્યાણને માટે કરવાનું છે.

જ્ઞાનોપકરણોનો વિનય :

જ્ઞાનોપકરણોનો વિનય પણ, જ્ઞાની અને જ્ઞાનના અર્થી માટે આવશ્યક જ છે. સૂત્રાદ્વિક ગ્રન્થોને લખવા, લખવવા; તે ગ્રન્થોને શોધી–શોધાવીને શુદ્ધ બનાવવા; તે ગ્રન્થોના રક્ષણની વ્યવસ્થા કરવી; તે ગ્રન્થોને સુગંધી દ્રવ્યોથી સારા રાખવા; એ વિગેરે જેમ જ્ઞાનોપકરણોનો વિનય ગણાય છે, તેમ પાટી, સાંપડો, કાગળ, પેન્સીલ, શાહી, શાહીનું ઉપકરણ–એ વિગેરેની બરાબર જાળવણી કરવી, એ પણ જ્ઞાનોપકરણોનો વિનય ગણાય છે. જ્ઞાનનાં સાધનોનું સંરક્ષણ કરવું, તેની સંવૃદ્ધિ કરવી, તેનો બધી જીવોમાં પ્રચાર કરવો, એ વિગેરે પણ જ્ઞાનોપકરણનો વિનય ગણાય છે. આજે જ્ઞાનોપકરણોની આશાતના તો ઘણી જ વધતી જાય છે, એમ

કહીએ તો ચાલે. પેન, પેન્સીલને મોંઢામાં નાંખવાથી જ્ઞાનની આશાતના થાય છે. કાગળ વિગેરે પગ નીચે આવે, તેમાં પણ જ્ઞાનની આશાતના છે. આજે છાપાંઓ દ્વારા તો જ્ઞાનની ગજબની આશાતના થઇ રહી છે. કેટલીક અજ્ઞાન અને મૂર્ખ બાઇઓ, છોકરાંઓના મેલાને લેવામાં ને ફેંકવામાં છાપાંઓનો ઉપયોગ કરે છે. સ્વરૂપે મિથ્યા એવા પણ શ્રુતના કાગળ, પુસ્તક આદિ ઉપર પણ પગ ન મૂકાય. એને થુંક ન લગાડાય. જ્ઞાનની આશાતનાની તો કેટલી વાતો કરવી ? આજે તો, બુટ અને ચંપલની નીચે પણ અક્ષરો હોય છે અને તમે એમાં પગ મૂકીને એને જમીન ઉપર ઘસડો છો. હમણાં હમણાં સડકો ઉપર પણ લોકોને લખવાની આદત વધી જવા પામી છે અને એમાં ય જ્ઞાનની ઘણી આશાતના થાય છે. આવી રીતિએ જ્ઞાનની આશાતના કરનારાઓનું ભણતર ભયંકર નિવડે, એમાં નવાઈ નથી.

બહુમાન નામનો ત્રીજો જ્ઞાનાચાર :

બહુમાન નામે ત્રીજો જ્ઞાનાચાર છે. વિનયને બીજા આચાર તરીકે જણાવ્યા પછીથી પણ, ત્રીજા જ્ઞાનાચાર તરીકે બહુમાનને જણાવેલ છે, તેમાં મુંઝાવા જેવું નથી. વિનયના અને બહુમાનના સ્વરૂપને સમજો. વિનય એ બાહ્ય સન્માનાદિ છે, જ્યારે બહુમાન એ આન્તરિક સન્માનાદિ છે. વિનયમાં ગુણ ઘણા છે, પણ જો વિનય હોય અને બહુમાન ન હોય, તો એ નિર્જીવ મુડદા સમાન છે. ધન વિનાનું ઘર હોય, નાક વિનાનું મુખ હોય, દાન વિનાનું માન હોય, ગંધ વિનાનું પુષ્પ હોય, રંગ વિનાનું કંકુ હોય, પાણી વિનાનું સરોવર હોય, પ્રતિમા

વિનાનું મન્દિર હોય અને મધ્ય મણિ વિનાનો હાર હોય, તો એ ઘર, મુખ, માન, પુષ્પ, કંકુ, સરોવર, મન્દિર અને હાર શોભે ? ન જ શોભે ! એ જ રીતિએ, વિનય પણ બહુમાન વિના શોભે નહિ; સફળ બને નહિ. વિનયની સાચી કિંમત જ બહુમાનને અંગે છે. વિનય હોય ત્યાં બહુમાન ન હોય એ બનવાજોગ છે, જ્યારે બહુમાન હોય ત્યાં વિનય તો જ ન દેખાય, કે જો વિનયને આચરવાનું અશક્ય હોય. બહુમાન એકલું પણ લાભ કરે છે અને જો બહુમાનપૂર્વકનો અલ્પ પણ વિનય હોય તો ય એ વિનય ઘણા લાભને માટે થાય છે. વિનય એ બાહ્યોપચાર છે. એની આવશ્યકતા ઘણી છે. બહુમાનના નામે વિનયની અવગણના કરનારાઓ તો એ મૂર્ખા જ છે. જેમ નિશ્ચયના નામે વ્યવહારની અવગણના કરનારા, જ્ઞાનના નામે ચરણની અવગણના કરનારા અને મનની મજબૂતાઇના નામે મર્યાદાની અવગણના કરનારા મૂર્ખા છે, તેમ બહુમાનના નામે વિનયની અવગણના કરનારા પણ મૂર્ખા જ છે; પરન્તુ વિનયનો સાચો આધાર, વિનયની સફલતાનો સાચો પાયો બહુમાન છે. આથી, જ્ઞાનના અર્થી આત્માઓએ પોતાના હૃદયમાં જ્ઞાની ગુર્વાદિક પ્રત્યેના બહુમાનના ભાવને અવશ્ય સ્થાપિત કરવો જોઇએ. એમાં જ બહુમાન નામના આ ત્રીજા જ્ઞાનાચારનું પાલન રહેલું છે.

બહુમાનનાં પાંચ લક્ષણો :

વિનયાચાર તો પ્રત્યક્ષપણે દેખાઈ આવે એવી વસ્તુ છે, જ્યારે બહુમાન એ આભ્યંતર ભક્તિ–પ્રીતિ રૂપ છે, એટલે એને ચર્મચક્ષુઓથી જોઇ શકાય નહિ. સામાન્ય રીતિએ લોકો

વિનયાચાર ઉપરથી બહુમાનનું માપ કાઢે છે, પરન્તુ તેમાં ખોટા પડવાની–ઠગાવાની સંભાવના પણ ઘણી છે. એમાં તો, બહુમાન ન હોય તે છતાં પણ 'બહુમાન છે'–એમ પણ લાગે, એ ય સંભવિત છે અને બહુમાન હોય તે છતાં પણ 'બહુમાન નથી'–એમ લાગે એ ય સંભવિત છે. આમ છતાં ય, બહુમાનને જાણવાનાં લક્ષણો છે અને એ લક્ષણો દ્વારા જો બારીકાઇથી જોઈ શકવાની બુદ્ધિ હોય, તો બહુલતયા 'બહુમાન છે કે નહિ'–તેનો નિર્ણય કરી શકાય છે.

જેના પ્રત્યે બહુમાન હોય છે, તેના અભિપ્રાયને અનુસરવાનું મન થયા વિના રહેતું નથી. એ શું ઇચ્છે છે, એને જાણવાની કાળજી સતત્ રહ્યા કરે છે અને કેમ કરીને એની ઇચ્છાને પૂર્ણ કરી શકાય–એનું ચિન્તન પણ રહ્યા કરે છે. એની મરજીથી વિરૂદ્ધ ચાલવાની તો સ્વપ્ને ય ઇચ્છા થાય નહિ, પણ એની એકે એક મરજીને સંતોષવાનું મન થયા કરે. **બહુમાનનું આ પહેલું લક્ષણ છે.**

બહુમાનનું બીજું લક્ષણ એ છે કે–જેના પ્રત્યે બહુમાન હોય, તેના દોષોને જોવાનું મન થાય નહિ; દોષો જોવાઈ જાય, તો પણ તે દોષોને હૈયું વજન આપે નહિ પણ એને ભૂલી જાય; અને એના દોષોને ઢાંકવાની કાળજી રહ્યા કરે. કોઈના પણ જાણવામાં એના દોષો આવે નહિ, એની તકેદારી રહ્યા કરે. કોઈ એના દોષોની વાત કરે, તો તેને યથાશક્તિ રોકે; તેના ગુણો તરફ જોવાનું કહે; આ ગુણો પાસે એ દોષોની તો કાંઈજ કિંમત નથી–એમેય કહે; એ દોષો ભલે દોષો તરીકે દેખાતા હોય, પણ વસ્તુતઃ એને માટે આ દોષ રૂપ છે કે નહિ, એ વિચારણીય છે–એમ પણ કહે; અને

દોષોના કથનને રોકવાનું સામર્થ્ય ન હોય તો મનમાં દુઃખ અનુભવીને તે એવો ખસી જાય, કે જેથી દોષોની વાત કાને પડે નહિ. જેના પ્રત્યે બહુમાન હોય, તેના માટે હૈયામાં આવો ભાવ પણ જાગ્યા વિના રહે નહિ.

બહુમાનનું ત્રીજું લક્ષણ એ છે કે–જેના પ્રત્યે બહુમાન હોય, તેના અભ્યુદયનું અહર્નિશ ચિન્તન રહ્યા કરે. એના દોષોનું જેમ આચ્છાદન કરે, તેમ એના દોષો કેમ નાશ પામે અને એના ગુણોમાં કેમ અભિવૃદ્ધિ થયા કરે, એની વિચારણા પણ એને આવ્યા જ કરે. જેમ એના આભ્યન્તર અભ્યુદયની ભાવના રહ્યા કરે, તેમ તેના બાહ્ય અભ્યુદયની ભાવના રહ્યા કરે. કોઈ જો તેની પ્રશંસા કરે, તો તે બહુ ગમી જાય. એની થતી નિન્દા પ્રત્યે જેવો તિરસ્કાર હોય, તેવો જ એની થતી પ્રશંસા પ્રત્યે સદ્ભાવ હોય. પોતે એની પ્રશંસા કરે અને બીજાઓને પણ યથાશક્તિ એની પ્રશંસામાં જોડે.

બહુમાનનું ચોથું લક્ષણ એ છે કે–જેના પ્રત્યે બહુમાન હોય, તેની જો કોઈ પણ પ્રકારના પાપોદયથી દુર્દશા થાય, તો એ દુર્દશાને જોઈને, તેનું અન્તર બળીને ખાખ થઈ જાય. એનું જો ચાલે તેમ હોય, તો એ એની દુર્દશાને નિવાર્યા વિના રહે નહિ. જેના પ્રત્યે બહુમાન, તેની દુર્દશાને ઠંડે કલેજે જોઈ શકવા જોગી હૈયાની સ્થિતિ સંભવી શકતી જ નથી; ત્યાં વળી એની દુર્દશામાં રાજીપો થાય, એની દુર્દશામાં અજાણતાં પણ નિમિત્ત રૂપ બની જવાય, એવું તો બને જ શાનું ? જો સંયોગવશ, ખ્યાલફેરથી, અજાણતાં પણ એવી ભૂલ થઈ ગઈ હોય, તો એ ભૂલ એને સદાને માટે

સાલ્યા વિના રહે નહિ.

હવે **બહુમાનનું પાંચમું લક્ષણ** એ છે કે–જેના પ્રત્યે બહુમાન હોય, તેની દુર્દશામાં જેમ અત્યન્ત દુઃખિત થઈ જાય, તેમ તેના અભ્યુદયમાં અત્યન્ત હર્ષિત થઈ જાય. અભ્યુદય પેલાનો થાય અને હૈયું આનું નાચી ઉઠે. અભ્યુદય એની મેળે થાય, તો પણ જે અત્યન્ત રાજી થાય, તે અભ્યુદય થાય એવો શકય પ્રયત્ન કર્યા વિના રહે ખરો ?

આ પાંચ લક્ષણો દ્વારા, બહુમાન છે કે નથી, તે ઘણે ભાગે જાણી શકાય છે. વિશિષ્ટ જ્ઞાની તો જ્ઞાનના બળે જાણી શકે, પણ આપણે તો લક્ષણો જ જોવાં પડે. જેના હૈયામાં બહુમાન હોય, તેના હૈયામાં જેના પ્રત્યે બહુમાન હોય તેને માટે આવા પાંચેય પ્રકારના ભાવો પ્રાદુર્ભૂત થયા વિના રહે નહિ અને એ ભાવો શક્તિ–સામગ્રીના યોગને અનુસારે અમલી બન્યા વિના પણ રહે નહિ. બહુમાન, એ એક પ્રકારની આભ્યંતર પ્રીતિ જ છે, પણ બહુમાનની પ્રીતિમાં વિશેષતા એ હોય છે કે–એ પ્રીતિ ભક્તિભાવથી ભરેલી હોય છે. જેના ઉપર તમને ખરેખરી પ્રીતિ હોય છે, ગાઢ સ્નેહ હોય છે, તેના માટે તમારા હૈયામાં કેવા કેવા ભાવો જાગે છે, એનો જો વિચાર કરો, તો તમને બહુમાનના યોગે હૈયામાં કેવા કેવા ભાવો પેદા થવા પામે છે, તેનો ખ્યાલ આવ્યા વિના રહે નહિ. તમારી આજની પ્રીતિ મોટે ભાગે સ્વાર્થી છે, એટલે કદાચ તમને આ ચીજનો સાચો ખ્યાલ ઝટ નહિ આવી શકે; પરન્તુ તમે જો કોઈ પ્રત્યે નિઃસ્વાર્થ પ્રીતિવાળા અથવા તો પૂર્વભવના ઋણાનુબંધી સ્નેહવાળા હશો, તો એનો વિચાર કરતાં, તમને આ વસ્તુનો ઘણી જ સહેલાઈથી ખ્યાલ આવી

શકશે. એની ઇચ્છાઓ ફળે, એના દોષો ઢંકાય અને એનો અભ્યુદય કેમ થાય, એવું મનમાં થયા જ કરે તેમ જ એની દુર્દશાથી અત્યન્ત દુઃખિત થવાય અને એના અભ્યુદયથી અત્યંત રાજી થવાય–એમ પણ બને જ. આ બધું કરવું પડે નહિ, પણ થઈ જ જાય. એટલે ગુર્વાદિકની પ્રત્યે ભક્તિમતી પ્રીતિને પેદા કરવાનો પ્રયત્ન ચાલુ જ રાખવો જોઇએ.

બહુમાનમાં બહુ મોટો વાંધો પડી ગયો છે:

આ વાતને તમે વર્ત્તમાન વાતાવરણની સાથે જરા સરખાવી જૂઓ. આજે બહુમાનનો કેટલો બધો નાશ થઈ જવા પામ્યો છે? તમારા સંસારમાં, તમારાં માતા–પિતાદિ વડિલો પ્રત્યે તમારા હૈયામાં આ પ્રકારનું બહુમાન છે ખરૂં? મોટે ભાગે નથી. એ જ રીતિએ, દેવ–ગુરૂ–ધર્મ પ્રત્યે તમારા હૈયામાં બહુમાન છે ખરૂં? આજે વાત–વાતમાં સાધુ–સાધ્વીનાં છિદ્રો જોવાય છે, દોષો ગવાય છે, નાના દોષોને મોટા કરીને વગોવણી કરાય છે, અરે અછતા દોષોનું પણ આરોપણ થાય છે તેમ જ તેમના અભ્યુદય તરફ દુર્લક્ષ્ય કરાય છે, એ વિગેરે બહુમાનનો અભાવ સૂચવે છે. ખરી વાત તો એ છે કે–દેવ પ્રત્યે સાચું સમજપૂર્વકનું બહુમાન નથી, એથી દેવે કહેલા ધર્મ પ્રત્યે બહુમાન નથી અને એ જ કારણે સાધુ–સાધ્વી પ્રત્યે બહુમાન નથી. આજે હજુ દેવ–ગુરૂ–ધર્મના વિનયની ક્રિયાઓ કેટલેક અંશે ચાલી રહી છે; જો કે–તેમાંય ઘણી ઊણપ આવી જવા પામી છે, પણ દેવ–ગુરૂ–ધર્મ પ્રત્યેના બહુમાનમાં તો બહુ જ મોટો વાંધો પડી ગયો છે. એમની મરજીને અનુસરવાનું મન થવાને બદલે, આપણી મરજીને એ

અનુસરે એવી ઇચ્છા થાય; એમના દોષોને ઢાંકવાને બદલે, એમના દોષોની વાતો કરતાં હૈયે ચીરાડો પડે નહિ; તેમના અભ્યુદયનું ચિન્તન કરવાને બદલે, તેમનો અપયશ કરવામાં સામેલ થવાય; તેમની દુર્દશાથી દુઃખિત થવાને બદલે, ' આપણે શું કરીએ ? એ તો કરે એવું પામે '–એવું એવું બોલવાનું મન થાય; અને તેમના સાચા અભ્યુદયથી રાજી થવાને બદલે, તેમનો અધઃપાત થાય–એવી રીતિએ તેમને વર્તાવવાની પેરવી કરાય–આવું પણ આજે ચાલી રહ્યું છે, માટે તમે એવા કોઈ પાપમાં ન આવી જાવ, તેનાથી તમારે સાવધ રહેવા જેવું છે.

વિનય-બહુમાનની ચતુર્ભંગી :

બહુમાન એટલે અન્તરની પ્રીતિ; હૃદયનો ભક્તિભાવ વિશેષ. કોઈ સાધુને શરીરે વા આવ્યો હોય અને તેથી તે નમી શકતો ન હોય, એટલે વિનયોપચાર ન કરે, પણ હૃદયમાં બહુમાન હોય તો ભક્તિ ભારોભાર હોય; હૃદયથી તો તે ઝુકી પડતો હોય. હૃદયના આ ભાવનું નામ છે બહુમાન. બહુમાન એટલે અંતરંગ પ્રેમ, હાર્દિક સ્નેહ. બિમારી ભોગવતો શિષ્ય સંથારાવશ છે; ગુરૂ આવે તો તે ઉભો થઈ શકતો નથી; આસનાદિ આપી શકતો નથી; હાથેય એવા જડાઈ ગયેલા છે કે–હાથ પણ જોડી શકતો નથી; એમ વિનયના પ્રકારોમાંનો કોઈ પણ પ્રકાર યદ્યપિ સાચવી શકતો નથી, તથાપિ હૃદયમાં તો આ તમામ સમાએલું છે, કેમ કે–ત્યાં બહુમાન વિરાજમાન છે. વિનય અને બહુમાનને અંગે ચૌભંગી થાય છે. (૧) એકમાં વિનય પણ છે અને બહુમાન પણ છે. (૨)

એકમાં બહુમાન છે, પણ વિનય નથી. (૩)એકમાં વિનય છે, પણ બહુમાન નથી. અને (૪) એકમાં બહુમાન પણ નથી અને વિનય પણ નથી. આ ચતુર્ભંગીમાં વિનય અને બહુમાન–ઉભય હોય એ સર્વશ્રેષ્ઠ પ્રકાર છે. એથી ઉતરતો પ્રકાર બહુમાન છે પણ વિનય નથી–એ છે. બહુમાન નથી અને વિનય છે–એની તો કાંઈ ખાસ કિંમત જ નથી, જ્યારે વિનય ને બહુમાન–બે ય નથી, એ તો સર્વથા નકામો જ છે.

બહુમાનથી એકાન્તે કલ્યાણ :

વિનય, એ છે શારીરિક ક્રિયાવિશેષ, જ્યારે બહુમાન એ છે આન્તરિક ભાવવિશેષ. શારીરિક ક્રિયાવિશેષ તો દેખાવ રૂપ પણ હોય, કેમ કે–એ બહાર દેખાડાય છે, એટલે બહુમાન વિના પણ વિનય હોઈ શકે છે. વિનય હોય ત્યાં બહુમાન હોય પણ ખરૂં અને ન પણ હોય; જ્યારે બહુમાન હોય તો શક્તિ–સમજ–સામગ્રીના અભાવે જ વિનય ન હોય, પણ એ વિના તો નિયમા વિનય હોય જ; કેમ કે–જેના પ્રત્યે બહુમાન છે, હૃદયનું આકર્ષણ છે, તે શક્ય હોય તો વિનય દ્વારા પ્રદર્શિત થયા વિના રહી શકતું નથી. વાસ્તવિક રીતિએ, બહુમાન જ કલ્યાણ કરે છે. વિનય જો બહુમાન-પૂર્વકનો હોય, તો એ વિશેષ કલ્યાણકર બને. બહુમાન વિનાનો વિનય તો દંભ રૂપ પણ હોય. સ્વાર્થસાધનાને માટે પણ હોય. એની કાંઈ કિંમત અંકાય નહિ. એ તો, વિનયગુણનો વ્યભિચાર માત્ર છે. એટલે વિનયથી તો ઊલટા સાવધ રહેવું પડે. શ્રી ઉદાયન રાજાનો ઘાત કરનારે, મુનિવેષમાં કેવો વિનય સાચવ્યો હતો? વિનયરત્ન–એવા નામનો તે અધિકારી થયો હતો!

પણ એ બધું કેવળ ખૂન કરવાની તકને મેળવવાને માટે જ હતું. વિનય તો દુન્યવી કાર્યસિદ્ધિના સ્વાર્થ માટે પણ કરાય. અન્યાયી, જૂલમગાર રાજા કે અધિકારીને, તેના પ્રત્યે પ્રેમનો અંશેય નહિ છતાં, નમવું પડે છે ને? તેને ઝુકી ઝુકીને સલામ કરવી પડે છે ને? એ વિનય છે કરવો પડતો વિનય. એ વિનય છે સામાને યેન કેન પ્રસન્ન કરવા માટેનો વિનય. એ વિનય છે, પણ ત્યાં હૈયામાં બહુમાન નથી. વિનય સ્વાર્થ માટે પણ હોય, જ્યારે બહુમાન પરમાર્થથી થાય છે. વિનયથી કલ્યાણ જરૂર છે, વિનય ધર્મનું મૂલ છે, પણ બહુમાનપૂર્વકના વિનયથી. માટે વિનયથી એકાન્તે કલ્યાણ ન કહી શકાય, જ્યારે બહુમાનથી એકાન્તે કલ્યાણ છે–એમ કહી શકાય.

જ્ઞાના વિનય–બહુમાનની વાત?

આ વિનય અને બહુમાન સંબંધી વાત જ્ઞાની, જ્ઞાન અને જ્ઞાનોપકરણને અંગે ચાલે છે, એ ન ભૂલતા. આમાં દેવ–ગુરૂ–ધર્મ એ ત્રણેય આવી જાય. એટલે બહુમાન પણ યોગ્ય સ્થાને જોઇએ અને વિનય પણ યોગ્ય સ્થાને જોઇએ. અયોગ્ય સ્થાને તો, વિનય પણ નુકશાન કરનારો ગણાય અને બહુમાન પણ નુકશાન કરનારૂં ગણાય. ભવાભિનંદી જીવોના હૈયામાં સંસારનું બહુમાન બહુ હોય છે અને એથી તેઓ સંસારની સાધનામાં વિનયને આચરનારા પણ હોય છે. એ વિનય અને એ બહુમાન, સંસારની વૃદ્ધિનું કારણ બને છે અને એથી તત્ત્વજ્ઞ મહાપુરૂષોએ તો એવા વિનયનો અને એવા બહુમાનનો ત્યાગ જ કરવાનું ઉપદેશ્યું છે. સંસારથી તરવાને માટે જ, વિનય અને બહુમાનનો ઉપદેશ છે.

અપાતા ઉદાહરણનો હેતુ :

હવે આપણે, આ 'બહુમાન' નામના જ્ઞાનાચારને અંગે જે ઉદાહરણ અપાય છે, તે જોઇએ. બહુમાનપૂર્વકના વિનય વિના વિદ્યા ફળતી નથી. ગુરૂ સમાનભાવે, એકસરખી રીતિએ વિદ્યા આપે, છતાં ય એ વિદ્યાને બહુમાનપૂર્વકના વિનયથી ગ્રહણ કરનારને એ વિદ્યા જેવી ફળે છે, તેવી બહુમાનવિહીન વિનયથી એ વિદ્યાને ગ્રહણ કરનારને એ વિદ્યા ફળતી નથી. વિદ્યા એની એ, ગુરૂ એના એ, આપવાની રીતિ એક જ, વિદ્યાદાનમાં ગુરૂના હૃદયનો પ્રેમ એકસરખો અને વિદ્યાને ગ્રહણ કરનારા બન્નેનો વિનય પણ સરખો, તે છતાં પણ એકને વિદ્યા સારામાં સારી રીતિએ ફળે છે, જ્યારે એ જ વિદ્યા બીજાને તેવા પ્રકારે ફળતી નથી, તેનું કારણ–એકમાં જે વિનય હતો તે બહુમાનપૂર્વકનો હતો અને બીજામાં જે વિનય હતો તે બહુમાનવિહીન હતો, એ જ છે. આવા અભિપ્રાયને અનુલક્ષીને અને આવો અભિપ્રાય બનતાં, વિનયવાળા હોવા છતાં પણ જે બહુમાનવિહીન હોય, તેઓ બહુમાનપૂર્વકના વિનયવાળા બને–એવી આશા રાખીને, આ ઉદાહરણ આપવામાં આવે છે. તમારે પણ આ ઉદાહરણને એ જ હેતુને લક્ષ્યમાં રાખીને સાંભળવાનું છે. એ માટે ઉદાહરણના હેતુનું વર્ણન અત્રે પહેલું કરવામાં આવ્યું.

વિદ્યાગુરૂના બહુમાન અંગે ઉદાહરણ :

એક સિદ્ધપુત્રની પાસે બે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. એ બન્ને ય વિદ્યાર્થીઓ વિનયને આચરવામાં કુશળ હતા, પરન્તુ એક પોતાના વિદ્યાદાતા ગુરૂ પ્રત્યેના બહુમાન-

ભાવથી વિનયને આચરતો હતો, જ્યારે બીજો કેવળ રૂઢિને અનુસરીને જ વિનયને આચરતો હતો. બીજાના હૈયામાં વિદ્યાદાતા પ્રત્યે બહુમાનનો ભાવ નહિ હતો.

એ બન્ને ય વિદ્યાર્થીઓને, એ સિદ્ધપુત્રે અષ્ટાંગનિમિત્ત શાસ્ત્ર ભણાવ્યું અને અષ્ટાંગનિમિત્ત શાસ્ત્રમાં તે બન્ને ય ઘણા કુશળ થયા.

એક દિવસ, કોઈ કાર્ય વિશેષને અવલંબીને, એ બન્ને ય જણા સાથે બહાર ગયા. રસ્તે જતાં, રસ્તામાં પડેલાં પગલાંઓને જોઈને, બીજા વિદ્યાર્થીએ પહેલા વિદ્યાર્થીને કહ્યું કે–'આગળ હાથી જાય છે.'

એના અનુમાનને સાંભળીને, પહેલા વિદ્યાર્થીએ કહ્યું કે–'હાથી નથી જતો પણ હાથણી જાય છે. એ હાથણી ડાબી આંખે કાણી છે. એ હાથણી ઉપર સ્ત્રી–પુરૂષ બેઠેલાં છે. તેમાં જે સ્ત્રી છે, તેણીએ લાલ વસ્ત્રને ધારણ કરેલું છે. વળી તે ગર્ભિણી છે અને નજદિકના સમયમાં તેણી પુત્રને પ્રસવશે.'

પહેલા વિદ્યાર્થીની આવી વાતને સાંભળીને, બીજા વિદ્યાર્થીએ કહ્યું કે–'આવું બધું તદ્દન અસંગત શું બોલ બોલ કરે છે?'

પહેલો વિદ્યાર્થી કહે છે કે–'મેં કાંઈ જ અસંગત કહ્યું નથી. જે કહ્યું છે, તે બરાબર જ કહ્યું છે. આપણું જ્ઞાન તો અનુભવસિદ્ધ છે. આપણે આગળ ચાલો, એટલે જે હશે તે હમણાં જ જણાઈ આવશે.'

બન્ને થોડેક દૂર ગયા, ત્યાં તો તેમણે હાથણીને ઉભેલી જોઈ. એક પુરૂષ ત્યાં પાંદડાંનું ઘર બનાવી રહ્યો હતો. પાસે લાલ વસ્ત્રને પહેરીને સ્ત્રી ઉભી હતી. તે સગર્ભા હતી.

હવે પૂરી ખાત્રી કરવાને માટે બન્ને ય વિદ્યાર્થીઓ ત્યાં થોભ્યા. પુરૂષે પાંદડાંનું ઘર બનાવીને સ્ત્રીને એમાં બેસાડી. તરત જ સ્ત્રીને પ્રસવ થયો. પેલા પુરૂષને ઘણો આનંદમાં આવેલો એ બે વિદ્યાર્થીઓએ જોયો. તેમણે એને પૂછ્યું, એટલે એણે કહ્યું કે–'પુત્રનો જન્મ થયો છે.'

આમ પહેલા વિદ્યાર્થીની બધી ય વાત મળતી આવી. બીજો વિદ્યાર્થી એથી વિસ્મિત થયો અને વિસ્મિત થઈને ખેદ પામ્યો. તેને થયું કે–'આને આટલું બધું જ્ઞાન કયાંથી?' એનામાં લાંબી બુદ્ધિ હતી નહિ. સ્વભાવનો એ અતિશય ક્ષુદ્ર હતો. એટલે એને એવો જ વિચાર આવ્યો કે–'આમાં ગુરૂનો જ કાંઈક ગોટાળો છે. મારાથી અાનગી રીતિએ ગુરૂએ આને વિશિષ્ટ વિદ્યાનું દાન કર્યું છે. મને સામાન્ય ભણાવ્યું અને આને વિશેષ ભણાવ્યું. ગુરૂ ય કેવા નગુણા છે? એમની ચાકરી મેં કાંઈ આનાથી કમ નથી કરી, છતાં આને વિશિષ્ટ વિદ્યા દીધી ને મને સામાન્ય વિદ્યા દીધી. ગુરૂ થઈને આવો પક્ષપાત કરે, કૂડકપટ કરે, એ કેટલું બધું ખરાબ કહેવાય?'

એનામાં ગુરૂ પ્રત્યે બહુમાન હોત, તો આવો વિચાર એને કદી પણ આવત નહિ. ગુરૂ પ્રત્યે બહુમાન હોત તો આવું બનત નહિ, પણ માનો કે–સ્થૂલ બુદ્ધિને લીધે કોઈ ઓછું ય ગ્રહણ કરી શકે અને એથી આવું બને ય ખરૂં, પણ તે ગુરૂને દોષ દે નહિ. ગુરૂ પ્રત્યે જેને બહુમાન હોય, તે તો પોતાના દોષને શોધવાને મથે. ખબર છે કે–'અમે સાથે જ ભણ્યા છીએ. સાથે જ રહ્યા છીએ.' છતાં પણ પોતાના દોષ તરફ નજર જવાને બદલે, ગુરૂના દોષ તરફ જ નજર કરી અને ગુરૂનો અછતો પણ દોષ કલ્પી કાઢ્યો.

હવે ત્યાંથી નીકળીને એ બન્ને વિદ્યાર્થીઓ ચાલતા ચાલતા નદીના કાંઠે ગયા. ત્યાં એક વૃદ્ધ સ્ત્રી પાણી ભરવાને આવી હતી. તેણીએ ઘડામાં પાણી ભર્યું અને તેને માથે મૂક્યો.

એટલામાં, એ ડોસીએ આ બે વિદ્યાર્થીઓને જોયા. આ વિદ્યાર્થીઓને જોઈને, એ ડોસીને પોતાના પુત્રની ખબર પૂછવાનું મન થયું. એ ડોસીનો પુત્ર ઘણા વખતથી બહાર-ગામ ગયો હતો અને તેના વિષે કાંઈ પણ સમાચાર મળ્યા નહોતા. આ બન્નેને નિમિત્તજ્ઞ બ્રાહ્મણપુત્રો જાણીને, ડોસીએ પૂછ્યું કે–'ઘણા વખતથી પરદેશ ગયેલો મારો દીકરો, ઘરે પાછો કયારે આવશે ?'

ડોસી આમ પૂછતી હતી–એવામાં જ ડોસીના માથેથી ઘડો નીચે પડ્યો અને ભાંગી ગયો.

આથી પેલા બીજા વિદ્યાર્થીએ એ ડોસીને જવાબ દેતાં કહ્યું કે–'નિમિત્તશાસ્ત્રમાં એમ કહ્યું છે કે–કોઈ પ્રશ્ન પૂછે ત્યારે જે કાંઈ બનાવ બને, તેને અનુસરીને તે પ્રશ્નનો ઉત્તર સમજવો. તે વખતે જે કાંઈ પરિણામ આવે, તેવું પ્રશ્નવસ્તુનું થયું છે–એમ સમજવું. આથી હું તને કહું છું કે–પ્રશ્ન પૂછતી વેળાએ તારો ઘડો ભાંગી ગયો છે, માટે તારો પુત્ર મરણ પામ્યો છે–એમ તું સમજી લે.'

એ વિદ્યાર્થીએ જેવું આ પ્રમાણે કહ્યું, તેની સાથે જ ડોસીએ તો રો–કકળ શરૂ કરી દીધી. તેણી એકદમ પોક મૂકીને રોવા લાગી. રોતી એવી તે ડોસીને, પહેલા વિદ્યાર્થીએ શાન્તવન આપતાં કહ્યું કે–'ડોસી મા ! તમે જરા પણ ખેદ કરો નહિ. તમે આનન્દ પામો. તમારો દીકરો તો તમારા ઘરમાં આવી ચૂક્યો છે, માટે તમે ઉતાવળાં ઘેર જાવ અને તમારા

પુત્રના મોંઢાને જૂએ!'

ડોસી તરત જ ઘેર ગઈ અને પેલા બન્ને વિદ્યાર્થીઓ પોતાનું કાર્ય પતાવીને ગુરૂની પાસે પાછા આવ્યા.

તેઓ આવીને ઉભા રહ્યા, ત્યાં પેલી ડોસી હર્ષઘેલી બનીને દોડતી દોડતી એક મૂલ્યવાન ધોતીજોટો લઈને ત્યાં આવી પહોંચી અને પહેલા વિદ્યાર્થીને પગે પડીને તેણીએ ધોતીજોટો ભેટ આપતાં કહ્યું કે–'તમારા કહ્યા મુજબ જ બન્યું. હું મારે ઘરે ગઈ, ત્યારે મારો પુત્ર ક્ષેમકુશળ પરદેશથી આવી ગયો હતો. તમારૂં વચન ફળ્યું.'

આ પ્રસંગે તો, બીજા વિદ્યાર્થીના હૈયામાં રહેલા ક્રોધ રૂપી અગ્નિને ભભૂકાવી મૂક્યો. ગુરૂ પ્રત્યે ખૂબ રોષવાળો બનીને તે ગુરૂની પાસે ગયો અને કહ્યું કે–'તમારા જેવા અનુપમ જ્ઞાનના નિધિ અને સર્વ વાતોના જાણુ પણ જ્યારે અતિશય વિનયવાળા એ સમાન શિષ્યોમાં આવો ભેદભાવ કરે, ત્યારે એ વાત કેવી કહેવાય? કોને કહેવાય? અને એ વાતને કહીને કોની પાસે ઉપાલમ્ભ દેવડાવાય? જ્યારે અમૃત સમાન શીતલ ચન્દ્રમંડલમાંથી અંગારાઓની વૃષ્ટિ થાય, જ્યારે હજાર કિરણોવાળો સૂર્ય પોતે જ અન્ધકારને ઉત્પન્ન કરનારો બને, જ્યારે કલ્પવૃક્ષની સેવાથી સંપત્તિ પ્રાપ્ત થવાને બદલે ઊલટું દારિદ્ર પ્રાપ્ત થાય, જ્યારે ઉત્તમ વૈદ્યના યોગે જ મંદવાડ પેદા થવા પામે અને જ્યારે ઠંડા પાણીમાંથી અગ્નિના ભડકા ઉઠે, ત્યારે તેનો દોષ કોને દેવો?'

રોષમાં બોલ્યો છે, ઠપકો આપતાં બોલ્યો છે, દોષ દેતાં બોલ્યો છે, એટલે હૈયે બહુમાન નથી, છતાં પણ ભાષા કેવી છે?

બહુમાન વિના પણ એ વિનયાચારનું પાલન કરવાને

માટે ટેવાએલો છે, તેનું જ આ પરિણામ છે. આવામાં બહુમાન હોત, તો કેવું સારૂં થાત ?

એણે જે કહ્યું, તેને સાંભળતાં ગુરૂને આશ્ચર્ય થાય છે, કારણ કે–પાપનો ભાવ પેલામાં છે, પણ ગુરૂમાં નથી. એવું એવું એણે કહી નાખ્યું, તે છતાં પણ ગુરૂ પૂછે છે કે–'તું આવું કયા કારણે બોલે છે ? મેં તો વિદ્યા દેવામાં કે આમ્નાયાદિ આપવામાં, કોઈ જગ્યાએ કોઈ પ્રકારે કોઈને પણ ઠગ્યો નથી.'

ગુરૂએ તદ્દન સાચી વાત સીધી રીતિએ કહી, તેથી શાન્તિ પામવાને બદલે, પેલો બહુમાન વગરનો શિષ્ય વધારે જોરવાળા રોષમાં આવીને બોલ્યો કે–'પેલા તમારા વહાલા શિષ્યે માર્ગમાં હાથણી વિગેરે જે કાંઈ કહ્યું તે તમામ સાચું નિવડ્યું અને મારૂં તો કશું જ સાચું નિવડ્યું નહિ, તો એ તમારા ભણાવવામાં જ વાંક છે કે નહિ ? જો તમે સરખું ભણાવ્યું હોત, તો બેયનું સાચું નિવડત. આ તો, એનું કહેવું સાચું નિવડ્યું એટલે એનું સન્માન થયું અને મારૂં કહેવું બોટું નિવડ્યું એટલે મારૂં અપમાન થયું. ત્યારે આટલાં વર્ષો સુધી તમારૂં માથાકૂટ વૈતરૂં કુટીને હું તો મરી ગયો, છતાં છેવટ તો મને આ જ ફલ મળ્યું ને ? કહો, આમાં વાંક તમારો નહિ તો કોનો વાંક ?'

આવા પ્રકારે, એ વિદ્યાર્થીએ પોતાના વિદ્યાગુરૂને ઘણાં ઘણાં કઠોર વચનો કહ્યાં; તેથી વિદ્યાગુરૂને લાગ્યું કે–આ મને નાહકનો ફજેત કરશે. એટલે આની રૂબરૂ જ ખૂલાસો થઈ જાય તો સારૂં–એમ સમજીને, એ વિદ્યાગુરૂએ તરત જ પેલા વિદ્યાર્થીને બોલાવ્યો અને તેને પૂછયું કે–'તેં માર્ગમાં

હાથણી વિગેરે જે કાંઈ કહ્યું, તે તેં શા ઉપરથી કહ્યું, તે તું વિગતવાર મને કહી સંભળાવ.'

એ પહેલા વિદ્યાર્થીએ કહ્યું કે–" ગુરૂદેવ ! આપની કૃપાથી મને જે જે ચિહ્નો જણાયાં, તે તે ચિહ્નો વિષે મેં ઉંડો વિચાર કર્યો અને એથી જ હું હાથણી વિગેરે કહી શકયો. પગના ચિહ્ન ઉપરથી તો જણાય કે–હાથી અગર હાથણી હશે, પણ ત્યાં માર્ગ ઉપર મૂત્રના લીસોટા પડ્યા હતા; તે લીસોટા વાંકા–ચૂંકા હોવાથી, મેં અનુમાન કર્યું કે–' અહીંથી હાથી નહિ પણ હાથણી જ ગઇ છે.' ' તે હાથણી ડાબી આંખે કાણી છે'–એવું અનુમાન મેં એ ઉપરથી કર્યું કે– માર્ગની જમણી બાજૂએ ઘાસ ખાવાને માટેનો કેટલેક ઠેકાણે પ્રયત્ન કરેલો જણાયો, જ્યારે ડાબી બાજૂએ જે ઘાસ હતું તે બધે સરખું ને અખંડ હતું. વળી મેં જોયુ કે–હાથણી ઉપરથી ઉતરીને બે જણાંએ પેશાબ કરેલો હતો અને તેના આકાર ઉપરથી મેં કલ્પના કરી કે–' આ જગ્યાએ પુરૂષે પેશાબ કરેલો છે અને આ જગ્યાએ સ્ત્રીએ પેશાબ કરેલો છે.' જે જગ્યાએ સ્ત્રીએ પેશાબ કર્યો હતો, તે જગ્યાએ હાથના થાપાની નીશાની હતી, તેથી મેં અનુમાન કર્યું કે–' એ સ્ત્રી બે હાથનો ટેકો દઈને ઉભી થઈ છે, માટે તે સગર્ભા હોવી જોઇએ અને તેનો પ્રસવકાળ નજદિકમાં જ હોવો જોઇએ.' માર્ગની રેતીમાં તે સ્ત્રીનું જમણું પાસુ વધુ ઉંડું ઉતરેલું મેં જોયું, તેથી મેં કલ્પના કરી કે–' તે સ્ત્રી જમણી કુખે ગર્ભવાળી હોવી જોઇએ અને તેથી તેણીના ગર્ભમાં પુત્ર રહેલો હોવો જોઇએ.' વળી તે સ્ત્રી જે તરફ ગઈ હતી, તે તરફની કાંટાની વાડમાં લુગડું ભરાવાથી રહી જવા પામેલા તાંતણા લાલ રંગના હતા. તેને

જોવાથી મેં અનુમાન કર્યું કે-' તે સ્ત્રીએ લાલ વસ્ત્ર પહેર્યું હશે.' હવે પેલાં ડોસી માને મેં જે એમ કહ્યું કે-' તમારે ઘરે તમારો પુત્ર આવી ગયો છે' તેનું કારણ એ છે કે- ઘડો નીચે પડીને ફુટી ગયો એટલે માટીનો ઘડો માટીમાં મળી ગયો એમ ગણાય અને પાણી નદીમાં ચાલ્યું ગયું એટલે નદીનું પાણી નદીમાં મળી ગયું એમ ગણાય. આમ જે જેમાંનું હતું, તે તેમાં મળી ગયું, માટે મેં અનુમાન કર્યું કે-' આ ડોસીનો દીકરો આ ડોસીને તરતમાં મળવો જોઇએ."

પહેલા શિષ્યની આવી અનુપમ બુદ્ધિપ્રતિભાને જોઇને, વિદ્યાગુરૂ સિદ્ધપુત્ર ખૂબ જ પ્રસન્ન થયા. પછી તેમણે પેલા બીજા શિષ્યને કહ્યું કે-' વત્સ ! તું જો કે-આમાં મારો દોષ છે ખરો ? મેં આને કોઈ વિશેષ વિદ્યા આપી છે ખરી ? ખરી વાત એ છે કે-તું પણ મારો વિવિધ પ્રકારે વિનય કરતો હતો, પરન્તુ તારા હૈયામાં મારે વિષે બહુમાન નહિ હતું. આ બધી વિદ્યાઓ તો બહુમાનગર્ભિત વિનય માગે છે. તારી સાથે જ અભ્યાસ કરતા આ બુદ્ધિમાન શિષ્યના હૈયામાં મારે વિષે સારી રીતિએ બહુમાન હતું. આનામાં સ્વાભાવિક એવી વૈનયકી બુદ્ધિ પણ છે. એ બુદ્ધિ પણ સમ્યક્ પ્રકારના બહુમાનથી ગર્ભિત એવા વિનયથી જ ઘણી સ્ફુરે છે. હવે તું જ કહે કે-આણે જેવું નિરીક્ષણ કર્યું અને જેવી વિચારણા કરી, તેવું નિરીક્ષણ તથા તેવી વિચારણા તું કરી શકયો નહિ, એમાં મારો શો દોષ છે ?'

વિદ્યાગુરૂ સિદ્ધપુત્રે જ્યારે આ રીતિએ એને સમજાવવાનો પ્રયત્ન કર્યો, ત્યારે તે નામદાર તો વળી ગુસ્સાની ટોચે પહોંચી ગયા. વિદ્યાગુરૂએ સાચે સાચી ઉણપ બતાવી,

તો પણ તે વાત તેનાથી ખમી શકાઈ નહિ. તેણે તો અતિ ક્રોધવિવશ બનીને, ભણવાના પુસ્તકને પછાડતાં કહ્યું કે–' ના, તમારો કશો વાંક નથી. વાંક જ બધો મારો છે. '

આ પ્રમાણે કહીને, તે ત્યાંથી તરત જ પોતાને ગામે જવાને માટે રવાના થઈ ગયો. પોતાને ગામે તે પોતાની તાજી પરણેલી સ્ત્રીને મૂકીને ભણવાને માટે આવ્યો હતો. નવોઢાને તજીને ભણવામાં વર્ષો ગાળવા છતાં પણ તેની વિદ્યા સફલ ન થઈ, તેથી તેણે ઘરે જઈને પણ એની સ્ત્રી ઉપર ક્રોધ કાઢ્યો. એ બીચારીને ખૂબ માર માર્યો અને ગાળો દીધી. એના કારણમાં તે એ જ કહેતો રહ્યો કે–' રાંડ ! તારા પાપે, તારું સ્મરણ થવાથી, મારી વિદ્યા ફોગટ થઈ. '

અણસમજથી અવિનય જેવો વિનય કરનાર પણ બહુમાનથી ફાવે છે :

આમ, બહુમાનને અંગે અપાતું ઉદાહરણ સમાપ્ત થાય છે. વિનય હોવા છતાં પણ બહુમાન ન હોય, તો કેવું પરિણામ આવે છે–એ જોયું ને ? હવે વિનય થોડો હોય, વસ્તુતઃ વિનય કહી શકાય એવો વિનય ન હોય, તે છતાં પણ બહુમાનથી ફલની પ્રાપ્તિ થાય છે–એને અંગે શાસ્ત્રોમાં અપાએલું ઉદાહરણ જૂઓ.

એક ઠેકાણે શિવમૂર્તિ હતી. એ શિવમૂર્તિનો એક વ્યન્તર દેવ અધિષ્ઠાયક બન્યો હતો અને એ દેવ એ મૂર્તિના ચમત્કારને વધાર્યા કરતો હતો.

એક બ્રાહ્મણ રોજ ચન્દન, પુષ્પાદિથી તે મૂર્તિની પૂજા કરતો હતો. એમાં, એક ભિલ્લના હૈયામાં એ મૂર્તિ ઉપર

બહુમાન થયું. આથી તે ભિલ્લ રોજ એ મૂર્તિને નમવાને અને પૂજવાને આવવા લાગ્યો, પણ તે કરતો શું, એ જાણવા જેવું છે. તે આવતો ત્યારે એક હાથમાં ધનુષ્ય અને બીજા હાથમાં બાણોનો સમૂહ લઈને ત્યાં આવતો. તે આવીને, પોતાના બન્ને ય હાથો રોકાએલા હોવાથી, પોતાના પગ વડે જ પેલા બ્રાહ્મણે કરેલી પૂજાને દૂર કરી નાખતો હતો. પછી મોંઢાથી કોગળા કરવા દ્વારા મૂર્તિને પાણી છાંટીને તે ભિલ્લ મૂર્તિને બિલ્વપત્ર ચઢાવતો હતો.

મૂર્તિના અધિષ્ઠાયક વ્યન્તરે જાણ્યું કે–આ મૂર્ખ હોવાથી આને વિનય આવડતો નથી, પણ આના હૃદયમાં બહુમાન રહેલું છે. આથી તે ભિલ્લ ઉપર પ્રસન્ન થયો. તેણે જાણે શિવની મૂર્તિ જ ખૂદ વાત કરી રહી હોય, તેમ તેની સાથે રોજ વાતચીત કરવા માંડી અને એમાં તે રોજ ભિલ્લને કુશલતા વગેરે પૂછતો.

એક દિવસ, પેલા બ્રાહ્મણે ભિલ્લની સાથે વાતો કરતી શિવમૂર્તિને જોઈ. એથી તેણે રોષે ભરાઈને શિવને ઠપકો આપતાં કહ્યું કે–' તમે નીચની સાથે આવી રીતિએ વાતો કરો છો, માટે તમે પણ નીચ છો. '

વ્યન્તરે શિવમૂર્તિ જવાબ દેતી હોય તેમ જણાવ્યું કે–' એનો મારે વિષે અતિશય દૃઢ અનુરાગ છે. કાલે સવારે તું તે જોઈ અને જાણી શકીશ. '

બ્રાહ્મણ તો તે દિવસે અવગણના કરીને ચાલ્યો ગયો. બીજે દિવસે જ્યારે તે પાછો આવ્યો, ત્યારે એ શિવમૂર્તિનું એક ચક્ષુ ઉખડી ગયેલું તેણે દીઠું. એથી તેને જરા ખેદ તો થયો, પણ તેણે કાંઇ કર્યું નહિ. બેસી રહ્યો.

એટલામાં પેલો ભિલ્લ ત્યાં આવી પહોંચ્યો. ચક્ષુ વિનાની શિવમૂર્તિને જોતાં જ તેને અતિશય ખેદ થયો. 'હું ચક્ષુવાળો ને મારો શિવ ચક્ષુ વિનાનો, એ બને નહિ.'– એવું વિચારીને, તેણે ભાલાથી પોતાની આંખ ઉખાડી અને એ ચક્ષુ શિવને અર્પણ કર્યું.

એથી વ્યન્તર દેવ ઘણો ખૂશ થઈ ગયો. તરત જ તેણે એ ભિલ્લને પૂર્વવત્ ચક્ષુવાળો બનાવી દીધો અને શિવ-મૂર્તિ રૂપે તે ભિલ્લને ચક્ષુદેશનું રાજ્ય આપ્યું.

બ્રાહ્મણ તો જોઈજ રહ્યો. બીજું કરે પણ શું ?

હૈયામાં બહુમાનને ધરનારા કયારે વિનયાચાર ન આચરે ?

આ ઉદાહરણ દ્વારા બહુમાન એકલું પણ કેવું ફલદાયક નિવડે છે, તેનો ખ્યાલ અપાયો છે. ભિલ્લની કુરબાની એના હૈયામાં જે બહુમાન હતું, તેને આભારી હતી. બહુમાન અજબ કામ કરે છે. આવી અપેક્ષાએ વિનય કરતાં બહુ-માન વધી જાય છે. ભિલ્લ જે યોગ્ય રીતિએ પૂજા નહોતો કરતો અને આશાતના જેવું જ કરતો હતો, તે તેની અણસમજને લીધે જ; બાકી તો, અવસરે તે જાન પણ કુરબાન કરે તેવો હતો. આવા શ્રાવકો પણ હોય છે. આમ સંયોગવશાત્ મંદિર–ઉપાશ્રયની કે સાધુ–સાધ્વીની બહુ ખબર લેતા ન હોય, પણ હૈયામાં દેવ–ગુરૂ–ધર્મ પ્રત્યે અતિશય બહુમાન હોય. જ્યારે મંદિર–ઉપાશ્રય કે સાધુ–સાધ્વી ઉપર આફત આવી લાગે, ત્યારે એવાઓ જણાઈ આવે. એ વખતે એવાઓ જાનની પણ દરકાર કરે નહિ. રોજ પૂજા–સેવા કરનારા કયાં ય ભરાઈ ગયા હોય, ત્યારે આ નજદિકમાં, રક્ષામાં ઉભા હોય. મુદ્દો એ છે

કે–જે વિનયાચાર છે, તે બહુમાનપૂર્વકનો હોવો જોઇએ. બહુમાન હોય અને વિનયાચાર ન હોય, તો સમજવું કે–સમજ, શક્તિ, સામગ્રી આદિની કોઈ એવી ઉણપ છે, કે જેને લઈને વિનયાચાર નથી; બાકી આવો બહુમાનવાળો વિનય કર્યા વિના રહે નહિ. લોકાંતિક દેવો મહા સમજુ હોય છે. તેઓ સદા તત્ત્વસ્વરૂપની વિચારણામાં રમણ કરનારા હોય છે. આમ છતાં પણ, તેઓ ભગવાનના કલ્યાણકાદિના ઉત્સવાદિમાં, દેશનામાં કે બીજે ક્યાં ય જતા નથી. એટલે શું એમ માનવું કે–તેમના હૈયામાં ભગવાન અને ભગવાને કહેલા માર્ગ પ્રત્યે શ્રદ્ધા નથી ? ના, એમ નથી જ. એ દેવોની સ્થિતિ જ એવી હોય છે કે–એ સદા સુખશય્યામાં પોઢ્યા રહે. ભગવાન અને ભગવાનના માર્ગ પ્રત્યે તો એમના હૈયામાં ભારે બહુમાન હોય છે. બહુમાનના આ વર્ણનથી વિનયાચારની ઉપેક્ષા નથી જ કરવાની. વિનયાચારની જે ઉપેક્ષા કરે છે અને તેનો બહુમાનના નામે જે બચાવ કરે છે, તે તો બહુમાનથી રહિત છે–એટલું જ નહિ, પણ તેવા લોકો ખરી રીતિએ તો માર્ગનું અપમાન કરનારા છે. એવા દંભિઓ તો, દુર્લભબોધિ બની જઇને સંસારમાં ભટકનારા બની જાય છે.

શ્રી ઉપધાન તપ :

ચોથો જ્ઞાનાચાર ઉપધાન નામનો છે. 'ઉપ' એટલે ગુરૂની સમીપે રહીને 'ધાન' એટલે વિધિપૂર્વકના તપશ્ચરણને આચરવાપૂર્વક શ્રુતને ધારણ કરવું. અર્થાત્–વિધિપૂર્વક તપશ્ચરણને આચરતા રહેવા સાથે, સદ્‌ગુરૂની સમીપે રહીને, સદ્‌ગુરૂ દ્વારા શ્રુતને ધારણ કરવું જોઇએ. આમાં તપની વિશેષતા હોઇને, આને શ્રી ઉપધાન તપ તરીકે ઓળખાવાય છે. આ નવકાર

મંત્ર આદિ શ્રુતના આરાધન અને અધ્યયન નિમિત્તે સુશ્રાવકો અને સુશ્રાવિકાઓ જે ઉપધાન તપ કરે છે, તેને જ ઉપધાન તપ કહેવાય છે–એવું પણ નથી. એને જેમ ઉપધાન તપ કહેવાય છે, તેમ સાધુઓ જે નાના–મોટા અથવા તો આગાઢ યોગનું અને અનાગાઢ યોગનું ઉદ્વહન કરે છે, તેને પણ શ્રી ઉપધાન તપ કહેવાય છે. એટલે શ્રી ઉપધાન તપનું વિધાન ચતુર્વિધ શ્રીસંઘને માટે છે. શાસ્ત્રોમાં શ્રી ઉપધાન તપની આવશ્યકતા ઉપર પણ ખૂબ ભાર મૂકવામાં આવેલો છે. આઠ પ્રકારના જ્ઞાનાચારોને આશ્રયીને, શાસ્ત્રમાં અકાલ–કુશીલ, અવિનય–કુશીલ, એ વિગેરે જે આઠ પ્રકારના કુશીલો ગણાવાયા છે, તેમાં અનુપધાન–કુશીલને માટે મોટું દોષપણું કહેલું છે. કેટલીક વાર, શક્તિ–સામગ્રી આદિના અભાવમાં ચતુર્વિધ શ્રીસંઘની વ્યક્તિઓ શ્રી ઉપધાન તપ વિધિપૂર્વક ન કરી શકે–એ પણ શક્ય છે; આમ છતાં પણ, શ્રી ઉપધાન તપ દ્વારા શ્રુતનું આરાધન કરવાનો ભાવ તો અવશ્ય હોવો જોઇએ. જેઓના હૈયામાં તેવો આરાધક-ભાવ નથી હોતો અને ઉપેક્ષાભાવ હોય છે, તેઓ ગાઢ જ્ઞાનાવર-ણીય કર્મને ઉપાર્જનારા બને છે. શ્રી ઉપધાન તપની ઉપેક્ષા, એ શ્રી શ્રુતજ્ઞાનની આશાતના છે. શ્રી નવકાર મંત્ર આદિને ભણેલા-ઓએ પણ, જો શક્તિ–સામગ્રીનો યોગ હોય તો, અવશ્ય શ્રી ઉપધાન તપ વિધિપૂર્વક કરવા સાથે, સદ્ગુરૂની સમીપે રહીને સદ્ગુરૂ દ્વારા તે શ્રુતને પુનઃ ગ્રહણ કરવું જોઇએ. તેમ કરવાથી, જ્ઞાનાવરણીય કર્મની ભારે નિર્જરા થાય છે. શ્રી ઉપધાન તપ, એ એક એવી ક્રિયાવિશેષ છે કે–જ્ઞાનનો અને ચરણનો કેવો સુમેળ શ્રી જૈન શાસનમાં રાખવામાં આવેલો છે, તેનો ખ્યાલ આવે. આરાધના જ્ઞાનની કરવાની છે, છતાં પણ સંયમાત્મક

અને તપસ્વરૂપ ક્રિયા સાથે જોઇએ જ. એથી શ્રી ઉપધાન તપને કરનારો, માત્ર જ્ઞાનાવરણીય કર્મની જ નિર્જરા કરનારો બનતો નથી, પરન્તુ સંવરપૂર્વક તપ કરીને તે આશ્રવને રોકીને ઘણી નિર્જરાને સાધનારો બને છે. મુખ્યત્વે જ્ઞાનાવરણીય કર્મને અને બીજાં પણ ઘણાં કર્મોને ક્ષીણ કરી નાખવાને માટે શ્રી ઉપધાન તપ એ મોટું સાધન છે. જેના હૈયે જ્ઞાન પ્રત્યે બહુમાન હોય, તેને જો આ વાતની ખબર પડે કે–વિધિપૂર્વક તપ કરવા સાથે સદ્‌ગુરૂના શ્રીમુખે શ્રુતજ્ઞાનને ગ્રહણ કરવાથી જ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ સફલ બને છે, તે શ્રી ઉપધાન તપ પ્રત્યે પણ આદરવાળો બન્યા વિના રહે જ નહિ. આથી, આ ચોથા જ્ઞાનાચારના આચરણ પ્રત્યે પણ ઉપેક્ષાવાળા નહિ રહેતાં, આરાધનાશીલ બનવું, એ જ હિતાવહ છે.

અનિહ્નવણ નામનો જ્ઞાનાચાર :

પાંચમો જ્ઞાનાચાર અનિહ્નવણ નામનો છે. નિહ્નવણ એટલે છૂપાવવું તે અને અનિહ્નવણ એટલે નહિ છૂપાવવું તે. જે ગુરૂની પાસેથી જે જ્ઞાનનું ઉપાર્જન કર્યું હોય, તે જ્ઞાનના ઉપાર્જનને અંગે તે ગુરૂના નામને છૂપાવવું નહિ, પણ અવસરે તે ગુરૂના નામને ઉમળકાભેર ઉચ્ચારવું, એ આ પાંચમા જ્ઞાનાચારનો પરમાર્થ છે. જે ગુરૂની પાસેથી જ્ઞાનોપાર્જન કર્યું હોય, તે ગુરૂનું નામ પ્રસિદ્ધિને પામેલું ન હોય, એટલા માત્રથી તે ગુરૂના નામને ઉચ્ચારતાં અચકાવું જોઇએ નહિ અથવા તો તે ગુરૂ હીન જાતિવાળા હોય તો ય તે ગુરૂના નામને ઉચ્ચારવામાં સંકોચ પામવો જોઇએ નહિ અથવા તો પોતે વિશેષ ભણીને એ ગુરૂ કરતાં ઘણો મોટો જ્ઞાની બની

ગયેલ હોય, તો પણ તેણે પોતાથી ઓછું ભણેલા એવા પણ પોતાના ગુરૂના નામને છૂપાવવું જોઈએ નહિ. ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે–એક અક્ષરનું જ્ઞાન આપનાર ગુરૂને પણ માનની દૃષ્ટિએ જોવા જોઈએ; તેમનું નામ બહુમાનભેર ઉચ્ચારવું જોઇએ. જેમની પાસે ભણેલ હોય તેમનું નામ તો દે, પણ જેટલું ભણેલ હોય તેથી કાં તો અધિક કહે અને કાં તો ઓછું કહે, તો પણ દોષપાત્ર બનાય. કોઈની પાસે ભણીને કોઈનું નામ દેવાય નહિ અને જે ભણ્યા હોઇએ–તેમાં અધિક પણ બતાવાય નહિ અને અલ્પ પણ બતાવાય નહિ.

મહા પાપનું કારણ :

ઓઠું નામ દેવામાં અને ભણતરને અધિક–ઓછું બતાવામાં, મૃષાવાદનો દોષ તો લાગે જ છે, પરન્તુ ચિત્તની કલુષિતતા વિના પણ પ્રાયઃ એવું બોલાતું નથી. ઉપયોગફેર થઈ જાય, એ વાત જૂદી છે; બાકી જે જાણી જોઈને ભણાવનાર તરીકે એકને બદલે બીજાનું નામ લે અગર તો જાણી જોઇને તેમની પાસે ઓછું ભણેલ હોય છતાં અધિક ભણ્યાનું બતાવે કે અધિક ભણેલ હોય છતાં ઓછું ભણ્યાનું બતાવે, તો એ ચિત્તની કલુષિતતા વિના બને નહિ. એમાં તો, એમ કરતાં પૂર્વે પણ ચિત્તની કલુષિતતા હોય અને જે એમ કર્યું એ ઠીક કર્યું–એવો ભાવ આવી જાય, તો પાછળ પણ ચિત્તની કલુષિતતા હોય. ચિત્તનું કલુષિતપણું, એ તો મહા દોષનું કારણ છે. આમ, મૃષાવાદનો અને ચિત્તના કલુષભાવનો દોષ લાગવા ઉપરાન્ત, જ્ઞાનાતિચાર રૂપ દોષની પ્રાપ્તિ પણ થાય છે. આ ઉપરથી તમે સમજી શકયા હશો કે–આ પાંચમા જ્ઞાનાચારનું ઉલ્લંઘન

પણ, આમ અનેક પ્રકારે મહા પાપનું કારણ બને છે.

જ્ઞાન ફળ્યું કે ફૂટ્યું ?

આ આચારના સંબંધમાં પણ, આજના જીવોએ વિશેષ કાળજીવાળા બનવાની જરૂર છે–એવું સૂચન કરવાનું મન થઈ જાય, એવું વાતાવરણ મોટે ભાગે સર્જાઈ રહ્યું છે. વિદ્યાદાતા પ્રત્યે હૃદયનો કેવો વિનીતભાવ બન્યો રહેવો જોઈએ, એમનું નામ કેવી સારી રીતિએ દેવું જોઈએ અને એમના ઉપકારને કેવા પ્રકારે યાદ કર્યા કરવો જોઈએ, એ વિગેરે બાબતો તરફ આજે ઘણે અંશે ઉપેક્ષા આવી જવા પામી છે. એથી પણ જ્ઞાન ફળતું નથી. તમે કહેશો કે–એવા ઉદ્દંડોને પણ લખતાં–બોલતાં, પોતાની વાતને સિદ્ધ કરતાં, સામાને બોલતો બંધ કરતાં આવડે છે; પરન્તુ એને જ જેઓ જ્ઞાનનું ફળ માને છે, તેઓ ય અજ્ઞાન છે. જ્ઞાનનું સાચું ફળ તો મુક્તિ તરફની કૂચ છે. જ્ઞાની તો સદા જોયા કરે કે–હું કેટલે અંશે મુક્તિની નિકટમાં બની રહ્યો છું. જે કહેવાતો જ્ઞાની પૌદ્ગલિક ઉન્નતિમાં રાચે, તે કહેવાતો જ જ્ઞાની છે, પણ ખરો જ્ઞાની નથી. આજે સમ્યક્ શ્રુતનું વર્ત્તમાનની અપેક્ષાએ ઠીક ઠીક પ્રમાણમાં ગણાય તેવું જ્ઞાન ધરાવનારાઓ પણ, પૌદ્ગલિક ઉન્નતિમાં રાચી રહ્યા છે, અનાચારોના માર્ગે ઘસડાઈ ગયા છે, પવિત્ર વિચારોને તજીને અનાચારોને સેવવા ઉપરાન્ત, એમ કરવામાં દોષ નથી–એવું મનાવી રહ્યા છે, ઉપકાર મનાવી રહ્યા છે, એ સૂચવે છે કે–એમને જ્ઞાન વિપરીત રૂપે પરિણમ્યું છે. જ્ઞાન તો, અનાચારના વિચાર માત્રથી પણ આઘાત પમાડે અને અતિચારનો પણ ડર લગાડે. એ દૃષ્ટિએ જૂઓ, તો તમને લાગે

કે–એવાઓને એમનું જ્ઞાન ફળ્યું તો નથી, પણ ફૂટી નીકળ્યું છે. જ્ઞાનનાં વખાણ મોક્ષના કારણપણાને અંગે જ છે અને મોક્ષ તરફ જેની નજર ન હોય, તેને જ્ઞાન ફળતું નથી. મોક્ષના અર્થિપણાને પેદા કરવાની વૃત્તિ પણ જ્ઞાનથી જો પ્રગટે નહિ, તો એ જ્ઞાનમાં આંશિકેય પ્રશંસાપાત્રતા રહેવા પામતી નથી. જ્ઞાન જો થોડું હોય પણ મોક્ષના અર્થીમાં હોય, તો જ તે ઉન્નતિકારક બની શકે છે અને જ્ઞાન જ્ઞાન રૂપે ગણાવાને માટે લાયક તો, સમ્યગ્દર્શન ગુણના પ્રગટીકરણ પછીથી જ બને છે. આવા સમ્યગ્જ્ઞાનવાળાઓ તો, ઉપયોગશૂન્યતાથી પણ ગુરૂના નામને છૂપાવવાનું, અન્યનું નામ દેવાનું, અધિક–ઓછું ભણ્યાનું કહેવાનું પાપ પલ્લે પડી જવા પામે નહિ–તેની કાળજીવાળા હોય છે.

વ્યંજન નામનો જ્ઞાનાચાર :

વ્યંજન નામે છઠ્ઠો જ્ઞાનાચાર છે. વ્યંજન શબ્દના અનેક અર્થો થાય છે, પરન્તુ અત્રે વ્યંજનનો ‘ અક્ષર ’ એવો અર્થ ગ્રહણ કરવાનો છે; અને અ આદિ સ્વરો તથા ક્ આદિ વ્યંજનો–એ બન્ને ય અર્થોનો તેમાં સમાવેશ કરી લેવાનો છે. સૂત્રમાંના એક પણ અક્ષરનો ફેરફાર કરવો જોઇએ નહિ. એક પણ અક્ષરનો ફેરફાર થઈ જાય, તો તેથી અર્થમાં ફેરફાર થઈ જવા પામે છે. સર્વજ્ઞની વાણીના એક અક્ષરમાં પણ ફેરફાર કરવો, એ અનંતા શ્રી અરિહન્તદેવોની આશાતના છે અને એથી જીવનો અનંતો સંસાર પણ વધી જાય. ફેરફાર કરવાની વાત તો દૂર રહી, પણ સૂત્રના એક અક્ષરનું પણ અશુદ્ધ ઉચ્ચારણ કરવાનો ય મહાપુરૂષોએ નિષેધ કરેલો છે. હ્રસ્વ, દીર્ઘ

કે પ્લુત, જે પ્રમાણે હોય, તે પ્રમાણે ઉચ્ચારણ કરવું, એ વિધિ છે. વ્યંજનના ભેદથી અર્થભેદ જન્મે, અર્થભેદથી ક્રિયા-ભેદ જન્મે અને એમ કરતાં મોક્ષનું જે કારણ છે, તે મોક્ષનું કારણ મટી જવા પામે.

એક અક્ષરની પણ ઘાલમેલ થાય નહિ :

એક શબ્દના અનન્તા અર્થો હોય છે અને અનન્ત-જ્ઞાનીઓએ કહેલું સૂત્ર છે—આવું માનનારો, કદી પણ સૂત્રના એક અક્ષરમાં પણ ઘાલમેલ કરવાનું પસંદ કરે નહિ. '**धम्मो मंगलमुक्किट्ठं**' એની જગ્યાએ, પદપદ્ધતિને ફેરવીને '**उक्किट्ठं मंगलं धम्मो**' એમ પણ બોલી શકાય નહિ; અથવા તો, પર્યાયભેદ કરીને '**पुण्णं कल्लाणमुक्कोसं**' એમ પણ બોલી શકાય નહિ. એ સૂત્રને તો '**धम्मो मंगलमुक्किट्ठं**' એવી રીતિએ જ બોલાય. પદપદ્ધતિ ફેરવાથી અગર પર્યાયભેદ કરવાથી પણ, મૂળ જે અર્થ હોય છે, તેમાં કાંઈક ને કાંઈક ન્યૂનાધિકતા આવે છે. આવી રીતિએ પદપદ્ધતિના ફેરફારમાં કે પર્યાયભેદ કરવામાં, મૂળ રચયિતા જે મહાપુરૂષ, તેમના પ્રત્યેના બહુમાનની ખામી જણાય છે તેમ જ પોતાના જ્ઞાનનો અપચો જણાય છે. એ બન્ને ય વસ્તુઓ નુકશાનકારક છે. જેમ પદાનુક્રમને ફેરવાય નહિ અને પર્યાયપલટો કરી શકાય નહિ, તેમ પદમાંના એક વર્ણની જગ્યાએ અન્ય વર્ણ પણ મૂકી શકાય નહિ. એમાંથી તો વળી, ઘોર અનર્થ પણ જન્મી જવા પામે. જેમ કે–'**धम्मो मंगलमुक्किट्ठं**'ની જગ્યાએ, કોઈ ભૂલથી પણ '**कम्मो मंगलमुक्किट्ठं**' કહી દે, તો '**शास्त्र**' શબ્દની જગ્યાએ '**शस्त्र**' શબ્દ મૂકી દેવા જેવું જ એ ભયંકર થઈ પડે ને ?

એમાં મિથ્યાભિમાન અને મૂર્ખતા છે :

તમને જો ખ્યાલ હોય, તો શ્રી સિદ્ધસેન દિવાકરે શ્રી ચૈત્યવંદનાદિ સૂત્રોને સંસ્કૃત ભાષામાં ફેરવવાની ઈચ્છા માત્ર વ્યક્ત કરી, એટલામાં તો તેમને પારાંચિત પ્રાયશ્ચિત્ત આપવામાં આવ્યું હતું. આ રીતિએ વ્યંજનના જ્ઞાનાચારના પાલનનો જે આગ્રહ સેવવામાં આવે છે, તે ખરેખર યોગ્ય જ છે. તમે જ વિચાર કરો કે–અનન્તજ્ઞાનીએ જે રૂપે જેને કહ્યું હતું, તેને તે રૂપે પદપદ્ધતિને બદલીને, પર્યાયને બદલીને, તેમાંના વર્ણને ફેરવીને કે તેની ભાષાને ફેરવીને અન્ય કોઈ કહી શકે, એ શું શક્ય છે? એમાં અર્થનો અંશે પણ તફાવત પડે જ નહિ, એ શક્ય છે? જે પદ દ્વારા અને જે પદપદ્ધતિ દ્વારા અનન્તજ્ઞાનીઓની આજ્ઞાનુસાર ગણધરભગવાનોએ કહેલ હોય, તેમાં ફેરફાર કરવાથી અર્થમાં કાંઈ જ ન્યૂનાધિકતા ઉત્પન્ન થવા પામે નહિ, એ સંભવિત છે? હા, એ પણ અસંભવિત તો નથી જ, પરન્તુ માત્ર ગણધરભગવાનોને માટે જ તે અસંભવિત નથી. ગણધરભગવાનો સિવાયના તો કોઇને પણ માટે, તે અસંભવિત નથી–એમ તો નહિ, પણ સુસંભવિત છે. વળી, પદનો ક્રમ, તેનો પર્યાય અથવા તો સૂત્રની ભાષા આદિને ફેરવવાની જરૂર શી છે? જે સૂત્રથી જે અપાય છે, તે સૂત્રની જગ્યાએ અન્ય સૂત્રને ગોઠવીને અધિક સારા અર્થને આપવાની તાકાત આવી ગઈ છે, એમ માની લીધું છે? જો ના, તો અનન્તજ્ઞાનીઓએ કહેલાના અર્થમાં હ્રાસ ઉપજે–એવું કરવાની જરૂર લાગે જ નહિ અને જો હા, તો એ મિથ્યાભિમાન અને મૂર્ખતાનું જ પ્રદર્શન છે, એમ કહેવું પડે.

રાણીએ જરા સરખો પણ કેવો ફેરફાર કર્યો ?

જરા સરખો ફેરફાર કરી નાખવા માત્રથી પણ કેવો અનર્થ નિપજે છે, તેને જણાવનારાં ઉદાહરણોનો આ સંસારમાં તોટો નથી, પરન્તુ એ વિષયમાં કુણાલનું ઉદાહરણ વિશેષ પ્રસિદ્ધ છે.

પાટલી પુત્રના રાજા અશોકને કુણાલ નામે એક પુત્ર હતો. રાજાને તેના ઉપર અત્યન્ત સ્નેહ હોવાથી, રાજાએ તેને બાલપણથી જ ઉજ્જયિની નગરી આપી દઇને, ત્યાં રાખ્યો હતો. પોતાને અત્યન્ત સ્નેહ હોવાથી જ તેને દૂર રાખવાનું કારણ એ હતું કે—અપર માતા દ્વારા મારો આ પુત્ર કોઈ પણ પ્રકારના પરાભવને પામે નહિ, એવી રાજાની હાર્દિક ઇચ્છા હતી.

કુણાલને પોતાથી દૂર રાખવા છતાં પણ, કુણાલના પાલન આદિની રાજાએ ઘણી જ સુવ્યવસ્થા કરી હતી અને પોતે નિરંતર તેની ખબર મંગાવ્યા કરતો હતો.

એક વાર એવું બન્યું કે—કુમાર કુણાલ જ્યારે આઠ વર્ષની ઉમ્મરનો થયો, ત્યારે તેને વિશિષ્ટ પ્રકારે ભણાવવાનો પ્રબંધ કરવા સંબંધી ખાસ સૂચના, પોતાના ત્યાં રાખેલા પ્રધાનોને લખી મોકલવાની, રાજાને ઇચ્છા થઈ. ઇચ્છા થતાંની સાથે જ, રાજાએ તે સંબંધી પત્ર લખ્યો. રાજા પત્ર લખી રહ્યો, એટલામાં જ કોઈ એવું અગત્યનું કામ આવી પડયું, કે જેથી તે પત્રને ત્યાં જ મૂકીને રાજા અન્ય કાર્યાર્થે ગયો, કારણ કે—તરત જ તે પાછો ફરવાનો હતો.

રાજાના ગયા બાદ, રાણી તે જગ્યાએ આવી. એ રાણી કુમાર કુણાલની અપર માતા હતી અને હૈયાની અતિશય

ક્ષુદ્ર હતી. કુણાલ ઉપરના રાજાના સ્નેહને તે જાણતી હતી અને એ વાતની એના હૈયામાં ભારે ખટક હતી. એ સમજતી હતી કે–આ રાજા પોતાનું રાજ્ય કુણાલને જ આપશે, જ્યારે રાણીની ઇચ્છા એ હતી કે–તેણીના પોતાના પુત્રને રાજ્ય મળે. આ માટે, એ રાણી કુમાર કુણાલના અનિષ્ટની તક જ શોધ્યા કરતી હતી.

રાણીએ ત્યાં આવીને પેલો પત્ર હાથમાં લીધો અને વાંચ્યો. તેણીને વિચાર આવ્યો કે–'એક તો કુણાલ ઘણો રૂપાળો છે અને આ રીતિએ તે ભણશે એટલે તો રાજા એને જ રાજ્ય આપશે.' રાણીને પોતાની આશાની ઈમારત સાવ જમીનદોસ્ત થઈ જતી લાગી. એથી ઈર્ષ્યાના ઝેરવાળી તે ક્રૂર બની ગઈ. ભવિતવ્યતાના યોગે તેણીને પોતાની ઇચ્છાને સફલ કરવાની બુદ્ધિ પણ સુઝી આવી. તેણીએ વિચાર્યું કે–'રાજાએ આ પત્રમાં કુણાલને ભણાવવાનું સૂચન કરવાને માટે જે '**अधीयताम्**' એવું પદ લખ્યું છે, તે પદમાંના '**अ**' અક્ષર ઉપર જો હું માત્ર એક મીંડું જ ઉમેરી દઉં, તો કદાચ મારી ધારણા પાર પડે. એમ કરવાથી, '**अधीयताम्**'ને બદલે '**अंधीयताम्**' પદ બને અને જો પ્રધાનો રાજાની આજ્ઞાનો તરત અમલ કરી દે, તો તેઓ કુમારને ભણાવવાને બદલે આંધળો બનાવી દે. કુણાલને આંધળો બનાવી દીધા પછીથી તો ભલે ને જે બનવું હોય તે બને, પણ એ આંધળાને આ રાજા રાજ્ય તો આપી શકે જ નહિ અને એથી મારા પુત્રને અનાયાસે જ રાજ્યની ગાદી મળી જાય.'

આવો વિચાર કરીને તેણીએ એ પત્રમાંના '**अधीयताम्**' પદમાંના **अ** અક્ષર ઉપર મીંડું વધારી દીધું અને એ પત્રને

જેવો હતો તેવો જ બીડેલો ત્યાં મૂકીને, રાણી અંદરના ભાગમાં ચાલી ગઈ. સ્વાર્થાન્ધો જેટલું ન કરે, તેટલું ઓછું જ ગણાય.

તરત જ રાજા પાછો ફર્યો. રાજાએ પત્રને ખોલીને ફરીથી વાંચ્યો નહિ. પોતાના અતિ વિશ્વાસુ માણસની સાથે રાજાએ તે પત્ર ઉજ્જયિનીમાં રહેલા પોતાના પ્રધાનો ઉપર રવાના કરી દીધો.

કાગળને વાંચ્યા વિના રવાના કરવો નહિ :

કાગળને મોકલતાં પહેલાં, ફરીથી બરાબર વાંચી જવો જોઇએ, વિચારી જવો જોઈએ, નહિતર કોઈ વાર મોટો અનર્થ નિપજી જાય છે. ઘણાઓને કાગળ વિગેરે લખ્યા પછીથી, તેને રવાના કરતાં પહેલાં, ફરી બરાબર વાંચી જવાની ટેવ હોતી નથી. કાગળને લખીને પૂરો કર્યો કે તરત જ તેને રવાના કરી દેવાની ટેવ હોય, એમાં કોઈ વાર ગોટાળો થઈ જવાનો સંભવ રહેલો છે. એક માણસ પોતાની સ્ત્રીને કાગળ લખી રહ્યો હતો. તે વખતે ઉપરથી એક ચકલી ચરકી ગઈ. એથી એ ભાઈ સાહેબનો મીજાજ ગયો. એકદમ બરાડી ઉઠ્યો કે– 'રાંડ ! જો તૂં મારી પાસે હોત, તો હું તારી ટાંગ તોડી નાખત.' ચકલીને ઉદ્દેશીને બોલાએલા આવા શબ્દો, એ માણસે આવેશમાં ને આવેશમાં પોતાની પત્ની ઉપરના પત્રમાં પણ લખી દીધા, કારણ કે–એ વખતે એના હૈયામાં એ પ્રકારનો ભાવ હતો અને એથી ભૂલ થઈ. કાગળ પૂરો લખી રહીને તેણે વગર વાંચ્યે રવાના પણ કરી દીધો. એ કાગળને વાંચીને બાઈ બીચારી તો ગભરાઈ જ ગઈ. એ સાસરે જવાનો વિચાર કરતી હતી, તે વિચારને એણે માંડી વાળ્યો. એને થયું કે–

'જો હું જઈશ ને મારો ભાયડો મારી ટાંગ તોડી નાખશે, તો હું તો જન્મારાની લંગડી થઈશ. માટે હવે તો ત્યાં જવું ય નથી ને જવાબેય લખવો નથી.' એમ બે વર્ષ નીકળી ગયાં. ભાઈ સાહેબને બે વર્ષો સુધી હાથે રોટલા ટૂટી ખાવા પડ્યા. પછી કંટાળીને એ જાતે તેડવા ગયો, ત્યારે રૂબરૂમાં બધો ખૂલાસો થયો અને બાઈ ઘરે આવી. એ માણસે જો પોતાના લખેલા કાગળને ફરીથી વાંચ્યો હોત અથવા તો બાઇએ જવાબ લઈને કાંઈક પણ ઈશારો કર્યો હોત, તો એ બન્નેને બે વર્ષનો વિરહ વેઠવો પડત નહિ. સામાન્ય ભૂલમાં બે ય દુઃખી થયાં. ભાઇને બાઇનો બખ હતો અને બાઇને ભાઈનો બખ હતો, એક–બીજા વિના એક–બીજાને ફાવતું નહોતું, છતાં પણ નહિ જેવી બાબતમાં એવું બન્યું. આનું નામ, ભવિતવ્યતાની બલવત્તા.

<u>કુણાલે પિતૃભક્તિવશ કરેલું સાહસ :</u>

રાજા અશોકે પણ જો પોતાના પત્રને રવાના કરતાં પહેલાં વાંચી લીધો હોત, તો એ પત્રથી જે પરિણામ આવ્યું, તેવું વિષમ પરિણામ આવવા પામત નહિ. પરિણામમાં કુમાર કુણાલ સદ્ધાને માટે અન્ધ બન્યો છે. જો કે–કુમાર કુણાલ અન્ધ બનવા છતાં ય, તેની અપર માતાની મનોભાવના ફળી નથી અને સુયુક્તિથી કુણાલે મોટી ઉંમરનો થયા બાદ પોતાના પુત્રને માટે રાજ્ય પોતાના પિતાની પાસેથી જ મેળવ્યું છે, પણ વિષમ પરિણામ આવ્યું, એનો તો કોઇથી ય ઇનકાર થઇ શકે તેમ નથી.

પ્રધાન પાસે રાજાનો પત્ર પહોંચતાં, તેને વાંચીને તો તેના

હોશકોશ ઉડી ગયા. તેની આંખોમાંથી અશ્રુઓ સરવા માંડ્યાં.

એ જ વખતે, કુણાલ ત્યાં આવી પહોંચ્યો. પ્રધાનને રડતા જોઈને એ મુંઝાયો. વિચક્ષણ એવા તેણે ત્યાં પડેલા રાજાના પત્રને ઉઠાવી લીધો અને વાંચી લીધો.

હવે એ કુમાર કેવો પિતૃભક્ત છે અને સત્ત્વશીલ છે, તે જૂઓ. એ પત્રને વાંચીને કુણાલ વિચાર કરે છે કે–'પિતાજીની કોઈ પણ આજ્ઞાનો ભંગ મેં કર્યો નથી, પણ મારાથી પિતાજીની આજ્ઞાનો ભંગ અજાણતાં થઈ ગયો હશે, એમ આ પત્ર ઉપરથી લાગે છે. નહિતર, એકાન્તે મારા હિતની જ ચિન્તા કરનારા મારા પિતા આમ કેમ લખે? મારે તો એમની આજ્ઞાનો અમલ જ કરવો જોઈએ. જે પુત્ર પિતાની આજ્ઞાનો ભંગ કરે, તેને પુત્ર જ કેમ કહેવાય?'

કુણાલે પોતાનો વિચાર પ્રધાનને જણાવતાં, થોડોક કાલ વિલંબ કરવાને માટે પ્રધાન વિગેરેએ કુણાલને સમજાવવા માંડ્યું. આથી, કુણાલે, કોઈ દુષ્ટ અદૃષ્ટના વશથી, પોતાના હાથે જ તપાવેલી લોઢાની સળીને પોતાની બન્ને આંખોમાં આંજી અને એથી તે અન્ધ બન્યો.

કુણાલ પિતૃભક્ત હતો, એની ના નથી; પણ આ સ્થલે એક વાત વિચારવા જેવી છે. તેણે જો થોડો કાળ વિલંબ કર્યો હોત, તો એટલા માત્રથી તે પિતૃભક્ત મટી જાત નહિ. મહાપુરૂષો આવા સાહસનો નિષેધ કરે છે. સહસાત્કારે કોઈ ક્રિયા કરવી તે અવિવેક છે અને અવિવેક એ મોટી આપત્તિનું મૂલ છે. એટલા માટે તો, શાસ્ત્રમાં કહ્યું છે કે–ગુરૂની આજ્ઞાના આરાધક પુરૂષે પણ, જો કોઈ આજ્ઞા વિશેષના પાલનમાં અશુભ ભાવિ જણાય, તો તે આજ્ઞાનું તત્કાલ પાલન

નહિ કરતાં કાળક્ષેપ કરવો. ત્રણ વખત આદેશ આવવાની અપેક્ષા પર્યન્ત એની મર્યાદા છે. ક્ષણનો વિલંબ કરવાથી પહોર મળે છે, પહોરનો વિલંબ કરવાથી દિવસ મળે છે અને દિવસનો વિલંબ કરવાથી વિશેષ કાળ મળે છે. એ રીતિએ કાલક્ષેપ કરવો એ ઉચિત છે. પણ કુણાલને પોતાના પૂર્વ-ભવમાં કરેલું કર્મ એ રીતિએ ભોગવવાનું ભાવિ નિર્મિત થયેલું હશે, માટે કુણાલે કાલક્ષેપ નહિ કરતાં સાહસ કર્યું.

વ્યાકરણને ભણવાની જરૂર :

આપણો મુદ્દો છે–અક્ષરની વધઘટથી થતા ફેરફારનો. '**अधीयताम्**'ની જગ્યાએ '**अंधीयताम्**' થવાથી કુણાલની આંખો ગઇ. એક અક્ષરને વધારવાથી જેમ અર્થ ફરે છે, તેમ એક અક્ષરના ઘટાડવાથી પણ અર્થ ફરે છે. '**કુન્તી**' એટલે પાંડવોની માતા. જો કોઈ અડધો ન્ કાઢી નાખીને બોલે અને પાંડવો સાંભળે, તો એને યમરાજના જ મહેમાન થવું પડે ને? જેટલા અક્ષરો હોય, તેટલા બધા, એ જે પ્રમાણે હોય તે પ્રમાણે જ બોલવા જોઇએ. એક માતાએ પોતાના પુત્રને વ્યાકરણનો અભ્યાસ કરવાની પ્રેરણા કરતાં કહ્યું હતું કે–

"**यद्यपि बहुनाधीषे, तथापि पुत्र! पठ व्याकरणम्।**
स्वजनः श्वजनो माऽभूत्, सकलं शकलं सकृच्छकृत् ॥१।"

માતા કહે છે કે–દીકરા! તું વધારે ન ભણે તો કાંઈ નહિ, પણ તું વ્યાકરણ તો જરૂર ભણ, કે જેથી '**સ્વજન**'ના સ્થાને '**શ્વજન**' ન થઈ જાય, '**સકલ**'ના સ્થાને '**શકલ**' ન થઈ જાય અને '**સકૃત્**'ના સ્થાને '**શકૃત્**' ન થઈ જાય. આ ત્રણ શબ્દયુગલોમાં વર્ણનો સામાન્ય માત્ર જ ફેરફાર છે.

ને ? છતાં પણ, એટલા ફેરફાર માત્રથી અર્થ કેટલો બધો ફરી જાય છે, તે જૂઓ. 'સ્વજન' એટલે પોતાનું માણસ, કુટુંબી જન, જ્યારે 'શ્વજન' એટલે કુતરો; 'સકલ' એટલે સંપૂર્ણ જ્યારે 'શકલ' એટલે ટુકડો; અને 'સકૃત્' એટલે એક વાર, જ્યારે 'શકૃત્' એટલે વિષ્ટા. આશય જેવો ન હોય, તેવો અર્થ પણ ઉચ્ચારની બીનઆવડતથી કે લખવાની બીનઆવડતથી પેદા થઇ જવા પામે.

જેઓ વ્યાકરણને જ વ્યાધિકરણ માને, તેમને અજ્ઞાનના વ્યાધિમાંથી કોણ છોડાવે ? સહજ ફેરફારથી, 'શ'નો 'સ' બોલવાથી તો એક વખત ભરસભામાં મોટો ઝઘડો થઈ ગયો હતો.

સનાતનીઓ અને આર્ય સમાજીસ્ટો વચ્ચે વાદ ગોઠવાયો હતો. '**प्रथमकवले मक्षिका**'–'પહેલે કોળીએ માખી' ની જેમ આર્યસમાજીસ્ટ પંડિતથી ભૂલ થઈ ગઈ. એને ઉચ્ચારનું ભાન નહોતું તેથી ભૂલ થઈ.

સનાતની આગેવાન પંડિતનું નામ દેવીદાસ શર્મા હતું, તેથી તેણે કહ્યું કે–'દેવીદાસ સરમા ! સાંભળો.'

'શર્મા' એ તો અટક હતી, જ્યારે 'સરમા'નો અર્થ કુતરી થાય, એટલે દેવીદાસ શર્મા એકદમ ઉશ્કેરાઈ ગયો. સનાતનીઓએ અમારા પંડિતને 'કુતરી' કહી, એમ માનીને તોફાન આદર્યું.

એટલે વ્યાકરણના અધ્યયનની પણ પરમ આવશ્યકતા છે, કે જેથી કયો શબ્દ કયા વર્ણવાળો છે તેનું ભાન આવે અને અક્ષરભેદે કેવો અર્થભેદ થઇ જવા પામે છે, તે વિગેરે પણ સમજાય.

અક્ષર ફરે અર્થ ફરે :

અક્ષર ફરે ત્યાં અર્થ ફરે; સૂત્ર અને અર્થ બન્ને ફરે; માટે વ્યંજન રૂપ શ્રુતોપચાર પણ બરાબર જાળવવો જોઇએ. પ્રતિક્રમણનાં સૂત્રો ઘણે ભાગે અશુદ્ધ બોલાય છે. તેમાં કોઈ કોઈ તો વર્ણભેદવાળો ઉચ્ચાર કરે છે. સૌએ સમજવું જોઇએ કે–સાચો લાભ શુદ્ધ બોલવામાં જ છે. મંત્રાક્ષરો જેવાં સૂત્રોને અશુદ્ધ બોલવાથી કેવું નુકશાન થાય, તે તમે સમજી શકતા નથી ? આજે પાઠશાળાઓમાં પણ શુદ્ધ ઉચ્ચારથી ભણાવવા તરફ પૂરતું લક્ષ્ય અપાતું નથી તેમ જ આજે જે પંચ પ્રતિક્રમણાદિ સૂત્રોનાં પુસ્તકો છપાય છે, તેમાં કેટલાકો તો અશુદ્ધિઓના ભંડાર સમાં પુસ્તકો પ્રગટ કરે છે. તેમને ખબર નથી કે–આવી રીતિએ રળતર લેવા જતાં, કર્મનું કેવું નડતર થશે ? જ્ઞાનની આશાતના કરનારાઓની કેવી ગતિ થાય, એ કાંઈ તેમનાથી અજાણ્યું નથી.

સાતમો જ્ઞાનાચાર :

સાતમો જ્ઞાનાચાર 'અર્થ' નામનો છે. સૂત્રને કાયમ રાખીને પણ જો તેના અર્થને ફેરવી નાખવામાં આવે, તો તેથી પણ મોટો અનર્થ થાય છે. માત્ર અણસમજથી જ અર્થનું પરાવર્તન થાય છે–એવું નથી. અણસમજથી ભૂલ કરનાર પણ ભૂલ કરવાનો ઇરાદો જેનો નથી, એવો તો કોઈ સમજદારનો સુયોગ મળતાં સમજી જાય અને સુધરી જાય, પણ જે ઇરાદાપૂર્વક ખોટો અર્થ કરે, તેની શી ગતિ થાય ? જેમ કે–**ચૈત્ય** શબ્દને કાયમ રાખે, પણ મૂર્તિને નહિ માનવાના આગ્રહમાં તણાઇને, તેનો 'જિનમંદિર' એવો અર્થ

થતો હોવા છતાં પણ અને એવો અર્થ કરવો એ જ ઘટિત હોવા છતાં પણ, અઘટિત રીતિએ એનો 'જ્ઞાન' એવો અર્થ કરીને, અનર્થની પરંપરાને વધારનારાઓ છે. મુક્તિમાર્ગ-દર્શક સૂત્રનો અર્થ બદલી નાખવાથી, તે સૂત્રને પોતાને માટે સંસારવર્ધક બનાવાય છે. સ્થાનકવાસી સંપ્રદાય એમ જ ઉભો થયો છે ને ? સંપ્રદાયો એમ જ વધે છે ને ? આજે જે મોટી ચર્ચા ચાલી રહી છે, તેમાં પણ અર્થનો અનર્થ કરાઈ રહ્યો છે. ખોટો અર્થ કર્યો અને તેનો વળગાડ થઈ ગયો. હવે એ છૂટતું નથી. અભિનિવેશ નામનું મિથ્યાત્વ એ જ રીતિએ પતન પમાડે છે. ખોટો અર્થ કરનારો, સૂત્રને કાયમ રાખવા છતાં પણ, છટ્ઠા જ્ઞાનાચારના આચરણનો લાભ નથી પામી શકતો, કારણ કે–તે અર્થને બદલી નાખે છે. જે અપેક્ષાથી જે અર્થ કહેવાયો હોય, તે અપેક્ષાથી તે અર્થને ગ્રહણ નહિ કરવો, એ પણ સાતમા જ્ઞાનાચારની વિરાધના છે. એટલા માટે તો, આપણે ત્યાં માત્ર આગમો જ પ્રમાણ ગણાતાં નથી, પરન્તુ પંચાંગી પણ પ્રમાણ ગણાય છે અને પંચાંગીને અનુસરતા મહાપુરૂષોએ રચેલા જે વિવિધ ગ્રન્થો છે તે પણ પ્રમાણ ગણાય છે. મહાપુરૂષોએ કહેલો અર્થ આપણી બુદ્ધિમાં ન ઉતરે, તો 'તત્ત્વ કેવલિગમ્ય છે'–એમ માનવું, પરન્તુ ફાવતો અર્થ કરીને તેનો પ્રચાર કરવાના પ્રયત્નમાં પડવું નહિ.

આઠમો જ્ઞાનાચાર :

આઠમો જ્ઞાનાચાર 'સૂત્ર તથા અર્થ' એ ઉભય સંબંધી છે. છટ્ઠા અને સાતમા જ્ઞાનાચારનું આચરણ કરવામાં કાળજી-વાળા બનેલા, આ આઠમા જ્ઞાનાચારનું તો સ્વાભાવિક રીતિએ

જ આચરણ કરનારા બની જાય છે. જો એમ છે, તો પછી જ્ઞાનીઓએ આ જ્ઞાનાચારને જૂદો કેમ કહ્યો?–આવો પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે. એવા પ્રશ્નનું સમાધાન એ છે કે–કેટલાક એવા હોય છે કે–માત્ર સૂત્રને જ ઓળવે, કેટલાક એવા હોય છે કે–માત્ર અર્થને જ ઓળવે અને કેટલાક એવા હોય છે કે–સૂત્રને પણ ઓળવે અને અર્થને પણ ઓળવે. જે સૂત્ર બોલે તે અશુદ્ધ બોલે તેમ જ જે અર્થ કરે તે ખોટો કરે, એવાઓને બચવાને માટેનો આ આઠમો આચાર છે. સૂત્ર અને અર્થ–એ બન્નેનું શક્તિ–સામગ્રી મુજબ અને યોગ્યતા મુજબ જ્ઞાન સંપાદન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આ આઠેય આચારો શોભાવે પણ છે અને શ્રેયોભાગી પણ બનાવે છે:

આ રીતિએ આપણે આઠ જ્ઞાનાચારો સંબંધી કેટલીક વિચારણા કરી આવ્યા. આ શ્રી ભગવતીજી સૂત્ર, આ આઠ પ્રકારના જે જ્ઞાનાચારો છે, તેનાથી પરિવૃત્ત છે. આ આઠ આચારોને 'પ્રવચનોપચાર' તરીકે ઓળખાવવામાં આવેલા છે, એટલે આ આઠ આચારોના પાલનમાં પ્રવચનની ભક્તિ રહેલી છે. એથી જ, આ આઠ આચારોને ટીકાકાર મહર્ષિએ 'ચારૂ' તરીકે ઓળખાવ્યા છે. 'ચારૂ' એટલે સુન્દર, મનોહર. ખરેખર, આ આઠ આચારો ઘણા જ સુન્દર અને મનોહર છે. આ આઠ આચારોથી જ્ઞાન અને જ્ઞાનોપાર્જનનો પ્રયત્ન દીપી ઉઠે છે. જ્ઞાનને અને જ્ઞાનાધ્યયનને તેમ જ જ્ઞાનદાનને પણ દીપાવનાર અને એને સફલતાની પરાકાષ્ઠાએ પહોંચાડનાર આ આઠ આચારો છે. જયકુંજર જેમ એને

બંધાતા તંગોથી દેખાવડો બને છે અને એની કાર્યસાધકતામાં એ તંગો જેમ ઘણો મોટો ઉમેરો કરી દે છે, તેમ આ આચારોનું પાલન પણ શ્રી ભગવતીજી સૂત્રને, શ્રી ભગવતીજી સૂત્રમાં રહેલા જ્ઞાનને, શ્રી ભગવતીજી સૂત્રને ભણાવનારને, શ્રી ભગવતીજી સૂત્રને ભણનારને અને શ્રી ભગવતીજી સૂત્રના અર્થોનું શ્રવણ કરનારને શોભાવે છે અને શ્રેયોભાગી બનાવે છે. આ આઠ આચારોના સંબંધમાં કાંઈક વિસ્તારથી જે કહેવામાં આવ્યું છે, તે ખાસ હેતુપૂર્વક કહેવામાં આવ્યું છે. તેમાં ય પહેલા ત્રણ આચારોને અંગે ખાસ કહેવાયું છે. એનું કારણ એ છે કે–વર્ત્તમાનમાં એ તરફ લક્ષ્ય દોરવાની ખાસ જરૂર છે. બહુમાનપૂર્વકનો વિનયાચાર આવે, તો બાકીના આચારોના પાલનનું અર્થિપણું પેદા થયા વિના રહે નહિ અને જ્ઞાન સફલ નિવડ્યા વિના રહે નહિ. બહુમાનપૂર્વકના વિનયાચારવાળા અને એથી બીજા આચારો પ્રત્યે પણ લક્ષ્યવાળા, કેટલીક વાર અણસમજ આદિથી કાળની બાબતમાં ભૂલ કરતા જણાય છે, માટે એને અંગેય ખાસ કહેવાયું છે. બાકી જેઓ જાણી–બુઝીને આ જ્ઞાનાચારોની અણહીલના કરે છે, એવાઓને કહેવાનો તો અર્થ જ શો છે ? એવાઓની તો માત્ર દયા જ ચિન્તવવી રહી.

૨૧—ઉત્સર્ગ ને અપવાદનો સંબંધ :

શ્રી ભગવતીજી સૂત્ર રૂપ જયકુંજરથી શમ અને સિદ્ધિ સુલભ બને છે :

નવાંગી ટીકાકાર તરીકે સુપ્રસિદ્ધ થયેલા આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા, પંચમ ગણધર-ભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ સૂત્રથી ગુંથેલા શ્રી ભગવતીજી સૂત્ર તરીકે ઓળખાતા આ પંચમ અંગસૂત્રની ટીકાની રચના કરવાની શરૂઆત કરતાં, મંગલને આચર્યા બાદ અને અભિધેયને વર્ણવ્યા બાદ, શાસ્ત્રપ્રસ્તાવના કરતાં, આ શ્રી ભગવતીજી સૂત્રને જયકુંજરની સાથે સરખાવી રહ્યા છે. જયકુંજર એટલે જયપ્રધાન હસ્તિ. આ હાથી જેની પાસે હોય, તે નિયમા જય મેળવે અને એથી જ આ હાથીને 'જયકુંજર' કહેવામાં આવે છે. આ શ્રી ભગવતીજી સૂત્રનું યથાર્થ જ્ઞાન જેણે સંપાદન કર્યું હોય, તે જીવરાજા પરીષહો, ઉપસર્ગો અને કષાયો ઉપર વિજય મેળવી શકે છે. એનામાં આવા પ્રકારના જયને સાધવાની શક્તિ પ્રગટે છે અને વિકસે છે. આવા ગુણોને લક્ષ્યમાં લઈને, ટીકાકાર મહર્ષિએ, આ શ્રી ભગવતીજી સૂત્રને જયકુંજરની ઉપમા આપી છે. જયકુંજરની માત્ર ઉપમા જ આપી છે—એમ પણ નથી, પણ જયકુંજરને અંગે જે જે સંભવે છે, તે તે આ શ્રી ભગવતીજી સૂત્રને અંગે પણ કેવી કેવી રીતિએ સંભવે છે,

એ ચોવીસ વિશેષણો દ્વારા બતાવ્યું છે. આ ચોવીસ વિશેષણો જેને સમજાય અને જેના હૈયામાં સમાય, તેને શમ અને સિદ્ધિ સુલભ જ છે. શ્રી ભગવતીજી સૂત્ર પ્રત્યેના આદરભાવમાં પણ એટલી મોટી તાકાત છે. આમ છતાં પણ, આને લૌકિક જયના કારણ એવા જયકુંજરની સાથે કેમ ઘટાવેલ છે ? એ માટે કે–પરિચિત વસ્તુના ઉદાહરણથી અપરિચિતનો ઝટ ખ્યાલ આવે છે. વિશેષણોથી એવો ખ્યાલ આપ્યો છે કે–આ સૂત્ર લોકોત્તર સિદ્ધિસાધન છે. બાકી તો લૌકિક તથા લોકોત્તરનો મુકાબલો કરનારો મૂર્ખ ગણાય. લોકોત્તર સિદ્ધિનો રસ જન્મ–મરણને ઘટાડનાર છે અને લૌકિક સિદ્ધિનો રસ જન્મ–મરણને વધારનાર છે.

લૌકિક ઋદ્ધિની વૃદ્ધિ માટે તો મમ્મણે વિકટમાં વિકટ કામ કર્યાં. આરામતલબીની ઉમ્મરે પણ એણે તો ઝંપલાવ્યે જ રાખ્યું. ન જોયો દિવસ, ન જોઈ રાત કે ન જોયો ઉત્પાત ! ઘોર મધ્ય રાત્રિએ, જ્યારે દિશા પણ ન સુઝે, પંખીઓ પણ માળામાંથી બહાર ન નીકળે, એવા સમયે મમ્મણે નદીમાં ઝંપલાવ્યું હતું. વરસાદને લીધે નદીમાં પૂર આવેલું તો ય ! આમ લૌકિક સિદ્ધિને માટે સતત્ પ્રયત્ન કર્યા કરવા છતાં પણ, તે મરીને ગયો કયાં ? બીચારો સાતમી નરકે જ ગયો.

આવી સિદ્ધિ શા કામની ? આપણે તો એવી સિદ્ધિ જોઇએ, કે જે પૂર્ણ સિદ્ધિ આપે. સાચી સિદ્ધિનો સંકલ્પ માત્ર પણ નિષ્ફલ નથી જતો. જયકુંજર જેમ લૌકિક દુઃખોને કાપનારો, લૌકિક સુખોને આપનારો અને લૌકિક જયમાં સ્થાપનારો છે, તેમ શ્રી ભગવતીજી સૂત્ર પણ સઘળાં ય દુઃખોને કાપે છે, સઘળાં ય સુખોને આપે છે અને શાશ્વત

સ્થિતિમાં સ્થાપે છે. આ કાપવાપણું, આપવાપણું અને સ્થાપવાપણું આંશિક સામ્ય રૂપે હોઈને જ, આ શ્રી ભગવતીજી સૂત્રને જયકુંજરની ઉપમાથી વર્ણવાએલ છે. આત્મવિજયને માટે, આ સૂત્ર એ લોકોત્તર જયકુંજર જ છે.

ઉત્સર્ગ અને અપવાદ રૂપ ઘણ્ટાયુગલનો ઘોષ :

ટીકાકાર મહર્ષિએ જયકુંજરની સાથે સરખામણી કરતાં, આ શ્રી ભગવતીજી સૂત્રને આપેલાં ચોવીસ વિશેષણો પૈકીનાં અઢાર વિશેષણોને તો આપણે જોઈ આવ્યા. હવે ઓગણીસમું વિશેષણ. ઓગણીસમા વિશેષણ તરીકે, ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–

" **उत्सर्गापवादवादसमुच्छलदतुच्छघण्टायुगलघोषस्य** । "

એટલે કે–જયકુંજર હાથી જેમ સમ્યક્‌રૂપણે ઉછળતા અને અતુચ્છ એવા ઘણ્ટાયુગલના ઘોષથી યુક્ત હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગ રૂપ અતુચ્છ ઘણ્ટાયુગલના ઘોષથી યુક્ત છે. હાથીને શણગારીને જ્યારે બહાર કાઢવામાં આવે છે, ત્યારે તેના મધ્ય ભાગની બન્ને બાજુએ એક એક ઘણ્ટ બાંધવામાં આવે છે. હાથીના ચાલવાથી એ બન્ને ઘણ્ટો હાલે છે–ઉછાળા મારે છે અને એમ ઉછાળા મારવાથી–હાલવાથી વાગે છે, એટલે તેમાંથી ઘોષ પેદા થાય છે. એ મુજબ, શ્રી ભગવતીજી સૂત્રની પ્રરૂપણામાંથી ઉત્સર્ગમાર્ગનો રણકો પણ નીકળ્યા કરે છે અને અપવાદમાર્ગનો રણકો પણ નીકળ્યા કરે છે. ઉત્સર્ગ અને અપવાદ–એ બન્ને ય પ્રકારના વાદોનું, માર્ગોનું, એના સ્વરૂપનું આ શ્રી ભગવતીજી સૂત્રમાં એક સરખી રીતિએ

પ્રતિપાદન કરવામાં આવેલું છે, એ આ વિશેષણનો પરમાર્થ છે.

ઉત્સર્ગનું ને અપવાદનું સ્થાન નક્કી કરવામાં કુશલતા જોઇએ :

ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગ, એ બન્ને માર્ગો દેખીતી રીતિએ એક-બીજાથી વિરોધી માર્ગો હોય છે, પરન્તુ શ્રી જૈન શાસનની આ પણ એક ખૂબી છે કે-એ બન્ને ય માર્ગોને યથાસ્થાને યોજીને, સમાન ફલને પેદા કરવાની શક્તિવાળા બનાવી દીધેલા છે. ' ઉત્સર્ગ એ પણ એક મોક્ષમાર્ગ છે અને અપવાદ એ પણ એક મોક્ષમાર્ગ છે '-આવું સમજીને, ' જેને જે માર્ગે ચાલવું ફાવે તેણે તે માર્ગે ચાલવું અને એ બેમાંથી ગમે તે માર્ગે ચાલવામાં આવે તો પણ મોક્ષ મળે '-આવું સમજવાનું નથી. ' ઉત્સર્ગ એ મુખ્ય માર્ગ છે અને અપવાદ એ ગૌણ માર્ગ છે '-એમ પણ સમજવાનું નથી. ' ઉત્સર્ગ-માર્ગમાં ઘણી તાકાત છે અને અપવાદમાર્ગમાં તેટલી તાકાત નથી. '-એવું પણ માની લેવાનું નથી. ઉત્સર્ગ જેમ પોતાના સ્થાને બલવાન છે, તેમ અપવાદ પણ પોતાના સ્થાને બલવાન છે. યથાસ્થાને ઉત્સર્ગ જેમ ધ્યેયસાધક છે, તેમ અપવાદ પણ જો યથાસ્થાને હોય તો ધ્યેયસાધક જ છે. પરન્તુ કયે સ્થાને ઉત્સર્ગની પ્રધાનતા છે અને કયે સ્થાને અપવાદની પ્રધાનતા છે-એનો નિર્ણય કરવામાં ઘણી જ કુશળતા જોઇએ. ઉત્સર્ગના સ્થાને અપવાદના સેવનમાં આરાધના નહિ પણ વિરાધના અને અપવાદના સ્થાને ઉત્સર્ગના સેવનમાં આરાધના નહિ પણ વિરાધના. એટલે ઉત્સર્ગનું સ્થાન કયું અને અપવાદનું સ્થાન કયું-એનો નિર્ણય કરવામાં ભારે કુશળતા જોઇએ; માર્ગનું સુન્દર જ્ઞાન જોઇએ, તેમ સૂક્ષ્મ બુદ્ધિ પણ જોઇએ.

વ્યાખ્યાતા ઉત્સર્ગ-અપવાદનો જ્ઞાતા જોઇએ :

એટલા માટે તો, ઉત્સર્ગમાર્ગના અને અપવાદમાર્ગના જ્ઞાતા નહિ બનેલા સાધુઓને માટે પણ વ્યાખ્યાન કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. બન્ને માર્ગોનું જ્ઞાન ન હોય, તો ઉત્સર્ગમાર્ગનું એવું મંડન કરે, કે જેથી શ્રોતાઓને અપવાદ-માર્ગ એ જાણે પાપમાર્ગ જ છે–એવો ભાસ ઉત્પન્ન થવા પામે અથવા તો અપવાદમાર્ગનું એવું મંડન કરે, કે જેથી શ્રોતાઓને ઉત્સર્ગમાર્ગ પ્રત્યે જે દૃઢ પ્રીતિ ઉત્પન્ન થવા પામવી જોઇએ, તે દૃઢ પ્રીતિ ઉત્પન્ન થવા પામે નહિ અને તેમનું મન અપ-વાદોને સેવવા તરફ લલચાયા કરે. વ્યાખ્યાતા જો બન્ને પ્રકારના માર્ગોનો યથાર્થ જ્ઞાતા હોય, તો તેનાથી એવો અનર્થ ઉત્પન્ન થવા પામે નહિ.

ઉત્સર્ગમાર્ગ ને અપવાદમાર્ગ કોને કોને કહેવાય ?

ઉત્સર્ગમાર્ગ કોને કહેવાય ? રત્નત્રયીની આરાધનાનો સર્વસામાન્ય જે વિધિમાર્ગ, તેને ઉત્સર્ગમાર્ગ કહેવાય છે. ત્યારે અપવાદમાર્ગ કોને કહેવાય છે ? રત્નત્રયીની આરાધનાના સર્વ-સામાન્ય વિધિમાર્ગ રૂપ ઉત્સર્ગમાર્ગે ચાલી રહેલા આત્માઓને ખાસ સંયોગો ઉપસ્થિત થતાં, તેઓ પોતાની પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થવા પામે નહિ, માર્ગથી ચ્યુત થવા પામે નહિ, એવા પ્રકારે સર્વસામાન્ય વિધિમાર્ગથી અન્યથા અથવા તો તેનાથી તદ્દન ઊલટા પ્રકારની પણ ક્રિયા કરાવીને, તેમને સર્વસામાન્ય વિધિમાર્ગના આરાધક બનાવી રાખવાનો જે માર્ગ, તેને અપવાદમાર્ગ કહેવાય છે. આ બન્ને ય માર્ગોમાં લક્ષ્ય મોક્ષની સાધના તરફ જ રાખવાનું છે. ઉત્સર્ગમાર્ગના આચરણ દ્વારા

જે લક્ષ્યને સિદ્ધ કરવાની વાત છે, તે જ લક્ષ્યને સિદ્ધ કરવાની વાત અપવાદમાર્ગના આચરણમાં પણ રહેલી જ છે. એટલે ફરક હૈયામાં કે આશયમાં પડતો નથી, પણ ફરક માત્ર બાહ્ય ક્રિયામાં જ પડે છે. જ્યારે એવો જ કોઈ અવસર આવી લાગે, ત્યારે સાધ્યની સાધનાને અંગે જ, સર્વસામાન્ય વિધિમાર્ગથી અન્યથા પ્રકારનું અગર તો તદ્દન ઊલટા પ્રકારનું પણ આચરણ કરવું પડે, તો પણ એ આચરણ જો જ્ઞાનીઓએ બતાવેલા અપવાદમાર્ગને અનુરૂપ હોય, તો તેવું બાહ્ય દૃષ્ટિએ વિરોધી એવું પણ આચરણ કરવામાં વિરાધના નથી, પરન્તુ આરાધના છે. આથી તમે સમજી શકયા હશો કે–અપવાદમાર્ગ એ ખાસ સંયોગોમાં જ અમલમાં મૂકવાનો માર્ગ છે, જ્યારે ઉત્સર્ગમાર્ગ એ નિત્ય અમલમાં મૂકવાનો માર્ગ છે. અપવાદમાર્ગને આશ્રયીને કરાતા વર્તનને વ્યક્તિની, સંયોગોની મર્યાદા છે, માટે એની પ્રરૂપણા સર્વસામાન્ય માર્ગ તરીકે થઈ શકે નહિ અને ઉત્સર્ગમાર્ગની પ્રરૂપણા સર્વસામાન્ય માર્ગ તરીકે થઈ શકે. સર્વસામાન્ય માર્ગ તરીકે તો, ઉત્સર્ગમાર્ગની જ પ્રરૂપણા કરવી જોઇએ.

અપવાદમાર્ગ ઉત્સર્ગમાર્ગને જ આભારી છે :

અપવાદમાર્ગની ઉત્પત્તિ જ ઉત્સર્ગમાર્ગને આભારી છે. ઉત્સર્ગમાર્ગ ન હોય, તો અપવાદમાર્ગને દર્શાવવાની જરૂર પડે નહિ. અથવા તો કહેવું જોઈએ કે–સર્વ જીવો સર્વ કાળે સરખા પ્રકારે આરાધના કરી શકે નહિ. રત્નત્રયીની આરાધના કરનારા જીવો પણ કર્મસહિત તો ખરા ને ? ત્યારે રત્નત્રયીની આરાધના કરતાં કોઇકિને વિચિત્ર પ્રકારનો કર્મોદય થાય, એમ

પણ બને ને? કોઈની શક્તિ ક્ષીણ થઈ જાય, એમ પણ બને ને? કોઈને માંદગી આવે, એમ પણ બને ને? અથવા કોઈ અસાધારણ સંયોગોમાં મૂકાઈ જાય, એમ પણ બને ને? એ બધા વખતે અથવા તો એવા બીજા પણ શક્ય પ્રસંગો પ્રાપ્ત થતાં, ચાલુ વિધિમાર્ગ મુજબ રત્નત્રયીની આરાધનાને ચાલુ રાખી શકાય તેવું ન હોય, તો શું કરવું? આરાધના રત્નત્રયીની જ કરવાની ભાવના છે, પણ ઉત્સર્ગમાર્ગે આરાધના ચાલુ રાખી શકાય તેવી સ્થિતિ નથી, તો કરવું શું? એવા વખતે કેવી કેવી રીતિએ વર્તીને રત્નત્રયીની આરાધનામાં ટકી રહેવું, એને અંગે જે ઉપાયો બતાવવામાં આવ્યા છે, તે અપવાદમાર્ગ છે. જે ઉત્સર્ગમાર્ગમાં આવ્યો નથી, તેને તો અપવાદમાર્ગનો ખપ જ કયાં પડવાનો છે? એટલે 'અપવાદમાર્ગ એ પણ એક પ્રકારનો મોક્ષમાર્ગ જ છે, માટે આપણે તો એ માર્ગે ચાલીને કલ્યાણ સાધીશું'–આવું જેઓ માને કે બોલે, તેઓ તો માર્ગના રહસ્યને પામેલાઓ જ નથી. મોક્ષના અર્થી જીવોની નજર તો, ઉત્સર્ગમાર્ગ તરફ જ હોવી જોઈએ. અપવાદમાર્ગ તો, કારણ વિશેષે કોઈ વ્યક્તિ વિશેષને માટે છે. કેટલાક અપવાદો એવા ય છે કે–ઘણાઓને રોજ વારંવાર સેવવા પડે, પરન્તુ એવાઓએ પણ પોતાની નજર તો ઉત્સર્ગ-સેવન માર્ગના તરફ જ રાખવી જોઈએ.

ઉત્સર્ગમાર્ગની જેમ અપવાદમાર્ગને અનુસરવામાં પણ આરાધના કેમ, તેને જણાવતું ઉદાહરણ :

પ્રશ્ન૦ અપવાદમાર્ગમાં ઉત્સર્ગમાર્ગથી તદ્દન ઊલટા પ્રકારનું આચરણ પણ હોઈ શકે અને તેમ છતાં પણ તેમાં

વિરાધના ન ગણાય પણ આરાધના ગણાય, એમ આપે કહ્યું તે સમજાયું નહિ. એનું વિશેષ સ્પષ્ટીકરણ થાય તો સારૂં.

એ માટે એક ઉદાહરણ જ જોઈએ. કોઈ એક રાજા ગાઢ મિથ્યાદૃષ્ટિ હતો; અને જેવો મિથ્યાત્વમાં તે દૃઢ હતો, તેવી જ તેની રાણી સમ્યક્ત્વમાં દૃઢ હતી. રાજા અને રાણી વચ્ચે એ બાબતમાં કેટલીક વાર વાતો થતી, પણ રાજા રાણીને તેણીની માન્યતાથી ચળાવી શકતો નહિ, તેમ રાણી રાજાને પણ તેની માન્યતાથી ચળાવી શકતી નહિ. બન્ને પોત-પોતાને માન્ય ધર્મને અનુસરનારાં ત્યાગીઓની પ્રશંસા કર્યા કરતાં.

એમાં, એક વાર કોઈ સંન્યાસિની એ નગરમાં આવી. બાલબ્રહ્મચારિણી, બુદ્ધિશાલિની અને બોધ દેવામાં કુશળ એવી તે સંન્યાસિનીએ નગરમાં આવીને ભારે આકર્ષણ જમાવ્યું. રાજા અને સઘળો ય નગરલોક એના તરફ વળી ગયો. જૈન સાધુ–સાધ્વી એ નગરમાં આવે, તો તેમને આહાર–પાણી મળવાં પણ મુશ્કેલ પડી જાય, એવી સ્થિતિ પેદા થઈ જવા પામી. રાણીના હૈયાની વેદનાનો પાર રહ્યો નહિ.

અધુરામાં પૂરૂં રાજા રાણીની પાસે વારંવાર એ જ સંન્યા-સિનીની વાત કરતો; એટલું જ નહિ, પણ એ જૈન સાધુ–સાધ્વીની ભેગાભેગી નિન્દા પણ કરતો. રાણીને માટે આ ઘણું જ અસહ્ય હતું, પણ તેણીનો ઉપાય નહોતો. એથી તે ખમી ખાતી. એ માત્ર એટલું જ કહેતી કે–'અવસરે આપને બતાવીશ.'

રાણી તો રોજ એ જ વિચાર કર્યા કરતી હતી કે–' હવે કરવું શું ?' એક બહુ સામર્થ્યસમ્પન્ન મુનિનો યોગ થતાં, તેણીએ એ જ વાત કહી કે–' કોઈ પણ ઉપાયે આ સંન્યા-સિનીની અસરમાંથી આ નગરના લોકોને છોડાવો. અત્યારે

તો, સંન્યાસિનીની ભારે અપકીર્તિ થયા વિના, નગરજનો તેણીની અસરથી મુક્ત બને અને જૈન સાધુ–સાધ્વીની ભક્તિ કરે, એ શકય જ નથી.'

એ પછી, એવું બન્યું કે–સંન્યાસિની સગર્ભા બની. લોકોના જાણવામાં એ વાત આવી અને એથી લોકવર્ગ એ સંન્યાસિનીથી ખૂબ જ નારાજ થઈ ગયો. તેણીને દંભ અને પાખંડથી ભરેલી માનીને, લોકોએ તેણીને એ નગરમાં રહેવા પણ દીધી નહિ.

રાજાને એ પ્રસંગથી અત્યન્ત ખેદ ઉપજ્યો. એને મિથ્યા ધર્મ ઉપર ખેદ ઉપજ્યો નહિ, પણ એનો ધર્મ વગોવાયો એથી એને ખેદ ઉપજ્યો. હવે તે દુઃખમાં જ દિવસોને પસાર કરવા લાગ્યો.

રાણીને પણ એ વાતની ખબર હતી. તેને લાગ્યું કે–જૈન સાધુ–સાધ્વીની નિન્દા સાંભળતાં મને કેવી વેદના થતી હતી, તેનો રાજાને ખ્યાલ આપવાની આ સુંદર તક છે. વળી, રાજાનો જો આ નિમિત્તે પણ મિથ્યા ધર્મ ઉપરનો રાગ જાય અને સમ્યગ્ધર્મ ઉપર જો રાજાના હૈયામાં રાગ પેદા થાય તો સારું, એવું પણ રાણીના હૈયામાં હતું. આથી, તેણીએ અવસરે સંન્યાસિનીની વાત કાઢી અને રાજાને કહ્યું કે–'જોયું ને? આપ જેનાં બહુ બહુ વખાણ કરતા હતા, તે સંન્યાસિની કેવી નીકળી? કુવામાં હોય તે હવાડામાં આવે. ધર્મ સારો હોય તો એને આચરનાર સારો હોય અને ધર્મ ખરાબ હોય તો એને આચરનાર ખરાબ હોય, એમાં નવાઈ પામવા જેવું કાંઈ છે જ નહિ.'

રાણીનાં આ વચનોએ, રાજાના હૈયાને ભેદવામાં તાતાં

તીરનું કામ કર્યું, પણ તે ઊલટા પ્રકારે. સંન્યાસિની વ્યભિચારિણી પૂરવાર થઈ હતી, તેથી એ વિષે તો કાંઈ બોલાય તેમ નહોતું, પણ રાજાએ કહ્યું કે–'જૈન સાધુ કેવા ભૂંડા હોય છે, તે હું તને દેખાડી આપીશ.' એ જ વખતે રાજાએ મનમાં ગાંઠ વાળી કે–'જો તક મળે તો જૈન સાધુની બદમાશ તરીકેની ખ્યાતિ થાય એવું કાવતરું રચવું.'

રાજાએ પોતાના એક અતિ વિશ્વાસપાત્ર માણસને કહી રાખ્યું કે–'કોઈ જૈન સાધુ આપણા નગરમાં આવે, તો તેની તપાસ રાખજે અને મને ખબર આપજે.'

કેટલાક દિવસો બાદ, કોઈ એક ગીતાર્થ સાધુ વિહાર કરતા કરતા એ નગરે આવ્યા. તે સાધુ એકલા જ હતા. જે ગીતાર્થ હોય, તે એકલા પણ વિચરી શકે. એકલાને મુશ્કેલી તો ખરી જ.

પેલા માણસને જૈન સાધુ આવ્યાની ખબર પડી, એટલે રાજાને તેણે ખબર આપી. હવે રાજાએ ષડ્યંત્ર ગોઠવ્યું.

રાજાએ તેને કહ્યું કે–'નગર બહાર જે કામદેવનું મન્દિર છે, તેમાં પલંગ, ગાદી, દારૂ, આરીસો, દીવો અને સૌન્દર્યનાં અમુક અમુક સાધનો મૂકાવી દે. આપણા નગરની વેશ્યાને કહી દે કે–આજની રાત તેણીએ કામદેવના મન્દિરમાં રહેવાનું છે અને એની બધી કળા અજમાવવાની છે. આટલી વ્યવસ્થા કરીને તારે જૈન સાધુની પાસે જવું. એ સાધુને ગમે તેમ સમજાવીને અગર ગમે તેવું નિમિત્ત શોધી કાઢીને પણ, સન્ધ્યાકાળે એ કામદેવના મન્દિરમાં લઈ જવા અને જેવા તે અંદર પેસે કે તરત જ મન્દિરનું બારણું બંધ કરી દેવું અને બહાર તાળું મારી દેવું. તાળું માર્યા પછી, મારી પાસે

આવીને મને ખબર આપવી અને મારા હુકમ સિવાય કોઈ પણ સંયોગોમાં તારે એ તાળાને ખોલવું નહિ. તારે આ બધી વ્યવસ્થા એવી ગુપ્ત રીતિએ કરવી, કે જેથી કોઇને પણ આ વાતની જાણ થવા તો પામે જ નહિ, પણ ગંધેય આવે નહિ.'

રાજા આ પ્રકારે પોતાના દુઃખના નિવારણનો અને પોતાના કોપને સફલ કરવાનો ઉપાય યોજી રહ્યો છે. તમારે આ બાબતને ગંભીરતાથી વિચારવાની જરૂર છે. 'રાજા ખરાબ કરી રહ્યો છે'–એવું તો તમે ઘણી જ સહેલાઈથી માની લેશો અને બોલી નાખશો, પરન્તુ તમે તમારા સંયોગોમાં આવા પ્રકારનું કોઈ કૃત્ય, નિર્દોષને દોષિત ઠરાવવાનું દુષ્કૃત્ય કરો છો કે નહિ અથવા એવું તમે કરો એવા છો કે નહિ–એનો વિચાર તમારે કરવાનો છે.

રાજાની આજ્ઞા મુજબ જ એના વિશ્વાસુ માણસે સઘળી વ્યવસ્થા કરી. રાજાના અંગત ગુપ્તચરો મોટે ભાગે ઘણા કુશળ હોય છે.

કામદેવના મન્દિરને તાળું મારીને તે રાજાની પાસે પહોંચ્યો અને કહ્યું કે–આપની સઘળી ય આજ્ઞાનો સર્વ પ્રકારે અમલ કરી દીધો છે. એ સાંભળતાં, રાજાના આનન્દનો અવધિ રહ્યો નહિ. રાજાએ રાણીને કહ્યું કે–' તારો એક જૈન સાધુ નગર બહાર કામદેવના મંદિરમાં રાત રહ્યો છે. સવારે આપણે ત્યાં જવાનું છે.'

રાણી સમજી ગઈ કે–' દાળમાં કાંઈક કાળું છે.' પણ તેણીના હૈયામાં જૈન સાધુ વિષે ભારોભાર વિશ્વાસ હતો, એટલે મુંઝાઈ નહિ. નહિ મુંઝાવા છતાં પણ, એને આખી

રાત ચેન પડયું નહિ.

રાજાએ પોતાના મંત્રીઓને, સામંતોને અને નગરજનોને પણ કહેવડાવી દીધું કે–'સવારે રાજા નગરની બહારના કામ-દેવના મન્દિરમાં રાત રહેલા જૈન સાધુને જોવાને માટે જવાના છે, માટે સર્વેએ ત્યાં સાથે આવવું.'

આટલી વ્યવસ્થા કરીને, રાજાએ એ જ રાણીની સાથે આખી રાત્રિ સુખચેનમાં પસાર કરી. રાણી જેવી ધર્મશીલ હતી, તેવી જ પતિભક્તા પણ હતી. ધર્મની વાત સિવાય, પતિને કોઈ પ્રકારે પ્રતિકૂળ થાય–એવું વર્તન એ કદી પણ કરતી નહિ. રાજાની ધાર્મિક સિવાયની એકે એક ઇચ્છાઓને તે અનુસરતી હતી. રાજાના કહ્યા વિના પણ, રાજાના ઈંગિતાકાર માત્રથી તે રાજાના અભિપ્રાયને સમજી જતી અને તેને જ અનુસારે વર્તન કરતી. એના હૈયામાં પણ રાજા પ્રત્યે દુર્ભાવ નહોતો, પરન્તુ રાજાને મિથ્યા ધર્મની જાળમાંથી છોડાવીને, તેને સમ્યગ્ધર્મમાં સ્થાપિત કરવાનો ભાવ હતો. રાણી આવી રીતિએ એક પરમ પતિભક્તાને શોભે એવા વિનયાચારથી વર્તતી હતી, માટે જ રાજાની પાસે ધર્મની બાબતમાં જરા ય નમતું નહિ મૂકવા છતાં પણ, રાણી પોતાના સ્થાનનું માન જાળવી શકી હતી તેમ જ રાજાના હૈયામાં પણ તે પોતાનું સ્થાન સારી રીતિએ જમાવી શકી હતી. એ રાણીને જેમ ધર્મને વળગી રહેતાં આવડતું હતું, તેમ સુશીલ પત્ની તરીકે કેમ વર્તવું જોઇએ–એ પણ આવડતું હતું. સદ્ધર્મના નામે પણ જો બાઈ પત્નીધર્મને ચૂકે, તો એમાં એ ધર્મની પ્રભાવના કરનારી બનવાને બદલે, ધર્મની વિરાધના કરનારી બને છે. ધર્મશીલ બાઈ તો, પોતાનાં સર્વ સ્વજનો ઉપર એવી છાપ પાડનારી

હોવી જોઇએ કે–જેમને એનો ધર્મ ન ગમતો હોય, તેમને પણ એ તો ગમતી જ હોય. એના ધર્મની અવગણના કરનાર સ્વજનો પણ, એને માટે તો એમ જ કહે કે–'વહુ તો વહુ જ છે.' દરેક સ્ત્રીએ પોતાના પત્નીધર્મને આ રીતિએ અદ્દા કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. પત્ની બનવું નહિ ને સંસારને તજી દેવો, એ સારૂં છે; પણ પત્ની બનવું જ પડે તો પત્ની બની જાણવું જોઇએ. પત્નીને પત્ની બનતાં આવડે, એમાં એના ધર્મની પ્રશંસા થાય અને પત્નીને પત્ની બનતાં આવડે નહિ, એમાં એના ધર્મની નિન્દા થાય. પરન્તુ ખરી વાત એ છે કે–જે બાઇઓના હૈયે સમજપૂર્વકની ધર્મશીલતા હોય છે, તે વિવેકિની જ હોય છે અને જે વિવેકી હોય, તે અનુચિત વર્તનથી આઘા રહેવાની કાળજી રાખ્યા વિના રહે નહિ. વિવેકી જ તે કહેવાય, કે જે ઔચિત્યના આદરવાળો પણ અવશ્ય હોય. આ રાણી તો પરમ વિવેકવતી હતી, એટલે ધર્મ સિવાયની બાબતમાં તે પોતાના પતિ રાજાને સર્વથા અનુકૂળપણે વર્તતી. આથી જ, રાણીના હૈયામાં બીલકુલ ચેન નહિ હોવા છતાં પણ, રાજા એ રાત્રિ એ રાણીની સાથે સુખચેનમાં પસાર કરી શકયો. રાણી એટલી ગંભીર હતી કે–રાજાને ખબર પણ પડી નહિ કે–રાણીનું મન બેચેન છે.

અહીં રાજા–રાણીની રાત્રિ આ રીતિએ પસાર થઈ, ત્યારે કામદેવના મન્દિરમાં રાત્રિ કેવા પ્રકારે પસાર થઈ, તે આપણે જોઇએ. આ ઉદાહરણ જે હેતુથી લેવામાં આવ્યું છે, તે હેતુ ત્યાં રહેલો છે.

રાજાનો માણસ, પેલા ગીતાર્થ સાધુ મહાત્માને કામદેવના મન્દિરમાં લઈ જઇને, એકદમ મન્દિરનું દ્વાર બંધ કરી

દઈને ચાલ્યો ગયો.

'આ શું બન્યું ?'–એવા વિચારમાં જ્યાં સાધુ મહાત્મા પાછળ જૂએ છે, ત્યાં તો વેશ્યા તેમની સામે આવીને ઉભી રહી. વેશ્યા એક તો રૂપવતી હતી અને તેમાં સોળે શણગારને સજીને કામદેવના સામ્રાજ્યના સામર્થ્યને સ્થાપિત કરવાના કોડવાળી બનેલી હતી. વેશ્યાએ તો એનાં નખરાં આદર્યાં.

સાધુ મહાત્માએ ચોમેર દૃષ્ટિ ફેરવી લીધી. પોતાના સંયોગોને પિછાની લીધા. ષડ્યંત્રના ભેદને એ પામી ગયા. આવા વખતે કેમ વર્તવું, એનો એમણે તત્કાળ નિર્ણય કરી લીધો. પછી વેશ્યા ઉપર એમણે એવી વેધક દૃષ્ટિ નાખી, કે જે દૃષ્ટિને વેશ્યા ખમી શકી નહિ. એ એકદમ પાછી હઠી ગઈ. એને થયું કે–આ સાધુ હમણાં જ મને પોતાની દૃષ્ટિથી બાળીને ભસ્મિભૂત કરી દેશે.

સાધુ મહાત્માએ પોતાની તીક્ષ્ણ દૃષ્ટિને કાયમ રાખીને વેશ્યાને કહ્યું કે–'તારે જે કરવું હોય તે કરજે, પણ મારાથી ત્રણ હાથ આઘી રહીને કરજે. જો તું મારી પાસે ત્રણ હાથથી વધુ નજદિક આવી, તો તને જ ભારે પડી જશે.'

વેશ્યા તો ડઘાઈ જ ગઈ હતી. એના બધા મનોરથો કકડભૂસ થઈ ગયા હતા. રાજાની આજ્ઞા હતી એટલે તેણીને રાત ત્યાં રહ્યા સિવાય ઉપાય નહોતો તેમ ભાગી છૂટવાનો પણ કોઈ માર્ગ નહોતો; બાકી તો, એ વેશ્યા ત્યાં એક ક્ષણને માટે ય ઉભી રહે નહિ, એવી તે ગભરાઈ ગઈ હતી. આથી તે એક ખૂણામાં લપાઈ ગઈ.

વિચાર કરો કે–એ સાધુ મહાત્માએ વેશ્યાને કેવી દૃષ્ટિથી જોઈ હશે ? અવસરે બ્રહ્મચર્યનું રક્ષણ આમ થાય.

સાધુ મહાત્માનો પોતાની આંખ ઉપર કેટલો ગજબનો કાબૂ? એ કાબૂ એમ ને એમ આવ્યો હશે? વિષયો પ્રત્યે એમણે કેટલો રોષ કેળવ્યો હશે? બહાર એ પોતાની આંખને કેટલી બધી કાબૂમાં રાખીને ફરતા હશે? મન ઉપર કાબૂ અન્યો રહે, એ માટે આંખ ઉપર કાબૂ જરૂરી છે. જેની આંખ કાબૂ બહાર જાય, તેના મનને બગડતાં વાર લાગે નહિ.

વેશ્યા તો એક ખૂણામાં લપાઈ ગઈ. પછી સાધુ મહાત્માએ ત્યાં જે દીપક હતો, તેનો ઉપયોગ કર્યો. આ અપવાદમાર્ગનું આલંબન છે. અગ્નિના સ્પર્શ માત્રનો પણ મનથી, વચનથી અને કાયાથી, કરવા રૂપે પણ ત્યાગ કરી ચૂકેલા, કરાવવા રૂપે પણ ત્યાગ કરી ચૂકેલા અને કરનાર–કરાવનારને સારા માનવા રૂપે પણ ત્યાગ કરી ચૂકેલા–અગ્નિના સ્પર્શના પણ ત્યાગની આવી ભીષણ પ્રતિજ્ઞાવાળા એ સાધુ મહાત્માએ દીપકને અડીને, પોતે ધારણ કરેલાં વસ્ત્રોને એક પછી એક એમ સળગાવવા માંડ્યાં.

અગ્નિને સ્પર્શ્યા અને સળગાવે છે શા ને? સંયમનાં ઉપકરણોને! સાધુથી અગ્નિને સ્પર્શાય? સામાન્ય રીતિએ એમ જ કહેવાય કે–'સાધુથી અગ્નિને સ્પર્શાય જ નહિ.' અને એ સાધુ મહાત્મા અગ્નિને સ્પર્શીને પણ સળગાવી મૂકે છે શાને? સંયમનાં ઉપકરણોને! સંયમનાં ઉપકરણોનાં સન્માન કરાય કે સંયમનાં ઉપકરણોને સળગાવી મૂકાય? સંયમીની વાત તો દૂર રહી, પણ જે સંયમી નથી, તેણે ય સંયમનાં ઉપકરણોનું સન્માન જ કરવું જોઈએ. સામાન્ય સંયોગોમાં સંયમનાં ઉપકરણોનું અબહુમાન પણ હાનિ કરે છે, તો સંયમનાં ઉપકરણોને સળગાવી મૂકવાની વાતમાં તો કહેવાનું જ શું

હોઈ શકે ?

તમને અપવાદમાર્ગનો ખ્યાલ આપવાને માટે આ વાત થાય છે. અપવાદમાર્ગે ચાલવા છતાં, ઉત્સૂત્રમાર્ગથી તદ્દન ઊલટા પ્રકારની ક્રિયા કરવા છતાં પણ, આરાધના જ થાય અને વિરાધના ન થાય, એ કથનને સમજાવવાને માટે આ વાત છે. અપવાદને અસ્થાને અગર તો ખોટી રીતિએ સેવે, તેની આ વાત નથી. અપવાદના સ્થાને જ અપવાદને સુયોગ્ય રીતિએ સેવે, તેની આ વાત છે.

પેલા સાધુ મહાત્માએ તો એક માત્ર લંગોટી લગાવી દીધી અને બાવાઓના દંડ જેવો દંડ બનાવી લીધો. એ સિવાયનાં સઘળાં ય સંયમનાં ઉપકરણોને સળગાવી મૂક્યાં. એને સળગાવી મૂકીને, એની જે રાખ પડી, તે રાખને પાછી પોતાના આખા ય શરીરે ચોળ્યા કરી.

આવા પ્રસંગને વર્ણવવાનું કે વાંચવાનું જો ઉત્સર્ગમાર્ગની સાથે અપવાદમાર્ગને નહિ જાણનારાના હાથમાં આવી જાય, તો એ કરે શું ? મહા આરાધક એવા એ સાધુ મહાત્માને, એ તો મહા વિરાધક જ માને અને કહે ને ? કેવળ વ્યવહાર નયને વળગનારા અને નિશ્ચય નયને નહિ જાણનારા, નહિ માનનારા ક્રિયાજડો આવા પ્રસંગે થાપ જ ખાઈ જાય. એટલે વ્યાખ્યાનનો અધિકાર ઉત્સર્ગમાર્ગ તથા અપવાદમાર્ગ–ઉભય માર્ગોના જાણકાર ગીતાર્થોને અપાયો છે, તે યોગ્ય છે ને ?

વ્યવહારમાં તો તમને આવી વાતો ઝટ સમજાય છે. તમને શકટાલ મંત્રીના પ્રસંગની તો ખબર હશે. શ્રીયક, એ શકટાલ મંત્રીનો પિતૃભક્ત પુત્ર હતો અને એ જ શ્રીયકે ભરસભામાં, રાજાની હાજરીમાં, એના પિતાનું માથું ધડથી જૂદું

કરી નાખ્યું હતું. કેમ ? પિતાની એવી જ આજ્ઞા હતી. એમાં જ, પિતાની આબરૂનું રક્ષણ હતું. એમાં જ, કુટુંબની સલામતી હતી. શ્રીયક જો એમ કરે નહિ, તો આખા કુટુંબને માથે સર્વનાશ ઉતરે તેવો હતો અને એના પિતાની ભારે બદબોઈ થાય તેવું હતું. વાત ખોટી હતી, રાજાની ગેરસમજ જ હતી, પણ પરિણામ તો એવું જ આવે એમ હતું, માટે પિતાએ ઘણું સમજાવીને શ્રીયકને આજ્ઞા કરી હતી અને શ્રીયકે ભરસભામાં તેના પિતાના ધડને ને માથાને પોતાની તલવારના ઝાટકાથી જૂદાં કરી નાખ્યાં હતાં. આવું ઘોર કર્મ કરનારને પિતૃભક્ત કહેવાય ? તમે 'હા' જ કહેવાના.

આવી જ રીતિએ, યથાયોગ્ય સ્થાને અને યથાયોગ્ય રીતિએ અપવાદમાર્ગનું આલમ્બન ગ્રહણ કરનારને પણ આરાધક જ કહેવાય. એવા પ્રસંગોમાં માત્ર બાહ્ય ક્રિયાને ન જોવાય, પરન્તુ બાહ્ય ક્રિયાના વિપરીતપણાની ઉપેક્ષા કરીને, આન્તરિક પરિણામો તરફ લક્ષ્ય અપાય. આપણે ત્યાં જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવને જોવાનું વિધાન છે, તેને આવી રીતિએ અનુસરવાનું છે. મોક્ષમાર્ગની આરાધનાને અને પ્રભાવનાને બાધ ન પહોંચે, વિપરીત સંયોગોની વચ્ચે પણ મોક્ષમાર્ગની આરાધનાને અને પ્રભાવનાને ચાલુ રાખી શકાય, એ માટે જ, અપવાદમાર્ગનું પણ ઉત્સર્ગમાર્ગની જેમ વિધાન કરવામાં આવ્યું છે.

પેલા સાધુ મહાત્મા ય આખી રાત જાગતા રહ્યા અને વેશ્યા પણ આખી રાત જાગતી રહી. સાધુ મહાત્માએ વેશ્યાની સામે ફરીથી જોયું પણ નહિ અને વેશ્યા તો મુખ્યત્વે સાધુ મહાત્માને જ જોતી રહી; કારણ કે–સાધુ મહાત્માના હૈયામાં કશો જ ડર હતો નહિ, પણ વેશ્યાના હૈયામાં ડર જરૂર હતો.

એમ રાત્રિ પસાર થઈ ગઈ અને સવાર થઈ. રાજા રાણીને લઈને પ્રધાનો, સામંતો અને નગરજનોની સાથે કામદેવના મંદિરની પાસે આવ્યો. સૌને તેણે કહ્યું કે–'જૈન સાધુ કેવા બદમાશ હોય છે, તે જૂઓ.'

આમ કહીને, તેણે કામદેવના મંદિરનું દ્વાર ખોલાવ્યું. જેવું દ્વાર ખૂલ્યું કે તરત જ 'અહીલેક' કરતો બાવો બહાર આવ્યો. સૌએ જોયું કે–આ જૈન સાધુ નથી, પણ બાવો છે.

રાજા તો દિઙ્મૂઢ બની ગયો. એણે અંદર તપાસ કરાવી તો વેશ્યા સિવાય કોઈ ત્યાં હતું નહિ. રાણીએ કહ્યું કે–'મહારાજ! આપ કહેતા હતા ને કે જૈન સાધુ છે? જૈન સાધુ, તમે ધારો છો એવા હોય જ નહિ.'

રાજા કાંઈ બોલ્યો નહિ. રાજભવને આવીને રાજાએ પેલા ગુપ્તચરને બોલાવ્યો. તેને પૂછીને ખાત્રી કરી કે–જૈન સાધુને લઈ જવામાં તો કોઈ ભૂલ થવા પામી હતી જ નહિ. પછી રાજાએ વેશ્યાને બોલાવીને રાત્રિનો વૃત્તાન્ત પૂછી જોયો. વેશ્યાએ જે બન્યું હતું તે જ યથાર્થપણે કહ્યું અને એથી રાજાના હૈયામાં, રાજાની સારી ભવિતવ્યતાના યોગે, પશ્ચાત્તાપનો ભાવ જન્મ્યો. એમાંથી, તે રાજા તેની રાણીના પ્રયત્નથી મિથ્યા ધર્મનો ત્યાગી અને સદ્ધર્મનો રાગી બન્યો.

હવે તમે એ બાબતનો વિચાર કરો કે–એ સાધુ મહાત્માએ રાતના અગ્નિને સ્પર્શવામાં અને સંયમોપકરણોને સળગાવી મૂકવામાં તેમ જ સાધુને બદલે બાવા તરીકે જાહેર થવામાં, ધર્મને મૂક્યો ગણાય કે ધર્મને રાખ્યો ગણાય? એમણે માર્ગની વિરાધના નથી કરી, પણ માર્ગની આરાધના કરી છે. એવી આરાધના કરી છે કે–એ માર્ગમાં રહ્યા અને

પોતાની બદનામીના ભોગે માર્ગની થનારી બદનામીને બરબાદ કરી નાખી.

અપવાદમાર્ગની ક્રિયા પ્રત્યે અણગમો હોય :

ઉત્સર્ગમાર્ગ આરાધનાને માટે છે અને અપવાદમાર્ગ આરાધનાની રક્ષાને માટે છે. રત્નત્રયીને આરાધનારને, રત્નત્રયીની આરાધનાની અભિલાષાવાળાને, ક્રિયા તરીકે ક્રિયા તો ઉત્સર્ગમાર્ગની જ ગમે. એની રૂચિ ઉત્સર્ગમાર્ગની ક્રિયામાં હોય; જ્યારે અપવાદમાર્ગની ક્રિયામાં તો એની અરૂચિ હોય. અપવાદમાર્ગની ક્રિયાથી કયારે છૂટાય–એવું દિલ થયા કરે અને ઉત્સર્ગમાર્ગની ક્રિયા કયારે થાય–એવું દિલ થયા કરે. ઉત્સર્ગમાર્ગની ક્રિયા હિંસાદિકથી રહિત હોય અને અપવાદમાર્ગની ક્રિયા હિંસાદિકથી સહિત હોય; તેમ છતાં પણ, ઉત્સર્ગમાર્ગની ક્રિયા કરનારના હૈયામાં જેવો અહિંસાનો પરિણામ હોય, તેવો જ અહિંસાનો પરિણામ અપવાદમાર્ગની ક્રિયા કરનારના હૈયામાં પણ હોય. કદાચ અપવાદમાર્ગની ક્રિયા વખતે અહિંસાનો પરિણામ વધારે જોરદાર બને, એમ પણ બને; કારણ કે–લક્ષ્ય અહિંસા તરફ છે અને આંશિક હિંસાવાળી પણ જે ક્રિયા કરવી પડે છે, તેના પ્રત્યે અણગમો છે. આમ હોવાના કારણે, અપવાદમાર્ગને આચરનારા, યથાસ્થાને અને યથાયોગ્ય પ્રકારે અપવાદમાર્ગને આચરનારા, ઉત્સર્ગમાર્ગના આચરનારાની જેમ જ ભગવાનની આજ્ઞાના આરાધક છે, પણ ભગવાનની આજ્ઞાના વિરાધક નથી.

અપવાદો બચવાને માટે છે :

આમ છતાં ય, સર્વસામાન્ય રીતિએ ઉપદેશ્ય અને

આચરણીય ઉત્સર્ગમાર્ગની બધી ય વિગતો તમને કહેવી હોય તો કહેવાય, પણ અપવાદમાર્ગની બધી વિગતો તમને કહેવાય નહિ. સાધુપણામાં પણ બધાને અપવાદમાર્ગનાં દર્શક સૂત્રો વિગેરે ભણાવી શકાય નહિ. અતિપરિણત ને અપરિણત–બન્ને ય, અપવાદમાર્ગને જાણવાને માટે નાલાયક છે. બહુ જ સુયોગ્ય અને વિચક્ષણ એવા સાધુઓને જ અપવાદમાર્ગનાં પ્રદર્શક સૂત્રો આપી શકાય છે. તેમાં કહેવું પડે કે–'અતિચારો જેમ સેવવાને માટે નથી, પણ જાણવાને માટે છે અને જાણીને અવસરે વ્રતભંગથી બચી જવાનો યોગ્ય ઉપાય યોજી શકાય એ માટે છે, તેમ અપવાદો પણ આચરવાને માટે નથી, પણ જાણવાને માટે છે અને જાણીને અવસરે વ્રતભંગથી બચી જવાનો યોગ્ય ઉપાય યોજી શકાય એ માટે છે.' ઉત્સર્ગમાર્ગને વિસારીને, એની ઉપેક્ષા કરીને, એનાથી બેદરકાર બનીને જે અપવાદમાર્ગનો આશ્રય લે, તે આરાધક નથી, પણ વિરાધક છે. આથી, તમે એ વાત સમજી શક્યા હશો કે–અપવાદમાર્ગનું વિધાન કરવામાં પણ, લક્ષ્ય તો ઉત્સર્ગમાર્ગની રક્ષાનું જ છે.

ઉત્સર્ગને જ વળગવાથી અશક્ત નષ્ટ–ભ્રષ્ટ થાય :

એ વાત પણ સમજી લેવી જોઈએ કે–ઉત્સર્ગમાર્ગના એવા આગ્રહી નહિ બનવું જોઈએ, કે જેથી અપવાદમાર્ગના સ્થાને પણ અપવાદમાર્ગને નહિ સેવતાં, ઉત્સર્ગમાર્ગના આગ્રહને પ્રતાપે ચારિત્રના પરિણામોની હાનિ થવા પામે અને ચારિત્ર-માર્ગની વિરાધનાની દશામાં મૂકાઈ જવાય. એક ગુરુ–શિષ્યનું ઉદાહરણ આવે છે. વિહાર કરતા તેઓ એક ગામમાં ગયા. શિષ્ય પાણી માટે આખા ય ગામમાં ફરી વળ્યો, પણ કયાંયથી

નિર્દોષ પાણી મળી શકયું નહિ. નિર્દોષ પાણી મળી શકયું નહિ, માટે તે લાવ્યો નહિ અને તૃષાની પીડા વધવા લાગી.

ગુરૂએ જોયું કે—તૃષાની પીડામાંથી આ ભયંકર અનર્થને પામશે. આથી તેમણે કહ્યું કે—'સંયમની સાધનાને અને સંયમના પરિણામોને હાનિ પહોંચે નહિ, એ માટે થોડા દોષોવાળું પણ જલ લઈ લેવું એ ઉચિત છે.'

શિષ્યના હૈયામાં આચારશુદ્ધિની ખૂમારી હતી. તેણે કહ્યું કે—' એવી શિથીલતા ન જોઇએ.'

ગુરૂએ ગમ ખાધી, ઉપાય નહોતો માટે. તેઓએ વિહારને લંબાવ્યો. અહીં તરસની પીડા વધતી ચાલી.

તરસની પીડા વધતે વધતે શિષ્યના પરિણામો પલટાયા. જેવું મળે તેવું પણ પાણી પીઈ લેવાનું મન થઈ ગયું. ધીમે ધીમે તે ગુરૂથી થોડો પાછળ પડ્યો. એટલામાં, એક નદી આવી. પેલો શિષ્ય ઉતરતાં ઉતરતાં કાચું તથા અણગળ પાણી ખોબામાં લઈને પીવા પણ માંડ્યો.

ગુરૂને કલ્પના જ હતી. તેમણે પાછું વળીને જોયું અને કહ્યું કે—' અલ્યા કાચું પાણી તો પીધું, પણ એને ગાળવાનું ય ભૂલી ગયો ?'

આમ અપવાદના સ્થાને અપવાદને નહિ સેવતાં, ઉત્સર્ગને વળગી રહેનારો પેલો ચારિત્રથી ચૂકયો; નષ્ટ—ભ્રષ્ટ થઈ ગયો.

સમર્થ પણ અસમર્થને અપવાદ સેવડાવે :

અપવાદનું સ્થાન નક્કી કરવામાં, વ્યક્તિના પરિણામો તરફ, શક્તિ તરફ, સંયોગો તરફ જોયા વિના ચાલે નહિ. એવા પણ સત્ત્વશીલ આત્માઓ હોઈ શકે છે, કે જે અપવાદને આચરે

નહિ અને પરિણામમાં પલટો પણ આવવા દે નહિ. ગમે તેવી સ્થિતિમાં પરિણામને નહિ પલટાવા દેવાને શક્તિમાન, અપવાદનો આશ્રય ન લે, તો તેમાં તેની પ્રશંસા થાય; જ્યારે ખમી શકવાને અશક્ત અને એથી પરિણામોને ટકાવી શકવાની શક્તિ વગરનો, જો ઉત્સર્ગમાર્ગને જ વળગી રહે તો દુર્ધ્યાનમાં મરે તથા માર્ગને ચૂકે એવો, જો અપવાદનો યથાયોગ્ય રીતિએ આશ્રય લઈને પણ પોતાના ચારિત્રના–રત્નત્રયીની આરાધનાના પરિણામોને ટકાવી લે અને પુનઃ ઉત્સર્ગમાર્ગ આવી જાય, તો તેમાં તેની પ્રશંસા થાય. એટલા માટે તો, અપવાદને આચર્યા વિના જ ઉત્સર્ગમાર્ગમાં સુસ્થિર રહેવાને સમર્થ એવા આત્માઓ પણ, પાસે રહીને બીજા તેવા અસમર્થ આત્માઓને અપવાદ સેવડાવે અને તેની એ પ્રકારે રક્ષા કરી લે. તેઓ, અપવાદમાર્ગનો યથાયોગ્ય રીતિએ અને યથાયોગ્ય સ્થાને આશ્રય લેનારાઓને નિન્દે નહિ, પરન્તુ 'આ રીતિએ પણ તેઓ માર્ગસ્થ બન્યા રહેવાની કેવી કાળજીવાળા છે ?'–એમ વિચારે. અપવાદમાર્ગને સેવનાર, ઉત્સર્ગમાર્ગના સેવનમાં સત્ત્વ બતાવનારાઓની પ્રશંસા કરે. આ બેનો મેળ આવો હોય. અપવાદમાર્ગના અભાવે તો, ઉત્સર્ગમાર્ગને આચરનારાઓનો પણ અભાવ થઈ જવા પામે. આથી, શ્રી જૈન શાસન, આ શ્રી ભગવતીજી સૂત્ર ઉત્સર્ગમાર્ગના વાદનો અને અપવાદમાર્ગના વાદનો ઘોષ કર્યા કરે છે.

૨૨–યશઃપ્રસાર :

યશ રૂપ પટહ :

આ શ્રી ભગવતીજી સૂત્રની જયકુંજરની સાથે સરખામણી કરી રહેલા ટીકાકાર મહર્ષિ, વીસમા વિશેષણ રૂપે ફરમાવે છે કે–

" यशःपटहपटुप्रतिरवापूर्णदिक्चक्रवालस्य। "

એટલે કે–જયકુંજરની આગળ જેમ ઢોલનો ધ્વનિ થતો હોય છે અને એનો પડઘો ચોમેર–ચોમેર નહિ પણ સઘળી ય દિશાઓમાં પ્રસરતો હોય છે; તેમ આ શ્રી ભગવતીજી સૂત્રનો યશ રૂપી પટહ એવો પટુ છે કે–એમાંથી જે પ્રતિરવ ઉત્પન્ન થાય છે, તે પ્રતિરવ દિક્ચક્રવાલને પૂરનારો બને છે. જયકુંજરનો જ્યારે જય સાધવાને માટે ઉપયોગ કરવાનો હોય છે, ત્યારે તો ખાસ કરીને તેની આગળ ઢોલ વગાડવામાં આવે છે. એ ઢોલનો ધ્વનિ જયકુંજરને ઉત્તેજિત બનાવે છે અને જયકુંજર ઉત્તેજિત બનીને એવું કાર્ય કરે છે, કે જેથી એનો યશોવાદ દુશ્મનોમાં પણ ગવાય છે. આ શ્રી ભગવતીજી સૂત્રના યશ માટે તો, આપણે પહેલાં વાત કરી ગયા છીએ. આ સૂત્રનું નામ તો **'विआहपन्नत्ति'** છે, પરન્તુ આના પૂજ્યત્વનો પ્રકર્ષ એવો છે કે–એને લઈને આ સૂત્ર મુખ્યત્વે શ્રી ભગવતીજી સૂત્ર તરીકે ઓળખાય

છે. આ શ્રી ભગવતીજી સૂત્રના આરાધકની ત્રણ ભવમાં મુક્તિ થાય છે–એમ જે કહેવાય છે, તે પણ આ શ્રી ભગવતીજી સૂત્રની એક પ્રકારની યશસ્વીતા જ છે, એમ કહેવું જોઇએ.

૨૩–અંકુશ તરીકે સ્યાદ્વાદ :

સ્યાદ્વાદ રૂપ અંકુશ :

એકવીસમા વિશેષણ તરીકે ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–

"**स्याद्वादविशदाङ्कुशवशीकृतस्य।**"

એટલે કે–જયકુંજર જેમ મોટા અંકુશથી વશ કરાએલો હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ, સ્યાદ્વાદ રૂપ જે વિશદ અંકુશ, તેનાથી વશીકૃત કરાએલ છે.

સ્યાદ્વાદનો પ્રતાપ :

સ્યાદ્વાદ એટલે શું ? જો તમને ટૂંકમાં અને સ્થૂલ રીતિએ સ્યાદ્વાદને સમજાવવો હોય, તો એમ કહી શકાય કે–કોઇ પણ નાના કે મોટા, નિરૂપણના વાકયમાંથી 'જ'કારને કાઢવો અને તેને સ્થાને 'પણ'ને સ્થાપવો, તેનું નામ સ્યાદ્વાદ છે. **स्याद् अस्ति** અને **स्यान् नास्ति** વિગેરે પદ્ધતિએ તમે સ્યાદ્વાદને નહિ સમજી શકો, કેમ કે–તમે તેવા ભણેલા નથી. ઉપકારી મહાપુરૂષોએ **स्यात्** પદ, એ નિરૂપણ માત્રમાં કેટલું બધું આવશ્યક છે અને **स्यात्** પદને પ્રત્યક્ષપણે કે

પરોક્ષપણે પણ સંગૃહીત કર્યા વિનાના નિરૂપણમાં કેવી એકદેશીયતા આવી જાય છે તેમ જ **સ્યાત** પદને બદલે **એવ** પદને વળગી પડવાથી કેવા અસત્યવાદી અને અનર્થકારી બની જવાય છે, એના સંબંધમાં ઘણું વિવેચન કરેલું છે. સ્યાદ્વાદના પ્રતાપે જ, શ્રી જૈન શાસન પોતાના જ્ઞાનવાદને અને ચરણવાદને, દ્રવ્યવાદને અને પર્યાયવાદને, નિશ્ચયવાદને અને વ્યવહારવાદને એકાન્તે સત્યવાદ તરીકે જાહેર કરી શકે છે; અને સ્યાદ્વાદના પ્રતાપે જ શ્રી જૈન શાસન અન્ય સર્વ દર્શનવાદોને યથાર્થ રીતિએ મિથ્યા વાદો તરીકે જાહેર કરી શકે છે. આ રીતિએ પોતાને સત્યવાદી કહેવામાં પોતાના પ્રત્યેનો રાગ કામ કરતો નથી, તેમ અન્ય સર્વેને મિથ્યાવાદી કહેવામાં તેમના પ્રત્યેનો દ્વેષ કામ કરતો નથી; પરન્તુ રાગ અને દ્વેષથી પર બનીને, કેવળ વ્યાજબીપણા અને ગેરવ્યાજબીપણાને લક્ષ્યમાં રાખીને જ, શ્રી જૈન શાસન પોતાને સત્યવાદી કહે છે અને અન્ય સર્વ દર્શનવાદોને મિથ્યાવાદી કહે છે. આ વાત તમને ટૂંકમાં સમજાવી શકાય, એ માટે કહ્યું કે–વાક્યમાંથી 'જ'કારને કાઢવો અને તેની જગ્યાએ 'પણ'ને સ્થાપવો, તેનું નામ સ્યાદ્વાદ છે. આ સ્યાદ્વાદમાં અમોઘ શક્તિ રહેલી છે.

સ્યાદ્વાદની સમજ:

એક બહુ જ સામાન્ય ઉદાહરણ લો. કોઈ કહે કે–'આ મારા બાપ જ છે.' બાપને ઉદ્દેશીને કહેનારે આ વાત કહી હોય, તો પણ આ વાત જેમ સાચી છે, તેમ ખોટી પણ છે. જો આ વાત સાપેક્ષપણે કહી હોય, તો સાચી છે અને

નિરપેક્ષપણે કહી હોય તો ખોટી છે. મુંઝાશો નહિ. હમણાં જ ખૂલાસો થાય છે. આપણે જે 'જ'કારને કાઢવાની વાત કરીએ છીએ, તે નિરપેક્ષ 'જ'કારને કાઢવાની વાત કરીએ છીએ. છોકરો પોતાના બાપને બતાવીને એમ કહે કે–'આ મારા બાપા જ છે.' તો એમાં જે સત્યતા રહેલી છે, તે તો તમે સમજી શકો છો; પરન્તુ એમાં જે અસત્યતા રહેલી છે, તે તમને સમજાવવી છે. એ છોકરાનું અને એ બાપનું, આ સંસારમાં અસ્તિત્વ કયારથી? અનાદિકાળથી. એટલા કાળમાં, શું એ બે વચ્ચે માત્ર પિતા–પુત્ર તરીકેનો જ સંબંધ રહ્યો હશે? બાપ દીકરો ને દીકરો બાપ–એમ નહિ થયુ હોય? પરસ્પર ધણી–ધણીઆણી, ભાઈ–બેન આદિ સંબંધો નહિ થયા હોય? એમ ઘણા સંબંધો થયેલા. એ સંબંધોને લક્ષ્યમાં લેનારો, એમ કેમ કહી શકે કે–'આ મારા બાપા જ છે?' આમ તો ન કહી શકે, પરન્તુ એ જ 'જ'કારને સાપેક્ષ બનાવીને એ 'આ મારા બાપા જ છે.'–એમ પણ કહી શકે. આ ભવની અપેક્ષાએ બાપા એ બાપા જ છે, એ નિર્વિવાદ વાત છે; માટે આ ભવની અપેક્ષાને રાખીને 'જ'કારને વાપરવો હોય તો વાપરી શકાય, પણ સર્વથા નિરપેક્ષપણે તો 'જ'કારને વાપરી શકાય જ નહિ. જ્યાં સર્વ અપેક્ષાઓનો સંગ્રહ કરીને વાત કરવી હોય, ત્યાં તો 'આ મારા બાપા પણ છે.'–એમ કહેવું પડે; અથવા તો 'આ મારા બાપા જ છે.'–એમ બોલનારે, મનમાં સમજવું જોઇએ કે–આ વાત આ ભવની અપેક્ષાએ છે. આવું સમજીને એ બોલતો હોય, તો એ ખોટો નથી. એને જ્યારે એમ કહેવામાં આવે કે–ભવાન્તરમાં આ તારા પુત્ર પણ હોઈ શકે, તારી પુત્રી પણ હોઇ શકે, તારી

સ્ત્રી પણ હોઈ શકે અને તારા ભાઈ વિગેરે વિગેરે પણ હોઇ શકે, તો આ વાતને પણ એ બરાબર કબૂલ કરી લે.

સ્યાદ્વાદની અમોઘ શક્તિ :

આથી સમજો કે–સ્યાદ્વાદમાં અમોઘ શક્તિ રહેલી છે. પદાર્થ માત્ર અનન્તધર્માત્મક છે. કોઈ પણ પદાર્થ એવો નથી કે–એના અનન્ત ધર્મો ન હોય. હવે જ્યારે વાત થાય, ત્યારે અનન્ત ધર્મોની એક સાથે વાત થઇ શકે નહિ. વાત એક ધર્મની થાય, છતાં અનન્ત ધર્મોને લક્ષ્યમાં રાખી શકાય. પ્રત્યેક પદાર્થના જે અનન્ત ધર્મો છે, તેમાંના કોઇ પણ ધર્મનો અપલાપ થવા પામે નહિ અને પદાર્થના કોઈ પણ એક ધર્મની વાત કરવામાં ખોટા ઠરી જવાય નહિ, એ માટે સ્યાદ્વાદ છે. જે કોઈ, પદાર્થના એક અગર અમુક ધર્મની વાત અપેક્ષા વિના કરે, તે તે પદાર્થના બાકીના અનન્તા ધર્મોનો અપલાપ કરનારો ઠરીને મૃષાવાદી ઠરે. શ્રી જૈન શાસન સદાને માટે અપેક્ષાથી વાત કરનારું છે, આથી તે સત્યવાદી તરીકે પોતાને જાહેર કરી શકે છે અને અન્ય સર્વ દર્શનો અપેક્ષા વિના જ વાત કરનારાં છે, માટે શ્રી જૈન શાસન તેમને અસત્યવાદી તરીકે જાહેર કરી શકે છે. અન્ય દર્શનો અપેક્ષા વિના વાત કરે છે, એને લઇને તેઓ તત્ત્વસ્વરૂપને જેમ યથાર્થપણે વર્ણવી શકતાં નથી, તેમ મોક્ષ અને મોક્ષના માર્ગના સંબંધમાં પણ યથાયોગ્ય અને સુઘટિત નિર્ણય કરી શકતાં નથી. બાકી પોતાને સાચા કહેવાનો અને બીજાઓને ખોટા કહેવાનો, કાંઈ શ્રી જૈન શાસનને રસ નથી. શ્રી જૈન શાસન તો શ્રી વીતરાગ પરમાત્માએ પ્રરૂપેલું શાસન છે, એટલે શ્રી

જૈન શાસનમાં એવો કોઈ રસ હોઇ કે સંભવી શકે નહિ.

અંકુશની ઉપમા યોગ્ય જ છે :

સ્યાદ્વાદને જે અંકુશની ઉપમા આપવામાં આવી છે, તે યોગ્ય જ છે. વચન ઉપર સ્યાદ્વાદનો અંકુશ આવશ્યક છે. જે વચન ઉપર સ્યાદ્વાદનો અંકુશ છે, તે જ વચન વસ્તુતઃ સાચું વચન છે. આ શ્રી ભગવતીજી સૂત્રમાં જેમ જ્ઞાનનયથી વર્ણન છે, તેમ ચરણનયથી પણ વર્ણન છે; જેમ દ્રવ્યાસ્તિક-નયથી વર્ણન છે, તેમ પર્યાયાસ્તિકનયથી પણ વર્ણન છે; અને જેમ નિશ્ચયનયથી વર્ણન છે, તેમ વ્યવહારનયથી પણ વર્ણન છે. એ દરેક વર્ણનો સાચાં એટલા જ માટે છે કે–એ બધાં ય ઉપર સ્યાદ્વાદ રૂપ અંકુશ છે. આપણે તો, એ નયોની વાતને પરસ્પરની અપેક્ષાએ જ વિચારી છે. પરસ્પર કેવી અપેક્ષા રહેલી છે, તેનું તેના તેના પ્રસંગે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. એ સ્પષ્ટીકરણ સ્યાદ્વાદ રૂપ અંકુશને જ આભારી છે. જૈન શાસ્ત્રોનું એકે એક વાકય સ્યાદ્વાદ રૂપી અંકુશથી યુક્ત છે અને એથી શ્રી જૈન શાસ્ત્રોના એક પણ વાકયને મિથ્યાત્વી તરીકે તે જ વર્ણવી શકે, કે જેની બુદ્ધિ મિથ્યા-ત્વથી ભ્રમિત થવા પામી હોય. પ્રત્યક્ષપણે **સ્યાત્** પદ હોય અગર ન પણ હોય, તો પણ સ્યાદ્વાદીનું વચન **સ્યાત્** પદથી લાંછિત જ છે–એમ સમજવું જોઇએ. એ વાત સાચી છે કે–મિથ્યાદૃષ્ટિ જીવ આ સ્વરૂપે સમ્યક્ એવા શ્રુતના કથનને પણ, મિથ્યા શ્રુત રૂપે ગ્રહણ કરનારો બને; પણ એટલા માત્રથી જ આ શ્રુતને મિથ્યાત્વી કહી શકાય નહિ; કારણ કે–મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યક્ શ્રુતને મિથ્યા રૂપે ગ્રહણ કરે, એમાં દોષ સમ્યક્

શ્રુતના કહેનારનો નથી, પણ તેને મિથ્યા રૂપે ગ્રહણ કરનારના મિથ્યાત્વનો દોષ છે. એટલા માટે તો, આગળના વિશેષણમાં એ વાત પણ આવવાની છે કે–આ શ્રી ભગવતીજી સૂત્ર મિથ્યાત્વાદિ રિપુઓના દલનને માટે નિયુક્ત કરાએલું છે. જો આ સૂત્ર જ મિથ્યાત્વી વાકયોથી ભરેલું હોય, તો એ મિથ્યાત્વનું દલન કરે કે મિથ્યાત્વને વધારી મૂકે? તાત્પર્યાર્થ એ છે કે–સ્યાદ્વાદ રૂપ અંકુશ વિનાનાં વાકયો મિથ્યાત્વી છે, પણ સ્યાદ્વાદ રૂપ અંકુશવાળાં વાકયો મિથ્યાત્વી નથી.

નિત્યાનિત્યત્વ :

આ વિશેષણ એમ પણ સૂચવે છે કે–સ્યાદ્વાદની દૃષ્ટિને લક્ષ્યમાં રાખીને જ શ્રી ભગવતીજી સૂત્રને ભણવું, ભણાવવું, વાંચવું, વંચાવવું, સાંભળવું ને સંભળાવવું. અનેકાન્ત દૃષ્ટિથી જ વસ્તુનું યથાર્થ જ્ઞાન થાય છે. આ શ્રી ભગવતીજી સૂત્રને પણ જો એકાન્ત દૃષ્ટિથી જ વાંચવામાં આવે, તો સદુપયોગથી સિદ્ધિગતિને પમાડે એવું પણ આ સૂત્ર, દુરૂપયોગથી દુર્ગતિમાં ઘસડી જાય. આથી જ, શાસ્ત્રકારો કહે છે કે–શ્રી દ્વાદશાંગીની આરાધના કરીને અનન્તા તર્યા અને વિરાધના કરીને અનન્તા મર્યા. જો સ્યાદ્વાદ આવડતો હોય, સ્યાદ્વાદના અંકુશનો ખ્યાલ રહે, તો તો આ શ્રી ભગવતીજી રૂપી હસ્તિ મુક્તિમાં વસતિ કરી આપે છે. આત્માના નિત્યત્વ ધર્મનું જ્યારે વર્ણન ચાલે, ત્યારે તેને અનુકૂળ વાતો આવે અને આત્માના અનિત્યત્વ ધર્મનું જ્યારે વર્ણન ચાલે, ત્યારે તેને અનુકૂળ વાતો આવે. એ બન્ને પ્રકારની વાતોને સ્યાદ્વાદથી જ સંગત કરી શકાય અને સાચી ઠરાવી શકાય. આત્મા દ્રવ્ય સ્વરૂપે નિત્ય પણ

છે અને પર્યાયસ્વરૂપે અનિત્ય પણ છે, એટલે કથંચિત્ નિત્ય, કથંચિત્ અનિત્ય, એમ સમજવું જોઇએ. બીજાં દર્શનોમાં આ વસ્તુઓની મોટી ખામી છે. નિત્ય કહે એટલે 'સર્વથા નિત્ય જ છે અને કોઈ પણ પ્રકારે અનિત્ય છે જ નહિ'– એમ કહે અને અનિત્ય કહે એટલે 'સર્વથા અનિત્ય જ છે અને કોઈ પણ પ્રકારે નિત્ય નથી જ'–એમ કહે, એવી સ્થિતિ ઇતર સર્વ દર્શનોની છે. આપણે કહીએ કે–આત્મા સર્વ કાળે કાયમનો કાયમ રહે છે, માટે નિત્ય પણ ખરો અને આત્મા શરીરાદિની લે–મૂક કર્યા કરે છે એ અપેક્ષાએ આત્મા અનિત્ય પણ ખરો. પર્યાયી કાયમનો કાયમ રહે છે, માટે નિત્યત્વ કહેવાય અને પર્યાયીના પર્યાયો બદલાયા કરે છે, માટે અનિત્યત્વ કહેવાય. સ્યાદ્વાદને અવલંબીને જ આ વાત કહી શકાય. નિત્ય કહીએ ત્યારે ય સાચા અને અનિત્ય કહીએ ત્યારે ય સાચા, સ્યાદ્વાદથી જ ઠરાય.

૨૪–હેતુઓ રૂપી શસ્ત્રો :

હેતુઓ રૂપ શસ્ત્રોથી સહિત :

હવે બાવીસમું વિશેષણ. બાવીસમા વિશેષણ તરીકે ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–

" विविधहेतुहेतिसमूहसमन्वितस्य । "

એટલે કે–જયકુંજર હાથી જેમ વિવિધ હેતુવાળા શસ્ત્ર-સમૂહથી સમન્વિત હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ વિવિધ હેતુઓ રૂપ જે શસ્ત્રો, તેના સમૂહથી સમન્વિત છે.

હાથીને જ્યારે યુદ્ધમાં મોકલવાને માટે અથવા તો કહો કે યુદ્ધમાં લઈ જવાને માટે તૈયાર કરવામાં આવે છે, ત્યારે તેના ઉપરની અંબાડીમાં અને તેના ઉપર નખાતા અખ્તરના ભાગમાં શસ્ત્રો મૂકવામાં આવે છે. એ શસ્ત્રો વિવિધ હેતુઓવાળાં હોય છે. પોતાનું રક્ષણ કરવાના હેતુથી રખા-એલાં શસ્ત્રો જૂદાં હોય છે અને દુશ્મનને મારવાના હેતુથી રખાએલાં શસ્ત્રો જૂદાં હોય છે. દુશ્મનને મારવાનાં શસ્ત્રોમાં પણ, એવાં પણ શસ્ત્રો હોય છે કે જે શસ્ત્રોને ફેંકીને દુશ્મનને મરાય અને એવાં પણ શસ્ત્રો હોય છે કે જે શસ્ત્રોને પોતાના હાથમાં રાખીને જ દુશ્મનને મરાય. રક્ષક શસ્ત્રોમાં પણ એવા બે પ્રકારનાં શસ્ત્રો હોય છે. દુશ્મનના આવી રહેલા શસ્ત્રને અધવચ્ચે જ અટકાવી દે તેવાં શસ્ત્રો પણ હોય છે અને માત્ર પોતાની પાસે જ રાખીને રક્ષામાં ઉપયોગી બનાવી શકાય તેવાં શસ્ત્રો પણ હોય છે. આમ જયકુંજર વિવિધ હેતુઓ-વાળાં જે શસ્ત્રો, તેના સમૂહથી સમન્વિત હોય છે. એ જ રીતિએ, આ શ્રી ભગવતીજી સૂત્ર પણ વિવિધ હેતુઓ રૂપ જે શસ્ત્રો, તેના સમૂહથી સમન્વિત છે. આ શ્રી ભગવતીજી સૂત્રમાં, એકની એક વાતનું પણ, અનેકવિધ અનેક હેતુઓથી ખંડન અગર સમર્થન કરવામાં આવેલું છે.

<u>હેતુઓને શસ્ત્રોની ઉપમા વ્યાજબી છે :</u>

ટીકાકાર મહર્ષિએ હેતુઓને શસ્ત્રો તરીકે ગણાવ્યા

છે, તેનું કારણ શું ? શસ્ત્રોનું કાર્ય શું ? શસ્ત્રનું કાર્ય મારણ અને વારણ કરવાનું છે. શસ્ત્રનું કાર્ય ઘા મારવાનું છે અને આવતા ઘાને વારવાનું, અટકાવવાનું, નિષ્ફલ બનાવવાનું છે. હેતુઓ પણ એવી જ રીતિએ કાર્યસાધક બને છે. શાસ્ત્રે એક વાત કહી. વાદી એ વાતમાં આપત્તિ લાવીને મૂકે. એ વખતે શાસ્ત્ર બે પ્રકારના હેતુઓ આપે. એક તો વાદીની વાતને નિષ્ફલ, નિર્બલ બનાવી દેનારા હેતુઓ આપે અને બીજા પોતે જે વાત કહી છે તે વ્યાજબી જ છે–એવું સાબીત કરનારા હેતુઓ આપે. વાદમાં માત્ર પોતાની વાતને જ વ્યાજબી ઠરાવ્યા કરવાથી કામ ચાલે નહિ. સામાની વાતને ગેરવ્યાજબી પણ ઠરાવવી પડે. માત્ર પોતાની વાતને ગાયા કરે, એમાં વાદીને નિરૂત્તર કર્યો કહેવાય નહિ. વાદીની વાતને ખોટી ઠરાવવાપૂર્વક પોતાની વાતને સાચી ઠરાવાય, તો તે વ્યાજબી ગણાય. વાદનો પ્રસંગ તો, આ રીતિએ હેતુઓ માગે જ, પણ તત્ત્વસ્વરૂપનું પ્રતિપાદન, માર્ગનું નિરૂપણ પણ હેતુઓ માગે. અમુક અમુક હેતુઓથી, આ આમ છે–એમ કહેવું પડે અને જો આમ માનવામાં ન આવે તો શું નુકશાન થાય, એ પણ હેતુઓ આપીને સમજાવવું પડે. ખંડન કરવામાં પણ હેતુઓ જોઈએ અને મંડન કરવામાં પણ હેતુઓ જોઈએ. સાચી વાતને સાચી તરીકે અને ખોટી વાતને ખોટી તરીકે સાબીત કરવાનું કોઈ સાધન હોય, તો તે હેતુઓ છે, માટે એને શસ્ત્રોની જે ઉપમા અપાઈ છે, તે વ્યાજબી ઠરે છે. સાચી વાતને ખોટી તરીકે સાબીત કરવાને અને ખોટી વાતને સાચી તરીકે સાબીત કરવાને મથનારાઓ પણ, હેતુઓ રૂપ શસ્ત્રોનો ઉપયોગ કરે છે. શસ્ત્ર તો એવી

ચીજ છે કે–વાપરતાં આવડે તો શસ્ત્રવાળો પોતાનું રક્ષણ કરી શકે અને દુશ્મનને મારી શકે, જ્યારે વાપરતાં ન આવડે તો એ જ શસ્ત્રથી પોતે મરે ને દુશ્મન ફાવે. શસ્ત્રનો દુરૂપયોગ પણ થાય અને સદુપયોગ પણ થાય; તેમ હેતુઓ આપવાની આવડત તારેય ખરી અને મારેય ખરી. શ્રી ભગવતીજી સૂત્રમાં જે હેતુઓ આપવામાં આવ્યા છે, તે સત્ય તત્ત્વસ્વરૂપને, સાચા માર્ગને બતાવવાને માટે આપવામાં આવ્યા છે.

હેતુઓ આપીને ક્રમશઃ ચઢીયાતો ઉપકાર સાધી શકાય :

આ ઉપરથી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે–માણસે પોતાની વાત, પોતાની વાત એટલે ભગવાને કહેલી પણ પોતાના મુખે કહેવાતી વાત, જ્યાં સુધી બની શકે ત્યાં સુધી, હેતુઓ આપવા પૂર્વક કહેવી જોઈએ. જેમ કે–'સંસાર અસાર છે.'–એમ કહીને, માત્ર એટલું જ કહેવાય કે–ભગવાને સંસારને અસાર કહ્યો છે, માટે સંસાર અસાર છે, તો એ કહેવું સાચું છે, છતાં પણ એમ કરવું એ ધર્મોપદેશકને માટે યોગ્ય નથી. ધર્મોપદેશકે આ સંસારના સ્વરૂપને એવી રીતિએ વર્ણવવું જોઈએ, કે જેથી શ્રોતાઓને લાગે કે–ખરેખર સંસાર અસાર છે. એમ હેતુઓ આપીને 'સંસાર અસાર છે' એવું સમજાવવામાં આવે, તો એથી સાંભળનારના હૈયામાં ભગવાન પ્રત્યે બહુમાન પેદા થાય છે અથવા તો ભગવાન પ્રત્યેનું બહુમાન વધવા પામે છે. સાંભળનારને એમ થાય કે–'ભગવાને જે કહ્યું છે તે સાચું જ કહ્યું છે.' આ જાતિનો વિશ્વાસ જન્મે, એટલે 'મોક્ષને માટે

જ પ્રયત્નશીલ બનવા જેવું છે'–એવી વાતને, સાંભળનારાઓ રૂચિપૂર્વક સાંભળે. એમાં ય, શ્રોતાઓને જે એ વાત હેતુઓ આપીને સમજાવવામાં આવે કે–'તમારી જેવા સુખની ઇચ્છા છે, તે ઇચ્છા મોક્ષને પામ્યા વિના બર આવે તેમ છે જ નહિ; આત્માની બીજી કોઈ જ અવસ્થા વિશેષ એવી નથી, કે જે અવસ્થામાં તમે એકાન્તિક અને આત્યન્તિક સુખની તમારી ઇચ્છાને પરિપૂર્ણપણે સફળ કરી શકો; માટે તમારે મોક્ષને માટે જ પ્રયત્નશીલ બનવું જોઈએ.' તો એથી શ્રોતાઓની રૂચિ ઓર વધી જવા પામે. એટલી સમજ આપ્યા પછીથી, મોક્ષમાર્ગને સ્વતન્ત્રપણે કોણ દર્શાવી શકે, એ વિગેરે વાતોને હેતુઓ આપીને જણાવવામાં આવે, તો શ્રોતાઓને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સુલભ બને તેમ જ મોક્ષમાર્ગની આરાધનાની ઇચ્છા પણ પ્રબળ બને. એવા જીવોને મોક્ષમાર્ગનું નિરૂપણ બહુ ગમે અને તેમાં પણ કેમ પ્રાણાતિપાતવિરમણ આદિ વ્રતોનો સ્વીકાર કરવો જોઈએ અને વ્રત લઈને તેનું પાલન કરવા સાથે કેમ તપ કરવો જોઇએ, એ વિગેરે વાતો હેતુઓ આપીને કહેવાય તો શ્રોતાઓ ઉપર ક્રમશઃ ચઢીયાતો ઉપકાર કરવાના લાભને પામી શકાય.

હેતુગમ્યમાં હેતુ ન અપાય તો પાપ પલ્લે પડે :

આ રીતિએ હેતુઓ આપીને વાતો કરી હોય, તો આજ્ઞાગ્રાહ્ય બાબતોને આજ્ઞાગ્રાહ્ય તરીકે સ્વીકારાવવામાં મુશ્કેલી નડે નહિ. ધર્મદેશનાનો વિધિ જ એ છે કે–જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી હેતુઓ આપીને તત્ત્વસ્વરૂપનું નિરૂપણ કરવું જોઇએ અને જે બાબતો માત્ર આજ્ઞાગ્રાહ્ય જ હોય તેમાં

હેતુઓને આપવાના પ્રયત્નમાં કદી પણ પડવું જોઈએ નહિ. પહેલાં તો, શ્રોતાઓ સમક્ષ એવી એવી બાબતો મૂકવી જોઈએ, કે જે બાબતોમાં હેતુઓ આપી શકાય. એ બાબતોને વિવિધ હેતુઓ આપવા દ્વારા એવી પુષ્ટ કરવી જોઈએ, કે જેથી શ્રોતાઓને એમ લાગે કે–આ શાસન તો યુક્તિયુક્ત જ વાત કરનારૂં છે. એમાંથી એના હૈયામાં આજ્ઞા પ્રત્યે રૂચિ જન્મે. આજ્ઞા પ્રત્યે રૂચિ જન્મ્યા પછી, આજ્ઞાગ્રાહ્ય બાબતોને માટે એમ કહેવાય કે–' આ વાતો ભગવાને કહી છે માટે આમ જ છે ' તો એ વાતમાં, એને ભગવાનની આજ્ઞા પ્રત્યે અરૂચિ ન થાય. એ સમજે કે–આ બાબતો જ એવી છે કે–આમાં હેતુઓ આપી શકાય નહિ. જો આ બાબતો હેતુગમ્ય હોત, તો આ બાબતોને ભગવાને આજ્ઞાગ્રાહ્ય ન જ કહી હોત, પણ હેતુઓ આપ્યા હોત. એટલે હેતુગમ્ય બાબતોમાં હેતુઓ અવશ્ય આપવા જોઈએ. હેતુગમ્ય બાબતોમાં હેતુઓ નહિ આપવા, એ તો સ્વ–પરને માટે હાનિકારક છે. હેતુઓ આપવાથી જેમ રૂચિ જન્માવી શકાય છે, તેમ હેતુઓ નહિ આપવાથી શ્રોતાઓને ઉભગાવી દેવાનું પાપ પલ્લે પડી જાય છે.

૨૫–શત્રુસૈન્યના નાશ માટે નિયુક્ત :

શત્રુસૈન્યના નાશને માટે નિયુક્તિ :

જયકુંજરની સાથે સરખામણી કરીને, શ્રી ભગવતીજી સૂત્રની વિગતોનો તથા વિશેષતાઓનો, પોતાની શાસ્ત્રપ્રસ્તાવનામાં ખ્યાલ આપી રહેલા ટીકાકાર મહર્ષિ આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા, તેવીસમા વિશેષણ તરીકે ફરમાવે છે કે–

"**मिथ्यात्वाऽज्ञानाऽविरमणलक्षणरिपुबलदलनाय श्रीमन्महावीरमहाराजेन नियुक्तस्य ।**"

એટલે કે–મહારાજાઓ જેમ જયકુંજરને શત્રુસૈન્યનો નાશ કરવાને માટે નિયુક્ત કરે છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્રને પણ, આત્માના શત્રુસૈન્યનો નાશ કરવાને માટે, શ્રીમાન્ મહાવીર મહારાજાએ નિયુક્ત કરેલું છે. આત્માનું શત્રુસૈન્ય કયું ? એનો ખૂલાસો કરતાં કહ્યું છે કે–મિથ્યાત્વ–સ્વરૂપ, અજ્ઞાન–સ્વરૂપ અને અવિરમણ–સ્વરૂપ. એ ત્રણ, આત્માના શત્રુ તરીકેનું કામ કરનારા છે, માટે એ ત્રણના નાશને માટે ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ, આ શ્રી ભગવતીજી સૂત્રને નિયુક્ત કરેલું છે.

ભગવાનને નિયુક્ત કરનાર કેમ કહ્યા ?

આપણે જાણીએ છીએ કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવો

અર્થથી જ દેશના દેનારા હોય છે. સૂત્રની યોજના ભગવાન શ્રી જિનેશ્વરદેવો કરતા જ નથી. સૂત્રની ગુંથણી તો, ગણધર-ભગવાનો જ કરે છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવો, ગણધરદેવોની સ્થાપના કર્યા બાદ, તેમને ત્રિપદી માત્રનું દાન કરે છે અને એ ત્રિપદી ભગવાનના શ્રીમુખે શ્રવણ કરવા માત્રથી, ગણધર-ભગવાનના આત્માઓ, પોતપોતાના મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મના એવા ઉત્કૃષ્ટ કોટિના ક્ષયોપશમભાવને પામે છે, કે જેને લઈને તેઓ ગણધર–નામકર્મના ઉદયને વેદતા થકા, અન્તર્મુહૂર્ત્ત માત્રમાં જ દ્વાદશાંગીની રચના કરી શકે છે. ગણધરભગવાનો દ્વાદશાંગીની રચના કરી લે છે, તે પછીથી જ ભગવાન તેમને તીર્થની અનુજ્ઞા આપે છે. અનુજ્ઞા વિના, દ્વાદશાંગી બીજાને આપી શકાય નહિ. ગુરૂની અનુજ્ઞાને મેળવ્યા વિના, કોઈ પણ શિષ્ય કોઈને ય ભણાવી શકે નહિ–એવો વિધિ છે. આપણો મુદ્દો તો એ છે કે–વર્ત્તમાન શાસ-નમાં ગણધરભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ રચેલી જે દ્વાદ-શાંગી પરંપરાગત બની છે, તેને અર્થથી ભગવાન શ્રીમાન્ મહાવીર મહારાજાએ ઉપદેશેલી હતી; એટલું જ નહિ, પણ ભગવાને તેની અનુજ્ઞા પણ આપી હતી. ભગવાને મહોર મારી આપી હતી. આથી જ, ટીકાકાર મહર્ષિએ અત્રે 'શ્રી ભગવતીજી સૂત્રને શ્રીમાન્ મહાવીર મહારાજાએ નિયુક્ત કર્યું છે'–એમ ફરમાવ્યું છે.

શ્રીમાન્ મહાવીર મહારાજાએ આ નિયુક્તિ જગતના જીવો મિથ્યાત્વાદિ રૂપ શત્રુઓનો નાશ સાધી શકે એ માટે કરી છે:

શ્રીમાન્ મહાવીર મહારાજા દ્વારા આ સૂત્ર નિયુક્ત

કરાએલું છે–એવું જણાવવાની સાથે, શા માટે આ સૂત્ર નિયુક્ત કરાએલું છે, તેનું પણ ટીકાકાર મહર્ષિએ સ્પષ્ટીકરણ કર્યું છે. મિથ્યાત્વ રૂપ, અજ્ઞાન રૂપ અને અવિરમણ રૂપ જે શત્રુસૈન્ય, તેનો નાશ કરવાને માટે આ સૂત્ર નિયુક્ત કરાએલું છે. આ સૂત્રને અગર તો આ સૂત્રને નિયુક્ત કરનારા શ્રીમાન્ મહાવીર મહારાજાને મિથ્યાત્વ, અજ્ઞાન કે અવિરમણ–એમાંનો કોઈ જ શત્રુ નથી. એટલે તેમના શત્રુસૈન્યના નાશને માટે આ સૂત્ર નિયુક્ત કરાએલું નથી, પરન્તુ જગતના જીવોના શત્રુ-સૈન્યના નાશને માટે જ આ સૂત્ર નિયુક્ત કરાએલું છે. એક કાળે શ્રીમાન્ મહાવીર મહારાજાને પણ એ ત્રણેય શત્રુઓએ ઘેરેલા હતા. શ્રીમાન્ મહાવીર મહારાજાનો આત્મા પણ અનન્તો કાળ એ શત્રુઓની આધીનતામાં રહ્યો હતો. એઓ-શ્રીના આત્માને પણ અનન્તા કાળ સુધી 'હું મિથ્યાત્વાદિ રૂપ શત્રુસૈન્યથી ઘેરાએલો છું અને પરાભવ પમાડાએલો છું'–એવો ખ્યાલ સરખો પણ આવ્યો નહોતો. 'મિથ્યાત્વાદિ રૂપ શત્રુસૈન્યથી હું અનાદિકાળથી ઘેરાએલો છું અને પરાભવ પમાડાએલો છું'–એ વાતનો સાચો ખ્યાલ તો, ભવ્યાત્માને જ આવી શકે છે. ભવ્યાત્માને પણ એ વાતનો સાચો ખ્યાલ ચરમાવર્ત્ત કાલમાં જ આવી શકે છે. ચરમાવર્ત્તમાં પણ અર્ધ-પુદ્ગલપરાવર્ત્ત જેટલો સંસારકાલ લગભગ બાકી રહ્યો છતે અથવા તો એથી પણ અલ્પ સંસારકાલ બાકી રહ્યો છતે, આ વાતનો સાચો ખ્યાલ આવી શકે છે. શ્રીમાન્ મહાવીર મહારાજાના આત્માને જ્યારે અર્ધપુદ્ગલપરાવર્ત્તથી પણ ઓછો, એક કોડાકોડી સાગરોપમથી કાંઈક અધિક માત્ર સંસારકાળ બાકી રહેવા પામ્યો, ત્યારે જ શ્રી નયસાર તરીકેના ભવમાં, તે

આત્માને એ વાતનો સાચો ખ્યાલ આવ્યો કે–'હું અનાદિ-કાળથી મિથ્યાત્વાદિ રૂપ શત્રુસૈન્યથી ઘેરાએલો છું અને પરાભવ પમાડાએલો છું.' શ્રી નયસારના ભવમાં, એ પુણ્યપુરૂષના આત્માને જ્યાં એ વાતનો સાચો ખ્યાલ આવ્યો, એટલે એમણે એ શત્રુસૈન્યની સામે હલ્લો કરવાની શરૂઆત કરી. શ્રી નયસારના ભવમાં, શ્રીમાન્ મહાવીર મહારાજાનો આત્મા, મૂળમાંથી તો એ શત્રુઓને ઉખેડી શકયો નહિ, પણ એ શત્રુઓને અમુક અંશે દબાવી દેવાનું કામ તો જરૂર કરી શકયો. ત્યારથી એ આત્માએ મિથ્યાત્વાદિ શત્રુસૈન્યની સામે બળ અજમાવવા માંડયું, પણ એમાં જેમ કોઈ વાર શત્રુ પણ ફાવી જાય અને શત્રુ ફાવી જાય એટલે પુનઃ બન્ધનમાં લઈ લે, એમ શ્રીમાન્ મહાવીર મહારાજાના આત્માને માટે થયું. પુનઃ બન્ધનમાં જકડાઇ ગયેલા શ્રીમાન્ મહાવીર મહા-રાજાના આત્માએ, મિથ્યાત્વાદિ રૂપ શત્રુઓની આધીનતામાં ઘણો કાળ પસાર કર્યો. એમાં જ્યારે એ આત્માને તક મળી ગઈ, એટલે એ આત્માએ એ તકનો લાભ ઉઠાવી લીધો. પ્રિયમિત્ર ચક્રવર્તી તરીકેના ભવમાં તેમણે એ શત્રુસૈન્યને દબવાનો અને એ શત્રુસૈન્યને નામશેષ કરી નાખવાનો પ્રયત્ન પુનઃ આરંભી દીધો. એમના આત્માને એ વાત એવી જચી ગઈ કે–એમના શ્રી નન્દન મુનિ તરીકેના ભવમાં તો એમણે કમાલ કરી નાખી. એમના આત્માને એ વખતે એમ જ થઈ ગયું કે–'જો મારૂં ચાલે તો હું માત્ર મારા જ મિથ્યાત્વાદિ રૂપ શત્રુઓને મૂળમાંથી ઉખેડી નાખીને અટકું નહિ, પણ સારા ય જગતના જીવોના મિથ્યાત્વાદિ રૂપ શત્રુઓને હણી નાખું!' પણ મિથ્યાત્વાદિ રૂપ શત્રુઓ એવા પ્રકારના છે કે–કોઇના

એ શત્રુઓને કોઈ હણી શકે એવું બને નહિ. મિથ્યાત્વાદિ રૂપ પોતપોતાના શત્રુઓને હણવાનો પુરૂષાર્થ તો, દરેકે પોતે જ કરવો જોઇએ. આથી, શ્રીમાન્ મહાવીર મહારાજાનો આત્મા એવા ભાવમાં ઉત્કટપણે તરબોળ બની ગયો કે–' જો મારામાં શક્તિ આવી જાય, તો હું સારા ય જગતના જીવોને સમજાવી દઉં કે–' તમારા ખરેખરા શત્રુઓ મિથ્યાત્વાદિ રૂપ જ છે.' અને એમ સમજાવીને, એ બધાને એ મિથ્યાત્વાદિ રૂપ શત્રુઓને હણી નાખવાનો જે સાચો ઉપાય, તે ઉપાયનું જ્ઞાન કરાવીને, એ બધાને એ ઉપાયના આચરણના જ એક માત્ર રસિક બનાવી દઉં!' આવી ભાવદયાની ઉત્કટતાના વશે, શ્રીમાન્ મહાવીર મહારાજાના આત્માએ શ્રી તીર્થંકરનામકર્મને નિકાચિત કર્યું. શ્રી તીર્થંકરનામકર્મની નિકાચનાના પ્રતાપે જ, એ આત્મા શ્રીમાન્ મહાવીર મહારાજા તરીકેના ભવમાં, પોતાના મિથ્યાત્વાદિ રૂપ શત્રુસૈન્યનો મૂળમાંથી જ નાશ કરી નાખનારો બન્યા બાદ, આ શ્રી ભગવતીજી સૂત્રને અથવા તો કહો કે–દ્વાદશાંગીને, મિથ્યાત્વાદિ રૂપ શત્રુસૈન્યના નાશને માટે, નિયુક્ત કરી શક્યો. એટલે શ્રીમાન્ મહાવીર મહારાજાએ જે નિયોજન કરેલું છે, તે પોતાના શત્રુસૈન્યના નાશને માટે નહિ પણ આપણા જેવાના મિથ્યાત્વાદિ રૂપ શત્રુસૈન્યના નાશને માટે જ કરેલું છે. આવો શ્રીમાન્ મહાવીર મહારાજાનો આપણા સર્વે ઉપર, જગતના જીવ માત્ર ઉપર અનુપમ ઉપકાર છે, પણ એ ઉપકારને ઉપકાર તરીકે સમજાય તો ને ?

મિથ્યાત્વનું શત્રુપણું :

શ્રીમાન્ મહાવીર મહારાજાએ જગતના જીવ માત્ર ઉપર

અનુપમ ઉપકાર કર્યો છે, પણ જ્યાં સુધી મિથ્યાત્વાદિ શત્રુ-સૈન્ય બહુ જ જોરદાર હોય છે, ખાસ કરીને મિથ્યાત્વ રૂપ શત્રુ જ્યાં સુધી જોરદાર હોય છે, ત્યાં સુધી તો તે જીવને શ્રીમાન્ મહાવીર મહારાજાનો આ પરમ ઉપકાર, પરમ ઉપકાર તરીકે લક્ષ્યમાં જ આવતો નથી. મિથ્યાત્વ રૂપ શત્રુ મન્દ પડે, તો જ એ ઉપકાર ઉપકાર તરીકે લક્ષ્યમાં આવી શકે. ત્યારે વિચાર કરો કે–જે શત્રુ આપણા ઉપરના કોઈના ઉપકારને જાણવા ન દે, એ કેવો ભયંકર શત્રુ કહેવાય ? એ શત્રુની ખરી ભયંકરતા તો એ છે કે–એ આત્માના સઘળા ય શત્રુઓને શત્રુઓ તરીકે ઓળખવા તો દે નહિ, પણ એમને મિત્રો તરીકે જ ઓળખાવે. જોરદાર મિથ્યાત્વવાળો માત્ર બાહ્ય શત્રુઓને જ જોયા કરે, પણ આન્તરિક શત્રુઓને તો મિત્ર માન્યા કરે. એને લાગે કે–સુખ તો માત્ર વિષયોના ભોગવટામાં જ રહેલું છે. એને મેળવવાની, સાચવવાની ને સંધરવાની વૃત્તિને પેદા કરનારો લોભ, એ એને પરમ બન્ધુ જેવો લાગે. લોભે પેદા કરેલી વૃત્તિ અમલમાં આવે, એ માટે એને માયા સહચરીને સેવવામાં ઘણો આનન્દ આવે. જ્યારે તે વિષયસામગ્રીને મેળવવા આદિમાં સફળ થાય, ત્યારે તે માનને લીધે પોતાની બાહોશી માને તેમ જ નિષ્ફળતા મળે ત્યારે એ જ માન એને કહ્યા કરે કે–તારામાં પાણી નથી ? એમ માન એને સદા ઉત્તેજ્યા કરે, એટલે એને લાગે કે–માન વિના તો ચાલે જ નહિ. આ રીતિએ લોભને, માયાને અને માનને પોતાના હિતકારી રૂપે માનનારો, તેના વિષયસુખમાં આડે આવનારાઓ ઉપર રોષ કરનારો બને જ–રોષ કરે જ–એમ નહિ, પણ રોષ કરવો જોઇએ–એમ એને લાગે. રોષ ન કરીએ, તો લૂંટાઈ જઇએ;

રોષ ન કરીએ તો ધાર્યું મેળવી શકીએ નહિ; આવી આવી જ વિચારણાઓ એ કર્યા કરે. આ સઘળો ય પ્રતાપ, મિથ્યાત્વના જોરદાર ઉદયનો છે. મિથ્યત્વની આ જેવી-તેવી શત્રુતા છે?

ગમે તેટલું ભણેલો માણસ પણ મિથ્યાત્વના ઉદયવાળો હોય તો તે અજ્ઞાન જ છે:

મિથ્યાત્વની સાથે અજ્ઞાન તો સંકળાએલું જ છે. જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય હોય, ત્યાં સુધી અજ્ઞાન તો હોય જ. અજ્ઞાન હોય જ એટલે ભણતર ન હોય, એમ નહિ. ઘણું ભણતર હોય, એમ પણ બને. માત્ર ભાષાજ્ઞાનનું અગર તો ઇતિહાસ, ભૂગોળ, ગણિત આદિનું જ ભણતર હોય, એમ પણ નહિ. સમ્યક્ શ્રુતનું ભણતર હોય, એમેય બને. આ શ્રી ભગવતીજી સૂત્રનું ભણતર હોય, એમે ય બને. અરે, છેક દશમા પૂર્વમાં કાંઈક ન્યૂન સુધીનું ભણતર હોય, એમ પણ બને. એટલું બધું ભણતર હોય, તે છતાં પણ એ ભણતરવાળો મિથ્યાત્વના ઉદયવાળો હોય તો તે અજ્ઞાની જ છે. એટલા બધા ભણતરવાળાને પણ અજ્ઞાની કહેવાનું કારણ શું? અથવા તો તેનામાં અજ્ઞાન છે, એમ કહેવાનું કારણ શું? એનું કારણ એ છે કે-એટલું બધું ભણતર હોવા છતાં પણ, 'સુખ તો માત્ર વિષયોના ભોગવટામાં જ રહેલું છે. દુઃખ અનિષ્ટ વિષયોના સંયોગમાં તથા ઇષ્ટ વિષયોના વિયોગમાં અને સુખ ઇષ્ટ વિષયોના સંયોગમાં તથા અનિષ્ટ વિષયોના વિયોગમાં.'-આવું જ એ માન્યા કરતો હોય છે. 'દુઃખ ન જોઇએ તો અનિષ્ટ વિષયોનો વિયોગ સાધવો જોઇએ અને સુખ જોઇએ તો ઇષ્ટ વિષયોનો સંયોગ સાધવો જોઇએ, કારણ કે-ઇષ્ટ વિષયોના ભોગોપભોગમાં જ સુખ રહેલું છે.'-

આવી એની માન્યતા, એટએટલા ભણતરને ભણ્યા પછીથી પણ, કાયમી બની રહી હોય છે. એ માન્યતાને લઈને તેને લોભ, માયા, માન અને ક્રોધ–એ ચારેય કષાયો જરૂરી અને હિતકારી લાગતા હોય છે. આવી માન્યતાવાળો ગમે તેટલું ભણેલો હોય, તો પણ તે અજ્ઞાન જ છે; માટે જ કહેવાય છે કે–મિથ્યાત્વની સાથે અજ્ઞાન તો સંકળાએલું જ છે. એવો માણસ પોતાને જે ભણતર પ્રાપ્ત થયું છે, તેનો ઉપયોગ વિષયસુખોની જ સાધનામાં અને ક્રોધાદિ કષાયોને સફલ બનાવવાના ઉપાયોને યોજવામાં જ કર્યા કરે છે.

સમ્યગ્દર્શન ગુણ કેમ પ્રગટે ?

જીવનું મિથ્યાત્વ જ્યારે મન્દતાને પામે, ત્યારે જ તેનામાં વિષયવિરાગ જન્મી શકે છે; ત્યારે જ તેનામાં કષાયત્યાગની ભાવના પેદા થઈ શકે છે; ત્યારે જ તેનામાં મોક્ષને મેળવવાની વૃત્તિ પ્રગટ થઈ શકે છે. એટલું થયા પછીથી પણ, જીવ 'મોક્ષ જ જોઈએ'–એવી વૃત્તિને તો મિથ્યાત્વ વિશેષ મન્દ બન્યા બાદ પામી શકે છે. 'મોક્ષ જ જોઈએ'–એવી વૃત્તિ આવ્યા બાદ, મિથ્યાત્વને જો જોર કરવાની તક ન મળે અને જીવ સાચો મોક્ષમાર્ગ કયો હોઈ શકે–તેનો શોધક બને, તો મિથ્યાત્વના ક્ષયોપશમાદિ રૂપ સમ્યગ્દર્શન ગુણને પામી શકે છે. અજ્ઞાન તો મિથ્યાત્વની સાથે જ સંકળાએલું હોવાથી, સમ્યગ્દર્શન ગુણ પ્રગટવાની સાથે જ સમ્યગ્જ્ઞાન ગુણ પ્રગટે છે. સમ્યગ્દર્શન ગુણના સુપ્રતાપે, એ જીવનું જેટલું ભણતર હોય છે, તે સમ્યક્ રૂપે પરિણમે છે. પછી જેટલું ભણે છે, તેટલું પણ સમ્યક્ રૂપે તેને પરિણમે છે. એનામાં તત્ત્વસ્વરૂ-

પનું યથાર્થ વર્ણન યથાર્થ રૂપે રૂચે, એવા પ્રકારની લાયકાત સમ્યગ્દર્શન ગુણના સુયોગે પ્રગટે છે. આ બધા ઉપરથી તમારે એ વિચારવાનું છે કે–મિથ્યાત્વ એ જીવના શત્રુપણાનું કેવું ભયંકર કાર્ય કરે છે અને એના યોગે જ્ઞાન પણ અજ્ઞાન રૂપે જ કામ કરીને જીવને દુષ્કર્મોના ઉપાર્જનમાં નિમિત્ત બને છે. જે જ્ઞાન કર્મક્ષયનું અને શુભ કર્મના બન્ધનું કારણ બની શકે, તે જ્ઞાન પણ મિથ્યાત્વના પ્રતાપે અજ્ઞાન રૂપ બનીને, દુષ્કર્મોના બંધનું કારણ બને છે; એટલું જ નહિ, પણ કોઈ જીવને બોધિની પ્રાપ્તિ દુર્લભ પણ બનાવી દઈ શકે છે.

સમ્યક્ શ્રુતના ઉપાર્જનની આવશ્યકતા :

મિથ્યાત્વના ક્ષયોપશમાદિથી સમ્યગ્દર્શન ગુણ પ્રગટ્યો, પણ એથી તો પૂર્વનું જે જ્ઞાન અજ્ઞાન રૂપ હતું તે સમ્યગ્જ્ઞાન રૂપ બન્યું, પણ સમ્યક્ શ્રુતનો બોધ તો જોઇએ ને ? સમ્યગ્દર્શન ગુણથી એવી પણ લાયકાત આવી કે–શ્રુત માત્રને એ પોતાનામાં સમ્યગ્ રૂપે પરિણમાવી શકે, પણ સમ્યક્ શ્રુતનો અભ્યાસ સમ્યગ્દર્શન ગુણને સ્થિર કરનારો અને સમ્યગ્દર્શન ગુણવાળાની ભાવનાને અમલમાં આવવામાં ખૂબ જ સહાયક બને એવો હોય છે. સમ્યગ્દર્શન ગુણને પામેલાની ભાવના કયી ? સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર દ્વારા મોક્ષને જ સાધવાની. એ સમ્યગ્જ્ઞાનનો અને સમ્યક્ચારિત્રનો જ આસ અર્થી હોય. વળી સમ્યગ્દર્શન ગુણ ક્ષાયિક પ્રકારનો ન આવે, ત્યાં સુધી એ ગુણ પાછો ન જ આવરાઈ જાય, એવું નક્કી નહિ. આપણે જોયું કે–ભગવાન શ્રી મહાવીર પરમાત્માના આત્માનો સમ્યગ્દર્શન ગુણ પણ આવરાઈ જવા પામ્યો હતો. એટલે સમ્યગ્જ્ઞાનને વિષેનો

ઉદ્યમ અવશ્ય હોવો જોઇએ. સમ્યગ્જ્ઞાન પ્રત્યેની બેદરકારી અથવા તો પ્રમાદને અંગે ઓછું લક્ષ્ય પણ શત્રુની ગરજ સારે છે. સમ્યક્ શ્રુતના જ્ઞાનમાં પ્રયત્નશીલ ઘણે અંશે બચી શકે છે.

અવિરમણ રૂપ શત્રુ :

સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન રૂપ ગુણો પ્રગટવા છતાં પણ, 'અવિરમણ' નામનો ભયંકર દુશ્મન તો બેઠેલો જ છે. અવિરમણ નામના ભયંકર દુશ્મનની સાથે જીવવું પડે તો ય સાવધગીરીથી જીવવું પડે, કારણ કે–એનામાં સમ્યગ્દર્શન ગુણ અને સમ્યગ્જ્ઞાન ગુણ આવરાઈ જવા પામે, એવી બેફામ હાલતમાં આત્માને મૂકી દેવાની શક્તિ છે. આત્મા જો ગાફીલ બની જાય, તો ગબડી પડે. આ ઉપરાન્ત, જ્યાં સુધી 'અવિરમણ' નામનો દુશ્મન જીવે છે, ત્યાં સુધી સાવધ જીવને પણ નિર્જરા સાધવામાં બહુ જ મુશ્કેલી નડે છે. હવે એને એકલી નિર્જરા સાધવી છે, પણ અવિરમણ રૂપી દુશ્મન બંધથી સર્વથા બચવા દે જ નહિ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ગુણની સફલતા સમ્યક્ચારિત્રને આભારી છે, પણ જ્યાં સુધી અવિરમણ રૂપી દુશ્મન જોરમાં હોય છે, ત્યાં સુધી આત્મા સમ્યક્ચારિત્રને પામી શકતો નથી. અવિરમણ એટલે અવિરતિ. હિંસાદિક પાપોથી અને કષાયોથી વિરામ પામવું, એ વિરતિ; અને એનાથી વિરામ નહિ પામવું, એ અવિરતિ. હિંસાદિક પાપોથી અને કષાયોથી વિરામ પામ્યા કરવાની ભાવનાથી પણ લાભ થાય છે; પણ એ જ સૂચવે છે કે–હિંસાદિક પાપોથી અને કષાયોથી જો વિરામ પામવામાં આવે તો તેથી મહા લાભ થાય. વિરામ પામવામાં ખરો લાભ

હોય, તો જ વિરામ પામવાની ભાવનાથી લાભ સંભવે. એટલે એકાન્તે નિર્જરાના અર્થી એવા પણ જીવને, કર્મબંધ કરાવ્યા કરવાનું કામ અવિરમણ કરે છે. આથી એ પણ જીવનો શત્રુ જ છે.

શ્રી ભગવતીસૂત્રનું સામર્થ્ય કોને ઉપયોગી?

આ ત્રણ–મિથ્યાત્વ રૂપ, અજ્ઞાન રૂપ અને અવિરમણ રૂપ–શત્રુઓના સૈન્યનો નાશ કરવાને માટે, શ્રીમાન્ મહાવીર મહારાજાએ, આ શ્રી ભગવતીજી સૂત્રને નિયુક્ત કરેલું છે– એવી વાતને પોતાની શાસ્ત્રપ્રસ્તાવનામાં જણાવવા દ્વારા, ટીકાકાર મહર્ષિ એવી પ્રેરણા કરી રહ્યા છે કે–તમે આ સૂત્રનું વાંચન અને શ્રવણ આદિ પણ એ જ હેતુને લક્ષ્યમાં રાખીને કરજો. આ વાત જેઓને ગમી જાય, તેઓ કાં તો સમ્યગ્દૃષ્ટિ જીવો છે, કાં તો મન્દ મિથ્યાત્વવાળા જીવો છે. મન્દ મિથ્યાત્વવાળા જીવો જો સદ્ભાવથી આ સૂત્રને સાંભળે, તો તેમનું મિથ્યાત્વ ગળી જવા પામે તેમ છે; તત્ત્વના સ્વરૂપનો પણ આ સૂત્રના શ્રવણથી સુન્દર પ્રકારનો બોધ થાય તેમ છે; અને પાપ માત્રથી વિરમણ પામવાની જ પ્રેરણા કર્યા કરનારૂં આ સૂત્ર છે. આમ આ સૂત્ર મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરમણના નાશનું સામર્થ્ય ધરાવે છે, પણ તે સામર્થ્ય જીવને માટે ત્યારે જ ઉપયોગી થાય, કે જ્યારે જીવ આ સૂત્રના શ્રવણાદિ દ્વારા, આ સૂત્રના તેવા પ્રકારના સામર્થ્યનો સ્વયં ઉપભોગ કરનારો બને. એ માટે, જીવે લાયક બનવું જોઇએ. તમે લાયકાત માટે પ્રયત્નશીલ બનો અને બન્યા રહો, એ જ એક શુભેચ્છા.

૨૬–શ્રી ગણધરદેવની મતિથી રચાએલું :

શ્રી ગણધરદેવની રચના :

હવે, છેલ્લા–ચોવીસમા વિશેષણ તરીકે આ સૂત્રની રચના કોણે કરેલી છે, તે જણાવે છે. ચોવીસમા વિશેષણ તરીકે ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–

"**बलनियुक्तककल्पगणनायकमतिप्रकल्पितस्य**।"

એટલે કે–સેનાપતિ તરીકે યોગ્ય એવો સેનાનાયક જેમ પોતાની બુદ્ધિથી જયકુંજરને યુદ્ધને માટેની ઉપયોગી સામગ્રીવાળો બનાવે છે, તેમ શ્રી ગણધરપદને યોગ્ય એવા શ્રી ગણધરભગવાને પોતાની મતિથી આ શ્રી ભગવતીજી સૂત્રની રચના કરેલી છે. સેનાનાયક આદિને નિયુક્ત મહારાજા કરે, પણ સેનાને કેમ ગોઠવવી, કેવી તૈયારીવાળી બનાવવી, એ વિગેરે કાર્ય સેનાનાયક કરે. સેનાનાયક લાયકને જ બનાવાય. જેને–તેને સેનાનાયક બનાવવામાં આવે, તો બળવાન પણ સૈન્ય બળહીન બની જાય. અયોગ્ય સેનાનાયક જીતીને તો ન આવે, પણ જીતાએલી બાજીને ય હારમાં ફેરવી નાખે. એ જ રીતિએ, ભગવાન શ્રી જિનેશ્વરદેવો યોગ્ય આત્માઓની ગણધર–પદે સ્થાપના કરે છે. ત્રિપદીના શ્રવણ માત્રથી, જેમના મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો એવો ઉત્કટ ક્ષયોપશમ થાય કે–દ્વાદશાંગીની રચના અન્તર્મુહૂર્ત્ત માત્રમાં

કરી શકાય, તેવા સુયોગ્ય, એટલે કે–ગણધરનામકર્મને નિકાચિત કરીને આવેલા અને ભગવાનની પાસે દીક્ષિત બનેલા આત્માઓને જ ભગવાન ગણધરપદે સ્થાપે છે. એ આત્માઓ પોતાની મતિથી દ્વાદશાંગીની રચના કરે છે. તે પછી ભગવાન અનુજ્ઞા આપે છે, માટે જ દ્વાદશાંગીની છદ્મસ્થે પોતાની મતિથી રચના કરેલી હોવા છતાં પણ, દ્વાદશાંગીને શ્રી અરિહન્ત પરમાત્માઓનાં જ વચનો તરીકે માન્ય કરવામાં આવે છે.

૨૭–ટીકારચના અંગે સ્પષ્ટીકરણ :

ટીકાની રચનાનો હેતુ :

આ રીતિએ, સમુન્નત જયકુંજરની સાથે શ્રી ભગવતીજી સૂત્રની ચોવીસ વિશેષણો દ્વારા સરખામણી કરીને, ટીકાકાર મહર્ષિ, પોતે આ સૂત્રની ટીકા રચવાને માટે કેમ ઉત્સાહિત બન્યા છે, તેનું સ્પષ્ટીકરણ કરે છે. વૃત્તિને તેઓ નાડિકા તરીકે ઓળખાવે છે. જયકુંજર ઉપર ચઢવાને માટે નાડિકા જરૂરી ગણાય છે. હાથી ઉપર ચઢવાને માટે દોરડાનું આલંબન લેવું પડે છે, તો સમુન્નત જયકુંજર ઉપર ચઢવાને માટે દોરડાનું આલંબન લેવું પડે, એમાં નવાઈ નથી. એ જ રીતિએ, શ્રી ભગવતીજી સૂત્રનો સુલભતાથી બોધ થાય,

એ માટે નાડિકા જેવી વૃત્તિ જોઇએ. ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–મુનિઓ રૂપી યોદ્ધાઓ અનાબાધપણે આ સૂત્રના અધિગમને પામી શકે, એ માટે હું આ વૃત્તિ રૂપી નાડિકાની રચના કરવાનું શરૂ કરું છું.

મુનિ રૂપી યોદ્ધાઓ :

મુનિઓ, એ યોદ્ધાઓ છે. શ્રી જૈન શાસનમાં, યોદ્ધા તરીકેનું પદ, સાચી રીતિએ મુનિઓને જ ઘટી શકે છે. મુનિઓ, બીજી સઘળી ય પ્રવૃત્તિઓને તજી દઈને, કર્મશત્રુને ખાળવાની અને કર્મશત્રુનો સંહાર કરવાની પ્રવૃત્તિ કરવાની પ્રતિજ્ઞા કરી ચૂકેલા હોય છે. નવાં કર્મોને આવતાં અટકાવવાં અને પ્રાચીન કર્મોને ક્ષીણ કરી નાખવાં, એ જ એક લક્ષ્યને અનુલક્ષીને, તેને જ અનુસરતી પ્રવૃત્તિ કરવાની અને તેનાથી વિરૂદ્ધ એવી કોઈ પણ પ્રવૃત્તિને નહિ કરવાની જેમણે મહા પ્રતિજ્ઞા લીધી છે, તેઓ જ શ્રી જૈન શાસનમાં મુનિ મનાય છે અને તે રીતિએ પ્રવર્તનારાઓ જ મુનિપદને ઉજ્વલ કરવા દ્વારા, પોતાના આત્માને ઉજ્વલ કરે છે અને અનેકોના આત્માઓના ઉજ્વલપણામાં નિમિત્ત બને છે. સંસારના ગમે તેવા ભડવીર યોદ્ધાઓ પણ, આ યોદ્ધાઓની પાસે તુચ્છ છે. સમરાંગણમાં શૂરવીરતાથી સલામતપણે શત્રુઓને સંહારવાની સર્વોત્કૃષ્ટ શક્તિને ધરાવનારા પણ દુનિયાના યોદ્ધાઓ, કામાદિ આન્તર શત્રુઓથી પરાજિત બનેલા હોય છે; જ્યારે મુનિ રૂપી યોદ્ધાઓ બાહ્ય શત્રુઓને ક્ષમાદિથી જીતનારા અને આન્તર શત્રુઓને પણ ક્ષમાદિ દશવિધ ધર્મથી પરાજિત કરનારા હોય છે. આવા મુનિઓ રૂપી યોદ્ધાઓને, સહાય,

સમુન્નત જયકુંજર જેવાં સૂત્રોની લેવી પડે છે. એમાં એમને કોઈ પણ પ્રકારની બાધા ઉપજે નહિ, એવો પ્રયત્ન કરવો, એ માત્ર શ્રમણોપાસકોનું જ કર્ત્તવ્ય છે–એમ નહિ, પરન્તુ સૌ કોઈનું એ કર્ત્તવ્ય છે. કર્મશત્રુ સામેનું યુદ્ધ જેને ગમતું હોય, તે જે જે રીતિએ પોતાથી શકય હોય, તે તે રીતિએ મુનિઓ રૂપી યોદ્ધાઓને અનાબાધપણું પ્રાપ્ત થાય, તે માટે પ્રયત્ન કરવાને લલચાયા વિના રહે નહિ. એટલે ટીકાકાર મહર્ષિ આવો પ્રયત્ન કરે, તેમાં નવાઇ જેવું કાંઈ છે જ નહિ.

ટીકારચના અંગે અગત્યનો ખૂલાસોઃ

અહીં ટીકાકાર મહર્ષિ એક બહુ જ અગત્યનો ખૂલાસો કરે છે. ટીકાકાર મહર્ષિ કેવા પ્રમાણિક છે, કૃતજ્ઞ છે, નિરભિમાની છે, તે વિગેરે આ ખૂલાસાથી જણાઈ આવે છે. તેઓશ્રી ફરમાવે છે કે–" મારી પૂર્વે થઇ ગયેલા મુનિઓ રૂપી શિલ્પિઓએ રચેલી આ સૂત્રની વૃત્તિ અને ચૂર્ણિ રૂપી નાડિકાઓ હાલ પણ વિદ્યમાન છે; એ વૃત્તિ અને ચૂર્ણિ ઘણા શ્રેષ્ઠ ગુણોવાળી પણ છે; પરન્તુ તે પ્રમાણમાં નાની હોવાથી માત્ર મોટાઓને જ, એટલે કે–ઘણા મોટા બુદ્ધિશાલી આત્માઓને જ વાંછિત વસ્તુના સાધનમાં સમર્થ બની શકે એવી છે. આથી હું એવી મોટી વૃત્તિને રચવાનો આરંભ કરૂં છું, કે જે વૃત્તિ તેવા મોટા બુદ્ધિશાલી ન હોય, તેઓને માટે પણ ઉપકારક નિવડે. આ મોટી વૃત્તિની રચના પણ હું નિરાધારપણે કરવાનો નથી, પરન્તુ હાલ આ સૂત્રની પ્રમાણમાં નાની એવી જે વૃત્તિ અને ચૂર્ણિ છે તેનું તેમ જ બીજાં શ્રી જીવાભિગમાદિ નામનાં સૂત્રો છે–તે સૂત્રોનાં વિવરણો રૂપ

દોરડાંઓના અંશોનું સંઘટ્ટન કરવા પૂર્વક જ હું આ વૃત્તિની રચના કરવાનો છું.” વળી તેઓશ્રી ફરમાવે છે કે–“ નાડિકા જેવી આ મોટી વૃત્તિને હું માત્ર મનસ્વિપણે રચવાનો આરંભ કરતો નથી, પરન્તુ સમુન્નત જયકુંજરની નાડિકાની રચના જેમ હસ્તિનાયકના આદેશથી કરાય છે, તેમ હું પણ ગુરૂજનના વચનને આધીન બનીને આ મોટી નાડિકા રૂપી મોટી વૃત્તિની રચના કરવાનો આરંભ કરું છું.” અહીં તેઓશ્રી પોતાને માટે કહે છે કે–“ પૂર્વે મુનિઓ રૂપી જે શિલ્પિઓ થઇ ગયા છે, તેમના કુલમાં અમો ઉત્પન્ન થયેલા છીએ.”

સ્વતન્ત્રપણે આચરવાનો હુક્ક છને છે. પણ સ્વતન્ત્રપણે માર્ગપ્રરૂપણ તો ભગવાન સિવાય કોઈ કરી શકે જ નહિ :

ટીકાકાર મહર્ષિએ કરેલો આ ખૂલાસો કેટલો બધો સુન્દર છે? પોતે સ્પષ્ટપણે સરલતાથી જણાવી દે છે કે–હું આ સૂત્રની ટીકાની રચના કોના આધારે કરવાનો છું. આ ખૂલાસામાં જેમ સરલતા, પ્રમાણિકતા અને નમ્રતા છે, તેમ આ ખૂલાસામાં આ વૃત્તિની પ્રમાણસ્વરૂપતાને જાહેર કરવાની તાકાત પણ છૂપાએલી છે. વાંચનારને સહેજે થાય કે–પૂર્વના સમર્થ મહાપુરૂષોએ જે કહ્યું છે, તે જ આ મહાપુરૂષે પણ કહ્યું છે અને એથી આ રચના વિશ્વસનીય છે. ટીકાકાર મહર્ષિ તો પોતાના ખૂલાસામાં કહે છે કે–વસ્તુતઃ આ રચના નથી, પણ સંઘટ્ટન છે. જાણે કે–સંયોજન માત્ર છે. આ સૂત્રની જે ટીકા તથા ચૂર્ણી છે તેનું અને શ્રી જીવાભિગમાદિ સૂત્રોનાં જે વિવરણો છે, તેમાંથી જે જે અંશો આ સૂત્રને અંગે ઉપયોગી થાય તેવા છે, તે તે અંશોનું સંઘટ્ટન કરવા રૂપ જ મારો આ પ્રયાસ છે,

એમ એ મહાપુરૂષ જાહેર કરે છે. મહાપુરૂષો આવું જાહેર કરે, તેમાં નવાઇ પામવા જેવું કાંઈ છે જ નહિ. જે શાસનમાં, ત્રિપદી માત્રને પામીને ચૌદ પૂર્વો સહિત દ્વાદશાંગીની રચના કરનારા અને તે પણ માત્ર પોતાની જ મતિથી રચના કરનારા ગણધરભગવાનો પણ એમ જ કહેતા હોય કે–'ભગવાને કહેલું અમે કહીએ છીએ.' તે શાસનમાં થયેલા અને તે શાસનના મર્મને સારી રીતિએ પામેલા મહાપુરૂષો, 'અમે પૂર્વના મહાપુરૂષોએ કહેલું જ કહીએ છીએ.'–એમ કહે, એમાં આશ્ચર્ય પામવા જેવું છે જ શું ? આશ્ચર્ય તો ત્યારે પામવાનું હોય, કે જ્યારે તે ભગવાનના નામને કે મહાપુરૂષોના નામને ઓળવે. આપણે ત્યાં, શ્રી જૈન શાસનમાં સ્વતન્ત્રપણે આચરવાનો અધિકાર છએ પ્રકારના અતિશયજ્ઞાનિઓને છે. તેમની યોગ્યતાને લઇને તેમને આ શાસને તે પ્રકારનો અધિકાર આપેલો છે, પરન્તુ સ્વતન્ત્રપણે માર્ગનું નિરૂપણ કરવાનો અધિકાર તો એક માત્ર ભગવાન શ્રી જિનેશ્વરદેવોને જ છે. શ્રી જૈન શાસનને પામેલા બીજા સર્વે તો ભગવાનના નામે જ કહે; ભગવાને કહેલું કહેવાનો જ આગ્રહ રાખે; ભગવાને ન કહ્યું હોય તેવું જો કહેવાઈ જાય અને તેની ખબર પડી જાય, તો તેને મહા પાપ થઇ ગયું એમ માને; ભગવાને ન કહ્યું હોય તેવું કહેવાઈ ગયાથી મહા પાપ થયાનું માનીને, તે પાપથી છૂટવાને માટે પ્રાયશ્ચિત્ત કરે; એટલા માટે તો, મહાપુરૂષો પોતાના રચેલા ગ્રન્થોને અન્તે લખી દે છે કે–' અજાણતાં, ઉપયોગશૂન્યતાદિથી જો એક પણ વચન ભગવાનની આજ્ઞાથી વિરૂદ્ધ લખાઇ ગયું હોય, તો મિચ્છા મિ દુક્કડં દઇએ છીએ. '–એટલું જ નહિ, પણ તેઓ એવું કોઈ વચન આવી ગયેલું જણાય, તો તે વચનને સુધારી

લેવાની સુજ્ઞોને ભલામણ, વિનંતિ પણ કરે છે. શ્રી જૈન શાસનની આ પરિપાટી છે. 'શ્રી જિનના વચનથી અંશે પણ વિરૂદ્ધ બોલવું એ ઉત્સૂત્રકથન છે અને ઉત્સૂત્રકથન એ મહા પાપ છે'–આવું માનનાર, સદાને માટે શ્રી જિનના વચનને અનુસારે જ બોલવાની જરૂર લાગે ત્યારે બોલવાની વૃત્તિવાળો હોય, એ સ્વાભાવિક છે. આથી જ, શ્રી જિનના વચનને અનુસારે જ બોલવાની કાળજીવાળા અને શ્રી જિનના વચનને અનુસારે જ બોલી શકે એવા જ્ઞાનવાળા પૂર્વે જે મહાપુરૂષો થઇ ગયા હોય, તેમનાં વચનોને અનુસારે હું કહું છું–એમ જો કોઇ કહે અને તે કથન જો સાચું હોય, તો આપણને તેમના કથનને સાંભળીને તેમના ઉપર ભક્તિભાવ પેદા થવો જોઇએ; નહિ કે–'મીયાના ચાંદે ચાંદ જેવી વાતો કરનારા છે'–એવું કહીને તેવા સુજ્ઞ જનોનો અનાદર કરવો જોઇએ.

શાસનદેવીની પ્રેરણાવાળા પ્રસંગને અંગે :

અત્રે પ્રસંગ છે માટે એ વાત તરફ ધ્યાન ખેંચવામાં આવે છે કે–આ સૂત્રની વાચના શરૂ થઈ, તેની નજદિકના સમયમાં, પરમ ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ કોની પ્રેરણાથી નવ અંગસૂત્રોની ટીકા રચી છે–એ વિષે કેટલીક વાતો કહેવાઈ હતી. શાસનદેવીની પ્રેરણાને વશ બનીને, આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ નવ અંગસૂત્રોની ટીકાઓની રચના કરી, એવો શ્રી પ્રભાવકચરિત્રમાં ઉલ્લેખ છે. એ ઉલ્લેખને 'દન્તકથા માત્ર' તરીકે એક મુનિશ્રીએ જાહેર કરેલ હોઇને, ખૂલાસો કરાયો હતો કે–આચાર્યભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી

મહારાજાના સમયમાં, આ શ્રી ભગવતીજી સૂત્રની ટીકા અને ચૂર્ણી વિદ્યમાન હતી, પરન્તુ તેમની પૂર્વે થઈ ગયેલા આચાર્ય-ભગવાન શ્રીમત્ શીલાંકસૂરીશ્વરજી મહારાજાએ અગીઆરેય અંગસૂત્રો ઉપર જે બૃહદ્વૃત્તિઓ રચી હતી, તેમાં માત્ર પહેલાં બે અંગસૂત્રોની વૃત્તિઓ સિવાયની નવ અંગસૂત્રોની વૃત્તિઓ અનુપલબ્ધ બની ગઈ હતી. આથી જ, આચાર્ય-ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ નવ અંગ-સૂત્રો ઉપર નવ બૃહદ્વૃત્તિઓની રચના કરી. એ વાત, ટીકાકાર મહર્ષિએ અત્રે કરેલા ખૂલાસા ઉપરથી પણ સિદ્ધ થાય છે, કારણ કે–તેઓશ્રી કહે છે કે–' પૂર્વે થઈ ગયેલા મુનિઓ રૂપી શિલ્પિઓએ રચેલી વૃત્તિ અને ચૂર્ણી હાલ વિદ્યમાન તો છે જ અને તે ઘણા શ્રેષ્ઠ ગુણોએ સહિત પણ છે, પરન્તુ તે પ્રમાણમાં નાની છે.' આ ખૂલાસો એવું સૂચિત કરે છે કે–એ વખતે પરમ ઉપકારી આચાર્યભગવાન શ્રીમત્ શીલાંક-સૂરીશ્વરજી મહારાજાએ રચેલી આ સૂત્રની બૃહદ્ વૃત્તિ તો ઉપલબ્ધ નહોતી જ. એટલે ' આ સૂત્રની ટીકા અને ચૂર્ણી વિદ્યમાન હતી'–એવા આ ઉલ્લેખ માત્રથી, શ્રી પ્રભાવક ચરિ-ત્રકાર મહાપુરૂષનું કથન ખોટું ઠરી શકતું જ નથી.

' गुरुजनवचनात् '–એવા પ્રયોગનું રહસ્ય :

અત્રે એ વાત પણ લક્ષ્યમાં લેવા જેવી છે કે–ટીકાકાર મહર્ષિએ ' **हस्तिनायकादेशादिव गुरुजनवचनात्** ' એ પ્રમાણે કહ્યું છે. ' **गुरुवचनात्** ' નહિ કહેતાં, '**गुरुजनवचनात्**' એમ કહ્યું છે, એમાં રહસ્ય સમાએલું છે. આથી એટલું તો સૂચિત થાય છે કે–જે ગુરૂની પાસે તેઓ દીક્ષિત થયા હતા, તેમના આદે-

શથી આ વૃત્તિ રચાએલી નથી. એમના આદેશથી જો આ વૃત્તિ રચાઈ હોત, તો '**जन**' શબ્દનો પ્રયોગ કરાયો ન હોત, તેમ જ '**वचन**' શબ્દના સ્થાને કોઈ સીધા જ આજ્ઞાસૂચક શબ્દનો પ્રયોગ કરાયો હોત. ગુરૂ શબ્દનો અર્થ વડિલ પણ થઇ શકે. ટીકાકાર મહર્ષિ તો કહે છે કે–આ ટીકાની રચના હું ગુરૂજનના વચનથી કરૂં છું અને મારે મન તે વચન હસ્તિ-નાયકના આદેશ જેવું છે. અહીં જયકુંજરની સાથે આ સૂત્રની સરખામણી કરાએલી છે, માટે '**हस्तिनायक**' એવો પ્રયોગ કરાયો છે. જેમ ભગવાનને શાસનનાયક કહેવાય છે તેમ. નિર્યો-જકને નાયક કહેવાય. '**हस्तिनायक**' સાથે **आदेश** શબ્દ વાપર્યો અને '**गुरुजन**'ની સાથે વચન શબ્દ વાપર્યો, એટલે '**गुरुज-नवचनात्**' એમ કહીને શાસનદેવી એવી શ્રુતદેવીના વચ-નની વાતને તેઓશ્રીએ ગર્ભિત રીતિએ જણાવી દીધી તથા પોતે એ વચનને ભગવદાદેશ તુલ્ય માન્યું, માટે પોતે આ શ્રી ભગવતીજી સૂત્રની રચના કરી, એવી કલ્પનાને પણ અત્રે અવકાશ પ્રાપ્ત થાય છે.

<u>ટીકારચના રૂપ શિલ્પકલા</u> :

આ બધું જણાવ્યા પછીથી, શાસ્ત્રપ્રસ્તાવનાના અન્ત-ભાગમાં તેઓશ્રીએ જે એમ કહ્યું કે–' પૂર્વે થઈ ગયેલા મુનિઓ રૂપી શિલ્પિઓના કુલમાં ઉત્પન્ન થયેલા અમારા વડે નાડિકા તુલ્ય આ વૃત્તિ શરૂ કરાય છે '–એ પણ વિશેષ ભાવની સૂચક વસ્તુ છે. શિલ્પનું કાર્ય મોટે ભાગે પરંપરાગત ચાલ્યું આવે છે. શિલ્પનું જ્ઞાન ઘણે ભાગે વારસાગત મળેલું હોય છે. વારસામાં ચાલ્યું આવતું જ્ઞાન જો બરાબર ચાલ્યું આવ્યું હોય,

તો શિલ્પશાસ્ત્રના અભ્યાસથી જે વાતનો ખ્યાલ ન આવે, તેવી પણ વાતનો ખ્યાલ તેવા વારસાગત જ્ઞાનને પામેલાને હોય છે. ટીકાકાર મહર્ષિ કહે છે કે–અમારૂં કુળ મુનિ રૂપી શિલ્પિઓનું છે. અમારૂં કુળ એવું છે, કે જે કુળમાં પૂર્વે ઘણા મુનિ રૂપી શિલ્પિઓ થયેલા છે. અહીં શિલ્પિઓ એટલે ટીકા વિગેરેની રચના કરનારાઓ એમ સમજવાનું છે. એવા મુનિઓના કુળમાં ઉત્પન્ન થયેલા અમો છીએ, એટલે ટીકાની રચના કરવા રૂપી શિલ્પકલા અમારા કુળના વારસામાં ચાલી આવેલી છે અને એથી અમને આ ટીકારચના રૂપી શિલ્પ-કલાનું જ્ઞાન છે, એવું પણ સૂચન તેમના આ કથનમાંથી મળી રહે છે.

આ રીતિએ ટીકાકાર મહર્ષિએ રચેલી શાસ્ત્રપ્રસ્તાવના પૂર્ણ થાય છે. હવે તેઓશ્રી આ શ્રી પંચમાંગ સૂત્રના '**વિયાહ-પન્નત્તિ**' એવા નામની વ્યાખ્યા કરે છે.

सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥ १ ॥

ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા
મોક્ષમાર્ગની પિછાન કરાવતું,
આરાધનાની વૃત્તિને પેદા કરતું,

એક માત્ર સાપ્તાહિક

શ્રી જૈન પ્રવચન

★

પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન-
વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્
વિજયરામચન્દ્રસૂરીશ્વરજી

મહારાજાએ આપેલાં શ્રી જિનાગમ-
સારગર્ભિત પ્રભાવક પ્રવચનોનું સારભૂત
અવતરણ વિગેરે પ્રગટ થાય છે.

★

વાર્ષિક લવાજમ-છ રૂપિયા

★

વર્ષ તા. ૧ જાન્યુઆરીથી શરૂ થાય છે.
હાલ ૨૪ મું વર્ષ ચાલે છે.

★

શ્રી જૈન પ્રવચન કાર્યાલય
ઠે. શ્રી મનસુખભાઈ શેઠની પોળ સામે,
ઝવેરીખાનાના ખાંચા ઉપર, અમદાવાદ

એક જાહેર અભિપ્રાય



એ વ્યાખ્યાનોના વ્યાખ્યાતા જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યભગવાન શ્રીમદ્ વિજય-લબ્ધિસૂરિજી હતા અને તેનું અવતરણ તેમના વિદ્વાન્ વિનેયરત્ન શિષ્ય પૂ. મુનિરાજ શ્રી વિક્રમ-વિજયજીએ કર્યું હતું. એ અવતરણનો એક ભાગ, શ્રી લબ્ધિસૂરીશ્વર ગ્રન્થમાલાના અઠ્ઠાવીસમા ગ્રંથ તરીકે શ્રીયુત ચીમનલાલ નાથાલાલ શાહના સંપાદન હેઠળ શ્રી ભગવતીજી સૂત્રનાં વ્યાખ્યાનો નામે પ્રગટ થયો છે. × × × × આ પુસ્તકના સંપાદકે આ વ્યાખ્યાનો આચાર્યદેવના શબ્દો રૂપે, એવી તો સુંદર ભાષામાં રજુ કર્યાં છે, કે એ પુસ્તક એક વખત વાંચવા માટે હાથમાં લીધા પછી પૂર્ણ વાંચ્યા વગર તે મૂકી દેવાનું મન થાય જ નહિ. એ પુસ્તક એ નિઃશંક રીતે સાબીત કરે છે કે ઈશ્વરની હસ્તિ જૈનો માને છે અને જેઓ જૈનોને નાસ્તિક કહે છે અથવા માને છે, તેઓ ભ્રમણામાં છે. પુસ્તક સાડી પાંચસો પાનાંનું પાકી બાંધણીનું સુંદર છપાયેલું છે.

મુંબઇ સમાચાર
તા. ૨૯-૯-૫૨

જૈન ચર્ચા

જોકેટ : શ્રી કીર્ત્રા પ્રિન્ટરી, રતનપોળ, અમદાવાદ.